॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫

## ભાગ-૫૪

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ **શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજ**ના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૪)**

**દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ**

**આનંદઘનજીકૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫**

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી **પદ્મસેનવિજયજી** મ.સા.

**પ્રથમ આવૃત્તિ :** ૨૫૦ **કિંમત :** ૧૫૦/-

**વિમોચન :** પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર

ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**

૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)

ફોન : ૨૬૭૧૯૩૫૭

• ટાઈપ સેટીંગ - મુદ્રક

**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**

૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,

નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪

ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫

E-mail : jayjinendra90@yahoo.com

## : પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા., પ.પૂ.પં. શ્રી મહાબોધીવીજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીનો તેમજ તેમના સહયોગી **પૂ.મુનિશ્રી યુગરત્નવિજયજી મ.સા., પૂ.મુનિશ્રી કળશરત્નવિજયજી મ.સા.** તથા **પૂ.મુનિશ્રી ઋષભરત્નવિજયજી મ.સા.**ને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઈ વી. શાહ**

# સુકૃત અનુમોદન

સિદ્ધાન્ત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ

પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા

તથા

સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.શ્રી વિ.

જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની

પાવન પ્રેરણાથી

**શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**

**મુલુન્ડ-મુંબઈ, ના જ્ઞાનનિધિમાંથી**

આ પુસ્તક પ્રકાશનમાં સદ્‌વ્યય કર્યો છે.

ધન્યવાદ !

ચારિત્રની શુદ્ધિ તપની ઋદ્ધિ અને ભક્તિની વૃદ્ધિ વડે
હાંસલ કરશો એ શાશ્વત સિદ્ધિ

આપશ્રીના આદર્શોને આલેખવા એવી કોઈ તેજસ્વી પ્રજ્ઞા નથી પણ
ઉપકારો આપના છે શ્રેણી બદ્ધ તેથી ગુણ ગાવા થયા અમે કટીબદ્ધ

ગુરુદેવ સદ્‌ગુણ રૂપી રત્નના સમંદર હતા એ સમંદર આજે
સાથે નથી પણ તેના મોજા આજે પણ ઉછળી રહ્યા છે અને...
યુગો સુધી ઉછળશે... ગુરુદેવ હાથમાં પ્રત, હૈયામાં વ્રત
અને હોઠે અમૃતને ધારણ કરનાર હતા, તેમાં પ્રતની વાત કરીએ તો
કહેવાય કે ગુરુદેવ લોકમાં નહીં પણ શ્લોકમાં રમનારા હતા
વ્રતની વાત કરીએ તો આહાર સંજ્ઞા ઘાતક અને અણાહારી પદ પ્રાપક
એવી વર્ધમાન તપની 108 ઓળીના આરાધક હતા
લુલીબાઈ કંપનીની ગાડીને સદૈવ તપનું સિગ્નલ અને ત્યાગનું
સ્પીડ બ્રેકર આપનાર હતા. અરે! અમૃતની વાત કરીએ તો
વાચનામૃત અમૃત દ્વારા સંસારની ધમાલ છોડી સંયમની કમાલ
કરવા સંસાર રસીયાને શાસન રસીયા બનાવનાર હતા...
ગુરુદેવ એવા તો જાદુગર હતા કે જેની એક દૃષ્ટિ પડતા જ
અવગુણોના ઓરડા સદ્‌ગુણોના સભાખંડમાં ફેરવાઈ જતા હતા

ગુરુદેવનો વિરાગ અને વાત્સલ્ય એ હૃદય વૈભવ હતો
તો સાદગી અને સંયમ એ જીવન વૈભવ હતો શ્રમણ સર્જન અને
આત્મ સર્જન કલા વૈભવ હતો એ વાત દિવ્ય દર્શનથી સૂચિત થતી હતી
પૂજ્યશ્રીની નિશ્રામાં અમલનેર રકુ દીક્ષા પ્રસંગે જતા પૂજ્યશ્રીની
દૃષ્ટિ પડતાં જ મારા આત્મ સરોવરમાં વૈરાગ્ય રૂપી કમળ ખીલી ઉઠયું
એજ નિમિત્તે સદ્‌ગુરુની શોધ જડી પૂજ્યશ્રી પરમ ઉપકારી બન્યા

ગુરુદેવ આપશ્રી તો અલ્પકાલીન જ આ અવનિ પર રહ્યા...
પરંતુ આપની સ્મૃતિ તો ચીરકાલીન આ અવનિ પર રહશે...
અમ અંતરમાં સદા આપનો વાસ રહે એજ અંતર અભિલાષા...
સં. ૨૦૬૬ આસો સુદ પુનમ અમદાવાદ પં. જીવેશ રત્ન વિજય ગણિ....
પં. જીવેશરત્નવિજયજી ગણિ

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | **આનંદઘનજી કૃત સ્તવનના૧-૫ રહસ્યો.** | |
| | **શ્રી ઋષભજિન સ્તવન-૧** | ૧ |
| ૨. | એડવોકેટ ભટ્ટાચાર્યનો જૈનદર્શન પર અહોભાવ | ૧૪ |
| ૩. | પ્રીતની વિવિધ રીત | ૧૯ |
| ૪. | ધાતુમિલાપનાં દૃષ્ટાંત | ૨૬ |
| ૫. | પૂજા અખંડિત એહ | ૪૨ |
| ૬. | **શ્રી ઋષભદેવ જિન સ્તવન-૧ (પ્રવચન-૧)** | ૪૮ |
| ૭. | પરમેશ્વર એટલે ? | ૬૦ |
| ૮. | **શ્રી અજિતનાથ જિન સ્તવન-૨** | ૬૫ |
| ૯. | વેદાન્તીના ચાર પ્રશ્નો | ૭૫ |
| ૧૦. | જૈનાચાર્યની વિનંતિ | ૮૮ |
| ૧૧. | ગણધરદેવોને ઈષ્ટ તત્ત્વવસ્તુ પામવાનાં ૭ સાધનો... | ૯૦ |
| ૧૨. | પ્રતિક્રમણસૂત્ર બોલતાં ભાવના | ૧૦૯ |
| ૧૩. | જૈનધર્મ જયણાના વિચારથી શ્રેષ્ઠ | ૧૧૪ |
| ૧૪. | પ્રાપ્ત કાળલબ્ધિઓ | ૧૧૫ |
| ૧૫. | **શ્રી અજિતનાથ જિન સ્તવન-૨ (પ્રવચન-૨)** | ૧૧૭ |
| ૧૬. | **શ્રી સંભવનાથ જિન સ્તવન-૩** | ૧૩૬ |
| ૧૭. | ભય ચંચળતા હો જે પરિણામની | ૧૪૦ |
| ૧૮. | ભવાભિનંદી એટલે સંસારરસિયો | ૧૫૯ |
| ૧૯. | ગુરુગમથી લાભ શું થાય ? | ૧૮૩ |
| ૨૦. | સેવન અગમ અનૂપ | ૧૯૬ |
| ૨૧. | **શ્રી અભિનંદન જિન સ્તવન-૪** | ૨૦૫ |
| ૨૧. | નિર્ણય સકલ વિશેષ | ૨૧૪ |
| ૨૨. | **શ્રી સુમતિનાથ જિન સ્તવન-૫** | ૨૪૧ |
| ૨૩. | કાયાના હિતનો પહેલો મુદ્દો | ૨૫૩ |
| ૨૪. | બહિરાત્મભાવને પોષનારા ૪ મોટા તત્ત્વો | ૨૫૭ |
| ૨૫. | અંતરાત્મભાવમાં સ્થિર થવા વિચારણા | ૨૭૩ |
| ૨૬. | ભ્રમણા શું છે ? | ૨૮૨ |
| ૨૭. | કેટલાક અગત્યના પ્રશ્નોનું સમાધાન | ૩૦૦ |
| ૨૮. | કોને કેટલી પૂજા ? | ૩૦૩ |
| ૨૯. | પરમાત્મા અનાદિ શુદ્ધ ન હોય. | ૩૦૬ |
| ૩૦. | બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા-૧ | ૩૦૮ |
| ૩૧. | શ્રી નમસ્કાર રહસ્ય | ૩૧૧ |


# શ્રી આનંદઘનજી કૃત ચોવિશીના
# ૧-૫ સ્તવનના રહસ્યો

## શ્રી ઋષભજિન સ્તવન-૧

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત...ઋષભ...૧**
**પ્રીત સગાઇ રે જગમાં સહુ કીધી રે, પ્રીત સગાઇ ન કોય;**
**પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય...ઋષભ...૨**
**'કોઇ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે' મિલશું કંતને ધાય;**
**એ મેળો નવિ કહીએ સંભવે રે; મેળો ઠામ ન ઠાય...ઋષભ...૩**
**કોઇ પતિરંજન અતિઘણું તપ કરે, પતિરંજન તન તાપ,**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ-મિલાપ...ઋષભ...૪**
**કોઇ કહે લીલા રે અલખલલખતણી રે, લખ પૂરે મન આશ;**
**દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ-વિલાસ...ઋષભ...૫**
**ચિત્ત પ્રસન્ની રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ,**
**કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ...ઋષભ...૬**

## શ્રી ઋષભજિન સ્તવન વિવેચના-૧

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત ઋષભ...૧**

ભાવાર્થ:- (કવિની ચેતના કહે છે) પહેલા તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાન મારા પ્રીતમ છે. કેમ એ છે ? તો કે હું બીજા કંતને ઇચ્છતી નથી, કેમકે આ પ્રીતમ જો રીઝી જાય તો સાદિ-અનંત ભાંગાથી મારો સંગ છોડતા નથી.

વિવેચન:- અહીં મહાન યોગીરાજ મહાન જિનભક્ત કવિ મુનિશ્રી આનંદઘનજી મહારાજ, પહેલા શ્રીઋષભદેવ ભગવાનના સ્તવનમાં પોતાની ચેતનાને પ્રભુ સાથે કેમ પ્રીત છે, સાચી પ્રીત કેવી હોય, વગેરે જણાવતાં કહે છે, કે મારી ચેતનાનો ઋષભજિનેશ્વર જ પ્રીતમ છે, સ્વામી છે, એમને છોડીને બીજો કોઇ પ્રીતમ એ ઇચ્છતી નથી. કવિએ આ પ્રભુ સાથે પ્રીતની વાત પહેલી કેમ કરી ? તો કે એટલા માટે કે,

ઋષભદેવ ભગવાન વીતરાગ છે, અને મારે પણ વીતરાગ થવું છે. વીતરાગ થવું હોય તો વીતરાગને ભજવા જોઈએ. જેમ શ્રીમંતને ભજવાથી શ્રીમંત થવાય, એમ વીતરાગ પ્રભુને ભજવાથી વીતરાગ થવાય, એટલે વીતરાગ શ્રી ઋષભદેવ ભગવાનને મારે વીતરાગ બનવા માટે ભજવા છે. ભગવાનને ભજવાના કેવી રીતે ? તો કે ભગવાનને પ્રીતમ બનાવીને ભજવાના.

**પ્રશ્ન :** અહીં ભગવાનને પ્રીતમ કેમ બનાવવાના ? પ્રીતમ તો સ્ત્રીને હોય ને ?

**ઉત્તર :** આપણો આત્મા ચેતન છે, ચેતનાવાળો છે, ચેતના એની કન્યા છે, આ એની કન્યા-ચેતના જ્યાં ત્યાં ભટકતી ન રહે એ માટે, એને યોગ્ય પતિ સાથે પરણાવી દેવી જોઈએ, જેથી પછીથી એ પતિને પોતાના એકના એક પ્રીતમ બનાવી રાખે, એમના જ સંગને પકડી રાખે. વળી એ પણ છે કે આ પતિ-પ્રીતમ, આ વહાલા કંત પણ એવા જોઈએ કે એ ચેતના પર રીઝી જાય તો પછી ચેતનાનો સંગ કદી ન છોડે. વ્યવહારમાં પણ કન્યા પરણીને સાસરે જાય એટલે એ હવે પતિના ઘરને પોતાનું ઘર કહે છે. એને પોતાનું ઘર એટલા માટે કહે છે કે માલિક-પ્રીતમના ઘરને પોતાનું ઘર બનાવ્યું પછી જીવનભર તે પતિની સાથે ને સાથે જ રહે. એણે પતિને પ્રીતમ બનાવ્યો એ શા માટે ? તો કે પોતાના શીલની રક્ષા માટે. પોતાનું મન આ પતિમાં જ લગાડી દીધું, એટલે કે હવે પરપુરુષના ઘરમાં ય એનું મન ન જાય, તેમ પરપુરુષમાં ય એનું મન ન જાય. માટે જ એ કન્યાના પતિ તરીકે સ્થપાય છે.

એ જ રીતે અહીં વીતરાગ ઋષભદેવ પ્રભુને આપણી ચેતનાના પતિ તરીકે સ્થાપ્યા પછી બીજા સરાગી દેવમાં યા પરવિષયમાં આપણી ચેતના ન જાય; માટે ભગવાનને સ્વામી-પ્રીતમ બનાવવાના છે. અત્યાર સુધી મહામોહ સાથે ચેતના પરણેલી એ અશુદ્ધ ચેતના હતી. મહામોહને વરેલું અશુદ્ધ ચેતના-ચૈતન્ય ઊલટાં કામ કરે.

વીતરાગ ભગવાનને વરેલું ચૈતન્ય સુલટાં કામ કરે. શાલિભદ્રે ભગવાન સાથે ચેતના જોડી હતી, તેથી અતિ સુકોમળ શરીરે પણ ત્યાગ-તપ-સંયમમાં પ્રભુના પગલે પગલે ચાલવાનું રાખેલું. એમણે પૂર્વના વિષયો બધા જ અણગમતા કર્યા. શુદ્ધ ચેતનાને બીજા પતિ ગમતા નથી, એટલે બીજાં દેવ-દેવી તેમ મનમાન્યા વિષયોના રંગરાગ છોડી, હવે ઋષભદેવને પતિ-સ્વામી બનાવી એમનામાં જ ઠરે છે. ખરેખર વીતરાગ ભગવાનને આપણા સ્વામી (પ્રીતમ) બનાવીને રાખીએ, તો મનને એ ભગવાનનું આકર્ષણ, મનને એ પ્રભુનો પ્રેમ એવો બન્યો રહે છે કે એ મન ભગવાનમાં જ ઠરે છે, બીજાં-દેવ-દેવી યા વિષયોમાં ઠરતું નથી. બીજાની મજાલ નથી કે તે આપણા મનને આકર્ષી શકે, ઠારી શકે.



જેમ સ્ત્રી પોતાના પતિને જ મનમાં રાખે તો તેનું મન પરપુરુષમાં જાય જ નહિ, ઠરે જ નહિ, રમણતા ન કરે, એમ આપણી જે શુદ્ધ ચેતના અર્થાત્ શુદ્ધ જ્ઞાનોપયોગ છે, એ પરવિષયોમાં આકર્ષાય જ નહિ, એટલા માટે ભગવાનને સ્વામી તરીકે સ્થાપ્યા છે.

સારાંશ, આત્મા એ બાપ છે, ચેતના એની કન્યા છે. હવે એ કન્યા ભગવાનને વરાવી છે. એટલે કવિશેખર આનંદઘનજી મહારાજ કહે છે કે 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઓર ન ચાહું રે કંત.'

## અરિહંતનું જ કેમ મહત્ત્વ ?

**પ્રશ્ન :** પ્રીતમ અરિહંતને જ કેમ કર્યા ? બીજાને કેમ નહિ ? વીતરાગ ભગવાનને આટલું બધું મહત્ત્વ કેમ આપ્યું છે ?

**ઉત્તર : (૧)** ભવસ્થિતિ પકવવી હોય તો ત્રણ ઉપાય, (i) ચારનાં શરણસ્વીકાર, (ii) દુષ્કૃતની ગર્હા અને (iii) સુકૃત-આસેવન-અનુમોદના. તેમાં પ્રથમ અરિહંતનું શરણું પકડવાનું છે, તે પણ રોજ ત્રિકાળ અને ચિત્તમાં જ્યારે જ્યારે રાગ યા દ્વેષનો સંક્લેશ હોય ત્યારે વારે વારે અરિહંતનું શરણું સ્વીકારવાનું છે.

તે પહેલાં અરિહંતને મનમાં લાવવા જોઈએ, તે આપણે શરણ્ય ભાવે લાવવા જોઈએ. અર્થાત્ 'અરિહંત એ શરણરૂપ છે, મારે એમનું જ શરણ છે, એ જ મારા આધાર છે. બીજા કોઈ મને બચાવનાર નથી. કોઈનો મારે આશરો નથી' આ રીતે વારંવાર 'અરિહંતા મે સરણં' કરીએ તો ભવસ્થિતિને પાક્યે જ છૂટકો; જેમ કે ઝાડ પરથી કેરી ઉતારીને ઘાસમાં નાખો, પછી એને જલ્દી પાક્યે જ છૂટકો. અને ભવસ્થિતિ ટૂંકાવવા એને પાક્યા વિના ચાલે જ નહીં. એટલે રાગાદિની વ્યાકુળતામાં "ચત્તારિ મે સરણં, અરિહંતા મે સરણં" એ વારંવાર કરવા માંડવું એટલે પછી ભવસ્થિતિ પાક્યા વિના રહે જ નહીં. આમાં વારંવાર એટલા માટે કહ્યું કે આપણા સત્ત્વહીન મનમાં જીવનમાં અનેક પ્રકારના ઈષ્ટ-અનિષ્ટ પ્રસંગો આવતાં, ચિત્તને વારંવાર રાગદ્વેષના સંક્લેશ થયા કરે છે. એટલે શાસ્ત્રે બતાવ્યું કે **'भुज्जो भुज्जो संकिलेसे'**-એટલે વારંવાર 'ચત્તારિ મે સરણં' દુષ્કૃત-ગર્હા, સુકૃત-અનુમોદના કરતા ચાલો. બાકી આમ તો શાંતિ-સમાધિમાં પણ રોજ ત્રિકાળ આ ત્રણ સાધન અવશ્ય આદરવાનાં છે.

આ હિસાબે વીતરાગ અરિહંત ભગવાનનું શરણ વારંવાર સ્વીકારવાનું, એટલા જ માટે વીતરાગને આપણા જીવનસ્વામી તરીકે બનાવ્યા છે. એટલે અહીં કહ્યું કે, 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો.' હવે **(૨)** આનું બીજું કારણ એ છે કે જીવનમાં વિષયભોગથી સંસાર નીપજે છે, અને ધર્મ-યોગથી મોક્ષ નીપજે છે. આ યોગની

સાધના પૂર્વે પાંચ યોગબીજની સાધના કરવાની હોય છે, અને એ પાંચ યોગબીજોમાં પહેલું યોગબીજ જિનોપાસના છે. જેમાં 'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્ર કહે છે કે **'जिनेषु कुशलं चित्तं'** આ પહેલી માનસિક જિનોપાસના કરવાની હોય છે. એ સુંદર કોટિની ત્યારે જ થાય કે જિનેશ્વર ભગવાનને આપણા સ્વામી બનાવીએ.

આ ઉપરથી પણ સમજાશે કે અરિહંત ભગવાનને પ્રીતમ બનાવવાનું કેટલું બધું મહત્ત્વ છે. પ્રીતમ બનાવીને એમનું શરણ-ગ્રહણ, એમની મન-વચન-કાયાથી ભવ્ય ઉપાસના વગેરે સારી રીતિએ, અને હૈયામાં એ ભગવાન ઉપર ખૂબ જ બહુમાન-અહોભાવ વગેરે લાવીને કરાય, તો ભવના ફેરા બહુ ટૂંકા થઇ જાય, એમાં નવાઇ નહીં.

**(૩)** ભગવાનને જીવંત પ્રીતમ બનાવવા જેવું મહત્ત્વ આપવાની જરૂર એટલા માટે પણ છે, કે યોગસાધના માટે જેમ યોગબીજોની સાધનાની જરૂર છે, તેમ યોગની પૂર્વસેવા કરવાની પણ અત્યંત આવશ્યકતા રહે છે. સંસારની કોઇ મંત્રવિદ્યા સાધવા માટે એની પૂર્વસેવા અર્થાત્ એની ભૂમિકાની સાધના કરવાની હોય છે; અને વિદ્યાધરો પર્વતની ગુફાઓમાં જઇને મહિનો, ૪ મહિના, ૬ મહિના, યાવત્ ૧૨ મહિના સુધી એ વિદ્યાની સાધના કરતા, તો ત્યાં પણ એની પૂર્વસેવા એમને આરાધવાની રહેતી. તો આ જ રીતિએ યોગસાધના માટે પણ યોગની પૂર્વસેવા કરવાની હોય છે. એમાં પણ,

**योगस्य पूर्वसेवा तु गुरुदैवत-पूजनम् ।**
**सदाचारस्तपोमुक्त्यद्वेषश्चेति प्रकीर्तिता ॥**

આમાં પણ પહેલા નંબરમાં ગુરુપૂજન અને દેવપૂજન બતાવ્યું. દેવપૂજન એટલે દેવાધિદેવનું પૂજન, યાને દેવાધિદેવની તન-મન-ધન અને વચનથી સારામાં સારી ભક્તિ કરવાની આવે. આ હિસાબે આમાં પણ અરિહંતને જ આગળ કર્યા. એ આગળ કરવાનું અરિહંતને પોતાના જીવનસ્વામી બનાવીને થાય. એટલું બધું અરિહંતને મહત્ત્વ આપ્યું.

**(૪)** શાસ્ત્રે શ્રાવકનાં દિનકૃત્ય બતાવ્યાં, એમાં પણ પહેલું **'नवकारेणं विबोहो'** -એટલે કે ઊંઘમાંથી જાગ્રત થાય ત્યારે પહેલાં નવકાર યાદ કરે, એટલે કે આંખ ખૂલતાં જ 'નમો અરિહંતાણં' એ મન પર અને જીભ પર લાવવાના. આમાં પણ અરિહંતને સ્વામી બનાવવાનું મહત્ત્વ આપ્યું છે.

**(૫)** એમ શ્રાવકનાં છ આવશ્યક માટે—

**जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः, सत्त्वानुकम्पा शुभपात्रदानं ।**
**गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥**



એ જે બતાવ્યાં, એમાં પણ દિવસના કર્તવ્યોમાં પહેલા નંબરે અવશ્ય કર્તવ્ય જિનેન્દ્રપૂજા બતાવ્યું છે. એ પણ અરિહંતને સ્વામી બનાવવાનું અતિશય મહત્ત્વ સૂચવે છે. એ કહે છે કે 'બધાં કર્તવ્ય કરો, પરંતુ પહેલા નંબરે પ્રધાન સ્થાને અરિહંતભક્તિનું કર્તવ્ય બજાવો.' એટલે તો કહેવાય છે કે 'સૂતાં બેસતાં ઊઠતાં જે સમરે અરિહંત.' આટલા માટે પણ અરિહંતનું મહત્ત્વ છે.

**(૬)** એમ શ્રાવકધર્મમાં મૂળમાં સમ્યગ્દર્શન જોઇએ છે, તો એનાં પાંચ લક્ષણ શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા ને આસ્તિક્ય છે. તો એમાં સમ્યગ્ દર્શનની ઉત્પત્તિનો ક્રમ છેડેથી છે. પહેલાં આસ્તિક્ય આવે. આસ્તિક્ય એટલે **"तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं"** 'જિનેશ્વરોએ જે કહ્યું તે જ સાચું' 'ભગવાનનાં બધાં જ વચનો સાચાં, શંકા વગરનાં' આ શ્રદ્ધા જોઇએ. 'જે જિન ભાખ્યું તે નવિ અન્યથા' ત્યાં પણ અરિહંતનું જ વચન લાવવું પડે. એટલે પહેલા નંબરે પ્રધાન સ્થાને અરિહંત ભગવંતને જ સ્વામી બનાવી મુખ્યપણે એમને જ મહત્ત્વ આપ્યું છે.

**પ્રશ્ન :** અરિહંતના વચન ઉપર સર્વેસર્વા શ્રદ્ધા કરી એમાં તો વચનને મહત્ત્વ આપ્યું, પણ એમાં અરિહંતને મહત્ત્વ ક્યાં આપ્યું?

**ઉત્તર :** જેમ કોઇ બહોળા કુટુંબમાં અનેક ભાઇઓ અને એમની પત્નીઓ હોય, એમાં બહારથી આવેલો માણસ જુએ છે કે, એમાંથી કઇ બાઇ કોના વચનને બહુમાનપૂર્વક સર્વેસર્વા સ્વીકાર્ય કરે છે. એ ઉપરથી સમજાય કે, એ બાઇના પતિ તરીકે એ વચન બોલનાર માણસ હોવો જોઇએ, કેમકે એ બાઇને સર્વેસર્વા શ્રદ્ધા પોતાના પ્રીતમનાં જ વચન પર હોય છે. તો અહીં પણ જો અરિહંતના વચન પર સર્વેસર્વા શ્રદ્ધા છે, તો હૃદયે અરિહંતને એકમાત્ર પોતાના સ્વામી માન્યા હોવા જોઇએ. આ હિસાબે પણ કવિ કહે છે કે- "ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો."

કવિએ અરિહંતની સાથે કેવી એકાકારતા કરી હશે ! ત્યારે એમના આ ઉદ્ગાર નીકળે છે કે "ઓર ન ચાહું રે કંત." કવિની ચેતના આ બોલી રહી છે, કે મારે અરિહંત ઋષભદેવ ભગવાન એ જ કંત; એમના સિવાય બીજા કંતને હું ચાહતી નથી. આ મારો નિર્ધાર છે, અને એની પાછળ કારણ એ છે કે, આ જગતમાં સ્વામી કરવો, પ્રીતમ કરવો, તો એવાને કરવો કે જે પછી આપણો સંગ કદી ન છોડે. અલબત્ત એમને આપણે રીઝવવા જોઇએ. ત્યારે અહીં સ્વામી તરીકે ભગવાન એવા છે કે એ જો આપણાથી રીઝી જાય, તો ભવિષ્યમાં અનંતકાળ માટે પણ કદી આપણો સંગ નહીં છોડે. આ ભાવથી કવિએ કહ્યું કે,

**"સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત"**

અહીં સમજવાનું છે કે, કોઈપણ કાર્ય ઉત્પત્તિ અને નાશની અપેક્ષાએ ચાર પ્રકારે હોય છે. આ પ્રકારને ભાંગા કહેવામાં આવે છે. એટલે કે કાર્યની ચતુર્ભંગી થાય. પ્રસ્તુતમાં ભગવાનનો આપણી સાથે ચાર પ્રકારે સંગ થાય, એટલે કે આ ચાર ભાંગે સંગ થઈ શકે,–

(૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત, (૩) સાદિ અનંત, (૪) સાદિ સાંત.

(૧) "અનાદિ અનંત" એટલે અનાદિ કાળથી સંગ હોય, અને એ પણ અનંત અર્થાત્ એનો કદી અંત યાને નાશ ન થાય. આ અનાદિ અનંત ભાંગે સંગ કહેવાય. કિન્તુ આ બની શકતું નથી. કેમ કે જીવને ભગવાનનો સંગ અનાદિ કાળથી હોતો નથી.

(૨) બીજો ભાંગો "અનાદિ સાંત" એ પણ એટલા જ માટે અશક્ય છે.

(૩) ત્રીજો ભાંગો "સાદિ અનંત" એ શક્ય છે, કેમકે ભગવાન સાથેનો સંગ જ્યારે ને ત્યારે શરૂ થનારો હોય છે; એટલે એ સાદિ (આદિવાળો) બન્યો, અને જો એને ટકાવી રાખે તો કદી એનો અંત આવતો નથી. એટલે અનંત હોય છે.

(૪) "સાદિ સાંત" ચોથો ભાંગો, એ ત્યાં શક્ય બને છે કે જ્યારે ભગવાનનો સંગ મળ્યો એટલે કે સાદિ થયો, પરંતુ પોતાની બેદરકારીથી જીવ મિથ્યાત્વમાં પડ્યો અને ભગવાનનો સંગ ખોઈ નાખ્યો, તેથી સાંત બન્યો.

પ્રસ્તુતમાં કવિ ત્રીજા ભાંગાને પ્રસ્તુત કરતાં કહે છે કે, "રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે ભાંગે સાદિ અનંત"

અર્થાત્ રીઝવેલો મારો સ્વામી એટલો બધો ઉદાર છે કે, મારી સાથે કરેલો સંગ સાદિ-અનંત ભાંગાથી કદી પરિહરતો નથી, છોડતો નથી, તો પછી આવા ઋષભદેવ જિનેશ્વર ભગવાનને મારો પ્રીતમ કેમ ન કરું ? અને હું શા માટે "ઓર કંત" અન્ય પ્રીતમને ચાહું ?

વીતરાગ ભગવાન જો રીઝી જાય તો ચેતનામાં એનો નાદ લાગે છે, જેમકે શેઠ નોકર પર રીઝી જાય, તો પછી નોકરના મનમાં શેઠનો જ નાદ લાગે છે "કે શી વાત મારા શેઠની !" એમ ભગવાન રીઝી જવાથી મારી ચેતનામાં "શી વાત મારા અરિહંત ! કેવા મારા અરિહંત ! કેવા સારા અરિહંત !" એ નાદ લાગે છે ત્યારે પ્રશ્ન થાય...

## વીતરાગ અને અક્રિય ભગવાનની રીઝ એટલે ?

**પ્રશ્ન :** દુનિયાના શેઠ તો રીઝે, પણ ભગવાન તો વીતરાગ છે, ને મોક્ષમાં અક્રિય થઈને બેઠા છે. એ શાના રીઝે ? ગૌતમને ભગવાન ઉપર રીઝ હતી, પણ ભગવાનને ગૌતમ પર ક્યાં રીઝ હતી ? તો પછી "રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે" એમ કેમ કહ્યું ? કવિઓ અને ભક્તો ભગવાનને રીઝવવા કેમ પ્રયત્ન કરે છે ? કેમ પ્રાર્થ્યા કરે છે ?



**ઉત્તર :** કવિઓ પ્રભુને એટલા માટે પ્રાર્થે છે કે, ભગવાન જો રીઝી જાય તો કામ થઈ જાય, પણ આ લોકોત્તર શાસન છે, એની રીઝ જુદી જાતની છે.

અહીં લોકોત્તર શાસનમાં **ભગવાનની રીઝ એટલે ભગવાનના જ્ઞાનમાં આપણી યોગ્યતા દેખાય તે.** દા.ત. જેમ દુકાનમાં પાંચ નોકર હોય, એમાં ચાર નોકર લોભિયા હોય એટલે શેઠની પાસે અવારનવાર પગાર વધારવાની ને બોનસની માંગણી કર્યા કરતા હોય, જ્યારે એક નોકર હોશિયાર છે, તે "મારે કાંઈ માંગવું જ નથી" એમ મનમાં નક્કી રાખે છે. શેઠ એને ક્યારેક પૂછે કે, આ બધા માંગે છે ને તું કેમ કાંઈ માંગણી કરતો નથી ? ત્યારે આ હોશિયાર નોકર કહે: 'શેઠજી ! તમે આપો છો એ ઘણું છે. બસ, આપની મહેર છે, પછી બીજું શું જોઈએ ? એટલે શેઠના મનમાં થાય છે કે, 'આ એક નોકર ખરો છે, લાયક છે, બાકી બધા ક્યારે ખોટા થઈ બેસશે એનું કાંઈ કહેવાય નહિ.' એટલે શેઠના દિલમાં આ નોકરની જે ભારે યોગ્યતા દેખાય છે, એ યોગ્યતા એ જ શેઠની રીઝ છે. અવસર આવે ત્યારે શેઠની પાસે આ નોકરે કાંઈ માંગવું ન પડે, ને એનું બધું કામ થઈ જાય ! શેઠની નજરમાં એની યોગ્યતા છે. બસ, ભગવાનની રીઝ એટલે ભગવાનના જ્ઞાનમાં આપણી મોટી યોગ્યતા દેખાય. જેમકે મહાવીર ભગવાનના જ્ઞાનમાં ગૌતમની મોટી યોગ્યતા દેખાતી હતી. એ જ ભગવાનની મોટી રીઝ કહેવાય.

**પ્રશ્ન :** વાત ઠીક છે, આપણી યોગ્યતા એ જ ભગવાનની રીઝ; પરંતુ આ યોગ્યતા તો આપણે જ પરિશ્રમથી ઊભી કરવી પડે ને ? એમાં ભગવાને શી રીઝ કરી ? હા, આપણી યોગ્યતા જો ભગવાન ઊભી કરી આપતા હોય, તો તો કહેવાય કે ભગવાને એ યોગ્યતારૂપી રીઝ કરી, પણ એવું તો છે નહિ, યોગ્યતા તો આપણે જ ઊભી કરવી પડે છે, પછી ભગવાને રીઝ ક્યાં કરી ?

**ઉત્તર :** ભગવાને રીઝ આ રીતે કરી, કે આપણી યોગ્યતા ભલે આપણે ઊભી કરીએ, પરંતુ એ શી રીતે ઊભી કરી શકવાના ? **અરિહંત ભગવાનનાં દર્શન-વંદન-સ્તવન-ચિંતન-સ્મરણ-સન્માન-બહુમાન વગેરેથી જ યોગ્યતા ઊભી થવાની. એટલે એ થવામાં ભગવાન દર્શન-વંદનાદિના વિષય બનીને કારણ બનવાના,** એટલે કહેવાય કે- 'આમ યોગ્યતા ભગવાને જ ઊભી કરી આપી.' જો બીજા મિથ્યાદેવાદિ દર્શન-વંદનાદિના વિષય બન્યા હોત, અર્થાત્ જો રાગી દ્વેષી મિથ્યાદેવાદિનાં જ દર્શનવંદનાદિ કર્યે ગયા હોત, તો કોઈ તેવી યોગ્યતા ન આવત.

કિન્તુ વીતરાગ દેવાધિદેવ અરિહંતનાં જ દર્શન-વંદનાદિ કરવાથી તેવી યોગ્યતા આવે છે, **એટલે આમાં આપણા દર્શન-વંદનાદિના પુરુષાર્થનું મહત્ત્વ નથી, કિન્તુ દર્શનાદિના વિષયનું જ મહત્ત્વ છે.** મિથ્યાદેવનું દર્શન કરો એનું એવું ફળ આવે નહિ, વીતરાગ દેવાધિદેવનું દર્શન કરો એનું જ એવું અમાપ ફળ આવે! એટલે કહેવાય કે આપણી યોગ્યતા વીતરાગનું આલંબન લેવા હિસાબે જ આવી, માટે એ યોગ્યતા ભગવાને જ ઊભી કરી આપી કહેવાય. એ જ ભગવાનની રીઝ ગણાય.

**પ્રશ્ન :** તો શું આપણે વીતરાગ ભગવાનનાં દર્શન-વંદનાદિ કરીએ એટલા માત્રથી આપણામાં યોગ્યતા ઊભી થઇ જાય ?

**ઉત્તર :** ના, એ દર્શનાદિ તો કરવાના ખરા જ, પરંતુ વિશેષ તો આપણે પણ આપણી યોગ્યતા વધારવાના પ્રયત્નમાં, જેમ નોકર શેઠની નજરમાં પોતાની યોગ્યતા વધારવા માટે બીજું બધું છોડીને શેઠનું કામ પહેલું કરે, શેઠનાં વધુને વધુ કામ કરે, તેમ આપણે ભગવાનના જ્ઞાનમાં આપણી યોગ્યતા વધારવા માટે બીજું બધું છોડીને પહેલું કામ ભગવાનની ભક્તિનું કરવાનું, અને એવા ભાવોલ્લાસ કરવાના કે ભગવાનની ભક્તિ વધુ ને વધુ કરું, ભગવાનની આજ્ઞા વધુ ને વધુ સારી રીતે પાળું. આમ જે વધારે ને વધારે ભગવાનને ભજવાનું ને ભગવાનની આજ્ઞા પાળવાનું મન થાય, તે જ ભગવાનની રીઝ છે. એ રીતે ભગવાનને આપણા દિલમાં એવા ઓતપ્રોત કરવાના છે કે તેમના ગુણોનો જ વિચાર આવે, ને તેમના જેવા જ બનવાનું મન થાય, એટલે ભગવાનનાં અભ્યંતર દર્શન થયા પછી આપણે એમાં એવા ઠરીએ, તો પછી તેમના જેવા બનવાનું મન થાય. **ભગવાનના ગુણોની પ્રીતથી આપણે જેટલા રંગાયા, જેટલા ભાવિત થયા, તેટલી ભગવાનની રીઝ કહેવાય.** જેમ સતી સ્ત્રીને પોતાના પતિ તરફથી રીઝ છે, પછી પરપુરુષનો વિચાર સરખો પણ નહીં કરે, એટલે આ ખાસ ધ્યાનમાં રહે, કે-

**દેવ-ગુરુની કૃપા યાને રીઝ દેવગુરુ પાસેથી નથી મળતી, પણ આપણા દિલમાંથી ઊભી થાય છે.**

આ પરથી ધ્યાનમાં રાખવા જેવું છે કે–

**પ્રશ્ન :** વીતરાગ ભગવાનની આપણા પર કેટલી કૃપા છે એ કેમ સમજાય?

**ઉત્તર :** જેટલા પ્રમાણમાં આપણા દિલમાં દેવગુરુને ઊંચું સ્થાન આપીએ, તેટલા પ્રમાણમાં આપણા પર ભગવાનની કૃપા છે એમ સમજવાનું. જેમકે,

### એકલવ્ય ભીલ પર ગુરુકૃપા :

એકલવ્ય ભીલ દ્રોણાચાર્ય નામના ગુરુ પાસે ધનુષ્યવિદ્યા ભણવા માટે ગયો તો



દ્રોણાચાર્યે પૂછ્યું :

'તું કોણ છે?'

એકલવ્ય કહે : 'હું ભીલ છું'

ત્યારે દ્રોણાચાર્યે કહ્યું : 'અહીં તારું કામ નહીં. અહીં તો બધા ક્ષત્રિય રાજકુમારો ભણે છે.'

એકલવ્ય ચાલ્યો ગયો જંગલમાં, ગુરુની માટીની મૂર્તિ બનાવી. એ મૂર્તિને એ ત્રિકાળ વંદન કરવા સાથે નજર સામે રાખીને વિદ્યાભ્યાસ અને ધનુર્વિદ્યા શીખવા લાગ્યો. જેટલી વાર ત્યાંથી વિદ્યાભ્યાસ માટે પસાર થાય, તેટલી વાર મૂર્તિને નમી નમીને આશિષ માંગતો જાય, પછી પાછો આવે ત્યારે મૂર્તિને નમીને કહે : 'ગુરુજી ! આપની બહુ કૃપા થઇ.'

આમ ધનુર્વિદ્યામાં પારંગત બન્યો. એક જગ્યાએ બેસીને ઝાડના પત્તાને બાણો વડે વીંધીને ડીઝાઇનો પાડવા લાગ્યો, અને એમાં પાછો ગુરુની મૂર્તિ પાસે જઇને વારંવાર આભાર માને.

આમ પોતાના દિલમાં ગુરુ પ્રત્યે અપાર બહુમાન ઊભું કરેલું. એકવાર દ્રોણાચાર્ય પોતાના શિષ્યો સાથે એ જંગલમાં ફરવા આવ્યા. વૃક્ષ સામે નજર જતાં જોયું કે 'આવી ડીઝાઇનો પાંદડાંઓમાં કોણે પાડી ? ખરો ધનુર્ધારી છે.'

ત્યાં એકલવ્યને જોયો, પૂછ્યું કે 'આવી ડીઝાઇન કોણે બનાવી ?'

એકલવ્ય કહે : 'આપના સેવકે'

દ્રોણાચાર્ય કહે, 'અરે ! તેં ?

એ કહે 'હા જી.'

'પણ મેં તો તને કાઢી મૂક્યો હતો ને ?

એકલવ્ય કહે : 'આપે મને કાઢી મૂક્યો હતો, પણ મેં આપને મારા હૃદયમાંથી કાઢી નહોતા મૂક્યા. જુઓ, આપની આ મૂર્તિ બનાવીને તેને સામે રાખીને હું આ શીખ્યો છું'.

અહીં જુઓ કે ભીલના દિલમાં ગુરુનું જે ઊંચામાં ઊંચું સ્થાન હતું, એ જ એના પર ગુરુની ઊંચી કૃપા હતી. એટલે હવે કહો,

**દેવાધિદેવની આપણા પર ઊંચી કૃપા શી ? ઊંચામાં ઊંચી રીઝ શી ?**

**તો કે દેવાધિદેવને આપણા દિલમાં ઊંચામાં ઊંચું સ્થાન આપીએ એ જ આપણા પર દેવાધિદેવની ઊંચામાં ઊંચી કૃપા, ઊંચી રીઝ.**

**પ્રશ્ન :** આપણા દિલમાં ઊંચામાં ઊંચું સ્થાન આપવાનું શી રીતે બને ?

**ઉત્તર :** દુનિયાના વ્યવહારમાં દાખલો છે, કે સુશીલ કન્યાના માથે પતિ સ્થપાય છે, એટલે પછી પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે. 'પતિ એજ મારું સર્વસ્વ, હું કાંઇ અલગ નહિ.' એમાં પોતાનો સ્વભાવ પણ ભૂલી જાય છે. પોતાના પિયરમાં સ્વભાવ કદાચ ગરમ હોય, તો પણ પતિના ઘરે આવ્યા પછી પોતાના સ્વભાવને ભૂલીને પતિના સ્વભાવને જ અનુસરે છે. પતિની રુચિ, ઇચ્છા, એ જ પોતાની રુચિ, ઇચ્છા. પતિનો અભિપ્રાય, એ જ પોતાનો અભિપ્રાય. એટલે તો પેલા કલકત્તાવાળા યુવાનનો દાખલો છે...

### યુવાન : ભગવદ્ નામનો દીવો :-

ઘણાં વર્ષો પહેલાં કલકત્તામાં ૩૦ વર્ષનો યુવાન, સાંજ પડી, પોતાના ઘરમાં બેઠો હતો, અંધારું થવા આવ્યું હતું, ત્યારે એની ૧૦ વર્ષની બાળકી કહે, 'બાબા ! હજી દીવો નથી કર્યો ?' અને આ શબ્દ સાંભળતાં એના હૈયામાં ખટકો લાગ્યો ! તે વિચારવા લાગ્યો કે આ નાની બાળકી કેટલું સચોટ કહે છે, કે 'જીવનના ૩૦-૩૦ વર્ષ ગયા છતાં હજી સુધી ભગવાનના નામનો દીવો નથી કર્યો ?' ઘરવાળીને કહે-

'જો આ બાળકી શું કહે છે?'

ત્યારે પત્ની કહે : 'બરાબર કહે છે. અંધારુ થયું છે માટે દીવો કરવાનું કહે જ ને ?'

ત્યારે પતિ કહે : 'એમ નહિ, જીવનના ૩૦-૩૦ વર્ષો વીતી ગયાં છતાં પણ આપણે હજી ભગવાનના નામે દીવો જલાવ્યો નથી ? એટલે હવે મને થાય છે કે, કાલે સવારે જ વૃંદાવનમાં ચાલ્યા જવું, ને ભગવદ્-નામનો દીવો જલાવવો. બોલ તારો શો વિચાર છે ?'

ત્યારે પત્ની કહે : 'તમારો વિચાર એ જ મારો વિચાર.'

વિજય શેઠ અને વિજયા શેઠાણીએ શું કર્યું હતું?

એ જ ને કે વિજય કહે : 'મારે તો કૃષ્ણપક્ષના બ્રહ્મચર્યનો નિયમ છે.' ત્યારે વિજયાએ કહ્યું : 'તો મારે શુક્લપક્ષનો નિયમ તો છે જ; પણ હવેથી કૃષ્ણપક્ષનો ય નિયમ. તમો બીજી સ્ત્રીને પરણી લો, હું એને મારી સગી બેનની જેમ રાખીશ.'

સુશીલ સ્ત્રીને મન પતિની સગવડ એ પોતાની સગવડ. ત્યાં એ પોતાની અગવડને ન ગણે. પતિને જે ગમે તે પોતાને ગમે. પતિનાં માતા-પિતા-ભાઇ-અન્ય સંબંધીને પોતાનાં માને, પતિના જમ્યા પછી પોતે જમે, પતિના આરામ પછી પોતે આરામ કરે, અને પતિના ઊઠવા પહેલાં પોતે ઊઠી જાય. તાત્પર્ય, પોતાનું આગવું વ્યક્તિત્વ જ ન માને.

તેમ ભગવાનને પ્રીતમ કરવા છે ? તો પોતાનું કોઇ આગવું વ્યક્તિત્વ જ નહીં.



રુચિ-ઇચ્છા-સગવડ-મત-સ્વભાવ વગેરે પોતાનું કશું નહિ, બધું જ ભગવાનનું. એટલે તો, એવી જ્યારે ભગવાન પ્રત્યેની લગન આવી જાય, ત્યારે માનવાનું કે 'ભગવાન આપણી પોતાની લાયકાતથી રીઝી ગયા.' એમ પછી આપણા દિલમાંથી ભગવાન સંગ છોડતા નથી. ભગવાન આપણા પર રીઝ્યા એટલે આપણા પોતાના ક્ષાયોપશમિક ગુણો વધે છે, ને એ ગુણો વધતાં વધતાં આગળ પર ક્ષાયિક ભાવના થાય છે, ત્યારે આપણે ભગવાન જ બની જઇએ છીએ.

દા.ત. નાગકેતુ ભગવાનની પૂજા કરે છે, પોતે જાતે પિછવાઇમાં ફૂલો ભરે છે ! આ કામ નોકરને ભળાવ્યું નહોતું, કેમ ? ભગવાનની જાતે ભક્તિ કરવી હતી, એમાં એકેક ફૂલ પોતાના હાથે ગોઠવતા જાય, તો મનમાં આ આવ્યા કરે કે, ''મારા ભગવાનને અહીં આ ફૂલ શોભશે, મારા ભગવાનને પેલું ફૂલ અહીં શોભશે...'' એમ ફૂલે ફૂલે ભગવાન યાદ આવે. તે ક્યારે બને ? પોતે જાતે જ એકેક ફૂલ ગોઠવે ત્યારે સ્તો ! આ ''મારે ભક્તિ જાતે કરવાની'' એવું રાખે તો જ બને. હવે એમને પુષ્પો લઇ લઇ જાતે ગોઠવતાં, કરંડિયામાં છુપાયેલ સર્પે આંગળી ઉપર ડંખ માર્યો ! પણ ત્યાં હૈયે ભક્તિ ઓર વધી ગઇ ! ભક્તિનો ભાવ ક્ષાયોપક્ષમિક હતો, તે હવે ક્ષાયિક થઇ ગયો ! કેવી રીતે ? પોતે ભગવાન પરથી શરીર પર ન ગયા કે, ''હાય ! આ સર્પે ક્યાં ડંખ માર્યો? હાય કેવી બળતરા ?'' ના, આ કોઈ વિચાર જ નહિ, પણ મનથી શરીરને છોડીને વીતરાગ પ્રભુને વધુ વળગી પડ્યા ! ને એમાં ક્ષયોપશમભાવના ગુણોને ક્ષાયિક ભાવના કરી નાખ્યા ! કેવળજ્ઞાન પામ્યા ! એમ બીજા પણ મહાપુરુષોએ ક્ષાયોપશમિક ભાવના પોતાના ગુણોને અવસર આવ્યો ત્યારે ક્ષાયિક ભાવના બનાવી દીધા, તો કેવળજ્ઞાન પામી ગયા !

જેમ કે **ખંધકમુનિની** મારાઓ ચામડી ઉતારવા ગયા, તો ક્ષયોપશમભાવની સમતાને-ક્ષમાને એમણે ક્ષાયિક ભાવની કરી નાખી, તો કેવળજ્ઞાન પામી ગયા ! આ બધાએ પોતાની યોગ્યતા વધારી તો ભગવાનની મોટી કૃપા થઇ.

**સુલસાને** બહારમાં જીવંત જેવા બ્રહ્મા વગેરેને જોવા માટે કહેવા ઘણા જણ આવ્યા, પણ એને તો અંદરમાં વીરભગવાન જ દેખાતા હતા, તેથી બહાર જોવાનું મન જ થયું નહીં, એટલે આ એની મહાવીરભગવાન માટેની અનન્ય લગન એ મોટી યોગ્યતા હતી. ને એ જ ભગવાનની એના પર મોટી રીઝ ગણાય. ભગવાનને રીઝવવા આપણે આ મોટી લાયકાત વધારવાની છે, એટલે પછી ભગવાન આપણા આત્માની સાથે એકમેક થઇ જાય.

**નેમનાથ** રાજિમતીને પરણવા આવ્યા, પણ તોરણેથી જ પાછા ફર્યા. તો

રાજિમતીને ક્ષણવાર ઝાટકો લાગ્યો ! એણે રુદનમાં પહેલાં ઠપકો આપ્યો કે, ''નવ નવ ભવની પ્રીત હતી તે તમે તોડી નાખી ? પેલી શિવસુંદરીને મેળવવા માટે તોરણેથી પાછા જાઓ છો ? પણ એ તો ગણિકા જેવી છે, એને તો ઘણા પતિ છે, પણ મારે તો તમે એક જ છો.'' આમ કહ્યું, છતાં નેમિકુમાર તો ચાલ્યા. ત્યારે રાજિમતી છેલ્લે નોટીસ આપે છે કે,

**''પ્રીત કરંતાં સોહિલી, નિર્વહતાં જંજાળ''**

ઉપર ઉપરથી આ કડીનો અર્થ એમ લાગે કે, ''અમારી સાથે પ્રીત તો કરી, કિન્તુ પ્રીત કરવી સહેલી છે, પણ એને નભાવવી કઠણ ! તે તમે નભાવી શક્યા નહીં'' કિન્તુ આ અર્થ આગળ પાછળની કડી સાથે બહુ સંગત નથી. એના બદલે આ અર્થ બહુ સંગત છે કે, તમે અનંત પતિવાળી મુક્તિને ઝંખી રહ્યા છો, પરંતુ સમજી રાખો કે, ''એ મુક્તિની સાથે પ્રીત કરવી સહેલી છે, પણ એ પ્રીતિનો નિર્વાહ કરવો મોંઘો છે.'' કેમ કે ક્યાંક કોક દુન્યવી વિષય પર જો રાગ-રક્ત થયા તો સમજી રાખો કે એમાં તો તમે આ મુક્તિને સહેજ વાર માટે રીસાવી મૂકશો, અને એમાં તો પછી એ તમને લાત લગાવીને તમારી સામું ય ન જુએ એવી છે. જ્યારે અમે તો તમે અમને લાત મારો તો અમે તમારા પગ પંપાળીએ કે, ''તમારા પગને વાગ્યું તો નથી ને ?'' યા તમે અમને કાઢી મૂકો તો પણ અમે તમને વળગ્યા રહીને હૃદયમાંથી કાઢવાના નથી. આમ કહેવા છતાં ય નેમિકુમાર ચાલ્યા. એટલે હવે રાજિમતીએ કહી દીધું કે, ''ખેર! જાઓ છો, તો તમે જાઓ **''शिवास्ते पन्थानः''** તમારો માર્ગ નિરુપદ્રવ રહો, પરંતુ હવે મારી છેલ્લી વિનંતિ છે કે, 'જો વિવાહના અવસરે હાથ પર હાથ નથી આપ્યો તો સંયમ અવસરે મારા મસ્તક પર આપનો હાથ અવશ્ય દેજો.''

રાજિમતીએ આ પ્રીત કરી. નેમિકુમારે અબળા સાથે પ્રીત ન કરી, પણ રાજિમતીએ પ્રીત એવી કરી કે, નેમિકુમારની પહેલાં મોક્ષે પહોંચી ગયાં! આમ રાજિમતીએ ભગવાન સાથે સાદિ અનંત ભાંગે પ્રીત કરી.

(૧) પ્રીત **સાદિ-સાંત** એટલે ભગવાન સાથે પ્રીત કરીને પછી એનો અંત આવે તે.

(૨) **સાદિ-અનંત** યાને પ્રભુની રીઝ થાય પણ પછી એનો અંત નહિ, તો એ પ્રીત સાદિ-અનંત બને.

(૩) **અનાદિ-સાંત** એ પુદ્ગલની પ્રીત, કેમ કે એ અનાદિથી ચાલી આવે છે પરંતુ હવે પ્રભુ પર પ્રેમ થયો તો પુદ્ગલની આસક્તિ મટી પુદ્ગલ-પ્રીતનો અંત આવ્યો.

(૪) **અનાદિ-અનંત** એ પુદ્ગલની પ્રીત. દા.ત. અભવી જીવોને અનાદિથી



ચાલી આવતી પુદ્ગલની પ્રીતનો ક્યારેય અંત આવવાનો નથી. એટલે પ્રીતમ કેવો કરવાનો છે? જે આપણો સંગ સાદિ-અનંત ભાંગે કરે એવો. જે આપણને ક્યારે પણ છોડીને જાય નહિ. ધ્યાનમાં ભગવાન સાથે અભેદભાવ લાવવાનો છે, એટલે હવે એ રીઝ અનંતકાળ માટે ચાલવાની.

**પ્રભુ સાથે આ સાદિ-અનંત ભાંગે પ્રીત ક્યારે થાય?**
**પરપરિણતિમાંથી પ્રભુની પરિણતિમાં જઈએ ત્યારે.**

જીવ પરમાં જ વણાઈ ગયો છે. હવે પ્રભુમાં જ વણાઈ જાય, ત્યારે પ્રભુ-પ્રીત સાદિ અનંત થાય. ત્યારે સવાલ એ થાય કે –

**સ્વાત્મરમણતા પૂર્વે પરમાત્મરમણતા કેમ જરૂરી?**

**પ્રશ્ન :** અંતે તો સ્વાત્મરમણતામાં જવું છે, ને તમે સ્વને બદલે પ્રભુમાં રમણતા કરવાનું કહો છો, એમ કેમ ?

**ઉત્તર :** સ્વાત્મરમણતા લાવવી છે, તો પહેલાં ભગવાનમાં રમણતા લાવો. કેમકે ભગવાનમાં રમણતા લાવ્યા વિના પુદ્ગલરમણતા-વિષયરમણતા નહિ છૂટે. એ છૂટ્યા વિના ક્યાંથી સ્વાત્મરમણતા આવે ? સ્વરમણતા એટલે પોતાના આત્માને જ દેખે. એનો પ્રતાપ એ, કે ખંધકમુનિની જીવતાં ખાલ ઉતારવા છતાં, મુનિ પોતાના આત્મધ્યાનમાં જ લીન રહ્યા. નજર સામે પોતાના શુદ્ધ આત્માને જ દેખતા રહ્યા. કામ થઈ ગયું ! પરંતુ આ માટે પહેલાં પરમાત્મરમણતા એમણે બહુ કરેલી.

**પ્રશ્ન :** પરમાત્મરમણતા એટલે શું કરવાનું ?

**ઉત્તર :** પરમાત્મરમણતા એટલે વીતરાગ પરમાત્માના સદ્ગુણો, સુકૃતો, સાધનાઓ અને ઉપકારોમાં મનને રમતું રાખવાનું. મનને રમતું રાખવું એટલે મન ક્રમસર એ બધાના વિચારો કરતું રહે, એવું કરવું જોઈએ. આવો કોઈ અભ્યાસ નાગકેતુને વર્ષોથી હશે, એટલે જ પ્રભુની પુષ્પપૂજા કરતાં કરંડિયામાંના સર્પના ડંશથી મન જરા પણ ચલિત કે વિહ્વળ ન થતાં, પ્રભુના એ સદ્ગુણો વગેરેમાં મન સ્થિર બન્યું હશે ! દીર્ઘકાળના આ પ્રભુ-રમણતાના અભ્યાસ વિના આ રીતે પ્રતિકૂળતામાં મન સ્થિર રહેવું એ અત્યંત મુશ્કેલ છે. આ સ્થિરતા તો કેવી કે એમાંથી જે શુભ ધ્યાનધારા ચડી, શુભ અધ્યવસાયો ઊભા થઈ ગયા, એ બધું વધતું ચાલ્યું ! એટલે જ ગુણસ્થાનકની પરિણતિ વધતી ચાલી.

અહીં એટલું ધ્યાનમાં રહે, કે આ જે મનની પ્રભુમાં રમણતા છે, એના માટે પહેલા નંબરમાં વીતરાગ પરમાત્મા પ્રત્યે એટલો બધો અહોભાવ જાગવો જોઈએ કે મનને એમ થયા કરે કે અહો ! અહો ! શું આ વીતરાગ પરમાત્મા છે ! જગતમાં નજર

નાખીએ તો કોઈ ધર્મના ફિરસ્તા, યા આરાધ્ય ઈષ્ટદેવ, યા ભગવાન કે ઈશ્વર, કોઈ આવા દેખાતા નથી, કે જેમના જીવનમાં આવા સર્વોત્કૃષ્ટ કોટિના સદ્ગુણો ને, ઉત્કૃષ્ટ કોટિના તપ-સંયમ અને ધ્યાનની સાધના હોય; તેમજ જેમણે ઉત્કૃષ્ટ કોટિના તત્ત્વપ્રકાશ-દાન-મોક્ષ-માર્ગદાન, તથા ભવ્યજીવોને સાધના માટે ઉચ્ચ અને અનન્ય કોટિનાં આલંબનદાન જેમણે કર્યાં હોય, અગર જે કરતા હોય, એવું દેખાતું નથી. એટલે જ આવા વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા પ્રત્યે વારંવાર અહોભાવ થયા કરે એ સહજ છે.

## એડવોકેટ ભટ્ટાચાર્યનો જૈનદર્શન પર અહોભાવ :-

એમના એકલા તત્ત્વ-પ્રકાશ-દાનનો વિચાર કરીએ કે 'એ કેવો ચમત્કાર કરે છે?' તો પણ વર્તમાનનું એક અતિપ્રેરક દૃષ્ટાંત કલકત્તાના બ્રાહ્મણ એડવોકેટ ભટ્ટાચાર્યનું મળે છે. એ પોતે બંગાલી અને વૈદિકધર્મને માનનારા, પરંતુ ફિલોસોફીના શોખીન, એટલે એમણે વેદાંત, બૌદ્ધ, ક્રિશ્ચિયન વગેરે ઈસ્ટર્ન-વેસ્ટર્ન (પૌર્વાત્ય-પાશ્ચાત્ય) ફિલોસોફીનો સ્ટડી(અભ્યાસ) સારો કરેલો. પરંતુ એમાં પરસ્પર વિરોધો તથા એકેક દર્શનમાં પણ વિસંવાદો જોતાં એમના મનને સંતોષ થતો નહીં. એમાં એમને જૈન ફિલોસોફીના પુસ્તકોની સગવડ મળતાં એનું અને એમાંય ખાસ કરીને વાદીદેવસૂરિજી મહારાજના મૂળ ગ્રન્થ **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર,** અને એના દાર્શનિક વિવેચનોનું અધ્યયન કર્યું. એવાં બીજાં પણ જૈન શાસ્ત્રો અવગાહ્યાં, ત્યારે એમનું દિલ જૈન ફિલોસોફીમાં ઠર્યું અને એમને લાગ્યું કે આમાં કોઈ વિસંવાદ, કોઈ અનિશ્ચિતતા, કે કોઈ કાલ્પનિકતા, યા અતિશયોક્તિ નથી. એ તો એટલા બધા રાજીના રેડ થઈ ગયા, કે એ હર્ષના આવેશમાં એમણે અંગ્રેજીમાં "Six Reals" (ષડ્દ્રવ્ય) પર એક મહાન નિબંધ (Thesis) લખ્યો અને તે કલકત્તા યુનિવર્સિટીને તપાસવા માટે સોંપ્યો. યુનિવર્સિટીના મોટા તત્ત્વવિશારદોએ એનો અભ્યાસ કર્યો, અને એમને બોલાવી મૌખિક વાર્તાલાપ કર્યો. એમાં એમણે ભટ્ટાચાર્યને પૂછ્યું કે, 'અણુ-વિજ્ઞાનના આજના જમાનામાં વૈજ્ઞાનિકોની જ્યાં નજર નથી પહોંચી એવું આમાં અણુ-વિજ્ઞાન તથા બીજા બીજા પદાર્થોનું તત્ત્વદોહન તમે લાવ્યા ક્યાંથી ?' ત્યારે એમણે કેવો સરસ જવાબ આપ્યો કે 'સાહેબ ! આ તો હું જૈનધર્મના દરિયા જેવાં શાસ્ત્રોમાંથી એક ખસખસ જેટલું લઈ આવ્યો છું.' પછી એનાથી પ્રભાવિત થઈને યુનિવર્સિટીએ ભટ્ટાચાર્યને Ph.D. (ફિલોસોફીકલ ડોક્ટરેટ)ની ડીગ્રી આપી. એ નિબંધ પછી પુસ્તકરૂપે છપાઈ પણ ગયો. આ ઉપરાંત ભટ્ટાચાર્યે ખ્રિસ્તીધર્મ અને જૈનધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મ, વગેરે કેટલાય ટૂંકા ટૂંકા નિબંધો લખ્યા, જેમાં એમણે જૈન તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતા



પુરવાર કરી છે. એ નિબંધ બંગાળી ભાષામાં છપાયા કર્યા. પાછળથી એમાંના કેટલાકનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવીને ઉંઝા ફાર્મસીએ **'જિનવાણી'** એ નામનું પુસ્તક છપાવ્યું છે. કહેવાનું તાત્પર્ય આ છે કે, અરિહંતપરમાત્મા પર અને એમના તત્ત્વજ્ઞાન પર કેટલો અહોભાવ આ જૈનેતર એડવોકેટને આવ્યો હશે ! આવો ઉચ્ચકોટિનો અહોભાવ પહેલા નંબરે લાવવા જેવો છે.

ધુરંધર વિદ્વાન ગણધર ગૌતમસ્વામીજીથી માંડીને શ્રુતકેવલી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામી, પ્રખર વિદ્વાન અને ૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ, તર્ક-પંચાનન શ્રીઅભયદેવસૂરિજી મ. તથા નવાંગી ટીકાકાર સમર્થ વિદ્વાન શ્રીઅભયદેવસૂરિજી મ., તેમજ કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય મ., અદ્ભુત પ્રભાવશાલી મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ. વગેરેએ જૈનદર્શન, જૈનતત્ત્વજ્ઞાન તથા જૈનમોક્ષમાર્ગ ઉપર અકાટ્ય તર્કોથી કુલ કરોડો શ્લોક પ્રમાણ વિવેચનથી પ્રકાશ પાડીને એની સર્વશ્રેષ્ઠતા પુરવાર કરી છે. એ જોતાં એના મૂળ પ્રકાશક વીતરાગ શ્રી અરિહંત ભગવાન પર કેમ 'અહો! અહો!' ન થાય.

## પરમાત્મરમણતા કેમ આવે ?

એટલે (૧) પહેલું તો પ્રભુ પર અહોભાવ ઊભો કરવાનો, અને એટલે જ એમના પર ઊછળતો ભક્તિભાવ-બહુમાનભાવ અને પ્રેમભાવ એવા ઊભા થાય કે

(૨) મન એ બધા વિષયોમાં જ રમતું ને રમતું રહ્યા કરે ને એવું એમાં લીન થઈ જાય કે

(૩) એના પારાયણમાં ન ખાવાનું યાદ આવે કે ન પીવાનું યાદ આવે. અને

(૪) એના રસમાં બીજા બધા આનંદ ફિક્કા પડી જાય, તેમજ બીજાં દુઃખો ભુલાઈ જાય. પરમાત્મ-રમણતા કરવા માટે પહેલું તો આ બધું જરૂરી છે. પછી

(૫) અરિહંતપરમાત્માના પૂર્વભવના જીવન તથા અંતિમ તીર્થંકરભવનું જીવન, એમની સાધના, તપશ્ચર્યાઓ, સદ્ગુણો, ઉપકારો વગેરેનું વિસ્તારથી ચિંતન કર્યા કરાય, તો એથી મનની પરમાત્મામાં રમણતા થાય.

**પ્રશ્ન :** પરમાત્મા એ પણ બાહ્યતત્ત્વ છે, તો એની રમણતામાં આભ્યંતર તત્ત્વ જે સ્વાત્મા, એમાં રમણતા શેં થાય ? ને એ વિના સ્વાત્માનું વિશુદ્ધ સ્વરૂપ પ્રગટ શી રીતે થાય ? અથવા કહો, પરમાત્મરમણતામાંથી સ્વાત્મરમણમતામાં કેવી રીતે અવાય ?

**ઉત્તર :** પરમાત્મરમણતામાં જગતનું બધું ભૂલીને માત્ર પરમાત્મામાં એકાકાર થઈ ધ્યાન કરવાનું છે, ને એ ધ્યાનમાંથી અંતે સ્વાત્મરમણતામાં જવાય છે. તે આ રીતે–

પરમાત્માનું ધ્યાન બે રીતે,

(૧) **સંભેદપ્રણિધાન** અને (૨) **અભેદપ્રણિધાન.**

(૧) **સંભેદપ્રણિધાન** એટલે? પ્રણિધાન અર્થાત્ ધ્યાન. વીતરાગ પરમાત્માને આપણા આત્માથી ભિન્ન તરીકે આપણી નજર સામે રાખીને જે એમનું એકાગ્ર ચિંતન કરાય એ **સંભેદપ્રણિધાન.** આનામાં તન્મયતા વધારતા જવાનું, તે એટલે સુધી કે મનમાંથી જગતનું બીજું બધું યાવત્ પોતાની કાયા પણ વિસરાઈ જાય અને વીતરાગ પરમાત્મા સાથે પોતાની એકાકારતા તન્મયતા જોરદાર જામી જાય. ત્યાં મનને એમ થયા કરે કે, 'અહો ! અહો ! કેવા અનુપમ આ વીતરાગ અરિહંત ભગવાન ?'

(૨) **અભેદપ્રણિધાનઃ**– એ તન્મયતા ને એકાકારતા પરમાત્મા પર હૃદયના અતિશય પ્રેમ અને બહુમાનથી ઊભી કરેલી છે, તેથી એમાં હવે એ ભુલાઈ જાય છે કે 'આ સામે વીતરાગ પરમાત્મા અને એમનું હું ધ્યાન કરનારો.' આ વાત ભૂલવાનું કારણ પોતે પરમાત્માના સ્વરૂપમાં ગળાબૂડ ડૂબી ગયો છે. સાંસારિક વ્યવહારમાં એવું બને છે કે, બે ભાગીદાર વેપારીને ગાઢ મિત્રતા હોય તો એમાંના એકને વેપાર અંગેના ચિંતનમાં, બીજો ભાગીદાર જાણે અત્યારે સામોસામ હોય ! એવું એનું ધ્યાન લાગે છે. પછી એ સામાની સાથે માનસિક વાતચીતમાં સામાની અત્યંત પ્રેમભરી ભારે ઉદારતા ચિંતવતો હોય તેમાં જાણે એવો ભાસ થાય છે કે પોતે સામા સ્વરૂપ બની ગયો, એટલે પોતાને મનમાં સામા તરીકે જ દેખે છે. એમ અહીં પરમાત્માના સંભેદપ્રણિધાનને ઉત્કૃષ્ટ આકર્ષણ-મમતા અને બહુમાન સાથે કરતાં કરતાં પોતે વીતરાગને એટલો બધો નિકટ થઈ જાય છે કે, વચમાંથી ભેદ ઊડી જાય છે, ને પોતે જ વીતરાગ છે, એ ખ્યાલ ઊભો થાય છે. આ ખ્યાલ જો ઉગ્ર તન્મયતાથી ઉત્કૃષ્ટ કોટિનો બને તો ત્યાં હવે વીતરાગ જુદા અને પોતે જુદો એવું ભાન નથી રહેતું ને વીતરાગનું અભેદપ્રણિધાન લાગે છે, પછી એમાંથી પોતે વીતરાગ જ છે એવો ખ્યાલ ઊભો થાય છે.

સારાંશ, વીતરાગનું ધ્યાન કરતાં કરતાં એમનામાં એકાકારતા એટલી બધી બનાવીએ કે આપણે વીતરાગમાં ગુમ થઈ જઈએ.

દા.ત. ભમરી માટીના ઘરમાં ઈયળને પૂરી એની આસપાસ ગુંજારવ કરતી એવી ઘૂમરી લે છે કે, ઈયળ એ ગુંજારવમાં ગુમ થઈ જાય છે, અને પરિણામે ભમરી બની જાય છે, એ ન્યાયથી આપણે વીતરાગમાં ગુમ થઈએ, તે ત્યાં સુધી કે વીતરાગ પોતાનાથી જુદા છે એ ખ્યાલ જ નીકળી જાય, અને જાણે પોતે જ વીતરાગ છે એવો ખ્યાલ આવી જાય તો એ રીતે વીતરાગને આપણા આત્મામાં ઉતારવાના છે. અહીં કદાચ પૂછશો,



**પ્રશ્ન :** તો પછી આપણે પોતે આંતરસ્વરૂપથી વીતરાગ જ છીએ, તો એનું જ ધ્યાન ઉપકારક થાય ને ? એમાં વીતરાગ પ્રભુને લાવવાની શી જરૂર?

**ઉત્તર :** અલબત્ત, આપણે આંતરસ્વરૂપથી વીતરાગ જ છીએ, પરંતુ એને ખુલ્લા પ્રગટસ્વરૂપે વીતરાગ તરીકે જોવો એ સહેલું નથી. એ માટે વીતરાગ થયેલા ભગવાનનું આલંબન લેવું પડે અને એ આલંબનથી અંતરમાં ધ્યાનનો ભાવોલ્લાસ ખૂબ વધે છે.

દા.ત. ચૈત્રી પૂનમ, અક્ષયતૃતીયા વગેરે જેવા મોટા દિવસે ગિરિરાજ ઉપર હજારો માણસોને ચડતા અને ઉપર દાદાના દરબારમાં ભગવાનની ભક્તિ કરતા જોઈ જોઈને આપણા ભાવોલ્લાસ ખૂબ વધી જાય છે. આ મોટા સંઘના આલંબને જ ભાવોલ્લાસ વધી ગયો, તેથી એ આલંબને અતિશય મહત્ત્વનું કામ કર્યું માટે એમાં સંઘનો ઉપકાર ગણાય.

અહીં કેટલાક અજ્ઞાન લોકો કહે છે કે, 'ભાઈ! ચૈત્ર મહિને બહુ ભીડ! પણ ભલા આદમી! ભીડ હશે તો ભાવ આવશે, ભીડ વગર ભાવ નહિ આવે, માટે એ આલંબન આપવામાં સંઘનો મોટો ઉપકાર ગણાય. એવી રીતે પ્રસ્તુતમાં વીતરાગ ભગવાનનું આલંબન કરીએ, એટલે કે એમનું ચિંતન કરીએ એમાં એના આધારે આપણામાં ભાવોલ્લાસ એવો વધી જાય છે, કે આપણા પોતાના વીતરાગ સ્વરૂપની જાણે કંઈક ઝાંખી થાય છે. પછી તન્મયતા અતિશય વધતાં વધતાં આત્મ-સાક્ષાત્કાર આડેનાં આવરણો દૂર થઈ જતાં પોતાનું વીતરાગસ્વરૂપ અનુભવાય છે.

આમ વીતરાગપ્રભુનો આશ્રય કરીને જ આપણી પોતાની વીતરાગતા ઉપર જવાય છે, માટે કવિએ ગાયું કે-

**'જો તુમ ધ્યાન વિના શિવ લહીએ,**<br>**તો તે દાવ બતાવો મારા સાંઈ રે.'**

**અરિહંતના ધ્યાન વિના અરિહંત ન બનાય.** આ ધ્યાન કરીએ એમાં અરિહંતને આલંબન કર્યા ગણાય. પ્રભુનું એવું ઠીકઠીક ધ્યાન ચાલે એને પ્રભુમાં રમણતા કરી કહેવાય.

ઈતર શાસ્ત્રમાં પ્રહ્લાદની વાત આવે છે, પ્રહ્લાદ નામનો પ્રભુભક્ત થઈ ગયો. માત્ર ૮ વર્ષની ઉંમર હતી, આખો દિવસ 'વિષ્ણુ ભગવાન વિષ્ણુ ભગવાન'ની રટણા કર્યા કરે. એને તો બધે જ વિષ્ણુ જ દેખાય, બાપ હિરણ્યકશીપુ ભારે નાસ્તિક, તે દીકરો વિષ્ણુનું નામ લે એ બાપને ન ગમે. બાપે વિષ્ણુનું નામ છોડાવવા માટે અનેક ઉપાયો કર્યા, બાપ કહેઃ ''નામ છોડ નહીંતર પર્વત ઉપરથી ફેંકી દઉં છું!'' પણ પ્રહ્લાદ 'વિષ્ણુ' નામ છોડવા તૈયાર નથી. એટલે બાપે એને પર્વત પરથી ફેંક્યો તો દેવતાએ ઝીલી લીધો! પછી ઊકળતા તેલમાં એને નાખે છે, પણ વિષ્ણુ નામની રટણા

એને તો ચાલુ જ છે! તો ઊકળતું તેલ ઠંડું પાણી બની જાય છે! બાપ ઝંખવાણો પડ્યો, પણ ગુસ્સો વધ્યો એટલે પુત્રને થાંભલે બાંધ્યો ને કહે, ''વિષ્ણુનું નામ છોડ, નહીંતર તલવારથી મારું છું!' તલવાર મારવા હાથ ઉગામ્યો ત્યાં, દિવાલ પર નરસિંહનું ચિત્ર, એમાંથી નરસિંહ પ્રગટ થઇને બાપને ખલાસ કરી નાખે છે. પ્રહ્‌લાદ વિષ્ણુના નામની રમણતામાં એવો તન્મય થઇ ગયો હતો, કે એને કશો ભય લાગે નહિ. તેમ વીતરાગની રમણતા કરીએ એટલે સ્વરમણતા આવી જાય. એટલે કે સ્વાત્મા વીતરાગ બની જાય. એ જ વીતરાગ ભગવાનને આપણી સાથે ચરમ સીમાનો એટલે કે અભેદભાવે સંગ થયો કહેવાય, માટે કવિએ કહ્યું કે **'રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે,'** કેમકે એ સંગ હવે કદી છૂટવાનો નથી, અર્થાત્‌ એ વીતરાગ સાથે ક્ષાયિક ભાવનો શાશ્વતકાળ માટે અભેદ સંગ બની ગયો. આ ઋષભદેવ ભગવાન મારા પ્રીતમ છે.

ભગવાનને પ્રીતમ શી રીતે બનાવાય? ભગવાનને અનન્ય પ્રીત કરીને બનાવાય. પણ પ્રીત છે પૈસાટકા-માલ-મલીદા ઉપર, તો કાંઇ ભગવાન સાથે પ્રીત ન થાય. ''પૈસો મારો પરમેશ્વર'' હોય તો ''ભગવાન મારા પરમેશ્વર '' ક્યાંથી બને? એટલે કે પૈસાને પ્રીતમ નહીં, પણ ભગવાનને પ્રીતમ બનાવવા જોઇએ. એ બનાવવા માટે ભગવાન સાથે એવી પ્રીત કરીએ કે, જેથી આપણા દિલમાં ભગવાન આપણને વળગ્યા રહે.

એવી રીતે ભગવાનને પ્રીતમ બનાવવાની આડે, એટલે કે ભગવાન સાથે અનન્ય પ્રીત બનાવવાની આડે, સંસારી સગાઓની પ્રીત પ્રતિબંધકરૂપ બને છે. કોણ જાણે જીવને સાંસારિક સગાઓનું એટલું બધું આકર્ષણ રહે છે કે, એમની સાથેની પ્રીત છૂટતી નથી ! તેથી હવે કવિ સાચી પ્રીતની ઓળખ આપતાં, પ્રભુની આગળ આંતરવ્યથા રજૂ કરે છે...

**પ્રીત સગાઇ રે જગમાં સહુ કીધી રે, પ્રીત સગાઇ ન કોય;**
**પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય ...ઋષભ...૨**

**ભાવાર્થ**– આ જગતમાં બધા પ્રકારની પ્રીત સગાઇ કરી, પરંતુ વાસ્તવમાં એ કોઇ સાચી પ્રીત સગાઇ ન બની. કેમકે 'સાચી પ્રીત સગાઇ તો નિરુપાધિક હોય' એમ કહ્યું છે. સોપાધિક પ્રીત-સગાઇ કરવામાં ધન ખોવાનું થાય છે.

**વિવેચનઃ**- કવિ આ બે દૃષ્ટિએ કહે છે કે, રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે અર્થાત્‌ ભગવાન સાથે જો પ્રીત કરતાં આવડે, તો ભગવાન પછી એવા રીઝે છે કે આપણી સાથેનો પ્રીત-સંબંધ કદી છોડતા નથી. જ્યારે દુન્યવી સગાની પ્રીત તો, જન્મ પૂરો થતાં પૂરી થઇ જાય છે. એનો અંત આવી જાય છે, ને એ સગાના સંગ છૂટી જાય છે.



**પ્રીતની વિવિધ રીત :**

''પ્રીત સગાઇ રે જગમાં સહુ કીધી રે.'' જગતમાં અનેક જાતની પ્રીત અનેક સાથે કરી, પણ ''પ્રીત સગાઇ ન કોય'' અર્થાત્‌ એમાંની એકેય પ્રીત ટકવારૂપે સાચી પ્રીત સગાઇ ન થઇ. અહીં અનેક રૂપે પ્રીત એટલે કે માતા-પુત્રની, પતિ-પત્નીની, ભાઇ-ભાઇની વગેરે ઘણી જાતની પ્રીત અનંતા પુદ્‌ગલપરાવર્તકાળમાં અનંતીવાર કરી, પણ તે સાચી પ્રીત ન થઇ; કારણ કે ખોખું બદલાતાં તે પ્રીત નાશ પામી ગઇ, બાકી જીવ સંસારમાં કોઇના પર પ્રીત કરે છે તે સંસારની પ્રીત ખરેખર તો સામી વ્યક્તિ પર નથી, પણ એનાથી પ્રાપ્ય સ્વાર્થની વસ્તુ પર છે. બાપ દીકરાને પૈસા આપે છે ત્યાં સુધી પુત્રને પ્રીત છે. પિતાએ જો બીજા પુત્રને અધિકું દીધું, તો આ પુત્ર સામે થઇને પિતાને દુશ્મન દેખે છે. મતલબ, બાપ જ્યારે પૈસા આપતા બંધ થઇ ગયા કે પ્રીત બંધ! ત્યારે દેવ-ગુરુ પરની પારમાર્થિક પ્રીતમાં એવું નથી, ઊલટું છે-

(૧) સાંસારિક પ્રીતમાં સામા પાસેથી લેવું છે, અને પારમાર્થિક પ્રીતમાં સામાને દેવું છે.

(૨) સાંસારિક પ્રીતમાં બદલાની આશા છે, એટલે સાંસારિક પ્રીત સ્વાર્થની છે. પારમાર્થિક પ્રીત નિઃસ્વાર્થ ભાવની છે. તે જ સાચી પ્રીત. સ્વાર્થની પ્રીતમાં સ્વાર્થ તૂટે એટલે વહાલા વૈરી થાય છે. જેમકે, સગી **માતા ચૂલની** પેટના પુત્ર બ્રહ્મદત્તને મારવા તૈયાર થઇ! **કોણિકે** પિતા શ્રેણિકને જેલમાં પૂર્યા! **કનકકેતુએ** દીકરા રાજ્યને લાયક ન રહે તે માટે, દીકરા જનમતાં જ એનાં અંગ ખંડિત કરાવ્યાં, જેથી ખંડિતઅંગવાળા રાજા ન બની શકે! સૂર્યકાન્તા રાણીએ **પ્રદેશી રાજા**(પતિ)ને ઝેર આપ્યું! આ બધાં દૃષ્ટાંતમાં દેખાય છે કે વ્યક્તિ સાથેની સ્વાર્થની સગાઇમાં ખરેખરી સગાઇ વ્યક્તિ સાથે નહિ, પણ પોતાના સ્વાર્થ સાથે છે, માટે એવી પ્રીત-સગાઇ ખોટી છે. તો સાચી પ્રીત કઇ? તો કે-

''પ્રીત-સગાઇ રે નિરુપાધિક કહી રે.....''

નિરુપાધિક એટલે બદલાની અપેક્ષા વગરની. સોપાધિક પ્રીત એ બદલાની આશાવાળી છે. બદલાની અપેક્ષા વિનાની પ્રીત-સગાઇ એ સાચી પ્રીત સગાઇ છે.

**દેવપાલને** જંગલમાંથી મળી આવેલ **ઋષભદેવ** ભગવાન ઉપર એવી પ્રીત-સગાઇ થઇ ગઇ કે એની પ્રભુભક્તિ પર ખુશ થયેલી ચક્રેશ્વરી દેવીએ કહ્યું 'ભક્તિના બદલામાં કાંઇ માગી લે.' તે એણે કહી દીધું કે 'ભક્તિના બદલામાં ભક્તિ આપ. મારે બીજું કાંઈ જોઇતું નથી.' તેમ **રાવણે** ધરણેન્દ્રને પણ કહી દીધું કે 'ભક્તિના બદલામાં મારે મોક્ષ જોઈએ છે, તે આપી શકતા હો તો આપો. બીજું કાંઈ ન જોઈએ'

બદલાવાળી પ્રીત તે સોપાધિક પ્રીત. 'એ મારું કરે તો હું એનું કરું.' દુનિયાની બધી પ્રીત એવી છે, એમાં આપણું ધન ખોઇ નાંખવાનું છે. સોપાધિક પ્રીત એટલે સોદાબાજીવાળી પ્રીત. 'હે શંખેશ્વર ભગવાન! તારી ૧૫૦ રૂા.ની હું આંગી રચાવું છું, ઉપર બે મીંડાં ચડાવીને આપી દેજે.' સોપાધિક ધન ખોય...જીવ જ્યાં જ્યાં બદલાવાળી પ્રીત કરવા જાય છે, ત્યાં ત્યાં ધન ખોઇ નાખે છે.

## સોદાબાજીની પ્રીતમાં કેટલા પ્રકારનાં ધન ખોવાય ?

**(૧) પુણ્યધનઃ** ધર્મ પાસે માંગી લેવામાં પુણ્યરૂપી ધનને વટાવવાનું થાય છે. પુણ્ય ન હોય તો કાંઇ મળે જ નહીં.

**દૃષ્ટાંતઃ-** ભિખારી જતો હતો, દરિદ્રનારાયણનો અવતાર જેવો લાગે. શંકર ને પાર્વતી વિમાનમાં જતાં હતાં. પાર્વતીએ નીચે જોયું ને કહે 'જુઓ આ બિચારો કેવો ગરીબ? તમે એને કાંઇ આપતા નથી?

ત્યારે શંકર કહે, 'એ અભાગિયો છે, એના નસીબમાં નથી.'

ત્યારે પાર્વતી કહે, 'હં, તમારે આપવું નથી માટે આમ બોલો છો?'

ત્યારે શંકર કહે ' લે જો ત્યારે' આમ કહી ભિખારીના રસ્તામાં થોડે આગળ સોનાનો હાર મૂકી દીધો. ત્યારે તે વખતે જ ભિખારીના મનમાં થયું 'આંધળાઓ કેવી રીતે ચાલતા હશે? લાવ, આંખ બંધ કરીને ચાલી જોઉં', બસ, એમ કરી આંખ બંધ કરીને ચાલવા લાગ્યો, અને અભાગિયો, તે રસ્તામાં રહેલા પેલા હારની બાજુએથી ચાલી ગયો!

ત્યારે શંકર પાર્વતીને કહે 'જોયું ને? એના ભાગ્યમાં નથી.' આમ સોપાધિક પ્રીતથી પુણ્યધનની હાનિ થાય છે.

**(૨) ચિત્તનું સમાધિધન ખોવાનું થાય છે :** સોપાધિક ભક્તિમાં સ્વાર્થની લાલસા છે, એમાં સમાધિધન નષ્ટ થાય છે. દુનિયાના પદાર્થો પર હરખ-શોક ન હોય તો જ ચિત્તની સમાધિ યાને સ્વસ્થતા રહે. જરા જરામાં ખુશી ને જરા જરામાં નાખુશીથી મનને સમાધિ-સ્વસ્થતા ન રહે, જીવનધન જાય. **સાચું જીવનધન સમાધિ છે.**

**(૩) નિરાશંસ ભક્તિધન :** સોપાધિક પ્રીતથી ભક્તિ કરે, શંખેશ્વર દાદાની લાલચવાળી ભક્તિ કર્યા કરે, એટલે જે નિરાશંસવાળી ભક્તિ કરવાની તક હતી એ જાય, એટલે કે નિરાશંસ ભક્તિરૂપી ધન કમાવાનું જાય.

**(૪) વૈરાગ્યધન :** સોપાધિક પ્રીત કરવા જાય તો વૈરાગ્યધન નાશ પામે, વૈરાગીને તો ત્રણ ભુવનની સંપત્તિ ય તુચ્છ લાગે.

**(૫) શ્રદ્ધાનું ધન :** ભક્તિ કરી કરીને જો ધનમાલ જ માગી લેવા છે, તો



એવી સોપાધિક પ્રીત કરવામાં શ્રદ્ધા પ્રભુ કરતાં ધન પર વધારે થઇ. તો પ્રભુશ્રદ્ધા મંદ પડી!

સોપાધિક પ્રીતમાં આવા બધા ધન ખોઇ નાખવાનું થાય એટલે ભગવાન સાથે પ્રીત સોપાધિક નહીં, પણ નિરુપાધિક કરવાની. બદલાની કોઇ ઇચ્છા નહીં. પણ આ પ્રીત કરવી ભારે મુશ્કેલ છે, કેમકે સાંસારિક વસ્તુઓની લાલચ આપણને સતાવે છે. જેમકે દા.ત. શરીર બિમાર પડ્યું તો મનને એમ નથી થતું કે 'લાવ રોગ સહન કરી લેવા દે, એમાં પરીષહસહન અને કર્મનિર્જરાનો લાભ મળશે.' પણ ત્યાં ઝટ રોગ મિટાવવાનું પ્રભુ પાસે માગી લેવાની લાલસા રહે છે. ઇચ્છારહિતતા જે પૂર્વના મહાપુરુષોમાં હતી, તેની સામે નજર નાખો.

**સનત્કુમારનો જીવ** પૂર્વભવમાં શ્રાવક શેઠ હતો. પોતાની પીઠ પર પતરાળીમાં ગરમાગરમ પીરસાય તે રીતે તાપસને રાજાભિયોગે પારણું કરાવવું પડ્યું. પીઠ બળી ગઇ! સંસારનો ત્યાગ કર્યો. વિચારે છે કે, ભગવાન સાથે આઠ વર્ષની ઉંમરે જ ચારિત્ર લઇ સાચી પ્રીત કરવાની હતી તે ન કરી, તો આ મિથ્યાદૃષ્ટિનું ગોઝારું સન્માન કરવાનો, ને જાતે આવું વેઠવાનો અવસર આવ્યો! જંગલમાં ૧૫-૧૫ દિવસ ખુલ્લા બદને કાયોત્સર્ગમાં રહ્યા. પીઠમાં મોટું પાઠું પડ્યું છે, એને રાત્રે જીવાતો ખાય છે, અને દિવસે ગીધડાઓ ખાય છે! શરીર કોચી ખાધું, પણ એમણે પ્રભુ સાથે પ્રીત નિરુપાધિક રાખી. અહીં 'ઉપાધિ' એટલે બહાનું. બહાનું ન કાઢ્યું કે 'પીઠ બળી ગઇ છે તો હવે પ્રભુ સાથેની પ્રીત રાખી આરામ ન કરવાનું, ને કાયોત્સર્ગ આદિ કષ્ટ વેઠવાનું કેમ થાય? બે મહિનામાં કાળ કરી સૌધર્મેન્દ્ર બન્યા! ત્યાંથી સનત્કુમાર ચક્રવર્તી બન્યા! તે નવા સૌધર્મેન્દ્રે એને મોટા ભાઇ સમજી ચક્રવર્તીપણાના રાજ્યાભિષેક વખતે મુકુટ અને કુંડલ મોકલ્યાં! આ સનત્કુમારના ભવમાં ૧૬ રોગ થયા, છતાં પ્રભુની પ્રીત ન છોડી! દવા ઉપચાર ન કરાવ્યો! કાયાનો રાગ ન પોષ્યો! કર્મના રોગને કાઢવા માટે જ કાયાનો રોગ દૂર ન કરતાં ઊભો રાખ્યો!

**(૬) જીવનધન ખોવાય :** તેમ 'ઉપાધિવાળી પ્રીત' એટલે મર્યાદાવાળી પ્રીત, માત્ર આ જીવન સુધીની પ્રીત. સોપાધિક પ્રીત કરવામાં, પ્રભુ સાથે ઉપાધિવાળી પ્રીત હટાવી નિરુપાધિક પ્રીત કરવા માટેનું આ એક માત્ર માનવ-જીવનરૂપી ધન વેડફાઇ જાય.

**(૭) નિરાશંસભાવનું ધન ખોવાય :** ભગવાનની સાથે સોદાબાજી કરવામાં નિરુપાધિક ધન યાને નિરાશંસભાવની આરાધનાનો નાશ થાય. વાહ-વાહ લેવામાં, માન-સન્માન લેવામાં પોતાનું સંસ્કારધન નાશ કરવું પડે! તેમ સોપાધિક પ્રીતથી

રાગ-દ્વેષના સંક્લેશ ઊભા થાય છે, સમાધિ-ધન નાશ પામે છે. માટે પ્રભુ સાથે પ્રીત નિરુપાધિક કરો.

આ સ્વાર્થની પ્રીત એ પ્રીતની એક રીતની વાત થઈ.

હવે પ્રીતની એક રીત અગ્નિસ્નાન, તે પણ રીત ખોટી. એ બતાવવા કવિ કહે છે-

**'કોઇ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે' મિલશું કંતને ધાય;**
**એ મેળો નવિ કહીએ સંભવે રે; મેળો ઠામ ન ઠાય...ઋષભ...૩**

**ભાવાર્થઃ-** કોઈ (સ્ત્રી) પોતાના પતિના(પ્રેમના) કારણે ચિતામાં બળી મરવાનું કરે છે; તે એ આશયથી, કે 'હું દોડીને પતિને મળી જઈશ;' (પરંતુ વિચારીએ તો) એવો મેળો (બની આવવો) સંભવિત નથી; કેમકે (આ વિરાટ વિશ્વમાં સ્નેહીનો) મેળો કોઈ એક સ્થાને થવાનો નિયમ નથી.

**વિવેચનઃ-** દુનિયામાં કંતને કારણ કોઈ સતી થાય છે, અર્થાત્ પતિની ચિતામાં બેસીને બળી મરે છે. કેમ? 'મિલશું કંતને ધાય,' એટલે કે 'પતિની પાછળ દોડીને અગ્નિમાં પડી મરશું, તો પતિ ઝટ આગળ મળશે.' પણ એમ કાંઈ મળાતું નથી.

'એ મેળો નવિ કહીએ સંભવે રે,'- વ્યક્તિની સાથે મેળો કરવો છે, તો સમજી રાખો કે, મેળો સ્થાન-વિશેષમાં નથી થતો. કેમ? દરેકને પોતાના કર્મના આધારે પરભવની ગતિ મળે છે. કંત-પતિનાં કર્મ અને પોતાનાં કર્મ જુદાં હોય, તો પરભવે ક્યાં ભેગું થાય? અગર એક ઠેકાણે ભેગું થાય તોય નકામું; પૂછો,-

**પ્રશ્ન :** સ્થાન-વિશેષમાં મેળો કેમ નકામો?

### દેવશર્મા કીડો

**ઉત્તર :** પતિ કદાચ પત્ની પરના એવા રાગમાં મર્યો હોય તો કીડો પણ બને. પછી આ કીડારૂપે કદાચ મળે તો પણ શું દિ' વળે? જાણો છો ને કે મહાવીર પ્રભુએ નિર્વાણ પહેલાં ગૌતમસ્વામીને બાજુના પરામાં દેવશર્મા બ્રાહ્મણને બૂઝવવા મોકલેલા, ત્યાં જઈ ગૌતમમહારાજે પેલાને કહ્યું **'અત્યાર સુધી તેં કાયા-માયાનું તો બહુ કર્યું, પણ તારા અંદરવાળાનું ક્યારે કરીશ?** માટે હવે ઊઠ, તારા અંદરવાળાનું કર. લે, આ ચારિત્ર લઈ સર્વ પાપત્યાગ કરી પ્રભુ ભજનમાં લાગ.'

પેલો કહે 'પણ આ મારી ઘરવાળીને છોડી ન શકું.'

ગૌતમસ્વામીએ એને સમજાવ્યો, છતાં ન માન્યો. પછી ગૌતમસ્વામીને વળાવવા જવા ઝટ ઊઠ્યો, પણ ધ્યાન ન રહ્યું કે 'માથે બારી ખુલ્લી છે,' તે એની અણી સાથે માથું ટકરાતાં મર્મસ્થાને ચોંટ લાગવાથી ત્યાં જ મર્યો! ગૌતમસ્વામી ચોંકી ઊઠ્યા!



અવધિજ્ઞાનથી જુએ છે એ કઈ ગતિમાં ગયો? જોયું તો એ જ પત્નીના માથામાં જૂ-કીડા તરીકે જનમ્યો! કહો, આ મેળો શા કામનો? અથવા પતિ-પત્ની બંને કીડા થઈ મળે તોય શા કામનું?

હા, સમાન આરાધનામાં-સમાન પરિણામે મરે, તો સારી ગતિમાં હજી ભેટો થઈ જાય. પૃથ્વીચંદ્ર-ગુણસાગરને એમની પૂર્વભવની જ પત્નીઓ મળેલી. **'સમપરિણામે સમગતિ'** એમ પૃથ્વીચંદ્રની કથામાં આવે છે. સજ્ઝાયમાં આવે છે-

"સમ પરિણામે સવિ અનુત્તર ઊપન્યા, આ ભવ પણ થઈ નાર" પૃથ્વીચંદ્ર-ગુણસાગર, તેમની પત્ની વગેરેએ પૂર્વભવે ચારિત્ર લીધેલાં. એમાં સમ-સમાન પરિણામ હતા તો બધા સાથે અનુત્તરમાં ગયાં, ને પછીના અંતિમ ભવમાં પણ પાછાં ભેગાં થયાં. પણ સંસારમાં જેઓ રાગની આરાધના કરી મરે, એ કાંઈ સાથે સારી ગતિમાં ભેગા થાય એ શક્ય નથી. કેમકે સાંસારિક રાગમય જીવનમાં સારી ગતિના શુભ કર્મ જ ક્યાંથી ઉપાર્જે? માટે, જ્યાં કંત પાછળ રાગથી ચિતામાં પતિ સાથે પત્ની બળી મરવાનું કરે છે, પણ ત્યાં એમ બળી મરવાથી શું વળે? કારણ કે એમાં બંનેનાં ભાવી એક ઠામનાં કાંઈ નિશ્ચિત હોતાં નથી. એટલે પ્રીતની આ રીત રાખવાથી પતિ સાથે મેળો ક્યાંથી બને? માટે પ્રભુ સાથે આવી પ્રીતની રીત ખોટી.

તો પછી પ્રીતની બીજી રીતે બતાવે છે-

**કોઇ પતિરંજન અતિઘણું તપ કરે, પતિરંજન તન તાપ,**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ ...ઋષભ...૪**

**ભાવાર્થઃ-** કોઈ પતિને ખુશ કરવા માટે ઘણો તપ કરે છે. પતિ-રંજનાર્થે કાયાને પતાવી નાખે, (પણ) એવું પતિરંજન મેં મન પર લીધું નથી; (કેમકે) ખરું રંજન તો (ધાતુ સાથે) ધાતુ-મિલાપ છે.

**વિવેચનઃ-** હવે કવિ કહે છે પ્રભુને રીઝવવા માટે સંસારી જીવ, દા.ત એક પત્ની પતિને રીઝવવા માટે જે 'અતિ ઘણો તનતાપ સહવો'.... વગેરે ઉપાય કરે છે, તેવા પ્રયત્ન ચાલી શકે ને? હા, 'પતિ પાછળ એની ચિતામાં ખોળામાં એનું માથું લઈને બેસીને બળી મરવું,'- એ અજ્ઞાનદશા છે; કેમકે, પતિ તો ક્યારનો ય મરીને એના કર્માનુસાર ક્યાંય કોઈ ગતિમાં ચાલ્યો ગયો; હવે પાછળથી બળી મરનારને પોતાનાં કર્મ જુદાં હોય, તે તદનુસાર ક્યાંય જન્મવાનું મળે, એમાં પ્રિયનો ભેટો શાનો થાય? તેમ પતિના મર્યા પછી ગમે તેટલાં બળી મરવાનાં ભયંકર કષ્ટ ઉપાડે, એથી હવે પરલોકે ક્યાંય સિધાયેલા પતિને રીઝવવાનું ય શાનું થાય?

**પ્રશ્ન :** પરંતુ અહીં જો પતિ જીવંત છે, અને એના પ્રેમની ખાતર કાયકષ્ટ ઉપાડે, તો તો અહીં તો પતિ રીઝવાનો નિયમ ખરો ને?

**ઉત્તર :** ના, અહીં વિચારવું રહે છે કે, આવો પતિરંજન ઉપાય કારગત થાય કે કેમ? કેમકે ભારે કષ્ટ ઉઠાવે, તનને ઘણો તાપ આપે, પણ એમાંય ભરોસો શો કે કષ્ટ ઉપાડ્યા પછી પણ પતિ પ્રીત રાખે કે કેમ? એ કેમ નક્કી નહિ ? તો કે તન તોડી નાખવાથી વિષયાંધ પતિ રીઝતો નથી. વારંવાર ખાખા કરનાર પતિને તપસ્વી પત્ની ગમે નહી; અને અર્થમાં-પૈસામાં અંધ પતિને બિમાર પત્ની કે તપનાં બહુ કષ્ટ ઉપાડનારી પત્ની ગમતી નથી; એને તો બહુ કામગરી પત્ની જોઇએ છે કે જેથી એ બધાં કામ ઉપાડી લે, તો પોતાને પૈસા કમાવા પાછળ આદું ખાઇને મંડી શકાય.

માટે આ બધું પતિરંજન માટે કરે તો પણ, પતિ રીઝવાનો કાંઇ ભરોસો નથી. દુનિયા આમ જ છેવટે નાસીપાસ થાય છે. ત્યારે પ્રશ્ન થાય-

**પ્રશ્ન :** અલબત્ત, પતિ પાછળ સતી થનારી તો પતિને સર્વેસર્વા આધીન યાને નિશ્રિત જીવન જીવનારી હોય છે. બધું જ પતિની ઇચ્છા-રુચિ મુજબ કરવાનું. એમાં પતિ પરદેશ જાય તો પતિના પ્રતીકની પૂજા કરનારી હોય છે. કેમ જાણે એ પતિ પોતાની સામે હાજરાહજુર છે! એમ માનનારી અને પ્રતીકની આગળ રોજ પ્રાર્થના કરનારી હોય છે. કે 'પતિદેવ! મારા શીલની રક્ષા કરજો,' છતાં એનું પતિની ચિતામાં અગ્નિસ્નાન પતિનું મિલાપક ન થાય, પરંતુ આ જન્મ પૂરતા પતિરંજનાર્થ જ ઉઠાવેલ કષ્ટ તો પતિનું રંજન કરી શકે ને?

**ઉત્તર :** દુન્યવી પતિનો ભરોસો નહિ કે એ પત્નીના કષ્ટની કદર કરે કે નહિ; પરંતુ પ્રભુનો તો ભરોસો ખરો ને કે આપણા તનતાપની કદર કરે? આના જવાબમાં કવિ કહે છે–

**'એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે.'**

મારે ભગવાનને રંજિત કરવા છે, રીઝવવા છે- 'આ સ્વામી વીતરાગ છે' એ સમજીને રીઝવવા છે. ત્યાં કોઈ તનનું કષ્ટ કામ લાગે એમ નથી, તેથી એવું પતિરંજન મેં ચિત્તમાં ધર્યું નથી. મારે હવે એવું પતિરંજન નથી કરવું. કેમ? તો કે કષ્ટાદિ સહન કરવાથી દુન્યવી પતિ ખુશ થાય. પણ એમાં ૩ વાત છે-

(૧) આપણું સૌભાગ્ય નામકર્મ જોરદાર ન હોય, તો આપણે ગમે તેટલા સ્વામી પાછળ તૂટી મરીએ તો પણ એમનો પ્રેમ ન મળે.

(૨) વળી આપણે ગમે તેટલાં કષ્ટ ઉપાડીએ, પણ સામાને આપણી પાસેથી કોઇ અપેક્ષા હોય, ને એ પૂરી ન થાય, તો ય એ કર્યું-કારવ્યું ધૂળમાં જાય એટલે આ



પતિરંજન નકામું છે. અને

(૩) આપણે ગમે તેટલા તૂટી મરીએ પણ અંતકાળે એ સ્નેહીનો વિયોગ થવાનો જ છે; એટલા માટે પણ આ પતિરંજન નકામું છે. પરંતુ અહીં તો-

**પ્રશ્ન :** (૧) પરમાત્મા પાસેથી એવા પ્રેમની તો આપણને અપેક્ષા જ ન હોય. કેમકે એ મોક્ષમાં બિરાજમાન છે. (૨) વળી એમને એટલે જ કશી અપેક્ષા ય નથી. (૩) એટલે જ એમનો જ્યારે એવો અહીં સંયોગ નથી, પછી વિયોગનો પ્રશ્ન જ ક્યાં રહે છે? તો પછી કેમ કહ્યું 'એ પતિરંજન મેં ચિત્તમાં ધર્યું નથી ?'

**ઉત્તર :** કવિએ એ બતાવવા કહ્યું કે સંસારમાં ચાલી પડેલાં આવાં પતિરંજન નકામાં છે, માટે લોકોત્તર શાસનનું રંજન મને ગમે છે. એ રંજન શું છે? એ હવે કહે છે.

**'રંજન ધાતુ-મિલાપ'**

રંજન એ ધાતુમાં ધાતુનું મિલન છે.

'રંજન ધાતુ-મિલાપ' પતિની ધાતુમાં પત્નીની ધાતુ મળી જાય એનું નામ રંજન. પછી ફળની અપેક્ષા નહીં. પરંતુ એ ધાતુમાં ધાતુ મળી જવી એટલે શું?

અહીં 'ધાતુ' શબ્દ રહસ્યમય છે.

ધાતુમાં ધાતુ મળી જાય એટલે શું?

(૧) ધાતુ એટલે સ્વભાવ. પતિના સ્વભાવમાં પોતાનો સ્વભાવ મેળવી દેવો.

એમ આપણે ભગવાનના સ્વભાવમાં આપણો સ્વભાવ મેળવી દેવો. ભગવાનનો સ્વભાવ સૌમ્ય છે, ને આપણો પણ સ્વભાવ સૌમ્ય બની જાય, તો પ્રભુના સ્વભાવમાં આપણો સ્વભાવ મેળવ્યો ગણાય, પછી ભલે અંશે મેળવ્યો. એમ,

(૨) ધાતુ એટલે રસ-રુચિ. પતિને જેવાં રસ ને રુચિ, તેવાં પોતાને રસ ને રુચિ. દા.ત. ભગવાનને અધ્યાત્મમાં રસ, રુચિ અધ્યાત્મની, તેમ આપણાં પણ રસ-રુચિ અધ્યાત્મનાં. એમ,

(૩) ધાતુ એટલે આદર્શ. પતિનો જે આદર્શ, તેજ પત્નીનો આદર્શ. તેમ આપણા માટે પણ પ્રભુનો આદર્શ મોક્ષનો છે, તો આપણે પણ એ જ આદર્શ રખાય. એમ,

(૪) 'ધાતુ' એટલે અભિપ્રાય. જે પતિનો અભિપ્રાય, તે જ પત્નીનો અભિપ્રાય. એમ આપણા માટે પણ ભગવાનનો અભિપ્રાય અનેકાંતવાદનો છે, તેમ આપણો પણ એ જ અભિપ્રાય બનાવવાનો.

(૫) 'ધાતુ' એટલે અધ્યવસાય. ભગવાનના અધ્યવસાય કષાયના નહિ, વિશુદ્ધિના હતા; તેમ આપણા પણ અધ્યવસાય જો વિશુદ્ધિના અને અંતર્મુખતાના થાય, તો ભગવાન સાથે ધાતુ-મિલાપ થાય. અથવા,

(૬) ધાતુ-મિલાપ એટલે સ્વામીના વચન પર સર્વેસર્વા શ્રદ્ધા. કદીય એના પર શંકા-કુશંકા-કુતર્ક કે પ્રશ્ન કરવાનું મન જ ન થાય. આનું એક કારણ એ કે સ્વામી જ એવા મલ્યા હોય કે જે ક્યાંય અહિતનું કહે જ નહિ; તો પછી આશ્રિત એમનાં વચન પર ઓવારી જાય. જેમ ગૌતમ સ્વામીએ ભગવાન સાથે ધાતુ-મિલાપ કર્યો; ને પોતાનું માન, વ્યક્તિત્વ, સ્વતંત્ર મન આદિ બધું છોડ્યું, માટે તો ભગવાનના બોલને નવનિધાનની જેમ જાણે પહેલવહેલા મળ્યા! પૂર્વે કદી મળ્યા જ નહોતા, તેવી રીતે એ આનંદિત થઈને સાંભળતા હતા. રંજનાર્થે આ ધાતુ-મિલાપ કરવાનો છે.

ધાતુ-મિલાપની આ વિચારણા અત્યંત ઉપયોગી છે, અને એને આપણે સંક્ષેપમાં જોઈએ તો, ધાતુ-મિલાપ એટલે સ્વભાવ-રસરુચિ-આદર્શ-વલણ-અધ્યવસાય અને વચન પર ઓવારી જવાનું. આ છ મુદ્દા અને એવા બીજા મુદ્દા ભગવાન સાથે આપણો ધાતુ-મિલાપ કરવા માટે વારંવાર ચિંતવી-વિચારી આત્મસાત્ કરવા જેવા છે. આ એકેક મુદ્દો એવો છે કે એના પર પૂર્વ પુરુષોનાં દૃષ્ટાંત વિચારીએ તો એ અદ્ભુત કામ કરનારા જોવા મળે છે. દા.ત. ધાતુમિલાપમાં પહેલું સ્વભાવનું મિલન કરવાનું.

## ધાતુમિલાપનાં દૃષ્ટાંત :

### (૧) ધાતુમિલાપ=સ્વભાવ મેળવવો :

થાવચ્ચાપુત્રે નેમનાથ ભગવાન સાથે એવો સ્વભાવ મેળવ્યો કે ભગવાનના વીતરાગ સ્વભાવને પોતાના સ્વભાવમાં ઉતારી પોતાને મળેલી અબજો રૂપિયાની સંપત્તિ તથા અપ્સરાશી ૩૨ યુવાન પત્નીઓના રાગને તદન ઉડાવી દીધો! ને ઉત્કૃષ્ટ વૈરાગ્યમાં ચડી ગયા અને ચારિત્ર લઈ લીધું! ચારિત્ર સ્વીકાર્યા પછી પણ કાયાની અને મનની સુખશીલતાનો રાગ એવો દબાવી દીધો, કે એક બાજુ જોરદાર તપસ્યા અને બીજી બાજુ ચૌદપૂર્વનાં મહાશાસ્ત્રોને અર્થસહિત કંઠસ્થ કરવાના અધ્યયનમાં પરિશ્રમને બાકી ન રાખ્યો. 'મારા પ્રભુએ સંપૂર્ણ રાગના ફુરચા બોલાવી દીધા છે, તો પછી મારે કાયા અને મનની સગવડ-અનુકૂળતાના રાગ કેમ રખાય ?' એટલે આને વીતરાગના સ્વભાવમાં પોતાનો સ્વભાવ ભેળવ્યો કહેવાય.

### (૨) ધાતુમિલાપ=રસ-રુચિ ભેળવવાં :

શાલિભદ્ર-ધનાજીએ મહાવીરભગવાનનાં રસ અને રુચિમાં પોતાનાં રસ અને રુચિ ભેળવી દીધાં; અથવા કહો ભગવાનનાં રસ ને રુચિને પોતાનાં રસ અને રુચિમાં મેળવી દીધાં. આપણે જાણીએ છીએ કે ભગવાનને ચારિત્ર લીધા પછી તપ અને સહિષ્ણુતા તથા સહનવૃત્તિમાં એવો રસ હતો, કે તપ અને પરિષહ-ઉપસર્ગ હોંશે હોંશે સહન કરવામાં બાકી ન રાખી ! એ દ્વારા ભગવાનને એકલી કર્મનિર્જરામાં જ



રસ હતો. અને એની રુચિ પણ એટલી જોરદાર હતી, કે પ્રભુ ચાહીને ભયંકર કષ્ટો સહન કરી કરીને પોતાના જટિલ કર્મોની નિર્જરા કરવા માટે અનાર્ય દેશમાં ગયા. અને એમાં હોંશે હોંશે ભયંકર કષ્ટ સહન કર્યાં. શાલિભદ્ર મુનિ અને ધનાજી મુનિએ પણ પ્રભુના જેવો તપનો મહાન રસ ઊભો કર્યો.

અને એ એવી ઘોર તપસ્યા કર્યે ગયા, કે ભગવાનની સાથે વિચરતાં વિચરતાં જ્યારે પાછા રાજગૃહી પધાર્યા, અને ત્યાં માસક્ષમણનું છેલ્લુ પારણું કરીને વૈભારગિરિ ઉપર જાવજ્જીવનું અનશન ઝુકાવ્યું! ત્યાં શિલા ઉપર કાઉસ્સગ્ગધ્યાને બાકીના જીવનભરને માટે એકજ મુદ્રામાં સ્થિર થઇ ગયા! ત્યાં પાછળથી એમની માતા આવીને જુએ છે, તો ચમકારો પામી ગયા! શું જોયું એમણે? આ જ કે શાલિભદ્ર અને ધનાજીનાં શરીર સૂકાં-અતિકૃશ-હાડપિંજર-શાં થઇ ગયાં છે! કેવો તેમણે ભગવાનના તપનો રસ પોતાના તપના રસમાં ભેળવી દીધો હશે? ભગવાનના રસમાં પોતાનો રસ ભેળવી દીધો એ ધાતુ-મિલાપ કહેવાય, અને એ જ ખરેખર પતિરંજન કહેવાય.

### (૩) ધાતુ મિલાપ=આદર્શ મેળ :

ચંદનબાળા એક વખતની રાજકુમારી, કર્મસંયોગે પિતાનું રાજ્ય ગયું. હવે જુઓ પડતા પર પાટુની જેમ એના પર કેટકેટલી વીતે છે? દુશ્મનના સુભટોથી નગર લૂંટાવામાં એક સુભટ ચંદનાને અને એની માતાને જ લઇ ચાલ્યો! માતાએ સુભટના ગૃહિણી બનાવવાના બોલ પર આપઘાત કર્યો. સુભટ ચંદનાને લઇ ચાલ્યો, ને બીજા નગરમાં એને વેચવા ઊભી કરી ! કોઇક પુણ્યના યોગે જૈન ધનાશેઠ એને ખરીદી લઈ ગયા; પરંતુ ત્યાં તેના પરની ઈર્ષ્યાથી ધનાશેઠની પત્ની મૂળાએ એનું માથું મુંડાવી નાખી એને ભોંયરામાં પૂરી, એના પગમાં બેડી ઘાલી દઈને પોતે પોતાના પિયર ચાલી ગઈ! ત્યાં ભોંયરામાં ભૂખે તરસે બેઠી છે, અને પગ બેડીથી જકડાયેલા છે! કહો, કેટકેટલી વીતે છે? ૩/૩ દિવસ સુધી કોઇ એને ત્યાંથી બહાર કાઢવા આવતું નથી, છતાં એને કોઇ રુદન નથી.

જ્યારે ત્રણ દિવસે ધનાશેઠ શોધતા ચંદનાને ભોંયરામાં લેવા આવે છે, અને એક વખતની રાજકુમારીની આ હાલત જુએ છે! ત્યારે પોતે ધ્રૂસકે રડી પડે છે. એ વખતે ચંદના ઉપરથી ધનાશેઠને આશ્વાસન આપે છે! 'શું કામ રડો છો? મારે કોઈ દુઃખ નથી.' 'પણ આ તારી માતાએ આ શું બાળ્યું?' ત્યારે ચંદના કહે, 'બાપુ! મારી માતાએ તો મને આ મારા ભગવાનનું સતત અભંગપણે ધ્યાન-રટણ કરવાની મહાન સગવડ કરી આપી'! પૂછો-

**પ્રશ્ન :** આવી બધી મહાદુઃખદ સ્થિતિમાં શી રીતે ચંદના કશું રોદણું ન કરતાં

હિંમતથી રહી શકી ?

**ઉત્તર :** કારણ કે, એણે ભગવાનને આદર્શ તરીકે ધારેલા હતા. ભગવાનનો જે આદર્શ એ જ મારો આદર્શ. ભગવાનનો આદર્શ હતો વીતરાગ અને મુક્ત આત્મા. તો ચંદનબાળાએ એ જ આદર્શ રાખેલો. એ માટે નજર સામે ભગવાનને રાખેલા, તેથી આ બધું સહવાનું એને કાંઇ હિસાબમાં નહોતું.

આનું નામ ભગવાન સાથે ધાતુમિલાપ,
અને એ જ ખરેખર ભગવાનનું રંજન.

**(૪) ધાતુમિલાપ : વલણ-મેળ :**

પ્રભુ સાથે ધાતુ-મિલાપ એટલે પ્રભુના વલણ સાથે આપણું વલણ મળે, એટલે કે 'પ્રભુનું જે વલણ તે જ મારું વલણ.' પ્રભુનું વલણ કેવું હતું? તો કે, પ્રભુનું વાંકું કરનારા આવ્યા છતાં 'એ વાંકું બધું સીધું જ લેવાનું' રાખ્યું! ભગવાનના મનનું વલણ હતું, દા.ત. સંગમ દેવતા છ મહિના ભગવાનની પૂંઠે પડેલો. એ જ્યાં ત્યાં પ્રભુની હલકાઇ કરતો, પણ પ્રભુ એને સીધું જ લેતા, કર્મક્ષય કમાવામાં સહાયક સમજતા. પોતાના જીવનનું મુખ્ય મિશન (કાર્ય) જ ભરચક કર્મક્ષયને માન્યું. પછી ઉપસર્ગને ખૂબ અનુકૂળ જ સમજે ને? (વાંકુ ય સીધું લેવાનું તે આ.)

**મૃગાવતી સાધ્વીજી** એકવાર ભગવાનના સમોસરણમાંથી મોડાં આવ્યાં. ચંદનબાળા એમને ઠપકો આપે છે- 'તમારા જેવા કુલીનને આમ મોડું આવવું ન શોભે.' એ ઠપકાને મૃગાવતીશ્રીએ વાંકો લેવો હોત તો કહી શકત કે 'હું બીજે કાંઈ ભટકવા નહોતી ગઈ, ભગવાન પાસે જ બેઠી હતી, ને ભગવાન પાસેથી જ સીધી આવું છું.' પરંતુ એમણે આવું વાંકું ન લેતાં સીધું જ લીધું. અને વિચાર્યું કે **'काले काले समायरे'** એવા ચારિત્રજીવનના નિયમ મુજબ 'મારે સમયસર ઉપાશ્રયે આવી જવું જોઇતું હતું.' એમ પોતાની ભૂલ પર એમણે પોતાના પૂર્વભવો તથા આ ભવનો સ્ટોક લીધો કે 'હું ક્યાં ક્યાં ભૂલેલી?' અર્થાત્ આ ભવ ને પૂર્વભવોનાં જ્ઞાત-અજ્ઞાત પોતાનાં સમસ્ત દુષ્કૃતોની એવી નિંદા-ગર્હા-સંતાપમાં એ ચડ્યાં કે ઉચ્ચ ધર્મધ્યાન લગાવ્યું.

મહાપુરુષો નાના મોટા નિમિત્તમાં બધું સીધું લેવાના વલણવાળા અને પોતાના આત્માની એક માત્ર ઉન્નતિ સાધવાના જ વલણવાળા હોય છે. મૃગાવતી સાધ્વીજી માટે જ પોતાની ભૂલ જોઇને દુષ્કૃતગર્હાદિથી શુભ ભાવનામાં ચડ્યાં, અને ઠેઠ અનાસક્ત ભાવમાં ચડી કેવલજ્ઞાન પામ્યાં.

હવે એ કેવલજ્ઞાનની જ્યાં ચંદનબાળાને ખબર પડી, ત્યારે એ પણ 'કોને



ખબર આમને કેવલજ્ઞાન ક્યારે થયું હશે? કદાચ સમોવસરણમાં પણ થયું હોય તો? કેવલજ્ઞાન લઇને તો નહીં આવ્યાં હોય?' એવા ભરમમાં રહી વિચાર્યું કે 'આ મેં કેવલજ્ઞાનીને ઠપકો આપ્યો? આ મેં કેટલું મોટું અનુચિત કાર્ય કર્યું! મારા ભગવાને પોતાના જીવનમાં એકેય નાનું પણ અનુચિત કાર્ય કર્યું નથી, ને મેં આ મોટું અનુચિત કર્યું? એમ કરી એમણે પણ આ ભવ-પરભવનો પોતાનો સ્ટોક લીધો અને એમાં શુભભાવમાં ચડતાં એ પણ કેવલજ્ઞાન પામ્યાં. ભગવાનનાં બધું સીધું જ લેવાના વલણ-અભિપ્રાયને પોતાના વલણમાં ઉતારી લેવું એ જ રંજન ધાતુ-મિલાપ.

**(૫) ધાતુમિલાપ=અધ્યવસાય મિલન :**

એમ પ્રભુના નિર્મળ અધ્યવસાય આપણા અધ્યવસાયમાં ભેળવીએ તો ધાતુમિલાપ થાય. ખંધકમુનિની રાજાએ માણસો પાસે જીવતાં ચામડી ઉતરાવી, છતાં ત્યાં મહાત્માએ એક પણ મલિન વિચાર ન કર્યો. પોતાના અધ્યવસાય કેવા વિશુદ્ધ રાખ્યા કે રાજા અને મારાઓ ઉપર લેશમાત્ર અભાવ ન લાવતાં, વિશુદ્ધ અધ્યવસાય માટે એમ વિચાર્યું કે-

***'એ તો વળી સખાઈ મિલિયો, ભાઈ થકી ભલેરો રે....'***
***મારે તો 'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહીં મળશે પ્રાણી રે'***

એમ રાજાને સગાભાઈ કરતાં વિશેષ સગા તરીકે આવકાર્યો. આ એમણે શું કર્યું? ભગવાનના વિશુદ્ધ અધ્યવસાયોને પોતાના અધ્યવસાયમાં ઉતારી દીધા. મહાવીર ભગવાનને સંગમદેવ, શૂલપાણિયક્ષ અને ગોવાળિયા વગેરેએ ભયંકર ઉપસર્ગ કર્યા.... ત્યાં પ્રભુએ એ જ વિચાર્યું કે, 'આ મારું કાંઇ બગાડતા જ નથી. ઊલટું મારે તો એથી કર્મક્ષય થઇને મારું ઘણું સુધરી જાય છે કે પછી એના પર કષાય શાનો જ કરવાનો હોય? એના પર તો ઉપકારી તરીકે હેત વરસાવવાનું.' આ ગણિત ઉપર ભગવાને વિશુદ્ધ અધ્યવસાય અખંડ રાખેલા. ખંધકમુનિ, ગજસુકુમાર મુનિ... વગેરેએ પણ એવા વિશુદ્ધ અધ્યવસાય અપનાવેલા; ને એ જ 'રંજન ધાતુમિલાપ.'

**(૬) ધાતુમિલાપ : ઇચ્છામિલન :**

'ભગવાનની ઇચ્છા એ જ આપણી ઇચ્છા' એવું જો ધોરણ બનાવીએ, તો એમાં ધાતુમિલાપ થાય. આ બનાવવા માટે ભગવાનની અને આપણી એક જ ઇચ્છા જોઇએ.

**પ્રશ્ન :** એ કેમ બને?

**ઉત્તર :** ભારંડપક્ષીના દૃષ્ટાન્તથી બને. ભારંડપક્ષીને શરીર એક હોય છે, પણ એમાં આત્મા બે હોય છે; અને એના માટે એવો નિયમ છે કે, બંને આત્માની ફળ-

ભક્ષણની જુદી જુદી ઇચ્છા નહીં, કિન્તુ એક જ ઇચ્છા જોઇએ; અને ત્યાં નથી ને જો-દા.ત. એકને એક ફળ ખાવાની ઇચ્છા ને બીજાને જો બીજું જ ફળ ખાવાની ઇચ્છા થઇ, તો ત્યાં જ એનું મોત થઇ જાય! એમ ભગવાનની ઇચ્છા અને આપણી ઇચ્છા મિલાવી રાખીએ, તો તો ધર્મી-જીવન ટક્યું રહે, પણ નથી ને જો આપણે જુદી ઇચ્છા કરવા જઇએ તો આપણું ધર્મી-જીવન, આધ્યાત્મિક-જીવન નષ્ટ થાય. ભારંડપક્ષીના બંને જીવ મોતના ભયથી એક જ ઇચ્છા રાખે છે, એમ આપણે પણ આધ્યાત્મિક જીવનના મોતના ભયથી 'પ્રભુની ઇચ્છા એ જ મારી ઇચ્છા', એમ સાવધાન રહીએ. એ જ રંજન ધાતુ-મિલાપ.

**પ્રશ્ન :** ભગવાનની ઇચ્છા શું?

**ઉત્તર :** ભગવાનની મુખ્ય ઇચ્છા (૧) એક માત્ર કર્મક્ષયની, અને તે માટે (૨) વિશ્વના જીવમાત્ર પર વાત્સલ્ય, તેમજ પરાર્થકરણ વિગેરેની. એ બધું આપણા જીવનમાં અપનાવીએ, તો રંજન રૂપ ધાતુ-મિલાપ થાય.

### ૭. ધાતુમિલાપ=બધું સીધું લો :

ભગવાનનું 'બધું સીધું લેવાનું' વલણ પોતાને કેટલું બધું સર્વોત્તમ લાભકારી બન્યું! કે પછી ભગવાને કેવલજ્ઞાન પામીને જગતને આ જ ઉપદેશ્યું કે 'તમે બીજા જીવોના તમારા પ્રત્યેના વર્તાવને સીધા લો.' પછી બસ, બધું તે ઠેઠ સર્વકર્મક્ષય સુધીનું સીધું ઊતરી જશે. જેમકે, મોટર-ટ્રકોની પાછળ લખ્યું હોય છે. 'Horn Please, O.K.' એનો ભાવ એ છે કે, પાછળની ટ્રકવાળાને કહે છે કે- 'ભાઇ મહેરબાની કરીને તમે એક માત્ર હોર્ન મારો એટલે મારે બધું 'O.K.' બરાબર રહેશે.' અથવા 'એક માત્ર હોર્ન મારો' એવું કહ્યા પછી સામાએ હોર્ન માર્યું એટલે એનો આભાર માનવા માટે 'O.K.' કહે છે.

એવી રીતે જગતના જીવોને ભગવાન ઉપદેશ કરે છે કે, 'એક માત્ર બધું સીધું લેવાનું રાખો, એટલે પછી તમારે બધું બરાબર થઇ રહેશે; અથવા તમે એક માત્ર બધું સીધું લેવાનું કરો પછી તમે એના લાભ જોઇને સામા જીવનો આભાર માનશો કે 'તમે સરસ કર્યું.' આમ બધું સીધું લેવું એ Horn જેવું છે, જેથી પછીથી બીજા જીવોના તમારા પ્રત્યે ગમે તેવા વર્તાવ એ તમારા લાભમાં ઊતરશે. બસ, આપણે પણ ભગવાનની આ રીતિ અપનાવીએ એ 'રંજન ધાતુ-મિલાપ.'

### ૮. ધાતુમિલાપ=જીવનપદ્ધતિ/જીવનસિદ્ધાંતોનું મિલન :

એમ ભગવાનની જીવનપદ્ધતિ ને ભગવાનના જીવનસિદ્ધાંતો જો આપણા કરીએ, તો પ્રભુ સાથે આપણો ધાતુમિલાપ થાય.



**ભગવાનની જીવન-પદ્ધતિ કેવી? તો કે બધું અંતર્મુખ રીતે જીવવાનું, ને અંતર્મુખ રીતે જોવાનું.**

એમ આપણે એ જ રીતિ અપનાવીએ; જીવનના દરેક પ્રસંગને 'મારા આત્મા સાથે એને કેવો સંબંધ છે, એ જ જોવાનું. કાયા સાથે કેમ છે એ નહીં જોવાનું. ગોશાળો કે બીજા ઉપદ્રવ કરનારા ભગવાનને કેટલા હેરાન કરતા હતા? તો પણ ભગવાન પોતાની કાયા સામે નહિ જોતા કે એને કેટલું કષ્ટ પડ્યું! એ તો પોતાના આત્માને એમાં કેટલો કર્મક્ષયનો લાભ થાય છે, એ જ જોતા.

એકવાર ગોશાળો વૈશ્યાયન તાપસને 'યૂકા-શય્યાતર' કહીને ચીડવતો હતો, એટલે તાપસે ગુસ્સામાં આવીને ગોશાળા ઉપર તેજોલેશ્યા મૂકી. એથી ગોશાળો બળીને ખાખ થઇ જાત, પણ પ્રભુની જીવન-પદ્ધતિ અંતર્મુખ, એટલે ગોશાળાની નાલાયકતા ન જોતાં એની દયા-પાત્રતા જોઈ, તેથી તેજોલેશ્યા સામે ભગવાને તરત જ શીતલેશ્યા મૂકીને બચાવ્યો પછી ગોશાળાએ ભગવાનને તેજોલેશ્યાનો વિધિ પૂછ્યો. તો, ભગવાને ઉદારદષ્ટિરૂપી અંતર્મુખતાથી એને એનો વિધિ બતાવ્યો. ભગવાનની અંતર્મુખતા કેવી હતી?

'મારું કશું બગડતું નથી, મારો આત્મા જો જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રમતો છે, તો સામાના ઉપદ્રવ-કરણથી એમાં કોઇ ન્યૂનતા નથી આવતી. મારું કોઈ અપમાન કરે તો એમાં ખરેખર મારું એટલે મારા અંદરવાળા આત્માનું અપમાન છે જ નહીં.' જીવન-પદ્ધતિ અંતર્મુખતાની હતી; જીવન-સિદ્ધાંતો પણ એ જ જાતના હતા. જીવવામાં મુખ્ય શું જોવાનું? તો કે 'મારા આત્માના ગુણોની વૃદ્ધિ કેવી કેવી રીતે થઇ રહી છે એ જ જોવાનું, ને એવું જ જીવવાનું.' આ સિદ્ધાંત ભગવાને બાંધી મૂકેલો, એટલે પદ્ધતિ પણ એવી જ રાખેલી. આપણે પણ અંતર્મુખતાના સિદ્ધાંત અને અંતર્મુખતાનું જીવન જીવવાનું છે.

આર્યદેશમાં ઇતરોમાં પણ ક્યાંક અંતર્મુખતા કેવીક દેખાય છે! એ જુઓ-

ઇતરોમાં નરસિંહ મહેતાનો દાખલો આવે છે. ઘરેથી ઘરવાળાએ ઘી લેવા મોકલ્યા હોય, તે નરસિંહ મહેતા વાસણ લઇને ચાલ્યા તો ખરા, પણ રસ્તામાં ક્યાંક ભજન ચાલતાં હોય, અથવા કોઇક ભજનની વિનંતિ કરે તો મહેતા ત્યાં જ બેસી જતા. સમયનું ભાન નહીં. એમાં ૩-૪ કલાક પણ વહી જતા! પછી મોડેથી તપેલી લઈને ઘરે પાછા જતા. ઘરવાળી ધમકાવે તો પણ મહેતાને ગુસ્સો નહીં.

એક વાર નરસિંહમહેતા ભજન કરવા ગયેલા. કોઈએ ત્યાં જઇને સમાચાર આપ્યા કે 'મહેતા! તમારા ઘરવાળાં ગુજરી ગયાં. અહીં શું બેસી રહ્યા છો ?' તો

મહેતા બોલ્યા, **'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજિશું શ્રી ગોપાળ.'** આ ભગવદ્-ભક્તિમાં એમની અંતર્મુખતા હતી. આવી અંતર્મુખતાનો આપણો સિદ્ધાંત અને આપણું જીવન હોય, પછી જીવનના પ્રસંગોમાં કોઇ આપદા આવે તો ત્યાં આત્મિક લાભ સામે જ જોવાય. કાયાનું કષ્ટ વિસાતમાં નહિ ગણવાનું. તો જ ત્યાં ભગવાન સાથે ધાતુમિલાપ થાય. એ જ 'રંજન ધાતુમિલાપ' અર્થાત્ ભગવાન રંજિત થયા.

એમાં આગળ વધતાં ભગવાન પોતાનો વીતરાગતાનો બધો માલ આપણને પમાડી દે છે. પ્રભુની સ્તવનામાં **'જિણાણં-જાવયાણં'** બોલીએ છીએ ને? એનો અર્થ ''પ્રભુ જિન બનેલા છે, ને બીજાઓને જિન બનાવનારા છે. એમને મારો નમસ્કાર હો.'' તે આ રીતે.

**કોઇ કહે લીલા રે અલખલલખતણી રે, લખ પૂરે મન આશ;**
**દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ ...ઋષભ...૫**

**ભાવાર્થ :-** અહીં કદાચ કોઇ કહે કે, ''તમારે ભગવાનનું રંજન માગવાની, ભગવાનની પ્રસન્નતા માગવાની જરૂર નથી; કેમકે ભગવાન અલખલલખ છે, અર્થાત્ આપણા લક્ષમાં ન આવે અને અનેકવારના પ્રયત્નથી પણ લક્ષમાં ન આવે એવી ભગવાનની લીલા છે, એટલે જ આપણા પ્રયત્ન વિના આપણા મનની લાખો આશા પૂરી દે એવા ભગવાન છે.'' તો એની સામે અમારો ઉત્તર છે કે, ભગવાન તો દોષરહિત હોય એટલે દોષરહિતને એવી લીલા કરવી ઘટમાન જ નથી. કેમકે, લીલા એ અંતરના દોષની એક રમત છે.

**વિવેચન :-** હવે કવિ જ્યારે ઋષભદેવ ભગવાનને પ્રીતમ બનાવીને ભગવાન સાથે પ્રીત કેમ જોડાય, અને એથી ભગવાન આપણા ઉપર કેમ રંજિત થાય, અર્થાત્ પ્રીતવાળા કેમ થાય, એ વિચારમાં રંજન પદાર્થ તરીકે ધાતુ-મિલાપના નિષ્કર્ષ પર આવે છે કે ભગવાનની ધાતુમાં આપણી ધાતુ મિલાવીએ એ જ ખરું રંજન છે. ત્યારે જેને આ રંજનનો માર્ગ કપરો લાગે છે એ આવીને કહે છે કે-

''આ બધી ઘડભાંગ શું કરો છો? ભગવાનની લીલા ઉપર ભરોસો રાખો. તમે તમારે તમારો કેસ ભગવાનને સોંપી દો, કેમકે ભગવાન અલખલલખ છે, આપણા જેવા પામર માણસોના લક્ષમાં અર્થાત્ ધ્યાનમાં ન આવે. અરે! વારંવાર 'એ લીલા કેવી હશે? કેમ હશે? ભગવાન શી રીતે લીલા કરતા હશે? ક્યારે કરતા હશે?...' આ બધા ફાંફા મારવા રહેવા દો. ફાંફા મારવા છતાં ખ્યાલમાં ન આવે એવી એમની લીલા હોય છે, અને એ લીલાના પ્રભાવે આપણા મનની લાખો ગમે આશા પૂરાય છે. એટલા



માટે ભગવાનને રીઝવવાના આપણા અભિમાન, કે હું ભગવાનને આમ રીઝવી દઉં! એ અભિમાન ખોટાં છે, અને આપણા માનેલા રીઝવવાના પ્રયત્ન પણ ખોટા છે, એના કરતાં ભગવાનની લીલા પર ભરોસો રાખી બીજું કશું કર્યા વિના ભગવાનને શરણે જઇ ભગવાન આગળ એમની પ્રીતની માગણી કરવી એ જ ઉચિત છે. આ માટે ભગવાનની શક્તિ ઉપર ભરોસો મૂકવો જોઇએ. કેમકે ભગવાન, શાસ્ત્રો કહે છે કે-

**'कर्तुम् अकर्तुम् अन्यथाकर्तुं समर्थः,'** એટલે કે ભગવાન પોતે પોતાની ધારણા મુજબ અશક્ય-અસંભવિત જેવું પણ **कर्तुम्** યાને કરવા સમર્થ છે, તેમજ **अकर्तुम्** એટલે કે જીવની ધારણા મુજબ થતું અટકાવવા માટે સમર્થ છે, તથા **अन्यथाकर्तुं** યાને વસ્તુને અશક્ય દેખાતા એવા બીજા રૂપમાં ફેરવી નાખવા માટે પણ સમર્થ છે. ''આવા ભગવાનની લીલાનો પાર કોણ પામે? આમાં આપણું કાંઇ ન ચાલે. જે ભગવાન ધારે ત્યારે આખી સૃષ્ટિનું સર્જન કરી શકે છે, ધારે ત્યારે એને નષ્ટ કરી શકે છે, અને ધારે ત્યારે સૃષ્ટિનું જુદું સ્વરૂપ આપી શકે છે, એમની આગળ પ્રાર્થના સિવાય આપણો કોઇ અધિકાર નથી.''

આમ કહીને પ્રભુ-રંજન માટેના આપણા પ્રયત્ન પર કોઇ ઠંડું પાણી રેડવા આવે, તો એને અમારો પહેલો તો એક જ સવાલ છે કે, ભગવાન નિર્દોષ છે? કે દોષ ભરેલા છે? જો પ્રભુને નિર્દોષ વીતરાગ તરીકે માનતા હો, તો એવા ભગવાન આવી સર્જન-સંહાર વગેરેની કોઇ લીલા કરે નહિ. કારણ, એવી લીલા એ તો દોષનો વિલાસ છે. રાગ-દ્વેષરૂપી દોષ વિનાનું ઊંચુ-નીચું સર્જવાનું કે સંહાર કરવાનું હોય નહિ.

**પ્રશ્ન :** એમ તો તમે જૈનો પણ 'પ્રભુનો અચિંત્ય પ્રભાવ છે', એમ તો માનો જ છો ને? તો શું એ ય લીલા નથી?

**ઉત્તર :** ના, લીલા તો રાગ-દ્વેષરૂપી દોષથી ભરેલી ચેષ્ટાને કહેવાય. પાર્વતીને નૃત્ય કરતી જોઇને શંકર પણ નૃત્ય કરવા લાગી ગયા! કેમ કે શંકરને પાર્વતી ઉપર અત્યંત રાગ હતો, એટલે એને ખુશ કરવા એની ચેષ્ટાનું અનુસરણ કર્યું. ગોપીઓ સરોવરમાં સ્નાન કરવા ગઇ અને બાલકૃષ્ણ રાગવશ ગમ્મતથી કિનારે મૂકેલાં એમનાં વસ્ત્રો લઇને વૃક્ષ ઉપર ચડી ગયા ! એને એમનાં શાસ્ત્રો 'આ તો ભગવાનની લીલા છે' એમ કહે છે. દોષમુક્ત પરમાત્માને એવી નૃત્ય જેવી બાલિશ ચેષ્ટા હોય નહિ. દોષમુક્ત વીતરાગ અરિહંતભગવાનનો પ્રભાવ તો એ કે મનુષ્ય-પ્રયત્નથી અસાધ્ય એવા ભાવોનું સર્જન આ એક અચિંત્ય સામર્થ્ય છે, જ્યારે લીલામાં તો રાગદ્વેષનું તાંડવ છે, તોફાન છે, માટે કહેવાતા ભગવાનની એ રીતની મહેરબાની જોઇતી નથી. એટલે એવા લીલાવાળા ભગવાનનું રંજન મારે કરવું નથી.

**પ્રશ્ન :** 'વીતરાગ ભગવાન લીલા કરે નહિ કારણ કે પ્રભુને રાગ-દ્વેષ નથી', એમ તમે કહો છો. તો પછી મહાવીર ભગવાને પતન પામેલા બેય આત્મા મેઘકુમાર અને જમાલી, એમાંથી મેઘકુમારનું બાવડું પકડ્યું અને એને ઊંચક્યો, પણ જમાલી તરફ દુર્લક્ષ કર્યું! આમાં શું એક પર રાગ અને બીજા પર અરુચિ નથી? એ શું લીલાની ચેષ્ટા નથી ?

**ઉત્તર :** ના. નિશાળનો શિક્ષક કુંભારના છોકરાને ભણાવવા લે, અને એના ગધેડાને ન લે, એમાં કાંઇ શિક્ષકને છોકરા ઉપર રાગ અને ગધેડા પર દ્વેષ નથી. તો કેમ ભેદ પાડે છે? કહો એટલા જ માટે, કે ભણવા માટેની છોકરામાં યોગ્યતા દેખે છે, અને ગધેડામાં યોગ્યતા દેખાતી નથી, માટે શિક્ષકની બંને પ્રત્યેની પ્રવૃત્તિમાં ફરક પડે છે એમજ કહેવાય. એવી રીતે પ્રસ્તુતમાં જમાલિમાં બચવા અને તરવા માટેની યોગ્યતા નહોતી, તેથી એને ભગવાને કાંઇ કહ્યું નહીં. જ્યારે મેઘકુમારમાં એ યોગ્યતા હતી માટે કહ્યું. એથી બન્ને પ્રત્યેની પ્રવૃત્તિમાં ફરક પડ્યો. કુશલ શિલ્પી યોગ્ય પાષાણને ઘડવા લે અને પ્રતિમા બનાવે કિન્તુ માટીના ઢેફા જેવા ઉપર પોતાનું શિલ્પ ન ચલાવે, એથી કાંઇ કારીગર પાષાણ ને માટી પ્રત્યે રાગી-દ્વેષી નથી, એવું અરિહંત પરમાત્માના અચિંત્ય પ્રભાવ અંગે સમજવાનું છે. એને જ જો અજ્ઞાન માણસો લીલા તરીકે ઓળખી, 'એ લીલા અગમ અગોચર અકળ છે, આપણી ધારણા બહાર વાંછિતને પૂરનાર છે,' એમ કહે તો એ ખોટું નથી..

**ચિત્ત પ્રસન્ની રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ,**
**કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ ...ઋષભ...૬**

**ભાવાર્થ :-** જ્ઞાનીઓએ વીતરાગની પૂજાનું ફળ ચિત્ત પ્રસન્નતા કહ્યું છે, અને એ જ અખંડિત પૂજા છે. (તેથી એવી અખંડિત પૂજા માટે) મેં નિખાલસ ભાવે મારા આત્માને આનંદઘન ભગવાનના ચરણની રેખાએ અર્થાત્ પગલે પગલે સમર્પિત કર્યો છે.

**વિવેચન:-** કવિ સામાન્ય જીવોને ધાતુમિલાપમાં-ભગવાનનું રંજન કરવું કદાચ મોંઘુ પડે, તો એ નિરાશ થઇ ભગવાનની પૂજામાંથી હટી ન જાય એટલા માટે હવે અહીં એક સરળ છતાં સરસ ઉપાય બતાવે છે.

કવિ કહે છે કે, વીતરાગ ભગવાનની પૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા છે, એટલે આપણે જો વીતરાગની પૂજા કરતા હોઇએ, અને ત્યાં જો આપણા ચિત્તમાં નિર્દોષ પ્રસન્નતા ઊભી થાય, તો સમજવું કે આપણે કંઇક અંશે પણ વીતરાગની સાચી પૂજા કરવા પામ્યા છીએ, અને એમાં વીતરાગ થકી આપણે ખરેખરું ફળ પામ્યા, ને એ વીતરાગનું સાચું મનોરંજન છે.



વ્યવહારમાં પણ જોઇએ છીએ કે શેઠ, નોકરની સાચી સેવા પર, કદાચ પોતાના મુખ ઉપર રાજીપાનો હરખ કે હાસ્ય ન દેખાડે, છતાં જો એ નોકરને ન્યાલ કરનારી ભેટ કરે છે, અર્થાત્ બક્ષિસ આપે છે, તો ત્યાં ઠીક જ મનાય છે કે શેઠ નોકર પર સારા રંજિત થયા લાગે છે. અલબત્ત એમણે રંજન થયાનાં ચિહ્ન નહોતાં દેખાડ્યાં, પણ જે કાર્ય કરી બતાવ્યું તે ખરેખરું રંજન જ છે. તો આપણે પણ ભગવાનની પૂજા શા માટે કરીએ છીએ? આટલા જ માટે કે, આપણું ચિત્ત ત્યાં એવું પ્રસન્ન બને કે (૧) ગમે તેવી પરિસ્થિતિ કે પ્રસંગમાં આપણા મનમાં કોઇ જાતનો વિખવાદ ન રહે, (૨) કોઇ જાતની નિરાશા હતાશા વગેરે ન આવે, (૩) તેમજ માનસિક મલિન ભાવો શાંત થઇ જાય.

ભગવાનનાં પૂજનના પ્રતાપે જ જો આપણે આ પ્રસન્નતા અનુભવીએ છીએ, તો એ તો વીતરાગની પૂજા દ્વારા મળતી હોવાથી એ આપણને પ્રભુની રંજિતતા જ (રંજન) યાને કૃપા જ મળી કહેવાય.

અહીં આધુનિક કેટલાક પુસ્તકોમાં 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું' એમ છપાયેલું જોવામાં આવે છે, અને એનો અર્થ કરવામાં આવે છે કે ''આપણું ચિત્ત જો પ્રસન્ન હોય તો જ પૂજનનું ફળ મળે, એમ કહેવાય.'' પરંતુ આ બરાબર નથી. કેમકે પ્રસન્નતા એ પૂજનમાં કારણ નથી, પરંતુ પૂજનનું ફળ છે. એટલા જ માટે **''મનઃપ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે''** એમ ''ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ'' વાળા શ્લોકમાં બોલીએ છીએ. આમાં 'પૂજ્યમાને જિનેશ્વરે' એટલે કે, જિનેશ્વર ભગવાનની પૂજા કર્યે થકે શું શું થાય એ બતાવ્યું છે. દા.ત. ઉપસર્ગનો ક્ષય-નાશ થાય, વિઘ્નવેલડીઓ છેદાઇ જાય અને મનની પ્રસન્નતા થાય છે. એટલે આમાં મનની પ્રસન્નતાને જિનેશ્વર ભગવાનની પૂજાનું ફળ બતાવ્યું. વળી આ જ કર્તાના આગળના સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં તો ખાસ કહ્યું કે,

**''એહનું ફળ દોય ભેદ સુણીજે અનંતર ને પરંપર રે,**
**આણાપાલન ચિત્ત-પ્રસન્ની રે, મુગતિ સુગતિ સુરમંદિર રે;'' સુવિધિ૦**

અર્થાત્ જિનપૂજાનાં બે પ્રકારનાં ફળ છે. એક સાક્ષાત્, અને બીજું પરંપરાએ.

**(૧) જિનપૂજાના સાક્ષાત્ ફળમાં જિનાજ્ઞાપાલન અને ચિત્તની પ્રસન્નતા એ તરત મળનારાં ફળ છે, અને**

**(૨) પરંપરાફળમાં મુક્તિ-સદ્ગતિ અને દેવલોકની પ્રાપ્તિ એ પરંપરાએ મળનારાં ફળ છે.**

પરમાત્મ-પૂજનનું એક ફળ આજ્ઞાપાલન છે. એટલે ભક્ત જીવ પરમાત્માનું

પૂજન કરે એમાં એને સંતોષ રહે છે કે 'વીતરાગ અરિહંતની પૂજા કરવી, એ જિનાજ્ઞા છે, એટલે મારે એ પૂજન કરવાથી જિનાજ્ઞાનું પાલન થાય છે.'-આ સંતોષ રહે છે. તો સવાલ થાય કે-

**પ્રશ્ન :** એ અરિહંત પરમાત્માનું પૂજન એટલે શું?

**જિનપૂજા : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ**

**ઉત્તર :** જૈન શાસ્ત્રો 'પૂજન' અર્થાત્ 'પૂજા' બે પ્રકારની બતાવે છે-

(૧) દ્રવ્યપૂજા અને (૨) ભાવપૂજા.

બીજા શબ્દોમાં કહીએ તો (૧) દ્રવ્યસ્તવ અને (૨) ભાવસ્તવ.

આમાં ગૃહસ્થને મુખ્યપણે દ્રવ્યસ્તવ છે, કેમકે દ્રવ્યસ્તવ ઉત્તમ કોટિના પોતાના દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવી તે છે. પછી એમાં ગૌણપણે અરિહંત પરમાત્માનાં ગુણગાન સ્તવના વગેરે પણ આંશિક ભાવપૂજા તરીકે આવે. ભાવસ્તવ મુખ્યપણે સાધુને હોય છે. જેમ દ્રવ્ય-સ્તવમાં દ્રવ્યસંકોચ યાને પોતાના ઉપભોગમાં કિંમતી દ્રવ્યોનો સંકોચ કરીને એ ભગવાનને અર્પિત કરવાનાં છે, એમ ભાવસ્તવમાં ભાવ-સંકોચ છે, અર્થાત્ પાપભાવોનો સંકોચ કરીને પાપોની વિરતિ કરવાની છે. વિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક પાપોથી પાછા હટવું તે; યાને સાવદ્ય વ્યાપારો(પ્રવૃત્તિ)નો ત્યાગ. સાધુ જાવજ્જીવનું સામાયિક ઉચ્ચરીને એમાં 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' એ પ્રમાણે બોલીને સમસ્ત સાવદ્યવ્યાપારોના ત્યાગનો સંકલ્પ કરે છે, એમાં સર્વ સાવદ્યત્યાગની પ્રતિજ્ઞા ઉચ્ચરે છે. આ અરિહંતની શ્રેષ્ઠ કોટિની પૂજા છે. કેમકે,

ગૃહસ્થને પણ પોતાનાં મહાકિંમતી દ્રવ્યોથી વીતરાગની પૂજા કરવાનો ઉદ્દેશ આ જ છે કે- 'જગતના પદાર્થોનો ત્યાગ કરી કરીને એનો મોહ છોડી હું વીતરાગતાની નિકટ થાઉં.....' આવી રીતે વીતરાગની પૂજામાં ઉત્તમ દ્રવ્યોનું અર્પણ કરતાં કરતાં એ દ્રવ્યોની મૂર્છા ઓછી કરતો આવે છે, એટલે એક દિવસ એવો આવીને ઊભો રહે છે કે, જ્યારે સંસારના સમસ્ત પાપ-વ્યાપારોનો જીવનભર માટે સર્વેસર્વા ત્યાગ કરીને ઊભો રહે છે, જે ઉચ્ચ કોટિની ભાવપૂજા છે. તાત્પર્ય,

**દ્રવ્યપૂજા ભાવપૂજાના ઉદ્દેશથી કરવાની છે.** એટલા માટે યોગશાસ્ત્રમાં લખ્યું કે,''જિનપૂજા કરનારને જો સર્વવિરતિની લાલસા નથી તો તે પૂજા વાસ્તવિક પૂજા જ નથી.'' આમ દ્રવ્યપૂજાનું અંતિમ લક્ષ્ય જો ભાવપૂજા જ છે, તો એ ભાવપૂજા દ્રવ્યપૂજા કરતાં ચડિયાતી છે અને કલિકાલસર્વજ્ઞે વીતરાગસ્તોત્રમાં આ જ રીતે સ્તુતિ કરી છે કે- **''वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम्''** અર્થાત્ 'હે વીતરાગ ! તમારી (દ્રવ્ય) પૂજા કરતાં (સર્વવિરતિરૂપ) તમારી આજ્ઞાનું પાલન એ ચડિયાતી પૂજા છે.'



**દ્રવ્યપૂજાને બદલે સામાયિક કેમ ઉચિત નહિ ?**

**પ્રશ્ન :** તો ભગવાનની દ્રવ્યપૂજા કરવાને બદલે સામાયિક લઇને બેસે, તો શું એ વધારે ઊંચી પૂજા ન કહેવાય? એ તો ભાવપૂજા છે. શું એમ કરવું વાજબી નથી?

**ઉત્તર :** ના, ગૃહસ્થ માટે શાસ્ત્રે દ્રવ્યસ્તવ પ્રધાન કહ્યું છે, એટલે એના માટે એ મુખ્યપણે જિનાજ્ઞા છે. જો એ દ્રવ્યપૂજાને બદલે સામાયિક લઇને બેસે તો એણે જિનાજ્ઞાની ઉપેક્ષા કરી ગણાય.

**પ્રશ્ન :** પૂજાના સમયે સામાયિકને બદલે જિનપૂજા ઉપર ભાર કેમ મૂક્યો છે?

**ઉત્તર :** દ્રવ્ય-જિનપૂજામાં પોતાની મૂર્છાના ધન વગેરે દ્રવ્યોનો ત્યાગ કરવાનો હોય છે. એથી જ અંતરમાં ખરેખર આસક્તિ-ત્યાગનો ધર્મ ઊભો થાય છે. સામાયિક લઇને બેસે એમાં ધનનો કશો ખર્ચ લાગતો નથી, વ્યય કરવો પડતો નથી, એટલે એટલું ધન બચી ગયાનો સંતોષ રહે છે. એમાં ચોક્ખી ધનની આસક્તિ પોષાય છે. તો પછી પૂછશો–

**પ્રશ્ન :** તો એમ તો દ્રવ્યપૂજા ન કરે, સામાયિક કરે અને બીજી બાજુ પોતાના દ્રવ્યથી અનુકંપાદાન વગેરે કરે તો શું ધનની મૂર્છા ન ઊતરે?

**ઉત્તર :** જો દાન-ધર્મ કરવો છે, તો એમાં શ્રેષ્ઠ દાન તો શ્રેષ્ઠ પાત્રના હિસાબે ગણાય. આ જગતમાં શ્રેષ્ઠ પાત્ર યાને પરમપાત્ર અરિહંત પરમાત્મા છે. જેવું પાત્ર તેવું દાનનું ઉત્તમ ફળ. એટલા જ માટે **''પંચાશક શાસ્ત્ર''**માં લખ્યું કે–

'જેવી રીતે સમુદ્રમાં પડેલું પાણીનું માત્ર એક બિંદુ અક્ષય, અજર, અમર થઇ જાય છે; કેમકે પાણીના સ્વભાવ મુજબ એ બિંદુ સમુદ્રના પાણી સાથે એકમેક થઇ જાય છે, એટલે હવે એનો નાશ ક્યારે? કે જ્યારે આખો સમુદ્ર સુકાઇ જાય ત્યારે! એ બનવાનું નથી. એટલે એ બિંદુ અક્ષય થઇ ગયું ગણાય; એવી રીતે પરમાત્માના ચરણે સમર્પિત કરેલું થોડું પણ દ્રવ્ય અક્ષયલક્ષ્મી બની જાય છે. શાસ્ત્રકારોએ પરમાત્માના ચરણે કરેલા પોતાના દ્રવ્યના વિનિયોગ (સ્થાપન-સમર્પણ)નું આ સર્વોત્તમ ફળ બતાવ્યું છે, એટલે હવે જ્યારે દાન જ કરવું છે, તો અરિહંતની દ્રવ્યપૂજામાં કરેલો ધનવ્યય એ શ્રેષ્ઠ કોટિનો દાન-ધર્મ છે, પછી એની ઉપેક્ષા કરીને સામાયિક લઇને બેસવું એનો શો અર્થ છે?

એમાં તો ધનની મૂર્છા ઊભી રહે છે, અને જીવને સંસારમાં ધનની મૂર્છા જ એવી ભયંકર પીડે છે કે ભગવાનના દર્શન-પૂજન વખતે પણ એને ભગવાન કરતાં ધન વધારે વહાલું લાગે છે. કેમ જાણે અંતરથી કહે છે કે, 'પ્રભુ તમે મને વહાલા છો, પણ તમારા કરતાં મારું ધન મને વધુ વહાલું છે. એટલે તમારી પૂજાથી કદાચ અમને સારું ધન મળતું હોય તો એ માટે તમારો ઉપયોગ કરીએ. **'ધન માટે ભગવાનનો**

**ઉપયોગ ! પરંતુ ભગવાન માટે ધનનો ઉપયોગ નહિ.'** આ શું સૂચવે છે? ભગવાન કરતાં ધન પર અતિ રાગ, વધારે રાગ છે. જીવને સંસારમાં નિભાવનાર અર્થરાગ(ધનરાગ) અને કામરાગ (વિષયોનો રાગ) એ બે રાગ છે, એમાં પણ અર્થરાગ જોરદાર હોય છે; કેમકે, અર્થથી વિષયો ખરીદી શકાય છે. આવા જાલિમ અર્થરાગને મોળો પાડનારી અરિહંત પરમાત્માની કિંમતી દ્રવ્યોનાં સમર્પણપૂર્વકની દ્રવ્ય-પૂજા છે, એટલે જ એને ગૃહસ્થ-જીવનમાં દ્રવ્યસ્તવ તરીકે મુખ્ય પૂજા ગણી છે. જીવને અનાદિનો ધનનો અર્થાત્ પરિગ્રહનો મોહ ન છૂટે, ત્યાં સુધી જીવ ઊંચો આવે નહીં, ભવના ફેરા મટે નહિ. તેમજ વીતરાગ પરમાત્મા ઉપરના રાગને પેલો કારમો અર્થનો રાગ જામવા દે નહિ, એટલે જ જો પૂરી ઉદારતાથી ધનની મૂર્ચ્છા દબાવીને વીતરાગનું પૂજન કરે, તો એથી ફળમાં ચિત્તની પ્રસન્નતા ઊભી થાય, એવું ભાવસ્તવમાં પણ ભાવપૂજા કરતાં કરતાં એના ફળ તરીકે ચિત્તની પ્રસન્નતા ઊભી થાય.

**પ્રશ્ન :** ચિત્તની પ્રસન્નતા એટલે શું?

**ઉત્તર :** લોકમાં ચિત્તમાં આલ્હાદ-ખુશીખુશાલી વગેરેને પ્રસન્નતા માનવામાં આવે છે. એવી પ્રસન્નતા અહીં લેવી નથી, કેમકે તો તો પછી આ દ્રવ્ય-ભાવ-પૂજન એ ધનકમાઇ કે ઇષ્ટ વિષય-પ્રાપ્તિ જેવું થઇ જાય; કેમકે ફળની દૃષ્ટિએ ધન-પ્રાપ્તિથી પ્રસન્નતા, એમ પરમાત્મપૂજનથી ય પ્રસન્નતા. એ લાવનાર ઇષ્ટ ધન-પ્રાપ્તિ અને પૂજનમાં કોઇ તફાવત ન પડે. વાસ્તવમાં ધન-પ્રાપ્તિથી થતી પ્રસન્નતા-આલ્હાદ એ તો નકરા પાપના બંધ કરાવે. ત્યારે જિન-પૂજનથી જે પ્રસન્નતા આવે એ કાંઇ પાપાર્જક નથી, માટે બંનેની પ્રસન્નતા વચ્ચે મોટો ફરક પાડવો જોઇએ. એટલે કે જિનપૂજનથી કોઇ એવી વિશિષ્ટ કોટિની પ્રસન્નતા ઊભી થયેલી હોવી જોઇએ કે જેમાં નીતરતો પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે.

**વિધિસરના અને ભાવભર્યા અરિહંતના દ્રવ્ય અને ભાવપૂજનથી ચિત્તના રાગાદિના સંક્લેશો ઓછા થાય છે; અને એ જ સાચી પ્રસન્નતા છે.** એ ફળ અર્થાત્ એવી નિર્દોષ પ્રસન્નતા દુન્યવી અર્થ-રાગ વગેરેથી નથી આવતી. કેમકે, અર્થરાગ પોષવામાં તો ચિત્તમાં એક પ્રકારના રાગનો સંક્લેશ ઊભો થઇ જાય છે, જે ખતરનાક છે. જે અતિશય વધી જાય તો નરકનાં ભાતાં ભેગા કરી આપે છે.

ત્યારે વીતરાગનાં પૂજનમાં વીતરાગનું એવું સાંનિધ્ય મળે છે, ચિત્તમાં એવો વીતરાગનો મુખ્ય વાસ મળે છે, તેમજ વીતરાગની એવી મમતા વધે છે, કે જેથી પાપરાગો મોળા પડી જાય, ને દુન્યવી પદાર્થ અંગેના સંક્લેશો નામશેષ થઇ જાય. એથી સહજ છે કે સંક્લેશરહિત બનેલું ચિત્ત, દેવાધિદેવનાં પૂજનથી સાચી પ્રસન્નતા



અનુભવે.

સારાંશ, **'मनःप्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे'** એટલે જિનેશ્વર ભગવાનનાં પૂજનનું ફળ મનની પ્રસન્નતા છે.

હવે બીજી રીતિએ પૂજનનો વિચાર કરીએ કે ભગવાનનું પૂજન એટલે શું? 'લલિત વિસ્તરા' શાસ્ત્ર બતાવે છે કે-

**પૂજા દ્રવ્ય-ભાવ સંકોચરૂપ છે :**

(૧) ગૃહસ્થની દૃષ્ટિએ દ્રવ્યસંકોચ એટલે કે, પોતાના ઉપયોગમાં લેવાતા ફળ-નૈવેદ્યાદિ દ્રવ્યોના ઉપભોગમાં સંકોચ કરી, એ દ્રવ્યોને પ્રભુ-પૂજામાં લઇ જવા. એવી રીતે ધન-પરિગ્રહમાં સંકોચ કરી ધનને પ્રભુ-પૂજનમાં લઇ જવું. એમ કાયાની બીજી ત્રીજી પ્રવૃત્તિમાં ને હીલચાલમાં સંકોચ કરી પ્રભુની સામે હાથ જોડવા, માથું નમાવવું, પલાંઠી વાળી ન બેસવું, એ દ્રવ્ય-સંકોચ. એમ કાયાને ગીત-નૃત્ય વાજિંત્રવાદન... વગેરેને પ્રભુની ભક્તિમાં લગાવવા એ પણ એક પ્રકારનો દ્રવ્ય-સંકોચ છે. એમ ઇંદ્રિયોનો સંકોચ. દા.ત. ચક્ષુને આડે અવળે ન લઇ જતાં, ભગવાન પર સ્થાપિત કરવી. એમ વાણીને બીજું ત્રીજું બોલવામાં ન જોડતાં ચૈત્યવંદનનાં સૂત્રો-સ્તવનો વગેરે બોલવામાં જ જોડવી. બીજા બોલતા હોય તો તેમાં કાન લગાવવા..... યાવત્ મનને પણ ફજુલ વિચારો-પાપવિચારો વગેરેમાં ન જોડતાં જિનભક્તિના જ વિચારમાં જોડવું.... ઇત્યાદિ બધું દ્રવ્ય-સંકોચ છે.

**પ્રશ્ન :** શું મન પર આટલો બધો અંકુશ મૂક, મનમાં જિનભક્તિના જ વિચાર લાવે, તો પછી એ શું ભાવસંકોચ નથી ? કેમ એને દ્રવ્યસંકોચ કહો છો ?

**ઉત્તર :** એનું કારણ છે, સ્વર્ગ-સુખાદિની આશંસાથી જ જે ભગવાનની પૂજન-ભક્તિ કરતો હોય, એને ડર હોય છે કે 'જો પૂજા વખતે મનમાં બીજા ત્રીજા વિચાર લાવીશ, તો પૂજનનું ઊંચું ફળ નહિ મળે,' એટલા માટે પણ એ વિચારો પર અંકુશ રાખે છે, તેથી કાંઇ એના ભાવ શુદ્ધ ન ગણાય.

તાત્પર્ય, મનની ચંચળતા પર અંકુશ અર્થાત્ પૂજા સિવાયના વિચારો પર અંકુશ એ ય હજી દ્રવ્ય-ભક્તિ છે. એમાં ભાવ-ભક્તિ ભળે તો હૃદયના મલિન ભાવો પર અંકુશ લાવી ભાવનો સંકોચ કરવાનું થાય.

ગૃહસ્થની દૃષ્ટિએ ભાવસંકોચમાં મનના મલિનભાવોમાં સંકોચ કરી અર્થાત્ એના પર અંકુશ મૂકી વીતરાગ પ્રત્યે ભક્તિ-બહુમાન-સન્માન-ગૌરવ વગેરે જગાડવા એ ભાવસંકોચ છે. એ વીતરાગની સ્તુતિ-સ્તવના-ગુણગાન વગેરેથી જગાડી શકાય છે.

(૨) સાધુની દૃષ્ટિએ દ્રવ્યસંકોચ એટલે કે ભગવાનનાં દર્શન-વંદન-પ્રણામ-

ચૈત્યવંદન વગેરેમાં અંગોપાંગને વ્યવસ્થિત રાખે. એમાં આ કરવું પડે કે ગાત્રોને સંકોચી ચોક્કસ પ્રકારની મુદ્રામાં લઇ આવવાં. દા.ત. દર્શનાદિ વખતે અંજલિ-મુદ્રા અને સૂત્ર-સ્તવન બોલતાં યોગ-મુદ્રા રાખવી. ખમાસમણ યાને પંચાંગ-પ્રણિપાતમાં બે હાથ, બે ઢીંચણ અને મસ્તક ભૂમિને અડાવવા. ચૈત્યવંદન વખતે બે ઢીંચણ ભૂમિ પર સ્થાપી, પેટ પર બે હાથની કોણી રાખી, બે હાથ યોગમુદ્રાએ જોડવા. 'નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં' એટલું બોલતાં બે ઢીંચણ અને બે હથેલી જમીન પર સ્થાપવી. 'જાવંતિ ચેઈઆઈં'.... 'જાવંત કેવિ સાહૂ', 'જયવીયરાય' બોલતાં 'મુક્તાશુક્તિમુદ્રા' રાખવી. કાયોત્સર્ગ કરતાં જિનમુદ્રા રાખવી. ઈત્યાદિ ગાત્રોનો સંકોચ એ દ્રવ્ય-સંકોચ છે.

ચક્ષુથી ડાફોળિયાં ન મારવાં, સ્તુતિ, ચૈત્યવંદન વખતે વાણીથી બીજું કાંઇ પણ ન બોલવું, ચૈત્યવંદનમાં દૃષ્ટિ માત્ર ભગવાન પર સ્થાપિત કરવી.... એ ય બધું દ્રવ્ય-સંકોચ છે. એમ મનમાં પણ ચૈત્યવંદનનાં સૂત્ર, સ્તવન, સ્તુતિ આદિ સિવાયના બીજા-ત્રીજા વિચાર ન આવવા દેવા એ પણ માનસિક દ્રવ્ય-સંકોચ છે. આમ જિનભક્તિમાં માનસિક-વાચિક-કાયિક એમ ત્રણ પ્રકારે દ્રવ્યસંકોચ થાય.

ભાવસંકોચમાં જે તે કાષાયિક ભાવને અર્થાત્ અધ્યવસાયને રોકી-અટકાવીને શુદ્ધ જિનભક્તિ-બહુમાન, સન્માન વગેરેના જ નિર્મળ અધ્યવસાય રાખવા એ ભાવસંકોચ છે.

આહારાદિ સંજ્ઞાઓ તથા કષાય-સંજ્ઞાઓ અને ઓઘસંજ્ઞા-લોકસંજ્ઞાને અટકાવવી એ ભાવ-સંકોચ છે. દા.ત. ખાવાપીવા, ઊંઘવા, ધન કમાવા વગેરેના મલિન ભાવ અટકાવી, એમ લોભ-આસક્તિ-અભિમાન વગેરેના અશુદ્ધ ભાવો અટકાવી; નિર્મળ પ્રભુ-ભક્તિ, વૈરાગ્ય, ઉપશમ, નમ્રતા, મૈત્રી વગેરેના ભાવ અખંડ રાખવા એ ભાવસંકોચ છે.

પૌદ્ગલિક આશંસાઓને અટકાવી, મોક્ષ, કર્મનિર્જરા, આત્માના સદ્ગુણોની વૃદ્ધિ, તથા શુદ્ધ જિનભક્તિની જ આશંસા-આશય-મનોરથ રાખવા એ પણ ભાવ-સંકોચ છે.

અરિહંતનાં આવાં ઉત્તમ દ્રવ્યપૂજન અને ભાવપૂજનથી ચિત્ત પ્રસન્ન થાય છે, અર્થાત્ એના રાગાદિમય સંક્લેશો મટીને ચિત્ત સ્વસ્થ અને નિશ્ચિંત બને છે.

**અરિહંત-પૂજનમાં કેવા કેવા ભાવથી ચિત્તની પ્રસન્નતા આવે?**

(૧) 'અરિહંતની પ્રાપ્તિ એ અનન્ય તારણહાર અને ઉત્કૃષ્ટ સુખદાતાની પ્રાપ્તિ છે,' એવી જ્વલંત-શ્રદ્ધાથી ચિત્ત પ્રસન્નતા આવે.

(૨) જગતમાં અરિહંતનું પૂજન એ શ્રેષ્ઠ કોટિનું કાર્ય છે, તેમજ અર્હત્પૂજનના મહાપવિત્ર કાર્યમાં ધુરંધર વિદ્વાન એવા શ્રીગણધરભગવંતો પણ લીન બની જતા હતા



એવું જો મનમાં લવાય તો પોતાને એવું અદ્ભુત અર્હત્પૂજન મળ્યાથી મન ખૂબ પ્રસન્ન બની જાય.

(૩) આત્માને માટે સારામાં સારી શોભા હોય તો અરિહંત-પૂજનથી છે. વીતરાગ-પૂજનથી આપણી શોભા એ રીતે, કે એથી જ્ઞાનીની દૃષ્ટિમાં આપણી યોગ્યતા સારી ખીલી ઊઠે છે એટલે જ પછી મન પ્રસન્ન થાય એમાં નવાઇ નથી. આ દરેક આરાધના માટે ચાવી છે.

(૪) "અરિહંતપૂજનથી (A) મહાપાપોનો ક્ષય થાય (B) મહાપુણ્યાનુબંધી પુણ્યનું સર્જન થાય (C) અશુભ અનુબંધો તૂટે અને (D) શુભ અનુબંધો ઊભા થાય." એ જાણીને પણ ચિત્ત પ્રસન્ન થાય એ સ્વાભાવિક છે.

(૫) 'ભગવાન આપણા નાથ, તારણહાર અને એક માત્ર શરણ છે' એ માન્યતાને ચરિતાર્થ કરવા માટે એમના સિદ્ધાંત માથે ધરીએ, ને એ સિદ્ધાંતની રક્ષા ખાતર અવસરે સહન કરીએ અવસરે ભોગ આપીએ, તો પ્રભુને નાથ, શરણ અને તારણહાર ખરેખર માન્યા ગણાય.

જેમકે, **શ્રેણિકે** મહાવીર ભગવાનને નાથ, શરણ અને તારણહાર માન્યા હતા. તો, 'આપણને પીડા આપણા કર્મથી જ આવે છે એટલે એ પીડામાં વાંક આપણાં કર્મનો છે. બીજાનો વાંક નહિ;' આ પ્રભુનો સિદ્ધાંત માથે ધરીને પછી પોતાના જ પુત્ર કોણિક દ્વારા જેલમાં પુરાવાનો અને એમના પર કોરડા વિંઝાવાનો અવસર આવ્યો તોય, એ શાંતિથી સહન કર્યું.

રાજપુત્રી **મયણાસુંદરીએ** અરિહંત ભગવાનને શરણભૂત, તારણહાર, નાથ કેવાક માનેલા! કે એણે પણ પ્રભુનો સિદ્ધાંત માથે ધરી અવસર આવ્યે, પ્રભુના **'કર્મ કરે તે થાય'** એ સિદ્ધાંતની ખાતર ભારે ભોગ આપ્યો! પિતાએ, 'હું કરું તે થાય' એવા પોતાના મતાગ્રહમાં એની સામે કોઢિયો પતિ લાવી ખડો કર્યો અને કહ્યું, "જો તારે હું કરું તે થાય' નથી માનવું અને 'કર્મ કરે તે થાય' એમ માનવું છે, તો લે, આ તારા કર્મે આ પતિ આણ્યો છે, પરણી લે એને." એમ કહ્યું તો તરત એણે જાતે જ એ કોઢિયા શ્રીપાલનો પતિ તરીકે હાથ પકડી લીધો. આમ ભોગ આપીને પરમાત્માના સિદ્ધાંતની રક્ષા કરી. પ્રભુને સાચા શરણભૂત અને નાથ તરીકે માથે ધરાય તો એમની પૂજા કરવા મળતાં ચિત્તમાં કેટલી બધી પ્રસન્નતા ઊભી થાય? "અહો ! એવા તારણહાર પ્રભુની મને પૂજા કરવા મળે છે! એવા અહોભાવથી પૂજા કરીને ભારે પ્રસન્નતા-સમાધિ રાખી શકાય.

દુનિયામાં નોકરે કોઇને નાથ-શેઠ માન્યા હોય, તો ત્યાં એણે જોખવું પડે છે.

નોકરે 'મારા મહાદયાળુ શેઠ' માન્યા હોય છે તો એ સેવામાં લાંબો પહોળો થાય છે. ભગવાનને નાથ માન્યા પછી આવું કશું જોખીને પૂજન માટે લાંબા પહોળા થઈએ તો એ પ્રભુ પરનો સદ્ભાવ સક્રિય કર્યો કહેવાય. પછી સેવા કરીને પ્રસન્નતા વધે એમાં નવાઈ નથી. સુશીલ સેવાભાવી પત્નીઓ પતિની સેવામાં ભારે કષ્ટ ઉપાડીને પણ પ્રસન્નતા અનુભવે છે.

(૬) 'ભગવાનનાં પૂજનમાં હું જેટલો કાળ રહ્યો એટલો પાપથી બચ્યો.' ભગવાનનાં પૂજનમાં રહ્યો ન હોત તો દુનિયામાં પાપાચરણ જ કરતો હોત. આવાં પાપોથી બચાવ મળ્યો અને બચાવ આપનારી જિનપૂજા કરવા મળી માટે પ્રસન્નતા વધે.

(૭) જેને જીવનમાં અંતિમ લક્ષ્યમાં વીતરાગતા જોઈએ છે, એને ખબર છે કે વીતરાગને ભજવાથી જ વીતરાગ થવાય, તેથી એ જુએ છે કે 'વીતરાગની દ્રવ્ય-ભાવપૂજા એવી ચીજ છે કે જે અંતિમ લક્ષ્ય વીતરાગતા સાથે ડાયરેક્ટ કનેકશન (તાર) જોડી આપે છે, એટલે વીતરાગ પ્રભુના પૂજનથી અલૌકિક પ્રસન્નતા ઊભી થાય એમાં નવાઈ નથી. એ પ્રસન્નતાથી પછી વીતરાગ તરફના ભાવોલ્લાસમાં આગળ વધાય છે.

જુઓ- વીતરાગનું પૂજન કરતાં કરતાં નાગકેતુએ એવી જબરજસ્ત પ્રસન્નતા ઊભી કરી, કે એ પ્રસન્નતા દ્વારા આગળ આગળની પરમાત્મ-પૂજાએ વીતરાગતા સાથે ડાયરેક્ટ કનેકશન જોઈન્ટ કર્યું! સર્પે ડંખ માર્યો તો પણ એ વીતરાગ ભગવાનની પૂજામાંથી ચલિત ન થયા, ઊલટું પૂજનજનિત વધતી પ્રસન્નતાથી સ્થિર બની વીતરાગ પરના પ્રેમ-શ્રદ્ધા-બહુમાનમાં એવા આગળ વધ્યા કે સડસડાટ વીતરાગતા તરફ દોટ મૂકીને અંતે વીતરાગ સર્વજ્ઞ બનીને રહ્યા! માટે 'ચિત્ત-પ્રસન્ની(યાને પ્રસન્નતા) રે પૂજન ફળ કહ્યું.' જે પૂજાથી ચિત્ત પ્રસન્ન થાય એ પૂજા કેવી? તો, કે-

**''પૂજા અખંડિત એહ''**

પૂજન કરતાં ચિત્તની પ્રસન્નતા થાય તો એ પૂજા અખંડિત રહે.

**પ્રશ્ન :** જિનપૂજાથી પ્રસન્નતા થઈ એમાં પૂજા અખંડિત શી રીતે રહે?

**ઉત્તર :** ચિત્તની પ્રસન્નતા થાય તો પૂજા સાનુબંધ બને છે, અર્થાત્ પૂજાની પરંપરા ચાલે છે. એ ન ચાલે તો નિરનુબંધ કહેવાય. આપણે પૂજન એવું બનાવવું છે કે એ સાનુબંધ હોય. અંતરમાં જિનપૂજાનો ભાવ જાગ્યો, એ દર્શનમોહનીયનો ક્ષયોપશમ થયો, એથી એક પૂજન કર્યું. એમાંથી વળી ક્ષયોપશમ વધ્યો, એનાથી આગળ પૂજન કર્યું, એટલે ક્ષયોપશમ ઓર વધ્યો.... એમ ઉત્તરોત્તર ક્ષયોપશમ વધે એ સાનુબંધ ક્ષયોપશમ કહેવાય. એનાથી પૂજામાં ભંગ ન પડે, પૂજામાં પૂર્ણવિરામ ન આવે, પણ



પૂજા અખંડ ચાલે માટે 'પૂજા અખંડિત એહ' કહ્યું.

**પ્રશ્ન :** જો ભગવાનની પૂજા કરીએ પછી ફળમાં મન પ્રસન્ન થતું હોય, તો પછી એનો અર્થ એ, કે પૂર્વે મન-પ્રસન્નતા વિનાની પૂજા થાય છે, તો એવી પૂજા શું માલવાળી ગણાય?

**ઉત્તર :** ચરમાવર્તકાળમાં જીવ પહેલાં ઓઘદૃષ્ટિમાંથી અને ભવાભિનંદીની પુદ્ગલદૃષ્ટિમાંથી બહાર નીકળે છે, પછી આત્મદૃષ્ટિમાં, યોગદૃષ્ટિમાં, ને મોક્ષદૃષ્ટિમાં આવે છે, ત્યારે પુદ્ગલદૃષ્ટિ મૂકી એ સામાન્ય પ્રસન્નતા થઈ. એથી પછી જીવ પ્રથમ યોગબીજરૂપ જિન-પૂજામાં લાગે છે. અહીં જિનપૂજાની પૂર્વે સંસાર-વિષયો ખોટા લાગે એટલી પ્રસન્નતા હોય, પણ એ નજીવી છે. કિન્તુ જ્યાં યોગની આત્મદૃષ્ટિ આવે, એટલે મોક્ષ-પ્રાપક યોગનાં બીજ તરીકે જિન-વીતરાગની પૂજાભક્તિ કરે છે, ત્યારે ઉદ્દેશમાં અંતે મોક્ષનું લક્ષ્ય છે, વીતરાગતાનું લક્ષ છે, તેથી એ પૂજાથી ચિત્તના રાગાદિના સંક્લેશ ઘટી જાય છે, ને એ જ નોંધપાત્ર પ્રસન્નતા છે. પ્રસન્નતા વધતાં વળી ભગવાનનાં પૂજનમાં જોશ આવે છે. આ શું થયું? પૂજાથી પૂજા. તેથી આ આવ્યું કે, **પૂજાનું ફળ એટલે ઉત્તરોત્તર ચડિયાતી પૂજા.** ચડિયાતી એટલા માટે, કે ચિત્તની વધતી પ્રસન્નતા હોય છે, તેથી આગળ વધતાં વધતાં પરાકાષ્ઠાએ ક્ષાયોપશમિક ભાવમાંથી ક્ષાયિક ભાવમાં આવવાનું થાય છે. આ પૂજા અખંડિત યાને સાનુબંધ પૂજા છે.

'સાનુબંધ' એટલે કે, જેમાં ચડિયાતી પૂજાની પરંપરા ચાલે. એનો અર્થ એ, કે એક પછી બીજી, બીજી પછી ત્રીજી..., એ દરેક પૂજામાં વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસ વધતો રહે, અને પ્રસન્નતા વધતી રહે એમ પૂજા અખંડિત રહે. હવે અહીં પ્રશ્ન થાય કે-

પૂજાથી ફળમાં પ્રસન્નતા અને પ્રસન્નતાથી અધિક પૂજા, એનાથી વળી અધિક પ્રસન્નતા.. એમ પૂજા અખંડિત તો રાખી, પરંતુ એમાં ઋષભ જિનેશ્વર સાથે પ્રીત અને નિકટતા કેવી રીતે આવે? એ માટે કવિ કહે છે કે,-

**'કપટ રહિત થઈ આતમ અરપણા આનંદઘન પદ રેહ.'**

અર્થાત્ નિષ્કપટપણે મેં આનંદઘન ઋષભદેવ ભગવાનનાં પદની રેખાએ યાને ભગવાનનાં પગલે પગલે મારા આત્માને અર્પિત કરી દીધો છે, એટલે કે ચાલતો કરી દીધો છે. (બસ, એનાથી પ્રીતમ વીતરાગ ઋષભદેવ ભગવાનની સાથે અભેદભાવ બની આવશે.)

અહીં કવિ ઉત્તરોત્તર જિનપૂજા વધારતા જવાનો અંતિમ ઉદ્દેશ આ બતાવે છે, કે વીતરાગની પૂજા કરતાં કરતાં વીતરાગમાં આપણા આત્માનું અર્પણ સમર્પણ કરતા ચાલો, અંતિમ અર્પણ એ વીતરાગ અર્થાત્ વીતરાગતા સાથે અભેદભાવ છે. કિંતુ એ કાંઈ એકીકલમે આવતો નથી. એમાં તો વીતરાગ સાથે તીવ્ર તીવ્ર પ્રણિધાન કરતાં

ચાલવું પડે છે. જેમ જેમ એ પ્રણિધાન યાને ધ્યાન સ્થિર-સ્થિરતર બનતું જાય છે, તેમ તેમ વીતરાગ સાથેની તન્મયતા, એકાકારતા અને અભેદની નિકટતા વધતી જાય છે. વીતરાગનું ધ્યાન જેટલું અધિકાધિક બલવંતુ અર્થાત્ તીવ્ર, એટલી વીતરાગતા અધિક નિકટ. સારાંશ, એક બાજુ વીતરાગની પૂજા અને પ્રસન્નતા તીવ્ર તીવ્રતર બનાવતા જવાનું, અને બીજી બાજુ વીતરાગના ચરણે સ્વાત્મસમર્પણ વધારતા જવાનું.

**પ્રશ્ન :** આ બધું કરીએ પણ એમાં આપણો આત્મા તો પ્રભુના આત્માથી જુદો જ રહે છે, તો એમાં પ્રભુમાં આપણા આત્માનું સમર્પણ શું આવ્યું?

**ઉત્તર :** અહીં આત્મ-સમર્પણ કરવાનું એટલે કે સ્વકીય આત્માનું વિસર્જન કરવાનું છે, અર્થાત્ વીતરાગને વધુ ને વધુ વળગતા જઇએ તેમ તેમ આપણો આત્મા વધુ ને વધુ ભૂલાતો જાય.

**આત્મા ભૂલાતો જાય એટલે શું?**

આપણો આત્મા ભૂલાતો જાય એટલે પ્રભુધ્યાનમાં આપણા દૈહિક ધર્મો ભૂખ-તરસ-થાક, માન-અપમાન, શાતા-અશાતા, ત્રાસ-તકલીફ વગેરે બધું જ ભૂલાઇ જાય. એટલું જ નહિ, પણ આપણી રુચિ-અરુચિ, ઇષ્ટ-અનિષ્ટ, અનુકૂળ-પ્રતિકૂળ કશાનો વિચાર નહિ. આપણી માલમિલકત, સ્નેહી-સંબંધી, શત્રુ-મિત્ર ઇત્યાદિ બધું વિસરાઇ જાય, અરે! આપણું વ્યક્તિત્વ પણ વધુ ને વધુ ભૂલાતું જાય. આમ તો આપણે પ્રભુની પ્રીત તો કરીએ છીએ, પરંતુ જો તપાસીશું તો દેખાશે કે પ્રભુ સાથે પ્રીત કરવા છતાં આપણું વ્યક્તિત્વ ભુલાતું નથી ! એટલે ત્યાં આપણું અહંત્વ અખંડ ઊભું રહે છે. મનને એમ લાગે છે કે 'પ્રભુ! હું તમારી ભક્તિ કરું છું' આમાં અહંત્વની ગંધ છે. નહિતર પ્રભુની આગળ આપણે કોણ? આપણે કયા મોટા ભગત? પૂર્વના મહાકવિઓ, મહર્ષિઓ પ્રભુના જે ભક્ત હતા, એમાંનો અંશ પણ આપણામાં દેખાતો નથી. પૂજા કે ચૈત્યવંદન કરતાં કરતાં એક મચ્છર પણ શરીર પર બેસે, એક માખી પણ મોં પર બેસે, તો ઝટ ખ્યાલ આવે કે 'મને મચ્છર-માખી કરડે છે.' જો પૂજા-ચૈત્યવંદનમાં લયલીનતા હોય તો શરીર પરનો આ ક્ષુદ્ર ઉપદ્રવ ધ્યાનમાં જ શાનો આવે?

બાદશાહને વફાદાર નોકર રાખવો હતો. બે ઉમેદવાર આવ્યા. પહેલાને પૂછ્યું કે 'બોલ મારી માંદગીમાં તું સેવામાં બેઠો હોય અને તારા અને મારા બન્નેના મોંઢા પર માખી બેસે, તો તું પહેલાં કોની માખી ઉડાડે?' પેલા ભલા આદમી જેવા નોકરે જવાબ આપ્યો કે, 'જહાંપનાહ! પહેલાં આપની માખી ઉડાડું પછી મારી.' બાદશાહ કહે 'જા, તું ખોટો છે. મનુષ્યનો સ્વભાવ છે કે પોતાનું કષ્ટ પહેલું નિવારે, કેમકે માણસને પોતાની જાત સ્વપ્નમાં પણ ભુલાતી નથી.' એને રવાના કર્યો. પછી બીજા ઉમેદવારને



આ જ પ્રશ્ન પૂછ્યો ત્યારે એ કહે છે કે 'જહાપનાંહ, એક હાથે આપના મોંઢા પરની માખી અને બીજા હાથે મારા મોંઢા પરની માખી ઉડાડું.' બાદશાહે મનુષ્યસ્વભાવ મુજબ આ સાચો ઉત્તર જોઇ એને નોકરીમાં રાખી લીધો.

આ દૃષ્ટાંત પરથી સમજવાનું છે કે, પેલા બીજા ઉમેદવારની માફક પ્રભુની સેવામાં અલબત પ્રભુ પર મન રાખીએ તેમ છતાં આપણી જાત પરથી મન હટતું નથી. અર્થાત્ જાત ભુલાતી નથી. ત્યારે અહીં વીતરાગનું પૂજન કરતાં આ સ્થિતિ ઊભી કરવાની છે કે, ધીરે ધીરે આપણી જાત ભુલાતી જાય. સ્વાત્મ-વિસર્જન, સ્વાત્મ-વિલોપન વધતું આવે, અને એમાં જ આત્મસમર્પણ કેળવાતું આવે.

ભગવાનની પૂજામાં જ પ્રભુને સમર્પણ નહિ, કિંતુ જીવે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે શાસ્ત્રકારોએ ચારિત્રની યોગ્યતાના સોળ ગુણ જરૂરી ગણ્યા છે, એમાંય ૧૬મો ગુણ છે 'સમુપસંપન્ન' અર્થાત્ મુમુક્ષુએ ગુરુની સારી રીતે ઉપસંપન્ન યાને અર્પિત થઇ જવું જોઇએ. એટલે ગુરુનો અતિનિકટભાવ લાવવાનો તે એવો, કે પોતાની ઇચ્છા, અનુકૂળતા, મત વગેરે જુદા કોઇ નહિ. કિંતુ ગુરુની ઇચ્છા એ પોતાની ઇચ્છા, ગુરુની અનુકૂળતા એ પોતાની અનુકૂળતા, ગુરુનો મત એ પોતાનો મત. બાકી પોતાની સ્વતંત્ર કોઇ જુદી ઇચ્છા નહિ, કોઇ જુદી અનુકૂળતા નહિ, કોઇ જુદો મત નહિ. આવું જ્યારે થાય ત્યારે દૂધમાં પાણીની જેમ ગુરુમાં પોતે ભળી જાય. એને સમુપસંપન્નતા યાને સમર્પણ કહેવાય. આ આવડે તો જ ભવસાગર તરવો સહેલો છે. પોતાની સ્વતંત્ર ઇચ્છા, અનુકૂળતા, મત વગેરે ઊભા રાખવામાં તો ભવ ન તરાય. પૂર્વના મોટામોટા ચક્રવર્તી મુનિઓએ પણ ગુરુના ચરણે સ્વાત્માનું વિસર્જન-વિલોપન કરી આવાં આત્મ-સમર્પણ કરેલાં તો જ એ ભવસાગર તરી ગયા.

ગુરુના ચરણે આવું આત્મ-સમર્પણ ક્યારે આવે? તો કે પોતાના હૈયામાં પોતાનું જે વ્યક્તિત્વ બેઠું છે એને ઉઠાડીને હૈયામાં ગુરુને બેસાડે. એનો એવો પ્રભાવ પડે છે, કે પછી ગુરુ જ શિષ્યને પોતાના હૈયામાં બેસાડી દે છે! તો પ્રશ્ન થાય કે,

**પ્રશ્ન :** શું ગુરુને હવે આ શિષ્યની બહુ ગરજ ઊભી થઇ ગઇ કે એને પોતાના હૈયામાં બેસાડે?

**ઉત્તર :** ના, ગુરુ તો નિઃસ્પૃહતાની મૂર્તિ હોય છે. શિષ્ય પાસેથી એમની કશી અપેક્ષા નથી. કિંતુ શિષ્યની વિશિષ્ટ લાયકાત જુએ છે, એટલે મનોમન એમનાં હૈયામાં એની અનુમોદના ઊભી થાય છે કે 'આ કેવોક સારી લાયકાતવાળો જીવ!' આ એની લાયકાતભરી ચર્યા-સેવાથી વહેલો તરી જાય છે. આમ ગુરુના દિલમાં શિષ્યની યોગ્યતાના અભિનંદન અને પ્રગતિની આશિષ વસી ગયાં હોય, એ શિષ્યની વિશેષ

યોગ્યતા છે. એટલે **'પ્રશમરતિ'**શાસ્ત્રમાં લખ્યું કે, "તે શિષ્યોને ધન્ય છે કે જેમનાં દિલમાં જાત ભુલાઇને ગુરુ વસે છે; પરંતુ તે શિષ્યો વધારે ધન્ય છે કે જે ગુરુના દિલમાં સુયોગ્ય પાત્ર તરીકે વસે છે!"

જેવી રીતે ગુરુના ચરણે પોતાના આત્માનું આવું સમર્પણ કરવાનું, તેવી રીતે પ્રભુનાં ચરણે આપણા આત્માનું સમર્પણ કરવાનું, અને એથી પ્રભુને આપણા હૃદયની અતિનિકટ લાવવાના. તે નિકટતા એટલી બધી કે આપણા મનમાં પ્રભુના સતત સુખદ સંસ્મરણમાં આપણાં કષ્ટ ભુલાઇ જાય!

દા.ત. ચંદનબાળાએ મહાવીર ભગવાનને આવું સમર્પણ કરેલું; એટલે તો બાપુનું રાજ્ય ગયું, સિપાઇડો લઇ ચાલ્યો, રસ્તામાં માતાએ આપઘાત કર્યો, સિપાઇડાએ આગળ નગરમાં વેચવા ઊભી કરી, એને ધનાશેઠ આ સારા ઘરનું માણસ જાણી ખરીદી લાવ્યા....વગેરે અપરંપાર કષ્ટો આવ્યા છતાં, પોતાના આત્માનું ભગવાનનાં ચરણે એવું સમર્પણ કર્યું હતું કે ત્યાં ક્યાંય રોદણું રોવા ન બેઠી, પ્રભુને જ યાદ કરતી હતી, એમાં આગળ વધતાં વળી મૂલા શેઠાણીએ એનું માથું મુંડાવી ભોંયરામાં પૂરી, પગમાં બેડી ઘાલી, ને ત્યાં ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડ્યું, તો પણ રડવા ન બેઠી. અંતે પાલક પિતા ધનાશેઠને પત્તો લાગતાં ભોંયરામાં એની પાસે આવી, એની આટલી બધી દુર્દશા જોઇ રડી પડ્યા! અને રોતાં રોતાં કહે છે કે, 'હાય! હાય! તારી માએ તારી આવી દશા કરી? આ શું કર્યું? તને ભૂખી મારી! તારા વાળ ઉતારી લીધા?' ત્યારે ચંદના આશ્વાસન આપે છે કે 'બાપુ! રડો નહીં. મારી માએ તો બધું સીધું કરી આપ્યું. વાળ રાખ્યા હોત તો વાળ સમારવામાં મારા મહાવીર ભગવાનને એટલો સમય ભૂલી જાત, ખાવાનું હોત તો પણ એટલો સમય ભૂલી જાત એટલે એ પણ સારું કર્યું.' આમ ભગવાનને હૃદયની નિકટ કર્યા હતા. કહો કે, ભગવાનને પોતાના આત્માનું સમર્પણ કર્યું હતું. બસ, આ જ રીતે આપણે ભગવાનને આપણી નિકટ લાવી આપણા આત્માનું ભગવાનને સમર્પણ કરવાનું છે.

**પ્રશ્ન :** આત્મ-અર્પણ કેવી રીતે કરવાનું?

**ઉત્તર :** 'આનંદઘન પદ રેહ.' અર્થાત્ આનંદનો ઘન એટલે કે આનંદનો સમૂહ છે જેની પાસે એ તારણહાર પરમાત્મા એ આનંદઘન કહેવાય. એમના 'પદ-રેહ' એટલે કે પદની રેખાએ રેખાએ આત્મ-અર્પણ કરવાનું. એટલે કે, પ્રભુના પગલે પગલે ચાલવાનું. ભગવાન સત્-ચિત્-આનંદમય છે. સત્ એટલે કાલ્પનિક નહિ યા અશુદ્ધ સત્ નહિ કિન્તુ શુદ્ધ સત્ સ્વરૂપ છે, તેમજ ચિત્ત એટલે કે જ્ઞાન-ચૈતન્યમય છે, તથા આનંદ એટલે કે, અનંત સુખમય છે. એમનાં પગલાં એટલે કે એમની શુદ્ધ-



જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના, એ માર્ગે સમર્પિત થઇ જવાનું છે. માનવ જીવનનું આ ઉત્તમ કર્તવ્ય છે. એટલો ખ્યાલ રાખવાનો, કે આ આત્મસમર્પણ કપટ રહિત બનીને કરવાનું. કપટ કોને કહેવાય છે? ધર્મસાધના પૌદ્ગલિક આશંસા ને લબ્ધિ આદિની આશંસા વિના કરવાની કહી છે. આ જો આશંસા કરે કે મને આ મળજો, આવી લબ્ધિ મળજો, તો શાસ્ત્ર એને માયા કહે છે, અર્થાત્ વાસ્તવમાં ભગવાનનું પૂજન ન કર્યું, માયા કરી કહેવાય. એટલે નિરાશંસભાવે પૂજન કરવાનું છે.

જેમ પેલા દેવપાલને ચક્રેશ્વરી દેવીએ આવીને ઘણો લલચાવ્યો, પણ એને કંઇ જોઇતું જ નથી, તો ડગ્યો નહિ. એમ રાવણને ધરણેન્દ્રે ઘણું કહ્યું; પણ એ કહે :- 'મારે ભક્તિના બદલામાં કાંઇ જોઇતું જ નથી.'

આ રીતે નિષ્કપટપણે ભગવાનને આપણા આત્માનું અર્પણ કરીએ તો ઋષભદેવ ભગવાન આપણા સાચા પ્રીતમ થાય, અને એમનો સંગ શાશ્વત કાળ ટકે.

**( ઇતિ શ્રી ઋષભજિન સ્તવન વિવેચના )**

**દિવ્યદર્શન"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૭,તા.૧૫-૧૨-૧૯૫૬**

## શ્રી આનંદઘનજી કૃત-સ્તવન પ્રવચન-૧

### -: ઉપોદ્ઘાત :-

અનંત-ઉપકારી શ્રી અરિહંત ભગવાનના શાસનને પોતાના જીવનમાં જેમણે આત્મસાત્ કર્યું છે, એવા મહાપુરુષોએ એ શાસનની વિશેષ ભક્તિ કરવાના હિસાબે, શાસનનો જગતમાં વિશેષ પ્રચાર કરવાના હિસાબે અને એ શાસનના રહસ્યને પોતાના જીવનમાં વધુ ને વધુ સમજવાના હિસાબે સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષામાં અનેક ગ્રન્થરત્નોની રચના કરી છે.

ગ્રંથોમાં ઠામ ઠામ જોવા મળે છે કે "કેમ આ ગ્રંથ લખો છો ?" એવા ઉદ્દેશના પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે - "શાસ્ત્રોમાં ઘણી વાતો પડી છે, પણ બાળજીવોને ગ્રાહ્ય થતી નથી, માટે સરળ ભાષામાં લખીએ છીએ."

અથવા - "શાસ્ત્રમાં લખેલી વસ્તુઓ અમારા જીવનમાં ખૂબ ખૂબ સ્વાધ્યાય કરવા આ શાસ્ત્રના સંદર્ભમાં ગોઠવીએ છીએ. જાતનું રચેલું એટલે અંતરાત્મામાં ખૂબ દઢ થયું હોય, તેથી સ્વાધ્યાય કરવો ફાવે."

અથવા - "પરમાત્માના શાસનનો અમારા પર ખૂબ ઉપકાર છે તેના બદલામાં અમે બીજું તો શું કરી શકવાના ? અને અનંત ઉપકારના બદલામાં બદલો અનંત

વાળીએ તો તો ઠીક. પણ અમારા જેવા પામરથી શું બને ? માત્ર એના ગુણગાન કરીએ, વિવેચન-વિસ્તાર કરીએ તો જીવનને કૃતાર્થ માનવાનું રહે.”

આવા આવા ઉદ્દેશથી ગ્રંથો રચવામાં આવે છે. અહીંયાં પ્રસ્તુતમાં મહાન અધ્યાત્મી અને તત્ત્વવેત્તા શ્રી આનંદઘનજી મહારાજે ગુજરાતી ભાષામાં ચોવીસ તીર્થંકર પ્રભુના સ્તવનો લખ્યાં છે. એમાં તેઓશ્રીએ શ્રી જિનશાસનનાં તત્ત્વોને ગુંથી લીધાં છે. સાથે, પરમાત્માનું સ્તવન છે એટલે અનંત ઉપકારી આત્મોન્નતિ શું ચીજ છે ? ગુણ વિકાસ કઈ રીતનો હોઈ શકે ? આવી આવી ઘણી અપૂર્વ વાતો આ સ્તવનોમાંથી મળે છે. ગુજરાતી ભાષામાં સ્તવન ગ્રંથ એટલે સામાન્ય ગ્રંથ કહેવાય ! પણ એમાં આ મહાન તત્ત્વદર્શી કવિએ તત્ત્વખજાનો જ મૂક્યો છે. તેથી તે બાળજીવને પણ ગ્રાહ્ય થઈ શકે છે. સ્તવનના બહાને તેનું ચિંતન-મનન પણ ચિત્તમાં ચાલી શકે. માટે જ આપણે એના પર થોડો થોડો વિચાર અહીંયાં કરવાનો રાખ્યો છે.

## -: ઋષભદેવ જિનસ્તવન - ૧

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઔર ન ચાહું રે કંત;**
**રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત...ઋષભ. (૧)**

“ઋષભદેવ ભગવાન એજ મારો સ્વામી છે. બીજો કંત હું ચાહતી નથી. કેમ કે આ સાહેબ રીઝ્યા પછી સંબંધ છોડતા નથી. એવો આ સંબંધ સાદિ અનંત નામના પ્રકારે બની જાય છે.”

સ્વામી-ધણી-કંત-પતિ... એ સ્ત્રીને હોય કે પુરુષને ? આ સ્તવન કોણે રચ્યું છે ? પુરુષ કવિએ કે સ્ત્રી કવિએ ? કવિ તો આનંદઘનજી મહારાજ છે ! તો પછી આવું અજુગતું કેમ બોલે છે ? આવો એક પ્રશ્ન સહજ ઉદ્ભવે.

પરંતુ એ કથન અજુગતું નથી. કેમકે કવિ પોતાની જાતને ચેતનારૂપે કલ્પે છે. સ્ત્રી કે પુરુષના ખોળીયાનો આ પ્રશ્ન નથી; પણ એમાં રહેલી પોતાની ચેતના-શક્તિ તે જ મુખ્ય છે કે જેના પર આજ સુધી સંસારની ઘટમાળ ચાલી આવી છે. જે ઘટમાળમાં અનેક પ્રકારની વિટંબણાઓ સર્જાઈ છે, જે ચેતનાને કર્મપરવશ થવું પડ્યું છે, જડ અને જીવ બંને જાતનાં ભળતા જ સ્વામી કરી કરીને એના સંસર્ગમાં ભટકાઈને જે ચેતના શક્તિને ઘણું ઘણું વેઠવું પડ્યું છે.

પણ તે ચેતના જો હવે ડાહી થઈ જાય, અનાદિની રીતરસમ ફેરવી નાખે તો સર્વોચ્ચ વિકાસ, શ્રેષ્ઠ નિર્મળતા અને મોક્ષ સ્વરૂપ બની શકે છે. બસ, એ ચેતનાનો આ ઈકરાર છે કે “ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો” “મારો એક જ



સ્વામી છે અને તે જિનેન્દ્ર શ્રીઋષભદેવ ! આજ સુધી ભાનભૂલી હું હતી, જેને તેને મેં મારા સ્વામી કર્યાં ! જરૂર પડી ત્યારે ‘ક્રોધ-હુતાશન’ તમે મારા પતિ ! જરૂર પડી ત્યારે ‘માનરાજા’ તમે મારા નાથ ! જરૂર પડી ત્યારે ‘કપટ સરદાર’ તમે મારા કંત ! જરૂર પડી ત્યારે ‘લોભ ભટ્ટ’ તમે મારા ધણી ! આહાહાહા...આવા મેં મારા માલિક કર્યાં... એના પરિણામે શું મળ્યું ? વેઠ અને વિટંબણા !”

આ રીતે ચેતનાને ભાન આવે છે, સજ્ઞાન બને છે. એટલે હવે નિર્ણય કરે છે કે “મારે હવે બીજા પતિ ન જોઈએ, ઋષભ જિનેશ્વર જ મારા નાથ !”

કોઈ કહે, “કરને બીજા પતિ ! એ ઋષભ જિનેશ્વર તો મોક્ષમાં જઈને બેઠા છે. તને તે ક્યાંથી મળશે ?”

આના ઉત્તરમાં ચેતના કહે છે, “ઋષભ દેવને પતિ કરવામાં ભલા, એક પ્રબળ કારણ છે ! માટે હું તેને મારા નાથ બનાવું છું !” કારણ એ છે કે

**“રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે”**

મારો એ ઋષભસ્વામી રીઝી જાય પછી કદી મારો સંગ નહિ મૂકે ! જ્યારે બીજા તો એવા પતિ છે કે એમને હું સત્તર વાર રીઝાવું, ને અઢારમી વારનો મોકો આવતાં મને મૂકીને હાલતા થાય...! જુઓ આ જગતમાં-

પત્નીને પતિ પર પ્રેમ છે, પણ વ્યવહાર કહે છે કે પુત્ર થાય એટલે પતિ પર પત્નીના પ્રેમના ટકા કપાય ! સંતાનની મા બની એટલે ૫૦-૫૦ ટકા પ્રેમ વહેંચાઈ જાય છે ! તો પતિ માટે શું છે ? અત્યારે પત્નીની સેવાથી રીઝી ગયો હોય ને પછી ખાતરી ખરી કે એ પ્રેમ નહિ છૂટે ? ના, બીજે એ પત્ની કરતાં સવાઈ મળવી જોઈએ ! પછી અહીંથી દિલ ઉઠી જાય તેવું બને ! સગા-વહાલાને ત્યાં કોઈ બીજી વધારે આજ્ઞાંકિત પત્ની જુવે કે થાય- “આપણને આવું પાત્ર ન મળ્યું !” શું કર્યું આ ? પત્નીએ રીઝવ્યો હતો પણ પાછો ગયો...

જ્યારે આ ઋષભદેવ એ એવો પતિ છે કે એકવાર એના પર પ્રેમ બાંધી એને રીઝવો, પછી એ પ્રેમને મૂકે નહિ ! તે પણ ક્યાં સુધી ન મૂકે ?

“ભાંગે સાદિ-અનંત” ‘સાદિ-અનંત’ નામના પ્રકારે અનંત કાળ સુધી. સાદિ અનંત એટલે ? પહેલાં સબંધ નહોતો, હવે શરૂ થાય છે માટે સાદિ. પણ અંત નથી આવવાનો, માટે અનંત, પરમાત્માની ચેતનાને ભેટ થઈ હવે અંત નહિ. “મને જો પરમાત્મા ખૂશ કરતાં આવડે તો આ પરમાત્મા મારો સાથ મૂકે એમ નથી. જ્યારે જગતમાં બીજાને ખુશ કરતાં ભલે આવડે, પણ તે છોડી જ જાય છે અને એવા પ્રેમ તો અનંત કર્યા. છેવટે ફોકના ફોક ! ખા ગયા સો ખો ગયા ! હિસાબ ચોક્ખો છે કે આપણને કોઈએ ઘણા રીઝવ્યા હશે, પણ આપણે

એ ભૂલી જવાની જ કદર કરી ! એનો અર્થ એ-જગતના સંબંધીઓ ગમે તેવો સંબંધ રાખે, ખુશ કરે, પોતે ખુશ થાય - પણ એ સંબંધને ટકાવી શકતા જ નથી. તો જે સંબંધ હાલતાં-ચાલતાં તૂટી જાય તેની કિંમત ય શું ? માટે સંબંધ જોડવો તો એવો કે પછીથી તૂટે જ નહિ !

અહીં ચેતનાને કુમતિ ભરમાવવા પૂછે છે-

**પ્ર.**- "ઋષભદેવ રીઝે તો સંગ નહિ મૂકે; તે વાત સાચી, પણ શું ઋષભદેવ રીઝે છે ખરા ? કેમકે ભગવાન તો વીતરાગ છે ! તેમને ન તો ભક્ત પર રાગ કે ન તો દુશ્મન પર દ્વેષ ! એ કેમ કરી રીઝશે ? અને જો રીઝે નહિ તો ફોગટ મહેનત ! તને મળવાનું શું ?"

આ તો પહેલાં જ વાંધો આવી ગયો ! પણ ચેતના હવે સમજુ બની ગઈ છે, તેથી ઉત્તર કરે છે કે,

ઉ.- ના, એનું રહસ્ય છે-કે વીતરાગ પરમાત્મા ભલે આમ ખુશી થયા દેખાય નહિ; પણ એમનું આલંબન લેતાં આવડે તો વીતરાગ પરમાત્મામાં અચિંત્ય શક્તિઓ છે. જો એમના આલંબને એવી શક્તિને આપણા આત્મામાં ખેંચતાં આપણને આવડે તો એથી અનુપમ લાભ થાય એમ છે. તો એજ મહાન રીઝવવા જેવું કાર્ય થાય તેવું છે. પરમાત્મા ચિંતામણિ રત્ન જેવા છે. આપણને માગતાં આવડતું નથી ! માગવું તો એવું જોઈએ કે જેમાં વગર માગ્યે બીજું ઘણું ય આવી જાય. પ્રભુ હું, એટલું જ માગું છું કે **"ખૂબ સમાધિ સાથે તારા ચરણની સેવા કરતો રહું."** શું આવ્યું આમાં ? સમાધિ એટલે ? ગણો તો મનુષ્યપણામાં ચક્રવર્તીપણું ! જીવન સામગ્રીની સગવડ; જેથી સમાધિ રહે. નહિતર બીજી ત્રીજી અગવડમાં અસમાધિ થઈ જાય.

પરમાત્મા ચિંતામણિ સમાન છે, એ રીઝી જાય. પછી સામાનો સાથ કદાપિ ન મૂકે. ચિંતામણિ રીઝે એટલે કંઈ મલકાતું નથી ! છતાં ફોગટીયા મલકાઈને રીઝ દેખાડનારા, કશું નહિ દેનારા કરતાં લાખો કરોડો દરજ્જે સારા, કશું દે નહિ એની રીઝથી શું ? જે ચિંતામણી અલૌકિક લાભ દે છે, એ ઉપાસક પર ખરું રીઝ્યું ગણાય. પરમાત્મા આના કરતાં પણ અનંત ગુણો લાભ કરાવે છે માટે ખરેખરા રીઝ્યા કહેવાય.

આપણે પરમાત્માની ઉપાસના કરીએ, અખંડ રાગ ધરીએ, અંતરમાં પરમાત્માને એકમેક કરીએ, ત્યાં પરમાત્મા અને દિલ એક જેવા થવાથી દિલ પ્રસન્ન, એટલે પરમાત્મા રીઝ્યા બરાબર છે. પ્રીતિ એવી ધરવાની કે એનું પાત્ર પરમાત્મા સિવાય બીજું કોઈ ન હોય. આવી પ્રીતિ ધરીએ ત્યારે પરમાત્મા અરિહંતમાં



રહેલી અચિન્ત્ય શક્તિના આપણને લાભ મળે છે. માત્ર આપણે એવી પ્રીત અને ગરજ ઊભી કરવાની છે.

ગગનમાં સૂર્ય પ્રકાશતો હોય પણ આપણે જો એરટાઈટ (નિશ્છિદ્ર) મકાનમાં ભરાઈ બેઠા હોઈએ કે જેમાં પ્રકાશનું એક કિરણ પણ પ્રવેશી ન શકે-તો તે પ્રકાશનો લાભ આપણને મળે ખરો ? ન મળે તેમાં દોષ કોનો ? 'ના-ના સૂર્ય આખા જગતને પ્રકાશ આપે છે તો અમને કેમ નહિ ?' તો કહીએ કે-શું સૂર્ય તારા ભોંયરામાં પ્રકાશ આપવા આવે ? પ્રકાશ જોઈતો હોય તો બારણાં ખોલી નાખ ! તેમ પરમાત્માની અચિંત્ય શક્તિ આપણને લખલૂટ લાભ આપવા મોજુદ છે, એ લાભ મળવાની આડે જે દિવાલો ખડી છે, અશ્રદ્ધાની, મિથ્યાત્વની, અપ્રેમની, બિન ગરજની-એ દિવાલો તોડી નાખવી જોઈએ. એ દિવાલો તોડી નાખી કે સર્વ મળી રહેશે.

તું નિર્ધાર કરી લે- "ગમે તેવા સંયોગોમાં નાથ જ તારનાર ! નાથ જ મોક્ષ સુધી પહોંચાડનાર. એમાં મારું કોઈ ગજુ કે કુશળતા નથી. હું તો પાંગળો છું; પણ મને અટલ શ્રદ્ધા છે કે મારા નાથની અચિંત્ય શક્તિથી સારામાં સારું થશે."

કોઈપણ કાર્ય કરવા જઈએ ત્યાં શ્રદ્ધાનો દીવો જાગતો રાખવો. બચ્ચાને માત્ર એક જ કામ "માને વળગી રહેવાનું" કરવાનું. પછી મા બધું સંભાળી લેશે ! આપણે અરિહંતરૂપી માને વળગી રહીએ, બસ, બીજું બધું એ પ્રેમાળ માતા સંભાળી લેશે.

**"સાહિબ રીઝ્યો."** એટલે સાહેબની અનંતશક્તિ પર શ્રદ્ધા ! અને અપરંપાર પ્રેમ !

બારણું આપણે ખોલીએ તો સૂર્ય પ્રકાશ આપે કહો, આમાં વડાઈ કોની ? બારણું ખોલનારની કે સૂર્યની ? સૂર્યની ! કેમ કે અંધારી રાતે બધું ખોલી નાખને ! છતાં ફાંફાં જ મારવાનાં ! મેઘરાજા તુષ્ટમાન થઈ ગયા, સરસ પાક થયો, તેમાં ખેડવાની મહેનત તો તમે કરીને ? છતાં વડાઈ કોની ? મેઘરાજાની. તેમ અરિહંત પ્રભુએ સાચો ધર્મ બતાવ્યો **અને જગત આગળ મહાકઠિન** તપ અને સંયમથી શુદ્ધ કરેલા પોતાના જીવનનો આદર્શ તથા અચિન્ત્ય શક્તિવાળો આત્મા સ્થાપિત કર્યો. એ મોક્ષમાર્ગથી જ આપણે આરાધક બની શકીએ, એ જીવન આદર્શ જોઈને જ મોહની સામે બળવાન થઈ શકીએ, એ અરિહંત પ્રભુની અચિન્ત્ય શક્તિથી જ આપણે ઉન્નતિ પામીએ. એથી મહેરબાની કોની ગણાય ? બસ, અરિહંતદેવ પર આવી અટલ શ્રદ્ધા થઈ જાય. ત્યારે કહેવાય કે તેઓ રીઝી ગયા છે ! અને એ રીઝ્યા એટલે પછી છોડશે નહિ !

વીતરાગ રીઝે એટલે શું ? તેનો એક અર્થ આ રીતે છે. હવે બીજી રીતે જુઓ. **બીજી રીતે-વીતરાગ રીઝે એટલે ?** અરિહંત પરમાત્મા કેવળજ્ઞાની છે. એ કેવળજ્ઞાનની ચક્ષુથી જુએ છે કે 'આ ભરતક્ષેત્રનો માનવી ભવ્યજીવ જે પ્રતિક્રમણ કે બીજી ધર્મક્રિયા કરે છે, તેમાં જે એનો ભાવોલ્લાસ છે, જે ધર્મની ધગશ છે, તે બહુ ઉચ્ચ છે ! તે એને ઊંચે મોકલી આપશે. આપણે કાંઈપણ સારું કરીએ, સારું કહીએ, એટલું જ નહિ આપણે ખુદ સારા બનીએ, એટલે અરિહંતદેવ આપણને વર્તમાનમાં ઊંચી સ્ટેજ (Stage=કક્ષા) પર જુએ છે; અને ભવિષ્યમાં એથી પણ ઊંચી સ્ટેજમાં જનારા તરીકે જુએ છે. આ જે સર્ટિફીકેટ અરિહંત પરમાત્મા આપે છે તે જ એમની રીઝ ! શેઠ નોકર માટે આ ખ્યાલ બાંધે કે આ નોકર સરસ કાર્ય કરે છે; સુંદર નોકરી બજાવે છે; એ શેઠની સાચી રીઝ ગણાય. બાકી નોકર માટે શેઠને મનમાં ખ્યાલ હલકાપણાનો હોય અને ઉપર ઉપરથી કદાચ મોંઢાની કે શબ્દની ખુશી દેખાડે, તો એ શું સાચી રીઝ કહેવાય ? અરે, એકવાર દિલ ખાલી ખાલી પ્રસન્ન પણ થાય પરંતુ પાછળ કશું સારું કરવાનું ન હોય તોય એ સાચી રીઝ નહિ સારું થાય તો રીઝ કહેવાય. અરિહંત પ્રભુના કેવળજ્ઞાનમાં આપણું મૂલ્યાંકન થયેથી સરસ પરિણામ નીપજે છે, માટે એ પરમાત્મા રીઝ્યા કહેવાય. આપણી તે ઊંચામાં ઊંચી કદર કરે તે ઊંચામાં ઊંચી રીઝ ! તે માટે આપણે સારું કરવું જોઈએ, સારું વિચારવું જોઈએ અને સારું બોલવું જોઈએ.

આ રીતે પરમાત્મા રીઝ્યા પછી પૂછવાનું નહિ કે-ભલે સ્વામી રીઝ્યા; પણ અનંતા ભવ તેં કેવા કાઢ્યા ? આજ સુધી તું કેવો હતો ? હવે તો એજ વાત પૂછવાની છે કે, 'વર્તમાનમાં તું કેવો છે ? ને ભવિષ્યમાં તું કેવો રહેવા માગે છે ?' જો સારો, તો કાળો ભૂતકાળ બધો ભૂંસાઈ જવાનો; અને તું ઊંચે ને ઊંચે ચઢી જવાનો. પ્રભુની આ સાદિ-અનંત પ્રીત.

**પ્રીત સગાઈ રે જગમાં સહુ કીધી રે પ્રીત સગાઈ ન કોય.**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે સોપાધિક ધન ખોય...(૨)**

ચેતનાએ પોતાનો દારુણ ભૂતકાળનો ઇતિહાસ નિહાળ્યો અને નક્કી કર્યું, "ઋષભદેવ જ મારો પ્રીતમ !"

પણ હજુ એની સખી સુમતિ એને તાવે છે ને કહે છે, 'ઊભી રહેજે ચેતના ! પ્રીતિ તો જગતમાં ઘણા કરે છે; પણ અંતે શું ? મીંડું જ ને ? તું પણ પ્રીતિ કરવા નીકળી પડી છે, પણ તેમાં તને છેવટે શું મળશે ?"

પ્રત્યુત્તરમાં-સમજુ બની ગયેલી ચેતના કહે છે, "જગતની પ્રીતિ ને અમારી પ્રીતિમાં મોટો ફરક છે ! જગતની પ્રીતિમાં જાતનું નાણું ગુમાવવાનું હોય છે;



જ્યારે ઋષભજીણંદ સાથેની પ્રીતિમાં કંઈ ગુમાવવાનું નહિ પણ એકલું કમાવવાનું !

"મેં પણ જગતમાં માની, બાપની, પુત્રની વગેરે બધી જાતની પ્રીતિ-સગાઈ કરી જોઈ; પણ એમાં જોયું કે કોઈ સાચી પ્રીતિની સગાઈ જ નથી. માત્ર એક બીજાને સવાસલા આપવાના કે- "તમારા વિના અમને જરાય ચેન ન પડે...એક ઘડી પણ ગોઠતું નથી" પણ એવા વાલેસર વિના જન્મારા વહી શકે છે.

"આ પ્રીત-સગાઈ કેવી ? **સોપાધિક !** ઉપાધિવાળી ! ઓઠાવાળી પ્રીત-સગાઈ. સ્ફટિકની પ્રતિમાની પાછળ લીલું કપડું હોવાથી પ્રતિમાજી લીલાં દેખાય, તો શું તે લીલાશ સ્વાભાવિક છે ? ના. એ લીલાશ સોપાધિક કહેવાય; ઓઠાવાળી લીલાશ કહેવાય, કપડું ખસ્યું કે બિંબમાંથી લીલાશ ખલાસ ! બસ, જગતની બધી પ્રીતિ ઓઠાવાળી છે. એ પ્રીતિની પાછળ કોઈ સોદાનું, કોઈ સ્વાર્થનું તત્ત્વ કામ કરી રહ્યું છે. એ ઓઠું ખસ્યું કે, ખલાસ ! પ્રીતિનું નામનિશાન ન મળે ! એવી પ્રીતિ મેં ય ઘણી કરી, પણ એમાંથી સાર કંઈ ન કાઢ્યો. હવે એવી પ્રીતિ મને નથી ખપતી."

ઓઠા વિનાની પ્રીતિ પરમાત્મા સાથે જ થઈ શકે.

પરમાત્માને કેમ માનો છો ? એમના પર કેમ પ્રેમ કરો છો ? આના ઉત્તરમાં એમ કહીએ કે, "જગતમાં એમના જેવા શક્તિમાન ને ગુણીયલ બીજા કોઈ નથી ! માટે પ્રીતિ કરીએ છીએ." આ દશા જ્યાં સુધી ન જાગે ત્યાં સુધી શુદ્ધ પ્રીતિની શરૂઆત ન થાય. જ્યાં સુધી બહાર સ્વાર્થીયા પ્રીતિ અને સોદાની પ્રીતિના રંગ છે, ત્યાં સુધી સાચી રીતે ભગવાન સાથે હૈયું એકમેક થતું નથી. અહીં પ્રશ્ન થાય છે -

**પ્ર.**- શું ભગવાન સાથે પણ પ્રીતિ ઓઠા વિનાની છે. આટલી બધી ઉપાસના કરો છો, તો કંઈક લાલસા હશે ને ?

ઉ.- કંઈ નહિ, બહુ લાલસા ગણીએ તો તે એ છે કે, ભગવાન સાથેની અમારી જુદાઈ કાઢી નાખવી છે. અરિહંત સાથે એકમેક થવું છે.

**પ્ર.**- એકમેક ક્યાં થવાશે ?

ઉ.- મોક્ષમાં.

**પ્ર.**- તો મોક્ષની પણ આશંસા આવીને ?

ઉ.- જે પારમાર્થિક આશંસા છે, પોતાના જ શુદ્ધ સ્વરૂપની જે ઇચ્છા છે, તેને આશંસા ન કહેવાય, આશંસા તો એનું નામ કે જે પરપદાર્થો છે, ક્ષણિક છે, આવેલા જવાના છે, એની તૃષ્ણા તે ધરવી નકામી, પરંતુ આત્માની શુદ્ધ અનંત

જ્ઞાનાદિમય અવસ્થા કે જે અનંત કાળ માટે સ્થિર રહેવાની છે, જેની પ્રાપ્તિ કોઈનેય નુકસાનકારક નથી; પણ ઊલટું લાભકારક છે એની ઈચ્છા તે આશંસા ન કહેવાય.

ઋષભદેવ સાથેની પ્રીતિ અમારી આવી છે, કે જેની પાછળ કોઈ સોદો, આશંસા કે સ્પૃહા નથી. ચેતના કહે છે- "આવી નિરુપાધિક પ્રીતિ કરીએ તો આત્માનું મહાન કલ્યાણ થઈ જાય. સોપાધિક પ્રીતિ કરી તો ખલાસ ! તેમાં ધન ખોવાઈ જાય છે.

**સોપાધિક પ્રીતિમાં ક્યાં ધન ખોવાઈ જાય છે ?**

**(૧) પુણ્યધન :-**

અનાદિની સોપાધિક પ્રીતિં કર્યે જવામાં પુણ્યધન ખત્મ થાય છે. વેપારી કે ભાગીદાર પેઢી તમને જેટલું વધુ કમાવી આપે, તેટલું તમારું પુણ્યધન ચોરાઈ જાય છે. પુણ્યની હુંડી કેન્સલ થાય છે. હુંડી કેન્સલ કર્યા વિના શરાફ પાસેથી નાણાં ન મળે !

**(૨) સોનેરી માનવભવના સમયનું ધન :-**

બીજું, સોનેરી માનવભવના સમયરૂપી ધન બરબાદ થાય છે. દા.ત. ઘરમાં બચુડો જેટલો સારો તેટલો તમે તેને વધુ રમાડવાનાને ? એટલે પછી મંદિર-ઉપાશ્રયમાં મોડા પડવાના ! જ્યાં જ્યાં વિનશ્વર સ્થાનોમાં પ્રીતિ માંડી છે, ત્યાં ત્યાં સોનેરી જીવનનો સમય બરબાદ થઈ રહ્યો છે. ત્યારે જુઓ કે માનવ જીવનનો સોનેરી સમય શું કામ ? એક સમય પણ અરિહંતનું ધ્યાન ધરો, કે જાઓ- 'તમારે મોક્ષનો પાયો નંખાઈ ગયો !'

(૩) કુસંસ્કારોની ફોજ હઠાવવાની તકનું ધન :-

અનંત કાળે લાધેલી આ તક છે. એવી તકને સંસારી પ્રીતિની પાછળ ગુમાવી રહ્યા છો.

જગતની સાથેના પ્રેમ સગપણમાં બીજા પણ નુકસાન છે. અનંત કાળથી કુસંસ્કારોની ફોજ આપણી સાથે ચાલી આવી છે. તેને અહીંયાં રોકીને આગળ વધવાનું હતું. તેમજ તે ફોજનો નાશ કરવા માટે ચોક્કસ પ્રક્રિયાઓ પણ અહીં મળી હતી, પણ પ્રેમના સોદાને છોડવા નથી. એટલે બધી યોજનાઓ ને પ્રક્રિયાઓ માત્ર શાસ્ત્રોમાં પડી રહે છે અને તે ફોજ રોકાવાને બદલે વિકાસ પામી રહી છે !

આપણી બધી કુવાસનાઓને તોડવા માનવ જન્મ સિવાય બીજો કોઈ ભવ કે સાધન નથી. પણ દુનિયા સાથેની સોપાધિક પ્રીતિમાં જોડાયેલો જીવ તે તક ગુમાવે છે. ઉપરથી સ્વાર્થ અને રૂપરંગની પ્રીતિ કરે, એટલે જૂના સંસ્કાર દૂર કરવા તો ઘેર ગયા પરંતુ નવા નવા કુસંસ્કારોનો સંગ્રહ ! રૂઠેલા કર્મ જાણે જીવને કહે છે - 'તું પાતાળમાં જા, ત્યાં પણ તારું કૂટિયું કાઢવાની તાકાત મારામાં છે."



**(૪) મહાન આરાધનાનું ધન :-**

દુનિયાની સોપાધિક પ્રીતિમાં આય એક મહાન ધન ગુમાવાય છે, - જગતમાં સર્વશ્રેષ્ઠ અરિહંત પરમાત્માનાં તત્ત્વો અને ધર્મશાસન મલ્યું, તેની સારામાં સારી આરાધના ઉપાસના કરવાનું ગુમાવીએ છીએ.

**(૫) સદ્ગુણનું ધન :-**

જીવનમાં જે સદ્ગુણોને કમાવાના હતા તે કાર્ય બંધ રહે છે. દુનિયાના પ્રેમની પાછળ પડેલો એટલે વૈરાગ્ય ક્ષમા ઈન્દ્રિયનિગ્રહ વગેરે સદ્ગુણોને જીવનમાં જીવવાનું મોંઘું !

સોપાધિક પ્રીતિમાં આ રીતે અનેક પ્રકારનાં ધન ગુમાવાય છે. તેથી ચેતના કહે છે કે 'મેં ભગવાન સાથે નિરૂપાધિક પ્રીતિ માંડી છે. મને અનાદિની વાસનાઓ પર નફરત છૂટે છે. હું હવે માયકાંગલી રહું ? સંજ્ઞાઓને પોષ્યા જ કરું ?' પરમાત્મા સાથેની પ્રીતિનું મહત્ત્વ આપણે વિચારતા નથી, મહત્ત્વ સમજતા નથી, ગૌરવ હૈયે વસાવતા નથી. ધર્મી તરીકે જવાબદારીનું ભાન નથી એટલે અનાદિની સંજ્ઞાઓ અને કુટિલ-વાસનાઓનું નાટક એજ પ્રમાણે ચાલ્યા કરે છે ! કોઈ જગાએ આંચકો નથી લાગતો ! પરમાત્માની પ્રીતિનું મહત્વ સમજાતું નથી એટલે આજ સુધીની અવળચંડાઈ ઊભી રહી છે.

પરમાત્મા સાથે પ્રેમ છે ને ? **પ્રેમ હોય તો તે પ્રેમની પાછળ થોડી પણ જવાબદારી હોય છે.** એ ન હોય તો ફટાકિયા પ્રેમ કહેવાય. ઋષભદેવ પર પ્રેમ કરીએ ત્યારે શું જરા પણ જવાબદારી ન હોય ? ભલે એકાંતે કંચન કામિની વગેરે મૂકી ન દઈએ, પણ કમમાં કમ કાયાકંચનાદિથી આત્માનું બગડી રહ્યું છે, તેની ફરિયાદ પણ ન કરીએ ? પણ ના, એ કરવા માટે દિલનો પલટો જોઈએ. પલટો થાય તો દિલ જ કહે કે **જો પ્રેમ કરીએ તો તેની પાછળ ભોગ આપવો જોઈએ.** પૂછો જીવને, તેં તે ભોગ આપ્યો ? સોપાધિક પ્રેમ પાછળ ક્યાં ભોગ નથી અપાતા ? તો નિરુપાધિક પાછળ તો મહાન ભોગ દેવો જ જોઈએ.

જગતની પ્રીતિ કરતાં પ્રભુ પ્રત્યેની પ્રીતિની બીજી વિશેષતા એ છે કે, પેલી તો સ્થાન સાથે સંબંધ મનાવી નિરર્થક કષ્ટ કરાવે છે; ત્યારે આ પ્રીતિમાં એવું નથી. એ કવિના શબ્દમાં જુઓ

**કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે, મળશું કંતને ધાય;**
**એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય...ઋષભ ૩**

હા; જગતમાં કેઈ સતીઓ પતિને જલદી મળશું એમ કહી પતિના પાછળ

બળી મરે છે ! (કાષ્ઠભક્ષણ=લાકડામાં બળી મરવું.) તો હે ચેતના, તું આમાંનું કંઈ કરે છે ? ભોગ આપે છે ?

ચેતના કહે છે, "એ બધી ધાંધલ ખોટી છે. સમજી લે કે તેવો મેળાપ સંભવતો નથી, કેમ કે જગતમાં મેળાપ કાંઈ સ્થાનનો સ્થિર રહી શકતો નથી. પછી તેવા બળી મરવાના, ભોગની કિંમત નથી. તેવા ભોગની પાછળ પતિનો સંયોગ ફરી મળે એવું થોડું જ છે ?

સંયોગ તો તો મળે કે જો બંનેના પુણ્ય સમાન હોય. પણ કોને ખબર કે પતિ કયા ધ્યાનમાં મર્યો અને તું કયા ધ્યાનમાં મરીશ ? બંનેનો પ્રેમ ભલે ઘણો હોય, પણ તેટલા માત્રથી સમાન પુણ્ય વિના મેળો ન જામે. ત્યારે સામાનું પુણ્ય કંઈ આપણા હાથમાં છે ? વળી સ્થાનના ભેટાની કંઈ કિંમતે ય નથી ! માની લે કે તું પતિને કદાચ મળી ગઈ, પણ પતિને બીજી કોઈ સારી મળી જતાં તને કદાચ મૂકી રાખશે ખૂણામાં. કદાચ માન કે તારો જ સંબંધ રાખે તો ય ભાવી અનંત કાળ માટે **સ્થાને સ્થાનના મેળા મળે જ એવો નિયમ ક્યાં છે ? સાચો મેળો તો આત્માનો મેળો થાય તો થયો ગણાય.** લૌકિક મેળામાં સ્થાનના મેળાની ધોંશ છે. આત્માના મેળાની વાત જ ક્યાં છે ? આત્માના મેળા માટે સામા આત્માનો જે ઊચ્ચ વિકાસ થાય તે મુજબ પોતે કરે. **રાજીમતીએ** નેમનાથ સાથે સોપાધિક પ્રેમ છોડી નિરુપાધિક પ્રેમ કર્યો, પછી કેવો સંયોગ માગ્યો ? પ્રભુના જ આદર્શ અપનાવ્યા ! એમનું જ જીવન અપનાવ્યું ! એમના જેવા જ સિદ્ધ બુદ્ધ મુક્ત બન્યા. બંનેય અનંત જ્ઞાની. એમાં પત્ની પતિના આત્માનું તો પ્રત્યક્ષ જ્ઞાન કરે જ; પણ પતિના અનંત જ્ઞાનમાં પોતાનો અનંત જ્ઞાન ખરું જ; પણ પોતાના જ્ઞાનમાં ભાસતો પતિનો આત્મા જે અનંત જ્ઞાન કરે છે; એ અનંત જ્ઞાનને પણ દેખે !! જેમ રાજીમતી, તેમ નેમનાથ પ્રભુ ય દેખે. પતિપત્નીનો કેવો અદ્ભુત મેળાપ ! ભાવી અનંતાનંત કાળ માટેનો આ મેળાપ !

દુન્યવી પ્રીતિઓમાં તાત્વિક રીતે જોઈએ તો મોહનું જ પોષણ છે. ન તો જીવનમાં મહાવ્રતોનું ને ઉચ્ચ પંચાચારનું પાલન, કે ન તો લોકના પર આત્મિક ઉપકાર. આવી કોઈ સાધના નથી.

અહીં ચેતનાના અડગ નિર્ધારને જોઈ પૂછવામાં આવે છે કે, ઠીક. પરમાત્મા સાથે તમે પ્રીતિ કરો છો, તો ભલે તમે મરવાનું (કાષ્ઠભક્ષણ) ન કરતા, પણ એ તો કહો કે પરમાત્માને રંજિત કરવા માગો છો તો કંઈ સહન કરવાનું રાખ્યું છે ? જુઓ દુનિયામાં તો રંજન માટે એવું કરાય છે. ચેતના એની ના પાડે છે.



**કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તનતાપ;**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ...ઋષભ-૪**

પતિનું રંજન કરવા કોઈ અતિ ઘણો તપ કરે છે. અર્થાત્ પતિની ઘણી ઘણી ઝંખના કરે છે. પતિના વિરહમાં ઝૂરે છે અને એની પાછળ મનને એટલું અંકુશમાં લે છે. સહિષ્ણુ બનાવે છે, કે પોતાનું મન ગમે તે કહે પણ પતિનું જ સાંભળી લેવાનું, માની લેવાનું. પોતાના મન મુજબ માનવાનું કે કરવાનું નહિ. સતી સીતાનું મન શું કંઈ બોલતું નહિ હોય ? જનકને ત્યાંથી રામને પરણીને શા માટે આવી ? પતિની સાથે રાજભોગ ભોગવવા ? કે વનમાં રખડવા ? પણ જો રામ વનમાં જાય છે ને પોતાને પૂછતા પણ નથી. તો તેમ છતાં જરા પણ મનમાં રોષ નહિ. 'એ પતિ છે, માલિક છે, માલિકને પોતાના આજ્ઞાંકિતને પૂછવાનું ન હોય. નહિતર માલિકને જો બધું પૂછીને કરવાનું હોય તો માલિક માલિક શાના ?' આ રીતે મનને દબાવ્યું; મનને તપાવ્યું. મન તો કદાચ શિખવે, "હું પરણીને શા માટે આવી હતી ? ને આ તો વનમાં જવાનું કહે છે, ભાઈસાબ આપણાથી ન પોસાય"- પણ ના, આવી કોઈ વાત સરખી નહિ - એ તો પતિ એટલે પતિ ! રામને પતિ કર્યાં છે ! એવું નક્કી નથી કર્યું કે, 'અયોધ્યાના રાજા તે રામ મારા પતિ.' એ નહિ, પણ 'રાજા હોય તો ય રામ મારા પતિ, ને રંક હોય તો ય રામ મારા પતિ' મન અંકુશમાં અને તનને તાપ કષ્ટાદિ,- એ રીતે પતિરંજન કરનારા હોય છે; છતાં આવો પણ સંબંધ પ્રભુમાં ખેંચાયેલી ચેતનાને ગમતો નથી, ત્યારે એને કેવો સંબંધ ગમે છે ? કેવું રંજન ગમે છે ? એના ઉત્તરમાં ચેતના કહે છે -

ના, આવું પતિરંજન મે મારા મનમાં સાચું માન્યું નથી. પતિને ખૂશ કરવા ખાલી મનતાપ ને તનતાપ કરવા તે સાચું રંજન જ નથી. 'રંજન ધાતુ મિલાપ'- રંજન એવું કરવું કે પતિની ધાતુ સાથે આપણી ધાતુનું મિલાન (મેલન) થઈ જાય.

"ધાતુનાં મિલાન (મેલન) એટલે શું ?"

પતિના બંધારણ જેવું આપણું બંધારણ કરવાનું. અર્થાત્ 'પતિની જે દૃષ્ટિ તે મારી દૃષ્ટિ, પતિના જે આદર્શ તે મારા આદર્શ પતિની જે ખાસિયત તે મારી ખાસિયત. પતિને જે ગમે તે જ મને ગમે.' આવાં જે રંજન થાય તે શાશ્વત કાળનાં.

જગતમાં શાણો અને સુજ્ઞ જન પોતાના આશ્રિત પાસેથી શું માગે છે ? 'આશ્રિતો બહુ દબાયેલા રહે' - એ નથી માગતો; પણ 'અમારો જે આદર્શ છે- તે જ એમનો હોય, અમને જે ગમે તે તેમને ગમે' એવું ઈચ્છે છે. એમ અહીં પ્રભુરૂપી પતિની દૃષ્ટિ વગેરેને જીવનમાં ઉતારવાની છે. પ્રભુ સાથે ધાતુ મેળાપ એમ થાય અને એ ખરું રંજન કહેવાય. **આ ધાતુમિલાપનું પ્રથમ પગથિયું છે.** જો

આ બધું ન હોય તો પછી ભલે કચડો મનને, મારો કાયાને - પણ કંઈ કિંમત નહિ. ધાતુનું મિલાન નથી તો એ પ્રેમ ટકવાનું ન બની શકે.

**જે જિનની દૃષ્ટિ એ અમારી દૃષ્ટિ.** જગતની દૃષ્ટિ તો શિખવે છે, જેવા સામે તેવા થવું ! જિનની દૃષ્ટિ કહે છે- "એવા ધંધા તો ખૂબ કર્યાં, હવે ક્રોધની સામે ક્ષમા. અભિમાનની સામે નમ્રતા, ખાવાની સામે ત્યાગની પ્રતિજ્ઞાઓ, નીતરતા યૌવનની સામે બ્રહ્મચર્ય !" આ કરો. જો આ કરીએ તો ધાતુ-મિલાન થયું ગણાય. બાકી પૂર્વે લીધેલા અનંતા સાધુવેશ શાના પર નકામા ગયા ? ધાતુના મિલાન ન કરવા પર. ચારિત્ર લીધું હોય, જોરદાર વૈરાગ્યથી લીધું હોય-કહે, "આપનું ચારિત્ર-તપ મને ખપે છે. વિનય કરીશ; ભક્તિ કરીશ...પણ તમારી દૃષ્ટિ મને ખપતી નથી !" જે દૃષ્ટિ આદર્શ અને સિદ્ધાંત જિનદેવે લીધા હતા તે આપણને ખપે, તે આપણે લઈએ તો જ ધાતુનું મિલાપ થાય; પણ આપણને તો ધાતુ-મિલાપનું સ્વપ્ન પણ નથી ! જગતની સામે જોઈ જોઈ ઘણા ભોગ આપ્યા, પણ આત્માની સામે જોઈ કોઈ ભોગ આપ્યો નથી. પેલા ભોગ આપ્યાનું ફળ શું ? ભવવૃદ્ધિ ! જિનની દૃષ્ટિ એ છે કે "હવે જગતની સામે જોઈને નહિ, પણ કર્મથી કચરાયેલા નિજના આત્માની સામે જોઈ એના કલ્યાણ અર્થે ખૂબ સહવાનું." આ દૃષ્ટિ બધાઈ જાય કે પરમાત્માના ચોપડે નામ નોંધાઈ જાય અને એ નામ નોંધાયું કે ધાતુમિલાપના રસ્તે ! **ચોપડે નામ સમજો છો ? એમના જ્ઞાનમાં આપણો એક સારા વિકાસક આત્મા તરીકેનો ભાસ.** અથવા ધાતુઓ સોનું-તાંબુ વગેરે. એનું મિશ્રણ કરવાથી બંનેનો જેવો એકમેક સંબંધ થાય છે તેવો પત્નીના આત્માએ પોતાનામાં પતિના આત્માને સંબંધ કરવાનો છે. મિલાપ થયા પછી જેમ કેટલા ભાગમાં સોનું અને કેટલા ભાગમાં તાંબું તે કળવું મુશ્કેલ છે. એનું કારણ એ છે કે, તાંબાના અણુ અણુની સાથે સોનાના અણુએ અણુ એક રૂપ થઈ ગયા છે. એમ અહીં પત્નીએ પોતાનામાં પતિના આત્માને એવો એકરૂપ ભેળવી દેવાનો છે કે પત્નીને પોતાનો આત્મા પતિના આત્મા સ્વરૂપ જ દેખાય. આવું થાય તો એ ધાતુ મિલાપ કહેવાય અને તેને સાચું રંજન કહીએ. એ હિસાબે જ ચેતનામાં પરમાત્માનો મિલાપ જોઈએ અર્થાત્ પરમાત્મભાવની એકરૂપતા આપણી ચેતનામાં એવી થવી જોઈએ કે આપણો આત્મા પરમાત્મા સ્વરૂપે જ દેખાય, એટલે કે નિર્વિકાર, નિરિચ્છ, શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાપણે વર્તી આ મિલાપ એ સાચું રંજન. કવિ કહે છે - મારી ચેતનાને આ ઈષ્ટ છે. મારી ચેતનાની રગેરગમાં અને રોમેરોમમાં પરમાત્માનું વીતરાગ, નિર્મોહ, નિષ્કામ, શુદ્ધ ચિત્-સમાલંબી સ્વરૂપ ઓતપ્રોત થઈ જાય, એ મને લગની છે. પછી ત્યાં કેવળ તપસ્યા અને આતાપના કે જે હોવા છતાં આત્મા રાગી-મોહી-



કામનાશીલ અને અશુદ્ધ (મિથ્યા) મતિના સ્વરૂપમાં રમતો રહે છે, એનાથી શું વળે ? અંશે અંશે પણ એ વીતરાગી વગેરે સ્વરૂપ પ્રગટ કરવા માટે રાગ-દ્વેષ મોહ-તૃષ્ણાદિ કપાતા આવે તો સમજાય કે એ ધાતુ મિલાપના રસ્તે છે. ધાતુના મિશ્રણમાં શું છે ? ધાતુમિલાપમાં તાંબુ સોનાનો રંગ, ચમકાર વગેરે પકડે છે એવી રીતે ચેતનાએ પરમાત્માના રંગ અને તેજને પકડી આત્મસાત્ કરવો જોઈએ. એટલું જ નહિ, પરંતુ જેવી રીતે સોનું છીણી છેદ અને અગ્નિતાપ સહન કરે છે; તો તાંબુ પણ સાથે સાથે સહન કરે છે; એવી રીતે પરમાત્માની જેમ ચેતનાએ પણ પરીસહ-ઉપસર્ગ સહન કરવા જોઈએ.

અરે ! એથી પણ આગળ જઈ તાંબુ તેજાબના ત્રાસ સહન કરી અંતે પોતે તદ્દન નાશ પામી સોનું જ રાખે છે. તેમ પરમાત્માના મિલાપમાં ચેતનાનો અનાદિનો ચેતનાભાવ-બહિર્ભાવ નાશ પામી પરમાત્માભાવ જ માત્ર કાયમ રહે, ચેતના પરમાત્મા જ બની જાય એવું કરવાનું છે. તો ધાતુ મિલાપ થવાના.

'ધાતુ' શબ્દથી શરીરની સપ્ત ધાતુ લઈએ' તો એનો મિલાપ એટલે કે જેમ માણસ ઉંમરે વધે છે. એમાં ખોરાકના પુદ્ગલોનું એની ધાતુઓમાં તદાકાર મિશ્રણ થાય છે. પુદ્ગલો ધાતુના રૂપરંગે બને છે. એવી રીતે ચેતનામાં પરમાત્માના ગુણોનું તદાકાર મિશ્રણ કરવાનું છે. ચેતનાના જીવનમાં પરમાત્માની સાધના એકમેક કરવાની છે. અહાહા ! એમના ગુણો અને એમની સાધનારૂપ જ ચેતનાના ગુણો અને સાધના બની જાય પછી શું પૂછવું ? આનું નામ ધાતુમિલાપ, આનું નામ રંજન.

પરમાત્માને રંજિત કરવા હોય તો તે કામ આપણે આપણા આત્માની અંદર કરવાનું છે. અર્થાત્ આપણી ધાતુમાં પરમાત્માની ધાતુનો મિલાપ કરવાનો છે. એટલે કે પરમાત્માએ જેને જીવના દુશ્મન ગણ્યા છે, તેવા રાગદ્વેષાદિ દોષો સાથે કટ્ટી રહે અને પરમાત્માએ જેને જીવના દુશ્મન ગણ્યા છે, તેવા રાગદ્વેષાદિ દોષો સાથે કટ્ટી રહે અને પરમાત્માએ જેને જીવના હિતૈષી ગણ્યા છે, તેની સાથે સંબંધ રાખીએ. પરમાત્માનો જે અભિપ્રાય કે- **"आश्रवो भवहेतुः स्यात्"** મિથ્યાત્વ, અવિરતિ વગેરે આશ્રવો ગણાય. તે ભવમાં પતનનું કારણ છે. ઈન્દ્રિયોની ઉચ્છૃં-ખલતારૂપ પ્રમાદ, વિષયોના ભાર લાલસારૂપ પ્રમાદ, આ પણ આશ્રવો છે. બસ, આપણો પણ અભિપ્રાય તે જ હોય. તો ધાતુમિલાપ અને તો જ પ્રભુ રંજિત થાય.

પરમાત્મા કહે છે- **"संवरो मोक्षकारणम्"** "અહિંસા, સત્ય, ક્ષમા, બ્રહ્મચર્ય - એ ધર્મના સ્થાનકો સંવર છે. એ તથા દેવગુરુ, ધર્મક્રિયાઓ વગેરે મોક્ષપ્રાપ્તિના કારણ છે." આપણે પણ એમજ માની ચાલવા-વર્તવાનું તો આપણે પરમાત્માના ઘરના ગણાઈએ.

**કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;**
**દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ...ઋષભ-૫**

પરમાત્મારૂપી સ્વામીને રીઝવવાનો અદ્‌ભુત ઉપાય ધાતુમિલાપનો છે. અહીં પ્રશ્ન થશે કે આવું કરવા કરતાં ભગવાનના હાથમાં જ દોર મૂકી દો, કેમ કે અલખ અલખ ભગવાનની લીલા અજબ છે. તે લીલા મનની લાખો આશા પૂરે છે. તો તમારી પણ આશા પૂરશે. નકામી આ ધાતુમિલાપ વગેરેની ભાંજગડમાં કાં પડવું ?

**ઈતર મતે ઈશ્વર-**

પરમાત્મા અલખ-અલખ છે. આમાં ‘અલખ’ શબ્દ બે વાર વાપરી સૂચવ્યું કે, અલખથી પણ જે અલખ છે. ‘અલખ’ એટલે જેમને લક્ષી ન શકાય. શબ્દોમાં ન ઉતારી શકાય. ધ્યાનમાં પણ લાવી શકાય એમ નથી. એવા જે મહાયોગીઓ એમનાથી પણ જગત્કર્તાનું સ્વરૂપ લક્ષમાં ન આવી શકે માટે એ અલખઅલખ કહેવાય. કોઈ પણ વાત આવે તો કહેવાનું, ‘પરમાત્મા અગમ અગોચર છે.’ આ પ્રમાણે કોણ કહે છે ? જે એમ માને છે કે, “પરમાત્મા આ સૃષ્ટિ રચે છે...પાળે છે, સંહરે છે. જીવોને સુખદુઃખ આપે છે. પરમાત્માની ઈચ્છા વિના એક તણખલાના પણ બે ભાગ ન કરી શકાય...નદી, પહાડ, હવા, પૃથ્વી, વનરાજી બધું જ પરમાત્મા સર્જે છે.” અહીં જો પૂછે કે-

પ્ર.- આવું પરમાત્મા કેવી રીતે કહી શકે છે ?

ઉ.- તો સમજી લો કે પરમાત્માની જે બુદ્ધિ અને જે કાર્ય છે, જે સ્વરૂપ છે, તે આપણા લક્ષમાં આવી શકે એમ જ નથી. માટે તો ગીતામાં કૃષ્ણે અર્જુનને ઉપદેશ કર્યો જે કંઈ તું ખાય, ભોગવે જે કંઈ પરીત્યાગ કરે તે બધું તું મને અર્પિત કરજે. અર્થાત્ એ તું તારી બુદ્ધિ અને તારી શક્તિથી કરે છે એ તારે માનવાનું નહિ. તારે તો એક જ કહેવાનું કે, આ બધું હું કંઈ કરતો નથી. બધું પરમાત્મા જ કરી શકે, કેમ કે, પરમાત્માની લીલા અજબ કોટિની છે ! એ લીલા ન હોય તો તમારી એક પણ ઈચ્છા પૂર્ણ ન થાય.

ઉપરોક્ત માન્યતાના અનુસારે કોઈ કહે “પરમાત્માને તો પછી ખૂશ કરવાની ભાંજગડ શા માટે ? પરમાત્માને જે કરવું હશે તે કરશે.” પણ ના, ઊભા રહો.

**પરમેશ્વર એટલે ? :-**

**દોષ-રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ.**

પરમાત્માને લીલાકારી માની તમે બધું અર્પિત કરવાનું કહો છો, પણ પરમાત્માનું એ સ્વરૂપ હોઈ શકે નહિ. પરમાત્મા એટલે શ્રેષ્ઠ આત્મા. શ્રેષ્ઠ એટલે એક પણ દોષ વિનાના. જરા પણ રાગદોષ નહિ; દ્વેષદોષ નહિ તો પરમાત્મા



જેવી વ્યક્તિ પોતાના ભક્તોની ઉપર ખૂશ થાય; અને બીજાઓને મારે - દંડે, તો તે પરમાત્મા કહેવાય ? સામાન્ય શિક્ષકના જેવા પરમાત્મા હોય ? પરમાત્મામાં તો જરા પણ દ્વેષ ન હોય. પરમાત્મા એવું કંઈ જ કરે નહિ. પરમાત્મા તો વીતરાગ, નિર્વિકાર, શુદ્ધ જ્ઞાન જ્યોતિર્મય હોય.

લીલા એ તો એક જાતના દોષનો વિલાસ છે. લીલા એ દોષોનું નાટક છે. પરમાત્મામાં એ આરોપિત કરવું એટલે પરમાત્માને નીચે ઉતારવા બરાબર છે; એમને જીવાત્મા બનાવવા જેવું છે. માટે સર્વદોષ રહિત અને સર્વ ગુણસંપન્ન પરમાત્માને રંજિત કરવા માટે ધાતુમિલાપનો માર્ગ શ્રેષ્ઠ છે.

અહીં પ્રશ્ન થાય છે કે ત્યારે શું પ્રભુનાં પૂજન નકામાં ? એનાથી રંજન નહિ ? ઉત્તરમાં કવિ કહે છે કે-

**ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ....ઋષભ-૬**

ઋષભજિન સાથે પ્રીતિ માંડ્યા પછી એ પરમાત્માની શક્ય હોય તેટલા પ્રમાણમાં ઊચ્ચ કોટિની પૂજા જરૂર કરવી જોઈએ. પૂજા અનેક પ્રકારની છે. પૂજાના પ્રકાર નવમા ભગવાનના સ્તવનમાં કહેશે. અહીંયાં તો માત્ર એટલું જ કહે છે, “પરમાત્માની પૂજાનું ફળ તો જ મળે કે જો પૂજકનું ચિત્ત પ્રસન્ન હોય. એવી પૂજા અખંડિત હોય છે.”

રાજા શ્રેણિકને પરમાત્મા પર પ્રીતિ હતી; તો પરમાત્માનું પૂજન તે કેવું કરતા ? પરમાત્માની પૂજા કરવામાં રોજ એને સ્વસ્તિક માટે નવા ઘડેલાં સોનાનાં જવલાં જોઈતાં હતાં ! આપણે કેવી પૂજા કરીએ છીએ ? “પ્રભુ પર મને પ્રેમ તો છે, પણ મારા ખીસા-પાકીટ પ્રભુની પૂજા-અર્ચના માટે બંધ છે.” તો આ પૂજનની મોટી ખામી નથી શું ? શ્રેણિકને પૂજન એવું કરવા જોઈતું કે “ભગવાન અમુક નગરમાં સુખશાતાપૂર્વક વિચરે છે,” એ સમાચાર એમને કોઈ આપે કે એ મુઠો ભરીને સોનૈયા આપી દેતા ! અલંકાર કાઢીને આપી દેતા ! **વાહ ! અનંતા-ભવકૂપમાંથી ઉગારનાર મારા નાથ પરમાત્માના તું સમાચાર લાવ્યો ? લે લઈ જા, જા !** ચિત્તની મહા પ્રસન્નતાવાળું એ જિનેન્દ્રપૂજન હતું. તેથી જ પોતાની પ્રાણપ્રિયા ચેલણા માટે ૧૬માંથી એક પણ રત્નકંબળ ખરીદવા આનાકાની કરનાર શ્રેણિક પ્રભુના સુખ સમાચાર પર સોનૈયા વેરતા. આને નક્કર પૂજા કહેવાય. પરમાત્મા પર પ્રીતિ છે, તો એની પાછળ પ્રસન્નચિત્તની નક્કર પૂજા જોઈએ. પછી ત્યાં કોથળીનું મોં બાંધી ન રખાય. સંસાર માટે બધાં ખીસા-પાકીટ ખુલ્લાં છે; તો પરમાત્માની વાત આવતાં કેમ બંધ થઈ જાય છે ? કવિ કહે છે,

**'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું,'**

અહીં પૂજનફળ એટલે પૂજનનું ફળ નહિ પણ "પૂજનરૂપ ફળ" એવો બીજો અર્થ છે. પૂજન એટલે આપણી ચીજનું સમર્પણ; પરંતુ પૂજન એટલે માત્ર કેશરની ટીલી સમજતા નહિ. પરમાત્મા સાથેની પ્રીતિનું ફળ પૂજન છે. સાચી પ્રીતિ પર ચિત્ત પ્રસન્ન બને છે; અને ચિત્ત જો પ્રસન્ન તો એના ફળ તરીકે પૂજન ઊભું રહે છે. માટે કહ્યું, ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ' પૂજનનું કારણ પ્રસન્ન ચિત્ત બન્યું. પરમાત્મા સાથે પ્રીતિ થયા પછી સાચી ચિત્તની પ્રસન્નતા એ કોઈ ઓઠા પર નથી નભતી. "દાદા ! તારી બહુ મહેરબાની...તારી પાસે બહુ આનંદ થાય છે..." શા માટે ભાઈ ?...પ્રભુ ! તેં મને ૨૫ હજાર આપી દીધા છે...." આના પર ? તો તો સમજો કે આ પ્રસન્નતા પચીસ હજાર પર ! પરમાત્મા પર નહિ ! પચીસ હજાર ન મળ્યા હોત તો ? ભગવાનને ગાળો જ દેત કે બીજું કંઈ ? અને જો આ જાતનો અજંપો ન હોત તો ભગવાનને મૂકીને બીજા દેવને ન વળગ્યા હોત ! **અટલ વિશ્વાસ હોત કે-સારું થશે તો તે નાથ અરિહંતથી જ થશે.**

મહાન તાર્કિક પરમ પૂ.ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે-

**"જિનભક્તે જે નવિ થયું, તે બીજાથી નવિ થાય રે"**

શું ચિત્ત પ્રસન્નતા ? પરમાત્મા મળ્યાનો જ એટલો બધો આનંદ કે સદા ચિત્ત પ્રસન્ન કેવળ પરમાત્મા પર જ કોઈ બદલા, બહાના, સોદા વિનાની પ્રસન્નતા. આપણને આ કોણ મળ્યા ? સ્વયં ત્રણલોકના નાથ ! ત્રણ ભુવનની પૂજ્યતા અપાવનારા ! એ મળ્યા પછી પ્રસન્નતા ન હોય ? અનાદિ કાળથી આ સંસારમાં ભટકતાં ભટકતાં પરમાત્મા આવી રીતે પામ્યા ન હોત અને આજે પામ્યા તો શું સાંપડ્યું ? જગતની કોઈ પણ ઊંચામાં ઊંચી ચીજ કરતાં અનંતગુણી ઊંચી ચીજ પરમાત્મા સાંપડ્યા ? આ જગતમાં મને જે પરમાત્મા મળ્યા છે, એ નાથથી વધીને કિંમતી, સારી કે હિતકારી કોઈ ચીજ નથી ! આ રીતે ચિત્ત પ્રસન્ન બનાવીએ તો ફળ પૂજન નિપજે; પરંતુ આપણે તો પરમાત્મા કરતાં પણ કુટુંબીને વધુ ગણીએ છીએ. દુનિયાને જોઈ જે હર્ષ થાય છે, તેનાથી અધિક હર્ષ પરમાત્માને જોઈને થાય છે ખરો ? મંદિરમાં આવ્યા ને પરમાત્માને જોઈ એકદમ હર્ષ વધી ગયો ખરો ? ના ! દુનિયાનું એક ચિત્ર જોઈ જે હર્ષ થાય છે તેટલો પણ હર્ષ **પરમાત્માને જોઈને થાય છે ? "પરમાત્મા સારા અને હિતકારી"** એ લાગી જાય એટલે પછી પૂજનનો વખત આવતાં હાથ પહોળા થઈ જાય લાગે કે **"પ્રભુ સારા, પૈસા સારા નહિ"** પૈસા નાખો પરમાત્માની આગળ ! જગતની વાતો હિતકારી કે સારી નથી માટે એવી જગતની ઝેરી વાતો કરતા પહેલાં અમૃતસમી પરમાત્માની વાતો યાદ કરો.



એમ કરતાં ઝેરીના ઝેર ચઢશે નહિ અને પરમાત્મા તરફ પ્રસન્નતા દઢ થતી જશે.

ચિત્ત પ્રસન્ન એટલે ચિત્ત પ્રશાંત ! ચિત્ત શાંત બને. અનંતાનંત કાળથી સંસારજાળમાં ફસાયેલા પ્રાણીનું ચિત્ત ઉકળી રહ્યું છે. આહાર, વિષય, પરિગ્રહ ને નિદ્રા, ક્રોધ-માન-માયા અને લોભ, સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા ને રાજકથા, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મનવચકાયાના દુષ્ટ યોગ-આ બધી દુષ્ટ ચોકડીઓ છે. એની જાળમાં ફસાયેલો જીવ ઉકળી રહ્યો છે. એ ઠંડો પડે તો પૂજનફળ નિપજે, એકદમ શાંત પડે તે વીતરાગ. એ થવાની ભૂમિકા આ કે ઉપરોક્ત ચંડાળ ચોકડીઓ પર તિરસ્કાર છૂટે. એમ થાય કે- "આવો ઊંચો જન્મ અને આવા ઘોર દુષ્ટ ? હમણાં બધું છૂટે એમ નથી; પણ ધીરે ધીરે જરૂર છોડીશ; પરંતુ આ જે કરી રહ્યો છું તે ભયંકર કરું છું..." આ ચિત્ત શાંત પડ્યું.

**રાવણ** ઓછો ધાંધલીયો હતો ? ના, છતાં અષ્ટાપદ-પર પરમાત્માની ભક્તિમાં બેઠો તો લયલીન બની ગયો ! દેવતા પણ ડોલાયમાન કરી ન શકે ! કેમ કે અલ્પ પ્રમાણમાં પણ ચિત્ત પ્રશાંત થઈ ગયું હતું. ધરણેંદ્ર વરદાન માગવા કહે છે પણ એ તો ના પાડે છે.

**"પાંચ કોડીના ફૂલડે પામ્યા દેશ અઢાર"** એ કેવી રીતે ? એ પાંચ કોડીની જે પૂજા હતી તે ચિત્ત પ્રશાંત-પૂર્વકની હતી. મનનો ઉકળાટ ઓછો થઈ ગયો હતો. મનને લાગી ગયું હતું કે, "આ રાજકુમારપણું છોડી જે લૂંટણબાજી કરી, તે નરી મારી અધમતા હતી !"

**જગત પરથી દૃષ્ટિ ઉઠીને, કાયા પરથી દૃષ્ટિ ઉઠીને, દુનિયાના વૈભવ, માનપાન અને સન્માન પરથી દૃષ્ટિ ઉઠીને આત્મા પર દૃષ્ટિ લાગે ત્યારે ચિત્ત પ્રસન્ન બને.** આપણે તો દૃષ્ટિ ઉઠાડવી નથી, ને પૂજનફળ જોઈએ છે ! તો દૃષ્ટિ ઉઠાડવાનું પહેલું રૂપક શું ? આ- "આ બધામાં મારો મરો છે. આપણે કોઈ જુદા છીએ, ને આવી ભરાયા છીએ બીજે."

આ ચિત્તપ્રસન્નની પૂજા તે જ અખંડિત પૂજા, નહિતર ખંડિત પૂજા, પૂજા અખંડિત રાખવી હોય, માત્ર અહીં જ નહિં પણ ભવોભવ અખંડિત જોઈએ તો ચિત્ત પ્રસન્ન કરીને પૂજા કરવા જાઓ.

"પરમાત્માથી વધીને જગતમાં કોઈ ચીજ સારી નથી. પરમાત્માને પામ્યો છું તો આ જગતને મારે નગ્ન સ્વરૂપમાં ઓળખી લેવાનું." જગતને જે વિકરાળ સમજે છે, તુચ્છ સમજે છે, તેને તેમાંથી નીકળવાનો દોર મળી રહે છે. **જગતના કૂવામાં દોરડેથી પરમાત્મારૂપી ખેંચી કાઢનારા દેખાતાં હર્ષ ઊભરાઈ જાય.**

**અથવા** - કોઈ કહે કે, "બીજા પૂજન, ભાઈ, દૂર રાખો. ચિત્તની પ્રસન્નતા

તે જ અખંડિત પૂજા !" તો આ તો સસ્તું ભાડું ને સિદ્ધિપુરીની જાત્રા ! આવું કોઈ કહેતો આવે તો તેને કહેવું કે- 'ઊઠ ઊભો થા; તને જે આ લાગ્યું કે 'આ પૂજા સારી; પૈસા પાકીટ ખોલવાં નહિ પડે.' આ જે લાગ્યું એટલે જ તારું ચિત્ત પ્રસન્ન નહિ; પણ સળગેલું ! સમજી રાખ."

ચિત્તની પ્રસન્નતાને જ પૂજા કહીએ ત્યારે બીજી પૂજાઓ જતી રહેતી નથી. સાચી પ્રસન્નતા પાછળ બીજી ઘણી કિંમત અને ઘણા કષ્ટવાળી પૂજાઓ થઈ જ જાય છે.

ચિત્તની પ્રસન્નતા ઊભી કરો એટલે પૂજન આપો આપ આવી જશે. પૂજાના જ તરંગો ચાલશે, પૂજાનું મન કરવું નહિ પડે.

આટલું બધું કહ્યા પછી ચેતના પોતાનો અંતિમ નિર્ધાર કહી દે છે -

**"કપટ રહિત થઈ આતમ અરપણા, આનંદઘન પદ રેહ."**

'આનંદઘન' એટલે એકલો જ આનંદ, દહીંવડા જેવું નહિ એમાં શું દહીં પોતે વડારૂપ ? ના, તો દહીં થોડું ને વડાં મોટાં, અહીંયાં એવું નથી. આ તો આનંદઘન એટલે એકલો જ આનંદ. **મોક્ષનો આત્મા માત્ર આનંદથી ભરેલો નહિ; પણ આનંદસ્વરૂપ જ; આનંદમય !**

"આનંદનું જે સ્થાન; તેની 'રેહા' એટલે તેનો 'મારગ' આનંદઘનના માર્ગની એટલે સર્વોચ્ચ સુખના માર્ગની લીટી માર્ગ, તે માર્ગે મેં મારો આત્મા કપટ રહિત થઈ અર્પી દીધો છે. મારો ઋષભદેવ પ્રીતમ આનંદઘનપદમાં સ્થિર થઈ ગયો છે, તો હું પણ મારો આત્મા તે માર્ગે અર્પી દઉં છું"

**અથવા** "ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ" એ સાચી વાત, પણ તમારે પૂજન અખંડિત જોઈતું હોય તો તે આ છે કે "કપટ રહિત થઈ આતમ અરપણા" કરો.

**પ્ર.**- "અમે ચિત્ત પ્રસન્ન રાખીએ છીએ અને પૂજા કરીએ છીએ, છતાં ફળ કેમ નથી મળતું ?"

ઉ.- વીતરાગની સાચી પૂજા એ છે કે, આપણે આત્માનું દંભરહિતપણે પરમાત્માને સમર્પણ કરીએ. આત્માનું કપટરહિત સમર્પણ કરવું જોઈએ.

**પ્ર.**- ભગવાનને આત્મા સોંપી દેવો એમાં કપટ શું ?

ઉ.- ક્યાંકથી સાંભળી લીધું હોય કે, પરમાત્માની સેવાથી ઊંચામાં ઊંચો દેવલોક મળે છે. ત્યાં એમ થાય 'તો પછી આ જગતને આત્મા સોંપે શું વળવાનું ? માટે આ પરમાત્માને જ સોંપી દો." આ કપટ છે પણ - સંસાર તો ૫-૫૦ વર્ષની લહેર કદાચ આપી દેશે; પણ પછી દીર્ઘકાળ સુખ વિના કોરાધાકોર ! **મનુષ્યપણાની જેટલી લહેર તેટલો પછી દુર્ગતિઓનો કાળો કેર !**



આવું સમજીને સાથો સાથ પરમાત્માના ચરણે તમારું જીવન નિષ્કામ સમર્પણ કરી દો તો એનું ફળ મોક્ષ ! એ ન મળે ત્યાં સુધી ઊંચી સદ્‌ગતિ.

લક્ષ અને ધ્યેય એક માત્ર આ ભવભ્રમણમાંથી નીકળી જવું, એ હોય તો સાધનામાં જોમ અજબ આવે. પરમાત્માની અખંડિત પૂજા કરવી છે ? તો ચિત્ત પ્રસન્ન બનાવો. પરમાત્માની અખંડિત પૂજા કરવી છે ? તો હૃદયને નિર્દંભ બનાવો. પરમાત્માને સાચા ખુશ કરવા છે ? તો ધાતુમિલાપ કરો.

## શ્રી અજિતનાથજિન સ્તવન-૨

**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;**
**જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?. પંથડો. ૧**
**ચરમનયણે કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર... પંથડો...૨**
**પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય,**
**વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય... પંથડો...૩**
**તર્ક વિચારે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય,**
**અભિમત વસ્તુ રે વસ્તુગતે લહે રે, તે વિરલા જગ જોય. પંથડો...૪**
**વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર-પંથડો...૫**
**કાળ-લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ... પંથડો...૬**

## શ્રી અજિતનાથજિન સ્તવન વિવેચના-૨

**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;**
**જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?... પંથડો...૧**

ભાવાર્થઃ- હું અજેય ગુણવાળા બીજા અજિતનાથ ભગવાનનો માર્ગ જોઉં છું. (કે એ કયા રસ્તે મોક્ષે પધાર્યા?) પ્રભુ તમે જે (આંતરશત્રુને) જીત્યા તેનાથી હું જિતાઇ ગયેલો છું તો હું પુરુષ તરીકેનું નામ શી રીતે ધારણ કરી શકું?

**વિવેચનઃ**- કવિએ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં ભગવાનને પોતાના પ્રીતમ

તરીકે નક્કી કરીને, પ્રીત કોને કહેવાય એનો વિચાર કર્યો. એને ટૂંકમાં જોઈએ તો,

(૧) જગતની પ્રીત કરવાની રીત સોપાધિક અર્થાત્ આશંસાવાળી યાને બદલાવાળી હોઈને આત્મધન ખોવરાવનારી ગણી. તો પછી બહુ વિચાર કર્યા કરતાં શું પ્રભુની પાછળ આંખ મીંચીને ઝુકાવીએ નહિ ? એમ કદાચ વિચારીએ, તો એમાં મેળ ખાય એવો નથી. કેમકે આ જીવનનાં અંતે તો વિયોગ છે; અને પરભવમાં તો ફરીથી ભગવાન મળે કે કેમ ? વળી ભગવાન સાથે પ્રીત થાય એનો આ લૌકિક પ્રીતનો માર્ગ એ કોઇ માર્ગ નથી. ત્યારે....

(૨) સતીની અગ્નિસ્નાન કરીને પ્રીત કરવાની રીત પણ પરભવે એક સ્થાને ભેગા થવાની અનિશ્ચિતતા ઉપર નકામી ગણી.

(૩) ત્યારે તનના તાપ સહન કરીને પ્રીતમને રંજિત કરવાની રીત પણ તુચ્છ ગણી; કેમકે ખરેખરું રંજન તો સામાની ધાતુમાં આપણી ધાતુ મિલાવવાથી થાય; પરંતુ પ્રીત કરવાની એ રીતનો માર્ગ બહુ કપરો માર્ગ છે. કેમકે ધાતુ-મિલાપમાં પ્રભુના સ્વભાવ-રુચિ-આદર્શ-જીવનપદ્ધતિ અને સિદ્ધાંતો વગેરેને પોતાના તરીકે સર્વેસર્વા અપનાવી લેવા પડે. એ શેં થાય ? એ કાંઇ અત્યારે શક્ય નથી.

(૪) લીલાવાળા ભગવાન આપણા મનની બધી આશા પૂરી કરે છે એ વાતમાંય એવા ભગવાન સાથે પ્રીત કરવાની વાત પણ વાહિયાત ગણી; કેમકે લીલાવાળા ભગવાન પોતે જ રાગમાં ફસાયેલા હોઇ, એમની સાથે પ્રીત આપણો શો ઉદ્ધાર કરે?

(૫) એટલે છેવટે કવિએ પ્રીતની છેલ્લી રીત શોધી કાઢી કે ભગવાનની પૂજા-ભક્તિ એવી રીતની કરવી, કે જેથી આપણા ચિત્તમાં પ્રસન્નતા ઊભી થાય. એટલા જ માટે આપણે આપણું સ્વત્વ વ્યક્તિત્વ ભૂલી જઇને પ્રભુને ચરણે આપણા આત્માનું સમર્પણ કરવું જોઇએ.

આના ઉપર એ પ્રશ્ન ઊઠે કે-

**પ્રશ્ન :** સમર્પણ શી રીતે થાય?

**ઉત્તર :** આપણે પ્રભુને હૈયામાં નિકટ ને નિકટ રાખીએ, પણ જરાય છેટા ન મૂકીએ, તો સમર્પણની દિશામાં આગળ વધાય. ત્યારે અહીં વિચાર કરવો પડે કે પ્રભુ તો મોક્ષમાં પહોંચી ગયા છે, તો એમને નિકટ થવા માટે એમના માર્ગે ચાલવું પડે, પણ માર્ગની ખબર નથી, તેથી હવે કવિ બીજા અજિતનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુનો પંથ જોવાનું, માર્ગ શોધવાનું રાખે છે.

**અજિતગુણના ધામઃ**

અહીં એટલા માટે પહેલી ગાથામાં કવિ કહે છે કે- 'હે અજિત ગુણના ધામ



ભગવાન અજિતનાથ સ્વામી ! આપનો માર્ગ નિહાળું છું. આપ એવા ગુણોના ધામ છો કે જે ગુણો આ જગતમાં સાધારણ માણસ પાસે તો શું? પણ જગતના મોટા મોટા ફિરસ્તા ગણાતા દેવો પાસે પણ નથી. દા.ત. આપનામાં જે ક્ષમા અને ઉપશમ ગુણ છે, એ ગુણની સાથે સરસાઇ કરી શકે એવા કોણ દેવ છે? સંગમદેવતાએ, મહાવીર ભગવાનના લેશ પણ અપરાધ વિના, એક માત્ર ઇંદ્રે ઉચ્ચારેલા મહાવીર ભગવાનના પ્રશંસાના શબ્દો ઇંદ્રના મુખમાં પાછા નાખવા માટે, મહાવીર ભગવાન ઉપર કેવો કાળો કેર વર્તાવ્યો ? માત્ર એક જ રાતમાં એવા વીસ ઘોર ઉપસર્ગ કર્યા કે જેમાંના માત્ર એક જ ઉપસર્ગમાં સામાન્ય માણસનું તો તત્કાળ મોત જ થઇ જાય ! અને કદાચ એ ઉપસર્ગમાં તત્કાળમાં મોત ન થાય તો પણ એ ઉપસર્ગ ચાલે ત્યાં સુધીમાં રિબાઇ રિબાઇને મરવાની પીડા આવે ! એના કરતાં પણ ઘોર પીડા અનુભવવાની પ્રભુને જાણે હોંશ ન હોય તે સંગમે એવા એક રાતના વીસ ઉપસર્ગ જ નહીં, કિન્તુ પછી પણ છ-છ મહિના સુધી પ્રભુને સખ્તમાં સખ્ત રીતે રંજાડવાનું કર્યું! તોય પ્રભુને ખેદ નહિ !

રંજાડવાનું કરનારા ઘોર પાપિષ્ઠ સંગમ દેવતા પ્રત્યે (૧) પ્રભુએ જે ક્ષમા અને ઉપશમ રાખ્યા ! તેમજ (૨) સ્વાત્મામાં જે ઉચ્ચકોટિનો સામ્ય-સમતાભાવ રાખ્યો ! (૩) એથીય વધારે એ દુષ્ટ દેવતાના હારી થાકીને જવાના અવસરે હૈયામાં પ્રભુને એના પ્રત્યે જે ભાવકરુણા ઊછળી ! અને એનાં ફળસ્વરૂપે પ્રભુની આંખમાં કરુણાનાં આંસુ ઊભરાયાં! જાણે પોતાને તો કશું દુઃખ પડ્યું જ નથી, અને 'બિચારો સંગમ આ પાપના ફળરૂપે સંસારમાં કેવાં કેવાં જાલિમ દુઃખ પામશે! અને બિચારાથી એ કેમ સહ્યાં જશે ?' એની લાગણી ઊભરાઇ આવી ! લાગણી કેટલી બધી તીવ્ર કે એના પર પ્રભુના હૈયામાં ઊઠેલું રુદન આંખમાં અશ્રુરૂપે વહ્યું! આવો અતુલ અને અન્યત્ર ક્યાંય જોવા ન મળે એવો કેવોક એ કરુણાનો ગુણ ! કેવી એ ક્ષમા ! કેવોક એ ઉપશમ ! પ્રભુની સાથે ગુણની સરસાઇ કોણ કરી શકે? આ તો એક **ક્ષમા** અને **કરુણાગુણ**ની વાત. પરંતુ આપનામાં એવા અનંતગુણો છે કે જેની કોઈ જ સરસાઇ ન કરી શકે! એવા અજેય અનંત ગુણોના પ્રભુ આપ ભંડાર છો.

હું ભગવાનનો પંથ તપાસું છું કે પ્રભુ કયા માર્ગે મોક્ષે પધાર્યા? વીતરાગ ભગવાનને આ સ્તવના છે એટલે, એટલું તો નક્કી છે, કે આ ભગવાને રાગ-દ્વેષ વગેરે આંતરશત્રુને જીતી લીધા છે. હવે એ માર્ગે ચાલવાથી પ્રભુની નિકટ થવાય. પરંતુ પ્રભુ! મારા આત્માની સ્થિતિ જોઉં તો, હું તો એ બધાથી ઊલટો જિતાઇ ગયો છું. મારા અંતરમાં આંતરશત્રુઓ કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ વગેરે કૂદાકૂદ કરે છે, એટલો બધો હું એમનો ગુલામ બની ગયો છું. પછી 'હું પુરુષ છું, મરદ છું' એવું

નામ ધરાવવા પણ લાયક નથી, એટલે જો આંતરશત્રુનો વિજય કરવો હોય તો એ વિજય માટે કયો માર્ગ લેવો એ સવાલ આવીને ઊભો રહે છે. અલબત્ત આંતરશત્રુમાં રાગ-દ્વેષ મુખ્ય છે; અને રાગ-દ્વેષને કાબૂમાં લેવા માટે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ બતાવે છે કે, દરેક ઠેકાણે એવી રીતની પ્રવૃત્તિ કરવી, કે જેથી રાગદ્વેષ પોષાવાને બદલે ઘસાતા આવે. એમણે **'ઉપદેશરહસ્ય'** શાસ્ત્રમાં એમ લખ્યું છે કે,

**' तह तह पयट्टियव्वं, जह जह रागद्दोसा विलिज्जंति। '**

**અર્થાત્:-** (૧) સાંસારિક પ્રવૃત્તિ પણ કરતા હોઈએ ત્યારે એવી એવી રીતે પ્રવર્તવું, કે જેથી રાગ-દ્વેષ હ્રાસ પામતા જાય; અને (૨) રાગ-દ્વેષ હ્રાસ પામતા જાય એવી પાછી ધર્મપ્રવૃત્તિઓ પણ અવશ્ય કરવી..

આનો સાર એ કે, (૧) સાંસારિક ક્ષેત્રે જ્વલંત વૈરાગ્ય સાથે પ્રવૃત્તિ કરીએ, જેથી ઇષ્ટમાં રાગ પર અંકુશ અને અનિષ્ટમાં દ્વેષ પર અંકુશ કેળવતા જવાય; તેમજ (૨) ધાર્મિક ક્ષેત્રે ત્યાગ, તપ, શાસ્ત્રશ્રવણ, જિનભક્તિ, સાધુભક્તિ વગેરે એવા જોરદાર સેવાતા જાય, કે એમાં પ્રધાન મહાન પૂર્વપુરુષો નજર સામે રાખીને રાગ-દ્વેષને ઘસારો પાડતા જવાય.

**૧૫૦૦ તાપસોને પ્રતિબોધ :-**

ગૌતમસ્વામીજીમહારાજે અષ્ટાપદજી મહાતીર્થ ઉપર ૧૫૦૦ તાપસોને આ જ બોધ આપ્યો. તાપસો કૈલાસ(અષ્ટાપદ) શિખરે જઇ કૈલાસનાથનાં દર્શન કરવા ઉત્સુક હતા. એમણે ગૌતમસ્વામીજીને વિનંતી કરી કે 'આપ તો ઉપર જઇ આવ્યા, પરંતુ આપ અનંત લબ્ધિવંત છો તો અમને ઉપર લઇ જઇ કૈલાસનાથનાં દર્શન કરાવવા મહેરબાની કરો.'

એ વખતે ગૌતમસ્વામીજીએ કહ્યું કે- ઉપર તો મૌન કૈલાસનાથ છે, તો તમારે મૌન કૈલાસનાથનાં દર્શન કરવાં છે? કે આપણી સાથે વાત કરે એવા કૈલાસનાથનાં દર્શન કરવાં છે?

જવાબમાં પેલા શું કામ કહે કે 'મૌન કૈલાસનાથનાં દર્શન કરવાં છે? એમણે તો એ જ કહ્યું કે, 'શું બોલતા કૈલાસનાથ જોવા મળી શકે છે? તો તો એમનાં જો દર્શન મળે તો એમની પાસેથી સાચો માર્ગ સાંભળવા મળે, તેમજ અમારા દિલના સંશય પૂછી ખુલાસા પણ મેળવી શકાય. જેથી શંકા-કુશંકા હટી જઇ સાચા માર્ગ પર નિશ્ચિતપણે ચલાય. તો અમને ભાઇસા'બ! એમની પાસે જ લઇ ચાલો.'

ત્યારે ગૌતમમહારાજ કહે છે કે, 'તમે જાણો છો? જીવંત કૈલાસનાથ તો વીતરાગ સર્વજ્ઞ છે. એમનાં દર્શન આવા મલિન વેશે ન થાય.'



તાપસોએ પૂછ્યું કે, 'અમે તો ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમની તપસ્યાઓ કરીએ છીએ. પારણે માત્ર સૂકાં પાંદડાં, સૂકી સેવાળ લઇએ છીએ. એક માત્ર નાનકડા કચ્છ સિવાય કોઇ વસ્ત્રાદિનો પરિગ્રહ રાખ્યો નથી. અમારો વેશ મલિન કેવી રીતે?

ગૌતમસ્વામીજીએ શું કહ્યું જાણો છો? આ, કે "તમે આ દાઢી મૂછ વધાર્યા છે, એમાં જીવાત ભરાવાનો સંભવ છે, અને એનો કદાચ અજાણતાં આપણા હાથે અથવા એના શિકારી જીવ દ્વારા વિનાશ થવાનો સંભવ છે. તેમજ હિંસા-જૂઠ-ચોરી વગેરેના સર્વેસર્વા ત્યાગની પ્રતિજ્ઞા તમે કરી નથી એટલે પણ તમારો વેશ મલિન ગણાય. વળી જીવન જીવવામાં પણ તમારે સૂક્ષ્મ ચોરીત્યાગ, પરિગ્રહત્યાગનો અમલ નથી. કેમકે તમે પર્વત પરની સેવાળ અને પાંદડાંનો ઉપભોગ કરો છો. એમાં જો એના માલિકની રજા ન મળે તો અદત્તાદાન લાગે છે. અગર કહો કે, એના માલિક કોઇ છે નહિ એટલે ચોરી લાગે એવું નથી, તો પણ પરિગ્રહપાપનો દોષ લાગે. તમે ગમે ત્યાંથી સેવાળ વગેરે નિઃસંકોચ લઇ શકો છો એનો મતલબ તો એ થયો કે, તમે આખા પર્વતનો પરિગ્રહ રાખ્યો, એટલે જ તમે ગમે ત્યાંથી માલ ઉપાડવાની છૂટ રાખી. આમ જ્યાં સુધી પાપસ્થાનકનો સર્વેસર્વા ત્યાગ ન કરો, ત્યાં સુધી તમારા અંતરના રાગદ્વેષને જીતી નહીં શકો. તો પછી જેમણે રાગદ્વેષનો સંપૂર્ણ નાશ કર્યો છે એવા વીતરાગ ભગવાનને મળીને શું કરશો ? કેમકે એ વીતરાગપરમાત્માનાં દર્શન-મિલન-ઉપાસના વગેરે શા માટે છે ? એમના જેવા વીતરાગ બનવા માટે જ છે ને ? એ કૈલાસનાથે એવા બનવા માટે જે કામ કર્યું તે આપણે કરવાનું છે, અર્થાત્ આપણે આપણા રાગાદિ દોષ નિર્મૂળ કરવાના છે."

તાપસોએ તરત ગૌતમસ્વામીનું માની લીધું, સાધુ બની ગયા! અને નીચે આવ્યા. ગૌતમસ્વામીએ બાજુના નાના ગામડામાંથી ખીર વહોરી લાવી 'અક્ષીણ-મહાનસ-લબ્ધિ'થી ૧૫૦૦ તાપસોને પારણા માટે પીરસી. અહીં તાપસોને પારણામાં કોઇ મન નથી; પરંતુ એ તો, ગુરુ ગૌતમમહારાજની હિતશિક્ષા મુજબ કૈલાસનાથ ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરી એમની વાણી સાંભળીને, પોતાના રાગાદિ દોષો ખત્મ કરવાની ભાવનામાં ચડેલા છે! આ ભાવના કેટલી બધી પ્રબળ કે એમાંના ૫૦૦ તાપસો ખીર ખાતાં ખાતાં, 'ઓહ! આવા કૈલાસનાથ કે જેમના શિષ્ય એક પાત્રી ખીરમાંથી ૧૫૦૦ને પેટપૂર જમાડી શકે છે?' એમ કૈલાસનાથ પર ઓવારી જતા ઉચ્ચ ભાવનામાં ચડ્યા છે, તે રાગાદિનો સંપૂર્ણ ક્ષય કરી એ વીતરાગ બનીને કેવલજ્ઞાન પામ્યા ! બીજા ૫૦૦ ત્યાંથી ચાલી આગળ જતાં સમવસરણ અને એના પર બિરાજમાન ભગવાનને જોતાં સ્તબ્ધ થઇ જઇ, 'ઓહો ! આવા ઐશ્વર્યવાળા કૈલાસનાથ !' એમ

ભાવનામાં ચડતાં વીતરાગ થઇ કેવલજ્ઞાન પામ્યા! અને ત્રીજા ૫૦૦ સમવસરણના પહેલા પગથિયે ભગવાનની ૩૫ અતિશયવાળી વાણીનો રણકાર કાનમાં આવતાં, 'ઓહો ! આવી અજબ-ગજબની મધુર વાણીવાળા કૈલાસનાથ !'' એમ ભાવનામાં ચડતાં રાગદ્વેષ પલાયન ! તે વીતરાગ બની કેવલજ્ઞાન પામ્યા!

**પ્રશ્ન :** શું રાગાદિ આંતરશત્રુને જીતી લેવા આટલા બધા સહેલા છે?

એમ તો મરુદેવામાતા દીકરા-ઋષભની દીક્ષાથી માંડીને એક હજાર વર્ષ સુધી દીકરાના પ્રેમમાં રુદન કરતાં હતાં; તે હવે ઋષભદેવ તીર્થંકર થઇને આવ્યા, તે એમના પૌત્ર ભરતચક્રી, એમને 'દીકરો કેવો અલૌકિક ઐશ્વર્યવાળો થયો છે,' એ જોવા માટે લઇ ગયા, તો દૂરથી માત્ર જોતાં જોતાં જ રાગાદિ શત્રુનો નાશ કરી કેવળજ્ઞાન અને પછી તરતમાં મોક્ષ પામેલાં! તો શું રાગાદિ દોષોને નષ્ટ કરવા એ એટલું બધું સહેલું કામ છે?

**ઉત્તર :** આંતરશત્રુ રાગાદિને જીતવા એમ કાંઇ સહેલા નથી. બે મોટા રાજ્યના માલિક નમિરાજર્ષિ સામાન્ય નિમિત્ત પર સંસારમાંથી ઊભા થઇ ગયા! અને પ્રત્યેકબુદ્ધ મુનિ બની સંસારમાંથી નીકળી ગયા ! ત્યાં ઇંદ્ર એમના જ્વલંત વૈરાગ્યથી ચકિત થઇ બ્રાહ્મણરૂપે નીચે આવી, એમને કહે છે કે 'તમે સંસારનાં કામ અધૂરાં મૂકી શા માટે જાઓ ? તમારે હજી બળવાખોર રાજાઓને જીતવાનાં છે. તે જીતીને વિજેતા બની પછી જાઓ. ત્યારે નમિરાજર્ષિ કહે છે–

**जो सहस्सं सहस्साणं संगमे दुज्जए जिणे।**
**एवं जिणेज्ज अप्पाणं एस से परमो जओ॥**

સંગ્રામમાં જે જીતવા મુશ્કેલ એવા હજારોને જીતે, તે કાંઇ વિજેતા નથી, પરંતુ જે પોતાના એક આત્માને જીતે, એનો એ વિજય ઉત્કૃષ્ટ વિજય છે. બાહ્યશત્રુને જીતનારો તો બિચારો અંદરના રોગ, જરા અને મૃત્યુથી હારેલો છે. બિચારો બ્રહ્મદત્ત, છ ખંડને જીતનારો ચક્રવર્તી છતાં 'હે કુરુમતી! હે કુરુમતી!' કરતો રોતો રોતો મર્યો ! તો એ શાનો વિજેતા ? માટે જે પોતાના આત્મશત્રુને યાને આંતરશત્રુને જીતે છે, તે જ વિજય શ્રેષ્ઠ છે.

અહીં કવિ સમજે છે કે સમસ્ત રાગ-દ્વેષને ખલાસ કરવાનો માર્ગ બહુ કપરો છે, તેથી પ્રભુને વિનવે છે, 'હે પ્રભુ!

**''જે તેં જીત્યા રે, તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ?''**

અર્થાત્ ''રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મોહ-મદ-મત્સર આદિ જે આંતરશત્રુ તમે જીત્યા છે, એ બધાથી હું જિતાયેલો છું. મારામાં મર્દાનગી ક્યાં છે ? હું તો નામથી 'પુરુષ' છું.''



અહીં ભગવાનનો માર્ગ શોધતાં પહેલાં કવિ પોતાના આત્માની પરિસ્થિતિ તપાસે છે કે હું ક્યાં છું? તે તપાસમાં દેખે છે કે 'પ્રભુએ તો બધા આંતરશત્રુને જીત્યા છે; જ્યારે હું બધા શત્રુથી જિતાયેલો છું, છતાં કવિ નિરાશા કરતા નથી. કારણ કે (૧) ભગવાનને પ્રીતમ સ્વામી બનાવ્યા પછી સ્વામીના માર્ગે ચાલવું છે, તો ચાલવા માટે કવિ સાવધાની ઇચ્છે છે, ને તે સાવધાની માટે પોતાની ખામી નબળાઇ વિચારી લે છે કે 'હું શત્રુથી પીડાયેલો, ઘેરાયેલો-દબાયેલો છું, માટે મારે ગફલત કરવી નહીં.' વળી

(૨) જાતનું નિરીક્ષણ કર્યું કે 'હું તો હારેલો છું.' જીવને જો આ ખ્યાલ રહે, તો અભિમાન નામશેષ થઇ જાય, પછી પોતે વધારે ધર્મ અને બીજાઓ ઓછો ધર્મ કરતા દેખાય, ત્યારે પોતાને અભિમાન ન થાય કે 'હું આના કરતાં ઊંચો છું' કારણ કે પોતાને ભાન છે કે ''ભગવાને જે કામ કર્યું છે, એમાનું મેં શું કર્યું ? ભગવાને જે શત્રુને જીત્યા છે, તેનાથી હું જિતાયેલો છું, મારે કર્મની પરવશતા અને આંતરશત્રુની પરતંત્રતા છે, ગુલામી છે. ગુલામને વળી અભિમાન શા?''

કવિ આટલી સાવધાની રાખીને હવે એમાં માર્ગ શોધતાં કહે છે–

**ચરમનયણે કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર... પંથડો...૨**

**ભાવાર્થ :-** પ્રભુનો આંતરશત્રુ જીતવાનો માર્ગ જો ચર્મચક્ષુથી જોવા જઇએ, તો એમાં (નિર્ણય લેવા જતાં) આખા જગતના જીવો ભૂલા પડેલા છે; અને જે ચક્ષુએ પ્રભુનો એ અતીન્દ્રિય માર્ગ દેખાય, તે ચક્ષુ તરીકે તો દિવ્યચક્ષુ જ કામ લાગે.

**વિવેચનઃ-** અહીં કદાચ કોઇ કહે કે, એ આંતરશત્રુ જીતવાનો પ્રભુનો માર્ગ આંખેથી દેખી લો ને? તો કવિ કહે છે કે, 'એ માર્ગ તો અતીન્દ્રિય છે, એને ચામડાની આંખે ન જોઇ શકાય. ત્યારે ચામડાની આંખે જોવા માટે પ્રયત્ન કરનારું આખું જગત ભૂલું પડેલું છે, કેમકે, બાહ્યચક્ષુથી એના માર્ગ તરીકે જે ધર્મ બતાવે છે, તે વાસ્તવમાં ધર્મ નથી પણ અધર્મ છે. જૈનેતર બધા અસર્વજ્ઞ દાર્શનિકોની આ સ્થિતિ છે કે મોક્ષ અને મોક્ષનો માર્ગ અતીન્દ્રિય હોઇને પોતાને એનું પ્રત્યક્ષ દર્શન થતું નથી, એટલે પછી તર્ક ને સ્થૂલબુદ્ધિથી માર્ગ નક્કી કરે છે.

કેટલાક કહે છે કે, **'ज्ञान-वैराग्याभ्यां मोक्षः।'** એટલે કે, 'જ્ઞાન અને વૈરાગ્યથી મોક્ષ થાય' પરંતુ એવું જો હોય તો તો શાસ્ત્ર ભણવા અને વૈરાગ્ય રાખવા સિવાય ત્યાગ, તપસ્યા, મહાવ્રત-સ્વીકાર વગેરે કશું કરવાની ખટપટ જ રહે નહિ ! તો શું ઊંચા ખાનપાન-વિલાસ વગેરે કરતા રહીને માત્ર મનમાં વૈરાગ્ય રાખીને મોક્ષ થાય ?

કદાચ કહો−

**પ્રશ્ન :** ઊંચા ખાનપાનાદિ કરે એનામાં વૈરાગ્ય જ ક્યાં છે કે મોક્ષ થાય?

**ઉત્તર :** અહીં સમજવા જેવું છે કે 'વૈરાગ્ય' એટલે શું? 'વૈરાગ્ય' એટલે રાગનો અભાવ નહીં. રાગના અભાવને તો વીતરાગતા કહેવાય. એ જ્યાં સુધી ન આવી હોય ત્યાં સુધી દેહ ટકાવવા ખાનપાનાદિ કરે, એ વખતે એનાં દિલમાં વૈરાગ્ય હોઇ શકે છે; અને આ વૈરાગ્ય એટલે વિરસતા, અર્થાત્ રસરહિતપણું. એ ખાન-પાનાદિમાં એને એવો રસ ન હોય. કેમકે અંદરખાને એ સમજે છે કે, ''અત્યાર સુધી મેં ખાઇ ખાઇને જ બગાડ્યું છે, માટે આ 'ખાઉં ખાઉં' ખોટું છે.'' એમ એને ખાનપાનાદિ પર અભાવ છે, નફરત છે, તેથી અલબત એને વિષયોનો હજી રાગ છૂટ્યો નથી, પરંતુ એમાં એને ભડક ઊભી થઇ છે કે 'હાય ! ત્યાગ, તપ મૂકીને આ ખાઉં-ખાઉં રાખવામાં મારું શું થશે?' એવી રીતે 'પૈસા-પત્ની-પરિવાર-બંગલો-મોટર વગેરે મને પરભવે મારનારા છે', -એમ વૈરાગ્ય યાને આંતરિક ખેદ આવી શકે છે પરંતુ એનો રાગ કાઢવા માટે ઉપાય બાકી રહ્યો.

સારાંશ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત કર્યા પછી હવે વિરસ લાગતા વિષયોના ત્યાગની સાધના કરવાની ઊભી રહે છે, તેથી જ્ઞાન-વૈરાગ્ય ઉપરાંત ત્યાગ અને ચારિત્ર પણ મોક્ષનો એક માર્ગ છે, ને એ સ્વીકારવો જોઇએ, તો જ મોક્ષ થાય.

ત્યારે ન્યાયદર્શનવાળા કેટલાક વળી સ્થૂલ બુદ્ધિથી માત્ર તત્ત્વજ્ઞાનથી મોક્ષ માને છે, તો મોક્ષમાર્ગમાંથી અહીં તો વૈરાગ્ય પણ નીકળી ગયો ! ઉપરાંત એ કહે છે કે 'મિથ્યાજ્ઞાનથી આત્મા બંધાયેલો હતો, તત્ત્વજ્ઞાન કરો, એટલે આત્માનો મોક્ષ થાય,' કિન્તુ તત્ત્વજ્ઞાન તો શ્રદ્ધા વિનાનું પણ હોઇ શકે છે, એટલે શ્રદ્ધાને પણ મોક્ષમાર્ગ કહેવો જોઇએ, તેથી ન્યાયદર્શનમાં, મોક્ષમાર્ગમાં શ્રદ્ધાની પણ અધુરાશ રહી. અગર કહો−

**પ્રશ્ન :** જ્ઞાન પામે એટલે શ્રદ્ધા તો આવી જ ગઇ ને? શ્રદ્ધાને વળી જુદું કારણ માનવાની શી જરૂર?

**ઉત્તર :** જરૂર આટલા માટે, કે જ્ઞાન જો 'પ્રતિભાસ જ્ઞાન' હોય, તો તે નકામું. જ્ઞાન 'પરિણતિજ્ઞાન' જોઇએ. ને જ્ઞાનને એવું પરિણતિરૂપ બનાવનાર શ્રદ્ધા છે, સમ્યગ્દર્શન છે, એનાથી પરિણતિ જ્ઞાન આવે. એ માટે આ જોઇએ કે, **જે જે તત્ત્વ જેવાં જેવાં સ્વરૂપનું હોય, તેની તેની પ્રત્યે તે તે સ્વરૂપને અનુરૂપ મનનું વલણ જોઇએ, તો જ એનું જ્ઞાન પરિણતિરૂપ બને.**

દા.ત. અરિહંતપ્રભુના આગમ-દ્વાદશાંગીના તત્ત્વનો સાર આ છે, કે- **'આશ્રવઃ સર્વથા હેયઃ ઉપાદેયશ્ચ સંવરઃ'** આશ્રવો અત્યંત ત્યાજ્ય છે, અને સંવર (અત્યંત)



ઉપાદેય છે. પણ આટલું જાણવા માત્રથી ન ચાલે, કિન્તુ આ હેય અને ઉપાદેય તત્ત્વનાં જ્ઞાનની સાથે એના સ્વરૂપને અનુરૂપ ચિત્તનું વલણ જોઇએ, સ્વરૂપને અનુરૂપ વલણ એટલે કે−

આશ્રવનું સ્વરૂપ મહાઅનર્થકારી છે, આત્મ-વિનાશક છે, માટે અત્યંત ત્યાજ્ય સ્વરૂપ છે. તો એ આશ્રવ પ્રત્યે એને અનુરૂપ વલણ યાને છાજતું વલણ ઘૃણાનું, અરુચિનું, ભયનું હોય. આશ્રવનું નામ પડે ત્યાં ભય લાગે, અભાવ થાય.

એમ સંવરનું સ્વરૂપ મહાકલ્યાણકારી અને ઉપાદેયસ્વરૂપ છે, તો સંવર પ્રત્યે એને અનુરૂપ વલણ તરીકે રુચિ-આકર્ષણ-આલ્હાદ હોય. સંવરનું નામ પડે ત્યાં આલ્હાદ થાય.

જ્ઞાનની સાથે સાથે શ્રદ્ધાની પરિણતિ કેળવે તો જ આ થાય. એકલા તત્ત્વજ્ઞાનથી ઉદ્ધાર નથી. હેય તત્ત્વ છે, તો ભય લાગવો જોઇએ. સાધુઓને, 'મીઠા મીઠા રસનો ત્યાગ કરો,' એમ જ્ઞાનીઓ કહે છે, કેમકે એ આશ્રવ છે, એ હેય છે, તો સાધુને મીઠા રસ પ્રત્યે નફરત હોય, ભય હોય. ગૃહસ્થોને પૈસા મીઠા મીઠા લાગે, એ મહાઆશ્રવ છે, તો ત્યાં એને ભય લાગે. આમ જ્ઞાનની સાથે સાથે શ્રદ્ધાની પરિણતિ જોઇએ. જેવા સ્વરૂપનું તત્ત્વ, એને અનુરૂપ વલણ-પરિણતિ, એનું નામ શ્રદ્ધા. દુન્યવી વિષયો, ક્રોધાદિ કષાયો, અને હિંસાદિ પાપો આ બધું હેયસ્વરૂપ છે, એનું મારનારું સ્વરૂપ છે; તો એના તરફ ભયની પરિણતિ જોઇએ.

**પૈસામાં દુર્ગંધ :-**

સંન્યાસી હતો. દેશદેશ ફરતાં ફરતાં એક નગરમાં ગયો. લોકો નમસ્કાર અર્થે આવવા લાગ્યા, પ્રસિદ્ધિ થઇ એટલે રાજા પણ આવ્યા. **'रिक्तपाणिर्न पश्येत् हि राजानं दैवतं गुरुम्।'** રાજા, ઇષ્ટદેવ અને ગુરુનાં દર્શન ખાલી હાથે ન કરાય. એટલે રાજા સોનામહોરની થેલી લઇને આવેલ, તે સંન્યાસી આગળ ઢગલો કરીને મૂકી. સંન્યાસીએ મોં મચકોડ્યું.

ત્યારે રાજા કહે 'આમ કેમ ?'

સંન્યાસી કહે 'આમાં મને દુર્ગંધ આવે છે, તમે આ પાછી ઉપાડી લો.'

રાજા કહે- 'આમાં દુર્ગંધ ? મને દેખાડો દુર્ગંધ.'

સંન્યાસી કહે, 'રાજન્ ! તમને દુર્ગંધ ન આવે, મને આવે છે. તમે કાલે આવજો, તમને બતાવીશ.' બીજે દિવસે રાજા આવ્યો, રાજાને લઇને સંન્યાસી ચમારવાસમાં ગયો, ત્યાં એક ચમારના ઘરે લઇ ગયો. ઘરનાં પગથિયાં ચડતાં ત્યાં ચોકમાં ચામડાને નરમ કરવા એના પર એસીડવાળું પાણી નાખ્યું છે, ચામડાં એનાથી

નરમ થાય, તો રાજાને કોહવાતા ચામડાની દુર્ગંધ આવવા લાગી. એણે નાકે ડૂચો ઘાલ્યો. ત્યાં ઘરમાંથી એક છોકરી આવી.

સંન્યાસી રાજાને કહે, 'રાજન્! ડૂચો કેમ માર્યો છે ?'

રાજા કહે, 'મને દુર્ગંધ આવે છે.'

'તો આ છોકરીને દુર્ગંધ નહીં લાગતી હોય ? એણે ક્યાં નાકે ડૂચો માર્યો છે ?

રાજાએ છોકરીને પૂછ્યું, 'તને દુર્ગંધ નથી લાગતી ?'

ત્યારે ચમારની છોકરી કહે, 'ના, મને તો કશી દુર્ગંધ નથી લાગતી.'

સંન્યાસી કહે, "જોયું રાજન્ ? જેમ આને આમાં ને આમાં જ રહેવાનું છે, તેથી આને કશી દુર્ગંધ નથી લાગતી, પણ તમે બહાર રહો છો, તેથી તમને દુર્ગંધ લાગે છે. એમ તમે પૈસામાં ને પૈસામાં રહો છો, એટલે તમને પણ પૈસાની દુર્ગંધ નથી લાગતી, પણ અમે બહાર રહીએ છીએ તેથી દુર્ગંધ અમને લાગે છે."

સંન્યાસીએ શું કર્યું ? મનમાં પૈસાની દુર્ગંધ યાને અરુચિ ઊભી કરવાની પરિણતિ ઊભી કરી હતી, એમ આપણા દિલમાં આશ્રવની પ્રત્યે અરુચિની પરિણતિ ઊભી થવી જોઇએ. આશ્રવ ઉપર જુગુપ્સા-ઘૃણા કરવી જોઇએ.

વળી સ્થૂલબુદ્ધિથી મીમાંસકો કહે છે કે, 'જ્ઞાન વગેરે બધું નકામું છે. ક્રિયા કરો, ક્રિયાકાંડથી મોક્ષ થાય.' આ પણ અધૂરા છે. એમનો માર્ગ પણ મોક્ષમાર્ગ નથી.

વેદાન્તી કહે છે કે, 'વેદને માને તે આસ્તિક, નહીં તો નાસ્તિક.' એટલે? જે સર્વજ્ઞવચનને માનનારા માટે વાસ્તવિક રીતે આસ્તિક હતા, તેને નાસ્તિક કહ્યા! આ મોટું અજ્ઞાન કહેવાય. પણ વેદાન્તીને ત્યાં કોઇ સર્વજ્ઞ હોતું નથી, તેથી એમને વેદનો જ આધાર. તે વેદને નિત્ય શબ્દરૂપ માને છે. ત્યાં એ ખ્યાલ ન રહ્યો કે તો પછી એનો સાચો અર્થ કોણ કહેશે? જો અધૂરો જ્ઞાની કહે, તો એના કહેવામાં યથાર્થપણું છે એ વિશ્વાસ કેમ મૂકાય? અતીન્દ્રિય તત્ત્વોનું ને અતીન્દ્રિય પદાર્થોનું યથાર્થ સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ વિના કોણ કરી શકે? આંખથી યાને સ્થૂલબુદ્ધિથી જોનારા આ વેદાન્તી પાછા ભૂલા પડી જાય છે.

જેમકે વેદાન્તી કહે છે કે, "જૈનો નહાતા નથી, માટે એમની પાસે ધર્મ નથી. ધર્મના પાયામાં શૌચ છે, શૌચના પાયા પર ધર્મ હોય. જો સ્નાનથી એ શૌચ નહિ, તો મૂળમાં જ અશૌચ ! અશુચિના પાયા પર ધર્મ હોય જ નહીં."

**ચિલાતીપુત્ર :-**

ચિલાતીપુત્ર પૂર્વ જન્મમાં વેદ-શાસ્ત્રનો વિદ્વાન બ્રાહ્મણ પુરોહિત હતો. વિદ્વત્તાનો એને ઘમંડ, તે 'વૈદિકધર્મ જ સાચો, બીજા ખોટા,' એમ બીજા ધર્મવાળાને ખોટા



પાડતો. એમાં એણે જૈન સાધુ સાથે વાદ કર્યો, પોતે પહેલે તબક્કે હારી ન જાય એ માટે સાધુને પ્રશ્ન ન કરવા દેતાં, ઝટ પોતે જ પ્રશ્નોની પહેલ કરી, એણે સાધુને ચાર પ્રશ્ન કર્યા.

**વેદાન્તીના ચાર પ્રશ્નો :-**

(૧) "શૌચ-પવિત્રતા વિના ધર્મ જ ન હોય, તમે સ્નાન જ નથી કરતા તો તમારી પાસે ધર્મ જ ક્યાં છે ?

(૨) મહાઉપકારી સૂર્યની તમે પૂજા નથી કરતા, તમે કૃતજ્ઞ ક્યાં છો ?

(૩) અનાદિ વેદને તમે માનતા નથી, તો તમે નાસ્તિક છો; આસ્તિક શાના ?

(૪) ઈશ્વરને તમે જગત્કર્તા માનતા નથી, તમે અભિમાની છો, અભિમાની પાસે ધર્મ શો ?"

**સાધુએ જવાબ આપ્યા :**

(૧) "મહાભારતમાં પાંચ સ્નાન કહ્યાં છે. એમાં અહિંસા-સત્ય-અસ્તેય અને બ્રહ્મચર્ય, આ ચારને શ્રેષ્ઠ સ્નાન કહ્યા પછી પાંચમું જળ-સ્નાન કહ્યું છે, એ જઘન્ય સ્નાન છે. મહાસ્નાનમાં ઝીલતા એવા અમારે હિંસામય જઘન્ય જલસ્નાનની શી જરૂર ?

(૨) સૂર્યને ઉપકારી માની સવારે તમે સૂર્યપૂજા તો કરો છો, પરંતુ સૂર્ય બિચારો જ્યારે સાંજે અસ્તાચલ પરથી સમુદ્રમાં ડૂબી જાય છે, મહાઆફતમાં આવે છે, પછી રાતના તમે લાડવા-પાણી ઉડાવો છો ! આ તમારી કૃતજ્ઞતા ? જ્યારે અમે સૂર્ય પર આવી મોટી સમુદ્રમાં ડૂબી જવાની આફત આવતાં જ ખાનપાન બંધ કરી દઇએ છીએ, તે યાવત્ બીજી સવારે સૂર્ય પાછો ઉદય ન પામે ત્યાં સુધીને માટે ખાનપાન બંધ ! એટલે સૂર્ય પ્રત્યે કૃતજ્ઞ અને સૂર્યના ખરેખરા ઉપાસક તો અમે છીએ.

(૩) તમે વેદને અનાદિ અને પ્રમાણભૂત માની આસ્તિક હોવાનો દાવો રાખો છો, પરંતુ ખરેખર તો વેદે કરેલી આજ્ઞા પાળતા નથી. વેદમાં મુખ્યપણે **'मा हिंस्यात् सर्वभूतानि'** એમ કોઇ પણ જીવની હિંસા ન કરવી એવી મુખ્ય આજ્ઞા કરી છે, છતાં તમે યજ્ઞયાગાદિમાં બકરા વગેરેની હિંસા કરો છો. આહુતિના કુંડ આખો દિવસ અગ્નિ-ધીકતા રાખી, કેટલાય ઊડતા જીવો અને વાયુકાયના અસંખ્ય જીવો મરે, એની પરવા રાખતા નથી. વેદની સર્વોપરી અહિંસાની આજ્ઞા તમે ક્યાં પાળી ? એટલે એમ કહો, કે ઉચ્ચારણમાં અમે વેદ માનીએ છીએ એટલું જ, પરંતુ પ્રવૃત્તિમાં વેદની અહિંસાની આજ્ઞાનો ભંગ કરીને આચરણથી વેદ નથી માનતા. વાસ્તવમાં તો વેદની અહિંસાની આજ્ઞા અમે માનનારા છીએ કે જે અગ્નિ-પાણી-વનસ્પતિને અડવા માત્રથી પણ હિંસા નથી કરતા.

(૪) અલબત્ત અમે જગત્કર્તા ઈશ્વર માનતા નથી, પરંતુ તમે જગત્કર્તા ઈશ્વરની કલ્પના કરીને તમે એને મોટો ખૂની બનાવી દીધો! કેમકે તમારા મતે ઈશ્વરની ઈચ્છા વિના એક પાંદડું પણે હલે નહિ. તાત્પર્ય, જગતનાં કાર્ય માત્રમાં ઈશ્વર પ્રેરક છે, કર્તા છે; એટલે હવે કોઇ ખૂનીએ ખૂન કર્યું તો એ ખૂનમાં પણ ઈશ્વરની પ્રેરણા યાને ઈશ્વરકર્તૃત્વ માનવું પડશે ! જેમ પૃથ્વી પર્વત વગેરે જગતનાં મોટાં કાર્ય છે, તેમ આ ખૂન એ પણ જગતમાંનું કાર્ય છે. એનો કર્તા ઈશ્વર! આ તમે ઈશ્વરની શોભા વધારી ? કે ઈશ્વરની હીનતા કરી ? નાલેશી કરી ? તમારે ઈશ્વરને તો જગતમાં ચાલી રહેલ સંહાર-ખૂન-દુરાચાર વગેરે પાપો થવામાં એના કર્તા તરીકે માનવો જ પડે! સમુદ્રમાં 'મત્સ્ય-ગલાગલ' ન્યાય ચાલે છે. સમુદ્રમાં તો મોટું માછલું નાનાને ખાય, નાનો એથી નાનાને ખાય. આ મત્સ્યગલાગલ ન્યાયથી મત્સ્ય-ભક્ષણનાં કાર્યમાં પણ ઈશ્વરને કર્તા માનવો પડે! આ શું ઈશ્વરને માટે શોભારૂપ છે?

અગર તમે કહો કે–

**પ્રશ્ન :** ઈશ્વર તો જીવોના પાપોના ભોગવટામાં ન્યાયાધીશ છે. ન્યાયાધીશ ખૂનીને જેલની સજા ફરમાવે, એમાં ન્યાયાધીશ ખૂની કે ગુનેગાર નથી ગણાતા, એમ ઈશ્વર પણ ગુનેગારને માત્ર ન્યાય ચુકવે છે.

**ઉત્તર :** તો અહીં મૂળ સવાલ તો એ છે કે ગુનેગારે ગુનો કર્યો, એ ગુનાના કાર્યમાં ઈશ્વર કર્તા ખરો કે નહિ ? જો 'ના' કહો, તો ઈશ્વરનું સમસ્ત કાર્યમાં કર્તૃત્વ ન રહ્યું! અને જો 'હા' કહો તો ઈશ્વર ત્યાં જ ગુનેગાર છે.! વળી ઈશ્વરને તમે સર્વશક્તિમાન માનો છો, તો પછી શક્તિમાન ઈશ્વરે એ ગુનો કરનારને ગુનો કરતાં પહેલા જ કેમ અટકાવ્યો નહિ ? એ ખૂનનો ગુનો કરવા જાય ત્યાં જ એનો હાથ સજ્જડબમ કરી દેવો હતો ને ? કોઇ જૂઠ બોલવા જાય ત્યાં જ એની જીભ સજ્જડબમ કરી દેવી હતી ને ? કોઇ દુરાચાર કરવા જાય ત્યાં જ એના આખા શરીરને લાકડા જેવું સ્થંભિત કરી દેવું હતું ને ? તો એ જીવો ગુનો કરતા અટકી જાત ને ? ત્યાં જો ઈશ્વરની શક્તિ ન ચાલી, તો ઈશ્વર સર્વશક્તિમાન પણ ન રહ્યો !

સારાંશ, ઈશ્વર જગત્કર્તા પણ નથી, અને સર્વશક્તિમાન પણ નથી.

**ખરેખર તો ઈશ્વર જગતને બનાવનાર નહિ પણ જગતને બતાવનાર છે.** જગત કેવું છે, અને જગતમાં કેવા કેવા બનાવો કેવા કેવા કારણથી નીપજે છે, તે બધું ઈશ્વર બતાવનાર છે.'' પુરોહિત બ્રાહ્મણ આનો કોઇ ઉત્તર આપી શક્યો નહિં, તેથી શરત મુજબ એને જૈન સાધુ બની જવું પડ્યું તો બીજા ભવે ચિલાતીપુત્ર મહાત્મા બન્યા.

આ એના ઉપર વાત ચાલી, કે સ્થૂલબુદ્ધિથી પ્રભુનો માર્ગ જોવા જાય તો



વેદાંતીની જેમ ભૂલા પડી જવાય. પુરોહિતના ચાર પ્રશ્નો જેવી સ્થૂલબુદ્ધિની માન્યતા ધરાવતા હોય, એ બિચારા ભૂલા જ પડેલા છે ને?

હવે જ્યારે વૈદિકધર્મથી જીવ પેલા પુરોહિતની જેમ ભૂલો પડી જાય છે તો જૈનધર્મથી સૂક્ષ્મબુદ્ધિનો માર્ગ જોતાં જીવ કેવો ઠેકાણે આવી જાય છે, એ આપણને આ પુરોહિત બ્રાહ્મણના સાધુ બન્યા પછી એનું સાધુ-જીવન જોતાં બરાબર સમજાય એવું છે.

પુરોહિતે સાધુ જીવનની સૂક્ષ્મતા એવી જોઇ, કે જૈનસાધુસંઘમાં દાખલ થયા પછી તો એમણે જૈનધર્મનું અદ્ભુત ચારિત્રજીવન જે જોયું, એમાંય પહેલા નંબરે જીવની અહિંસામાં જગતના જીવોના સૂક્ષ્મ પ્રકાર અને એમાંય સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની પણ જતના-દયા-અહિંસા પાળવાના સમિતિ-ગુપ્તિ વગેરે સચોટ ઉપાયો જે જોયા, અને વ્યવસ્થિત સાધ્વાચારની રીત-રસમો, તેમજ એવું જ બીજાં મહાવ્રતો અંગે જૈનધર્મનું જે જોયું, તેથી તે એવા પ્રભાવિત થઇ ગયા, કે એમને વારે વારે અહોભાવ થવા લાગ્યો કે, 'અહો! અહો! આ મને કેવું અદ્ભુત જિનશાસન મળ્યું!' એટલો માત્ર પ્રશંસા, અહોભાવ જ નહિ કિન્તુ પોતાના જીવનમાં એનું સૂક્ષ્મતાથી પાલન અપનાવ્યું. તે એવું, કે એથી એમણે પોતાના સંસારકાળને બહુ મર્યાદિત કરી નાંખ્યો!

અલબત્ત, એમણે જૈનધર્મ પામ્યા પછી હવે ચર્મચક્ષુ યાને સ્થૂલબુદ્ધિનો નહિ, કિન્તુ સર્વજ્ઞકથિત સૂક્ષ્મબુદ્ધિનો આરાધના-માર્ગ પરખી, અહિંસા-સંયમ-તપરૂપ ચારિત્ર-ધર્મનું પાલન અદ્ભુત કર્યું, પરંતુ એમાં વચમાં સહેજ બે ભૂલ થઇ ગઇ કે–

(૧) એકવાર પૂર્વના બ્રાહ્મણધર્મના શૌચ-સંસ્કારના યોગે મનને વિચાર આવ્યો કે- 'અરે! આ શરીર પસીનાથી કેવું મેલું દેખાય છે ! ભગવાને ભલે સ્નાનની ના પાડી, પણ શરીરે માત્ર એક ભીનું પોતું ફેરવવાની રજા આપી હોત તો સારું થાત' એમ શરીર પરના મેલથી દુગંછાથી નીચગોત્ર કર્મ બાંધ્યું, અને એથી એની પછીના ભવે એક ચિલાતી નામની દાસીના પુત્ર તરીકે જનમવું પડ્યું ! વળી પૂર્વે બીજી એક ભૂલ,

(૨) ચારિત્ર-જીવનમાં પૂર્વની પત્નીનો મોહ સ્ફુરી આવ્યો, તેથી ઊભા થયેલા મોહનીય કર્મના ઉદયે પૂર્વપત્ની જે અહીં એ જ ચિલાતી-દાસીના શેઠની કન્યા તરીકે થયેલી, તેના પર મોહાંધ બનતાં, શેઠે આ ચિલાતીપુત્રને કાઢી મૂકેલો. તે લૂંટારો થયો. પૂર્વના બાંધેલા મોહનીયકર્મે આને ક્યાં સુધી ઘસડ્યો ? અરે ! એકલી લૂંટારાગીરી સુધી જ નહિ, કિન્તુ આગળ પર છોકરીને ઉપાડી ભાગી જવા સુધી ઘસડ્યો ! વધારામાં છોકરીનો બાપ તથા ભાઇઓ પાછળ પડ્યા, તે છોકરી એમના હાથમાં ન જવા દેવા માટે ચિલાતીપુત્રને છોકરીનું ડોકું કાપી નાખવા સુધી મોહનીય કર્મે ઘસડ્યો ! પરંતુ પૂર્વની જબરજસ્ત સંયમ-સાધનાનું પુણ્ય હવે આગળ આવ્યું. તે ત્યાં જંગલમાં છોકરીનું

ડોકું અને તલવાર લઇ ભાગતાં, વિદ્યાધર મુનિ મળ્યા. એમના શ્રીમુખેથી ઉપશમ-સંવર-વિવેક એ ત્રણ પદ મળ્યાં, એમાં એને પૂર્વભવ યાદ આવ્યો, અને ત્યાં જ એણે સંસાર વોસિરાવી, સર્વવિરતિ ઉચ્ચરી લઇને ત્યાં જ કાયોત્સર્ગ-ધ્યાને રહેવાનું કર્યું. બીજી બાજુ પેલી છોકરીના ડોકામાંથી પોતાના શરીર પર પડેલા લોહીની ગંધથી કીડીઓ ખેંચાઇ આવી. લોહી ખાવા તે શરીરને કોચી રહી છે, પણ હજારો કીડીના આ કારમા ડંખ એ શાંતિથી સમતાભાવે સહન કરે છે.

આ શાનો પ્રતાપ ? પૂર્વભવમાં ચર્મચક્ષુથી અર્થાત્ સ્થૂલબુદ્ધિથી કલ્પાયેલા ઇતરધર્મને મૂકી એણે સૂક્ષ્મબુદ્ધિના જૈન ધર્મનું શરણ કર્યું હતું એનો આ પ્રતાપ.

કવિ અહીંયાં કહે છે કે ચર્મચક્ષુથી માર્ગ જોવામાં આખો સંસાર ભૂલો પડી ગયો છે, અર્થાત્ મોટામોટા દર્શનકારો પણ થાપ ખાઇ ગયા છે! કેમકે બધા અત્રે ચક્ષુથી એટલે કે સ્થૂલબુદ્ધિથી તત્ત્વ અને માર્ગની કલ્પના કરે છે. પરંતુ ખરેખર તો એ તત્ત્વ અને માર્ગ જાણવા માટે દિવ્યચક્ષુ જોઇએ, અને વર્તમાન કાળે તો દિવ્યચક્ષુનો વિરહ પડ્યો છે. તો પ્રભુ! અમારે તમારો માર્ગ કેવી રીતે શોધવો ? કવિ એના માટે હવે આગળ વિચાર કરે છે કે–

**પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય,**
**વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય... પંથડો...૩**

**ભાવાર્થ:-** (પ્રભુનો પંથ શોધી કાઢવા) પૂર્વપુરુષની પરંપરાનો અનુભવ જોવા જતાં દેખાય છે કે, અંધની પાછળ અંધ ખેંચાય છે. (ત્યારે જો) જૈનાગમના હિસાબે વસ્તુનો વિચાર કરીએ, તો (માર્ગ એવો સૂક્ષ્મ અને કઠિન દેખાય છે કે) ધરતી ઉપર પગ માંડવાની હામ નથી.

**વિવેચન:-** માર્ગવસ્તુનો ખ્યાલ ચર્મચક્ષુથી આવે એવો નથી. તો પછી જગતમાં જે પ્રભુના માર્ગ તરીકે અનેક પંથ ચાલે છે, એમા જ્યાં પૂર્વપુરુષોની માર્ગ-સાધનાની પરંપરા ચાલી આવે છે, એના આધારે પ્રભુનો પંથ નક્કી કરીએ તો વાંધો છે ? તો કવિ કહે છે કે, 'પુરુષ-પરંપર-અનુભવ જોવતાં અંધોઅંધ પુલાય,' અર્થાત્ પૂર્વપુરુષોની પરંપરાનો અનુભવ જોવા જાતાં તો પરંપરાની જગ્યાએ પડંપડા જેવું દેખાય છે.

કેમકે એમાં તો 'અંધોઅંધ પુલાય' જેવું છે. અર્થાત્ એક અંધની પાછળ બીજો અંધ, એની પાછળ ત્રીજો અંધ ખેંચાય છે.... જેમકે 'અંધે કી હાર ચલી, જય જય દાતાર', બજારમાં ભીખ માંગવા આંધળાઓની હાર ચાલી પડી હોય, એમાં દરેક અંધ પોતાનું શકોરું આગળ કરીને, 'જય જય દાતાર' એમ બોલતાં



જતા હોય ત્યારે આગળ આગળના અંધનો અવાજ સાંભળી એની પાછળ પાછળના અંધ એ જ લાઇને આગળ ખેંચાતા જાય, પરંતુ એ બિચારાને ખબર નથી કે, એ હારના આગેવાન તરીકે ચાલતો પહેલો અંધ જો બજાર-લાઇન પૂરી થઇ ગયા પછી આગળ કોક કૂવામાં પડશે, તો પાછળ પાછળના બધા અંધ લાઇનસર કૂવામાં પટકાતા જવાના, એટલે એમાં અંધોની પરંપરાને બદલે કૂવામાં અંધોની પડંપડા થવાની.

એમ અહીં માર્ગ-ચાલક તરીકે પૂર્વ પુરુષોની પરંપરાનો અનુભવ જોવા જતાં, એ પરંપરાને ચલાવનાર આદ્યપુરુષ પોતે જ જો ખોટા રસ્તે છે, તો એની પાછળ ચાલનારા બધાય પુરુષો ખોટા રસ્તે જ હોવાના. એટલે એમાં તો અંધની પાછળ અંધ ખેંચાયા એના જેવું થવાનું.

**પ્રશ્ન :** પરંપરાના આદ્યપુરુષને ખોટે રસ્તે ગયાનું શી રીતે કહો છો ?

**ઉત્તર :** એટલા જ માટે, કે આદ્યપુરુષે કોઇ અનંતજ્ઞાની સર્વ પ્રત્યક્ષ-દ્રષ્ટા સર્વજ્ઞ ભગવાનનું શરણું લીધું નથી, કે એ સર્વજ્ઞે ચીંધેલા માર્ગનું આલંબન કર્યું નથી, અને સ્વતંત્રપણે પોતાની કલ્પનાનો માર્ગ પ્રવર્તાવ્યો છે, તેથી એ ખોટા રસ્તે છે.

**પ્રશ્ન :** એમ તો તમારા દ્વાદશાંગીના રચયિતા ગણધરમહારાજે પણ ક્યાં સ્વતંત્રપણે સૂત્રો-આગમો બનાવીને તદનુસારે માર્ગ નથી પ્રવર્તાવ્યો ? તેથી શું એ ખોટા માર્ગ પ્રવર્તાવનાર નહિ ગણાય ?

**ઉત્તર :** ગણધર ભગવાને પોતાના મત તરીકે સ્વતંત્રપણે માર્ગ પ્રવર્તાવ્યો જ નથી, કિન્તુ એમણે તો સર્વજ્ઞ તીર્થંકરભગવાનનો ઉપદેશ સાંભળી એ ઉપદેશના અનુસારે એમના કહેલા તરીકે તત્ત્વ અને માર્ગના ઉપદેશથી ભર્યા બાર અંગની યાને દ્વાદશાંગી આગમની રચના કરી છે. એ પોતાની સ્વતંત્ર રચના છે, એમ કહેતા જ નથી. કિન્તુ 'પ્રભુનું કહેલું પોતે કહે છે,' તેમ કહે છે. દા.ત. દ્વાદશ અંગમાં પહેલું અંગ 'આચારાંગ' આગમ, એમાં પ્રારંભે જ ગણધર ભગવાન શિષ્યને એમ કહે છે, **"सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं"** - અર્થાત્ "હે આયુષ્યમાન ! એ ભગવાને આ પ્રમાણે કહેલું, તે મેં સાંભળ્યું છે." એટલે ગણધરભગવંતોએ સ્વતંત્રપણે ઉપદેશ કર્યાની વાત જ ક્યાં છે ?

ત્યારે બીજા મતવાળા કોઇ અનંતજ્ઞાની સર્વજ્ઞનું આલંબન લેતા નથી. એ એમ નથી કહેતા કે, 'અનંતજ્ઞાનીએ કહેલું, સર્વજ્ઞ-સર્વદર્શીએ કહેલું હું કહું છું.' પછી પોતે જે અતીન્દ્રિય પદાર્થ કહે, તેનું પોતે પ્રત્યક્ષ તો કર્યું નથી હોતું, એટલે તર્ક-અનુમાનના આધારે કલ્પના કરીને જ કહેવાનું રહ્યું. એમાંય કેટલુંક અતીન્દ્રિય તો એવું કે જેમાં તર્ક-અનુમાન પણ કામ ન લાગે, છતાં એના ગોળા ગબડાવ્યા હોય, અને પછી એની પાછળ

એમના અનુયાયીઓએ પણ એ જ માન્યું, કહ્યું. એમ અંધ-પરંપરા ચાલી, તેથી એના આધારે એમના પ્રભુના પંથ માટે એમ શી રીતે મનાય કે 'આજ સાચો પંથ છે?'

ત્યારે જો કહો કે, જો તમને સર્વજ્ઞનાં વચન પર શ્રદ્ધા છે, તો એમના આગમના આધારે પ્રભુનો પંથ વિચારી લ્યોને કે 'પ્રભુનો પંથ આ છે?' આવું જો કહો, તો કવિ કહે છે...

**વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.**

જો જિનાગમમાંથી પ્રભુનો માર્ગ જોવા જઇએ છીએ તો એમાં તો અતિ સૂક્ષ્મ સૂક્ષ્મ અતિચારો પણ ત્યાગ કરવા પૂર્વક આરાધવાનો માર્ગ એવો ઝીણો અને કઠિન તથા અમારા જેવા માટે પાળવો અશક્ય દેખાય છે. એમ કહોને કે આ માર્ગની આરાધનામાં ધરતી પર પગ મૂકી શકાય અર્થાત્ ધરતી પર ઊભા રહેવાય એવું નથી, કેમ જાણે ધરતીથી અદ્ધર રહીને એ માર્ગ આચરવાનો ન હોય ? એટલો બધો કપરો માર્ગ છે.

**અરવિંદ ઘોષ અને રમણ મહર્ષિ :-**

અમૃતલાલ કાલિદાસે, પ્રતિક્રમણ પ્રબોધ ટીકા તૈયાર કરવા પંડિત ધીરજલાલ ટોકરશીને રોકેલા. અમૃતભાઇ વારે વારે કહે, 'જુઓ ધીરુભાઇ ! આપણે ત્યાં બધું છે, પણ રમણ મહર્ષિ-અરવિંદ ઘોષના યોગ જેવો યોગ-માર્ગ નથી, જુઓ એના તરફ આજના લોકો કેવા આકર્ષાયા છે!' ત્યારે ધીરુભાઇ કહે, 'જુઓ શેઠ! આપણે ત્યાંના સામાયિક અને છ આવશ્યકમય પ્રતિક્રમણ યોગ જેવો જગતમાં કોઇ યોગ નથી. છતાં આપણે એકવાર ત્યાં જઇએ, નજરે જોઇએ, પછી તમે માપ કાઢજો કે આપણે ત્યાં વધારે છે ? કે એમને ત્યાં ?' બંને પહેલાં પોંડીચેરી અરવિંદના આશ્રમે ગયા.

ત્યાં અરવિંદ ઘોષ તો કોઇને મળે નહિ, પણ કર્તાહર્તા અને વાતચીત કરનાર માતાજી હતાં. તેમને મળ્યા, અને ધીરુભાઇએ પૂછ્યું, 'તમે આ બધી યોગ-સાધના શાના માટે કરો છો ? આત્માની શાંતિ માટે.' તો બીજો પ્રશ્ન 'આત્મા કેવો છે ? એનું સ્વરૂપ શું ? ક્યારથી બંધનમાં ? શાનાથી બંધન... ?' વગેરે પ્રશ્નો પૂછતાં સરખા જવાબ મળ્યા નહિ. એક જ વાત મળી કે, તમારે શાંતિ જોઇતી હોય તો યોગ-સાધના કરો, ધ્યાન કરો. બાકી આત્માનું સ્વરૂપ શું ? તે ક્યારથી કેમ બંધનમાં ?.... વગેર વિચારવાની ખટપટમાં ન પડો, શાંતિનો અનુભવ કરવો હોય તો યોગ-સાધના કરો, ત્યારે ધીરુભાઇ કહે, લ્યો શેઠ ! આ યોગ-ફિલોસોફી જોઇ ને? અને બીજું એ જોયું કે ત્યાં બહેનો ભાઇઓ સાથે જ રહેતા હતા. અમૃતલાલ શેઠે પોતે યુવાનીમાં બ્રહ્મચર્ય-વ્રત લીધેલું એટલે આ વાત પણ એમને ખટકી.

પછી ત્યાંથી તેઓ મદ્રાસ રમણ મહર્ષિના આશ્રમે ગયા. ત્યાં એટલું સારું હતું



કે રાતના બહેનોને ત્યાં રહેવાનો કડક નિષેધ હતો. બાકી ત્યાં ઉપરોક્ત સવાલો કર્યા ત્યારે ત્યાં પણ જૈન-તત્ત્વજ્ઞાનમાં જે એકેક વસ્તુની સ્પષ્ટતા મળે તેમાંની કોઇ સ્પષ્ટતા ત્યાં મળી નહિ. પછી પૂછ્યું 'સાધના શી કરવાની ?' જવાબ મળ્યો કે, તમે ધ્યાનમાં બેસો અને હું કોણ ? એનો વિચાર કરો. જે કાંઇ મનમાં એનો ઉત્તર સ્ફૂરે એને **नेति नेति ( न इति )**અર્થાત્ હું આ નહિ, આ નહિ...હું આ નહિ એમ કરતાં ચાલો. જ્યારે કાંઇ પણ ન સ્ફુરે ત્યારે માનવું કે તમને અદ્વૈત (શુદ્ધ આત્મા તત્ત્વ)નો સાક્ષાત્કાર થયો.' ધીરુભાઇ શેઠને કહે ' કહો શેઠ, આપણા જૈનધર્મના સામાયિક-પ્રતિક્રમણ-છ આવશ્યકમાં, ને આગમોમાં જે વ્યવસ્થિત તત્ત્વનિરૂપણ અને વાસ્તવિક રાજયોગની યોગસાધના... વગેરે મળે છે, એમાંનું શું બીજે ક્યાંય પણ મળી શકે એમ હવે તમને લાગે છે ખરું?' અમૃતલાલ શેઠનો મોહ ઊતરી ગયો.

'પુરુષ પરંપર અનુભવ જોવતાં.' આ જે કવિએ લખ્યું છે, તે એ સમજીને જ લખ્યું છે કે જગતમાં સર્વજ્ઞનું આલંબન લીધા વિના એક જણે સ્વકીય મતિ-કલ્પનાથી એક મિથ્યામાર્ગ ચાલુ કર્યો, એટલે પછી એની પાછળ એની પરંપરા ચાલી પડે છે. જગતમાં આવી અનેક પરંપરાઓ ચાલે છે.

સાંખ્યમત સૌથી જૂનો ગણાય છે, એમાં પણ શું થયું? ઋષભદેવ ભગવાનના સમયમાં મહાવીર ભગવાનનો જીવ મરીચિ, એ ભરત ચક્રવર્તીનો પુત્ર હતો. એણે વૈરાગ્યથી ઋષભદેવ ભગવાન પાસે ચારિત્ર લીધું, પણ ચારિત્ર લીધા પછી ચારિત્ર કઠણ લાગવાથી મૂકી દીધું, અને એણે પરિવ્રાજક વેશ ચલાવ્યો. એનો શિષ્ય **કપિલ** થયો, એ પણ પરિવ્રાજક. એ કપિલે સ્વર્ગે જઇને એના શિષ્ય **આસુરિને** પોતે દેવસ્વરૂપે આકાશમાં દર્શન આપ્યું, અને પુરુષ, પ્રકૃતિ, મહત્, તત્ત્વ, અહંકાર વગેરે ૨૫ તત્ત્વનો ઉપદેશ આપ્યો. એ જ સાંખ્યમત કહેવાયો. મૂળ કપિલથી એ મત પ્રવર્ત્યો એટલે સાંખ્યમતનો સ્થાપક કપિલ કહેવાયો. એણે પણ પોતાની મતિકલ્પનાના મતની સ્થાપના કરી, અને એમાં પુરુષ-પરંપરા ચાલી પડી.

રાજમાન્ય શિવભૂતિએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. એ વખતે રાજાએ રત્નકંબલ વહોરાવી અને તે મૂર્ચ્છાથી ગુરુએ ના કહેવા છતાં વિંટોડામાં બાંધી રાખતો હતો. તેથી એની મૂર્ચ્છા ઉતારવા એ જ્યારે બહાર ગયો, ત્યારે ગુરુએ એ કંબલના ટુકડા કરી, સાધુઓને એ આપી વાપરી કાઢવા કહ્યું : શિવભૂતિએ બહારથી આવી આ જાણ્યું, એટલે એણે તો મનમાં ગાંઠ વાળી. પછી જ્યારે ગુરુએ કોઇ વાચનામાં જિનકલ્પી મુનિનો વસ્ત્ર-રહિતપણાનો આચાર વર્ણવ્યો ત્યારે એણે સવાલ કર્યો કે "જો વસ્ત્ર એ મૂર્ચ્છા કરાવે છે માટે જિનકલ્પી મુનિ વસ્ત્ર નથી રાખતા, તો પછી આપણે કેમ વસ્ત્ર

રાખીએ છીએ?' ગુરુએ કહ્યું કે 'આપણો સ્થવિરકલ્પ છે.' એ કહે 'નહિ નહિ, તમારી શિથિલતા છે. લ્યો નિર્વસ્ત્ર આમ બની શકાય છે.' એમ કહી એણે ચોલપટ્ટક વગેરે બધાં વસ્ત્રો ઉતારી નાખ્યાં, અને નગ્ન થઇ નીકળી પડ્યો. ત્યાંથી દિગંબર મત શરૂ થયો. એ પણ આજ સુધી ચાલ્યો આવે છે. એ પણ 'પુરુષ-પરંપરા અંધો અંધ પુલાય,' અર્થાત્ એવી પરંપરાઓ અંધપરંપરા છે.

**પ્રશ્ન :** તો પછી તમે મહાવીરે જે ચલાવ્યું અને એની પરંપરા ચાલી જેને તમે વળગી બેઠા છો, તો શું એ અંધપરંપરા નહીં ?

**ઉત્તર :** મહાવીર ભગવાન પહેલાં વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી બન્યા, પછી જ અનંત જ્ઞાનમાં પ્રત્યક્ષ દેખાયો એવો જ માર્ગ બતાવ્યો, માટે એ પ્રત્યક્ષસિદ્ધ સત્યમાર્ગ હોવાથી એની પરંપરા એ અંધપરંપરા ન કહેવાય. ઉપરાંતમાં એ કષ-છેદ-તાપની પરીક્ષામાં પસાર થયેલ છે.

**શુક પરિવ્રાજક :-**

શુક પરિવ્રાજકનો ભક્ત શ્રીમંત સુદર્શન, એ નેમનાથ ભગવાનના શિષ્ય ૧૪ પૂર્વધર થાવચ્ચાપુત્ર આચાર્ય મહારાજના ઉપદેશથી જૈનધર્મ પામ્યો, સુદર્શન શ્રાવક બન્યો. આવો શ્રીમંત ભક્ત ખોવાઇ જતો જોઇ શુક પરિવ્રાજક બહારગામથી દોડતો આવ્યો. સુદર્શને એનું પૂર્વની માફક કશું સ્વાગત-સામૈયું ન કર્યું એટલું જ નહિ, પણ પરિવ્રાજકે એને બોલાવવા માણસ મોકલ્યો તો પણ સુદર્શન શ્રાવક આવ્યો નહિ, તેથી શુકપરિવ્રાજક વધારે ગભરાઇ જઇ, સીધો એના ઘરે આવ્યો. તો પણ સુદર્શન જેમ સતીને રૂપાળા પર-પુરુષની સામે જોવામાં સતીપણું મેલું થવાનો ભય રહે છે, તેમ સુદર્શનને હવે કુગુરુની માત્ર સામે જોવામાં પણ સમ્યગ્દર્શન-રત્ન મલિન થવાનો ભય લાગ્યો, તેથી એના સામુંય એ જોતા નથી.

તેથી શુક પરિવ્રાજક કહે છે કે, 'તને કોણે ભોળવ્યો? ચાલ મને એની પાસે લઈ જા, એ મને જો જીતે તો હું એનો શિષ્ય થઈ જાઉં, નહિતર એ મારો શિષ્ય થાય.' સુદર્શન એ સંન્યાસીને આચાર્યમહારાજ પાસે લઇ ગયો ત્યાં સંન્યાસી કહે, 'તમારી પાસે ધર્મ જ ક્યાં છે? કેમકે ધર્મના પાયામાં શૌચ છે, પણ તમે 'લોકો' તો સ્નાન જ કરતા નથી, ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે તમારું અસંખ્ય જીવમય પાણીનાં સ્નાનથી શૌચ, એ હિંસાથી શૌચ છે. તો બોલો લોહીથી ખરડાયેલું કપડું શું લોહીથી સાફ થાય ? જો ના, તો હિંસાથી ખરડાયેલો આત્મા હિંસાથી કેવી રીતે સાફ થાય? ત્યારે શુક પરિવ્રાજકને સત્ય લાગ્યું અને આચાર્યમહારાજને કહ્યું કે 'મિથ્યાધર્મની અંધ પરંપરામાં હું અત્યાર સુધી ભૂલ્યો હતો, તો હવે સત્ય માર્ગ બતાવો, પછી ચારિત્ર માર્ગ સમજી



એણે પોતાના એક હજાર શિષ્યો સાથે ચારિત્ર લીધું. આમ જ્યારે એણે અંધ પુરુષ-પરંપરા છોડી, ત્યારે પ્રભુનો પંથ મળ્યો, અને પછી તો એ જ જન્મમાં સિદ્ધગિરિ ઉપર એ અનશન કરીને મોક્ષ પામી ગયા !

પરંતુ એમ શું પ્રભુનો માર્ગ બહુ સરળ અને સહેલો છે? ના, કવિ કહે છે, કે 'વસ્તુ વિચારે જો આગમે કરી...'અર્થાત્

(૧) જો જિનાગમથી વસ્તુ વિચારીએ, અથવા

(૨) અન્યાન્ય દર્શનના આગમોથી વિચારીએ, તો માર્ગ એવો કપરો છે કે, 'ચરણ ધરણ નહિ ઠાય.' જમીન પર પગ મૂકીને ઊભા રહેવાય એવું નથી, અર્થાત્ માર્ગ પાળી શકાય એવું નથી. હા, જિનાગમના હિસાબે પ્રભુનો માર્ગ ઠેઠ જિનકલ્પિક ચારિત્ર યા નિરપેક્ષ યતિધર્મ સુધીનો છે, પણ એમાં અમારો ગજ લાગે એવો નથી, અર્થાત્ અમારું ગજું નથી.

**પ્રશ્ન :** ભગવાનનો માર્ગ બે રીતે છે- (૧) ભગવાન જે માર્ગે ચાલ્યા તે, ને (૨) ભગવાને જગત માટે જે માર્ગ બતાવ્યો તે. આમાં ભલે ભગવાને પોતે ખુંદેલો માર્ગ આપણા માટે કઠિન હોય, કેમકે એમાં જિનકલ્પિક જેવા ચારિત્ર કરતાં પણ ઉત્કૃષ્ટ ચારિત્ર ભગવાને અપનાવ્યું હતું. હવે જ્યાં જિનકલ્પિક ચારિત્રના પણ વાંધા, ત્યાં એનાથી ઉત્કૃષ્ટ ચારિત્રની તો વાત પણ શી ? છતાં ભગવાને જગત માટે બતાવેલા માર્ગમાં તો સ્થવિર-કલ્પિક ચારિત્ર પણ આવે છે, તો તે તો કાંઇ પેલા જેવો બહુ કપરો નથી ને? તો એમાં 'ચરણ ધરણ નહિ ઠાય,' એમ કેમ કહેવાય?

**ઉત્તર :** એમાં પણ ત્યાગ-વૈરાગ્ય-તપ-ભક્તિ વગેરે અનેકાનેક માર્ગ એવા છે, કે પહેલાં તો એ જ વિચાર પડે છે, કે આ બધા જ માર્ગનું સાંગોપાંગ અને ભાવથી સેવન અમારાથી ક્યાં શક્ય છે ? ત્યારે એમાંથી અહિંસા-સંયમ-તપ જેવો માર્ગ લઇએ તો છેદસૂત્રોમાં (પ્રાયશ્ચિત્ત-ગ્રન્થો) એ ઉત્સર્ગ-અપવાદ માર્ગની એટલી બધી ઝીણવટ બતાવી છે કે, એ પણ યથાર્થ રીતે એટલે કે સર્વેસર્વા શાસ્ત્રે કહેલા સ્થૂલ-સૂક્ષ્મ બધાં વિધાનો પાળવાં મુશ્કેલ છે. છેદ-ગ્રન્થોમાં એકેક સ્ખલનાનાં જે પ્રાયશ્ચિત્તો આપ્યાં છે તે બધાં અમારાથી શેં સચવાય?

(૨) અન્યાન્ય દર્શનોના આગમની દૃષ્ટિએ માર્ગનો વિચાર કરવા જઇએ તો એ દર્શનોમાં તો તત્ત્વ અને માર્ગ અંગે પરસ્પર એવી વિરુદ્ધ માન્યતાઓ આવે છે, અને એના ખંડન-મંડનો ચાલે છે, કે જૈનેતર આગમોની દૃષ્ટિએ પણ માર્ગ શોધવો એમાં 'ચરણ ધરણ નહિ ઠાય'.

દા.ત. બૌદ્ધઆગમ કહે છે કે, આત્મા એકાંતે ક્ષણિક છે, અને ન્યાયદર્શન કહે

કે, આત્મા એકાંતે નિત્ય છે. પછી એ માન્યતા ઉપર તત્ત્વ-વ્યવસ્થા અને માર્ગવ્યવસ્થા કરે એનો મેળ જ ક્યાં ખાય? કેમ કે એમાં તો બૌદ્ધવાળા ન્યાયનું, ને ન્યાયવાળા બૌદ્ધનું એમ નૈયાયિક સાંખ્યનું, ને સાંખ્યો નૈયાયિકનું ખંડન કરે છે... એમ એકેક દર્શન બીજા બીજા દર્શનોનાં ખંડનમાં પડેલાં છે. એવા પરસ્પરના ખંડનોવાળા આગમમાંથી માર્ગ શી રીતે જડે? માટે કહ્યું કે, 'ચરણ ધરણ નહિ ઠાય.'

હવે કવિ આગમથી માર્ગ જાણવાની કઠણાઇ જોઇને તર્કથી માર્ગ શોધાય તો કેમ ? એના અંગે કહે છે કે–

**તર્ક વિચારે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય,**

**અભિમત વસ્તુ રે વસ્તુગતે લહે રે, તે વિરલા જગ જોય. પંથડો...૪**

**ભાવાર્થઃ**– જો તર્કથી વિચાર કરવા જાય, તો (એમાં તો) વાદ-પ્રતિવાદની પરંપરા ચાલતી હોય છે, અને એનો કોઇ અંત લાવી શક્યું નથી. (તર્ક-કુતર્ક છોડીને કોઇ વિશિષ્ટ ત્યાગ-તપ-યોગાદિ સાધના દ્વારા) ઇષ્ટ વસ્તુને એના વસ્તુસ્વરૂપે સમજે એવા મહાન આત્મા આ જગતમાં બહુ થોડા હોય છે.

**વિવેચનઃ**– કવિ કહે છે કે, તર્કથી માર્ગનો વિચાર કરવા જતાં વાદની પરંપરા ચાલે એવું છે, કેમ કે તપનો રસિયો તર્કથી તપની સિદ્ધિ કરશે, ત્યારે જ્ઞાનનો રસિયો જ્ઞાનની સિદ્ધિ અને ભક્તિનો રસિયો ભક્તિની સિદ્ધિ કરશે, અને એમાં દરેક પોતાનો કક્કો ખરો કરવા સામાના માનેલા માર્ગની સામે તર્કબાજી ચલાવે છે. જગતમાં તર્ક કરતાં કુર્તક ઘણા છે, એટલે તર્કના આધારે ચાલતા વાદનો છેડો જ ન આવે, વાદની પરંપરા જ ચાલ્યા કરે એવું છે. જગતમાં દેખાય છે કે, એકલા તર્કથી વિચાર કરવાવાળા ક્યારેય સત્ય પામી શકતા નથી, કારણ કે તર્કથી જો વસ્તુતત્ત્વ પમાતું હોય, તો તો એ રીતે તર્કાધીન વાદમાં વસ્તુતત્ત્વ હાથમાં આવતાં વિવાદ શમી જાત. પરંતુ **'યન્ માધવેન ઉક્તં તન્ન'** જેવી સ્થિતિ છે.

**પંજાબી પંડિત :-**

'અમુક માન્યતા સામા વાદીએ રજૂ કરી છે ને ? માટે તેનું ગમે તે રીતે ખંડન જ કરો' એ રીતિ-નીતિ હોય ત્યાં વાદ-પરંપરા જ ચાલે ને ? **અમારે એક પંજાબી પંડિત** ભણાવવા આવતા હતા. એ તર્કના પ્રારંભિક પુસ્તક મુક્તાવલીમાં આત્મવાદમાં જુદાં જુદાં દર્શનોની માન્યતા આવે ત્યાં, ન્યાયદર્શનવાળા પહેલાં પૂર્વપક્ષરૂપે વેદાંતની માન્યતા રજુ કરે, તે અમને ભણાવે. પછી ન્યાયવાળા વેદાંતનું ખંડન કરે, તે પણ અમને ભણાવે. પરંતુ પંડિતજી પોતે વેદાંતની શ્રદ્ધાવાળા એટલે નૈયાયિક તરફથી 'એક



માત્ર શુદ્ધ આત્મા જ સત્' યાને **'ब्रह्म सत्यं, जगन्मिथ्या'** 'પરમબ્રહ્મ' એ જ સત્ બાકી બધું આખું જગત્ અસત્ અને બીજા જીવાત્માઓ પણ અસત્,' એવી વેદાંતની અદ્વૈતવાદની માન્યતાનું ન્યાયના તર્કથી ખંડન સમજાવ્યા પછી, આવેશમાં આવી જઈને કહે કે, "દેખિયે મહારાજ ! ઈસસે ક્યા વેદાંત કા ખંડન હો સકતા હૈ ? જગતમેં કુતર્ક બહોત હૈ!" તાત્પર્ય, એવા મોટા પંડિતને પણ લાગ્યું કે 'તર્કવિચારે વાદ-પરંપરા.' આપણે ત્યાં પણ ભગવાનના સમોસરણમાં ૩૬૩ પાખંડીઓ આવતા અને બેસતા, ને સાંભળતા. અલબત્ત ભગવાનની વાણીમાં એમનું ખંડન પણ આવતું, અને તે એટલું બધું Logical (તર્કપૂર્ણ), ઉપરાંત અનેક પ્રકારની યુક્તિઓ, ઉપપત્તિઓ, દૃષ્ટાંતો વગેરેથી સભર, કે એ પાંખડીઓને ભગવાનની વાણીનું ખંડન કરવાની ત્યાં જગ્યા જ રહેતી નહોતી. છતાં સમોસરણના પગથિયાં ઊતરતાં જ બીજાને કહે કે, 'જોયું? કેવી ઇંદ્રજાળ બિછાવે છે, કે ખોટાને આબાદ રીતે સાચા તરીકે ઠસાવી દે છે !' હવે આમાં એ બિચારાને તર્કથી પણ માર્ગ જડવાનો ને જચવાનો અવકાશ જ ક્યાં છે ? કવિ કહે છે-

મોટા ચૌદ પૂર્વધરોને પણ અંતે તર્ક મૂકી જિનેશ્વરભગવાનનું શરણું લેવું પડે છે, તો અમારા જેવા પામર, તર્ક-વિચારથી માર્ગ શી રીતે નક્કી કરી શકીએ ?

મહાતાર્કિક શ્રીસિદ્ધસેન દિવાકર આચાર્યમહારાજ કે, ૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા, તર્કશાસ્ત્રના પારગામી, આચાર્યવર્ય શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ જેવાએ પણ અવસર આવ્યે લખી દીધું કે **'तत्त्वं केवलिगम्यम्'** તાત્પર્ય, મહાતાર્કિકોએ પણ તર્કની છેવટે વિશ્રાંતિ સર્વજ્ઞ ભગવાનમાં કરી.

**પ્રશ્ન :** તમે કહો છો કે 'તર્ક-વિચારે વાદ-પરંપરા,' પરંતુ ધર્મની અને મોક્ષ-માર્ગની ત્રણ પ્રકારની પરીક્ષા તો કરવામાં આવે છે, તો ત્યાં શું વાદ-પરંપરા ન ચાલે?

**ઉત્તર :** તે પરીક્ષા શાસ્ત્રની કરવામાં આવે છે કે 'કયાં શાસ્ત્ર સાચાં.' તે માટે કષ-છેદ-તાપ એમ ત્રણ પ્રકારની પરીક્ષા છે. એમાં,

(૧) **'કષ'** પરીક્ષા એટલે જે શાસ્ત્રમાં યોગ્ય વિધિ-નિષેધ હોય તે શાસ્ત્ર કષપરીક્ષામાં પાસ ગણાય. યોગ્ય વિધિ એટલે કે દા.ત. 'તપ-સ્વાધ્યાય આદિ કરવા જોઈએ'- આવું વિધાન તે 'વિધિ' કહેવાય. એમ 'હિંસાદિ ન કરવા જોઈએ' એવો નિષેધ કરાય, તેને 'નિષેધ' કહેવાય.

(૨) **'છેદ'** પરીક્ષા એ, કે વિધિ અને નિષેધને અનુરૂપ અને અનુકૂલ આચાર જેમાં બતાવ્યા હોય, તે શાસ્ત્ર છેદ-પરીક્ષામાં પાસ ગણાય. દા.ત. જૈનધર્મમાં હિંસા ન કરવી એવો નિષેધ આપ્યો, પછી આચાર તરીકે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું

પાલન કરવાનું કહ્યું. આ સમિતિ-ગુપ્તિનો આચાર વિધિ-નિષેધને અનુકૂળ છે. બીજા દર્શનમાં જોઈએ તો સંસાર છોડી તાપસ બનેલાને નદીસ્નાન, ફળાહાર વગેરે આચાર બતાવ્યા, તે 'હિંસા-ત્યાગ'ના મુખ્ય વિધાનને અનુરૂપ નથી, કેમકે એમાં પાણીના અસંખ્ય જીવ તેમજ અણગળ પાણીના લાખો પોરા ત્રસજીવની હિંસા છે. એમ સજીવ ફળ વગેરે વાપરવામાં હિંસા છે.

(૩) **'તાપ'** પરીક્ષામાં વિધિ-નિષેધ અને આચાર-માર્ગ ઘટી શકે એવા સિદ્ધાંતની પ્રરૂપણા જે શાસ્ત્રમાં હોય, તે શાસ્ત્ર તાપપરીક્ષામાં ઉત્તીર્ણ ગણાય. જૈનેતર દર્શનો એકાંતવાદી છે. એકાંતવાદમાં હિંસા અહિંસા વગેરે ઘટી શકે નહીં. દા.ત. બૌદ્ધદર્શન આત્મા-પદાર્થને એકાંતે ક્ષણિક માને છે, તો એમાં હિંસા આ રીતે ન ઘટે, કે હિંસા કરનાર આત્મા તો બીજી ક્ષણે મરી ગયો, હવે હિંસાનું ફળ કોણ ભોગવે ? અરે! એટલું જ શું, હિંસા માટે શસ્ત્ર ઉપાડનાર બીજી ક્ષણે મરી ગયો, તો હવે એ શસ્ત્રથી હિંસા કરનાર કોણ ? એમ, એકાંતે આત્માને નિત્ય માનનારા ન્યાયદર્શનના મતે પણ હિંસા ન ઘટી શકે; કેમકે પહેલાં આત્મા અહિંસકભાવવાળો હતો, હવે હિંસા કરવી હોય એટલે તે પૂર્વે હિંસકભાવવાળો બનાવવો પડે. એકાંતે નિત્યમાં તો કશું પરિવર્તન જ ન થાય, તેથી અહિંસકમાંથી હિંસકભાવ કેમ આવી શકે?

બૌદ્ધદર્શનમાં ક્ષણિકતા માનેલી હોવાથી સુકૃત-દુષ્કૃતનાં પરિવર્તન તો ઘટી શકે, પરંતુ આત્મા પોતે જ નષ્ટ એટલે એ પરિવર્તન કોનામાં? વળી પોતે જ હયાત નહિ એટલે ફળ કોણ ભોગવે? ત્યારે ન્યાયદર્શનમાં આત્મા નિત્ય હોવાથી ભોગવનાર તો ઊભો છે, પરંતુ એ નિત્ય હોવાથી એનામાં કોઈ પરિવર્તન શક્ય નહીં હોવાથી એક જ આત્મામાં હિંસા-અહિંસા, દાન-અદાન, ઈશ્વરભજન-અભજન વગેરે સુકૃત-દુષ્કૃતો જ ઘટતાં નથી. ત્યારે-

જૈનદર્શનના મતે એકાંતવાદના હિસાબે આત્મા નિત્યાનિત્ય છે, એટલે કે પરિણામી નિત્ય છે. મતલબ, મૂલ આત્મ-દ્રવ્યથી આત્મા કાયમ છે અને સુકૃત-દુષ્કૃતોમાં એ જ આત્મા પરિણામી યાને પરિણમનશીલ છે. જેમ કે સવારે સૂર્ય છે એનો એ જ બપોરે અને સાંજે છે, પરંતુ સવારે પૂર્વ દિશા-સંબદ્ધતાના પરિણામમાં પરિણમનવાળો છે. બપોરે મધ્યાકાશ સંબદ્ધતાના પરિણામવાળો છે. આ ભિન્નભિન્ન પરિણામોની અપેક્ષાએ પરિણમન પામનારો અર્થાત્ પરિવર્તનશીલ આત્મા અનિત્ય ગણાય. આત્મા હમણાં મનુષ્ય છે, પછી દેવ થયો, એટલે મનુષ્યરૂપે આત્મા હતો તે બદલાઈ ગયો, અને દેવરૂપે થયો, એ જ એની અનિત્યતા સૂચવે છે, છતાં મનુષ્ય તરીકે જે આત્મવ્યક્તિ હતી એ જ દેવ તરીકે બનેલી છે, એ દૃષ્ટિએ આત્મા દ્રવ્યરૂપે



કાયમ છે, નિત્ય છે.

**સારાંશ:-** કષ-છેદ-તાપથી શાસ્ત્રોની પરીક્ષા કરવામાં કોઈ વાદ-પરંપરા નથી, પણ પ્રભુનો માર્ગ તર્કથી તપાસવામાં સામસામી તર્કબાજી ચાલે, એથી વાદ-પરંપરા થાય. બાકી તત્ત્વને અનેકાંતવાદથી વિચારતાં તો તત્ત્વનું સત્યસ્વરૂપ હાથ લાગે છે, એમાં વાદપરંપરા નથી. એનું એક દૃષ્ટાન્ત જુઓ.

**છ વાદી : હાથી અંગે છ આંધળાના ભિન્નભિન્ન મત :-**

એક નગરમાં રાજાની સભામાં છ પંડિતો હતા, એ તો શાણા હતા એટલે પરસ્પરમાં મતભેદ છતાં મનોભેદ નહોતા કરતા, તેથી સંપીને રહેતા, અને રાજાની શોભા વધારતા. પરંતુ એ મરી પરવાર્યા, અને એમની જગાએ એમના પંડિતપુત્રો રાજસભામાં ગોઠવાયા, એ સામસામે પોતાનો પક્ષ સાચો કરવા તર્કબાજી લડાવતા ચાલ્યા, એટલું જ નહીં પણ નગરમાં સ્થાને સ્થાને જાહેરમાં પોતાનો પક્ષ સાચો પુરવાર કરવા ભાષણો ઠોકવા લાગ્યા. દા.ત. કોઈક યુવાન પંડિત 'પ્રભુ-ભક્તિથી જ મોક્ષ મળે' એમ સમર્થન કરવા ઠામ ઠામ ભાષણો કરતો. બીજો પંડિત આ જાણીને એમ ભક્તિથી કાંઈ ન વળે, લાડવા પેંડા ખાતા રહેવું છે, અને ભક્તિથી મોક્ષ મળતા હશે? એ તો ત્યાગ-તપસ્યાથી જ મોક્ષ મળે.' એનું સમર્થન કરવા માંડ્યો. ત્યારે ત્રીજો વળી કહે, 'બધું કરો, પણ જીવદયા ન પાળો, તો કાંઈ ન વળે, તાત્પર્ય- જીવદયાથી જ મોક્ષ મળે.' ચોથો કહે, 'એમ જીવદયા તો પાળી, પરંતુ ધનમાલ અને ઈન્દ્રિયોના વિષયો બહુ ગમે છે, તો મોક્ષ ન મળે, મોક્ષ તો જ્વલંત વૈરાગ્યથી મળે.' પાંચમો વળી તે બધાનું ખંડન કરતો કહે છે કે, 'બધું હોય પણ જીવનમાં જ્યાં સુધી સત્સંગ અને શાસ્ત્રબોધ ન હોય, જ્ઞાન અને ધ્યાન ન આવે, ત્યાં સુધી અંધારે જ કુટાવાનું થાય, અર્થાત્ જ્ઞાન વિનાની બધી પ્રવૃત્તિ એ અંધકાર-નૃત્ય જેવી છે, એટલે મોક્ષ માટે તો સત્સંગ અને સ્વાધ્યાયથી જ્ઞાનધ્યાનમાં લાગી જવું જોઈએ.' ત્યારે છઠ્ઠો કહે, 'બધું હોય, પણ જ્યાં સુધી યોગસાધના નથી ત્યાં સુધી બધું રાખ ને ધૂળ, યોગ વિના મોક્ષ મળવાનું રેઢું નથી પડ્યું. માટે યોગસાધના કરો તો જ મોક્ષ મળે.'

આ યુવાન જોશીલા પંડિતોના ભાષણથી લોકોમાં જુદા જુદા પક્ષો ઊભા થઈ ગયા. અરે! એકેક ઘરમાં પણ છ જણા હશે, તો છનાં મત જુદા જુદા ! એથી સંઘર્ષ અને ઝઘડા ચાલવા માંડ્યા. રાજાની સભામાં પણ પરસ્પર વાદવિવાદો ચાલ્યા; એ પણ ઝઘડારૂપ બની ગયા, રાજા હેરાન હેરાન થઈ ગયો, એ પંડિતોને દબાવવા જાય ત્યારે એકેક પંડિત કહે 'શું અમારો શાસ્ત્ર-સિદ્ધાંત અમે જતો કરીએ?'

## જૈનાચાર્યને વિનંતિ :-

એટલામાં ત્યાં એક જૈનાચાર્ય આવ્યા, બહુ ગંભીર, પ્રૌઢ અને શાસ્ત્રોના પારગામી હતા, એટલે રાજા એમની પાસે આવીને કહે: 'મહારાજસા'બ!' આ મારે તો મોટી આપદા ઊભી થઈ છે. પૂર્વના પંડિતોનો મતભેદ છતાં એકબીજા સાથે મળતાવડા હતા, તેથી રગડા નહોતા ચાલતા; પરંતુ આ એમના અંગારા જેવા જુવાન દીકરા, પોતપોતાનો કક્કો ખરો કરવા માટે રાજસભામાં અને નગરમાં મોટા વાદવિવાદોના ઝગડા જમાવે છે. આપ કાંક નિવેડો લાવી આપો.' એમ કહી એ પંડિતોના 'ભક્તિથી મોક્ષ,' 'તપસ્યાથી મોક્ષ'.... વગેરે એકાંતવાદી મત કહી બતાવ્યા. આચાર્યમહારાજ કહે: 'કાલે ઉદ્યાનમાં બધાને બોલાવો, ત્યાં નિવેડો આવી જશે.'

રાજા આ સાંભળીને ખુશ થઈ ગયો કે 'હાશ! હવે રોજના માટે ઝઘડા મટી જશે.' સવારે ઉદ્યાનમાં બધા ભેગા થયા. રાજા આવ્યો. ત્યાં આચાર્ય મહારાજે કહ્યું : 'એક હાથી મંગાવો, છ ટેબલ, અને છ આંધળાઓ મંગાવો, અને છ પંડિતોને આગળ કરો.'

બસ, એ પ્રમાણે બધું મંગાવી લીધું. પછી આચાર્યમહારાજના કહ્યાથી હાથીની આસપાસ છ ટેબલ ગોઠવાયાં, એના પર છ આંધળાને ઊભા કરી દીધા, અને એકેકના હાથમાં હાથીનું એકેક અંગ પકડાવ્યું. હવે આચાર્યમહારાજ એકેક આંધળાને પૂછે છે કે જુઓ ભાઈ ! આ તમારી આગળ એક પ્રાણી છે. તો તમે એનું અંગ તપાસી કહો કે આ પ્રાણીનો આકાર કેવો છે ?"

જેને સૂંઢ પકડાવી હતી તે આંધળો કહે કે, 'આ પ્રાણી લાંબી નળી જેવું છે.' કાન પકડનારો અંધ કહે કે 'આ પ્રાણી સૂપડા જેવું છે.' ગંડસ્થલ પકડનારો કહે 'આ પ્રાણી મોટા કૂંડા જેવું છે.' પેટ પકડનારો કહે 'આ પ્રાણી શિલા જેવું છે.' પગ પકડનારો કહે કે 'આ પ્રાણી થાંભલા જેવું છે.' પૂંછડું પકડનારો કહે કે 'આ પ્રાણી દોરડા જેવું છે.'

હવે આચાર્યમહારાજે છ પંડિતોને આગળ બોલાવ્યા, અને એમને પૂછે છે કે 'બોલો ભાઈ! આ લોકોમાં કોઈ કહે છે કે હાથી લાંબી નળી જેવો છે, કોઈ કહે છે કે સૂપડા જેવો છે, કોઈ કહે છે કૂંડા જેવો છે, તો આ બધા સાચા કે ખોટા?' ત્યારે પંડિતો માથું ખંજવાળવા લાગ્યા, 'શું કહેવું ?' જુએ છે એકેક જણ પોતે પકડેલા અંગના હિસાબે સાચું કહે છે, તો એને જુઠ્ઠો કેમ કહેવાય ? છેવટે પંડિતો કહે કે 'એ બધા અધૂરા જ્ઞાની છે, તેથી પોતે પોતાની અપેક્ષાએ સાચા છતાં બીજાની અપેક્ષાની એમને ખબર નથી, તેથી પોતાનું જ સાચું કહીને બીજાને ખોટા કહે છે. ખરેખર તો છએનો મત ભેગો કરાય તો જ પૂર્ણ સત્ય કહેવાય.'



આચાર્યમહારાજ કહે : 'તો આ તમે લોકો શું કરો છો ? શું મોક્ષ માટે એકલી ભક્તિ યા એકલો તપ જરૂરી છે એમ કહેનાર પૂર્ણ સત્યવાદી છે ? કે અધૂરો જ્ઞાની છે ? જેમ છ આંધળા પરસ્પર ઝગડે, અને પોતાનો મત સાચો અને બીજાનો ખોટો, એમ આગ્રહ રાખે, તો તેવું કહેનાર તરીકે દરેક જૂઠ્ઠા છે, એમ કહેવાય કે નહીં ? જો કહેવાય તો તમે પણ એ જ રીતે બીજાનું ખંડન કરનારા જુઠ્ઠા કહેવાઓ કે નહીં?" છએ પંડિતો શરમાઈ ગયા. આચાર્યમહારાજને હાથ જોડ્યા અને બોલ્યા કે 'દરેક મતમાં અંશે સત્ય છે, પૂર્ણ સત્ય નથી. બધા મત ભેગા મેળવાય તો જ પૂર્ણ સત્ય કહેવાય.' એમ સ્વીકાર કર્યો.

ત્યારે રાજા કહે 'હરામીઓ! તો પછી તમે પરસ્પર ઝગડો શા માટે? આ ભણ્યા તે શું પાડાની જેમ લડવા માટે ભણ્યા? નગરમાં શું કામ ઘર ઘર હોળી સળગાવી છે? માટે હવે સમજી જાઓ અને બીજાને પણ ન્યાય આપનારાં ભાષણ કરો, એટલે હોળી મટે.'

આમ છએના ઝગડા મટી ગયા, અને નગરમાં એ રીતે બધાય મતને ન્યાય આપનારાં ભાષણ ચલાવ્યાં, તેથી નગરમાં પણ ઝગડા મટી ગયા.

આ તો 'તર્કવિચારે વાદપરંપરા'ની વાતમાં જે વિચારો મૂક્યા એથી પંડિતોના વાદને શમાવ્યા, પરંતુ પ્રભુના માર્ગ અંગે તર્કવાદનું કોણ શમન કરે?

પ્રભુનો માર્ગ શોધી કાઢવામાં હવે જ્યારે તર્કથી ઠેકાણું પડે એવું નથી, તો પછી પ્રશ્ન થાય કે-

શું એ તર્કથી ચર્ચા-વિચારણા કરતાં કરતાં એમાં ઇષ્ટ વસ્તુનો વસ્તુસ્થિતિએ વિચાર ન આવી જાય ? અહીં કવિ કહે છે કે-

**"અભિમત વસ્તુ રે વસ્તુગતે લહે રે, તે વિરલા જગ જોય"**

'અભિમત'=ઇષ્ટ વસ્તુનો, એની વસ્તુસ્થિતિના હિસાબે, નિર્ણય પામવો બહુ અઘરો છે, એટલે જ એ પામનારા જીવો જગતમાં વિરલા હોય છે, અર્થાત્ બહુ જ થોડા હોય છે, એનું કારણ એ છે કે ઇષ્ટ વસ્તુ પ્રસ્તુતમાં પ્રભુના પંથની જાણકારી છે, એ અતીન્દ્રિય છે, એટલે જ એને બાહ્ય ઇંદ્રિયથી તો જણાય નહિ, એટલે જ આગમ, તર્ક, ઔત્પાતિકી વગેરે ચાર બુદ્ધિ.... ઇત્યાદિ સાધનોથી જાણી શકાય. દા.ત. ગણધરભગવંતો જ્યારે દીક્ષા લઈને પ્રભુને તત્ત્વ પૂછે છે ત્યારે પ્રભુ ત્રણ પદ(ત્રિપદી)માં જ ઉત્તર કહે છે, ને એના પરથી ગણધરદેવો ઇષ્ટ તત્ત્વ વસ્તુસ્વરૂપે જાણી જાય છે, પામી જાય છે, પછી ત્યાં જ જાણેલી-અભિમત યાને ઇષ્ટ તત્ત્વ વસ્તુને, દ્વાદશાંગી આગમ રચી, એમાં ગૂંથી દે છે; ગોઠવી દે છે. એ જાણી લેવામાં યાને પામી જવામાં અને પછી દ્વાદશાંગી તથા ચૌદ 'પૂર્વ' શાસ્ત્રોમાં ગૂંથી લેવામાં એમની પાસે કેટકેટલાં

ઉચ્ચ સાધનો હોય છે ! દા.ત.

**ગણધરદેવોને ઈષ્ટ તત્ત્વવસ્તુ પામવાનાં ૭ સાધનો....**

(૧) ગુરુ તીર્થંકર પ્રત્યે અતિ ઉત્તમ કોટિનો અદ્ભુત વિનય-ભાવ; જેમ કે ગૌતમસ્વામીજીને.

(૨) ગુરુ તીર્થંકર પ્રત્યે સમર્પિત ભાવ.

(૩) પૂર્વજન્મની કોઈક એવી દેવ-ગુરુ-ધર્મની અને સદ્ગુણોની વિશિષ્ટ આરાધના.

(૪) પૂર્વજન્મમાં જેમ તીર્થંકરના જીવને 'સવિ જીવ કરું શાસન રસી'ની યાને સર્વજીવ કરુણાની ભાવનાની આરાધના હોય છે, એમ ગણધર થનારને પૂર્વભવમાં આખા કુટુંબને, નાતને, ગામને કે દેશને શાસનરસિક બનાવવાની કરુણાભાવના હોય છે. જેમ કે, ૧૮ દેશના સમ્રાટ કુમારપાળ રાજાને પોતાના સમસ્ત રાજ્યના લોકોને અહિંસક બનાવી જૈનધર્મની બોધિનું બીજ પમાડવા દ્વારા, આગળ જઈને એ જિનશાસન રસિક બને એવી જ્વલંત કરુણા એમણે ભાવેલી તો એવું ગણધરપણાનું પુણ્ય ઉપાર્જ્યું, કે આવતી ચોવીસીમાં એ પહેલા પદ્મનાભસ્વામી તીર્થંકરભગવાનના ગણધર થવાના છે.

(૫) ઔત્પાતિકી-વૈનયિકી-કાર્મિકી-પારિણામિકી, એ ચાર પ્રકારની તેજસ્વી બુદ્ધિ.

(૬) તીર્થંકરભગવાનના શ્રીમુખે વિધિસર પ્રાપ્ત કરેલ ત્રિપદી.

(૭) પૂર્વભવની અને અહીંની સાધનાઓથી પ્રાપ્ત થયેલ ઉત્કૃષ્ટ કોટિનો શ્રુત-જ્ઞાનાવરણનો ક્ષયોપશમ; જેનો 'નમુત્થુણં'-શક્રસ્તવ-સ્તોત્ર પરની સૂરિપુરંદર હરિભદ્રાચાર્યમહારાજે રચેલ વ્યાખ્યારૂપ 'લલિત વિસ્તરા' શાસ્ત્રમાં લોગ-પજ્જોઅ-ગરાણં' પદની વ્યાખ્યામાં નિર્દેશ કર્યો છે.

આવા આવા સાધનોથી ઈષ્ટ તત્ત્વનો વસ્તુ-સ્વરૂપે બોધ પામનાર ગણધરમહારાજ જેવા કેટલા ? એ ઈષ્ટ તત્ત્વનો બોધ કેવો પામ્યા ? તો કે, સમસ્ત દ્વાદશાંગી આગમ(શ્રુત)ના અનંત પર્યાયોનો ઉત્કૃષ્ટ કોટિનો બોધ પામ્યા, એટલી બધી એમણે ઈષ્ટ તત્ત્વવસ્તુને 'વસ્તુગતે' યાને અતિશય વિસ્તૃત વસ્તુસ્થિતિએ જાણી.

ગણધરદેવો આ અભિમત યાને ઈષ્ટ તત્ત્વવસ્તુને વસ્તુગતે પામવામાં કારણભૂત બનેલા એ સાત સાધનોનો થોડોક વિચાર કરીએ.

**૧. ઈષ્ટ તત્ત્વપ્રાપ્તિનું પ્રથમ સાધન :-**

ગણધર બની અભિમત યાને ઈષ્ટ તત્ત્વવસ્તુની વસ્તુગતે પ્રાપ્તિ કરવામાં પહેલું સાધન ગુરુ તીર્થંકર ભગવંત પ્રત્યે અપ્રતિમ અદ્ભુત 'વિનયભાવ' બને છે. આ વિનયભાવ કેવો, એ સમજવા આઘે ક્યાં જવું ? અનંતલબ્ધિ-નિધાન ગણધરભગવાન



ગૌતમસ્વામીજીનું આદર્શ દૃષ્ટાંત છે. પોતે શ્રુતજ્ઞાનના અપ્રતિમ મહાસાગરને પાર પામેલા છતાં ગુરુ મહાવીર-ભગવાનની વાણીને વિસ્મિત હૃદયે સાંભળતા હતા ! પોતે જાણે છે સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વો, એટલા ધુરંધર મહાવિદ્વાન છતાં ભગવાન ભલેને સમવસરણમાં બાળજીવોને સમજાય એવું, દા. ત. 'આ સંસાર પાપો અને કષાયોથી ભયંકર છે' એટલું જ બોલે, છતાં એ જાણે પોતે પહેલાં સાંભળ્યું જ નથી, અને જાણતા જ નથી, એવું અપૂર્વ નિધાન મળ્યું સમજી એને અતિ વિસ્મિત હૃદયે સાંભળે છે. સાંભળતાં અગાધ જ્ઞાનના ધણી ભગવાનના મુખથી નીકળે છે એ સામાન્ય વસ્તુ હોય તો પણ 'ઓહો ! આવી અપૂર્વ વસ્તુ! હેં? સંસાર આવો ભયંકર? અને હેં ! એમાં કારણરૂપ આ ઘોર હિંસાદિ પાપો અને ક્રોધ લોભાદિ કષાયો ?'... એમ પ્રભુનું એકેક વચન સાંભળતાં સાંભળતાં ગદ્ગદ થઈ જાય! ત્યારે એમનો ગુરુ-તીર્થંકર ભગવાન પ્રત્યે વિનયભાવ કેવો ?' કેવા મારા ભગવાન ? એમનું કહેલું સામાન્ય ન હોય, આ વિનયભાવ હતો એટલે ત્રિપદી મળતાં દ્વાદશાંગી રચી. ગુરુવચન સામાન્ય શુષ્ક હૃદયે 'તહત્તિ' કરી લેવાનું એમ નહિ; પરંતુ જાણે અપૂર્વ નિધાન મળ્યું! એવા ઊછળતા સંભ્રમ, સંવેગ, વિસ્મય અને અહોભાવ સાથે સ્વીકારવાનું.

વળી વિનયભાવ કેવો, કે આનંદ શ્રાવક કહે છે કે, 'મને એક રાજલોકનું અવધિજ્ઞાન થયું છે.' ત્યારે ગૌતમમહારાજ એને કહે કે, 'શ્રાવકને એટલું અવધિજ્ઞાન ન થાય.' ત્યાં આનંદ શ્રાવક પગે લાગીને કહે, 'પ્રભુ! જ્ઞાન થયું છે, એ હકીકત છે, હું અનુભવી રહ્યો છું, એમાં ફેરફાર હોય ?' તો એ વખતે ગૌતમમહારાજે પોતાના અગાધ દ્વાદશાંગી આગમના બોધનો ઉપયોગ ન કરતાં, 'લાવ, ત્યારે મારા ગુરુને પૂછી આવું;' એમ કહી પ્રભુ પાસે આવ્યા, અને પૂછે છે! આ વિનયભાવ કેટલો જબરજસ્ત ? અગાધ જ્ઞાનના ધણી પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવાને બદલે ગુરુ પાસેથી ફાઈનલ જજમેન્ટ મેળવવા જાય છે. ગણધર વિદ્વાન અતિ ઉચ્ચ કોટિના! તો પછી આ કેમ બને? કહો, અચિંત્ય વિનયભાવ વિના આ બને નહિ. ગૌતમસ્વામીને આવો વિનયભાવ હતો ! આપણે મહાન થવું છે પણ વિનય ખપતો નથી. વિનય વિના વિદ્યા નહિ.

ગણધરને વિનયભાવ એવો કે ભગવાનને પૂછયું, **भयवं ! किं तत्तं ?** ભગવન્! તત્ત્વ શું? આ તત્ત્વ ઈષ્ટ હતું, અને વિનય દ્વારા તત્ત્વને વસ્તુસ્વરૂપે પામ્યા. વસ્તુ સ્વરૂપે એટલે? ધર્માસ્તિકાયાદિ એક એક દ્રવ્યને જાણે, અને એના અઢળક ગમ અને પર્યાય જાણે. 'ગમ' એટલે અર્થ-માર્ગ, યાને અર્થને જાણવાના દ્વાર. જેમકે, કોઈ વસ્તુ જાણવી હોય તો માર્ગણાના ૬૨ દ્વાર વિચારતાં જણાય. સ્કુલમાં શિક્ષક ઝાડ ઉપર

નિબંધ લખો એમ કહીને પોઈંટ લખાવે છે, એ પોઈંટના આધારે પછી નિબંધ લખે. એમ અર્થમાર્ગથી વસ્તુને વિસ્તારથી બરાબર જાણે ત્યારે તેને વસ્તુસ્વરૂપે બરાબર જાણી કહેવાય. એટલે પહેલા નંબરે વિનય જોઈએ. જેમ વિમલાચલ સન્મુખ ડગલાં ભરે તો ડગલે ડગલે ભવકોટિના પાપનો નાશ થાય, તેમ વિહારમાં ગુરુની સાથે ને સાથે ચાલે તો પગલે પગલે વિનયની કમાણી મળે. પરંતુ એની ગરજ નહિ તે ૧૦ કિ.મિ. સુધી ગુરુથી ૫૦ ડગલાંના અંતરે જ ચાલશે! વિનય કમાણી ગુમાવશે.

વળી વિનયભાવ કેવો ? કે ભગવાને જ્યાં કહ્યું કે, શ્રાવકને એટલું વિશાળ અવધિજ્ઞાન થઈ શકે, તો પોતે આનંદ શ્રાવકને ન થઈ શકે એવું કહેવાની કરેલી ભૂલનો મિચ્છા મિ દુક્કડમ્ દેવા (ક્ષમા માંગવા) પ્રભુએ કરેલા નિર્દેશનો તરત આનંદપૂર્વક સ્વીકાર કરી લે છે. ચૌદ હજાર મુનિઓમાં વડેરા અને મનઃપર્યવજ્ઞાન સુધી ચાર વિશિષ્ટ જ્ઞાનના ધણી પોતાની નાનીશી ભૂલ સ્વીકારી લે, ગુરુના કહ્યા મુજબ ક્ષમા માગવા જાય, એ ગુરુ પ્રત્યેનો વિનયભાવ કેટલો !

### (૨) ઇષ્ટ તત્ત્વપ્રાપ્તિનું બીજું સાધન :

ગુરુ પ્રત્યે સર્વેસર્વા સમર્પિતભાવ જોઈએ. સેવા ને વિનય સહેલા છે, પણ સમર્પણ સહેલું નથી. એ પણ ગૌતમસ્વામી મહારાજમાં સહેલું હતું. ગૌતમસ્વામીનો સમર્પણ ભાવ કેવો ? કે 'પોતે ૫૦ હજાર કેવળજ્ઞાનીના ગુરુ છે, ભગવાનના ૧૪ હજાર શિષ્યોમાં વડેરા છે.' એ કશું કયારેય મનમાં લાવતા નથી અને એટલું જોયા કરે છે કે, 'હું મહાવીરભગવાનનો શિષ્ય છું' આમ, માત્ર ગુરુના શિષ્ય તરીકેનું જ નિરંતર ધ્યાન એ ગુરુ પ્રત્યેનો સમર્પિત ભાવ કેવોક અસાધારણ ! એ શિષ્યભાવે મહાવીર-ભગવાનની સાથે દૂધમાં પાણીની જેમ ભળી ગયેલા!

ભગવાન દૂધ જેવા છે. આપણો આત્મા પાણી જેવો છે. દૂધની સંગતે પાણી પણ દૂધ થાય છે. 'મારું કોઈ અલગ અસ્તિત્વ જ નહિ.' વળી મહાવીરપ્રભુના નિર્વાણસમયની પ્રભુની ચાલી રહેલી અતિ અદ્ભુત અને ૩૫ અતિશયવાળી અમૃત દેશના સાંભળવા વખતે પ્રભુ કહે છે, 'ગૌતમ ! હમણાં જાઓ, બાજુના પરામાં પેલા દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરી આવો.'

ત્યારે જે અમૃતથી અધિક મીઠી મધુરી દેશનાને કાલસૌકરિક કસાઈ જેવા અત્યંત આલ્હાદ અને ઉત્કૃષ્ટ રસ સાથે સાંભળે, એવી મહામીઠી દેશના સાંભળવાનું પડતું મૂકી ગૌતમમહારાજ 'તહત્તિ' કરીને ઊઠ્યા! અને દેવશર્માને પ્રતિબોધ કરવા ચાલ્યા. આ ગુરુ પ્રત્યેનો સમર્પિત ભાવ કેવો ? તો કે એમાં 'પ્રભુ અત્યારે આમ કેમ કહે છે,' એ કશું જ વિચારવાનું નહિ; એટલું જ નહિ પણ એમણે એ દેવશર્મા પાસે



જઈ એને બૂઝવવાનો પ્રયત્ન કર્યો, એમાંય એ બૂઝ્યો નહિ; ત્યારે ગૌતમમહારાજાના મનમાં લેશ પણ ન આવ્યું કે- 'પ્રભુએ સારું સાંભળવાનું મૂકી આવા પથરાને બૂઝવવા ક્યાં મોકલ્યો ?' કેમ આવો સહેજ પણ વિચાર નહિ ? એક જ કારણ, કે એ પ્રભુ પ્રત્યે સર્વેસર્વા સમર્પિત હતા.

મિલિટરીમાં વફાદાર સૈનિક સેનાપતિના કે રાજાના બોલને કેવા ઉઠાવે છે! કેવાક માથે ચડાવે છે! કારણ ? એ સેનાપતિ કે રાજાને સમર્પિત હોય છે, પછી એના તરફથી ગમે ત્યારે ગમે તેવી આજ્ઞા આવે, તો એ કોઈ સંકોચ કે કચકચ યા વિલંબ વિના સહર્ષ ઉઠાવી લે છે. ગણધરભગવાનનો પ્રભુ પ્રત્યે આ સમર્પિત ભાવ એમનામાં એક એવો વિશિષ્ટ ક્ષયોપશમ ઊભો કરી દે છે કે જે પછીથી મળતી ત્રિપદી ઉપર એમને અભિમત તત્ત્વવસ્તુનો વસ્તુસ્વરૂપે સૂક્ષ્મતાથી અને મહાવિસ્તારથી બોધ કરાવી દે છે.

### સમ્રાટ કુમારપાળ ગણધર કેમ થશે?

### (૩) ઇષ્ટ તત્ત્વપ્રાપ્તિનું ત્રીજું સાધન :

આવા 'અભિમત વસ્તુ રે વસ્તુગતે લહે', એવી તત્ત્વની પ્રાપ્તિ કરાવવા તીર્થંકરભગવાન પ્રત્યે એમના શરણ-ભાવ ને સમર્પણ-ભાવ ઉપરાંત એમની પૂર્વની દેવ-ગુરુ-ધર્મની તથા સદ્ગુણોની અદ્ભુત આરાધના કામ કરી જાય છે. એ આપણને રાજા કુમારપાળના જીવનમાં જોવા મળે કે એ આવતી ચોવીશીમાં ગણધર થવાના. તે એમજ લોટરી લાગીને ગણધર નથી થવાના; કિન્તુ એમણે આ સમ્રાટના ભવમાં દેવ-ગુરુ-ધર્મની આરાધના કરવામાં આડો આંક વાળ્યો છે. દા.ત. જીવનમાં બહુ મોડે મોડે સદ્ગુરુ પામ્યા, અને દેવ-ગુરુ-ધર્મની ઓળખ થઈ, છતાં પછીથી કેમ? તો કે દેવાધિદેવ અરિહંતભગવાનના પરમ ભક્ત બની ગયા! એટલા જ માટે એવા મોટા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજે સમ્રાટ કુમારપાળ માટે "પરમાર્હત્" એવું ખાસ વિશેષણ આપ્યું હતું. શું જોયું હશે? કેવી એમની અરિહંતભક્તિ જોઈ હશે?

એટલું જ નહીં, પણ જ્યારે કલિકાલસર્વજ્ઞે કુમારપાળને સુવર્ણ-સિદ્ધિ આપવાની ગુરુ પાસે દલાલી કરી, ત્યારે ગુરુએ કુમારપાળને કહ્યું કે 'તારી પાસે પરમ આર્હત્પણું યાને ઉચ્ચ કોટિનું સમ્યગ્દર્શન છે, તેમજ પરનારી-સહોદરપણું છે, એને જ સાચી સુવર્ણ-સિદ્ધિ સમજી રાખ, એનાથી જનતાને પણ મહાન ઉપકાર થશે.' આ હિસાબે ગુરુઓએ એમનામાં દેવ-ગુરુ-ધર્મની કેવી ઊંચી આરાધના દેખી હશે ? કુમારપાળની દેવાધિદેવ અરિહંત ભગવાનની વિશિષ્ટ કોટિની આરાધના કેટલી ગાઈએ? લાખો કે કરોડો રૂપિયા ખર્ચીને એ સિદ્ધિગિરિ યાત્રા સંઘ લઈ ગયા. ત્યાં દાદાના દરબારમાં તીર્થ-માળ પહેરવાનો એમનો હક્ક હતો, અને લાખો લોકોની વચમાં કલિકાલસર્વજ્ઞ

આચાર્યભગવાનના હાથે તીર્થમાળ પહેરે, એમાં ઘણું માન મળે એમ હતું, પરંતુ દિલમાં દેવાધિદેવ પ્રત્યેનું અપરંપાર ભક્તિબહુમાન કેવુંક હશે, કે એમને એ વિચાર આવ્યો કે, 'હું આ હકની તીર્થમાળ પહેરી લઉં એમાં મારા દાદાના ભંડારમાં શું આવે? એના કરતાં સંઘમાં જ તીર્થમાળ મૂકી દઉં, અને 'એની ઉછામણીમાં સૌથી અધિક રકમ બોલે એ તીર્થમાળ પહેરે,' -એવું કરું, તો મારા દાદાના ભંડારમાં કાંઈક જમા થાય.' અને એમ કરવામાં ઉછામણી એ કાળના સવા ક્રોડ રૂપિયામાં ગઈ.

વળી કુમારપાળરાજાની અરિહંત-ભક્તિ કેવી ? તો કે એકવાર પૂજા પછી આરતી ઉતારતા હતા, અને વચમાં જ વિચાર આવ્યો કે 'મારા ભગવાને મને અઢાર દેશનું રાજ્ય આપ્યું, અને હું ભગવાનને છ ઋતુનાં ફૂલ ન ચડાવી શકું? ધિક્કાર પડો મારા મનખાને !' અને ત્યાં જરાવાર આરતી અટકી, ને તરત ત્યાં અભિગ્રહ કરી લીધો કે-

**"છ ઋતુનાં ફૂલ ન ચડાવું ત્યાં સુધી આહાર-પાણી ત્યાગ."** પછી આરતી પૂરી કરી. એમની સાથે પૂજામાં રહેલા સામંત રાજાઓ અને કરોડપતિ શેઠિયાઓએ પાછળથી 'આરતી કેમ અટકી ?' એનું કારણ પૂછ્યું! કારણ તરીકે પોતાના અભિગ્રહની વાત કરી. એ સાંભળતાં સન્નાટો છવાઈ ગયો ! 'મહારાજા ! તે તે ઋતુનાં ફૂલ તો તે તે ઋતુમાં અમુક અમુક જ થાય. છએ ઋતુનાં ફૂલ એક સાથે ઊગેલાં મળે જ ક્યાંથી ?' ત્યારે સમ્રાટ કુમારપાળ કહે છે કે 'નહિ મળે તો ચિંતા શી છે? મારા ભગવાનની ભક્તિમાં પ્રાણ ખોવા પડે એ તો જબરજસ્ત ભાગ્યોદયનું કામ થશે' પછી પોતે મહેલમાં જઈને પ્રભુનો જાપ-ધ્યાન કરતા બેસી ગયા, ને થોડી જ વારમાં માળી થાળ ભરીને છએ ઋતુનાં ફૂલ લઈને હાજર થયો! ને કહે છે કે, 'મહારાજાધિરાજ! આજે આશ્ચર્ય થયું! છએ ઋતુનાં ફૂલો એના અનેક છોડો પર ઊગી ઊઠ્યાં છે!' કુમારપાળની આ અરિહંત-ભક્તિની સાધના હતી, એના પર એવું વિશિષ્ટ પુણ્ય કેમ ન ઊભું થાય કે જે ભવાંતરે અભિમત વસ્તુ (અર્થાત્ ઇષ્ટ તત્ત્વવસ્તુ) વસ્તુગતે ન પમાડે ?

કુમારપાળમહારાજની ગુરુ-ભક્તિની આરાધના પણ ઉચ્ચ કોટિની હતી. 'મારા ગુરુ લાખોગમે શ્લોક-પ્રમાણ શાસ્ત્રો લખાવે છે, તો મારે એમની અને જ્ઞાનની ભક્તિ કરવાનો અપૂર્વ અવસર છે,' એમ સમજી ૭૦૦ લહિયાને લખવા બેસાડી દીધેલા. તાડપત્રો પર શાસ્ત્રો લખાતાં હતાં; પરંતુ એક દિવસ તાડપત્ર ખૂટી ગયાં, અને લહિયાઓને એમ ને એમ બેઠેલા જોયા ને ત્યાં પણ આવો જ અભિગ્રહ કર્યો અને તાડપત્રો ન મળે ત્યાં સુધી તે માટે આહારપાણી ત્યાગ કરીને બેસી ગયા! 'મરુંગા, યા માલ લેકે રહુંગા', અને પછીથી બગીચો તાડપત્રોથી ઉભરાઈ ગયો!



એમની ગુરુ-ભક્તિ કેવી કે ગુરુ બહારથી વિહાર કરીને પાટણ પધારી રહ્યા હતા, અને એમનું સામૈયું કરવા નગર બહાર ગયેલા. કુમારપાળે ગુરુના શરીર પર તાપડા જેવો કપડો ઓઢેલો જોયો. એ કહે 'ગુરુદેવ! આપ આવો કપડો ઓઢો, તેથી મને શરમ લાગે છે. સામંત રાજાઓના મનને એમ લાગવા જાય કે 'કુમારપાળને સારો કપડો પણ વહોરાવવાનું મળતું નથી ? કે એવો કપડો ગુરુને ઓઢવો પડે? ત્યારે ગુરુ કહે કે, 'તું વિચાર કર; કે જે શ્રાવકે આવો કપડો વહોરાવ્યો હશે, એની આર્થિક સ્થિતિ કેટલી બધી નબળી હશે ? કે પોતાને પણ આવો જ કપડો ઓઢવો પડતો હશે? રાજાઓને શું લાગે એની તને શરમ આવે છે, પણ હું અઢાર દેશનો સમ્રાટ ને મારા સાધર્મિકો આટલી બધી કપરી સ્થિતિમાં? એની તને શરમ નથી આવતી ?' ગુરુનો એક ટોણો બસ. ત્યાં કુમારપાળે હાથ જોડી ક્ષમા માગી અને સંકલ્પ જાહેર કર્યો કે દર વર્ષે સાધર્મિક-ભક્તિ પાછળ એક ક્રોડ રૂા. ખર્ચવા, એમ સાધર્મિક પાછળ કરોડો રૂપિયા ખર્ચ્યા! મારા ગુરુને સહેજ પણ અસંતોષ કેમ રહેવો જોઈએ? આ હતી એમની ગુરુભક્તિ!

ત્યારે સમ્રાટ કુમારપાળની ધર્મની આરાધના કેવી ? ધર્મનું મૂળ દયા-જયણા. તે પોતાના આખા રાજ્યમાં કસાઈ, માછીમાર, પારધિ, શિકારી વગેરેના હિંસક ધંધા બંધ કરાવી દીધા, પછી ભલે એમાં એ લોકોને અહિંસક ધંધે ચડાવવા લાખો-કરોડો ખર્ચવા પડતા હોય હોય તો એની ચિંતા નહીં.

એકવાર પૌષધમાં એમના પગ પર મંકોડો ચોંટી ગયો, તો એ જીવની દયા ખાતર પોતાની એટલી પગની ચામડી ઊખેડી નાખી અને એ ચામડી સાથે મંકોડાને સુરક્ષિત જગ્યાએ મૂકી અભયદાન આપ્યું.

મહારાજા કુમારપાળની વ્રત-ધર્મની આરાધના કેવી ? તો કે દર વર્ષે ચોમાસાના કાળમાં ચારે મહિના માટે (૧) પાટણની બહાર નહિ જવાનો અભિગ્રહ હતો. (૨) નિત્ય એકાસણું, એકાસણાથી ઓછો તપ નહિ! એમાં પણ (૩) પાંચ વિગઈઓનો ત્યાગ, (૪) લીલોતરી સર્વથા ત્યાગ!..... વગેરે વ્રતો પાળતા. (૫) ચારે મહિના બ્રહ્મચર્યનો નિયમ એવો, કે કાયાથી ભંગ થાય તો એકાસણું, વચનથી ભંગ થાય તો આયંબિલ, ને મનથી ભંગ થાય તો ઉપવાસ! મન પર આવો મોટો અંકુશ કેમ? એટલા જ માટે કે પાપ પહેલાં મનમાં પેસે પછી જ વચન અને કાયાથી થાય, માટે મનમાં જ એને No Admission કરો, જેથી પાપનો વિચાર જ ન આવે. એમની મધ્યાહ્ન કાળની રોજની પૂજા એવી અદ્ભુત કે સાથે કરોડપતિ શેઠિયાઓ પૂજામાં રહેતા ! એવી એવી ઉચ્ચ કોટિની ધર્મારાધના આરાધી રાખી કે પરભવ માટે અભિમત વસ્તુ

વસ્તુગતે લહે.

મહારાજાની સદ્ગુણોની આરાધના પણ અદ્ભુત હતી. દા.ત. ઔચિત્ય-દાનના ગુણ માટે, એકવાર સોમદેવ ભટ્ટ કવિએ સભામાં ગુરુ હેમચંદ્રસૂરિમહારાજના ગુણનો શ્લોક સંભળાવ્યો, અને રાજાએ તરત ખજાનચી પાસે ૫૦ હજાર રૂા.નું ઈનામ અપાવ્યું! મંત્રી અને બીજાઓને આશ્ચર્ય લાગ્યું કે 'એક શ્લોકમાં આટલું મોટું દાન ?' રાજાને પૂછ્યું, રાજા ખુલાસો કરે છે કે 'તમને ખબર નથી કે જેમ તબલાના મોંઢા ઉપર કણેકનો લોચો ચોડી રાખ્યો હોય, તો પછીથી એ તબલું તડિંગ અવાજ આપે છે, તેમ આ ભટ્ટને મોંઢે આ દાનનો પિંડો લગાવ્યો, એ હવે ગામ ગામ ફરશે, ત્યારે મારા ગુરુના ગુણ ગાશે કે 'અહો આ ગુરુ કેવા પ્રભાવવંતા કે એમનો ભક્ત રાજા-ગુરુસ્તુતિના એક શ્લોકની પાછળ આટલું મોટું દાન દે છે!''

કુમારપાળ મહારાજાનો ગંભીરતા ગુણ કેવો કે સાધુને મુંડિયો કહીને મશ્કરી કરનાર પોતાના બનેવી અર્ણોરાજ ઉપર ચડાઈ કરી, ત્યારે પેલાએ આગળથી એના સેનાપતિ અને લશ્કર વગેરેને ફોડી નાખેલું. એટલે પ્રભાતે લડાઈ શરૂ કરવાના રાજાના હુકમ પર લશ્કરના કોઈએ શસ્ત્ર ન ઉઠાવતાં લશ્કર એમ જ ઊભું રહી ગયું. એ વખતે કુમારપાળે સમયસૂચકતા વાપરી, શૂરવીરતાથી પોતાનો હાથી સીધો અર્ણોરાજના હાથી પર કુદાવ્યો, અને અર્ણોરાજને જીવતો પકડી એની છાતી પર ચડી બેઠા! અર્ણોરાજનું લશ્કર સ્તબ્ધ બની એમજ ઊભું રહી ગયું, આમ વિજય મેળવી પાટણ પાછા વળ્યા ત્યારે સેનાપતિ અને લશ્કરને મોટો ભય હતો કે 'અમને હાથીના પગ નીચે આ મહારાજા કચડાવી મારશે.' પરંતુ મહારાજાએ ગંભીરતા રાખીને એમના પર ન તો અરુચિ બતાવી, કે ન તો ઠપકાનો એક પણ અક્ષર કહ્યો! બાકી મહારાજામાં સત્ત્વગુણ, કૃતજ્ઞતાગુણ સહનશીલતા અને સહનવૃત્તિ વગેરે ગુણો પણ અદ્ભુત હતા.

'સહનશીલતા' એટલે સહિષ્ણુતા. જે કોઈ દુઃખ આફત આવે એને મનને શાંત રાખીને સહન કરી લેવાનું. 'સહનવૃત્તિ' એટલે આરાધના માટે સામે ચડીને દુઃખ-કષ્ટ ઊભાં કરીને એને સહી લેવાનાં. કુમારપાળમાં સહનશીલતા એવી ગજબની હતી, કે અજયપાળે એમને ઝેર આપ્યું, ત્યારે પોતાની પાસે એવો એક અનુપમ મણિ હતો, કે એનાથી ઝેર નાબૂદ થઈ જાય. પરંતુ ખજાનચી પાસે જ્યારે મંગાવ્યો, ત્યારે ખજાનચી આખો ખજાનો ફેંદીને પછી દિલગીર થઈને કહે છે કે, 'મહારાજા એ મણિ ચોરાઈ ગયો છે' એ વખતે ઝેરની જીવલેણ વેદના બહુ શાંતિથી સહન કરી લીધી. એવી ઉત્તમ સમાધિ રાખી ! જેના પ્રતાપે ત્યાંથી મરીને સ્વર્ગમાં એ દેવ તરીકે ઉત્પન્ન થયા.

ત્યારે એમના સહનવૃત્તિના ગુણના એક દાખલામાં પૂર્વે જોયું તેમ ચાતુર્માસના



કડક નિયમોના કષ્ટ સ્વેચ્છાએ ઊભા કરીને સહન કરવાનું રાખેલું! આ બધા ગુણોની આરાધના જોરદાર કરેલી.

**(૪) ઇષ્ટ તત્ત્વપ્રાપ્તિનું ચોથું સાધન :-**

ભગવાનની ત્રિપદી પરથી ગણધરભગવાન ઈષ્ટ તત્ત્વવસ્તુને વસ્તુસ્વરૂપે પકડી શક્યા, પામી શક્યા; એની પાછળ એમનું ગણધરનામકર્મ તથા ઔત્પાતિકી આદિ બુદ્ધિ કામ કરે છે. એ ગણધરનામકર્મ અને એ પુણ્યાઈ તથા એ અસાધારણ (Abnormal) શક્તિ શી રીતે ઊભી થઈ ? કારણ છે કે એમણે પૂર્વજન્મમાં પોતાના કુટુંબ-ગામ યા દેશ ઉપર કરુણાભાવના કરેલી. શાસ્ત્રમાં લખ્યું છે કે, 'સકલ વિશ્વના જીવોની કરુણાભાવના કરે એ તીર્થંકરનામકર્મ બાંધે; અને કુટુંબ ગામ વગેરેની કરુણાભાવના કરે એ ગણધરપણાનું પુણ્ય બાંધે, તથા પોતાના આત્માની કરુણાભાવના કરે એ મૌન કેવલી થાય. અઢાર દેશના સમ્રાટ કુમારપાળ મહારાજાએ 'મારા દેશની આખી પ્રજાને હિંસાના ઘોર પાપથી બચાવી લઉં, ભલે તિજોરી ખાલી કરવી પડે, એનો વાંધો નહીં,' એવી પોતાના દેશના લોકોની ભાવકરુણા કરેલી. કોઈનાં ભૂખ-રોગ-ત્રાસ વગેરે દુઃખો ટાળે એ 'દ્રવ્ય-કરુણા' છે, અને કોઈની અસમાધિ-અશાંતિ-અજ્ઞાન-હિંસાદિપાપ-ક્રોધાદિકષાય... વગેરે ભાવ-દુઃખ શાંત કરે એ 'ભાવ-કરુણા.' રાજા કુમારપાળ આ કરુણા લાવેલા, અને એમાં એમણે પોતાનાં કેટલાંય જટિલ કર્મો તોડી નાખેલાં! તેમજ અતિ ઉચ્ચ કોટિના ગણધરપણાને યોગ્ય પુણ્ય ઊભાં કરી દીધેલાં! એવું રાંધણું કરી રાખ્યું, કે હવે આવતી ચોવીશીમાં જાણે રાંધેલી ખીચડીની તપેલી પર ઢાંકણું ખોલીને સીધું જમવા જ બેસી જવાનું, એ રીતે એમને પ્રથમ તીર્થંકરભગવાનના ગણધર જ બની જવાનું. આ કરુણા માત્ર 'ભાવના' એટલે કે મનોરથ રૂપ નહોતી, યાને માત્ર ચિંતનરૂપ નહોતી, કિન્તુ ભોગ આપીને સક્રિય કરુણા હતી. શાસ્ત્ર પણ **'परदुःख-विनाशिनी तथा करुणा'** અર્થાત્ 'બીજાનાં દુઃખો મિટાવે એવી પ્રવૃત્તિ એ કરુણા,' એમ કરુણાની વ્યાખ્યા લખે છે. કુમારપાળમહારાજાએ પોતાની સત્તાથી તથા બીજી રીતિએ આજીવિકાનાં દાન કરીને કસાઈ-પારધિ-માછીમાર-શિકારી વગેરેનાં ધંધા તદન બંધ કરાવી દીધા! આનાથી ભારે પુણ્યાઈ ઉપાર્જન કરી કે જેથી એ ગણધર થવાના છે ! એ કેવુંક કામ કરશે ? તો કે ત્રિપદી પરથી એવી અદ્ભુત દ્વાદશાંગીની રચના કરશે કે જેના યોગે ભવ્ય જીવોને દર્શન, જ્ઞાન, ચારિત્ર, દાનાદિ ધર્મ, સમતા, શાંતિ, સમાધિ વગેરેના અનુપમ લાભ થશે ! એનું ફળ શું? કુમારપાળરાજા ગણધર બની અપૂર્વ સમાધિ (અપૂર્વકરણ) પામી કેવલજ્ઞાન લઈને મોક્ષે જશે, એ ફળ.

**તમે બીજાને શાંતિ સમાધિ આપો, તો તમને શાંતિ સમાધિ મળશે.**

જો બીજાને સમાધિ નહીં આપો, તો પછી તમારે અસમાધિના અવસરે કોઈ શાંતિ સમાધિ આપનાર હશે તો પણ તમારા મનને શાંતિ-સમાધિ નહિ થાય.

**(૫) ઇષ્ટ તત્ત્વપ્રાપ્તિનું પાંચમું સાધન :-**

અભિમતવસ્તુ વસ્તુગતે લહે, એનું ચોથું સાધન વિચાર્યું. હવે પાંચમું સાધન જોઈએ. એ આ છે. 'ભગવંત, તત્ત્વ શું? એવા ગણધરના ત્રણવારના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન ક્રમશઃ કહે છે, (૧) ઉત્પન્ન થાય છે (૨) નાશ પામે છે, (૩) ધ્રુવ છે, એટલા જ ત્રિપદીના ઉત્તરમાં એમને અભિમત (ઇષ્ટ) તત્ત્વનો વસ્તુસ્વરૂપે દ્વાદશાંગી અને ચૌદ પૂર્વ જેટલો વિશાળ બોધ થાય છે, એમાં એક કારણ તરીકે ચાર પ્રકારની બુદ્ધિ કામ કરે છે.

(૧) ઔત્પાતિકી બુદ્ધિ, (૨) વૈનયિકી બુદ્ધિ,

(૩) કાર્મિકી બુદ્ધિ અને (૪) પારિણામિકી બુદ્ધિ.

આ ચાર પ્રકારની બુદ્ધિમાં વસ્તુનો યાને અર્થનો વિસ્તાર કરવાની તાકાત છે. દા. ત. (૧) ઔત્પાતિકી બુદ્ધિ એટલે ઉત્પ્રેક્ષા-શક્તિ, (on the spot reply), હાજર જવાબી, શીઘ્ર સ્ફુરણા અર્થાત્ જેનાથી પ્રશ્ન કે સમસ્યાનો સ્થાન પર જ મનમાં તુરંત એનો ઉત્તર સ્ફુરી જાય, એને ઉત્પ્રેક્ષા શક્તિ કહેવાય. એને ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય. આ બુદ્ધિનો પ્રભાવ એ, કે બહુ વિચાર કરવો ન પડે, અને જરૂરી સચોટ પદાર્થ કે ઉત્તર મનમાં તરત સ્ફુરી જાય.

શાસ્ત્રમાં રોહકનું દૃષ્ટાંત આપ્યું છે. રોહક એ ગામડાનો છોકરો; રાજાને ખબર પડી કે એ આવી ઔત્પાતિકી બુદ્ધિવાળો છે, એનું પારખું કરવા એને કહેવરાવ્યું, કે 'તું અહીં જલદી આવી જજે, પણ જો જે, હોં, દિવસે નહીં આવવાનું રાત્રે નહિ, આવવાનું, પગે ચાલીને નહિ આવવાનું કે સવારીમાં નહી આવવાનું, માથે છત્ર નહી રાખવાનું કે ખુલ્લા માથે પણ નહીં આવવાનું.' રોહાએ સંધ્યાકાળે બકરા પર બેસીને માથે ચારણી રાખીને રાજા પાસે પહોંચવાનું કર્યું. રાજા પૂછે છે કે 'કેમ શરત મુજબ આવ્યો?' રોહક કહે 'હા નામદાર ! સંધ્યા ટાઈમે રાત પણ નહોતી અને દિવસ પણ નહોતો. બકરા પર ઘસડાતા પગે આવ્યો, એટલે ચાલ્યો ય નથી, તેમજ ગાડા-પાલખી વગેરે વાહનની સવારીમાં પણ નથી આવ્યો. માથે ચારણી રાખી એટલે છત્રી પણ નહીં અને ખુલ્લા માથે પણ નહીં, એ રીતે આવ્યો છું' આનું નામ ઔત્પાતિકી બુદ્ધિ. અભયકુમારમાં, બિરબલમાં આવી ઔત્પાતિકી બુદ્ધિ હતી. કવિઓ કાવ્યો રચે છે, એમાં એવી ઉત્પ્રેક્ષા-સ્ફુરણા વગેરે હોય છે, એ પણ ઔત્પાતિકી બુદ્ધિનો પ્રભાવ છે.



**પ્રશ્ન :** આવી સ્ફુરણા-શક્તિ શી રીતે આવે ?

**ઉત્તર :** શાસ્ત્રોના અનુભવ લઈને મગજને સતત કામ કરતું રાખવાથી એ આવી શકે છે. રોજિંદા જીવનમાં માણસની પાસે ઘણાય ફાલતુ સમયો હોય છે, પણ એમાં મગજને સુસ્ત નિષ્ક્રિય રાખ્યા કરે એટલે મગજ ડલ રહ્યા કરે છે. ખરું તો શાસ્ત્રોના અનુભવ મળે, એને મનમાં મમળાવ્યા કરવા, અને એના પર ચિંતન કરતા રહેવું જોઈએ. અલબત પૂર્વની પુણ્યાઈ પણ કામ કરે છે, કિન્તુ પૂર્વની એવી પુણ્યાઈ ન હોય તો પણ અહીં જો અર્હદ્‌ભક્તિ વગેરે સત્કૃત્યો દિલથી અને જોરદારરૂપે કરવામાં આવે, તો એનાથી પણ પુણ્યાઈ વધીને એ તત્કાલ ફળે છે, તેથી જ્ઞાનાવરણાદિ કર્મો તૂટીને આવી ઉત્પ્રેક્ષા-શક્તિ ખીલી ઊઠે છે.

**(૨) વૈનયિકી બુદ્ધિ :-** હૈયામાં ગુરુ પ્રત્યે, પરમેષ્ઠિ પ્રત્યે, શાસ્ત્રો પ્રત્યે, વિનયભાવ ખૂબ છલકાવતા જઈએ, તેથી એવા પ્રકારનો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ખીલી ઊઠે છે,-કે જેથી બીજાને આશ્ચર્ય પમાડે એવી અવસર પર સ્ફુરણા થાય છે! શાસ્ત્રમાં એનું એક દૃષ્ટાન્ત આવે છે, કે

**બે બ્રાહ્મણ વિદ્યાર્થી :-** ગુરુ પાસે બે વિદ્યાર્થી ભણતા હતા. એક ખૂબ વિનય-ભાવવાળો અને બીજો વિનયની પરવા વિનાનો હતો. એકવાર બંને નદીએ ચાલ્યા. રસ્તામાં એક ઠેકાણે પોરો ખાવા બેઠા. ત્યારે વિનયવાળો વિદ્યાર્થી બીજાને કહે, કે જો અહીંથી એક કાણા હાથી ઉપર રાજાની રાણી ગઈ લાગે છે, અને તેને આગળ પુત્ર જન્મ્યો હશે, તેથી દાન દેવાતું હશે. તો ચાલો, જલદી પહોંચી જઈએ, જેથી આપણને પણ દાન મળે, એમ કરીને ચાલ્યા અને ખરેખર ત્યાં આગળ તંબુ તણાયા હતા. રાણીએ પુત્રને જન્મ આપેલ અને પુત્રના જન્મનાં વાજાં વાગતાં હતાં. દાન દેવાતું હતું તે મળ્યું એ પછી તે બન્ને આગળ ચાલ્યા.

નદી કિનારે એક ડોસી નદીમાંથી ઘડો ભરી માથે મૂકી જેવી બહાર નીકળી, કે પગ ખચકાતાં ઘડો પડી ગયો ત્યારે તે રોવા બેઠી. વિદ્યાર્થી પૂછે, 'મા આમાં શું રુવો છો?' ત્યારે ડોસી કહે કે, 'મારે તો છોકરો છ વર્ષથી બહારગામ ગયેલો છે એના સમાચાર નથી અને મજૂરી કરી પેટ ભરું છું, એમાં અધૂરામાં પૂરું આ ઘડાની નુકસાની ! વિનય વિનાનો વિદ્યાર્થી તરત બોલી ઊઠ્યો કે 'મા! ઘડો ફૂટયો, પાણી ઢળી ગયું. એ સૂચવે છે કે, તારો છોકરો પરદેશમાં મરી ગયો, ભેગાભેગું એનું અહીં સ્નાન પણ કરી લે;' પરંતુ વિનયવાળો કહે કે, 'અરે મૂર્ખ ! આવા ખોટા મોતના સમાચાર કાં આપે છે ?' ડોસીને કહે 'મા, જા ઘરે, તારો દીકરો આવી પહોંચ્યો હશે!'

બસ, પછી વિદ્યાર્થીઓ નાહી ધોઈ પાછા ગુરુ પાસે પહોંચ્યા એટલામાં ડોસી

ફળફૂલાદિની થાળી લાવી, ગુરુ આગળ મૂકીને કહે છે, કે 'લો આ તમારા વિદ્યાર્થીને વધામણીનું દાન.'

ગુરુ પૂછે, - 'શાની વધામણી ?'

એ કહે છે કે, 'વિદ્યાર્થીના કહેવા મુજબ દેશાવર ગયેલો મારો દીકરો ઘરે આવી ગયો છે.'

ત્યાં જ વિનય વિનાનો વિદ્યાર્થી ચડભડી ઊઠ્યો, ને ગુરુને કહે કે 'આ તમે આ વિદ્યાર્થીને ખાનગી ખાનગી એવી વિદ્યા આપી- કે એને જંગલમાં રાજાની રાણી ગઈ છે, ને પુત્ર જન્મ્યો છે... એ બધી વાતોની ખબર પડી ગઈ; તેમજ આ ડોસીનો દીકરો ઘરે આવ્યાની પણ ખબર પડી ગઈ! એને ભણાવ્યું અને મને ન ભણાવ્યું, એ તમારો એના પર પક્ષપાત છે.'

ગુરુ કહે, 'જ્યારે જ્યારે વિદ્યા ભણાવી, ત્યારે ત્યારે બંનેને સાથે જ ભણાવી છે, છતાં એને પૂછ કે- 'તેં શી રીતે જાણ્યું ?'

પછી વિનયી વિદ્યાર્થી કહે છે કે -

''અમે જંગલમાંથી જતા હતા ત્યારે રસ્તા પર હાથીનાં પગલાં જોયાં; અને માત્ર એક બાજુનાં ઝાડનાં પત્તાં ખવાયેલા જોયાં. એ પરથી મેં કલ્પ્યું કે, 'હાથી કાણો હશે!' આગળ વિસામો ખાવા બેઠા, ત્યાં જોયું કે, છોડવા પર રેશમના તાર લાગેલા હતા. એટલે કલ્પ્યું કે 'કોઈ રાણી હાથી ઉપર ગઈ હશે? કેમકે હાથીની સવારી તો મોટી શેઠાણી પણ ન કરે. બીજું જોયું, કે એ ત્યાં બેસીને ઊભી થઈ હશે ત્યારે જમણા હાથ ઉપર ભાર આપીને ઊઠી હશે, એવું ધૂળમાં જોયું, એ પરથી કલ્પ્યું કે, એનું શરીર ભારે હશે, અને પેટમાં ગર્ભ હશે; કેમકે ઊઠતાં બે હાથ પર ભાર નહોતો, પણ જમણા હાથ પર ભાર હતો એટલે જ લાગ્યું કે પેટમાં પુત્ર હશે, એ પણ હાથના વધુ દબાણના લીધે લાગ્યું કે ગર્ભનો સમય પાકી ગયો હશે! બસ આ કલ્પનાથી બની આવેલું દેખ્યું... એવું ડોશી અંગે, ઘડો માટીનો એ ફૂટીને માટી ભેગો થઈ ગયો, એમ પાણી નદીનું, એ ઢળીને નદી ભેગું થઈ ગયું, એટલે મેં કલ્પ્યું કે, ડોશીનો છોકરો ડોશી ભેગો થઈ જવો જોઈએ. આ બંને વાત જાણવામાં કોઈ વિદ્યા કોઈ મંત્રનો ઉપયોગ મેં કર્યો નથી, તેમ એ વિદ્યામંત્ર હું જાણતો નથી.'' ગુરુએ બીજા વિદ્યાર્થીને ઠપકો આપતાં કહ્યું કે 'જોયું? છે આમાં કાંઈ જુદું ભણાવેલું ? આ તો એનો જોરદાર વિનય તેથી એની બુદ્ધિ ખીલી ઊઠેલી છે.' કહેવાની જરૂર નથી કે વિનય વિનાના વિદ્યાર્થીએ હાથ જોડીને ક્ષમા માગી, ને પોતે વિનયમાં લાગી ગયો.

ગણધરભગવાન પ્રભુ પાસેથી ત્રિપદી મેળવીને જે ચિંતન કરે છે, એમાં એક



ઔત્પાતિકી બુદ્ધિ તથા બીજી આ વૈનયિકી બુદ્ધિ કામ કરતી હોય છે.

**(૩) કાર્મિકી બુદ્ધિ** :- કર્મ એટલે કોઈ પ્રકારનો હુન્નર-કસબ-કામગીરી વગેરેનો બહુ અભ્યાસ થતાં એમાં ભારે હોશિયારી આવી જાય છે, એ કાર્મિકી બુદ્ધિ છે. આજે પણ મોટી ફેક્ટરીના ડીગ્રીધર ઈજનેરો મશીન ખોટકાય કે કાંઈ આડું અવળું ઉત્પાદન થઈ જાય, તો ત્યાં એમની જે બુદ્ધિ કામ નથી કરતી, તે મશીન પર વર્ષોથી કામ કરનાર કારીગર કામ કરી લે છે. એટલે જ અંગ્રેજીમાં કહેવાય છે કે Practice makes man perfect એટલે કે ઉદ્યોગનો અભ્યાસ માણસને પૂર્ણ બનાવે છે, પૂરો સમજદાર બનાવે છે. અહીં પ્રશ્ન થાય કે,

**પ્રશ્ન** : ગણધરોને તો બધા જ કાંઈ આવા કર્મ-ઉદ્યોગ-હુન્નરનો અભ્યાસ ન હોય, તો કાર્મિકી બુદ્ધિ શી રીતે આવે?

**ઉત્તર** : અહીંનો અભ્યાસ ન હોય તો પૂર્વભવના એવા ગમે તે અભ્યાસથી જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ થઈને કાર્મિકી બુદ્ધિ પ્રગટી હોય, અને એના સંસ્કાર અહીં લઈને આવે એ સંભવિત છે. લુહાર, સુથાર, કડિયા વગેરેને આ કાર્મિકી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એમ સેવા-પરોપકાર-સાધનાના પ્રબળ અભ્યાસથી પણ કાર્મિકી બુદ્ધિ ઊભી થાય છે, માટે તો કેટલીકવાર કોઈક બિમારના પ્રસંગમાં વેયાવચ્ચી મુનિને જે અવસરોચિત કર્તવ્ય સ્ફુરી જાય છે તે વિદ્વાનને નથી સ્ફુરતું.

**(૪) પારિણામિકી બુદ્ધિ** :- એટલે કાર્યનાં પરિણામનો વિચાર કરતાં જે બુદ્ધિ સ્ફુરે તે પારિણામિકી બુદ્ધિ કહેવાય. હંમેશા ડાહ્યા માણસો એટલા જ માટે પગલું ઉઠાવતાં, માત્ર તાત્કાલિકનો વિચાર ન કરતાં, વિશેષ તો પરિણામનો વિચાર કરે છે, આ વિચારમાં સંયોગો-પરિસ્થિતિ વગેરેનો પણ વિચાર હોય છે, તો જ એ સારું જજમેન્ટ લઈ શકે છે.

એક રાજાને યુવાન ટોળું કહ્યા કરતું હતું કે 'મહારાજા ! શું આ બુઢ્ઢા દિવાનને વરસોથી પકડી રાખ્યો છે, સાઠે બુદ્ધિ નાઠી કહેવાય. એ હિસાબે આ દિવાન હવે તમને શું વિશેષ હોશિયારીનાં કામ કરી બતાવવાનો હતો ? એટલે હવે કોઈ તીવ્ર બુદ્ધિવાળા યુવાન દિવાનને સ્થાપો.'

છેવટે રાજાએ જાહેર કર્યું કે, 'આવતી કાલે બુદ્ધિની પરીક્ષા કરવામાં આવશે.' પ્રથમ નંબરે આવનારને દિવાન બનાવવામાં આવશે' એટલે બીજે દિવસે કેટલાય ઉમેદવાર આવ્યા. રાજાએ એક જ સવાલ કર્યો કે, 'બોલો મને લાત મારે એને મારે શી સજા કરવી ?' કોઈ કહે, એને ભરબજારે ઊભો કરી ચાબકા લગાવવા.' બીજો કહે, 'એની મિલકત જપ્ત કરવી' ત્રીજો કહે એને ૧૦ વર્ષની જેલમાં બેસાડવો'... એમ

જુદી જુદી જાતની સજાની સલાહ મળી... પછી છેવટે વૃદ્ધ દિવાનને પૂછયું, તો એ કહે, 'મહારાજા એને સજા નહીં, પરંતુ કાં તો એને સોનાનાં રમકડાં અથવા હીરાના હારનું ઈનામ આપવું જોઈએ.' આ સાંભળીને યુવાન ઉમેદવારો હસવા લાગ્યા. કહે છે કે 'હેં? મહારાજાને લાત મારનારને આવાં ઈનામ ? કેટલી બધી મૂર્ખતાભરી વાત છે ?' ત્યારે રાજા કહે, 'ચૂપ બેસો. સાંભળો દિવાનજીનો ખુલાસો.' દિવાને ખુલાસો કર્યો કે 'જ્યાં આપની પાસે ને પાસે ૨૪ કલાક કેટલાય અંગરક્ષકો હાજર હોય છે, ત્યાં કોની મજાલ છે કે આપને લાત મારી શકે ? ફક્ત, લાતના બે પ્રસંગ છે,- કાં તો એકાંતમાં કોઈ એવી વાતમાં મહારાણી સાહેબ પ્રેમની સહેજ લાત લગાવે, અથવા તો આપના ખોળામાં બાળરાજપુત્ર સુવાડ્યા હોય તો એ લાત લગાવે. આ ઉછાંછળા યુવાનિયાઓને પૂછો કે, શું આ બે લાત લગાવનારને એમણે કહેલી સજાઓ ફટકારવી ?' યુવાનિયાઓ શરમાઈ ગયા. રાજાની માફી માગતાં કહે, મહારાજા આ વૃદ્ધ દિવાન જ દિવાનગીરીમાં સુયોગ્ય છે, કેમકે એમની બુદ્ધિ પક્વ છે.

પારિણામિકી બુદ્ધિ એ એક જાતની પક્વ બુદ્ધિ છે, પાકટ બુદ્ધિ છે, એમાં સંયોગ પરિસ્થિતિના વિચારની જેમ પરિણામનો પણ વિચાર હોય છે. કોઈ જમણના પ્રસંગમાં એક માતા છોકરાને પરાણે જમવા લઈ ગઈ. અલબત છોકરાએ કહ્યું કે, 'મને ખાવાની રુચિ નથી, એટલે જમણનો ભારે માલ હોજરીમાં અગ્નિ ન હોવાથી પચશે નહિ, તેથી હું બિમાર પડી જઈશ.' આ એની પારિણામિકી બુદ્ધિ હતી. પરંતુ માતા તત્કાલ વિચારવાળી હતી. એટલે કહે, 'પકવાનથી તો શરીરને શક્તિ મળે ત્યાં બિમારીની શી વાત કરે? માતાની ખેંચથી છોકરાને જમવા જવું પડ્યું અને માતાએ આગ્રહ કરી કરી પકવાન ખવડાવ્યું, પછી ઘરે આવીને છોકરાનું પેટ ફૂલી ગયું, અને માંદો પડ્યો.

આ માતાની જેમ જગતમાં કેટલાય માણસો આવા ખોટા ગણિતવાળા હોય છે, કે- 'પકવાન-મલાઈ વગેરેથી સારી શક્તિ મળે.' પરંતુ એમને ખબર નથી કે 'શક્તિ એ બાહ્ય વસ્તુમાં નથી, એટલી અભ્યંતર હોજરીની અગ્નિમાં છે. એ અગ્નિ ન હોય તો કઢેલાં દૂધ અને મલાઈ પચે નહિ, વ્યાધિ આવે અને ઊલટું, શક્તિ હણી નાખે ! પારિણામિકી બુદ્ધિમાં 'પરિણામ' શબ્દના બે અર્થ. (૧) પરિણામ એટલે Result અર્થાત્ ફળ; અને (૨) પરિણામ એટલે આત્માના અધ્યવસાય. પહેલામાં છોકરાએ જમણના ફળની દૃષ્ટિએ જોયું કે 'બિમારીનું પરિણામ આવશે'. જો ક્રિયા કરતાં પરિણામનો વિચાર ન કરે તો ક્રિયા ગજા બહારની થાય, યા ગરબડવાળી થાય, યા માલ વિનાની થાય. ફળના વિચારવાળો ક્રિયા સારી રીતે કરવાનો. એટલે કહેવાય છે કે, 'ક્રિયા કરતાં પરિણામનો વિચાર રાખો.' બીજા ~~અર્થમાં,~~ સારી ક્રિયા કરતાં કરતાં



'અંતરાત્મામાં શુભ પરિણામ, શુભ ભાવ શુભ અધ્યવસાય થાય છે ને ?' એ જોયા કરો. એટલે જ જે લોકો એમ કહે છે કે, 'ક્રિયા-જડ શું બનો છો ? ધ્યાનયોગની આરાધના કરો. ક્રિયા તો ઘાણીનો બેલ પણ કરે છે, સવારથી સાંજ સુધી ફરવાની ક્રિયા કરે, પરંતુ સાંજે મિયાં ઠેર કા ઠેર ! એમ એક ડગલું આગળ ન ગયો હોય, એમ બહુ ક્રિયા કરનારા વર્ષો પછી ત્યાંના ત્યાં જ ઊભા રહે એ ક્રિયાથી શું પામ્યા ?... આવું બોલાનારાઓને પરિણામનો વિચાર નથી. એ સમજતા નથી કે-

ક્રિયાનો પ્રત્યેક અંશ ચિત્તમાં શુભ અધ્યવસાય જગાડે છે. અરે! કેટલીક વાર સામાન્ય ભાવે દેરાસર ગયા હોઈએ, પણ પછી પ્રભુ-ભક્તિની અને ચૈત્યવંદનની ક્રિયા કરતાં કરતાં અંતરાત્મામાં ઊંચા ભાવ પ્રગટ થાય છે, એ હજારોનો અનુભવ છે. આ પ્રત્યેક અધ્યવસાયે અથાગ પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યની કમાણી થાય છે.' પારિણામિકી બુદ્ધિથી આ વિચારે તો જ ક્રિયાના ઊંચા લાભ દેખાય અને સ્વયં ક્રિયામાં સારો ઓતપ્રોત થાય.

ગણધર થનાર આત્માઓમાં આ ચાર પ્રકારની બુદ્ધિ બહુ જોરદાર હોય છે, એટલે જ પછી ત્રિપદી મળતાં એમને આ બુદ્ધિના સહારે વધુ ને વધુ ઘટના યાને ઉપપત્તિ, અનુપપત્તિ વગેરે લગાવતાં, નવાનવા પદાર્થનો બોધ થાય છે, ત્યારે એ અભિમત વસ્તુ વસ્તુગતે લહે, -પામે છે. આ પાંચમું સાધન ચાર પ્રકારની બુદ્ધિ.

### (૬) ઈષ્ટ તત્ત્વપ્રાપ્તિનું છઠ્ઠું સાધન : ત્રિપદી

ગણધરો ઈષ્ટ તત્ત્વવસ્તુને વસ્તુગતે પામે છે, એની પાછળ જે ચાર પ્રકારની બુદ્ધિ વગેરે પૂર્વોક્ત પાંચ કારણો કામ કરે છે, એમ તીર્થંકર ભગવાનના શ્રીમુખે ત્રિપદી મળે છે, એ પણ જબરદસ્ત કારણ છે. ગણધર મહારાજ ત્રિપદી મળવા પહેલાં એમનામાં ચાર પ્રકારની બુદ્ધિ-શક્તિ પણ એની એ જ હતી, પૂર્વની પુણ્યાઈ પણ એની એ જ હતી, છતાં અલ્પજ્ઞાની હતા, પરંતુ ત્રિપદી મળ્યા પછી જે on the spot યાને એ જ સ્થળે અને એ જ સમયે એમને તત્ત્વોની વણઝાર છૂટી, વિશ્વની ઓળખ થઈ, મહાસાગર સમી દ્વાદશાંગી સ્ફુરી જાય છે ! એ જ બતાવે છે કે- આ પ્રભુ પાસેથી મળતી ત્રિપદીનો અવર્ણનીય પ્રભાવ છે. પરંતુ આવી ત્રિપદી મળીને આટલો ઉત્કૃષ્ટ શ્રુત-જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઈ ઉત્કૃષ્ટ શ્રુત-પ્રકાશ થાય, અને અભિમત (ઈષ્ટ) તત્ત્વવસ્તુને વસ્તુસ્વરૂપે પામે, જાણે, એવા કેટલા ? વિરલા. કેમકે ગણધરપણાનું વિશિષ્ટ પુણ્ય બહુ થોડાને.

### (૭) ઈષ્ટ તત્ત્વપ્રાપ્તિનું સાધન : વિશિષ્ટ ક્ષયોપશમ

છઠ્ઠું સાધન ત્રિપદી, એમ સાતમું સાધન વિશિષ્ટ ક્ષયોપશમ છે. શ્રુતજ્ઞાનાવરણનો

ઉત્કૃષ્ટ ક્ષયોપશમ છે. આ માત્ર ગણધર ભગવંતોને જ થાય છે. એટલા માટે તો 'નમુત્થણં' સૂત્રમાં 'લોગ પજ્જોઅ-ગરાણં' પદમાં શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રમાં 'પજ્જોઅ' યાને 'પ્રદ્યોત' પદનો અર્થ આ કર્યો, અને સૂચવ્યું કે પ્રભુ 'લોક' એટલે કે ગણધર મહર્ષિઓને પ્રદ્યોતકર છે અર્થાત્ શ્રુતજ્ઞાનાવરણના ઉત્કૃષ્ટ ક્ષયોપશમ કરાવી ઉત્કૃષ્ટ શ્રુત પ્રકાશ કરનારા છે. બીજા જીવોને માટે કહ્યું, 'લોગપઈવાણં' અર્થાત્ પ્રભુ નિકટભવી લોકોને પ્રદીપ-દીપક સમાન છે. કેમકે એમને પ્રભુની વાણીથી એટલો જ તત્ત્વ પ્રકાશ થાય છે. ગણધરપણાનું પુણ્યકર્મ લઈને આવ્યા હોય એમના માટે પ્રદ્યોતકર છે.

ગણધર પાસેથી એમના શિષ્યો દ્વાદશાંગી આગમ સાંગોપાંગ ભણનારા હોય, એટલે કે સૂત્રથી ગણધર જેટલો બોધ; પરંતુ અર્થથી ગણધર ભગવાન જેટલો બોધ નહિ, કેમકે એમને એટલો ક્ષયોપશમ નહિ.

સારાંશ-ગણધર ભગવાન જેવો ઈષ્ટ તત્ત્વવસ્તુનો વસ્તુ સ્વરૂપે બોધ પામનારા કેટલા ? તો કે વિરલા. તેથી નિશ્ચિત થાય છે કે અમારો નંબર એમાં લાગે નહિ.

તો હવે પ્રભુનો પંથ જાણવા શું કરવું? એ વિચારતાં કહે છે....

**વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર-પંથડો...૫**

**ભાવાર્થ** :- વસ્તુના વિચાર માટે દિવ્યનયન(જિન-ગણધર અવધિજ્ઞાની)નો નિશ્ચિત વિરહ પડયો છે, (તેથી હવે તો) તરતમતાવાળા મોક્ષયોગના વિષયમાં તરતમતાવાળા પૂર્વસંસ્કારથી વાસિત બોધ એ જ આધાર છે.

**વિવેચન** :- કવિએ કહ્યું, ઈષ્ટ વસ્તુ છે પ્રભુના માર્ગની જાણકારી. એ માર્ગને વસ્તુસ્વરૂપે સમજનારા બહુ ઓછા, માટે માર્ગ શોધવો મુશ્કેલ છે. તો પછી શું દિવ્ય નયનથી માર્ગ જોવો ? દિવ્ય નયનવાળા તો કેવલજ્ઞાની, અવધિજ્ઞાની ગણધર વગેરે કહેવાય. પરંતુ પ્રભુ! એનો તો મારે વિરહ પડ્યો છે. આ જ વાત આત્મારામજી મહારાજ શ્રીસિદ્ધિગિરિની જીવનમાં પહેલી પહેલી ફરસના વખતે આદીશ્વર પ્રભુને કહે છે-

**"જિન ગણધર અવધિમુનિ નાહિ, કિસ આગે પોકાર કરું રી,**
**જિમ તિમ કરી વિમલાચલ ભેટ્યો, માનું સંસારનો અંત થયો રી"**

અર્થાત્ અત્યારે જિન યાને જિનેશ્વર ભગવાન નથી, ગણધર નથી, કે અવધિજ્ઞાની નથી. હું કોની આગળ જઈને પોકાર કરું ? પણ હવે જેમ તેમ કરીને વિમલાચલજી ભેટયો છું, વિમલાચલનાં દર્શન કર્યા, એટલે હવે માનું છું કે મારા સંસારનો અંત થયો છે. તો પછી જ્યારે દિવ્ય નયનનો વિરહ પડ્યો છે, તો હવે શું કરવાનું ? તો કવિ કહે છે,



**"તરતમ જોગે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર,"**

અર્થાત્ તરતમતાવાળા મોક્ષયોગોના વિષયમાં તરતમતાવાળી વાસનાથી વાસિત બોધ એ જ આધાર છે.

**પ્રશ્ન** : પ્રભુનો પંથ એટલે મોક્ષનો માર્ગ, ને મોક્ષમાર્ગ એ ધર્મ-આરાધનાના યોગો છે, એ તો શાસ્ત્રે બતાવેલા જ છે, તો એમાં શોધવાનું શું ? તો કવિએ કેમ કહ્યું, 'પંથડો નિહાળું રે' યાને માર્ગ શોધું છું?

**ઉત્તર** : કવિએ એટલા માટે કહ્યું કે, મોક્ષયોગોના વિષયમાં શાસ્ત્રથી બોધ મળે ખરો, પરંતુ એ માર્ગ ગુરુગમથી સમજવો પડે, અને એ સમજાવનાર પોતાના સંસ્કારથી વાસિત જેવો બોધ ધરાવતા હોય, એવો જ આપણને આપે.

એમાં પણ જે મોક્ષયોગોનો બોધ કરવો છે, તે યોગો પણ તરતમતાવાળા છે, એટલે કે નીચેની કક્ષાના, એની ઉપરની કક્ષાના, વળી એની ઉપરના કક્ષાના.... દા.ત. એક 'સામાયિક-યોગ' એ સમત્વભાવ લાવનાર સ્વાધ્યાયાદિ શુભ વ્યાપાર છે. બીજા શબ્દોમાં કહીએ તો સંયમના વિશુદ્ધ-વિશુદ્ધતર અધ્યવસાય પમાડનાર શુભ પ્રવૃત્તિ એ મોક્ષયોગ છે, આ વિશુદ્ધ અધ્યવસાયોમાં તરતમતા છે, મંદતા-તીવ્રતા છે, અધિક અધિક ચડિયાતાપણું છે, એટલે જ એ સામાયિક-યોગ તરતમતાવાળો બને છે.

તો એ તરતમ સામાયિક-યોગ પામવામાં આધાર કોણ ? કોના આધારે એ તરતમ સામાયિક-યોગ પમાય ? તો કે તરતમજોગે... બોધ આધાર 'ગુરુ પાસેથી શાસ્ત્ર બોધ મળે, એના આધારે તરતમતાવાળા સામાયિકાદિ યોગ પમાય.'

**'તરતમજોગે'** : આમ સામાયિકાદિ અનેક યોગો છે, ને એ દરેકમાં તરતમતાઓ હોવાથી અનેક પ્રકારના અવાંતર ભેદ પડે છે. એનો બોધ હોય, તો એના પર પ્રભુના માર્ગની અર્થાત્ મોક્ષના માર્ગની ગવેષણા થાય કે મારા માટે કોની કેવી આરાધનાથી મારે વીતરાગ પ્રભુ પાસે પહોંચવાનું થાય ? આ બોધમાં પણ સંસ્કારોની ભાવિતતા કામ કરે છે. કેવા કેવા સંસ્કારોથી ભાવિત યાને વાસિત બોધ એ ગુણસ્થાનકની પાયરી પર ચડાવનારો થાય ? એ સ્વતઃ જાણવું કઠણ છે, કેમકે, એ સંસ્કારોમાં પણ ઘણી બધી જાતની તરતમતા હોય છે.

બીજાની પાસે જાણવા જઈએ તો એ પણ કેવા કેવા સંસ્કારોથી વાસિત કેવા કેવા બોધવાળા હોય એ જોવા જઈએ ત્યારે દેખાય છે, કે એમને પોતાને જેવો જેવો રસ હોય, એના પર એ જોર વધારે આપે છે. દા.ત. તપના રસિક હોય તે તપ પર વધારે ભાર મૂકે છે, જ્ઞાનના રસિક હોય તે જ્ઞાન ઉપર, અને ભક્તિ-વૈયાવચ્ચના રસિક હોય તે એના ઉપર ભાર મૂકે છે. ત્યારે પૂછો-

**પ્રશ્ન :** ગીતાર્થ યાને શાસ્ત્રજ્ઞ હોય તે તો બધા યોગ પર ભાર મૂકે જ ને ?

**ઉત્તર :** બધા પર ભાર મૂકે ખરા, પણ એમાં શ્રોતા જીવને દરેકને જુદી જુદી જાતના ક્ષયોપશમ હોય છે, જુદી જુદી જાતના રસ હોય છે, ને એ રસ પ્રમાણે તે તે આરાધનામાં એમનો વીર્યોલ્લાસ વધુ સ્ફુરે છે. હવે ગીતાર્થ પુરુષ તો બધા પર ભાર મૂકે, એટલે શ્રોતાને ખબર ન પડે કે 'મારે મારી કક્ષાનુસાર કયા યોગની વિશેષ આરાધના થાય ?' એને એમ થાય કે 'જો મારા ક્ષયોપશમ મુજબ દા.ત. જ્ઞાનની આરાધના પર જોર મારું તો તપાદિની આરાધના એવી જોરદાર ચાલતી નથી; તો શું કરવું ?' એ મુંઝવણ થાય છે, આમ ચોક્કસ પ્રકારની આરાધના માટે ગુરુ પાસેથી જે બોધ મળે છે, તેના પરથી પોતાના ક્ષયોપશમને અનુકૂળ આરાધનાનો તાગ પામી શકાતો નથી.

વળી આ બોધ મળવાનો તે પણ તરતમ વાસનાથી વાસિત બોધ મળવાનો; કેમકે ગુરુમાં પણ પોતાની પૂર્વભવની આરાધના અને આ ભવની ગુરુનિર્દિષ્ટ આરાધનાથી જેવા મંદ તીવ્ર સંસ્કાર ઊભા થયા હોય, એટલે કે જેવી તરતમ વાસના ઊભી થઈ હોય, તેનાથી એમનો બોધ વાસિત હોય, અર્થાત્ ભાવિત હોય. દા.ત. શાસ્ત્રે તો કહ્યું કે, 'આવી આવી રીતે સામાયિકયોગ આરાધો.' એથી ગુરુને બોધ થવાનો, પરંતુ એ બોધ કેવો થવાનો ? તો કે પોતાના જેવા સંસ્કાર, તેવા સંસ્કારથી ભાવિત બોધ થવાનો. પોતાનામાં જો એ સંવેગ-વૈરાગ્યના સંસ્કાર જોરદાર છે, તો એ સંસ્કારથી ભાવિત બોધ થવાનો; ને જો એનાથી ઊતરતા સંસ્કાર છે, તો એનાથી ભાવિત બોધ થવાનો; અથવા જો એનાથી પણ ચડિયાતા પ્રબળ સંસ્કાર છે, તો એનાથી ભાવિત બોધ થવાનો.

એટલે તરતમ સામાયિક-યોગના વિષયમાં એ તરતમ-વાસનાથી વાસિત બોધનો આધાર રહેવાનો, જેવો એ બોધ તેવો તરતમવાળો સામાયિકયોગ પ્રાપ્ત થાય. અહીં પ્રશ્ન થાય–

**પ્રશ્ન :** અહીં બોધ તો શાસ્ત્રના અક્ષરો પરથી થાય, એમાં 'વાસનાવાસિત' યાને પોતાના સંસ્કારથી ભાવિત બોધ કેમ કહ્યું ?

**ઉત્તર :** આ સમજવા માટે પહેલાં સમજો કે- 'બોધ' એટલે જ્ઞાન. એ ત્રણ પ્રકારનું હોય છે.

**(૧) પ્રતિભાસજ્ઞાન, (૨) પરિણતિજ્ઞાન, અને**
**(૩) તત્ત્વસંવેદનજ્ઞાન.**

**(૧) 'પ્રતિભાસજ્ઞાન'** એ કહેવાય તો જ્ઞાન, પણ એ આભાસરૂપ જ્ઞાન હોય



છે; અર્થાત્ વસ્તુની માત્ર કોરી જાણ કરવી, પરંતુ એની હૈયા ઉપર કશી અસર નહિ. દા.ત. ' મા સાહસ' નામનું પંખી હોય છે. એ 'મા સાહસ' 'મા સાહસ' બોલે છે, પરંતુ એની પોતાને કશી અસર નહિ, એ કહે છે તો એવું કે, 'પડવાનું સાહસ ન કરો,' પરંતુ એની અસરરૂપે પોતાને પડવાથી હાડકા ભાંગે એનો જે ભય રહેવો જોઈએ એ કશો ભય નહિ; તેથી જ આ બોલતું હોય, ને પાછું પોતે પડતું મૂકે ! તો એ પંખીનું જ્ઞાન કેવું ? કહો, પ્રતિભાસજ્ઞાન, જ્ઞાનનો આભાસ માત્ર. એમ સમજો કે નાના બાળ પાસે સામેથી સાપોલિયું આવતું હોય ત્યાં એ બાળને એ દેખાય તો ખરું, એટલે કે એને એનું જ્ઞાન તો થાય, પરંતુ કેવું ? તો કે એ એક ચકચકતું સુંવાળું રમકડું દેખે છે, તેથી પાસે આવતાં ભલું હોય તો હાથમાં નિર્ભીકપણે પકડવા જાય છે કેમ વારુ ? એનું જ્ઞાન પ્રતિભાસજ્ઞાન છે. તેથી એવા જ્ઞાનની એના દિલ પર જેવી ભય વગેરેની અસર થવી જોઈએ તે થતી નથી, કે 'હાય ! આ તો સાપોલિયું ! કરડી ખાય તો મોત આવે !' એવો કશો હાયકારો કે ભય નહિ.

મોટા મોટા પંડિતો જૈન-શાસ્ત્ર વાંચે, સાધુને ભણાવે પણ ખરા, એટલે કે એમને શાસ્ત્ર બોધ તો થયો, પરંતુ એ કેવો ? તો કે પ્રતિભાસબોધ, પ્રતિભાસજ્ઞાન; કેમકે એમને એની અસર નહિ. દા.ત. શાસ્ત્રમાં આવ્યું કે, 'રાત્રિભોજન મહાન પાપ છે, એથી દુર્ગતિમાં જવું પડે.' હવે પંડિતને આ જ્ઞાન તો થયું, તો પછી શું એ રાત્રિભોજન બંધ કરશે? યા રાત્રિભોજન કરવું પડતું હશે તો શું એને મનમાં ખેદ થશે ? શું એ ભય પામશે ! કે 'હાય ! રાત્રિભોજનથી મારું શું થશે ?' ના-રે ના, કેમકે એને એ જ્ઞાન પ્રતિભાસરૂપ છે, તેથી એની એના દિલ પર કોઈ ભયની-ખેદની અસર જ નથી.

અરે! આજના રાત્રિભોજન કરનારા કેટલાય શ્રાવકોની આ દશા છે. શું એ નથી જાણતા કે જૈનધર્મમાં રાત્રિભોજનની મનાઈ છે ? શું એમણે

**"તિહાં રાત્રિભોજન કરતા થકા રે લો, માંજાર ઘુવડ અવતાર જો."**

અર્થાત્, રાત્રિભોજન કરવાથી બિલાડી, ઘુવડ વગેરેના અવતાર મળે છે. શું 'જૈન' નામધારીએ આવું કાંઈક નથી સાંભળ્યું ? સાંભળ્યું હશે તો એનું જ્ઞાન તો થયું પછી કેમ એમને રાત્રિભોજન કરતાં ખેદ નહિ? ભય નહિ ? કહો, એમનું એ જ્ઞાન પ્રતિભાસજ્ઞાન છે, જ્ઞાન આભાસરૂપ છે એ જ્ઞાનની હૈયા પર કશી અસર ન હોય, તેથી તો એ માનતા ને ક્યારેક બોલતા ય હોય છે કે,- 'બપોરે બાર એક વાગે તો જમ્યા હોઈએ, પછી સૂર્યાસ્ત પહેલાં પાા-૬ વાગે જમવાની મજા શી આવે? એ તો રાતના ૯-૧૦ વાગે ખાવાની મજા !' અથવા આવું પણ બોલતા હોય છે કે, 'પાપ તો જૂઠ-ડફાણ, દુરાચાર વગેરે, પણ રાત્રિભોજન કર્યું એ શું મોટું પાપ થઈ ગયું?'

આ શું છે ? પ્રતિભાસજ્ઞાનના ચાળા. ત્યારે બોલો, શાસ્ત્રમાંથી માર્ગનો બોધ તો થયો, પણ જો એ શુભ સંસ્કારથી ભાવિત બોધ ન હોય, માત્ર પ્રતિભાસજ્ઞાનરૂપ હોય, તો એ આત્માનો શો ઉદ્ધાર કરે?

જમાલિ મુનિ ૧૧ અંગશાસ્ત્ર ભણેલો એને શું શાસ્ત્રમાંથી ખબર નહોતી કે **'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યું?'** તો પછી કેમ એણે ઉત્સૂત્ર-ભાષણ કર્યું ? એના મુનિઓએ ય સમજાવ્યા કે,-'સર્વજ્ઞ ભગવાનના વચનથી વિરુદ્ધ ન બોલાય' તો એ કહે, 'ભગવાન સર્વજ્ઞ ખરા, પરંતુ આટલી વાતમાં ભગવાન ભૂલ્યા.' કેમ જમાલિની આ દશા ? કયાં ગયું 'ઉત્સૂત્ર-ભાષણ એ મહાપાપ' એવું જ્ઞાન ? કહો, એ જ્ઞાન પ્રતિભાસજ્ઞાન બની ગયું.

સારાંશ, **પ્રતિભાસજ્ઞાન એને કહેવાય કે જ્યાં એ જ્ઞાનની હૈયા પર એને અનુરૂપ અસર નથી.**

**(૨) પરિણતિજ્ઞાન :** પ્રતિભાસજ્ઞાનથી ઊલટું, જ્ઞાનથી એને અનુરૂપ હૈયા પર અસર હોય એ પરિણતિજ્ઞાન. જેમકે પેલા બાળકની સામે મોટાને દૂરથી સાપોલિયું દેખાય ત્યાં, દેખતાં જ ભય ઊભો થાય. હાયકારો થાય કે 'હાય બાપ ! સાપ ! મારી નાંખે !' હૈયામાં સાપના જ્ઞાનથી જે અસર થાય, તે એને થઈ. પરિણતિજ્ઞાનમાં સારાની સારી ને નરસાની નરસી અસર થાય. વ્યવહારિક દાખલામાં 'દૂધપાકમાં ઝેર પડ્યું છે,'-એવું જાણવા મળતાં જ એના પર નફરત થાય છે, ભય લાગે છે કે, 'હાય ! આ ખાધો તો મર્યા !' આ નરસી અસર થઈ, એના બદલે જો જાણવા મળે કે આવતી કાલે નાતનું રસ-પૂરીનું જમણ છે,' તો જાણતાં જ મન પ્રફુલ્લિત થાય છે, આ ભૌતિક સારી અસર થઈ.

ત્યારે શાસ્ત્રીય દાખલામાં ભગવાન કહે છે, 'આશ્રવભૂત અઢાર પાપસ્થાનક એ સંસાર વૃદ્ધિનું કારણ છે,' તો જો એનું પરિણતિજ્ઞાન થાય તો જ્યાં આશ્રવનું પાપસ્થાનકનું નામ પડે ત્યાં ભય લાગે, નફરત થાય, એથી ઊલટું, સંવરનું દયાદિ ધર્મસ્થાનકનું નામ પડે ત્યાં આલ્હાદ થાય. આ આત્મિક સારી-નરસી અસર.

આવા જ્ઞાનને પરિણતિજ્ઞાન એટલા માટે કહે છે કે એ જ્ઞાન અંતરાત્મામાં પરિણત થયું, પરિણામ પામ્યું, પરિણમન પામ્યું. પરિણતિજ્ઞાન એ પોકળ નથી, પણ એમાં તેવી તેવી પરિણતિની અસર છે. 'તપ-સ્વાધ્યાય કર્તવ્ય છે,' એ શાસ્ત્ર વચનના જ્ઞાનની અસર શું? તો કે તપ-સ્વાધ્યાયની વાત આવે એટલે એનો આનંદ આવે. આ જે આલ્હાદ થાય એનું નામ પરિણતિ જ્ઞાનની અસર. 'પૈસો-પરિવાર મારનારી ચીજ છે' -આ જો પરિણતિજ્ઞાન થયું, તો પછી એની અસર શી? તો કે પૈસા-પરિવારની



વાત આવે ત્યારે મન ખિન્ન થાય. પૈસા-પરિવારને આંતરિક ગ્લાનિની દૃષ્ટિએ જુએ, પરંતુ જો એના બદલે પૈસા-પરિવારને મીઠી નજરે જુએ, તો એ પોકળ જ્ઞાન છે. આવો પરિણતિબોધ જ્યારે થાય, ત્યારે એના સંસ્કાર પડે, અર્થાત્ એની વાસના ઊભી થાય; પછી આગળ જ્યારે એવો કે એના જેવો બોધ કરવાનું આવે ત્યારે એ બોધ પૂર્વની વાસનાથી વાસિત થયો કહેવાય. આ વાસના બધાને એક સરખી નથી હોતી; કેમકે એને ઉત્પન્ન કરનાર બોધ તરતમતાવાળો હોય છે, જેવો જોરદાર હૃદયસ્પર્શી બોધ, તેવા એના જોરદાર સંસ્કાર પડે, અર્થાત્ જોરદાર વાસના ઊભી થાય, એટલે આ વાસનામાં તરતમતા હોય. આ વાસના મધ્યમ-તીવ્ર-તીવ્રતર વાસના હોય, એવી વાસનાથી વાસિત બોધ ઉપયોગી. એવો બોધ અમારે કેમ પરખવો? આ પરિણતિજ્ઞાનની વાત થઈ.

આમ શાસન-પ્રીતિના સંસ્કાર, અરિહંત-ભક્તિના સંસ્કાર, તીવ્ર જ્ઞાનદર્શનના સંસ્કાર, જ્ઞાનની ભક્તિ-બહુમાનના સંસ્કાર... વગેરે વગેરે સંસ્કાર તેવા તેવા પ્રકારનો બોધ મળતાં એ બોધ આ સંસ્કારોથી ભાવિત બને છે-વાસિત બને છે. એટલે જે પૂર્વજન્મનો સંસ્કારી આત્મા હોય, એ અહીં એ બોધ મળતાં એનાથી વિશેષ રંગાઈ જાય છે. ઉપદેશ એનો એ, પરંતુ પૂર્વનો એવો સંસ્કારી નહિ હોય એને એવો રંગ નહિ ચડે. આ બધું પરિણતિજ્ઞાનનું સ્વરૂપ છે.

**પ્રતિક્રમણસૂત્ર બોલતાં ભાવના :-**

પરિણતિજ્ઞાન પણ જો જોરદાર ન હોય, તો ધર્મ-ક્રિયાનું જ્ઞાન ખરું, પરંતુ ક્રિયા પ્રત્યે એની એવી અસર નહીં. દા. ત. પ્રતિક્રમણ કરે ત્યાં સૂત્ર મોટેથી નહિ બોલે, મનમાં જાણે મંત્ર ભણશે! પછી એ ફરિયાદ કરશે કે 'ધર્મ-ક્રિયામાં રસ નથી આવતો.' પરંતુ શાસ્ત્રે કહેલી વિધિથી ન કરે તો રસ કયાંથી આવે ? જો એમ સમજે, કે 'આ સૂત્રો એ જિનવચન છે, મારા કેવાંક અહોભાગ્ય કે 'આ સૂત્રો મારી જીભે બોલવા મળ્યા ! આજ સુધી જીભથી પાપનું બોલવામાં મેં કમીના નથી રાખી. એક આ જ જિંદગીનું વિચારું, તો અત્યાર સુધીમાં પાપના બોલ આ જીભેથી હજારો-લાખો બોલી કાઢ્યા હશે! તેથી હવે જિનવાણીનાં સૂત્રો મોટેથી બોલવાનું થાય, તો પેલા પાપ બોલના અશુભ પરિણામમાંથી કાંઈક વળતર મળે.

માત્ર પ્રતિક્રમણાદિ ક્રિયાના સૂત્રમાં જ નહીં, કિન્તુ સ્વાધ્યાયમાં પણ મોટેથી બોલવાનું છે, એને ખાલી મનમાં મમળાવવાનું નથી. એટલા માટે સાધુના પ્રતિક્રમણ સૂત્રમાં **'ઘોસહીણં જોગહીણં'**ને અતિચાર કહ્યો છે. ઘોષ એટલે અવાજ કાઢીને બોલાય તે, એવું ઘોષહીન બોલ્યા, એટલે કે મનમાં બોલ્યા, ત્યાં અતિચાર લાગે છે. પૂર્વના

જિનવચન-પ્રેમ અને સૂત્ર-પ્રેમના સારા સંસ્કાર હોય, તો એનાથી વાસિત બોધ એ પરિણતિજ્ઞાનરૂપ થાય. અને એનો પડઘો ધર્મ-ક્રિયા તથા સ્વાધ્યાય વગેરે પર પડે. પ્રભુના માર્ગ અંગે આવું જો ન બની શકતું હોય તો ત્યાં જીવનમાં માર્ગ શી રીતે ઉતારવો ? પૂછશો-

**પ્રશ્ન :** આટલો બધો વલોપાત શા સારુ ? શાસ્ત્ર જ્યારે કહે છે કે **'सज्झायसमो तवो, न भूओ न भविस्सइ', तपसा सिद्धिः'** તપથી મોક્ષ મળે છે; અને સ્વાધ્યાય જેવો તપ કોઈ બન્યો નથી ને બનવાનો નથી, આવું જ્યારે શાસ્ત્ર કહે છે, તો પછી એનો જ ભારે આદર કરીએ, ભારે પ્રયત્ન કરીએ, એટલે માર્ગ હાથ લાધે ને ?

**ઉત્તર :** આ કામ ધારો છો એટલું સહેલું નથી. ભગવાનનો સ્વાધ્યાય કેવો ? દિવસ અને રાત સ્વાધ્યાય-ધ્યાન એમાં ય રાતના તો એ સ્વાધ્યાય-ધ્યાનના આધારે ભગવાન જાણી શકે કે 'રાતનો આટલો સમય વીત્યો છે.' આપણી પાસે છે આવી સ્વાધ્યાયની એકાકારતા ? ભગવાન પાસે આટલી બધી જાગૃતિ અને એકતાનતા છતાં, એમણે એટલા એકલા અભ્યન્તર તપથી સંતોષ ન માન્યો, કિન્તુ કઠોર બાહ્ય-તપનો પણ પ્રખર પુરુષાર્થ કર્યો !

વિચારવા જેવું છે કે ધ્યાનનો અભ્યન્તર તપ જોરદાર છતાં બાહ્ય તપનાં આવાં આકરાં કષ્ટ પ્રભુએ કેમ ઉપાડ્યાં ?

ગામે ગામ વિહાર ! અને વિહાર સિવાય સ્થાને રાત ને દિવસ ખડાખડા કાયોત્સર્ગમુદ્રાએ ઊભા રહેવાનું! પ્રભુએ કેમ સ્વેચ્છાએ આટલા બધા કાય-કષ્ટ સહવાનું રાખ્યું?

(૧) ભગવાનનો અનશન તપ કેવો ? ઋષભદેવભગવાનને દીક્ષાના પ્રારંભથી એક વર્ષ સુધી ચોવિહારા ઉપવાસ! મહાવીર ભગવાને દીક્ષા લીધી ત્યારથી કમમાં કમ ચોવિહારા છઠ્ઠને પારણે છઠ્ઠ એ તો સામાન્ય. પણ વિશેષમાં પાખમણ-માસખમણ-ચોમાસી અને છ માસી સુધી અનશનના ઘોર તપ કર્યા.

(૨) તો ભગવાનને ઊણોદરી તપ કેવો ? માત્ર એક જ ઘરથી વહોરીને ત્યાં જ વાપરવાનું અને તે પણ હાથમાં જ, એટલે જો વહોરાવનાર ઓછું વહોરાવે તો ઊણોદરી જ થાય ને ? બધા વહોરાવનાર સરખા ઉદાર ન હોય. વળી માંગવાનું નહિ !

(૩-૪) પ્રભુને સત્તર-પંદર ચીજો વાપરવાની વાત ક્યાં? એમાં દ્રવ્ય-સંક્ષેપ અને રસ-ત્યાગના બાહ્ય તપ પણ કેટલા બધા ઉચ્ચ કોટિના થાય.

(૫) કાયકષ્ટના બાહ્ય તપમાં પરિસહ-ઉપસર્ગનાં કષ્ટ કેવાં ઉગ્ર! ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા પછી એક હજાર વર્ષે કેવલજ્ઞાન, તો એક હજાર વર્ષ સુધી પ્રભુ



કેવા ખડા ને ખડા રહ્યા! શું રાતે કે શું દિવસે, જમીન પર પલાંઠી વાળીને બેસવાની વાત નહીં, તો સૂવાની તો વાત જ ક્યાં?

(૬) બાહ્યતપમાં ભગવાનનો સંલીનતા તપ પણ કેવો? હજાર વર્ષમાં ૦૧ કલાકનો પણ વાત-વિસામો નહિ, એવી વચનસંલીનતા ! કાય-સંલીનતામાં હાથેથી માખી કે મચ્છર ઉડાડવાની પણ વાત નહીં ! મનની સંલીનતામાં ઉપસર્ગપરિષહો આવે, પણ એનોય વિચાર ન કરતાં કેવલ તત્ત્વ-ચિંતનમાં જ લીન રહેતા.

**જો આભ્યંતર તપરૂપ સ્વાધ્યાય-ધ્યાનથી જ મોક્ષ મળતો હોય તો ભગવાને આ બધા ઘોર કષ્ટોથી ભરેલા બાહ્ય તપમાં પુરુષાર્થની કેમ કમીના ન રાખી ? કેમ ઉગ્ર બાહ્યતપમાં ભગીરથ પુરુષાર્થ આદર્યા ?**

**'બાહ્યતપ જરૂરી'નું રહસ્ય :-**

એનો એક જ ઉત્તર છે કે, એકબાજુ, સ્વાધ્યાય કરીને પણ અંતરાત્માના રાગદ્વેષ આદિ દોષો ખતમ કરવા છે, પણ બીજી બાજુ, જો બાહ્ય તપ વિના કાયા ને ઇન્દ્રિયોને સગવડપંથી અને સુકોમળ રાખવી છે, તો એમાં રાગ પોષાયા જ કરે, તો રાગદ્વેષનો સમૂલ નાશ થાય જ કેવી રીતે? એટલે જ ભગવાનના જીવનમાં આ દેખાય છે, કે મન સંલીનતામાં ઋતુની ઠંડી કે ગરમીમાં મનને ગરમીના વિચારમાં જવા દેવાનું નહિ. એવી નિર્વિકલ્પદશા કલાકો, મહિનાઓ ને વરસો સુધી ચાલતી ! શી રીતે ચાલતી ? કહો, બાહ્યતપથી તન-મનને કસી લીધા છે, તેથી મનમાં બીજા વિચાર નહિ.

તરતમ યોગોમાં પરાકાષ્ઠાએ ભગવાનની આ યોગસાધના આપ-ણાથી શે પકડાય ? એટલે જ એમ પ્રભુનો પંથ પામવો મુશ્કેલ છે.

આ બોધ વાસનાથી યાને સંસ્કારથી વાસિત જોઈએ; એ પ્રમાણે આચરણ કરી એના સંસ્કારવાળો બોધ ઊભો કરો, તો બોધ વાસિત-સંસ્કારિત થાય. ભરતચક્રવર્તી જીવન જીવતાં છતાં વૈરાગ્યના યોગની સાધના એમને વારંવાર હતી ને જોરદાર હતી ! સિંહાસન પર બેસવાનું થાય ત્યારે 'હાય !' થાય. 'આ કેવું સિંહાસન ? હાય ! આ સિંહાસન જીવને પછાડી દે !' એમ બધે ભય લાગતો હતો કે 'આમાં મારું થશે શું ?' કેમકે તીવ્ર વૈરાગ્યથી આ બધું અકારું લાગી ગયું હતું.

**પ્રશ્ન :** એટલું બધું રૂડું રૂપાળું, એ અકારું કેમ લાગે?

**ઉત્તર :** અકારું આમ લાગે, - જેમકે, કોઈ સજ્જન માણસ હોય, અને સારા ઘરની રૂપાળી કન્યા મળી પરણ્યો હોય... એની પત્નીનો સ્વભાવ શાંત-સેવાભાવી પ્રણ હોય, પણ એને જો ખબર મળ્યા કે 'પોતાની પત્નીના જીવનમાં ઘોલમાલ છે,' તો હવે કાઢી મુકાતી નથી એટલે નભાવ્યે જ છૂટકો છે, એટલે નભાવતો તો હોય, પણ એને

હવે એ કેવી લાગે ? કહો એ અકારી જ લાગે, દિલને ખેદ જ રહ્યા કરે. એમ ભરતમહારાજાને ચક્રવર્તીપણાની બધી સામગ્રી કુલટા નારી જેવી લાગતી હતી, દિલ એમનું ઊઠી ગયું હતું. ભરત મહારાજાને આ વૈરાગ્યની યોગ-સાધના હતી. વૈરાગ્યના યોગથી બોધ એવો વાસિત થઈ ગયો હતો કે, આરિસાભવનમાં આંગળીમાંથી એક વીંટી નીકળી ગઈ અને એ વૈરાગ્યની વિચારણાનું નિમિત્ત મળી ગયું, તો આ નિમિત્ત મળતાં જ અનિત્યતાનો બોધ ઝળહળી ઊઠ્યો, અને એક પછી એક આભૂષણો ઉતારતા ગયા. બોધ એવો ભાવિત થઈ ગયો હતો કે એમને લાગ્યું કે 'આ શોભા મારી ? કે આભૂષણોની જ આ બધી શોભા ?..., ત્યાં વૈરાગ્યથી વાસિત થયેલ બોધ ઠેઠ વીતરાગદશા સુધી પહોંચી ગયો !

**(૩) તત્ત્વસંવેદનજ્ઞાન** :- એ રચનાત્મક જ્ઞાન છે. પરિણતિ-જ્ઞાનમાં તત્ત્વ જેવા સ્વરૂપનું, તેને અનુરૂપ માત્ર મનનું વલણ છે, મનનો ઝોક છે, ત્યારે તત્ત્વ-સંવેદનમાં તેવું આચરણ પણ છે. આત્મામાં તે તત્ત્વ અમલથી પરિણામ પામી ગયેલું છે. દા. ત. 'ક્ષમા-તત્ત્વ' ઉપાદેય છે, અને 'ક્રોધ-તત્ત્વ' અત્યંત હેય છે, તો પરિણતિજ્ઞાનમાં આત્મામાં ક્ષમાને અનુરૂપ આલ્હાદ-રુચિ-પ્રેમ વગેરેનું વલણ હોય, અને ક્રોધ પ્રત્યે નફરત-અરુચિ-ભયનું વલણ હોય. (અલબત્ત હજી તત્ત્વસંવેદન નથી એટલે આત્માને અવસરે ક્રોધ જાગે છે, અને ક્ષમા વીસરાય છે.) છતાં જ્યારે પ્રતિભાસજ્ઞાનવાળાને તો એ ક્રોધની કોઈ જ અફસોસી નથી, ક્ષમાની કોઈ તત્પરતા તાલાવેલી નથી; ત્યારે પરિણતિજ્ઞાનવાળાને ક્રોધ થઈ ગયાની અને ક્ષમા વીસરાયાની ભારે અફસોસી રહે છે. તત્ત્વસંવદેનજ્ઞાનવાળો તત્ત્વનું પોતાના આત્મામાં સંવેદન કરે છે, અર્થાત્ ક્ષમાને આત્મામાં ઓતપ્રોત કરે છે, એટલે જ મહાત્માઓનાં જીવનમાં દેખાય છે કે ઉપદ્રવ કરનારા પાપી જીવો ગમે તેવો ઉપદ્રવ કરે તો પણ, ચંદનને બાળે છતાં જેમ એની સુવાસ એની એ જ, તેમ મહાત્માઓને દિલમાં અને મુદ્રામાં ક્ષમા એની એ જ છે. આવા તત્ત્વસંવેદનરૂપ ક્ષમાદિના બોધથી સંસ્કાર પણ ઉચ્ચ કોટિના થાય છે, અને તેથી હવે પછી એમનો બોધ એવા ઉચ્ચ સંસ્કારથી વાસિત થાય છે. એના દ્વારા એ મહાત્મા પ્રભુનો માર્ગ પોતાના આત્મામાં સંવેદી શકે; પરંતુ સ્પષ્ટપણે વર્ણવી શકે નહિ. એટલો બધો એ અવર્ણનીય આત્માનુભવ થાય છે, એટલે જ કવિ કહે છે કે એવા ઉચ્ચ કોટિના સામાયિક-ક્ષમાદિ યોગને સમજવા માટે તો એવી ઉચ્ચ કોટિની વાસનાથી વાસિત બોધ આધારરૂપ બને, પરંતુ એ અમારે શી રીતે સમજી શકાય ? કેમકે એના અનુભવી મહાત્માઓ તો એનું કાંઈ સ્પષ્ટ વર્ણન આપી શકતા નથી, એટલે હવે સારાંશ, પ્રભુનો માર્ગ શી રીતે પામવો એ પ્રશ્ન છે. આ મૂંઝવણ ઊભી છે, તેથી હવે



કવિ અહીં છેલ્લે સચોટ ઉપાય બતાવતાં કહે છે–

**કાળ-લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ... પંથડો૦...૬**

**ભાવાર્થ** :- વસ્તુના વિચાર માટે દિવ્યનયન(જિન-ગણધર અવધિજ્ઞાની)નો નિશ્ચિત વિરહ પડ્યો છે, (તેથી હવે તો) તરતમતાવાળા મોક્ષયોગના વિષયમાં તરતમતાવાળા પૂર્વસંસ્કારથી વાસિત બોધ એ જ આધાર છે.

**વિવેચન :- "કાળ-લબ્ધિ લહી પંથ નિહાળશું"**

અહીં એવો અર્થ ન કરાય કે, 'કાળ પાકશે ત્યારે તમારા માર્ગને અમે પામીશું' કેમકે, એમાં તો કોઈ પુરુષાર્થને અવકાશ જ રહ્યો નહિ; એમાં તો આત્માના ઉત્થાનની વાત કાળ પાકવાના વાયદે રહી ! અગર કહો કે-

**પ્રશ્ન** : કાળ પકવવા માટે પુરુષાર્થને અવકાશ છે ને ?

**ઉત્તર** : ના, ભવ્યત્વ પકવવા માટે પુરુષાર્થ જરૂરી, પરંતુ કાળ પાકવાનું તો કાળના ક્રમે જ થવાનું, પછી તો કાળ પાકે ત્યારે પુરુષાર્થ કરવાનો ! પણ અત્યારે શો પુરુષાર્થ ? જ્યારે ખરેખર તો કવિ એમ કહે છે કે, કાળલબ્ધિ પામીને અમે માર્ગ 'નિહાળશું.' 'નિહાળશું' એટલે માર્ગ નિરીક્ષણનું સાધન કાળ-લબ્ધિ બતાવી. એટલે અહીં 'કાળ-લબ્ધિ'નો અર્થ વર્તમાન કાળે પ્રાપ્ય મોક્ષમાર્ગનાં સાધનો લેવાનો.

**સાધનો ક્યાં ક્યાં ? :-**

પ્રશ્ન : આ કાળમાં લબ્ધિમાં એટલે કે વર્તમાનકાળે પ્રાપ્ય થતા પ્રભુ-પંથનાં સાધનોમાં શું શું આવે?

ઉત્તર : જૈનાગમો, જૈન-શાસ્ત્રો, જિન-શાસન, જૈન-સંઘ, જિન-મંદિરો, તીર્થો, ગુરુઓ, આસેવનશિક્ષા, પૂર્વ પુરુષોની આચરણા-પરંપરાઓ, પૂર્વના મહાપુરુષો, વર્તમાનમાં દેખાતા ઉત્તમ આરાધકો, અને એમની ભવ્ય આરાધનાઓ, વગેરે વગેરે સાધનોને કાળ-લબ્ધિ કહી શકાય, એના આધારે પ્રભુનો માર્ગ નિહાળવાનો છે, મતલબ કે નક્કી કરી લેવાનો છે, ને અમે એ રીતે નક્કી કરી લઈશું એવી એવી આશામાં અમે જીવી રહ્યા છીએ. અહીં પ્રશ્ન થાય-

**પ્રશ્ન** : આમ તો પ્રભુનો માર્ગ સ્પષ્ટ છે. 'તત્ત્વાર્થ મહાશાસ્ત્ર' પહેલા સૂત્રમાં કહે છે- **'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે, મોક્ષનો ઉપાય છે. તો પછી પ્રભુનો પંથ નિહાળવાનો-જોવાનો-સમજવાનો શો ?

**ઉત્તર** : શું કવિને આ સૂત્રની ખબર નથી ? ખબર તો છે જ, પરંતુ એમ જાણી તો લીધું, પણ એમ જાણવા માત્રથી જીવનમાં એ માર્ગ આવી જાય? એમાં પહેલી જરૂર છે હૃદય-પરિવર્તનની. એ હૃદય-પરિવર્તન કાળ-લબ્ધિથી જ કરી શકાય. પ્રભુનો માર્ગ પામવા માટે કેમ હૃદયનું પરિવર્તન જોઈએ? કહો, અત્યાર સુધી સંસારના માર્ગ જોયા, સાધુપણામાં પણ સંસારના માર્ગ જોયા, આશ્ચર્ય ન પામતા. જુઓ હૃદયના ખ્યાલ કેવા? તો કે 'શરીર સારું રહેવું જોઈએ' 'ચારમાં આપણું નામ પુછાય, બોલાય, તો કામનું, ગોચરી અનુકૂળ મળવી જોઈએ, ગામ સારી ભક્તિ-સગવડ કરનારું જોઈએ...' વગેરે આવું અનાદિનું ભૂલેલું હૃદય ફેરવવું પડે. દિલ ભૂલેલું છે? હા, એટલે જ પુદ્‌ગલના જ લેખા માંડે છે! બધે પૌદ્‌ગલિક દૃષ્ટિએ જ જુએ છે! પણ હવે આધ્યાત્મિક દૃષ્ટિએ જોવાનું છે. પૌદ્‌ગલિક દૃષ્ટિએ જોવાનું બંધ કરવાનું છે. તો જ જ્ઞાન-ધ્યાન-તપના યોગ ઉલ્લાસ-ઉમળકાથી અને ચોક્ખાઈ તથા એકાગ્રતાથી સાધી શકાય છે. સંસ્કારથી વાસિત બોધ એનો આધાર છે. સંસ્કાર શાનાથી વાસિત થયેલા હોય? વિવિધ યોગથી, ધર્મ પ્રવૃત્તિના યોગોથી સંસ્કારિત બોધ જોઈએ. જયણા એ પાયાનો ધર્મ-યોગ છે, તો જયણા આચરાવે એવો જે બોધ, એ વાસના-વાસિત બોધ છે, કેમકે જયણાથી ઉત્તમ સંસ્કાર પડે છે, ઉત્તમ વાસના ઊભી થાય છે. જયણા એટલે યતના, જયણા એટલે સાવધાની, જયણા એટલે ગુણ-દોષના લાઘવ-ગૌરવનો વિચાર; આત્મરક્ષા એ જયણા..." બોલ-ચાલ વગેરે બધી વાતમાં 'વધુ લાભ શામાં? વધુ દોષ શેમાં? હાનિ વધુ શેમાં?...' ઈત્યાદિનો વિચાર કરી બહુ લાભ અને અલ્પ હાનિ જોઈને તે પ્રમાણે બોલ-ચાલ આદિ રાખવા એ જયણા કહેવાય, એ જયણા પ્રભુનો માર્ગ છે. પ્રભુ એ માર્ગે મોક્ષે ગયા, પણ આ જયણા આચરવાની વસ્તુ છે, જયણા આચરે તો જ પ્રભુનો માર્ગ હાથ લાગે, એટલે જ હંમેશાં બોધ પરિણતિજ્ઞાનવાળો જોઈએ, પ્રતિભાસવાળો ન ચાલે. પરિણતિવાળો હોય એ આગળ જતાં સંવેદન જ્ઞાનમાં આવી શકે.

## જૈનધર્મ જયણાના વિચારથી શ્રેષ્ઠ :

પરિણતિજ્ઞાન અને જયણાના પાયા પર પ્રભુનો માર્ગ એવો જાણવો છે કે, જાણ્યા પછી મિથ્યા માર્ગો તુચ્છ લાગે; કેમકે ત્યાં આવી જયણાનો વિચાર નથી. એમ સંસારના માર્ગો તુચ્છ લાગે, ઝેર જેવા લાગે; કેમકે એમાં ભારોભાર અજયણા છે. જયણા ઓળખે ને જાળવે ત્યારે આ માર્ગ જાણ્યો અને હૈયાને જચ્યો કહેવાય. આ સંસ્કારિત બોધ એ પ્રભુનો પંથ નિહાળવા માટે આધાર છે. એ બોધ કરશું કેવી રીતે ? કાળલબ્ધિથી બોધ કરીને ભગવાનનો માર્ગ નિહાળશું, એટલે કે ભગવાનના માર્ગનો નિર્ણય કરીશું. નિર્ણયને સક્રિય બનાવશું શી રીતે? કાળલબ્ધિ લઈ વર્તમાનકાળમાં



મોક્ષ-સાધક જે સામગ્રી મળે, એને કાળલબ્ધિ કહેવાય. વર્તમાન-કાળમાં આ મોક્ષ-સાધક સામગ્રીઓ ઉપલબ્ધ થાય છે માટે એ સામગ્રી એ કાળલબ્ધિ છે.

## પ્રાપ્ત કાળલબ્ધિઓ–

**(૧) જિનાગમ** - આગમ શાસ્ત્ર એનો આશરો લઈશું.

**(૨) ભગવાનનું શાસન**– એ પણ ભગવાનનો માર્ગ જાણવા માટે સાધન છે.

**(૩) સંઘ-સંઘની આરાધના** જોઈને આરાધના કરવાનું મન થાય છે, માટે એ પણ કાળલબ્ધિ...

**(૪) તીર્થ**– તીર્થની યાત્રા કરે એટલે અંતરમાં આરાધનાના અદ્‌ભુત ભાવો જાગે છે, તેની સ્પર્શના થતાં આત્માના તાર ઝણઝણે છે, માટે તો કહ્યું કે **"તીર્થ વિના કહો કિમ તરીએ, ભવોભવનાં પાતિક હરીએ."** એમ પૂ. વીરવિજયજી મહારાજે ગાયું. તીર્થ પણ એક કાળલબ્ધિ છે, એ પણ માર્ગ પામવા માટે સાધન છે. તીર્થ જંગમ અને સ્થાવર એમ બે પ્રકારે છે. સ્થાવર તીર્થો શત્રુંજય-સંમેતશિખર.... વગેરે. જંગમતીર્થ આચાર્યો, મુનિઓ,... વગેરે.

**(૫) ભગવાનનાં મંદિરો**– ચૈત્યો એ કાળલબ્ધિ છે. આપણે નાના બે વર્ષના હતા ત્યારે માતા મંદિરે આપણને સાથે લઈ જતી, એમ ત્યારથી દર્શન કરવા જતા થઈ ગયા તો કાંઈક માર્ગ પામવાની શરૂઆત થઈ.

**(૬) ગુરુ**– વર્તમાન કાળે સંયમી ગુરુ મળે, એ પણ માર્ગ પામવા માટે જબ્બર સાધન છે, મહાન કાળલબ્ધિ છે, એનાથી માર્ગ મળે છે. ગુરુ પોતે જીવી બતાવે છે. આસેવન અને ગ્રહણ-શિક્ષા આપે છે. 'આસેવન શિક્ષા' એટલે આચરણની શિક્ષા, અને 'ગ્રહણશિક્ષા' એટલે જ્ઞાન શિક્ષાઆપે, શાસ્ત્રો વગેરે ભણાવે, એનાથી પ્રભુનો માર્ગ જડે છે.

**(૭) જીત એટલે આચારપરંપરા,** યાને સારા શ્રાવકો અને મુનિઓની પરંપરામાં ઊતરી આવેલી સામાચારીનું જ્ઞાન જે મળે છે, એનાથી પણ માર્ગને પરખી શકાય છે.

**(૮) પૂર્વના મહાપુરુષો**– જૈન ઇતિહાસમાં ઉપલબ્ધ મહાન વિભૂતિઓ એ પણ મહાન કાળલબ્ધિ છે, એ આપણને મળી છે, તો એમના જીવન પરથી આપણામાં જોમ-ઉત્સાહ વધે છે.

પૂર્વના મહાપુરુષો સતાઓ સતીઓ વગેરેનાં જીવન એવાં અદ્‌ભુત જોવા મળે છે, કે એ પરથી પ્રભુનો માર્ગ જાણવા મળે. દા.ત. શાલિભદ્રે મહાવૈભવમાં પણ કેમ ત્યાગ કર્યો, ને કેવાક પ્રભુ-માર્ગે લાગી પડ્યા, એ જાણવા સમજવા મળે.

દા. ત. શાલિભદ્રને થયું કે, 'શ્રેણિક મારો રાજા? માલિક? એની તાબેદારી હું શું કામ કરું ? તાબેદારી શરણાગતિ આધીનતા કરું તો ભગવાન મહાવીરદેવની જ કાં ન કરું?' બસ એ વિચાર પર સંસારમાંથી ઊભા થઈ ગયા!

કેમ આરાધવું એનો માર્ગ પૂર્વ પુરુષોના જીવનમાંથી મળે છે. દા.ત. **સ્થૂલભદ્રજી**ને કેવા સંજોગોમાં વૈરાગ્ય થયો ? રાજાએ મંત્રી-મુદ્રિકા સ્વીકારી લેવા કહ્યું ત્યાં સ્થૂલભદ્ર વિચારમાં પડ્યા. 'મંત્રીમુદ્રિકા લઉં તો કોશાનાં સુખ જે ચોવીસ કલાકના છે, તે પચાસ ટકા થઈ જાય' – જે કોશાના પરદેશીઓ પણ પગ ચાટવા આવે છે, એ કોશા વેશ્યા સ્થૂલભદ્રના પગ ચાટે છે ! એ સ્થૂલભદ્રને ઘરે પણ જવા નહોતી દેતી. કેવું ઊંચું સૌભાગ્ય હશે? એ સ્થૂલભદ્રજીને રાજા મંત્રી-મુદ્રિકા આપવા લાગ્યા ત્યારે આ વિચાર આવ્યો; સાથે તરત જ મનને થયું કે, ''જેમ મંત્રી-મુદ્રિકાથી કોશાના ચોવીસ કલાકનાં સુખ અડધાં થઈ જાય, તેમ આ જીવનમાં સંસારનાં સુખ લેવા રહું તો મોક્ષના અનંતાં સુખો લેવાનાં રહી જાય. કોશાના ચોવીસ કલાકના સુખ ખાતર મંત્રીપણું ન જોઈએ, એમ મોક્ષના અનંતા સુખો ખાતર આ સંસાર જ ન જોઈએ.'' બસ, એમ વૈરાગ્ય પામી ત્યાં જ મુનિવેશ ધરી સંસારમાંથી નીકળી ગયા. આ પરથી આપણને માર્ગ મળ્યો કે મોક્ષનાં અનંત સુખ આગળ સંસાર 'કુછ નહીં' કરી ધર્મ-સાધનામાં લાગી પડવાનું.

આમ **ધન્ના-મેઘકુમાર-ધર્મરુચિ અણગાર...** આદિ મહા-પુરુષોનાં જીવનદ્વારા પ્રભુનો માર્ગ મળે, એટલે આ બધી કાળલબ્ધિથી અમે પ્રભુનો પંથ નિહાળીશું. તેમ નવતત્ત્વનું જ્ઞાન અર્થાત્ આશ્રવ કયા? સંવર કયા? આદિનું જ્ઞાન તે કાળલબ્ધિ. એના દ્વારા પ્રભુનો પંથ નિહાળશું.

(૯) એમ વર્તમાનકાળે **વિશિષ્ટ આરાધકો** જોવા મળે, ને પૂર્વના આરાધકો સાંભળવા મળે, એ પણ કાળલબ્ધિ છે. જેમકે, વર્તમાનમાં નાના બાળ અઠ્ઠાઈ કરે છે, માત્ર એક ઉપવાસ કર્યો હોય એ માસક્ષમણ કરે છે. ચંપા શ્રાવિકાએ કેવા છ મહિનાના ઉપવાસ કર્યા! વિજય-વિજયાએ પૃથ્વીચંદ્ર અને આઠ પત્નીઓએ, સમરાદિત્ય અને બે નવોઢા પત્નીઓએ પરણ્યા બરાબર બ્રહ્મચર્ય સ્વીકાર્યા! એવા તો અસંખ્ય દાખલા.

સંઘયણાદિની અપેક્ષાએ જે યોગ છે, તે કાળલબ્ધિ છે, તેના આધારે સુસંસ્કાર ઊભા કરીને બોધ એનાથી સંસ્કારિત કરીશું, એ કરીને નિહાળીશું.

**'એ આશા અવલંબ'** 'કાળલબ્ધિ દ્વારા માર્ગ નક્કી કરશું,'- એવી આશાના આલંબને 'એ (આ આપનો દાસ) જન-આ આપનો દાસ જીવે છે. આ આશાના આલંબને મારો આત્મા જીવે છે.



શાસ્ત્ર મળ્યાં એ શ્રદ્ધા માટે આલંબન છે. બીજે સર્વજ્ઞવચન નથી તેથી જિનવચન જેવાં ટંકશાળી વચનો બીજે ન મળે. એમ આ એકેક કાળલબ્ધિ ઉપર શ્રદ્ધા રાખી એની આરાધના કરતાં કરતાં ભગવાનનો માર્ગ હાથ આવશે.

'એ માર્ગે ચાલતાં ચાલતાં અમે તમને મળશું.' એ આશાએ અમે જીવીએ છીએ.

**''આનંદઘન મત અંબ''**

પ્રભુ! આપ આનંદઘન મતના આંબા જેવા છો. મોક્ષનો અનંતો આનંદ, એના ઘન એવા પ્રભુ એ આનંદઘન પ્રભુ. પ્રભુનો મત, મત એટલે તત્ત્વ-સિદ્ધાંત, એટલે આનંદઘનના મતના તમે આંબા જેવા છો. આંબામાંથી જેમ મીઠો રસ મળે છે, જેમ આંબાનો રસ ખાઓ તો તો મોંમાંથી પાણી છૂટે જ, પણ એનું નામ પડે તોય પાણી છૂટે, તેમ ભગવાન ! આપ એવા છો. તમારી વાણીમાંથી તો રસ ઝરે, પણ તમને જોતાં ય આનંદઘનનો માર્ગ મળે. એટલે તો હરિભદ્ર પુરોહિત ભગવાનની મૂર્તિને જોતાં પહેલાં મિથ્યાત્વમાં બોલેલા કે, ''**मूर्तिरेव तवाचष्टे स्पष्टं मिष्टभोजिताम्,** તમારી મૂર્તિ જોતાં થાય છે કે તમે મિષ્ટ-ભોજન બરાબર ઉડાવો છો,'' પરંતુ આ તો અજ્ઞાન-દશા વખતના ઉદ્ગાર હતા, પણ જ્યાં બોધ થયો એટલે તરત જ બોલ્યા કે, '**मूर्तिरेव तवाचष्टे स्पष्टं वीतरागताम्**' તમારી મૂર્તિ જોતાં જ થાય છે કે તમે વીતરાગ છો, કયાંય કામ-ક્રોધાદિનું નામ-નિશાન નથી, રાગાદિનો એક અંશ પણ દેખાતો નથી.' એક મૂર્તિને જોતાં જ મૂર્તિમાંથી બધી પ્રેરણા ઝીલી લીધી એટલે પ્રભુ! આપ આંબા જેવા છો. આપનો પંથ અમે કાળલબ્ધિઓથી નિહાળશું.

**(ઈતિ શ્રી અજિતજિન સ્તવન વિવેચના)**

**દિવ્યદર્શન ''પ્રવચન મહોદધિ'' વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭**

## શ્રી અજિતનાથ જિન સ્તવન - પ્રવચન - ૨

**પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણ ધામ;**
**જે તેં જિત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિસ્યું મુજ નામ...૧ પંથડો**

ત્રિલોકનાથ તીર્થંકરદેવ શ્રી અજિતનાથ ભગવાનની ગુણસ્તુતિ કરતાં મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે, ''હું બીજા જિનેશ્વરદેવના માર્ગની તપાસ કરું છું. એ અજિતનાથ સ્વામી અજિત=અજોડ ગુણના ધામ છે; અથવા પ્રભુ અજિત છે અને ગુણના ધામ છે.'' પ્રથમ સ્તવનમાં પ્રભુને સ્વામી તરીકે સ્વીકાર્યા ખરા, પણ એમના માર્ગની ખબર નથી **તે શોધવા આ સ્તવન છે. ઋષભદેવ પ્રભુ કે**

**અજિતનાથ પ્રભુ,** તીર્થંકરપણાની દૃષ્ટિએ તેમનામાં કોઈ ફરક નથી. નામ અને વ્યક્તિ જુદી, પણ ગુણ તથા કાર્ય બંનેનાં સમાન ! તેવી રીતે અનંતકાળ પૂર્વે થઈ ગયેલા તીર્થંકરો અને છેલ્લા તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવ- તેમના ગુણો અને કાર્યો સમાન આ વસ્તુસ્થિતિને અનુસારે શ્રી આનંદઘનજી મહારાજે જે કહ્યું કે, "હું બીજા જિનેશ્વર દેવના માર્ગની તપાસ કરું છું." તેનો અર્થ 'હું તીર્થંકરોના માર્ગની તપાસ કરું છું,' એમ સમજવો જોઈએ.

માર્ગ શાનો ? સમવસરણના વૈભવનો ? ના,

"પંથડો નિહાળું બીજા જિનતણો," - હું એ માર્ગ જોઉં છું કે કયા માર્ગે થઈને એ જિનદેવ કૈવલ્ય પદને પામ્યા, મહાપદને પામ્યા, નિર્વાણપદને પામ્યા.

અજિતનાથ ભગવાન અજિત છે ! ગુણધામ છે ! કોઈપણ શત્રુથી જિતાય જ નહિ પ્રભુ, તેવા અજિત છે ! કોઈ એમને ન જીતી શકે ! "હે પ્રભુ ! મહાનમાં મહાન સૈન્યો લઈને, સશસ્ત્ર બનીને, રાગાદિશત્રુઓએ આપના પર આક્રમણ કર્યાં, પણ નાથ ! આપની આગળ તેમનું કંઈ ચાલ્યું નહિ !" પ્રભુનો જ્યારે જન્મ થયો, ઇન્દ્ર ઉપરથી ઉતરી આવ્યો, ને વિનંતિ કરે છે, "હું સૌધર્મદેવલોકનો ઈન્દ્ર, આપની ભક્તિ કરવા માગુ છું, પ્રભુ ! મને અનુજ્ઞા આપો." આનું નામ જ રાગ દુશ્મન શસ્ત્ર અને ફોજ સાથે ઉતરી આવ્યો ! શસ્ત્ર કોણ ? આ ઈન્દ્ર તરફથી મળતાં માન અને ભક્તિ. ફોજમાં સુભટો કોણ ? અભિમાન...અહંકાર...વગેરે. "ઈન્દ્ર મારી ભક્તિ કરવાનો ! હું તો નાનકડો ! ને ઈન્દ્ર એના અસંખ્ય દેવોની મંડળી સાથે મારી પૂજા કરશે ! તો મારું મહત્ત્વ કેટલું !..." આ કોણ કરાવી શકે ? અભિમાન નામનો સુભટ. અહીં અભિમાનને અવકાશ છે. તાત્વિક દૃષ્ટિએ જોઈએ તો ઈન્દ્રને ઈન્દ્ર ન કહેવો જોઈએ, પણ મોટો રાગશત્રુનો સેનાપતિ કહેવો જોઈએ. એનો હલ્લો આવ્યો છે, પરંતુ પ્રભુ એ કોઈથી જિતાયા નથી, પ્રભુ અણનમ છે. જરાય રાગ કે અભિમાનાદિને સ્થાન નહિ. તમે શ્રાવકો મુનિઓની જય બોલાવો છો, વંદના કરો છો, એ તમારી તો ભક્તિ કહેવાય; પણ સાધુ મહારાજ પોતે શું સમજે ? શું એમ કે- "ધન્ય છે તમને ! ખૂબ ખૂબ ભક્તિ કરતા રહેજો. તમારા આત્માનો ઉદ્ધાર થશે," એમ ? ના. જેને સાધુતાનો ખપ છે, તેણે સમજી લેવું જોઈએ કે 'ભક્તની બોલાવેલી જય, એમાં મારા પર માન કે રાગ કેસરીનો હલ્લો થવાનો સંભવ છે. એની સામે તો મારે પણ સૈન્ય રાખીને સામનો કરવાનો. સૈન્યનાં દુર્ગતિ ભયનો યોદ્ધો, નમ્રતા-લઘુતાનો યોદ્ધો, વિરાગનો યોદ્ધો, તત્ત્વજ્ઞાનનો યોદ્ધો...વગેરે...હે જીવ ! ૨૫-૫૦ ભક્તો ખમાસમણાં દે, તેમાં તું મુંઝાતો નહિ, કેમકે ત્રિલોકનાથ જિનદેવને



અસંખ્ય દેવતાઓ પૂજે છે ! તો તેની આગળ તુચ્છ માનવ-ભક્તોથી શું ફૂલાવું ?'

ઈન્દ્ર ભલેને પરમાત્મા આગળ ભક્તિથી નાચે, કૂદે, પણ પરમાત્માને અહંકારનો રંચ માત્ર નથી ! કેમકે પરમાત્માએ રાગાદિ શત્રુઓ પર જબરજસ્ત વિજય પ્રાપ્ત કરેલો છે ! તે પ્રશ્ન થાય કે "આવો વિજય પરમાત્માએ ક્યાંથી પ્રાપ્ત કર્યો ?" તો કહેવું જોઈએ કે પૂર્વના ત્રીજા ભવથી પ્રાપ્ત કર્યો. શ્રેણિકે ચારિત્ર નહોતું લીધું; મૃત્યુ પણ આપઘાતથી પામ્યા હતા, પરંતુ એ મૃત્યુની સાથે આંતરશત્રુઓનું પણ મૃત્યુ થઈ ગયું ! એવું કે ત્યાંથી જ્યાં જન્મશે ત્યાં ગુરુ પાસે જ્ઞાન લેવા જવું નહિ પડે ! જન્મથી જ અવધિજ્ઞાની ! જન્મતાં જ દિક્કુમારીઓ અને દેવો-ઈન્દ્રો દોડા દોડ કરી મૂકશે...આ બધું છતાં પરમાત્મા બનનાર શ્રેણિકના આત્માને જરા પણ ઉત્કર્ષ નહિ હોય ! કેમકે આંતરદુશ્મનો પર વિજયને વરેલા છે.

"અજિત અજિત ગુણધામ" એવા આંતરશત્રુના વિજેતા અજિતનાથ ભગવાન ગુણોના ધામ છે ! કોઈ કહે, 'અમારે ગુણોનું દર્શન કરવું છે.' તો કહેવું, "જાઓ અજિતનાથ ભગવાન પાસે ! પરમાત્મા અજિત છે !" એટલે દુશ્મનોથી પોતે જરા પણ દબાયેલા નહિ; દુશ્મનોને પોતે દબાવી દીધા છે ! દોષોને દૂર કરી નાખ્યા છે. ગુણોના ભંડાર છે ! તો આપણે પૂછીએ છીએ, "પ્રભુ ! આપ આવા શી રીતે બની ગયા, કયા માર્ગે ચાલીને બની ગયા તે અમને બતાવો."

"અરે, પણ તું ભણ્યો તો છે, પછી કંઈ ખબર ન પડી ?"

"પ્રભુ ! મારી શું કથની કહું... જેને તમે જીતી લીધા છે, તેનાથી હું જીતાઈ ગયો છું ! જેમની છાતી પર આપ ચઢી બેઠા છો, તેવા કામક્રોધાદિ ગુંડાઓને મેં મારી છાતી પર ચઢાવ્યા છે ! વળી મેં જાણે એમને ખતપત્ર લખી આપ્યો છે કે તમે જરા પણ દૂર ન રહેતા, કેમકે મારે તમારે આધારે જ જીવવાનું છે ? કેવી મારી કંગાળ સ્થિતિ ! હે નાથ ! મને તો એ પણ કહેતાં શરમ લાગે છે કે હું મરદ છું. એમ શી રાતે કહું ? મને લાગે છે કે,

**"પુરુષ કીશ્યું મુજ નામ ?"** :- હા, આમ તો ધર્મક્રિયાનો પુરુષાર્થ ઘણો કરું છું, પણ તે પુરુષાર્થ ભાવધર્મ લાવવા નહિ !" ભાવધર્મ લાવવા એટલે કામ-ક્રોધ-મોહાદિ દુશ્મનોને કચરવાના મોરચા. જ્યારે આપણા મોરચા શાના છે ? એને કચરવાના કે એ કામ, ક્રોધ, માન, મદ વગેરે વધારવાના ? સામાયિક - પ્રતિક્રમણ બધું જરૂર કરવાનું, પણ શા માટે ? આત્માના આંતરશત્રુઓ સામે મોરચા માંડવા. પરંતુ 'હે જીવનનાથ હું પુરુષાર્થી નથી. જો બધા પુરુષાર્થને અંતે મને એ ન આવડ્યું કે જેને તમે જીતી લીધા, તેની સામે હું મોરચા માંડુ' તો પછી હું પુરુષ = પુરુષાર્થી શાનો ?

જૈનશાસનમાં પુરુષાર્થનો અર્થ જ આ છે ! પુરુષ એટલે ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ કરે તે, પછી ભલે તે કાયાથી સ્ત્રી હોય. બાકીના તો સ્ત્રી અને નપુંસક !

જગતમાં મોટામાં મોટું મારક હોય તો તે અહંકાર. ઊંચામાં ઊંચા તત્ત્વજ્ઞાનને પચવા ન દેતો હોય તો તે અહંકાર. આપણી સામે આજે મહાતત્ત્વ નથી એમ નહિ. છે, પણ મારે છે અહંકાર. આપણને અહંકારના રૂપકોની ખબર નથી એટલે અહંકાર કરીએ છીએ, છતાં જાણતા નથી ! અને કોઈ જણાવે છે તો સમજતા નથી ! અહંકાર તો એ જોઈએ કે- "હું વીતરાગનો અનુયાયી ! હું જૈનમાનવ ! હું એટલે મોહની સામે મોરચા માંડનાર !..." આને અહંકાર ન કહેવાય. ઈન્દ્રભૂતિગૌતમ બ્રાહ્મણમાંથી અણગાર શી રીતે બન્યા ? જો અહંકાર ન મૂક્યો હોત તો બની શકત ? "ભગવાન, તમારું તત્ત્વ સાચું, પણ આપ કહો છો કે 'સંસાર તો ઝેરી સાપ જેવો છે, તેને તરત મૂકી દે' તે મારાથી નહિ બને. આ મારા પાંચસો વિદ્યાર્થીઓ... આ અહંત્વ છે કે મારા આ સંયોગો છે." તો શું સામાને ખબર નથી તારા સંયોગોની ? 'બસ, તમે જાણતા નથી માટે અમે કહીએ છીએ'- આ અહંત્વ છે. ગુરુમહારાજ બધું કહે, પણ મને આમ લાગે છે - આ અહંત્વ નહિ તો બીજું શું ? ઈન્દ્રભૂતિ તત્ત્વ સમજવા સાથે અહંત્વને પણ સમજી ગયા, અહંકાર મૂકે નહિ તો ઈન્દ્રભૂતિ અણગાર બને નહિ માટે તો કહેવાય છે કે અહંકારથી ગયેલા ઈન્દ્રભૂતિ શું કરીને આવ્યા હતા ? 'હે મહાવીર **સર્વજ્ઞ** ? કેવો છે એ ? લાવ એને હું હરાવું...' છે આમાં ક્યાંય પ્રભુ મહાવીર પરમાત્મા કયા માગે સર્વજ્ઞ થયા, વીતરાગ બન્યા તે શોધવાનું ? ના, છતાં પ્રભુ પાસે આવ્યા પછી, વાણી સુણ્યા પછી, ને દિલના સંશય ભાગ્યા પછી અહંત્વ મૂક્યું તો એમ થયું, 'પંથડો નિહાળુ રે વીર જિણંદનો રે' અહીં એક પ્રશ્ન થાય કે,

**પ્ર.**- જેણે સાધુ-માર્ગ લઈ લીધો છે એણે તો માર્ગ શોધી કાઢ્યો ને ?

ઉ.- ના, સાધુમાર્ગ લીધેલાને પણ લાગે છે કે જ્યાં સુધી 'જે તેં જીત્યા રે તેણે હું જિતીયો રે...' અર્થાત્ રાગદ્વેષાદિની ગુલામી છે ત્યાં સુધી માર્ગે ચાલવાનો દાવો કેમ રાખી શકું ? અરે ! માર્ગ પ્રાપ્ત થવાનો દાવો પણ કેમ રાખી શકું ?

હવે કવિ માર્ગ જોવાના વિવિધ રસ્તા વિચારે છે.

**ચરમ નયણે કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર...પંથડો ૨૦**

સ્વયં ગૌતમ સ્વામિજીને પણ અહંકાર મટવાનું કારણ ? પોતાની જાત પરમાત્મા આગળ અતિ અતિ તુચ્છ લાગી તે ! કારણ ! એક જ - કે જે અનંતા



શત્રુઓને પરમાત્માએ કચડ્યા છે, તે અનંતાને તો નહિ, પણ એક તે પણ દાબવાનું કાર્ય નથી બન્યું ! ઉપરથી હું એમનાથી દબાઈ-દટાઈ ગયેલો છું ! તમે માર્ગ શોધવા તો નીકળ્યા છો પણ માર્ગ શાથી જોશો ? ચર્મચક્ષુથી ? ના, ચર્મચક્ષુથી રસ્તો જોવાનો પ્રયત્ન કરવામાં તો આખો સંસાર ભૂલો પડી ગયો છે. ચર્મચક્ષુથી તો બાહ્ય રૂપરંગ જોવા મળે ! તેમાં (૧) ભગવાન પાસે વસ્ત્ર નહોતું. માટે પરમાત્મા બનવાનો માર્ગ નગ્નતા. (૨) પરમાત્મા પાત્ર રાખતા નહોતા ! તો પરમાત્મા બનવાનો માર્ગ ? પાત્ર રહિતપણું. (૩) પરમાત્માએ ગુરુ કર્યા નહોતા, માટે પરમાત્મા બનવાનો માર્ગ અગુરુવાપણું ! ચર્મચક્ષુથી શું દેખાય ? આવું આવું. (૪) પરમાત્મા ચારિત્ર લઈને પરમાત્મા ન બન્યા ત્યાં સુધી બોલ્યા નહોતા, જમીન પર પલાંઠી વાળી ન હતી, તો સુવાની તો વાત જ ક્યાં ? આપણે પરમાત્મા બનવાનું હોય તો આ કરવાનું ને ? તમારી ને અમારી આ જીગર છે ? બસ, આપણે મોક્ષ જોઈતો હોય તો ચર્મચક્ષુથી આ જ રસ્તો દેખાય છે. જગત ભૂલું પડી ગયું છે. ચર્મચક્ષુથી માર્ગની તપાસ કરતાં બુદ્ધિ વાપરવાની નહિ ! બુદ્ધિથી આભ્યંતર વસ્તુ જે દેખાય તે જોવી નથી તો બાહ્ય આંખ ખૂલ્લી કરીને જોવાનું રાખવું છે. એટલે ભગવાનનું અનુકરણ કરવાનો મેનીયા લાગે ! પણ તેમાં કલ્યાણ ન થાય, મોત થાય ! શિયાળો આવ્યો, કડકડતી ઘોર ઠંડી પડી ! મનને શું થાય ? 'બહુ ઠંડી !' આખી રાત્રિ વલોપાત ! પછી ઘાસમાં ભરાઈ રહેવું પડે; સગડીઓની નિકટમાં રહેવાનું મન થાય, વીતરાગ બનવા જુઓ. આ ધ્યાન કર્યું !

"લાંબાની વાંસે ટૂંકો જાય, કદાચ મરે નહિ તો માંદો તો થાય." વીતરાગતાના પંથે ભગવાનના પગલાં લાંબી ફલાંગના છે ! એમ આપણે ઠેકડા મારવા જઈએ તો ? આંતરડા ઊંચા આવી જશે !

'પંથડો નિહાળું, પણ ચરમ નયણે નહિ.'

તો પછી કઈ આંખે જોશો ? કવિ કહે છે, 'નયણ તે દિવ્ય વિચાર.' જે વાસ્તવિક ચક્ષુથી માર્ગનું નિરીક્ષણ કરવું જોઈયે એ ચક્ષુ દિવ્યચક્ષુ હોવી જોઈએ ! તે વાત બરાબર ધારી રાખે ! ચર્મચક્ષુથી માર્ગ ન જડે, દિવ્યચક્ષુથી જડે. એવી કોઈ દિવ્યચક્ષુ હોય કે જે આપણી નજરને માત્ર ઉપર ઉપર ન રાખે; પણ ભીતરમાં અભ્યંતરમાં ઉતારે તો માર્ગનો પત્તો લાગે. વસ્તુના ઉંડાણમાં ઉતર્યા વિના એનું સાચું સ્વરૂપ શી રીતે દેખાય ? રાજાએ જુવાન મંત્રીઓને પ્રશ્ન કર્યો કે મને લાત મારે એને શી સજા કરવી ? જુવાનીયા ઉછાંછળા, તે ઝટ કહી દીધું કે 'આપને લાત મારનારને તો ગરદને જ મારવો જોઈએ, ફરી કોઈ તેવું કરે નહિ,' બુઢ્ઢો મંત્રી વસ્તુને ઉપર ઉપરથી જોનારો નહોતો, વસ્તુની ભીતરમાં ઉતરનારો હતો ! એણે વિચાર્યું કે રાજાને

અંગરક્ષકો વગેરે હોય, તેમજ એ સત્તાધીશ છે, તો એને લાત કોણ મારે ? હા, ખોળામાં બાળ રાજપુત્ર હોય તે મારવા સંભવ છે પણ તે તો પ્રેમથી. એટલે ઝટ મંત્રીએ કહ્યું લાત મારનારને સોનાના રમકડાં દાગીના આપવા.

તો અહીં કવિ કહે છે, 'માર્ગનું જ્ઞાન દિવ્યચક્ષુથી થાય.' સવાલ એટલો જ છે કે એ દિવ્યચક્ષુનું જ્ઞાન કેવી રીતે પ્રગટાવવું ? શું પુરુષ પરંપરાથી ? શું આગમથી ?...

**"દિવ્યદર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૫,અંક-૧૪,તા.૧૫-૪-૧૯૫૭**

**પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય;**
**વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય. પંથડો ૩**

પુરુષની પરંપરાનો અનુભવ જોવા જઈએ તો ત્યાં પણ એવી મોટી ગફલત થાય એમ છે કે એ પરંપરાના માર્ગમાં પડંપડા થઈ ગઈ છે. પડંપડા કોણ કરે ? આંધળા ! દેખતા ન કરે. 'અંધે કી ફોજ ચલી જય જય દાતાર !' એમાં કંઈ આપણને માર્ગ લાધે નહિ ! તો શું આવું જગતમાં છે ? હા, જેને પરમાત્મા માની ન શકાય, બુદ્ધિમાં જરાય ન બેસે, તેને લોકો પરમાત્મા કહી બેઠા છે ! એમ પરમાત્મા બનવાના માર્ગ તરીકે પણ એવી બુદ્ધિ વિનાની વાત કરે છે. એ એમનો પરમાત્મા બનવાનો માર્ગ પરાપૂર્વથી ચાલ્યો આવે છે ! તમે વિચારક હો અને ત્યાં કહો કે બુદ્ધિ નથી પહોંચતી, તો ? તો કહેશે, "પણ તમારી બુદ્ધિ ટૂંકી છે. એ પરંપરામાં માનનારા ધુરંધરો હતા ! એ પણ પકડીને આવ્યા છે આજ સુધી. તો શું એને ખોટું કહેવાય ?" જુઓ કેવી અંધપરંપરા ! પરમાત્મા બનવું છે એટલે કેવા ? નિરંજન નિરાકાર ! ત્યાં એ પુરુષ પરંપરામાં શું બતાવે છે ? શિવની પૂજા જડી પણ પૂજવા શું લીધું એમાં ? લિંગ ! આખા શરીરમાંથી મળી મળીને આ મળ્યું ! નિરંજન નિરાકાર પરમાત્મા બનવું છે. પણ પુરુષ પરંપરા શું માનતી આવી ? એકલા પરમાત્મા નહીં, સાથે લક્ષ્મીજી રાખો ! પછી શું ? પછી બધી લીલા પણ રાખો ! કહે છે જુઓ ગોપીઓની લીલામાં રહસ્ય ભરેલું છે ! પરંપરાથી આ ચાલ્યું આવે છે ! પરંપરા કે પડંપડા ? દુનિયામાં આવી કેઈ પરંપરાના અનુભવ જોતાં દેખાય છે કે અંધની પાછળ અંધ ખેંચાય છે; એમાં દિવ્યચક્ષુ ન ખૂલે, સાચો માર્ગ ન દેખાય, ન જડે. તો શું થાય ? પરમાત્માનો માર્ગ જોવા માટે દિવ્યચક્ષુ તો લેવી જ રહી. માટે શાસ્ત્રો તપાસવા દે. પણ કવિ કહે છે, **'આગમે ચરણ ધરણ નહિ ઠાય'** હાથ જોડવા જેવા છે ! જો શાસ્ત્રો કહેતાં બીજા શાસ્ત્રો



લઈએ કે જે વીતરાગ સર્વજ્ઞના કહેલા નથી, તો તેમણે તો જે માર્ગ બતાવ્યો છે, તેમાં કાળો કેર વર્તાવ્યો છે ! વેદમાં ધર્મના નામે એવું લખી નાખ્યું કે ઠેઠ અશ્વમેધ યજ્ઞ કરો ! શાસ્ત્રનું આલંબન લઈને શું કરવું છે ? ભવનું ભ્રમણ ? ના, મોક્ષ કરવો છે. આત્મા અશુદ્ધ છે તેને પરમશુદ્ધ બનાવવો છે. તે બતાવનાર શાસ્ત્રોએ આ વાત બતાવી ! "અશ્વમેધ ને અજમેધ !" વળી શાસ્ત્રે કહ્યું કે **"अपुत्रस्यगति-र्नास्ति"** એટલે ? સદ્‌ગતિ માટે પુત્ર મેળવો. એ માટે વિષયભોગ કરો એમાં કોઈ દોષ કે પાપ નહિ ! કેવું આગમ ! બ્રહ્મચર્યમાં તો ધર્મ ખરો, પણ અબ્રહ્મમાંય ધર્મ ! ત્યારે સંસારપ્રેમીને તો 'ભાવતું હતું ને વૈદે કર્યું' જેવું જ થાય ને ? વળી જુઓ.

**"मा हिंस्यात् भूतानि"** આનો તો ઠેકો રાખે અને પછી માછલાને "આ તો જલ ડોડી" એમ કહીને લઈ જાય અને ચૂલા પર ચઢાવી દે, એટલે ઝટ મોક્ષ ! જમીન પર પગ મૂકવા જેવી જગા નથી. મિથ્યાશાસ્ત્રોનો પ્રચાર એવો ચાલી પડ્યો છે કે, એનાથી **'ચરણ ધરણ નહિ ઠાય'** પાપથી મલીન થઈ ગયેલી પૃથ્વી પર પગ મૂકવો ભારે પડી ગયો છે ! સમજો છો ? તમે કેટલું બધું ઊંચુ જૈન શાસન પામ્યા છો, તેની કદી કદર કરી છે ? ના, જૈન આગમો, જૈન ગુરુઓ એટલે આજના હળાહળ કળિયુગમાં ત્રણ લોકની ઋદ્ધિથી વધી જાય તેવી અપૂર્વ ચીજ મળી છે, છતાં એ રૂપે એની સમજ નથી. એ હોત તો એની કદર કરી હોત. 'લાવ, શાસ્ત્રોને ટકાવી રાખવાનું તો કરતો જાઉં !' બીજું ન કરી શકો પણ માસિક આ માટેનો પણ ખર્ચ જોઈએ કે ભાઈ ! માસિક આટલું તો મારે જ્ઞાનભક્તિમાં અને મારા અનંત ઉપકારક પ્રભુશાસનના પ્રચાર-પ્રસિદ્ધિમાં જવું જ જોઈએ. તમને જે સંસારની કદર છે, ત્યાં તો ખાતે ખાતાવાર ખર્ચ નક્કી છે ! સંસારની કદર છે, છતાં આ જિનશાસનની કદર નથી, માટે એના ખાતે ખાતાવાર ખર્ચો નક્કી નથી ! આજે જડવાદના પ્રચારથી હિંસાના પ્રચારથી, ને ભોગલંપટતાના પ્રચારથી પૃથ્વી એટલી પાપથી લેપાઈ ગઈ છે કે કવિ કહે છે કે પગ મૂકવા જેટલી પવિત્ર જગા નથી.

એવા એવા ધાર્મિક કહેવાતા શાસ્ત્રો છે કે જેમાં તત્ત્વના નામે કેવળ કપોલકલ્પિત ભળતી જ વસ્તુ લખી નાખી છે. જેનું ઠામ-ઠેકાણું ન મળે. એવાં ગપ્પાં મોક્ષ-માર્ગના નામે ચલાવ્યા છે. એના આધારે ચાલવામાં તો આરાધનાની ભૂમિકા કે તત્ત્વની ભૂમિકા જ મળે એમ નથી.

**હવે આ ત્રીજી કડી 'પુરુષપરંપર-અનુભવ જોવતાં રે' નો બીજી રીતે અર્થ જુઓ.**

'પુરુષ પરંપરાનો અનુભવ જોતાં'... એટલે જે પુરુષોને વીતરાગ નહોતા મળ્યા તેમની વાત કરી હતી પણ જેમને વીતરાગ મળેલા છે, તેમની પણ દશા

કેવી છે ? અંધપરંપરાની દશા ! ક્યાંથી લાવ્યા તમે આ ? કહે છે અમારે પરંપરા ચાલી આવી છે. 'મૂર્તિ જડ છે, એની પૂજામાં હિંસાનું પાપ છે... મૂળ નાયકની પૂજા સ્ત્રી ન કરી શકે...વીતરાગની મૂર્તિને આભૂષણપૂજા ન હોય...' આ ક્યાં લખેલું છે શાસ્ત્રમાં ? પરંપરા માન્ય જરૂર રાખવાની પણ કયા આચાર્યોની ? પોતાના જેવા અંધગતાનુગતિક ભેજાવાળા આચાર્યોની નહિ; શાસ્ત્રને અનુસરનારા આચાર્યોની; ભવભીરુ આચાર્યોની; ગીતાર્થ આચાર્ય ભગવંતોની.

'મૂર્તિ જડ છે, એની પૂજામાં હિંસા થવાથી પાપ લાગે છે'- આ પરંપરા આગમમાં ક્યાં વિદિત છે ? ઊલટી આગમથી અને તર્કથી પ્રતિકૂલ છે. ગુરુનું આસન જડ હોવા છતાં એને પગે લાગે તો આશાતના થાય છે. જડતાનો શો હિસાબ રહ્યો ? સુપુત્ર બાપના ચિત્રને ફૂલહાર ચઢાવી રોજ પગે પડે અને માગે કે 'હે પિતાજી ! મને તમે સ્વર્ગમાં બેઠા બેઠા સદ્ગુણોમાં અને સન્માર્ગે સ્થિર રહેવાનું બળ આપજો' તો એમાં એ કશું ખોટું કરતો નથી ગણાતો. ત્યારે વીતરાગ પ્રભુની શાંતરસમગ્ન મૂર્તિને માને પૂજે એમાં શું ખોટું છે ? ઊલટું એ મૂર્તિથી દુન્યવી રૂપરંગના આકર્ષણ ઓછા થાય છે. ને પૂજામાં હિંસાથી પાપ લાગવાની વાત તો કક્ષા મુજબના ધર્મની અણસમજના ઘરની છે. હા, સાધુને એવી જળપૂજા, પુષ્પપૂજા વગેરે દ્રવ્યપૂજા નથી કરવાની પણ શ્રાવકને તો એ કૂપખનનના દૃષ્ટાન્તથી હિતકારી છે. જેમ, દસ માઈલ તડકે ચાલી આવેલો તૃષાતુર બન્યો છે. એ સુકી નદીના પટમાં ખોદે, તો ખોદવામાં એને શ્રમ વધે છે, તૃષા વધે છે, ધૂળથી મલિનતા વધે છે, પણ એથી જ જે જળ પ્રાપ્ત થાય છે એનાથી શ્રમ, તૃષા અને મેલ દૂર થઈ જાય છે, અન્યથા નહિ. એવી રીતે જિનમૂર્તિની પૂજાથી ગૃહસ્થને લાભ જ થાય છે એટલે એકલી પરંપરા જોવા જાય તો અંધોઅંધ અથડાવા જેવું છે. ત્યારે, 'વીતરાગની મૂર્તિને આભૂષણ ન હોય'ની વાત પણ અંધ પરંપરા છે, કેમકે મૂર્તિપૂજા પૂજકના ભક્તિભાવથી થાય છે, પૂજકના પોતાના કલ્યાણ અર્થે છે, વીતરાગને ખૂશ કરવા અર્થે નથી. પૂજા એ અર્પણ છે, ત્યાગ છે. એમાં તો હીરા માણેક અને મોટાં રાજ્ય પણ અર્પિત થઈ શકે, પણ અધપરંપરામાં આ વિચાર જ ક્યાં કરવો છે.

દમયંતીના જીવે પૂર્વ ભવમાં અષ્ટાપદજી પર જઈને મૂળનાયકની પૂજા કરી રત્નના તિલક ચઢાવ્યા ! તો દમયંતીના ભવમાં એને કપાળમાં ચમકતું તિલક મળ્યું. અંધારામાં અજવાળું કરે તેવું મળ્યું ! સ્ત્રીથી મૂળનાયકની પૂજા કરવાનું આવ્યું ને ? તમારે જો માર્ગ જોવા હશે તો તમારે આવી અંધ પરંપરા મૂકવી પડશે ?

વચલા વચલા ગાળામાં ક્રિયામાર્ગમાં શિથીલતા આવી ગઈ, ને અમુક પ્રકારના



મર્યાદાના બંધન ઢીલા પડી ગયા તો સારા સાધુઓને પણ તે મુજબ વર્તવું પડ્યું. શાસ્ત્રે તો કહી દીધું કે સારા સાધુ પણ જો કુશીલનો સંસર્ગ કરે, ભ્રષ્ટને વાંદે પૂજે તો સંસાર વધારે. પણ અમદાવાદમાં શ્રીપૂજ્ય આગળ સારા સાધુઓને પણ વંદન કરવું પડતું ! વિજયદેવસૂરિજી મહારાજ પછી શિથીલતા પેઠી ! એની ચાલી પરંપરા. એવું પૂર્વે ચૈત્યવાસીઓમાં ચાલેલું. તે પછી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવાઓએ ઉદ્ધાર કર્યો. તે પછી વળી શિથીલતા પેઠી. ત્યારે જગચ્ચન્દ્રસૂરિજી, દેવેન્દ્રસૂરિજી મહારાજે ક્રિયોદ્ધાર કર્યા જે પરંપરાની પાછળ આગમનું સમર્થન તો નથી પણ આગમનો વિરોધ છે, તે પરંપરા તો અંધ ગણાય. તો અહીં પૂછો ને કે,

પ્ર.- તો પછી સુસાધુઓએ કેમ ચાલુ રાખ્યું હતું ?

ઉ.- પણ સમજો કે એ એવા સંજોગોમાં નહોતા કે ફેરવી શકે. બાકી અવસર આવ્યો કે તરત અંધ પરંપરા ફેંકી દીધી. અંધી પુરુષ પરંપરા એટલે ફાટી નીકળેલા કુગચ્છોના રાફડા. એમાં પછીથી માર્ગ ભૂલાયો ને પડંપડા ચાલી પડી !

**"દિવ્યદર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૧૮,તા.૧-૬-૧૯૫૭**

તો ભલે, એ જવા દો અને શાસ્ત્રો જુઓ. તો કહે છે, અરે, આગમમાં તો એવો ઝીણો માર્ગ મૂકી દીધો છે કે એમાં ગતિ જ થઈ શકે નહિ ! ચૈત્યવંદન લલિત વિસ્તરામાં કહ્યું કે ચૈત્યવંદન શીખવું હોય અગર કરવું હોય તો તેના માટે યોગ્યતા લાવો, એના અર્થી બનો, સમર્થ બનો અને શાસ્ત્રે કહેલા દોષથી રહિત બનો. અર્થી બનવા માટે એની કથાથી પ્રીતિવાળા વગેરે બનો. આવી યોગ્યતા ન હોય, તો ઊંચામાં ઊંચી વસ્તુ સાથે પણ પોતાનો હલકો વર્તાવ થવાનો. ઊલટું ચૈત્યવંદન જેવા મહાન ધર્મને કલંક લગાડશે. ચૈત્યવંદન તો હાથમાં આવ્યું, પણ યોગ્યતા નહીં એટલે વ્યવહાર કેવો થવાનો ? રૂઢ ! ગામડિયો ! આશાતનાકારી ! શાસ્ત્રોક્ત આ બધી વિધિમાં અમારું કંઈ ઠેકાણું નથી. આ ધરતી પર અમારાથી પગ મૂકી શકાય એમ નથી. પરંપરામાંથી માર્ગ નહિ મળે અને શાસ્ત્રમાં માર્ગ જોવા જઈશ તો એમાં મારું કંઈ ઠેકાણું દેખાતું નથી. માટે તર્ક લડાવો ! શાસ્ત્રમાં તો એક નવકારનો અને ચૈત્યવંદનનો અધિકાર મેળવવા મોટા ઉપધાન અને યોગ્યતા કહી છે, ને આગળ વધીને જે ચરિત્રની વાતો લખી છે, તે જોતાં તો ઊભા જ રહી જવું પડે. મહાનિશીથ સૂત્રમાં આવે છે - સુમતિ અને એનો મિત્ર બે જણ પરદેશ જતા હતા. વચ્ચે મુનિઓને દેખ્યા.

ત્યાં જ એક જણ કહે છે, "સાધુ મહારાજ હશે કપડામાં; પણ નમવા જેવું

નથી. જુઓને જ્યાં ઉતર્યા હતા, ત્યાં રાખ પડી હતી, તે વગર પૂછ્યે લઈ લીધી ! પાસે મુહપત્તિ બે રાખી છે, પરિગ્રહ વિરમણવ્રત ક્યાં રહ્યું ?"

"માત્રુ પરઠવવા ગયા હતા, પણ અણુજાણહ ન બોલ્યા ! મકાન બહાર નીકળ્યા હતા ત્યારે 'આવસ્સહી' બોલ્યા ન હતા !"

પેલો કહે છે : 'રહેવા દે, ચોળીને ચીકણું કર્યા વિના, એટલું કરવામાં શું મહાવ્રત ગયા ?'

'અરે, પણ નેમનાથ ભગવાને કહ્યું છે કે આવા શિથિલોને વંદના ન કરવી.'

'જા, જા, **એ તારા નેમનાથ જુદા હશે'** આમાં તો ઘોર પાપ બાંધ્યા.

કવિ કહે છે, "આ બધું જોતાં તો અમારી સ્થિતિ કફોડી દેખાય છે ! મતિ મુંઝાઈ જાય છે. જ્ઞાનીઓએ કયા રસ્તે ચાલવાનું કહ્યું છે, ને હું ક્યા માર્ગે ચાલી રહ્યો છું ?" કવિ વીરવિજય મહારાજે કહી દીધું કે-

**'મને સંસારશેરી વિસરી રે લો'**

પણ પછીથી કહે છે :

**"તુમ આગમઅરીસો જોવતાં રે લો, દૂર દીઠું છે શિવપુર શહેર જો."**

પ્રભુ મલ્યા એટલે સંસારશેરી વિસરાઈ ગઈ, હવે માત્ર મોક્ષપુરી જ યાદ રહે છે. તો તો હવે મોક્ષ નજીક થઈ ગયો ને ? ના રે ના, એમ માની લેવાનું નથી, કેમકે જ્યારે સંસાર વિસરાઈ જ ગયો ત્યારે થાય કે લાવો મોક્ષપુરીએ જવાનો રસ્તો જોવો ! પણ એ જોતાં તો લાગે છે કે, નિશીથ બૃહત્કલ્પ જેવા શાસ્ત્રમાં મોક્ષનો ચારિત્રમાર્ગ એવો કડક જાગ્રતિ અને પુરુષાર્થનો બતાવ્યો છે કે સંસારશેરી વિસરીને વિચાર્યું હતું કે હવે ૧૦૦ માઈલ જઈશું કે આ શિવપુરી આવી. પણ આ શાસ્ત્રો જોતાં તો લાગે છે કે શિવપુરી લાખો કરોડો માઈલ દૂર છે. જે સમકિત પામ્યો નથી, બીજા ધર્મો પામ્યો છે, એને મોક્ષ સરળ દેખાય, સંસારશેરી અકારી ઝેર જેવી લાગે કે કાચી પળે એને મૂકી દે ! આમ આને મોક્ષ નજીક લાગે; પણ સમ્યક્ત્વ પામે એટલે જિનેશ્વરદેવ પર અટલ શ્રદ્ધા થાય; શાસ્ત્રો પર પણ અતુલ શ્રદ્ધા થાય. એ આગમ રૂપી આરિસો કાઢીને જુએ છે કે મોક્ષમાર્ગ શું ? સાધુના ચારિત્રમાં, વેશમાં નહીં. વેશમાં હશે તેને તું વંદન કરીશ તો તું ય અનંત સંસારી થઈશ. બ્રહ્મચારી સાધુને ભ્રષ્ટ કરે તે અનંત સંસારી ! કરાવે તે અનંત સંસારી ! ભ્રષ્ટ સાધુને વંદન કરે તે અનંત સંસારી ! શાસ્ત્રે આ કહ્યું છે ! હવે આગમ વચને ચાલવું હોય તો નિરાંતે લહેરથી ધરતી પર પગ માંડી શે ચલાય ?





પ્ર.- અપવાદ માર્ગ કહ્યો છે ને ? તે તો આચરી શકાય ને ? ઉત્સર્ગથી તો ધર્મની ભૂમિ ઉપર પગ મૂકી શકીએ એમ નથી, પણ અપવાદ માર્ગને અનુસરીને ચાલી શકાય ને ? સાધુને કહ્યું, **"एकं भत्तं च भोयणं"** સાધુ એક વાર ગોચરી કરે. આ ઉત્સર્ગ માર્ગ, પણ ત્યાં અપવાદ મૂક્યો ને, કે આચાર્યને લાગે, "આ સાધુને ગ્લાનતાદિ કારણસર છૂટ આપવી જરૂરી છે, તો એ તે મુજબ આપે." તો આ અપવાદ માર્ગ આરાધાય એવો છે ને ?

ઉ.- હા, પણ એટલું ધ્યાન રાખો કે બહુ નાજુક હાથે કામ લેવાનું છે ! બિમારી કાંઈ કાયમ નથી હોતી. તો ચાલુ પ્રસંગમાં અપવાદ માર્ગનો કેટલો અવકાશ ગણવો એ વિચારણીય છે. બધી જ સાધનાઓમાં વિચારવાનું છે, ને નાજુક હાથે કામ લેવાનું છે. વળી અમે અનાદિ કાળના આહારાદિ સંજ્ઞાના ગુલામો ! રસઋદ્ધિ વગેરે ગારવોના અઠંગ ઉપાસક ! આર્તરૌદ્રધ્યાનના અઠંગ પૂજારી ! માયા-મમતા-રાગ અને દ્વેષાદિ કષાયોના ક્ષણ ક્ષણના જિગરજાન દોસ્ત ! હવે અમારા હાથમાં પેલો અપવાદ માર્ગ આવે તો બાકી રાખીએ ? આ રીતે પણ જો આગમનો વિચાર કરે તો **'ચરણ-ધરણ નહીં ઠાય'** માર્ગ એટલો સૂક્ષ્મતાવાળો છે કે એમાં અમારો ગજ લાગી શકે એમ નથી. નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર માર્ગ તે પરમાત્માનો માર્ગ છે, પણ એ નિશ્ચયનું લક્ષ્ય કેવા સ્વરૂપવાળું છે અને બરાબર એને અનુરૂપ વ્યવહાર માર્ગ શો, એ આગમના આધારે જોતાં, હે પ્રભુ ! ચરણ ધરણ નહિ ઠાય.

કહો જો, બધા ધર્મના વ્યવહારનું તત્કાળ પ્રયોજન શું અને ભાવિ પ્રયોજન શું ? એનો વિચાર રાખો છો ? 'આ મારી પૂજાનું ફળ હોય તો મને ચારિત્ર મળો.' એ વિચાર આવે ખરો ? શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે તો કહ્યું કે જિનેશ્વરની પૂજાનું લક્ષ્ય સર્વવિરતિ છે. સમકિતીની નવકારશી તામલી તાપસનાં કઠોર તપ કરતાં અધિક શા માટે કહી ? નવકારશીનો તપ વધી ગયો ? હા, સર્વ વિરતિના લક્ષ્ય પર વધી જાય. ક્રિયાનો વ્યવહાર એમને એમ ડબડાવ્યે જવાનો નથી. સર્વવિરતિમય સાધુપણું સ્પર્શવાનું પણ લક્ષ્ય જોઈએ. નહીંતર તો માત્ર રજોહરણ હાથમાં આવી ગયું એટલે મનને થશે કે 'હવે પાપમાંથી છૂટી ગયા ! મહાન પુણ્યશાળી !' આમ તો ચારિત્ર લીધું ન હતું ત્યારે જાતને પાપી માનતો હતો, ને હવે નહિ ! દરેક વ્યવહારની પાછળનું ઊંચું પ્રયોજન શું, તે લક્ષ્યમાં જોઈએ. નહિતર વાસનાથી વાસિત હતો, વાસનાનો કેફ ચડ્યો હતો તેમાં સાધુપણું લીધું; એટલે પછી અસદ્ આચારની સ્થાપનાઓ કરી ! શાસ્ત્રે તો કહી દીધું કે સાધુઓએ

અને ધર્મીગૃહસ્થોએ નિશ્ચયનું લક્ષ્ય રાખીને શુદ્ધ વ્યવહારમાં રહેવું, પણ આપણે ઉઠીને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં ઓઠાં હેઠળ અથવા પોતે માનેલી શાસન પ્રભાવનાના નિમિત્તને આગળ કરીને મનમાની છૂટો લઈએ કે આપીએ, તે અસદ્ આચારનું સ્થાપન કર્યું કહેવાય. શું છે એ ? શાસ્ત્રમાં અપવાદ માર્ગ મળે છે તેની મર્યાદા કે મર્મ સમજ્યા વિના શાસ્ત્રમાર્ગ કલ્પ્યો. આમાં જીવ આમે ય અનાદિનો છૂટરસિયો-પ્રમાદરસિયો હતો જ, એને હવે શું બાકી રહે ? અહીં કોઈ કહે કે 'ભાઈ ! પ્રભુનો માર્ગ મુખ્યરૂપે ઉત્સર્ગનો હોય, એટલે અપવાદનો માર્ગ પણ ઉત્સર્ગે જ જવા માટે હોય;' તો જીવને એમ થાય છે કે આ શી રીતે સમજવું; અથવા જો માર્ગ ઊંચો જ સમજીએ છીએ તો એમ લાગે છે કે ચરણ-ધરણ નહિ ઠાય. ત્યારે હવે શું કરવું ? કવિ ચોથી ગાથા કહે છે -

**તર્ક વિચારે રે વાદ-પરંપરા રે, પાર ન પહોંચે કોય;**
**અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય...પંથડો ૪**

ઠીક છે ચર્મચક્ષુથી માર્ગ ન જડે, અંધપરંપરાથી માર્ગ ન મળે, આગમથી તપાસતાં મુશ્કેલી રહે, પરંતુ તર્કથી માર્ગ શોધી શકાય. પરંતુ આ જગતમાં નજર નાખતાં દેખાય છે કે ઓહો ! તર્કના વિષયમાં, યુક્તિ-પ્રયુક્તિના ક્ષેત્રમાં તો એટલી સામસામી તર્ક-યુક્તિઓ લડાવાય છે કે તર્કના આધારે વિચાર કરતાં વાદની પરંપરા ચાલે છે ! એમાં તો કોઈ પાર ન પહોંચે ! તર્કશાસ્ત્રને માનનારાને પણ કહેવું પડે છે કે જગતમાં કુયુક્તિઓનો પાર નથી, તો તેને ક્યાંથી પહોંચાય ? તર્કની સામે કુતર્ક ઘણા ! પ્રભુનો માર્ગ હાથમાં આવવાનું બાજુએ રહી જશે, જો તર્ક લડાવવા જશો તો ! શું કર્યું રોહગુપ્તાએ ? ગુરુની સામે વાદ માગ્યો ! આવી જાઓ તમે પણ સામે ! જો ગુરુએ મંત્રેલો ઓઘો ન આપ્યો હોત, તો તર્ક વિચારે વસ્તુ નક્કી કરવામાં તો વાદની સામે હાલ-બેહાલ થઈ જવાના હતા ! પણ એ બધો ગુરુ ઉપકાર ભૂલી ગુરુ સામે જ છ મહિના સુધી વાદ કર્યો ! તે ય ખોટા નોજીવના સમર્થન માટે ! કેટલો જબરો હશે ? રાજા થાક્યો. આચાર્ય મહારાજને કહે છે, "પ્રભુ, હવે દયા કરો, રાજસભાનું કામ બગડે છે." ઉત્તર આપવામાં કોઈ પાછા નથી પડતા ! તો શું હવે તર્કથી જે નક્કી થાય તે માર્ગ ? ના, અંતે તર્ક મૂકીને આચાર્ય મહારાજે કહ્યું, 'કાલે જ વાદનો અંત !' લાવ. તું ત્રિરાશી કહે છે ને ? તો લાવ, હાજર કર. જીવ, અજીવ, નોજીવ, - ત્રણેય પદાર્થો. મિથ્યા દર્શનોનાં ફતવા આવા તર્કો પર જ નીકળ્યા, ને એમાં જગતની મહાન પાયમાલી સર્જાઈ ! એવા કુતર્કો નહોતા, તો લોકો સુખી હતા. જુગલિયાના વારસદાર કેવા ? ઋષભદેવ ભગવાન



કહે તે 'હા, બરાબર !' આજની પ્રજાને બુદ્ધિમાં તર્કથી ઉતરે તે જ માનવું છે; અને પાછું ઉપરથી, જો એને તર્ક આપો તો, એની સામે કુતર્કના પથરા ફેંકવા છે ! અગર કહેશે, 'પ્રત્યક્ષ દેખાડો !' આને ક્યાં પહોંચાય ?

હું પરમાત્માનો માર્ગ જોઉં છું, પણ માર્ગ જોવામાં ચર્મચક્ષુ કામ લાગે એમ નથી, આગમ જોતાં ધરણી પર પગ મૂકાય એમ નથી અને તર્કથી વિચારતાં પાર આવે એમ નથી, કેમકે એમાં તો વાદની પરંપરા ચાલે છે, એમાં પાર ક્યાંથી આવે ? તો હવે શું કરવું ? એક વસ્તુ છે કે **'અભિમત વસ્તુને વસ્તુ ગતે કહે,'** અભિમત એટલે ઈષ્ટ વસ્તુ, ઈષ્ટ વસ્તુ વસ્તુના સ્વરૂપ ઓળખાવનાર મળે, તો કાર્ય થાય. તે વિના તો લાગે છે કે વસ્તુનું સાચું ને ઈષ્ટ સ્વરૂપ હાથમાં નહિ આવી શકે. **વસ્તુ ઈષ્ટ પણ જોઈએ, ને યથાર્થ પણ જોઈએ.** કેટલીક ચીજો ઈષ્ટ હોય છે, પણ યથાર્થ, એટલે કે વસ્તુ સ્વરૂપવાળી નથી હોતી. કેટલીક ચીજો યથાર્થ હોય છે, પણ જીવને ઈષ્ટ નથી લાગતી.

અનાદિ કાળની સંજ્ઞાના પરવશ જીવને કોઈ જો એ સંજ્ઞાનો પોષક માર્ગ બતાવે તો તે પસંદ પડે છે. પછી ભલે તે વસ્તુસ્થિતિએ ન હોય તો ય તેને માર્ગ તરીકે કુતર્કથી કોઈ સ્થાપિત કરી આપશે તો સ્વીકારી લેશે. બૌદ્ધે મોક્ષમાર્ગમાંથી તપનું અંગ જ ઉડાવી દીધું. એને ઈષ્ટ ન લાગ્યું, 'એવો ધંધો કોણ કરે ? બધું ખાનપાન મૂકીને ભૂખે મરવાનું !' આ તપ રહિત માર્ગ ઈષ્ટ વસ્તુ થઈ. હવે તેને સાબિત કરવી જોઈએ ને ? એટલે કુતર્ક લડાવે છે કે "અહીં તપસ્યા કરો, એટલે મન આકૂળ-વ્યાકૂળ બને છે, મન આકૂળ-વ્યાકૂળ થાય એટલે એમાં સ્થિર વૈરાગ્ય ક્યાંથી થાય ? પછી ધર્મ ટકે શી રીતે ?" સામાન્ય માણસને સમજાવવા તર્ક કરાય છે કે "અહીં તપ કરીને દુઃખના અનુભવ અને સંસ્કાર લીધા, તો ભવિષ્યમાં એ સંસ્કારની પરંપરા રહેવાની. ત્યાં સુખ મળવાનુ જ ક્યાંથી ? તપથી શરીરને કષ્ટ પમાડો છો એટલે મન દુભાય છે, એટલે મનમાં જે સમભાવની સ્થિતિ જોઈએ, તે નથી રહેતી; અને જો સમભાવ નથી તો મોક્ષમાર્ગ ઘટી શકે નહિ." આ યુક્તિ કેમ લડાવી ? એ એને ઈષ્ટ છે. પરંતુ એ યથાર્થ નથી; મોક્ષોપયોગી વાસ્તવિક સ્થિતિ નથી. કેમકે એમાં મનને જે થાય છે કે ધર્મનો ઉપદેશ વિચારીશું, પણ પેટ ઠંડુ કરીને ! ધ્યાન કરીશું, પણ આ (પેટ) ભરીને કરીશું !' આમ જ્યાં આહાર સંજ્ઞાને મહલાવવાની હોય, ત્યાં સાચો સમભાવ ક્યાંથી આવે ? જ્યાં તપ નહિ, ત્યાં થોક બંધ પાપ ક્યાંથી નાશ પામે ? નવાં શે અટકે ? વસ્તુ ઈષ્ટ હોય, પણ સાથે યથાર્થ જોઈએ. વાસ્તવિક મોક્ષ-નિકટતા થાય એ જોઈએ, કેવળ તર્ક યા યથાર્થ ને ઈષ્ટ વસ્તુ હાથમાં નહીં આવે. 'ચારિત્ર પાળીને નિયાણું કરો, તો મન માન્યા

દુન્યવી સુખ મળે,' આ વસ્તુ સાચી છે. ઘોર તપ અને ચારિત્ર પાળ્યા પછી નિયાણું કરે તો મળે, પણ તે ઇષ્ટ છે ? ના, એનાથી તો પછી નરકાદિમાં ભ્રમણ સર્જાય છે તેથી ભલે યથાર્થ હોય, પણ ઇષ્ટ કરવા જેવા નહિ. માટે જુઓ કે ઇષ્ટ અને યથાર્થ કહેનારા અને લેનારા જગતમાં વિરલા જ છે, એટલે કે બહુ થોડા હોય છે.

જૈન દર્શનમાં પણ મોક્ષ માટે અનેક પ્રકારની સાધના ફરમાવી છે. દા.ત. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી મુક્તિ. હવે આમાં કોઈ સમ્યગ્દર્શન પર ભાર મૂકે છે, કહે છે 'ચારિત્રના કષ્ટ ગમે તેટલાં વેઠો પણ દર્શન વિના ધૂળ.' તો કોઈ વળી જ્ઞાન પર ભાર મૂકે છે અને બીજા વળી ચારિત્ર પર. આમાં અભિમત અને વસ્તુગતે શું લેવું એ મુંઝવણ થાય છે. એમ, કહ્યું કે આશ્રવથી સંસાર અને સંવરથી મોક્ષ. ત્યાં સંવરમાં સમિતિ, ગુપ્તિ, પરીસહો, યતિધર્મો, ભાવનાઓ અને ચારિત્ર બતાવ્યા. અહીં પણ કોઈ કહે છે, 'સમિતિ-ગુપ્તિથી અનંત મોક્ષે ગયા. બાકી પરીસહો-કષ્ટો ગમે તેટલા વેઠો તેથી શું ? એ તો પશુ અને એકેન્દ્રિય જેવા પણ વેઠે છે.' એમ સમિતિ-ગુપ્તિ પર ભાર મૂકે છે. તો બીજા વળી પરીસહ પર ભાર મૂકે છે. કહે છે, 'સુંવાળા રહીને એકલી સમિતિગુપ્તિ પાળી તેથી શું વળે ? ખરા તો પરિસહો વેઠવા જોઈએ; તો આકરાં કર્મ ખપે.' બીજા કહે છે, 'તમે બંનેય ભૂલો છો, મૂળ યતિધર્મ એ ખરી ચીજ છે, એનું પાલન કરો તો આત્મા ઊંચો આવશે.' જેમ સંવરમાં તેમ નિર્જરા (તપ)માં બને છે. શાસ્ત્રે કહ્યું ખરું બાહ્ય-આભ્યન્તર તપથી મોક્ષ, પણ એમાં કોઈ તો મૂળભૂત આહારસંજ્ઞા તોડવા ઉપવાસાદિ પર ભાર મૂકે છે, ત્યારે બીજાઓ રસ-ત્યાગ અને વૃત્તિ સંક્ષેપ પર ભાર મૂકે છે. કહે છે, 'ઉપવાસ તો કર્યા પણ પારણે ચકાચક ઉરાડી એમાં શે તરાય ? ઇન્દ્રિય સંયમ જોઈએ.' અન્ય કહે છે, 'કાય કલેશ અને દેહસંગોપન જોઈએ. અનાદિના કુસંસ્કાર અને અસ્થિરતા તો જ મટશે.' ત્યારે વળી આભ્યન્તર તપમાં કોઈ પ્રાયશ્ચિત્ત પર. તો કોઈ વિનય-વેયાવચ્ચ પર, તો બીજા સ્વાધ્યાય પર, ત્યારે અન્યો ધ્યાન-કાયોત્સર્ગ પર ભાર મૂકે છે, આમાં ઇષ્ટ અને વસ્તુગતે શું લેવું એ મુંઝવણ રહે છે.

ત્યારે કહોને કે બધુંય ઇષ્ટ અને વસ્તુગતે છે માટે બધુંય આરાધો. પરંતુ માનવ મગજ એવું છે કે કાં તો બધું સામાન્ય રીતે આરાધાય છે, અગર ક્યાંક ભાર મૂકાય છે, તો બીજું ગૌણ તરીકે આરાધાય છે, એમાં શી ખબર કે જ્યાં ભાર મૂકાતો હશે તે વસ્તુગતે હશે કે કેમ ? એને ચોક્કસ બતાવનારા જોઈએ. પણ કવિ કહે છે : 'પ્રભુ ! ઇષ્ટ વસ્તુ વસ્તુગતે કહેનારા જગતમાં આજે વિરલા.' તો શું કરવું ?

કવિ શ્રી આનંદઘનજી મહારાજ આગળ કહે છે,



**વસ્તુ વિચારે દિવ્ય નયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો. ૫.**

પ્રભુ ઇષ્ટ અને વસ્તુગતે વસ્તુ કહેનાર વિરલ મહાત્મા ક્યાં શોધવા ? પણ મને ઇષ્ટ એવો તારો માર્ગ, એટલે કે મોક્ષમાર્ગ વસ્તુગતે જોઈએ તો છે જ, તો હા, એને દિવ્ય નયનથી શોધી લેવો જોઈએ. દિવ્ય નયન એટલે કેવળજ્ઞાન, અવધિજ્ઞાન, શ્રુતકેવળીનું જ્ઞાન. એનાથી ઇષ્ટ અને વાસ્તવિક વસ્તુ વિચારી શકાય, પરંતુ તેવા જ્ઞાનવાળા મહર્ષિ ય આજે અહીં ભરતક્ષેત્રમાં જોવા નથી મળતા. એટલે નક્કી દિવ્ય નયનનો વિરહ છે. મહાવિદેહક્ષેત્રમાં તો આજે બે કરોડ તો કેવળજ્ઞાની ભગવંતો છે; ત્યાં અવધિજ્ઞાની અને શ્રુતકેવળી મહર્ષિઓનું શું પૂછવું ? પણ અહીં શું ?

કેવા અલ્પ-પુણ્યક છીએ ! ખ્યાલ આવે છે આનો ? કે એ ખ્યાલ આવે છે કે 'મારી પાસે કરોડપતિ થવાનું પુણ્ય નથી ? મોટા સત્તાધીશ થવાનું પુણ્ય નથી ?' જો આ ખરી અલ્પ-પુણ્યકતાનો ખ્યાલ આવે તો એને નિવારી એવા જ્ઞાનીઓની નિશ્રાએ જવાની સાધનામાં ઉજમાળ બનાય.

અસ્તુ. અહીં મુંઝવણ પર મુંઝવણ ઊઠી. અંતે દિવ્ય નયનનો આશરો ઠીક લાગ્યો પણ એ છે ક્યાં ? ત્યારે કવિ કહે છે : "પ્રભુ ! હવે તો વર્તમાનમાં જે બોધ મળે છે તેના પર આધાર રાખવો રહ્યો. પરંતુ એમાં મુશીબતી એ છે કે અમારો બોધ તો, તરતમતાવાળા યોગથી થતી જે તરતમતાવાળી વાસના, તેનાથી વાસિત છે.

વાસના એટલે સંસ્કાર. તે સારા-નરસા, બેય જાતના હોય, તે જ્ઞાનાવરણ અને મોહનીય કર્મના ઉદય કે ક્ષયોપશમ રૂપે પ્રવર્તે છે અને એ યોગનું પરિણામ છે. યોગ છે મન-વચન-કાયાની પ્રવૃત્તિ. એમાં વ્યક્તિ ભેદે ઘણી તરતમતા હોય છે. કોઈની શુભ, કોઈની અશુભ, કોઈની ઉગ્ર, કોઈની મંદ... એવી રીતે તરતમતા આવી જાય છે. એ તરતમ યોગથી આત્મામાં વિવિધ પ્રકારના સંસ્કાર પડે છે; પણ તે તરતમતાવાળા.

શાસ્ત્રના અનેક જ્ઞાતાઓ હોય છે, એ સર્વ એક સરખા સંસ્કારવાળા હોતા નથી. કોઈના કેવા સંસ્કાર છે, કોઈના કેવા ! જેવા સંસ્કાર તે પ્રમાણેની શાસ્ત્રની પંક્તિ લાગવાની. પંક્તિને લગાડવા સંસ્કાર પણ કામ કરે છે. એમાં ય અનેકાંતવાદી દર્શનમાં તો બે ય બાજુની વાત મળે ! પછી અમુક સંસ્કાર હોય એટલે એ રીતે અર્થ લગાવશે ! દા.ત. **'पढमं नाणं तओ दया'** એટલે ? 'આપણે તો ભાઈ પહેલાં જ્ઞાન મેળવો, દૃષ્ટિ ચોક્ખી કરો ! ક્રિયા કરશું પણ દૃષ્ટિ મેલી હશે તો કંઈ નહિ, માટે પહેલું જ્ઞાન મેળવો ! દૃષ્ટિ ચોક્ખી હતી તો સંસારમાં જ ભરતને

કેવળજ્ઞાન મળ્યું હતું !' સંસ્કાર આરામીના છે, ને શાસ્ત્રનું વચન લગાવવું છે; એટલે કહી દેશે '**पढमं नाणं तओ दया**' 'જ્ઞાનની મહેનત કરો.' વાસના સૌ સૌની જુદી છે ! પૂર્વના સંસ્કારોની ચાવીથી તાળાં ખૂલે છે ! તરતમ વાસનાથી વાસિત બોધ ઉપર આધાર છે, પણ એમ જો હોય તો તો ધારો કે, મા કહે છોકરાને "ખાઈને નિશાળે જજે !" એટલે મુખ્ય શું ? નિશાળ કે ખાવાનું ? પણ કહે છે શું ? પહેલાં ખાવાનું ? તેમ, અહીં પહેલાં જ્ઞાન ખરું, પણ મુખ્ય દયા એટલે કે સંયમ. આ પણ કહી શકાય, પરંતુ ક્યારે ? દિલમાં વાસના કાંઈક સક્રિય કરી છૂટવા તરફ હોય તો. ઝવેરીના દીકરાની વાસના ઊંચી હતી, તો રાજાના સામાન્ય ઠપકાના વચનમાં પણ તલવારનો ઘા જુએ છે. મૃગાવતીજીએ ચંદનબાળાના વચનમાં શું જોયું ? "નરકમાં લઈ જનાર ઘોર પાપ ન કરવાની, અતિઘોર પાપને ટાળવાની શિખામણ જોઈ !" એ વિના કેવળજ્ઞાન થાય નહિ ! **જ્યાં સુધી આપણે આપણા ગુનાને રાક્ષસી રૂપમાં જોઈએ નહિ, ત્યાં સુધી ઝટ એમાંથી પાછા હઠાય નહિ, ને પ્રાયશ્ચિત થાય નહિ !** કુલીન સ્ત્રીનો છેડો ખેંચાતાં જ એ ચોંકે છે ! કેમકે પાપનું પહેલું પગલું ભર્યું કે ખલાસ, પછીનાં પગલાં તૈયાર જ છે ! **જે નાના પણ ગુનાની ભયંકર સ્થિતિ નથી સમજાતી તે ગુનો સાચે સાચ ભયંકર સ્થિતિને પામે છે ! મૃગાવતીએ** ગુનો કેવો ભયંકર લેખ્યો હશે ? કોઈના ખૂન કરવા પર જે પશ્ચાત્તાપ થાય, તેવો પશ્ચાત્તાપ થયો ! ઝાંઝરિયા ઋષિના **ઘાતક રાજાએ** ભયંકરમાં ભયંકર પાપ જોયું ને આત્મા સ્વનિન્દામાં ચઢી ગયો ! પણ મૃગાવતીએ શું ગુનો કરી નાખ્યો ? ગઈ હતી ક્યાં ? સમોવસરણથી નીકળીને કોઈને ઘેર ગઈ હતી ? સીધી પ્રભુના સમોવસરણમાંથી આવે છે. ફેર એટલો પડી ગયો કે ઉપયોગ ન રાખ્યો કે 'અહીં આપણે આવ્યા હતા પાછલા પહોરે, તેથી હવે તો સમય થઈ ગયો. માટે ચાલો !' પણ આ તો બેસી રહ્યાં છે. સૂર્ય-ચંદ્ર ગયા કે અંધારું ધબ ! અહીં પોતે ગુનાની ન્યૂનતા કે ઢીલાશ નથી કલ્પતા, પણ ભયંકરતા જુએ છે. કેઈ ગુણો ગુનાને જોયો તો કેવળજ્ઞાન આવી મળ્યું ! જેવી વાસના છે તેવો બોધ પકડાય છે. હવે એવી બધી તરતમ વાસનાથી વાસિત બોધ ઉપર જ આધાર રાખવો રહ્યો.

"દિવ્યદર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૫,અંક-૨૨,તા.૧-૮-૧૯૫૭**

**વાસના એટલે કે સંસ્કારનું તારતમ્ય કેમ પડે છે ?** એની પાછળની આરાધના તરતમતાવાળી છે માટે. અથવા **તરતમ જોગ એટલે તરતમ સંયોગ.** તરતમતા એટલે ઓછાવત્તાપણું. ઓછાવત્તા સંયોગના હિસાબે નીચી-ઊંચી કક્ષાનો આંતર



પુરુષાર્થ થવાનો. તે પર વાસના એટલે સંસ્કાર પણ ઓછાવત્તા પડવાના; અને તેના આધારે મોક્ષમાર્ગનો બોધ ઓછોવત્તો થવાનો. એમાં અજિત જિનેશ્વર કયા માર્ગે રાગાદિને જીતી મોક્ષે ગયા એનો શી રીતે પત્તો લાગે ?

આટલું કહીને હવે છેલ્લી ગાથામાં ખૂલાસો કરી દે છે. આટલું જોવા છતાં માર્ગ નથી મલતો માટે મૂકી દો એને, એમ નહિ. **વસ્તુની કિંમત ન હોય તે વાંધા જ જૂએ; કિંમત હોય તે સાંધા જૂએ, વાંધો જૂએ જ નહિ !** કદાચ વાંધો હોય તો સાંધો કરી દે ! **જો ગરજ નથી તો સાંધામાંથી પણ વાંધો ! જો ગરજ છે તો વાંધામાંથી પણ સાંધો !** દા.ત. 'કોઈ પણ ભોગે મારે સવારે ઊઠીને સામાયિક કરવું જોઈએ,' આ નક્કી હોય ત્યાં બીજો વાંધો આવે તો સાંધો કરી લેશે. નહિતર જો એની ગરજ ઓછી હશે તો છતી સગવડમાં બીજા ત્રીજા વાંધા આગળ કરશે. આનંદઘનજી મહારાજને ગરજ છે કે મારે માર્ગ જોવો છે, પણ આંધળીઆ કરીને જોવું ? ના, બધો વિચાર કરીને જોવું. ચર્મચક્ષુ, પરંપરા, શાસ્ત્ર, તર્ક વગેરે જોઈ લીધા. બધું જોઈ લઈને પત્તો ન લાગ્યો ત્યારે હવે વાંધાનો સાંધો કરતાં કાળલબ્ધિનો આશરો લેતાં કહે છે,

**કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પંથડો. ૬**

હે પ્રભુ ! આટલી બધી મુશ્કેલીની વચ્ચે પણ એટલું ધ્યાન રાખજો કે અમે એ તમારો માર્ગ શોધવાનું મૂકી દેવાના નથી ! તમે અમારા માટે કહેશો કે 'આ રાંકડા શું કરશે ?' તો અમે કહીશું, 'કાળલબ્ધિ લહી પંથડો નિહાળશું એવી આશાના અવલંબે, હે જિનજી ! એ જન જીવે છે એવું જાણજો.' **કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે !** 'છેવટે કાળલબ્ધિના અનુસારે માર્ગ જોઈશ એવી આશાને પકડીને આ તમારો સેવક જન જીવી રહ્યો છે. તમે ન જાણતા હોય તો જાણી લેજો મારા જિનેન્દ્ર ભગવાન !' જિનજી કેવા ? **આનંદઘન મત અંબ !** આનંદઘન સ્વરૂપ જે મત તેના આંબા (કેરી) સમાન ! આનંદઘન એટલે આત્માના ગાઢ અનંત આનંદને સિદ્ધ કરનારો, મત એટલે સિદ્ધાન્ત, એ મત એક અનુપમ રસ સમાન છે. આપ તે રસના આંબા જેવા છો ! આપનામાંથી તે ભરચક રસ આપના સેવકને મલી શકે છે. તો હે આનંદઘન મત આંબા સમા જિનજી ! અમે કાળલબ્ધિ અનુસારે તમારો માર્ગ જોઈશું.

શું લબ્ધિ એટલે ? આમ તો લબ્ધિ એટલે પ્રાપ્તિ અર્થ પણ થાય. ફલાણો માણસ બજારમાં ગયો તેને ત્યાં પૈસાની લબ્ધિ થઈ, અર્થાત્ પૈસા મલી આવ્યા !

પણ લબ્ધિ શબ્દ શક્તિ કે યોગ્યતાના અર્થમાં આવે છે. ગૌતમસ્વામીને લબ્ધિઓ હતી એટલે કે વિશિષ્ટ શક્તિઓ હતી. તેમ, આત્મા કંઈક ભણ્યો એટલે લબ્ધિરૂપ જ્ઞાન થયું એટલે કે અંદર જ્ઞાન પડ્યું, પણ શક્તિ રૂપે. એમાં મન પરોવાય ત્યારે ઉપયોગ રૂપે પ્રગટ ભાસે ! **ઉપયોગ એટલે વ્યક્તદશા, ને લબ્ધિ એટલે શક્તિ.**

**'કાળ લબ્ધિ લહી'** એટલે કે વર્તમાનકાળની જે શક્તિ મળી છે તેના અનુસારે માર્ગનો નિર્ણય કરીશ. જ્યારે કોઈ ઉપાયથી માર્ગદર્શન કરવાનું શક્ય ન દેખાયું. ત્યારે છેવટે કાળલબ્ધિના ઉપાયથી તેમ કરવા કવિએ મન વાળ્યું, પણ એટલું સમજજો કે આ ઉપાય પણ નકામો અગર મામૂલી નથી. મોટા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવા મહાપુરુષો અને વસ્તુપાળ, કુમારપાળ જેવા મહાશ્રાવકોએ પણ કાળલબ્ધિના અનુસારે માર્ગદર્શન કર્યાં છે; તો આપણે પણ કરશું, એમ કવિ કહે છે.

**બીજા સ્તવન સાથે વિરોધ :-**

ત્યારે અહીં એક પ્રશ્ન ઊઠે છે કે તો પછી ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે સંભવનાથ પ્રભુના સ્તવનમાં પ્રભુને એમ કેમ વિનવ્યું કે,

**'કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજ-બચ્ચું, ગાજે ગયવર સાથે રે...'**

આ કવિનો કહેવાનો ભાવ એ છે કે,

હે પ્રભુ ! રાત-દિવસ તમારા ધ્યાનમાં કર જોડી ઊભો રહું છું, તો ય તે મન પર લેતા નથી. આપને તો ખજાને ખોટ પણ નથી. આપ દયાળુ છો મને ઇચ્છિત આપો.

આપ મને કહેશો કે 'તારી પાસે કાળલબ્ધિ છે, તેનાથી મેળવી લે અમારો પીછો શા માટે પકડે છે ?'

તો હું કહું છું કે જે કાળલબ્ધિ મારી પાસે છે, તેને આપ ગણો નહિ, કેમકે એકલા એનાથી શું થાય ? ભાવલબ્ધિ આપના હાથમાં છે ને ? ભાવલબ્ધિના આધારે કાળલબ્ધિ કામ કરે છે.' દા.ત. ગજબચ્ચું કેવું છે ? લડથડતું છે હજુ ! અલબત્ત બીજા પ્રાણીની અપેક્ષાએ ઠીક છે. તો ય પિતા જેવું સશક્ત ન હોવાથી ગાજવાની, ધસવાની હજી હિંમત નથી ધરાવતું. આમ છતાં ય મોટા હાથીની હિંમતપૂર્વકની પ્રવૃત્તિ જોઈને તેની સાથે એ ય ગાજે છે ! ધસે છે ! તો મારી પાસે ભલે કાળલબ્ધિ જે છે, તે બીજાની અપેક્ષાએ ઘણું છે. પરંતુ તેમાં મારી સ્થિતિ લડથડતી છે. મારે તો તમારા આધારે ગાજવાનું છે. તમે ભાવલબ્ધિનો ટેકો મને આપો તો આગળ વધી શકાય. તમારા જેવો થયા પછી ટેકાની જરૂર નહિ રહે.'



પ્ર.- હવે અહીં જુઓ કે ઉપાધ્યાયજી મહારાજે કાળલબ્ધિથી કામ સરે એમ ન માન્યું; તેથી પ્રભુ પાસે ભાવલબ્ધિની માગણી કરી. ત્યારે આનંદઘનજી મહારાજ કહે છે કે 'કાળલબ્ધિના અનુસારે માર્ગદર્શન કરીશું.' એમણે કાંઈ ભાવલબ્ધિ માગી નથી દેખાતી. આમ બે કવિઓના કથનમાં ફરક કેમ ?

ઉ.- એનું સમાધાન એ છે કે આનંદઘનજી કવિ કાળલબ્ધિ શબ્દમાં બધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની શક્તિઓ લે છે, ત્યારે ઉપાધ્યાયજી મહારાજ કાળલબ્ધિ શબ્દથી દ્રવ્યક્ષેત્ર-કાળની શક્તિઓ લઈ, ભાવલબ્ધિને જુદી પાડે છે. આનું કારણ એ છે કે એ સ્તવનમાં એમને યાચના કરવી છે, તેથી પ્રભુ પાસે તેની માગણી કરે છે. અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળની શક્તિઓ તો મળી ગઈ છે; પરંતુ ભાવશક્તિ પ્રભુ પાસેથી અરિહંત પ્રભુની કૃપાથી મેળવવાની છે તેથી તેની યાચના કરી. ભાવશક્તિમાં આત્માની આંતરિક યોગ્યતા આવે, શુભ પરિણતિ, શુભ અધ્યવસાય, શુભ આદર્શો વગેરે આંતરિક શુભભાવોની ઘણી ઘણી વસ્તુ આવે. એ બધું અરિહંત પ્રભુની કૃપાથી મળે છે, માટે તે પ્રભુ પાસે માગ્યું.

આનંદઘનજી મહારાજને તો અહીં ઉપાય શોધવો છે કે જે મળ્યો હોય. તો કાળલબ્ધિનો ઉપાય જે મળ્યો છે, તેનો અર્થ એ છે કે કાળાનુસારે મળેલી સર્વ શક્તિઓ એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની બધી શક્તિઓ આવે કે જે વર્તમાન કાળે લભ્ય છે. કાળલબ્ધિનું પેટ મોટું ! ચર્મચક્ષુ, શાસ્ત્ર, તર્ક તરતમ બોધ બધું ! વર્તમાનકાળની બધી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરેની સામગ્રીના સંયોગ અહીં કાળલબ્ધિમાં લેવાના છે. દરેકનું ટૂંકું સ્વરૂપ જુઓ, સાથે કેટલું ઉચ્ચ મળ્યું છે તે વિચારો.

**દ્રવ્યલબ્ધિ :-** પહેલી દ્રવ્યલબ્ધિ કેવી છે ? દ્રવ્ય પણ ઊંચું મળ્યું છે ? દ્રવ્ય એટલે વસ્તુ આરાધના માટે કેવું દ્રવ્ય મળ્યું છે ? પહેલું તો દુર્લભ મનુષ્યભવ, નિરોગી દેહ, તેમ, સુંદર જિનબિંબો, જૈનશાસ્ત્રો, ગુરુઓ, સમર્થ ધુરંધર આચાર્ય ભગવંતો ! ત્યાગી અને સાધર્મિજનોનો સંઘ ! અદ્ભુત તીર્થો ! તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ ! આમ દ્રવ્યો ઊંચા મળ્યા છે.

કેમ ? લબ્ધિ ઘણી વધી ગઈ ને ? પૂર્વકાળનો શ્રીમંત સિદ્ધગિરિ યાત્રા કરવી હોય તો ક્યારે કરે ? ૧૦-૨૦ વર્ષે ! ને આજે ? દર વર્ષે ! પણ અફસોસ કે શ્રદ્ધા અને ભક્તિબળ ઘટી ગયાં, એટલે સુંદર દ્રવ્યલબ્ધિની કદર નથી !

• • •

## શ્રી સંભવનાથજિન સ્તવન-૩

**સંભવદેવ તે ધુરે સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ,**
**સેવનકારણ પહેલી રે ભૂમિકા, અભય-અદ્વેષ-અખેદ. સંભવ...૧**
**ભય ચંચળતા હો જે પરિણામની, દ્વેષ અ-રોચક ભાવ,**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ. સંભવ....૨**
**ચરમાવર્તે હો ચરમકરણ, તથાભવ-પરિણતિ પરિપાક,**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી, પ્રાપ્તિ પ્રવચન વાક્. સંભવ....૩**
**પરિચય પાતક ઘાતક સાધુશું, અકુશળ અપચય ચેત,**
**ગ્રન્થ અધ્યાત્મ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત... સંભવ...૪**
**'કારણ જોગે રે કારજ નિપજે, તેહમાં નહીં કોઇ વાદ'**
**પણ કારણ વિણ કારજ સાધિએ, એ નિજ મત ઉન્માદ. સંભવ....૫**
**મુગ્ધ સુગમ કરી સેવન આદરે, સેવન અગમ અનૂપ ।**
**દેજો કદાચિત્ સેવક યાચના, આનંદઘન રસરૂપ. સંભવ....૬**

કવિ આનંદઘનજી મહારાજ પોતાની સ્તવનચોવીશીમાં હવે ત્રીજા ભગવાનનું સ્તવન રજૂ કરતાં પહેલી ગાથા કહે છે :

### શ્રી સંભવજિન સ્તવન વિવેચના

**સંભવદેવ તે ધુરે સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ,**
**સેવનકારણ પહેલી રે ભૂમિકા, અભય-અદ્વેષ-અખેદ. સંભવ૦ ૧**

**ભાવાર્થ** :- સર્વે જનો પહેલા પાયામાં તે (પ્રસિદ્ધ) સંભવનાથ ભગવાનને સેવો, (પણ તે) સેવનના રહસ્યોને જીવનમાં ઉતારીને સેવીએ (એનું રહસ્ય આ છે, કે) સેવનના કારણભૂત પહેલી (જરૂરી) આ ભૂમિકા છે કે (જીવનમાં) અભય, અદ્વેષ, અખેદ લાવો.

**વિવેચન**:- સમર્થ કવિ આનંદઘનજી મહારાજ હવે વર્તમાન ચોવીસીના ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવાનની સ્તવના રજૂ કરે છે.

આ સંભવનાથ ભગવાને તીર્થંકરનામકર્મનું પુણ્ય પૂર્વના ત્રીજા ભવમાં શી રીતે ઉપાર્જેલું? એ ભવમાં એ રાજા હતા અને એકવાર દુષ્કાળ પડેલો. તેથી ભૂખે મરતી આમ પ્રજાને અત્યંત રાહત કરવા ઉપરાંત એમણે સંઘભક્તિ આ રીતે કરેલી કે,



રસોડાખાતાના મુખ્ય અધિકારીને કહી દીધેલું કે, આપણા રાજકુટુંબ માટે જે રસોઇ થાય એ વધારે બનાવવાની અને એમાંથી પહેલાં સાધર્મિકભક્તિ કરવાની તેમજ મારા માટે જે ખાસ રસોઇ થાય તેમાંથી પહેલાં સાધુ-સાધ્વીજી મહારાજોને સુપાત્રદાનની ભક્તિ કરવાની. તીર્થંકર-પદની પુણ્યાઇને ઊભી કરનાર વીસસ્થાનકની ઉપાસના તો ખરી પરંતુ એમા વિશેષ કરીને એમણે ત્રીજા પ્રવચનપદની આ રીતે આરાધના કરેલી. તેથી એમણે તીર્થંકર થવાનું સૌભાગ્ય ઊભું કરેલું.

તે પછી સંભવનાથ તીર્થંકર તરીકેના છેલ્લા ભવમાં, જ્યારે એ પૂર્વના દેવલોકના ભવમાંથી ચ્યવન પામી માતાના ઉદરમાં આવેલા ત્યારે, આમ તો દુષ્કાળ પ્રવર્તતો હતો, પણ પ્રભુના પ્રભાવે તે ફીટીને સુકાળનો સંભવ થયો, તેથી પ્રભુનું નામ સંભવનાથ એવું રાખવામાં આવ્યું

ત્રીજા પ્રભુનું આ વિશેષ નામ છે, પરંતુ ચોવીસે ભગવાનનાં નામ સામાન્ય નામ પણ છે કે જે કોઇ પણ તીર્થંકરને ય લાગુ થઇ શકે, એમ આવશ્યકનિર્યુક્તિશાસ્ત્ર કહે છે. એ હિસાબે જેમ ઋષભદેવ નામ દરેક તીર્થંકર જનસમાજમાં અગ્રણી વૃષભ જેવા હોઇ દરેકને લાગુ પડી શકે, જેમ અજિતનાથ નામ દરેક તીર્થંકર ભગવાન આંતરશત્રુને જિતનારા હોવાથી દરેકને લાગુ પડી શકે, જેમ વર્ધમાન નામ દરેક તીર્થંકર ભગવાન ગુણસંપત્તિથી વધતા હોવાથી દરેકને લાગુ પડી શકે, એમ 'સંભવનાથ' નામ દરેક ભગવાન 'શં' યાને સુખનું કારણ હોઈ દરેકને 'શંભવનાથ' નામ લાગુ પાડી શકે. પ્રાકૃતભાષામાં 'શ' નો કે 'ષ' નો 'સ' થાય છે. કેમકે પ્રાકૃતભાષામાં વ્યંજનોમાં **श्-ष्** હોતા જ નથી. માટે **'विशालसुखा-वहस्स'** નું **'विसालसुहावहस्स'** થાય છે, **'ऋषिघात'** નું **'इसिघाए'** બોલાય છે. એમ 'શંભવનાથ'નું 'સંભવનાથ' થાય.

અહીં ત્રીજા સંભવનાથભગવાન માતાના ઉદરમાં પધારતાં માતાને ગર્ભના પ્રભાવે પ્રેરણા થઇ કે-'લોકોની દયા કરું, સુખ પમાડું', અને તેમ કર્યું, તેથી ભગવાનનો જન્મ થતાં પ્રભુનું નામ પડ્યું સંભવનાથ.

કવિ અહીં સર્વે જનોને પ્રેરણા કરે છે કે, 'આ સંભવનાથ યાને સંભવદેવ ભગવાનને 'ધુર' અર્થાત્ પહેલા પાયામાં, મૂળ પાયામાં સેવો - ભજો, એમની આરાધના-ઉપાસના-ભક્તિ કરો.'

'પહેલા પાયામાં' એટલા માટે કહ્યું કે, બીજા અજિતનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુનો પંથ વિચારેલો, એમાં છેલ્લે 'કાળ- લબ્ધિ લહી પંથ નિહાળશું રે' કહેલું. એમાં 'કાળલબ્ધિ' એટલે કે વર્તમાનકાળે ઉપલબ્ધ પ્રભુપંથની સામગ્રી. એ પામીને અમે પ્રભુનો પંથ શોધી કાઢશું, અથવા એ સામગ્રીની શ્રદ્ધાપૂર્વક આરાધના કરીને

અમારા જીવનમાં પ્રભુનો માર્ગ નક્કી કરીશું, આ કહેલું, તો હવે એ સામગ્રીમાં જે જે આવે એમાં પહેલો નંબર તીર્થંકરભગવાનની સેવાનો છે. માટે કવિ કહે છે કે સંભવદેવને પહેલા નંબરમાં સેવો.

**પ્રશ્ન :** અહીં આપણે ભગવાનની સ્તવના કરવાની છે એ વખતે સર્વે જનને શું આપણે ઉપદેશ કરવાનો કે તમે પ્રભુને સેવો?

**ઉત્તર :** ના, અહીં 'સેવો' શબ્દને 'સેવું' સમજીએ તો પ્રભુ આગળ આપણી પોતાની ભાવના વ્યક્ત થાય કે, 'હે સંભવદેવ ! હું પહેલા નંબરમાં આપને સેવું.'

**પ્રશ્ન :** તો પછી 'સેવું સવે રે' એમાંનો 'સવે' પદ ક્યાં મૂકી આવવાનું?

**ઉત્તર :** ત્યારે 'સવે' પદનો અર્થ 'સર્વેસર્વા' એવો લેવાનો. અર્થાત્ હું પ્રભુને સર્વેસર્વા સેવું, બધી જ રીતે એમની સેવા કરું, અથવા પૂર્ણરીતે પ્રભુની સેવા કરું.

'ધુર સેવો'નો બીજો ભાવ:-

અહીં પ્રભુને 'ધુર' એટલે કે પહેલાં સેવો અર્થાત્ શું તમારે મોક્ષમાર્ગ જાણવો છે? તો પહેલા પ્રભુની સેવા કરો. પૂછો.....

**પ્રશ્ન :** મોક્ષમાર્ગ જાણવો છે એમાં પહેલાં પ્રભુની સેવાનું શું કામ?

**ઉત્તર :** પહેલાં પ્રભુને સેવવાનું કામ આટલા માટે કે જુઓ સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારમાં પહેલી ચાર સદહણાનો વ્યવહાર છે. 'સદહણા' એટલે શ્રદ્ધાન. (શ્રદ્ધાની ક્રિયા) એ આ ચાર પ્રકારે છે.

**ચાર સદહણા :**

૧ 'પરમાર્થસંસ્તવ' અર્થાત્ તત્ત્વનો પરિચય,

૨ 'તજ્જ્ઞસેવા' અર્થાત્ તત્ત્વજ્ઞની સેવા,

૩ 'વ્યાપન્નદર્શન-ત્યાગ' એટલે કે દર્શનભ્રષ્ટનો ત્યાગ અને

૪ 'કુગુરુસંગ-ત્યાગ' અર્થાત્ મિથ્યાગુરુનો પડછાયો ય ન લેવો.

આમાં પહેલી સદહણા 'તત્ત્વપરિચય' યાને તત્ત્વની ઓળખ અને તત્ત્વની વારંવાર ચિંતવના માટે જરૂરી, બીજી સદહણામાં 'તજ્જ્ઞસેવા' કહી. શું તમારે તત્ત્વપરિચય કરવો છે? તો પહેલાં તત્ત્વવેત્તાની સેવા, આરાધના, ઉપાસના કરો, તો તમને એમની પાસેથી તત્ત્વની ઓળખ મળશે. તત્ત્વપરિચય-તત્ત્વસંસ્તવ મળશે, ને એ વિધિપૂર્વક તત્ત્વનો પરિચય મેળવ્યો ગણાશે.

બસ, જેવી રીતે તત્ત્વપરિચય માટે પહેલાં તત્ત્વવેત્તાની સેવા જરૂરી બતાવી એમ અહીં કવિ કહે છે, તમારે પ્રભુનો પંથ જાણવો છે? તો પહેલાં એ પંથના વેત્તા પ્રભુને સેવો. જેમ તત્ત્વપરિચય જેમણે તત્ત્વજ્ઞાન સિદ્ધ કરેલું છે એમની પાસેથી-



એમની સેવાથી મળે, એમ અહીં જેમણે મોક્ષમાર્ગ સિદ્ધ કરેલો છે એવા સંભવદેવ ભગવાન પાસેથી એમની સેવા કરીને મોક્ષમાર્ગ મળી શકે, એટલે જ ભગવાનને પહેલાં સેવવાનું કહ્યું. એટલે, કવિ શું કહેવા માગે છે?

તારે પ્રભુ પાસેથી પ્રભુનો પંથ યાને મોક્ષમાર્ગ અને એને લાવનારી સાધનાઓ જોઈએ છે? તો પહેલાં પ્રભુની સેવા કર, સેવા કર્યા વિના મોક્ષસુખના મેવા ન મલે. વ્યવહારમાં ય શેઠની સેવા કર્યા વિના પગારના મેવા નથી મળતા.

અહીં પ્રભુની સેવા કરવી એટલે શું? પ્રભુની નોકરીમાં રહેવું પડે, પરંતુ એ નોકરીમાં જોડાતાં પહેલાં જેમ દુનિયાદારીમાં નોકરીને યોગ્ય ભણતર અને ગણતર મેળવવું પડે છે, એમ અહીં પ્રભુની નોકરી માટે પહેલાં નોકરીનું-પ્રભુસેવાનું રહસ્ય જાણવું જરૂરી છે, દુનિયાદારીમાં ભણતર વિના નોકરીએ ચડે તો ઓડનું ચોડ વેતરે.

**શેઠે નોકર રાખ્યો,** જમતાં જમતાં શેઠ કહે છે : 'સૈંધવ લાવ'. સૈંધવના બે અર્થ (૧) સૈંધવ એટલે ઘોડો (૨) સૈંધવ એટલે મીઠું-લુણ. હવે અહીં જમવાનું પ્રકરણ છે એટલે નોકરે મીઠું લાવવું જોઈએ, પણ એના બદલે ઘોડો લાવીને ઊભો કરે, તો શું કામનું? ત્યાં નોકર ભણ્યો પણ ગણ્યો નહિ કહેવાય. એમ જમી કરીને શેઠ તૈયાર થયા અને હવે બહાર જવું છે ત્યારે નોકરને 'સૈંધવ લાવ' કહે તો બહાર જવાનું પ્રકરણ છે તેથી ઘોડો લાવવો જોઈએ, પણ એના બદલે મીઠું લાવીને હાજર કરે તો શું કામનું? ત્યાં નોકર ભણ્યો પણ ગણ્યો નહિ કહેવાય, અને શેઠની સેવા ન થાય.

એમ અહીં પ્રભુની સેવા કરવી છે, તો કવિ કહે છે કે પહેલાં સેવાનું રહસ્ય જાણી પછી સેવામાં લાગો.

**"સંભવદેવ તે ધુરે સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ"**

સેવાનું રહસ્ય સમજ્યા વિના અબૂઝની જેમ સેવા કરવા જશો તો પેલા અબૂઝ 'ભણ્યો પણ ગણ્યો નહિ' નોકર જેવું થશે. એવો બીજો દાખલો આ,

**શેઠે નવા મુનિમને કહ્યું,** 'જાઓ ગામોમાં ફરી આવો, આપણી કન્યા માટે સારો મૂરતિયો જોઈ આવો, જો જો કન્યા સોળ વરસની છે તો મૂરતિયો પણ ૧૬-૧૮ વરસનો હોવો જોઈએ'.

ત્યારે નવો મુનિમ પૂછે છે, શેઠ કદાચ ૧૬-૧૮ વરસનો સારો મૂરતિયો ન મળે તો ૮-૮ કે ૯-૯ વરસના બે સારા મૂરતિયા ચાલશે ને?

આ મુનિમ કેવો ગણાય? અબૂઝ, કેમકે એ મૂરતિયાનું રહસ્ય ન સમજ્યો. એમ અહીં પ્રભુની સેવાનું રહસ્ય સમજ્યા વિના સેવા શી રીતે થાય? તો હવે સવાલ એ આવીને ઊભો રહે છે કે,

**સેવાનું રહસ્ય શું?**

કવિ કહે છે,

**"સેવન કારણ પહેલી ભૂમિકા રે અભય-અદ્વેષ-અખેદ"**

અર્થાત્ પ્રભુની સેવાના કારણે પહેલાં અભય, અદ્વેષ, અખેદની પહેલી ભૂમિકા રચો. પ્રભુની સેવા કરવી છે? તો પહેલાં ભૂમિકા રચો, એ સેવાની ભૂમિકામાં જીવનમાં અભય લાવો, અદ્વેષ લાવો, અખેદ લાવો. ભૂમિકા કેમ કહી ?

**પ્રભુની સેવા માટે પાયામાં અભય-અદ્વેષ-અખેદ આ ત્રણ ગુણ જરૂરી છે.** કેમ? તો કે જો ભય, દ્વેષ, ખેદરૂપી ત્રણ દોષ હશે, તો વીતરાગ અરિહંત પરમાત્માની યથાર્થ સેવા નહિ થાય. કેમ વારુ? શાસ્ત્રકારો કહે છે કે આ ભય, દ્વેષ અને ખેદ એ ત્રણ જમના જોદ્ધા જેવા છે, જમના જોદ્ધા જીવને ઉપાડીને ક્યાંય અગમ અગોચર પ્રદેશમાં ફેંકી દે, એમ આ ભય વગેરે ત્રણ દોષો સેવાની સાધનાને ક્યાંય નિર્માલ્ય વેઠના પ્રદેશમાં ફેંકી દે.

હવે કવિ આ ભય-દ્વેષ-ખેદ શું છે તે બતાવે છે –

**ભય ચંચળતા હો જે પરિણામની, દ્વેષ અ-રોચક ભાવ,**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ. સંભવ૦ ૨**

**ભાવાર્થ :-** (મનના) પરિણામની જે ચંચળતા એ 'ભય' છે. તત્ત્વ પ્રત્યે અરુચિનો ભાવ એ દ્વેષ છે. (ધર્મની) પ્રવૃત્તિ કરતાં મન થાકી જાય (કંટાળી જાય)એ ખેદ છે. (આ બધાના મૂળમાં) અજ્ઞાનદશા કારણભૂત છે.

**વિવેચનઃ-** હવે અભય-અદ્વેષ-અખેદનું સ્વરૂપ બતાવવા એના પ્રતિપક્ષી દોષ-ભય, દ્વેષ અને ખેદની વ્યાખ્યા કરે છે,

**'ભય ચંચળતા હો જે પરિણામની'**

અહીં સામાન્યથી સમજી રાખવાનું કે ભય એ ચંચળતા છે. શાની? તો કે પરિણામની. પરિણામની ચંચળતા એટલે મનની ચંચળતા, મનની અસ્વસ્થતા. એમાં સેવાના ભાવની ચંચળતા થાય. હમણાં સેવાનો ભાવ તો થયો, પણ જરાક મનમાં બીજું કાંઈક આવ્યું તો સેવાનો ભાવ ઊતરી ગયો. અરે, સેવાથી વિરુદ્ધ ભાવ આવ્યો. એમાં કાંઈ સાચી સેવા ન આવે. આ ભય છે એ મનનું અસ્વાસ્થ્ય, ચિત્તની વ્યાકુળતા-વિહ્વળતા છે. એવી વ્યાખ્યા 'નમુત્થુણં'ના 'અભયદયાણં' પદની ટીકામાં કરી છે.

(૧) **ભયઃ-** 'અભય' એટલે ચિત્તનું સ્વાસ્થ્ય-સ્વસ્થતા, આ ન હોય એ ભય કહેવાય. ચિત્તની આ સ્વસ્થતા ક્યારે આવે? અનંતાનુબંધીના કષાયો દબાય ત્યારે.



અનંતાનુબંધીના કષાયો યાને રાગ-દ્વેષ એવા છે કે મનને ભયભીત-અસ્વસ્થ રાખે છે. આ અનંતાનુબંધીનો રાગ એ પાંચે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેનો આંધળો રાગ છે. આંધળો એટલે? જે રાગમાં પરલોકનો ભય ન હોય, પાપનો ભય ન હોય, પોતાના ધર્મનાશનો ભય ન હોય એવો રાગ. આવો રાગ ભયંકર હોવાથી ત્યાજ્ય છે. એવું ન લાગતું હોય તો એ રાગ અનંતાનુબંધીના ઘરનો છે, એટલે આમાં મન કેવું રહે? વિષયોના રાગમાં મન અંધ અર્થાત્ વ્યાકુળ રહે, વિષયોમાં અંધ આસક્તિ છે. **સાધુ જો સંયમને પોતાનું જીવન દેખે તો એને ઊજળા કપડામાં ગભરામણ થાય. દુનિયા જેને સારું માને, તેમાં સમકિતીને મોટો ભય લાગે.**

અનંતાનુબંધીનો રાગ જીવને આકુળવ્યાકુળ બનાવે, ચિત્તને અસ્વસ્થ કરે, ને જીવને આગળ વધવામાં એવી ચિત્ત-અસ્વસ્થતા અંતરાયભૂત બને, માટે પ્રભુનું દાતૃસમ્પદામાં પહેલું વિશેષણ 'અભયદયાણં' કહ્યું. અભયદાતા પ્રભુને નમસ્કાર હો. ત્યાં 'અભય'ની વ્યાખ્યા આ જ કરી, 'અભય' એટલે ચિત્તની સ્વસ્થતા. અનંતાનુબંધીનો કષાય મરે તો અભય આવે, ચિત્તની સ્વસ્થતા આવે, પછી આત્માની ગુણમાર્ગે પ્રગતિ થાય. જીવને કહો -'આ રાગાદિની અસ્વસ્થતામાં મરીશ તો ક્યારે ઉદ્ધાર થશે?' આ જીવન આત્માના દોષોને ઠેકાણે પાડવા માટે છે, એને પોષ્યા કરીશ તો પ્રભુની સેવા નહિ થાય, એટલે જ સેવન કારણ પહેલી ભૂમિકા 'અભય' કહી. પરિણામની ચંચળતા અર્થાત્ મનની અસ્વસ્થતા-વ્યાકુળતા એ ભય છે. મનની આંધળી વિષય-પરવશતાને લીધે એ અસ્વસ્થતા આવે છે. ચિત્ત વ્યાકુળ-વિહ્વળ હોય ત્યાં સ્થિરતા ન આવે. પૈસા કમાવાની વ્યાકુળતાવાળો ભગવાનમાં સ્થિર ન રહે. ભગવાનની પૂજા કરવા જાય પણ મનમાં લફરાં ઊભાં હોય છે. મનમાં લફરાને લીધે ચૈત્યવંદનમાં મન ન ચોંટે. **મમ્મણને** પૈસાની વ્યાકુળતા હતી એટલે મોતની પરવા કર્યા વગર નદીના પૂરમાં લાકડાં લેવા પડતો. આ રાગ-અસ્વસ્થતા ધર્મ ભુલાવે છે, ભગવાનને ભુલાવે, ભગવાનની સેવા ન કરવા દે.

(૨) **દ્વેષઃ-** મુક્તિનો દ્વેષ, તત્ત્વનો દ્વેષ, દ્વેષ એટલે અરોચક ભાવ, અરુચિ, તત્ત્વ પ્રત્યે અરુચિ. એ પણ જીવને ભગવાનની સેવા કરવામાં અટકાવનાર છે. તત્ત્વ નથી રુચતા, પછી ભગવાન કેમ રુચે ? ભગવાનની સેવા ઉપાસના કરવી છે તો પહેલા નંબરમાં ભય અને બીજા નંબરે મોક્ષ અને તત્ત્વ પ્રત્યેની અરુચિ ટાળો. અનાદિકાળથી સંસારના પનારે પડેલો જીવ, મોક્ષ એ પોતાની વસ્તુ છતાં પણ એના પર અરુચિવાળો છે. કેવો વિલક્ષણ સંસાર! એ અરુચિ યાને મોક્ષનો દ્વેષ ન જાય ત્યાં સુધી સદનુષ્ઠાન ન આવે. અનંતી દ્રવ્યક્રિયાઓ નિષ્ફળ કેમ ગઈ? મૂળપાયામાં મુક્તિ

પ્રત્યે દ્વેષ હતો. **મુક્તિ પ્રત્યેનો દ્વેષ વિષયોનો આંધળો રાગ કરાવે છે.** અભવી જેવો જીવ ભગવાનના સમવરસણ જેવામાં દેવતાને દેખે અને એની વાત સાંભળે, કે 'અમે ચારિત્ર પાળ્યું તો આ દેવતાનાં સુખ મળ્યાં, એટલે આ સાંભળી અભવીને મનમાં થાય કે, 'આ ભાવમાં ખોટું નથી. પાંચ પચાસ વર્ષનાં સંયમનાં કષ્ટ વેઠી લઈએ તો અસંખ્ય વર્ષનાં સ્વર્ગનાં સુખ તો મળશે' આમ કરી અભવી ચારિત્ર લે. એ આમ દેવોને-સ્વર્ગને માને, પરંતુ મોક્ષ ન માને. આવા અભવીનો મોક્ષ ન થાય, કારણ એના મૂળ પાયામાં મોક્ષ પ્રત્યેનો દ્વેષ છે.

કવિવર્ય શ્રીવીરવિજયજી મહારાજ અંતરાયકર્મનિવારણ પૂજામાં કહે છે કે,

**પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુરનર રાણો રે,**
**મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે....**

આમાં 'મિચ્છ'-મિથ્યાત્વી નાસ્તિકને અંધો અને અભવ્યને કાણો કહ્યો. કેમ વારુ? નાસ્તિક શિરોમણિ મિથ્યાત્વી નવમાંથી એક પણ તત્ત્વને માને નહીં, જીવ-પુણ્ય-પાપ બધું હંબગ માને, એટલે નાસ્તિકને સાવ આંધળો કહ્યો, અને પેલો સ્વર્ગ માટે ચારિત્ર લેનારો અભવી મોક્ષ સિવાય આઠ તત્ત્વને માને, નવમા મોક્ષ તત્ત્વને ન માને, માટે એને કાણો કહ્યો.

કહે છે, 'હે પ્રભુ ! તમારું શાસન અતિશય રૂડું છે, કેમકે દેવતા અને મનુષ્યના રાણા અર્થાત્ દેવેન્દ્રો અને નરેન્દ્રો તમારા ધર્મશાસનને માને છે, પણ પેલા અભવ્ય અને મિથ્યાદૃષ્ટિ તારા શાસનને ઓળખી શકતા નથી, કેમકે એક અંધ છે અને બીજો કાણો છે. અભવીને મોક્ષ પ્રત્યે દ્વેષ- અરુચિ છે, એટલે એ ક્યારેક ચારિત્ર લઈ પાળે ખરો છતાં ચારિત્રપાલનની ક્રિયાને એળે કાઢે છે, એટલે પાછો સંસારનો ભમતો ભૂત બને છે. ત્યારે તો બત્રીશ-બત્રીશી શાસ્ત્રમાં લખ્યું કે–

**अपि बाध्या फलापेक्षा सदनुष्ठानरागकृत् ।**
**सा तु प्रज्ञापनासाध्या मुक्त्यद्वेषमपेक्षते ॥**

કદાચ કોઈ જીવ દુન્યવીફળની અપેક્ષા-આશંસાથી ધર્મ કરે તો પણ જો આ અપેક્ષા-આશંસા આગળ જઈને બાધ્ય કોટિની છે તો એ સદનુષ્ઠાનનો રાગ કરાવે છે. કેમ ? આગળ જઈને એ જ સદનુષ્ઠાન લઈ આવશે. શું એ દુન્યવી અપેક્ષા એને સંસારમાં અટકાવી નહિ રાખે? ના, કેમકે એ 'પ્રજ્ઞાપનાસાધ્યા' અર્થાત્ ગુરુની સમજાવટથી હટી જાય એવી છે. અમૃત-અનુષ્ઠાન ક્યારે થાય? તો કે એ બધી અપેક્ષા ઘટી જાય, ફળની આશંસા હટી જાય, પછી અમૃત-અનુષ્ઠાન થાય. પણ મુખ્ય શરત એટલી છે કે કોઈ પણ સાધના વખતે મુક્તિ પ્રત્યેનો અદ્વેષ જોઈએ. મોક્ષ પર અરુચિ-



દ્વેષ આવે તો તેની ક્રિયા પણ પાપક્રિયા થાય, માટે ધર્મઅનુષ્ઠાન ત્યારે જ ફળે કે જ્યારે મોક્ષ પર અદ્વેષ હોય. ચરમાવર્ત પૂર્વે જીવને મોક્ષ પર દ્વેષ હોય છે ને એ સ્થિતિમાં જે કાંઈ ક્રિયા કરે તે વિષ-ગરલ ક્રિયા કરે છે. એ દ્વેષ હટે ત્યારે જ તદ્‌હેતુક્રિયા-તદ્‌હેતુઅનુષ્ઠાન આવે છે, ચરમાવર્તકાળમાં જ આ શુભક્રિયા આવે, પરંતુ એમાંય જો મુક્તિ પ્રત્યે દ્વેષ-અરુચિ આવી જાય તો ચરમાવર્તકાળમાંય જીવ વિષ-ગરલ ક્રિયામાં પડી જાય ખરો. **બ્રહ્મદત્તચક્રીના જીવે** પૂર્વ ભવમાં ભાઈ સાથે દીક્ષા લીધી હતી, મસ્તીથી આરાધના કરતા હતા. વિહાર કરતાં કરતાં સનત્કુમાર ચક્રવર્તીની રાજધાનીના નજીકના પર્વત પર આવ્યા, ધ્યાનમાં રહ્યા છે, ચક્રવર્તીને ખબર પડતાં પોતાની પટ્ટરાણી સાથે વંદને આવ્યો, બંને મુનિ ધ્યાનમાં ઊભા છે, ચક્રવર્તીએ વંદન કર્યું, પટ્ટરાણી વંદન કરતી હતી એમાં એના વાળની લટ નીચે પડતાં મુનિના પગને અડી ગઈ અને મુનિને ઝણઝણાટી થઈ. મનને થયું કે જેની કેશવાળી આટલી સુંવાળી તો એનું શરીર કેવું સુવાળું હશે? બસ, દિલ અને દિમાગ બગડ્યાં.

ચક્રવર્તી તો વંદન કરીને ગયા પછી સાથેના મુનિએ આ મહાત્માના મોં તરફ જોયું, મોં પરની રેખાઓ ફરેલી જોઈ, એમને કહ્યું કે 'અરે! શું વિચાર કરો છો ?'

ત્યારે આ મુનિ કહે : 'ભાઈ આપણે તો સંયમ ને તપ કરી કાયાને ઓગાળી નાખી પણ હવે જો એનાથી આવું ફળ ન મળે તો શું કામનું? મેં તો નિશ્ચય કર્યો છે કે આ તપ-સંયમનું ફળ હોય તો આ સમૃદ્ધિ મળો.'

સાથેના ભાઈમુનિ કહે : અરે! ગાંડાભાઈ! આ શું બોલો છો ? આ સંયમથી તો અનંતકાળ માટેનું મોક્ષનું અનંતુ સુખ મળે એમ છે. તમે આ શું વિચાર કરો છો? ત્યારે આ સંભૂતિમુનિ કહે- એ તમારી મોક્ષની વાત હમણાં રહેવા દો, મારે તો આ જોઈએ.

આ મોક્ષની વાત રહેવા દો-એમ કોણ બોલાવે છે?

મોક્ષ પ્રત્યેની અરુચિ યાને દ્વેષ બોલાવે છે. આમ મોક્ષના દ્વેષ સાથે પૌદ્‌ગલિક ફળની આશંસા થઈ એટલે એ સદનુષ્ઠાન ન રહ્યું, પણ સંસારમાં ભમાવનાર પાપઅનુષ્ઠાન થયું. ત્યાંથી પછી દેવલોકમાં જઈ પછીના ભવે એ ચક્રી થયા. તે વખતે એ જ ભાઈમુનિ આ ભવે પણ સારા કુળમાં જન્મી અવધિજ્ઞાની મુનિ બની એને સમજાવવા આવે છે, તો ચક્રવર્તી હસી કાઢે છે. તે વિષયવિલાસો ઘણા કરી અંતે સાતમી નરકે જાય છે.

શાસ્ત્રો કહે છે : મોટા ભાગે ચરમાવર્તના પૂર્વના કાળમાં તો મોક્ષ પ્રત્યે દ્વેષ હોય છે જ, પણ કોઈકને ચરમાવર્તકાળમાં આવ્યા પછી પણ જો મોક્ષ પ્રત્યે દ્વેષ આવે તો એની લાખની કિંમતની ધર્મક્રિયા રાખની બની જાય છે.

દ્વેષ શું ચીજ છે ? દ્વેષ અરોચકભાવ-દ્વેષ એ મોક્ષ અને મોક્ષ- સાધક યોગો પર અરુચિ કરાવનારો છે, એટલે યોગદૃષ્ટિમાં આવવા માટે આ મોક્ષ પ્રત્યેની અરુચિને દ્વેષને દૂર કરવો જ જોઇએ. મોક્ષ પ્રત્યેના દ્વેષને ટાળ્યા વિના મોક્ષની સાધના ન થાય.

**પ્રશ્ન :** જો મોક્ષ પ્રત્યે દ્વેષ છે, તો મોક્ષ-માર્ગની સાધના ચારિત્રપાલન આદિ કરે શું કામ?

**ઉત્તર :** કરે, વિષયસુખોની લાલચથી કરે. એ સમજે છે કે ચારિત્રાદિ ધર્મથી મનગમતા વિષયો મળે, સંસારનાં સુખ મળે, માટે ધર્મ કરે, સંભવદેવની સેવા માટે ભૂમિકામાં અદ્વેષ પણ જોઇએ એની વાત થઇ, હવે અખેદ જોઇએ, તે શું બતાવે છે ?

**'ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે'**

(૩) **ખેદઃ** ઓઘદૃષ્ટિમાં રહેલો જીવ, એને ધર્મપ્રવૃત્તિ કરવાની વાત આવે તો થાક લાગે, ખેદ થાય, કંટાળો આવે, ધર્મ કરવા પહેલેથી જ માંદલા ક્લાસ હોય, 'ચાલો ભાઈ! ટીપ આવી? લખાવવું તો પડશે જ, લખાવે છતાં ખેદથી લખાવે. એને ભાન નથી કે આ દાનથી મોક્ષ સાધવાનો છે, પછી ખેદ શા માટે? એનો અર્થ એ કે મોક્ષના યોગોથી મોક્ષ સધાતો હોય તો પછી ખેદ નહિ આનંદ જોઇએ. કેટલીક વાર ક્રિયા કરતા પહેલાં ખેદ, અને કેટલીકવાર ક્રિયા તો આનંદથી શરૂ કરી પણ ક્રિયા કરતાં કરતાં ખેદ આવે. આ બધા દોષ કેમ સેવાય છે?

**'દોષ અબોધ લખાવ'** એની પાછળ અબોધદશા યાને મૂઢતા છે-અનાત્મજ્ઞતા છે, આત્મજ્ઞતા નથી, પોતાના આત્માનું જ ભાન નથી એટલે જ વિષયોની જ ગડમથલ છે, એ પરમાત્મામાં ચિત્ત જ ન લાગવા દે. વિષયી મન ઇન્દ્રિયોના વિષયોમાં માંકડાની પેઠે કૂદાકૂદ કરે છે.

વીતરાગમાં ચિત્ત ક્યારે લાગે? ઇન્દ્રિયોના વિષયોમાંથી ચિત્ત ઊઠે તો વીતરાગમાં ચિત્ત લાગે. **વિષયો વીતરાગના વિરોધી છે.** વિષયો મનમાં બેઠા હોય તો વીતરાગને પેસવા જ ન દે. No Entry કરી દે છે! મન વિષયોમાં જાય પછી વીતરાગમાં શું કામ જાય? 'જિહાં કામ તિહાં નહીં રામ' એટલે? મનમાં વિષયો હોય કે વિષયોમાં મન હોય ત્યાં રામ (પરમાત્મા) ન રહે. **મમ્મણે** પૂર્વ ભવમાં દાન તો કરેલું પણ ત્યાં દાન બાળીને આવેલો એટલે ભગવાનને ભૂલી મન વિષયોમાં લાગ્યું, સાતમી નરકમાં જવાનાં પાપ ઊભાં કર્યાં. અબોધ એટલે કે મિથ્યાજ્ઞાનદશા, એ પેલા ભય-દ્વેષ-ખેદની પાછળ કામ કરે છે. આ અબોધદશા તે કેવીક કે જે અનંત કલ્યાણની વાત છે એની કાંઇ કિંમત સમજતો નથી, ને જ્યાં આત્માનું પતન છે નિકંદન છે એની કિંમત સમજે છે. દા.ત. દાન આપે પણ એનાથી ડબલગણું મળે માટે દાન આપે, આ અબૂઝ દશા છે.



**યોગબિંદુ શાસ્ત્રમાં** દૃષ્ટાંત મૂક્યું છે કે, **એવું ગામ** હતું જ્યાં બધા જનમથી ખરજવાના દર્દી હતા, તે બધા ખણખણ કર્યા કરે, પરદેશથી વૈદ્ય આવ્યો, પૂછે છે, 'બધા આમ કેમ કરો છો ?'

લોકો કહે છે, 'આ તો અમારે જન્મથી ખણવાનું છે!'

વૈદ્ય કહે, 'પણ લહાય નથી ઊઠતી?'

લહાય તો ઊઠે પણ ખણવાની મજા છે, મજા લેવા એટલું સહન કરી લેવું પડે.

વૈદ્ય કહે : 'મારો ઉકાળો લો, ખણજ જ નહીં ઊઠે.'

ત્યારે ગામના લોકો કહે : 'તો પછી મજા શી આવે?' તેમ સંસારી જીવોને વિષયોની ખણજ ઊઠે છે એટલે ખણે છે. અર્થાત્ વિષયભોગ કરે છે ને મજા માણે છે. વીતરાગ ભગવંતરૂપી વૈદ્ય મળ્યા છે. એ કહે છે 'ભલા આદમી! આ ખણજ ઊઠે છે ને ખણે છે, વિષયભોગ કરે છે, માટે એમાંથી ભવનો મહારોગ ઊભો થાય છે. લાવ ખણજ જ મટાડી દઉં એટલે વિષયની ઝંખના જ ન થાય'. ત્યારે સંસારી જીવ કહે, તો પછી ખાવા-પીવા-ભોગવવાની મઝા શેં આવે? કેવીક આ મૂઢ દશા! આ જ ગમે, ત્યાં મોક્ષ ન ગમે, એટલે મોક્ષનો દ્વેષ હોવાથી શુદ્ધ આરાધના થઇ શકતી નથી. પોતાની જાતની ઓળખ નહિ એ અનાત્મજ્ઞતા છે, એટલે આત્મજ્ઞતા નથી, પોતે કોણ છે એનું જ ભાન નથી.

**માને છોકરો** હતો. **મણિલાલ** એનું નામ. પણ બિચારાને પોતાના નામનું ભાન જ ન રહે. કોઇ પૂછે કોણ છે તું? તો કહે ખબર નથી. એટલે માએ એના ગળે સ્લેટ લટકાડી. એમાં લખ્યું 'હું મણિલાલ છું' એમ અનાત્મજ્ઞને 'પોતે કોણ છે' એની જ ખબર નહીં, તેથી અમારે ગોખાવવું પડે કે 'હું આત્મા છું'.

અચરમાવર્તકાળમાં અબોધદશામાં રમતા જીવને 'હું કોણ છું' એનું ભાન નહિ એટલે જેને ગ્રંથિ કહેવાય એવી રાગ-દ્વેષ-મોહની પકડ છે. આ અબોધ એટલે રાગ-દ્વેષની કઠણ ગાંઠ. ત્યાં દુન્યવી પદાર્થો પર તીવ્ર રાગ છે. કોઇ છોડાવવા આવે તો પણ છોડે નહિ પરંતુ એને ખરાબ પણ માનવા તૈયાર નહિ, જૈનદર્શન એને ગ્રંથિ કહે છે.

**સાંખ્યમતે અબોધ=અવિવેકખ્યાતિ :**

સાંખ્યદર્શનવાળા એને અવિવેકખ્યાતિ કહે છે. જેમાં આત્મા અને પ્રકૃતિના વિવેકનું-ભેદનું જ્ઞાન નહિ. સાંખ્યમતવાળા એમ માને છે કે આ જગતમાં સર્જન-વિસર્જન આ બધું પ્રકૃતિનું તોફાન છે. જીવ કૂટસ્થ નિત્ય છે. જીવને પુરુષ કહે છે. આ પુરુષ 'પ્રકૃતિનાં કાર્યો એ પોતાનાં કાર્ય છે' એમ માની લે છે, કારણ કે એને પોતે પ્રકૃતિથી જુદો છે, ભિન્ન છે એવા ભેદની ખબર નથી. પોતે ચેતન છે, પ્રકૃતિ જડ છે.

પુરુષ-આત્મા જો વિચાર કરે કે જડનો ભાર મારે માથે શા માટે લઉં ? જડનો ભાર માથે લઉં છું માટે જ દુઃખી થાઉં છું, તો જ ખરી વિવેકદશા પ્રગટ થાય. 'પ્રકૃતિથી હું જુદો છું' એ વિવેકની ખબર નથી, એ અવિવેક છે, એ જ અબોધ-અબૂઝ દશા, 'દોષ અબોધ લખાવ.' મૂળભૂત દોષ અબોધ છે.

**વેદાંતમતે અબોધ એ 'અવિદ્યા' :**

વેદાંતદર્શનવાળા અબોધને અવિદ્યા કહે છે. 'અવિદ્યા' એટલે પરને સ્વ માને, નાશવંતને કાયમી માને, અશુચિને શુચિ માને, અનાત્માને 'આત્મા' માને. એના લીધે આખો સંસાર માથે કરે. **મેઘરથ રાજા**ને માથે પક્ષીને બચાવવા માટે આફત આવી તો અંતે પોતાના શરીરમાંથી માંસ કાપીને આપવાનો નિર્ણય લીધો. ત્યારે એ જ વિચાર્યું કે ' આ કાયા નાશવંત છે, નાશવંત કાયામાંથી માંસ કાપી આપું તો અવિનાશી આત્માને કમાણી છે. પર એવી કાયામાંથી માંસ કાપી આપું તો એમાં સ્વસંપત્તિની પ્રાપ્તિ થાય છે. કેમકે કાયા જ મમત્વ કરાવી પરિણામે દુઃખદાયી બને છે. માટે એ કાયાની મમતા મૂકી દેવાથી બધાં દુઃખો દૂર થઇ જાય. એમ આવી પરકીય નાશવંત ને જડ કાયાથી, સ્વકીય અવિનાશી ચેતન આત્માની સંપત્તિ કમાવા મળતી હોય, તો ખોટું શું?' આમ મેઘરથ રાજાએ અવિદ્યાને ભગાડી મૂકી તો જોમ આવી ગયું. અબોધ મૂળભૂત દોષ, એ જાય તો બીજા પણ બધા દોષ જવા માંડે.

**યોગદર્શનના મતે 'અપ્રશાંતવાહિતા' એ અબોધ :**

યોગદર્શનવાળા-અબોધને અપ્રશાંતવાહિતા કહે છે. પ્રશાંતવાહિતા એટલે શમરસ, શાંતતાનો રસ, આ ન હોય એટલે વ્યાકુળતા-વિહ્વળતા-ઉકળાટ હોય એ અપ્રશાંતવાહિતા છે. એ અબોધદશા છે. આવા અબોધનો દોષ હોય ત્યાં સુધી ચિત્તમાં ભય-દ્વેષ-ખેદ રહે. ભવરસિક જીવને ત્યાગની વાત કરે તો ઘોડો ભડકે તેમ ભડકે. એટલે ત્યાં સુધી ભગવાનને સેવવાની વાત નહિ. મૂળમાંથી અબોધદશા જાય ત્યારે ભય-દ્વેષ-ખેદ દોષો જાય. એ અબોધ દશા અને ભયાદિ દોષો ક્યારે જાય? તો હવે કવિ કહે છે -

**ચરમાવર્તે હો ચરમકરણ, તથાભવ-પરિણતિ પરિપાક,**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી, પ્રાપ્તિ પ્રવચન વાક્. સંભવ૦ ૩**

ભાવાર્થ :- ચરમાવર્તકાળમાં 'ચરમકરણ' અર્થાત્ છેલ્લા યથાપ્રવૃત્તકરણથી તથાભવપરિણતિ અર્થાત્ તથાભવ્યત્વ-પરિણામનો પરિપાક થાય, ત્યારે (એ અબોધદશાનો) દોષ ટળે છે અને સારી (યોગદષ્ટિરૂપી) દૃષ્ટિ ખૂલે છે અને ત્યાં પ્રવચન (જિનશાસન)ની વાણી મેળવે છે.



**વિવેચનઃ-** ઉક્ત દોષો ક્યારે ટળે? તો કે ચરમાવર્તકાળમાં ટળે, મોક્ષે જવા પૂર્વે હવે છેલ્લો પુદ્ગલપરાવર્તકાળ યાને ચરમાવર્તકાળ આવે ત્યાં દોષો ટળે. અચરમાવર્તકાળમાં અબોધદોષ ટળવાની કોઇ આશા જ નહિ, પછી ભલે ને ત્યાં ભગવાનની સમોવસરણમાં રેલાતી વાણી સાંભળવા મળે, દેવતા જોવા મળે, એ જોઇને ચારિત્ર પણ લેવાય, પળાય, છતાં અબૂઝ દશા ટળવાની વાત નહિ, કેમકે એ ચારિત્રપાલન બધું દેવતાઇ સુખ લેવા માટે જ થતું હોય છે. મોક્ષ તરફ ત્યાં દૃષ્ટિ જ નહિ. ભગવાન મોક્ષની વાત કરતા હોય તો ય મોક્ષ તરફ સૂગ થાય, અભાવ થાય, એટલો બધો એને ઉત્કટ વિષયરસ વિષયરાગ હોય છે, એ તો જ્યારે ચરમાવર્તકાળમાં આવે ત્યારે જ અબૂઝદશા જવાને ટળવાને અવકાશ છે.

પરંતુ ચરમાવર્ત્તકાળમાં પણ 'ચરમકરણ' યાને છેલ્લું યથાપ્રવૃત્તકરણ આવે ત્યારે જ દોષ ટળવાને અવકાશ છે.

**યથાપ્રવૃત્તકરણ શું છે?**

જીવને સંસારમાં અશુભ ભાવો ઘણા, પરંતુ એમાં ક્યારેક નદી-ગોળ પાષાણન્યાયથી શુભ ભાવ થઇ આવે છે. નદીમાં વાંકોચૂંકો પથરો અથડાતો કૂટાતો સહેજે ગોળ થઈ આવે છે. એ ન્યાયે જીવને આ સંસારમાં અશુભ ભાવોમાં રખડતાં ભટકતાં ક્યારેક સહેજે સહેજે શુભ ભાવ થઇ આવે છે, એનું નામ યથાપ્રવૃત્તકરણ છે. દા.ત. કોઇ નાસ્તિક જેવો જીવ હોય પણ જો અચાનક પાંચમે માળથી કોઇ બચ્ચું નીચે પડતું કે નીચે પડીને માથું ફૂટી લોહીલોહાણ થતું દેખે તો એને સહેજે બાળક પ્રત્યે કંપારો ઊભરાઇ આવે છે. 'અરરર! બિચારું પડ્યું!' આ શુભ ભાવ છે. એ ભાવ લાવવાનો ત્યાં કોઇ ઉપદેશ નથી કે પોતાને એની વિચારણા નથી, પણ અચાનક આવું દશ્ય દેખતાં સહેજે સહેજે તે બાળક પર અનુકંપા જેવો શુભ ભાવ ઊઠી આવે છે. એ યથાપ્રવૃત્ત શુભભાવ કહેવાય, યથાપ્રવૃત્તકરણ પણ કહેવાય. અભવીને પણ આ કરણ આવે.

સંસારમાં જીવને આવા યથાપ્રવૃત્તકરણ અનંતીવાર આવે છે. પરંતુ એ યથાપ્રવૃત્તકરણના શુભભાવની કશી કિંમત નહિ, કેમકે પછી પાછો જીવ તરત અશુભભાવમાં પડી જાય છે.

એ તો જ્યારે ચરમ યાને છેલ્લું યથાપ્રવૃત્તકરણ પામે ત્યાર પછી જ 'અબોધ' દોષ ટળે. એનું કારણ એ છે કે પૂર્વના યથાપ્રવૃત્તકરણના શુભ ભાવ એવા જોરદાર હતા નહિ કે જેથી એની ઉપરનો શુભ ભાવ, કે જેને અપૂર્વકરણ કહેવાય છે, એ જાગી શકે. એ તો છેલ્લા યથાપ્રવૃત્ત-કરણનો જોરદાર શુભ ભાવ જાગે ત્યારે જ એની ઉપરનો અપૂર્વકરણનો શુભ ભાવ જાગે છે.

આ આત્માના શુભ વીર્યોલ્લાસનો સવાલ છે. અંતરાત્માનો શુભ વીર્યોલ્લાસ પ્રબળ બને ત્યારે જ એ યથાપ્રવૃત્તિકરણના શુભભાવને આગળ વધારીને અપૂર્વકરણના શુભભાવને જગાવે છે, એટલે કહેવાય કે અપૂર્વકરણના ઊંચા શુભભાવને જગાડનારો નીચેનો જ યથાપ્રવૃત્તકરણનો શુભભાવ હોય એ યથાપ્રવૃત્તકરણને છેલ્લું યથાપ્રવૃત્તકરણ કહેવાય. એની પછી હવે અપૂર્વકરણનો શુભભાવ જગાડ્યો એટલે જીવ હવે પાછો નહિ પડવાનો અર્થાત્ પહેલાના જેવા અશુભભાવમાં નહિ જવાનો, છેલ્લાની (ચરમની) પૂર્વનાં અર્થાત્ અ-ચરમ યથાપ્રવૃત્તિકરણના શુભભાવમાંથી તો જીવ પાછો પડી અશુભભાવમાં ચાલ્યો જાય છે. ત્યારે છેલ્લા-ચરમ યથાપ્રવૃતકરણને પામ્યા પછી એવો અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટાવે છે, એવા અપૂર્વકરણનો શુભભાવ જગાવે છે કે હવે પાછા અશુભભાવમાં જવાનું હોતું નથી.

આ યુદ્ધમાં લડનારા સુભટ જેવું છે. બીજા સુભટ બે-ચાર ઘા ખાવા સુધી તો યુદ્ધના ભાવમાં ટકી રહે, પણ પછી વીર્યોલ્લાસ મંદ પડવા લાગે ત્યારે જંગે બહાદુર સુભટ એવો અધિક વીર્યોલ્લાસ ચગાવે છે કે એમજ સમજે છે કે 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે', ને એવા અપૂર્વ-જોરદાર વીર્યોલ્લાસથી ઝગડતાં સામેના સેનાપતિ અને સુભટોને મહાત કરી નાખે છે.

બસ, સમ્યક્ત્વ પામવાની તૈયારી હોય ત્યારે એની પૂર્વે પ્રબળ શુભભાવનો આવો અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટાવવો પડે છે, એને 'અપૂર્વકરણ' કહે છે. એ ક્યારે આવે? તો કે ચરમ યથાપ્રવૃત્તકરણથી પાછો અશુભભાવમાં ન જતાં, એથી અધિક પ્રબળ શુભભાવનો વીર્યોલ્લાસ જગાડે ત્યારે એ અપૂર્વકરણ પ્રગટે છે. અપૂર્વકરણ પ્રગટે એટલે તો અંતરાત્મામાં એ અપૂર્વ શુભ-અધ્યવસાયથી કર્મોનાં એવા અપૂર્વ સ્થિતિબંધ-રસબંધ વગેરેની પ્રક્રિયા થાય છે કે જેમાં વાંસની ગાંઠની જેમ અનાદિની રાગ-દ્વેષની ગાંઠ (ગ્રન્થી) ભેદાય છે, એને ગ્રન્થિભેદ કહે છે. એથી સમ્યક્ત્વનો પરિણામ જાગે એવો મિથ્યાત્વનો ઉપશમ થાય છે, અબોધનો નાશ થાય છે, તત્ત્વનું અબૂઝપણું ટળે છે, 'અબોધ'. દોષ ટળે છે. આ અબોધ દોષ ટાળવાનું મૂળમાં ચરમયથાપ્રવૃત્તકરણ યાને ચરમકરણ હતું તેથી અહીં કહ્યું 'ચરમાવર્તે હો ચરમ કરણ....' અર્થાત્ ચરમાવર્તકાળમાં ચરમયથાપ્રવૃત્તકરણ થાય ત્યારે અને પછી 'તથાભવપરિણતિ પરિપાક' અર્થાત્ તથાભવ્યત્વની પરિણતિનો પરિપાક થાય ત્યારે 'દોષ ટળે' અર્થાત્ 'અબોધ' દોષ દૂર થાય છે.

અહીં, 'ચરમાવર્તે હો ચરમકરણ તથા...' ગાથાનો અર્થ કરતાં એ ધ્યાનમાં રાખવાનું છે કે આમાંના 'તથા' શબ્દનો અર્થ 'અને' એવો નથી લેવાનો, પરંતુ 'તથા'



પદને પછીની લીટીના 'ભવપરિણતિ' શબ્દ સાથે જોડવાનો છે, તેથી પદ બનશે 'તથાભવપરિણતિ' તે એનો અર્થ થશે તથાભવ્યત્વની પરિણતિ.

તથાભવપરિણતિ એટલે 'તથાભવ્યત્વ'નો પરિણામ.'ભવ્યત્વ' એ ભવ્ય જીવનો સ્વભાવ છે. ભવ્ય તે છે જે મુક્ત થવાને અર્થાત્ મોક્ષ પામવાને યોગ્ય છે. **'मुक्तो भवितुं योग्यः भव्यः'** આપણે ભવ્ય છીએ કે અભવ્ય એની શી રીતે ખબર પડે? તો કે આપણને જો સંશય પણ પડે કે 'હું ભવ્ય હોઈશ? કે અભવ્ય? તો આપણે નિશ્ચિત ભવ્ય છીએ. અભવ્ય તો મોક્ષ માને જ નહિ, એટલે એને આવો સંશય જ થાય નહિ. જે મોક્ષને માને, જેને મોક્ષ પર શ્રદ્ધા હોય એ નિશ્ચિત ભવ્ય છે. ભવ્યનો સ્વભાવ તે ભવ્યત્વ.

બધા ભવ્યોમાં આ ભવ્યત્વ હોવા છતાં નિયમ નથી કે બધા અમુક કાળે જ મોક્ષ પામે, યા અમુક રીતે જ મોક્ષ પામે. કોઈ કોઈ કાળે મોક્ષ પામે અને બીજો બીજા કાળે ય પામે. એમાંય વળી મોક્ષ પામવા માટે પહેલાં જ સમ્યક્ત્વ અને ચારિત્ર પામવું પડે, પાળવું પડે, તે કોઈને ગુરુ ઉપદેશથી સમ્યક્ત્વ થાય, ત્યારે કોઈને જિનપ્રતિમા દેખીને થાય, તો કોઈને વળી જૈનના આચાર પાળતાં પાળતાં સમકિત થાય, પછી પણ કોઈનું અકસ્માત મૃત્યુ દેખીને વૈરાગ્ય વધી જાય ને ચારિત્ર લે, તો બીજાને ગુરુના ઉપદેશથી વૈરાગ્ય વધી જઈ ચારિત્રનો ઉદ્યમ થાય.

આમ ભવ્યોમાં જુદા જુદા જીવોને જુદા જુદા કાળે અને જુદી જુદી રીતે મોક્ષ થાય છે, એ બતાવે છે કે દરેકનું વૈયક્તિક ભવ્યત્વ જુદું જુદું છે, તેથી પોતપોતાની રીતે અને પોતપોતાના કાળે મોક્ષ પામે છે. આ વૈયક્તિક ભવ્યત્વને તથાભવ્યત્વ કહે છે. એમાં ય તીર્થંકરના જીવનું તથાભવ્યત્વ વિશિષ્ટ કોટિનું હોય છે, તેથી એને 'વિશિષ્ટ તથાભવ્યત્વ' કહેવાય છે.

આ ભવ્યત્વ કહો કે તથાભવ્યત્વ કહો, એ જીવનો, જેમ જીવત્વ એક પરિણામ છે એમ એક પરિણામ છે. પરિણામને 'પરિણતિ' પણ કહેવાય, બહુ ક્રોધીલા સ્વભાવવાળા જીવ માટે કહેવાય છે ને કે 'આ ભાઈની કષાયની પરિણતિ ભારે' એટલે જેમ ક્રોધ એ જીવની પરિણતિ છે એમ તથાભવ્યત્વ એ જીવની એક પરિણતિ છે, એ અનાદિકાળથી હોય છે.

હવે જીવ જ્યારે ચરમાવર્ત્તકાળમાં આવે ત્યારે જ આ તથા-ભવ્યત્વપરિણામ પાકવા માંડે છે. ઘાસમાં ઘાલેલી કેરી જેમ જેમ પાકવા માંડે તેમ તેમ એના રૂપ-રસ વગેરે બદલવા માંડે છે, એમ આ તથાભવ્યત્વ પાકવા માંડે તેમ તેમ જીવમાં મિથ્યાત્વ-કષાય વગેરેના ભાવ બદલતા આવે છે. તે પરાકાષ્ટાએ ક્ષાયિક સમ્યક્ત્વ અને વીતરાગતા-સર્વજ્ઞતાના પરિણામ સુધી પહોંચે છે. એથી આગળ પણ સર્વ કર્મનો ક્ષય થઈ જતાં

ભવ્યત્વ સંપૂર્ણ પાકી જઇ મોક્ષ થાય છે, ત્યાં પછી ભવ્યત્વ રહેતું નથી.

**પ્રશ્ન :** મોક્ષમાં કેમ ભવ્યત્વ નહિ?

**ઉત્તર :** ભવ્યત્વ એ મોક્ષની લાયકાત છે, તેથી મોક્ષ પામ્યા પછી મોક્ષ પામવાની લાયકાત ઊભી રહી ન કહેવાય. દા.ત. કાચી કેરી પૂરી પાકી ગયા પછી હવે એનામાં પાકવાની લાયકાત હોવાનું ન કહેવાય. હવે તો એ પાકેલી કેરી ગણાય. એમ ભવ્ય જીવ મોક્ષ પામતાં હવે મોક્ષ પામવાને યોગ્ય નહિ, પણ મોક્ષ પામેલો ગણાય.

વાત આ છે, કે તથાભવ્યત્વની પરિણતિને પકવવાની જરૂર છે. એનો પરિપાક કરતાં રહેવું જોઇએ. પૂછો,

**પ્રશ્ન :** તથાભવ્યત્વની પરિણતિ શી રીતે પાકે?

**ઉત્તર :** જેમ કાચી કેરીને પકવવા માટે ઘાસ વગેરે સાધન છે, એ જેમ જેમ સેવાય તેમ તેમ કેરી પાકતી આવે, એમ તથાભવ્યત્વની પરિણતિને પકવવા માટે 'પંચસૂત્ર' શાસ્ત્ર આ ત્રણ સાધન બતાવે છે.

૧. અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર,

૨. દુષ્કૃત-ગર્હા,

૩. સુકૃત-આસેવન (અનુમોદનાદિ).

આ જેમ જેમ આદરતા જાઓ તેમ તેમ તથાભવ્યત્વ પાકતું આવે. આ ત્રણ બાહ્ય સાધન છે, ને ચરમાવર્તકાળમાં જ આવે અને એ સાધન બાહ્યથી જેમ જેમ સેવાતા જાય તેમ તેમ અંતરમાં ચરમ-યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, અંતરકરણ, સમ્યક્ત્વ વગેરે પરિણામ ઊભા થાય છે. એટલે અહીં ત્રીજી કડીમાં કહ્યું-

**ચરમાવર્તે હો ચરમ કરણે તથા, ભવપરિણતિ પરિપાક, દોષ ટળે...'**

ચરમયથાપ્રવૃત્તકરણથી તથાભવપરિણતિ યાને તથાભવ્યત્વ પાકવા માંડે છે, એને બીજા શબ્દોમાં કહેવાય કે ભવસ્થિતિ પાકવા માંડે છે.

'ભવસ્થિતિ' એટલે ભવમાં રહેવાની કાળસ્થિતિ, અર્થાત્ જીવ કેટલો કાળ ભવમાં-સંસારમાં રહેશે, અને કેટલા ભવ (જન્મ) કરશે એ ભવસ્થિતિ. એ કાંઈ નક્કી કરી મૂકેલી નથી હોતી. અહીં આપણે જન્મ્યા ત્યારે માનો કે આપણે જ્ઞાનીની નજરમાં લાખ ભવ કરવાની સ્થિતિ લઈને આવ્યા હોઈએ, પણ સારી ધર્મકરણી અને ચાર શરણસ્વીકાર વગેરેના વધતા શુભભાવથી એ સ્થિતિને ટુંકાવી શકીએ. દા.ત. લાખ ભવની સ્થિતિને કાપી હજાર ભવની સ્થિતિ બનાવી શકીએ છીએ. અહીં પ્રશ્ન થાય.

**પ્રશ્ન :** લાખ ભવની સ્થિતિ લઇ આવ્યા હતા એનો અર્થ તો એ કે એવાં કર્મ હતાં કે જે લાખ ભવ સુધી જીવને સંસારમાં પકડી રાખે, તો એમાં શી રીતે ફરક પડીને



હજાર ભવની સ્થિતિ થાય?

**ઉત્તર :** અહીં સમજવાનું છે કે અહીં જે કર્મ લઇને આવેલા તે બધાં કાંઇ એવાં નહોતાં કે લાખ ભવ સુધી ભોગવાયા કરે. જો એમ માનીએ તો તો આ સવાલ આવીને ઊભો રહે કે જીવ કાંઇ એવો ડાહ્યો-ડમરો નથી કે લાખ ભવનાં કર્મ ભોગવતો રહે તે દરમ્યાન નવાં કર્મ ન બાંધે, એ તો સમયે સમયે નવાં નવાં કર્મ બાંધતો જ રહે છે, હવે એ નવા બાંધેલા કર્મજથ્થાને ક્યાં મૂકી આવશે? માટે કહો, લાખ ભવનાં નિશ્ચિત કર્મ પણ નથી, ને નવાં કર્મ બાંધવાનું ય બંધ પડી ગયું નથી.

**પ્રશ્ન :** તો પછી લાખ ભવની સ્થિતિ એટલે શું?

**ઉત્તર :** 'લાખ ભવની સ્થિતિ'નો અર્થ એ છે કે વર્તમાનમાં જીવ પર જે કર્મ લદાયેલા છે એ કર્મ એવા અનુબંધ (સંસ્કાર) વાળાં છે કે એના યોગે આ કર્મ ભોગવતાં નવાં કર્મ ઊભાં થાય, પાછા એ ભોગવતાં પેલા અનુબંધના યોગે વળી નવાં કર્મ ઊભાં થાય. એમ કર્મની પરંપરા ચાલે તે લાખ ભવ સુધી પહોંચે.

તાત્પર્ય, કર્મ બે જાતનાં, સાનુબંધ અને નિરનુબંધ. નિરનુબંધ કર્મ તો ભોગવાયાં એટલે ખતમ, ભોગવતી વેલા નવાં કર્મ બાંધવાની વાત નહિ. ત્યારે સાનુબંધ કર્મ એવાં કે એ અનુબંધવાળાં હોવાથી એ કર્મ ભોગવાતાં પાછા એવાં નવાં કર્મ ઊભાં કરે, એ કર્મ પરલોક સાથે ચાલે, ત્યાં પાછો એ અનુબંધ પણ સાથે ચાલે. કર્મ એના ફળરૂપે સુખ-દુઃખ આપે, શુભાશુભ સ્થિતિ આપે, અને અનુબંધ એ વખતે સારી-નરસી બુદ્ધિ આપે, એનાથી પાછા નવાં શુભ-અશુભ કર્મ બંધાય.

એટલે મહત્ત્વ કર્મનું જેટલું નથી એટલું અનુબંધનું છે. કર્મ તો ભોગવાઇને છૂટકારો પામી જાય, પણ 'અનુબંધ' સારી-નરસી બુદ્ધિ ઊભી કરીને કર્મની પરંપરા ચલાવે.

આ પરથી હવે સમજાશે કે લાખ ભવની સ્થિતિ એટલે એ સાનુબંધ કર્મો પર લાગેલા અનુબંધ એવી જાતના કે એ લાખ ભવ સુધી પરંપરા ચલાવી શકે. એટલે હવે જો એ અનુબંધો તોડવા યા મોળા પાડવાનું કામ થાય, તો લાખ ભવની સ્થિતિ ૫૦ હજાર, ૨૫ હજાર... યાવત્ એક હજાર કે તેથી પણ ઓછા ભવની સ્થિતિ આવીને ઊભી રહે, એટલે ભવસ્થિતિ ટૂંકી કરવાનો આધાર પાપાનુબંધો તોડવા પર છે. પાપાનુબંધો તોડવાનું કામ ચાર શરણસ્વીકાર વગેરે ત્રણ સાધન કરી આપે છે, માટે કહેવાય કે એ ત્રણ સાધનથી જેમ તથા-ભવ્યત્વ પાકે, એમ ભવસ્થિતિ પાકે અર્થાત્ ભવસ્થિતિ ટૂંકી થતી આવે. અસ્તુ.

'તથાભવપરિણતિ' યાને તથાભવ્યત્વ પાકવા માંડે ત્યારે જીવનો 'અબોધ'

અબૂઝતા-મૂઢતા દોષ દૂર થાય. પછી શું થાય? તો કહે–

**'દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી'**

એક બાજુ અબોધ દોષ ટળે, ને બીજી બાજુ ભલી દૃષ્ટિ ખૂલે. અત્યાર સુધી જીવ ઓઘદૃષ્ટિવાળો હતો, ઓઘ એટલે કે જીવ સામાન્યને હોય છે તે ભવાભિનંદી દૃષ્ટિ. માત્ર ભવના-વિષયોના આનંદ જ દેખે, આત્મા-ધર્મ-મોક્ષ કશું દેખવાનું નહિ. અત્યાર સુધી-એ જીવ ઓઘદૃષ્ટિમાં હતો, એને હવે યોગદૃષ્ટિ ખૂલે એટલે થાય કે 'હું ક્યાં ઊભો છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જઇશ? આમ દેહને મૂકી પોતાના આત્માનો વિચાર આવે. અત્યાર સુધી માત્ર દેહ અને દેહના સુખનો જ વિચાર હતો. એમાં મૌલિક દોષ અબોધ છે, મૂઢતા છે, તે પહેલાં જાય પછી યોગદૃષ્ટિ-આત્મદૃષ્ટિ ખૂલે. એના માટે ચાર શરણસ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતઆસેવન-અનુમોદના કરતા રહેવાનું. આમાં દુષ્કૃતગર્હા બહુ મહત્ત્વની છે, કેમકે દુષ્કૃત અર્થાત્ પાપવિચાર-પાપવાણી-પાપવર્તાવ વગેરે પાપ-કાર્યોનો ભારે સંતાપ થાય, પાપ ખટકે તો જ જીવનમાં પાપપ્રવૃત્તિ ઓછી થતી જાય. પાપ ખટકે તો પાપમાં ઓછાશ થાય. સાથે સુકૃતઆસેવનમાં પહેલા નંબરે સુકૃતોની અનુમોદના કરતા રહેવાનું. એના પ્રભાવ માટે નવકારનાં ૯ પદમાં છેલ્લાં ૪ પદ અનુમોદનાનાં છે. શા માટે? પૂર્વે જે પાંચ પદથી પરમેષ્ઠી નમસ્કારનાં સુકૃત કર્યાં તેની હવે અનુમોદના કરવાથી સુકૃતનો પાવર વધી જાય. એટલે નમસ્કાર સુકૃત કર્યું ત્યારે તો પુણ્ય મળી ગયું, પરંતુ હવે અનુમોદના કરતાં નવાં વિશેષ પુણ્યની કમાણી થાય અને પાપાનુબંધો પણ તૂટે. સુકૃત અનુમોદનાના આ મહાન લાભ જ્યારે જ્યારે અનુમોદના કરો ત્યારે ત્યારે નવું નવું પુણ્ય કમાવા મળે. અસ્તુ.

યોગની દૃષ્ટિ ખૂલે-અપૂર્વકરણ થાય એટલે એ ગ્રંથિભેદ કરી આપે, અને એની સાથે જિનપ્રવચન-વાણી મળે. માટે કહ્યું-'દૃષ્ટિ ખૂલે ભલી, પ્રાપ્તિ પ્રવચન વાક્'. ભૂતકાળમાં ભગવાનના સમોસરણમાં પણ અનંતીવાર જઇ આવ્યા પણ વાસ્તવમાં જિનવાણી મળી નહીં, અને મળી તો કાલસૌકરિક કસાઇને મળી એવી મળી, માત્ર કાનના રસને પોષવા માટે થઇ. પણ હવે તથાભવ્યત્વ પાક્યા પછી, 'પ્રાપ્તિ પ્રવચન વાક્' જિનપ્રવચનની વાણીને અર્થાત્ જૈનશાસ્ત્રશ્રવણને પ્રાપ્તિ કરે છે. જિનવાણીનું ઊંચું મૂલ્યાંકન કરે છે માટે તો પૂ. સૂરિપુરંદર હરિભદ્રસૂરિ મહારાજના ઉદ્‌ગારો નીકળ્યા કે **'हा अणाहां कहं हुंता, जइ न हुंतो जिणागमो'** જો આ જૈન પ્રવચન ન હોત તો અનાથ એવા અમારું શું થાત?

'અબોધ' દોષ ટળે ત્યારે સેવન-ભૂમિકાના ત્રણ ગુણ-અભય-અદ્વેષ-અખેદ આવે, અને એ મૂળભૂત અબોધદોષ યાને મહામોહની મિથ્યામાન્યતા ક્યારે ટળે ? તો



કહ્યું : ચરમયથાપ્રવૃત્તકરણથી તથાભવપરિણતિ-તથાભવ્યત્વ પાકવા માંડે ત્યારે. શ્રીપંચસૂત્રમાં તે માટે ત્રણ સાધન કહ્યાં.

ચાર શરણ-સ્વીકાર વગેરે ત્રણ સાધન શા માટે?

**૧. પહેલું અરિહંત-સિદ્ધ વગેરે ચારનો સ્વીકાર** એટલા માટે કે જીવનો અનાદિ કાળથી સ્વચ્છંદતાનો સ્વભાવ છે. માથે કોઇનું બંધન, કોઇને બંધાયેલા રહેવું નથી ગમતું. એ સ્વચ્છંદતા-સ્વેચ્છાચાર ટાળવા માટે અરિહંતાદિ ચારના શરણે જવાનું છે, એમનું શરણું સ્વીકારવાનું છે. બચ્ચું મન પર માતાનું શરણ સમજે છે તો માતાને વળગ્યું રહી મોટું થાય છે અને હોશિયાર થાય છે. એમ આપણે મન પર અરિહંતાદિ ચારનું શરણ સમજી જીવન જીવવાનું છે. મન કહે : 'મારે આધાર આ અરિહંતાદિ ચારનો. મને Minor માંથી Major, યાને નાદાનમાંથી પુખ્ત વયનો બનાવનાર અરિહંતાદિ ચાર. ત્યાં પછી મારો સ્વેચ્છાચાર-આપમતિનો વ્યવહાર ખોટો. બચ્ચું વાતે વાતે મા સામે જોયા કરે, એમ મારે વાતે વાતે અરિહંત-સિદ્ધ-સાધુ અને ધર્મ સામે જોયા કરવાનું, મારે એ જ આધાર, એ જ મારા પાલનહાર, મારા રક્ષણહાર. હૈયાથી આ સ્વીકારીને વારંવાર માથે ધરવાના. આ વારંવાર મન પર લાવીએ ત્યારે મનમાં એ ચાર પ્રત્યે આપણો શરણભાવ ઊભો થાય, એ થાય તો આપણો સ્વેચ્છાચાર, સ્વચ્છંદાચાર પડતો મુકાય. એ સ્વચ્છંદતા, સ્વેચ્છાચાર પડતો મૂકીએ તો જ આ મોહભર્યા સંસારમાંથી ઊંચે અવાય ને કાંઇક સારું સૂઝે.

બચ્ચાનું દૃષ્ટાંત નજર સામે રાખવાનું છે, એ માતાનું શરણ વારે વારે મન પર રાખી સ્વેચ્છાચાર બાજુએ મૂકે છે તો જ એ ઊંચું આવે છે, અને જતે દહાડે નાદાનમાંથી પુખ્ત વયનું બને છે. એમ આપણે પુખ્તવયના એટલે કે વીતરાગ ન થઇએ ત્યાં સુધી આ શરણાં વારે વારે મન પર રાખવાનાં છે, 'મારે અરિહંત શરણ, મારે સિદ્ધ શરણ, મારે સાધુ શરણ, મારે જૈનધર્મ શરણ', આ મન પર વારંવાર લાવીએ એટલે મનને એમ થાય કે, -'મારો સ્વેચ્છાચાર કશો આધાર નહિ, અરિહંત એ જ મારે આધાર, સિદ્ધ એ જ મારે આધાર...'

આ રીતે સ્વેચ્છાચાર-સ્વચ્છંદાચાર અટકે.

**૨. હવે દુષ્કૃતગર્હા** શા માટે? તો કે સંસારી જીવન ભરપૂર પાપપ્રવૃત્તિઓથી જીવાય છે, અને તેમાં વળી કશી અફસોસી નથી, એટલે પાપપ્રવૃત્તિઓ નિઃશંક-નિસ્સંકોચ આનંદભર ચાલ્યા કરે છે. જગતના જીવોમાં આ દેખાય છે ને કે નિઃશંકપણે પાપો કર્યે જ જાય છે... કર્યે જ જાય છે.... એવા પૂર્વે આપણે હતા, તે હવે પાપો-દુષ્કૃતોની ગર્હા-નિંદા-સંતાપ લાવ્યા કરીએ તો જ પાપપ્રવૃત્તિમાં અફસોસી થાય અને

કાંઇક મોળાશ આવે. જ્યાં સુધી પાપો-દુષ્કૃતો આચરતાં અફસોસી નથી, સંકોચ નથી, ત્યાં સુધી એમાં કાંઇ ઓછાશ આવે નહિ. પાપો-દુષ્કૃતોમાં એ અફસોસી લાવનાર ગર્હા છે, માટે બીજું સાધન દુષ્કૃતગર્હા મૂક્યું. એ પણ વારે વારે ગર્હા કરવાની, સંતાપ-પશ્ચાત્તાપ કરવાનો કે 'હાય! ક્યાં મેં ઠમઠોક દુષ્કૃતો આચર્યાં! એમ વારંવારની દુષ્કૃત-ગર્હાથી પાપો-દુષ્કૃતો આચરતાં અફસોસી રહે, પછી પાપો-દુષ્કૃતો આચરવામાં ઓછાશ કરાય. તો તેમ આગળ વધતાં જીવનમાંથી પાપો-દુષ્કૃતોને સદંતર બંધ કરાય, અને એ રીતે આત્મા ઊંચો આવે.

**૩. ત્રીજું સુકૃતસેવન** એટલા માટે છે કે જીવને અનાદિકાળથી સુકૃતોનો રસ જ નથી. પૈસા મળ્યા તો રાખી મૂકું કે જાતે ભોગવું, પણ બીજાને દાનમાં ન આપું. એનું દાન-સુકૃત કરું એ વૃત્તિ જ નથી. વિષયસુખો મળ્યા તો ભોગવી જ લઉં એવી જ વૃત્તિ રહે છે, પણ એનો ત્યાગ, સુકૃત કરું એવી વૃત્તિ જ નથી. તે હવે સુકૃતનો રસ ઊભો કરવાનો છે. એ સુકૃતોની અનુમોદના કરવાથી બને. અત્યાર સુધી અનુમોદના થતી હતી તે દુષ્કૃતોની, સારું ખાધું-પીધું એનો હરખ થતો હતો, પણ સારું દાનમાં દીધું એનો હરખ જ નહિ. પોતે દીધાનો તો નહિ, પણ બીજાઓએ દીધું એ જોઇને પણ હરખ કે અનુમોદના નહિ, પછી પોતાના જીવનમાં જાતે દેવાનું કે સુકૃત કરવાની વાત ક્યાંથી આવે? માટે સુકૃતની અનુમોદના, સુકૃતનો હરખ વારે વારે મન પર લાવવાનો, એ લવાય તો જ પાપ-દુષ્કૃતનો હરખ ઓછો થાય. દાનનો હરખ લવાય, તો પરિગ્રહ રાખી મૂકવાનો હરખ ઓછો થાય, ને દાનનો હરખ આવે. એટલે જીવનમાં વારે વારે દાનના આસેવન-આચરણને સ્થાન મળે.

આ રીતે આ ચાર શરણસ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદન-સુકૃત આસેવન વારે વારે થવાથી ભવપરિણતિ યાને તથાભવ્યત્વ અર્થાત્ ભવસ્થિતિ પાકતી આવે છે અને ત્યાં અબોધ દોષ ટળે છે, એ ટળવાથી ભલી દૃષ્ટિ યાને યોગની દૃષ્ટિ ખૂલે છે.

જીવને અનાદિકાળથી ભોગદૃષ્ટિ જ હતી. ઇન્દ્રિયનો સારો વિષય દેખ્યો કે એ ભોગવવા લલચાઇ જાય એવી જ વૃત્તિ છે. હવે એ બંધ કરી યોગદૃષ્ટિ ખોલવાની છે. ભવાભિનંદીપણું હોય ત્યાં સુધી વિષયો ભોગવી લેવા જેવા જ લાગે, પછી પરધન-પરસ્ત્રી હોય તો ય મનમાં તો એ લેવા ભોગવવા જેવા જ લાગે. વ્યવહારમાં ખોટું દેખાય છે માટે પરધન ઉપાડે નહિ, પરસ્ત્રીને હાથ ન લગાડે એ જુદી વાત. બાકી ભવાભિનંદીપણાનું મન એમ જ વિચારે કે આ લેવા લાયક, ભોગવવા લાયક.

ત્યારે જો યોગદૃષ્ટિ ખૂલે તો મનને એમ થાય કે પરધનને ઉપાડાય જ નહિ,



પરસ્ત્રીને હાથ લગાડાય જ નહિ. એટલું જ નહિ પણ સંસારમાત્રના વિષયો લેખા ભોગવવા લાયક નહિ એમ લાગે. આનું નામ ભવાભિનંદીપણું ટળ્યું, અબોધ દોષ ટળ્યો.

આના મૂળમાં એક જ વાત છે કે ત્રણ સાધનોથી તથાભવ્યત્વને અર્થાત્ ભવસ્થિતિને પકવો તો જ અબોધ દોષ ટળે, એટલે આમાં ભવસ્થિતિને-તથાભવ્યત્વને પકવનાર સાધનોની સાધનાનો પુરુષાર્થ મહત્ત્વનો છે. પુરુષાર્થ કરો તો ભવસ્થિતિ પાકે, એટલે પહેલાં ભવસ્થિતિ અમાપ હતી, અનિયત હતી, તે હવે નિયત થઇ. સ્થિતિ માપમાં આવી કે આટલી જ. આમ ભવસ્થિતિ નિયતાનિયત છે.

**'આચારપ્રદીપ'** શાસ્ત્રમાં પૂ. આ. રત્નશેખરસૂરિ મહારાજે પાંચ આચારનું વર્ણન કર્યું છે, એમાં ભવસ્થિતિની વાત લખી છે. ભવસ્થિતિ નિયતાનિયત કહી છે. ભવસ્થિતિ પકવી નહોતી ત્યાં સુધી ભવસ્થિતિ અમાપ હતી, નિયત નહોતી, નક્કી નહોતી, કે આટલી જ ભવસ્થિતિ. તે હવે ત્રણ સાધનથી પકવી એટલે નિયત થઇ કે હવે આટલી ભવસ્થિતિ. વળી એને પકવવાનું ચાલુ એટલે એમાં પણ ઓછી થતી આવે.

જેમ જેમ ભવસ્થિતિ પાકતી જાય તેમ તેમ દોષ ટળતા જાય ને ગુણ આવતા જાય. અહીં સવાલ થાય કે,

**પ્રશ્ન :** જ્ઞાનીએ દીઠું હશે તેટલા ભવ થવાના તો પછી તેને પકવવાનાં સાધનો સેવવાથી પણ શું વળવાનું છે?

**ઉત્તર :** જેને આપણે જ્ઞાનીએ દીઠું સમજીએ છીએ એ જ્ઞાનીની દૃષ્ટિમાં જેમ અંતિમ ફળ છે તેમ જ્ઞાનીની દૃષ્ટિમાં અંતિમ ફળનાં સાધનો સાધવાનું પણ દેખાય છે. દા.ત. અમુક કાળ, અમુક નિમિત્તો, તેવા પ્રકારના પુરુષાર્થ આ બધાની અસરની પ્રક્રિયા... ઇત્યાદિ પણ જ્ઞાનીની નજરમાં છે. હવે આત્મા એ સાધન-સામગ્રીથી સાધવાનો પ્રયત્ન કરે છે. એ હિસાબે ભવસ્થિતિ ટૂંકી બને છે, ને જ્ઞાનીભગવંત એ ભવિષ્યની સાધના અને એનાં ફળના પ્રત્યક્ષ દ્રષ્ટા છે, માટે અગાઉથી અમુક જીવની ભવસ્થિતિ કહી શકે છે, પરંતુ આ કહેવાનું અદ્ધરિયું નથી. કિન્તુ કેવલજ્ઞાનમાં સાથે સાથે આરાધનાની સામગ્રી સાધવાના પુરુષાર્થ પણ જોયેલા છે.

**પ્રશ્ન :** તો તો એમ જ કહો ને કે સાધનાના પુરુષાર્થ જ્ઞાનીએ જોયા હશે તો બની આવશે. એટલે અમારે અત્યારે ધર્મપુરુષાર્થ ન થતો હોય એનું કારણ જ્ઞાનીએ જોયો નથી માટે નથી બનતો.

**ઉત્તર :** ના, ઊલટું છે, જીવ સાધનાના પુરુષાર્થ તેવા તેવા કરે છે માટે જ્ઞાની તેવા તેવા સ્વરૂપનું જોઇ શકે છે. કિન્તુ એવું નથી કે જ્ઞાનીએ જોયું છે માટે પુરુષાર્થ

બને છે. જીવ સ્વેચ્છાએ પુરુષાર્થ કરે છે, એ કરવાથી આત્માની સારી સ્થિતિ ઊભી થાય છે, અને તેના પર ભવસ્થિતિમાં હ્રાસ નક્કી થાય છે ને તે જ્ઞાની જુએ છે, માટે તેમ કહે છે.

આ બરાબર યાદ રાખો કે જગતમાં વસ્તુ બને છે માટે જ્ઞાની જુએ છે, પણ એમ નહીં કે જ્ઞાની જુએ છે માટે બને છે. એમ જીવ સવળો કે અવળો પુરુષાર્થ કરે છે, અગર કરવાનો છે માટે જ્ઞાની જ્ઞાનથી એ જુએ છે. જેમકે પ્રાજ્ઞ દરદી દવા ખાવાનો પુરુષાર્થ કરવાનો હોય છે તેથી વૈદ દવા આપતાં કહે છે, તમને ચાર દિવસમાં સારું થઇ જશે. આ વૈદે કહ્યું માટે સારું નથી થતું કિન્તુ પેલાના દવા લેવાના પુરુષાર્થથી સારું થવાનું જુએ છે, માટે એમ કહે છે. આમાં વૈદે પુરુષાર્થ જોયો માટે દરદી પુરુષાર્થ કરે છે એવું નથી, પણ પ્રાજ્ઞ દરદી આપમેળે પુરુષાર્થ કરવાનો છે તે વૈદે જોયું, તેથી વૈદ ચાર દિવસમાં સારું થવાનું કહે છે. તાત્પર્ય, પુરુષાર્થ આપણે ફોરવવાનો છે.

જ્ઞાનીઓએ તો જેવી સ્થિતિ છે એ રીતે જોયું છે. એટલે જ્ઞાની જુએ છે તેવું બને છે એમ નહિ પરંતુ જ્ઞાની જેવું બને છે તેવું જુએ છે. અરીસામાં વરસાદ પડતો દેખાય છે તો શું અરીસામાં દેખાય છે માટે વરસાદ પડે છે? ના, વરસાદ બહાર પડે છે માટે અરીસામાં પડતો દેખાય છે. એમ જ્ઞાનીનું જ્ઞાન અરીસા જેવું છે. જગતમાં બનાવો બને છે, માટે જ્ઞાનીના જ્ઞાનમાં એ દેખાય છે. અરીસામાં વરસાદ પડવાનું દેખાય છે એટલું જ, પણ વરસાદ પડવાનું કોના આધારે? વરસાદ પડવાનાં કારણો અલગ છે. એને ને અરીસાને કાંઇ સબંધ નથી. એમ બહારના જગતના બનાવો અને જ્ઞાનીને કાંઇ સંબંધ નથી. બનાવો પોતાના કારણે બને છે તે તે જ્ઞાનીના જ્ઞાનમાં દેખાય છે એટલું જ, પણ જ્ઞાનીએ જોયું છે માટે ભવસ્થિતિ એટલી, એમ નહિ. ભવસ્થિતિ લાંબીટૂંકી થાય છે એ જીવના અસત્-સત્ પુરુષાર્થથી.

**મરીચિ**એ ઉત્સૂત્રભાષણ કર્યું. જ્ઞાનીઓએ લખ્યું કે **'એણે વચને વધ્યો સંસાર'**. એટલે ઉત્સૂત્રભાષણ પહેલાં ભવસ્થિતિ ટૂંકી હતી પરંતુ ઉત્સૂત્રભાષણથી ભવસ્થિતિ વધીને લાંબી થઇ ગઇ. જુઓ મરીચિએ પહેલાં કુળનો મદ કર્યો હતો ને એક કોડાકોડી સાગરોપમનું નીચગોત્ર બાંધ્યું હતું ત્યાં સંસાર વધ્યો ન કહ્યું. મરીચિ સાધુ થયા પછી પતિત થયા. ભરતમહારાજાએ ઋષભદેવ ભગવાનને પૂછ્યું 'પ્રભુ આપના જેવું કોઇ થશે?' ત્યારે ભગવાને કહ્યું કે 'તારો પુત્ર મરીચિ ૨૪મા તીર્થંકર થશે, તેમજ ચક્રવર્તી અને વાસુદેવ પણ થશે.' ભરત આ સાંભળીને મરીચિ પાસે આવ્યા. મરીચિને ત્રણ પ્રદક્ષિણા કરી, વંદન કરીને કહ્યું કે 'હું તમને નથી વાંદતો, પણ



તમે ભાવી ૨૪મા તીર્થંકર થવાના છો એટલે વંદન કરું છું.' આ સાંભળી મરીચિને મદ થયો. અભિમાન થયું કે 'મારા બાપા પહેલા ચક્રવર્તી, મારા દાદા પહેલા તીર્થંકર, અને હું પહેલો વાસુદેવ થઇશ, વળી હું ચક્રવર્તી અને તીર્થંકર પણ થઇશ. વાહ! કેવું મારું ઉત્તમ કુળ!' ત્યાં કુળનું અભિમાન થયું તેથી એક કોડાકોડી સાગરોપમનું નીચગોત્ર બંધાયું. કર્મસત્તા જાણે છે કે જેનું અભિમાન કરો તે હું ખુંચવી લઉં છું **"જાતની બડાઇ અને બીજાની હલકાઈ એ નીચગોત્ર બંધાવે છે."** આ નીચગોત્ર બંધાયું ત્યાં નથી લખ્યું કે એક કોડાકોડી જેટલો સંસાર વધ્યો, પણ અહીં લખ્યું કે 'તેણે વચને વધ્યો સંસાર'.

**પ્રશ્ન :** નીચગોત્ર બાંધ્યું તેમાં કેમ ન લખ્યું કે સંસાર વધાર્યો?

**ઉત્તર :** એનો જવાબ છે. ત્યાં જો સરખી રીતે ચાલ્યા હોત તો આ કર્મ તોડી શકત, પણ ઉત્સૂત્રભાષણ કરેલું એટલે પછી સંસારવૃદ્ધિ નક્કી થઇ ગઇ. ભવસ્થિતિ વધી ગઇ. ભવસ્થિતિની હાનિ-વૃદ્ધિ અઘાતીકર્મો પર નક્કી નથી થતી પણ ઘાતીકર્મોથી નક્કી થાય છે. નીચગોત્ર અઘાતી છે, જ્યારે મિથ્યાત્વ એ ઘાતિકર્મ હોવાથી કર્મની સ્થિતિ જડબેસલાક લાંબી કરી દે છે. એટલે આ ભવસ્થિતિ એવી છે કે ઘટાડવાના ઉપાય કરીએ તો ઘટે.

**પ્રશ્ન :** તો શું જ્ઞાનીના જોવામાં ફેરફાર થાય?

**ઉત્તર :** જ્ઞાની જે પ્રમાણે જુએ તે પ્રમાણે બને છે એવું નથી કિન્તુ જ્ઞાની જેવું બને છે અને બનવાનું છે તેવું જુએ છે.

આચાર્ય રત્નશેખરસૂરિજી મહારાજે લખ્યું કે ભવસ્થિતિ નિયતા-નિયત છે. એકલી નિયત પણ નહીં, અને અનિયત પણ નહીં. જીવ પુણ્યાદિનો અને પાપક્ષય માટેનો પુરુષાર્થ કરે એટલે ઉચ્ચ ફળ એમ વહેલો મોક્ષે પણ જાય, અને તેથી ઊલટું જિનાજ્ઞાનો લોપ કરે, ઉલ્લંઘન કરે તો આ લોપાદિ મહાપાપથી સંસારને લાંબો પણ બનાવે. તેથી એ અપેક્ષાએ ભવસ્થિતિ અનિયત થઇ. તો સવાલ થાય કે 'આ તમારા ઘરનું કહો છો કે આગમમાં લખ્યું છે?' જવાબ એ છે કે અમારા ઘરનું કહેતા નથી, પણ મહાનિશીથ આદિ આગમ ગ્રંથોમાં આવે છે.

**કમલપ્રભાચાર્ય** એ મહાપ્રભાવક આચાર્ય હતા. વિહાર કરતાં કરતાં ચૈત્યવાસીના ગામમાં જઇ ચડ્યા. ત્યાં ચૈત્યવાસીઓ મંદિરોમાં અડ્ડો જમાવી બેઠા હતા. પ્રભાવક આચાર્ય મહારાજનું નામ સાંભળીને લોકો એમની પાસે આવ્યા અને કહે, 'સાહેબ! આ ગામમાં બહુ ભાવિક લોકો છે. તેમને દેરાસર બંધાવવાનો ઉપદેશ આપો.' આચાર્યભગવંતે જોયું કે આ બધા દેરાસરોને જ પાપનો અખાડો બનાવીને બેઠા છે.

એટલે આવા ગામમાં દેરાસર બંધાવવાનો ઉપદેશ આપવો એટલે નરદમ પાપનું જ પોષણ ને પાપની જ અનુમોદના છે, માટે આવા ગામમાં તો દેરાસર ન બંધાવાનો ઉપદેશ આપવો જોઇએ. દેરાસરોને પાપ ખાતાં ન બનવા દઉં એ આશયે પ્રવચનો જોરદાર ચાલુ કર્યાં. આ ગામમાં જિનમંદિર બંધાવવું તે સાવદ્ય (સ-પાપ) છે એમ જાહેર કર્યું. પરિણામે ત્યાં તીર્થંકરનામકર્મના દળિયા ઉપાર્જન કરવા લાગ્યા. ચૈત્યવાસીઓ અકળાયા, જિનમંદિરને સાવદ્ય જાહેર કરનાર આચાર્યનું નામ જ સાવદ્યાચાર્ય પાડી દીધું. હવે ગમે ત્યાંથી એમનો દોષ શોધવા લાગ્યા. એમાં એક તહેવારના દિવસે ભીડમાં અનુપયોગથી સાધ્વીજી તેમને અડી ગયાં અને એ પેલા ચૈત્યવાસીઓએ જોયું. બીજે દિવસે વ્યાખ્યાનમાં પ્રશ્ન કર્યો, સાધુથી સાધ્વીને અડાય? આચાર્ય મહારાજ સમજી ગયા. પણ પ્રભાવક હતા એથી પ્રશ્ન રમાડી વ્યાખ્યાન પૂર્ણ કર્યું. રોજને રોજ આ લોકો આ જ પ્રશ્ન કરે ને મહારાજ પ્રશ્ન ગળી જઇ વ્યાખ્યાન બીજી દિશામાં લઇ જાય. આમ કરતાં કરતાં દહાડા પર દહાડા જવા લાગ્યા. એટલે એક દિવસ ચૈત્યવાસીઓએ સીધો પ્રશ્ન કર્યો : મહારાજ! તે દિવસે તમે સાધ્વીને કેમ અડ્યા હતા? ત્યારે આચાર્યમહારાજે સીધો જવાબ આપવાને બદલે કહ્યું : બેસો બેસો, શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ ઘણા છે! તાત્પર્ય- અપવાદે સાધ્વીને અડાય એમ કહ્યું. તેથી હવે પેલા લોકોએ કહ્યું- આ શુદ્ધ આચાર્ય નહીં પણ ખરેખર સાવદ્યાચાર્ય છે. બ્રહ્મચર્યવ્રત નિરપવાદ હોવા છતાં સાપવાદ હોવાનું સૂત્રવિરુદ્ધ કથન કરવાથી તીર્થંકરનામકર્મના દળિયા વિખરાઇ ગયા અને ઉત્સૂત્રભાષણથી અનંત સંસારી બન્યા. જિનવચનની અવગણના કરી એથી શું થયું? ભવસ્થિતિ વધી ગઇ.

**બે સાધુ હતા.** કેવલજ્ઞાની મળ્યા. એકે પૂછ્યું. મારા ભવ કેટલા? કેવલીએ કહ્યું, સાત ભવ. બીજાએ પૂછ્યું તો કહે અસંખ્ય ભવ. હવે સાત ભવવાળાને થયું કે 'કેવલજ્ઞાનીએ કહ્યું એમાં જરા મીનમેખ પણ ફેરફાર ન હોય. સાત ભવ કહ્યા છે એટલે આઠ ભવ નથી થવાના. એટલે હવે આ તપ અને ત્યાગ કરીને કૂચે શા માટે મરવું? ચાલો સંસારની લીલાલહેર કરી લઇએ.' એમ કરી ઘર ભેગો થઇ ગયો. ભારે વિષય-કષાયોમાં મગ્ન બની સાતમી નરકે ગયો.

બીજા મુનિને અસંખ્ય ભવ કહ્યા છે, તે વિચારે છે કે કેવલીએ અસંખ્ય ભવ કહ્યા છે પણ કેટલો કાળ એ નથી કહ્યો. એટલે વધારે જોરથી ત્યાગ-તપ-જ્ઞાન-ધ્યાન કરું તો ટૂંકા કાળમાં અસંખ્યભવ પતી જાય, તેથી એ ધર્મ કરવામાં લાગી ગયા. પરંતુ આયુષ્યબંધ વખતે જરા ગફલતમાં રહી ગયો, તેથી સંયમમાં વિરાધનાઓ થવાથી એકેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધ્યું, મરીને એકેન્દ્રિયપણામાં ગયો. ત્યાં અસંખ્યભવ



જોતજોતામાં પૂર્ણ થઇ ગયા, ને મનુષ્ય ભવ પામ્યો. પૂર્વની જોરદાર આરાધનાના સંસ્કાર તો જામ થઇને પડેલા જ હતા, તેથી ચારિત્ર લઇ થોડા કાળમાં ઉત્કૃષ્ટ આરાધનાથી મોક્ષ પામી કામ સાધી ગયા.

જ્યારે પેલો ઘરે ગયેલ સાધુ અમનચમનમાં પડીને સાતમી નરકે ગયો છે, ૩૩ સાગરોપમનો જંગી કાળ છે, એમાં પહેલા સાગરોપમમાં ૧૦ કોટાકોટિ પલ્યોપમ. એમાંના પહેલા પલ્યોપમમાં અસંખ્ય વર્ષો, તે હજી ચાલુ છે ને આ બીજો સાધુ મોક્ષે પહોંચી ગયો. આમ એણે ભવસ્થિતિ ટૂંકી કરી નાખી, ને બીજાએ વધારી દીધી. માટે કહ્યું-ભવસ્થિતિ નિયતાનિયત છે. પુરુષાર્થ કરો તો નિયત એટલે કે આટલા જ ભવની સ્થિતિ અને પુરુષાર્થ ન કરો તો અનિયત, ખબર નહિ કેટલા ભવ કરવા પડે.

એટલે ચરમાવર્તકાળમાં પણ ચરમયથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ વગેરે થાય ત્યારે તથાભવ્યત્વ પાકે યાને ભવસ્થિતિ પાકે, એટલે દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે. દૃષ્ટિ ખૂલે એટલે ભલી દૃષ્ટિ, યોગદૃષ્ટિ ખૂલે. આત્મામાં યોગદૃષ્ટિ પ્રગટ થાય. ક્યારે પ્રગટ થાય? દોષ ટળે એટલે. દોષ શાના કારણે? ક્યા દોષ હતા? ભવાભિનંદીપણાના કારણે.

**ભવાભિનંદી એટલે સંસારરસિયો.** એના આ ૮ દોષ શાસ્ત્રે કહ્યા છે,

**क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।**

**अज्ञो भवाभिनन्दी स्यात् निष्फलारम्भसङ्गतः ॥ ( योगबिन्दु )**

ભવાભિનંદી જીવ આ ૮ દોષવાળો હોય છે,

(૧) **ક્ષુદ્રઃ** એટલે તુચ્છ, છીછરા હૃદયવાળો. છીછરા હૃદયને કારણે મન ઉમદા ન હોય. જેમકે **અંગારમર્દક આચાર્ય.** એમનું હૃદય કેવું ક્ષુદ્ર હતું? ગામમાં બીજા એક ગીતાર્થ આચાર્ય મહારાજને સ્વપ્ન આવ્યું. '૫૦૦ સારા હાથીઓનાં ટોળાને એક ભૂંડ નેતા લઇને આવે છે!' એમણે પોતાના શિષ્યોને કહ્યું કે આજે આવું કાંઇક જોવા મળશે કે નેતા ભૂંડ જેવો હશે અને શિષ્યો-સાધુઓ સારા હાથીઓ જેવા હશે, પછી વિહાર કરી પેલા આચાર્ય સમુદાય સાથે અહીં આવ્યા. એમણે જોયું કે અહીં અંગારમર્દક આચાર્ય ક્ષુદ્ર દિલના છે. ગીતાર્થો સામાની મુદ્રા, તેમના વચન-બોલ અને ચાલ ઉપરથી એ પરખી શકે છે. સમજી ગયા કે આ અભવી જેવા છે. એટલે એમના મુખ્ય શિષ્યોને ખાનગીમાં કહ્યું કે 'તમે આ કોના પનારે પડ્યા છો? આ તમારા ગુરુ તો અભવી જેવા છે.' ત્યારે શિષ્યો કહે, 'સાહેબ! આપ શી રીતે કહો છો? અમારા ગુરુ તો અમારા પર કેવોક ઉપકાર કરે છે!' ત્યારે ગીતાર્થ આચાર્ય ભગવાન કહે : એ બધું ઠીક છે, પણ આજે રાતે તમને બતાવીશ, જાગતા રહેજો'. ગીતાર્થ આચાર્યે માત્રુ પરઠવવાની જગ્યાએ શ્રાવકો પાસે કોલસી પથરાવી દીધી. રાત્રે અંગારમર્દક આચાર્ય જાગ્યા. માત્રુ કરવા ચાલ્યા. પેલા શિષ્યો

પણ જાગતા જ પડ્યા હતા, તરત ઈશારો કરીને બિલ્લી પગે જોવા ચાલ્યા. આચાર્યના પગ નીચે કોલસીનો કિચુડ કિચુડ અવાજ થતાં આચાર્ય હસતાં હસતાં બોલ્યા, 'અલ્યા મહાવીરના જીવડાઓ! તમારું સંગીત સારું ચાલે છે. લો ત્યારે, ચલાવો ચલાવો બહુ સારું સંગીત!' એમ કહીને પગ જરા જોરથી દબાવી ચાલવા લાગ્યા. શિષ્યોએ આ જોયું અને સ્તબ્ધ થઈ ગયા. આચાર્યનું હૃદય કેવું ક્ષુદ્ર કે જીવો હોવાનું માનવા છતાં એને પગ નીચે કચડીને ખુશ થવા લાગ્યા! પછી તો ૫૦૦ શિષ્યોએ નક્કી કરી લીધું કે હવે ન રહેવાય. હવે અહીંથી આપણે ગુરુને છોડીને ચાલ્યા જવાનું. સવાર પડી, શિષ્યો ગુરુ પાસે આવ્યા, કહે 'લો સાહેબ, મત્થએણ વંદામિ, હવે આપણો સંબંધ પૂરો થયો'. કેમ શું થયું? 'રાતના આપ શું બોલતા હતા? જીવો કચરાતા જાણી ખુશ થઈને અલ્યા મહાવીરના જીવડાઓ! તમારું સંગીત સારું ચાલે છે, એમ કહી બહુ જોરથી જીવોને કચડતા ચાલેલા ને? અમે રજા લઈએ છીએ. બસ, પાંચસોય શિષ્યો ગુરુને મૂકીને ચાલ્યા. ક્ષુદ્ર હૃદય એ આ ભવાભિનંદીનું લક્ષણ છે.

(૨) **પૌદ્ગલિક લાભ-રતિઃ** અર્થ-કામના લાભમાં ખીલી ઊઠે છે. જરા લાભમાં ખામી આવે તો ખિન્ન થાય, અરતિ કરે. લાભરતિવાળાને ગમે તેટલું મળે તોય સંતોષ નહિ, અને મળેલામાં એટલો બધો આનંદ કે બીજું કાંઈ એને સૂઝે નહિ, નજરે જ ન ચડે. જેમ કે મમ્મણ શેઠ, બિચારો રતનના બળદિયાના આનંદમાં નહિ દાન, નહિ ભોગ..... એમ.

(૩) **દીનઃ** યાંચાશીલતા. ભવાભિનંદી જીવમાં માંગણિયાપણું, માંગણિયો જ સ્વભાવ. અથવા કહો જે મળ્યું છે એ એને ઓછું જ લાગે. પેલી ભીલડીની જેમ-રાજાએ રાણી બનાવી. ૭/૮ દિવસ થયા. રાજાએ પૂછ્યું 'કેમ મજા છે ને?' ત્યારે આ ભીલડી કહે શાની મજા? 'કેમ ખાવા પીવામાં ગુલાબજાંબુ વગેરે મળે છે ને?' પેલી કહે એમાં શી મજા આવે? ગુલાબજાંબુ તો મલ્યા પણ પેલાં ખાટાં ખાટાં બોર ક્યાં મળે છે?' પણ પહેરવાની જરિયન સાડીઓ વગેરેની મજા તો છે ને? પેલી કહે 'એમાં શું? પેલા ઝાડની છાલના બદનિયા ક્યાં છે? અરે, હીરા-માણેક મોતીનાં આભૂષણો છે ને? ભીલડી કહે 'એમાં શું? પેલી વેલડીના ચણોઠી ટાંકેલાં બલૈયાં ક્યાં મળે છે?' આ શું છે? દીનતા. ગમે તેટલું સારું મળે પણ ઓછું જ લાગે. આ દીનતા દોષ છે. બીજું મલે, ત્રીજું મળે, પેલું મળે, ઓલ્યું મળે એમ થયા કરે.

(૪) **મત્સરીઃ** ઈર્ષ્યાવાળો. ભવાભિનંદી જીવ કોઈનું સારું સહન ન કરી શકે. કહે છે ને કે વરનારનું વળે ને ઘાંયજો (હજામ) પેટ બાળે, એના જેવું થાય. કોઈનું દાન, કોઈની કમાઈ, કોઈનું સુખ કશું જ એ સહી ન શકે, બળ્યા કરે. આ માત્સર્ય દોષ છે.



(૫) **ભયવાનઃ** વાતવાતમાં ભયમાં રહે. જેમકે ધોયેલાં કપડાં ઓઢવા કાઢ્યા પછી શું થાય? ભય લાગે, મેલું થઈ જશે તો? બગડી જશે તો? બીજાની બિમારી દેખી લાગે કે મને તો બિમારી નહી આવે? વેપારમાં ખોટ તો નહિ આવે? પૈસા ખરચાઈ તો નહિ જાય? સંસારનો રસ એકલા પુદ્ગલના આનંદમાં જ સર્વસ્વ મનાવે છે.

(૬) **શઠતાઃ** માયા-કપટ. ભવાભિનંદી બોલે તોય માયાથી, વ્યવહાર કરે તો ય કપટથી. માયા ક્યાં સુધી પહોંચે છે? સાધુ થયો હોય તોય પોતાના ઉત્તમ કોટિના ચારિત્રના ગુણો ભલે કાળા મેશ થઈ જાય પણ માયા કપટ ન છૂટે. એક જ લેશ્યા કે મારું સારું રાખું. હું સારો ગણાઉં.

(૭) **અજ્ઞતાઃ** મૂઢતા એવી કે વસ્તુને સીધી રીતે વિચારતાં જ ન આવડે. ઊંધું જ વિચારવા જોઈએ. સાચા વસ્તુસ્વરૂપને બતાવનારાં મજેદાર શાસ્ત્રો, સાંભળવા-ભણવા મલ્યાં હોય પણ એને આત્મ-કલ્યાણ અર્થે ભણવાની વાત નહિ, 'હું ભણીને વિદ્વાન થઉં, વક્તા થાઉં, લોકમાં નામના થાય, ચાહકો થાય, અનુયાયીઓ થાય' આ જ લેશ્યા. જે શાસ્ત્રો તારણહાર છે, એ જ શાસ્ત્રોને મારણહાર બનાવે. **ગોવિંદ બ્રાહ્મણ**ને થયું, હું જૈનાચાર્ય પાસેથી વાદવિદ્યા ભણી સારામાં સારો વાદી બનું. બનાવટી વૈરાગ્ય બતાવી દીક્ષા લીધી. વિનયી શિષ્યનો ભારે દેખાવ કર્યો. જાતની ખબર પડવા ન દીધી. ગુરુ ભણાવે એ ક્રમશઃ બધું ભણે છે પણ વાદવિદ્યા શીખી લેવા માટે જ. પૌદ્ગલિક માન-સન્માન માટે જ આધ્યાત્મિક સાધના કરવાનું મન થાય તે મહા અજ્ઞતા-મૂઢતા છે. **આધ્યાત્મિક અવિનાશી મહાન વસ્તુને નાશવંત માન-સન્માન સાથે પરણાવવી એ કાગડાની ડોકે મોતીની માળા પહેરાવવા સમાન છે. એ મૂઢતા છે.** શ્રીપાલ કોઢિયા હતા ને રાજાએ એને કહ્યું 'આ મારી દીકરી મયણા તને આપી' ત્યારે રાજાને શ્રીપાલે આ જ કહ્યું હતું. 'રાજન્! ક્યાં હું કોઢિયો? ક્યાં તમારી અપ્સરા સમી દીકરી? કાગડાની ડોકે મોતીની માળા ન બંધાય' પણ રાજામાં મૂઢતા આવી હતી. દીકરી નવપદજીના પ્રભાવે પાછળથી રાજરાણી બની એ વાત જુદી.

ગોવિંદ બ્રાહ્મણ વાદવિદ્યા માટે સાધુ થયા, ખૂબ નમ્રતાથી ભણે છે, પણ મૂઢતા છે, છતાં જિનાગમનો પ્રભાવ કેવો કે એ ભણતાં ભણતાં જે બોધ થાય છે એમાં એક વિચારે ચમક્યા કે અરે! આવાં ઉત્તમ તત્ત્વો છે? એ બતાવનારાં શાસ્ત્રો ભણું છું એ તુચ્છ વાદવિજય માટે? મહાન મોક્ષ પ્રાપ્ત કરી જેનાથી જનમ જનમના પરિભ્રમણ બંધ કરી શકાય, એ શાસ્ત્રોનો આવો હલકટ ઉપયોગ? ભણતાં ભણતાં મિથ્યાત્વ ઓગળી ગયું અને થયું : 'ઓહો! ક્યાં મારો વૈદિક ધર્મ? વારે વારે છી-છી ને ધો-ધો, એની

સામે અહીં વાતવાતમાં સૂક્ષ્મ જીવોની પણ રક્ષા અને દયા! જીવન ત્યાગ અને બ્રહ્મચર્યભર્યું ! આ ઊંચી ચીજો! મિથ્યાત્વ ગયું, મૂઢતા ગઇ, ફરીથી ચારિત્ર લીધું, શાસ્ત્રોના નિર્યુક્તિ(વ્યાખ્યા)કાર બન્યા.

**જે સાધનાઓમાં ઊંચાં ફળ છે એ ઊંચાં ફળો મૂકીને તુચ્છ ફળની કાંક્ષા કરીએ તે અજ્ઞતા-મૂઢતા છે.**

(૮) **નિષ્ફલારંભ સંગતઃ** જે કાર્ય કરે તે બધાં નિષ્ફળ. આમ તો કેટલેક સ્થળે દેખીતું ફળ આવે પણ એમાં આત્માનો કશો ઉદ્ધાર ન હોય, કેમકે એમાં આત્મામાં કશું સારું પરિણમાવવાનું લક્ષ જ નથી હોતું, માત્ર કાયા-માયાનું ભલું કરવાની જ વૃત્તિ હોય છે. ભવાભિનંદીના આ ૮ દોષ છે. એ એકેક દોષ એવો છે કે જીવને યોગની દૃષ્ટિ પામવા જ ન દે. એના મૂળમાં **'અબોધ'** મહામિથ્યાત્વનો દોષ કામ કરે છે. એ જાય તો ભય-દ્વેષ-ખેદ વગેરે જાય ને યોગદૃષ્ટિ ખૂલે, ઉમદા દૃષ્ટિવાળો બને. ભવાભિનંદીને બીજી રીતે જોઇએ તો એની દૃષ્ટિ જ દેહ-દ્રવ્ય-કુટુંબ પર, જ્યારે મોક્ષદૃષ્ટિવાળાની દૃષ્ટિ પરમાત્મા-જૈનધર્મ-જૈન સંઘ પર. કહ્યું છેઃ -

**देहे द्रव्ये कुटुम्बे च सर्वसंसारिणां मतिः ।**
**जिने जिनमते सङ्घे पुनर्मोक्षाभिलाषिणाम् ॥**

જીવ જ્યાં સુધી સંસારરસિયો છે ત્યાં સુધી દેહ, દ્રવ્ય અને કુટુંબ ઉપર દૃષ્ટિ હોય છે, પણ જ્યારે મોક્ષાભિલાષી બને ત્યારથી ખાતા ફરી ગયા.

સવારે ઊઠીને ભગવાનનાં દર્શન-પૂજા કરવા જાય, પછી ભગવાનની વાણી સાંભળવા જાય, પછી સંઘની ભક્તિનો વિચાર કરે. અત્યાર સુધી કાયા, દ્રવ્ય અને કુટુંબ પર દૃષ્ટિ હતી તે હવે કાયાની જગ્યાએ જિનદેવાધિદેવ ઉપર, દ્રવ્યની જગ્યાએ જિનમત-જિનવાણી ઉપર અને કુટુંબની જગ્યાએ સંઘ ઉપર થાય છે.

તો પછી ઘરનું-સંસારનું કુટુંબનું કાંઇ ન કરે? કરે, બધું કરે, પણ એ અનિવાર્યરૂપે કરે. જ્યારે જિન, જિનમત અને જૈનસંઘનું કરે તે આત્મહિતાર્થે કરે, જીવનના લહાવા તરીકે કરે. એ માટે મહાપુરુષોનાં ચરિત્રો વાંચે, સાંભળે, મનમાં મમરાવે-જીવનમાં શક્ય અપનાવે.

જીવની સાથે અનાદિકાળથી સહજમલ લાગેલો છે. એવો એ નિબિડ રાગ-દ્વેષનો મળ છે કે કશું સારું સૂઝવા જ ન દે. આત્માની મોક્ષની કોઇ વાત સૂઝવા જ ન દે, આને કોણ દૂર કરી શકે? માત્ર કાળ. જેમ જેમ પુદ્‌ગલપરાવર્તના કાળ વીતે તેમ તેમ એમાં ઘસારો થતો જાય, પણ જ્યારે ચરમાવર્તમાં આવે ત્યારે એમાં નોંધપાત્ર ઘસારો આવે, એને 'સહજમલ-હ્રાસ' કહેવાય. એ થાય એટલે



**दुःखितेषु दयात्यन्तम् अद्वेषो गुणवत्सु च ।**
**औचित्यात्सेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥ [ योगदृष्टिसमुच्चय ] ॥ ३२ ॥**

(૧) દુ:ખી જીવ પર અત્યંત દયા આવે. (૨) ગુણવાન ઉપર દ્વેષ-ઈર્ષ્યા નહિ અને (૩) બધે જ ઔચિત્ય સાચવે.

પછી યોગની દૃષ્ટિમાં- ભલી દૃષ્ટિમાં આવે, એટલે સંસારનાં સુખમાંથી માથું ઊંચું કરવાનું થાય. ત્યારે એને સહજ એવો ભવોદ્વેગ આવે, 'સંસાર ખોટો છે કેમ? તો કે આપણું પોતાનું મૂકીને પરની વેઠ કરાવે છે, આત્માનું છોડીને કાયા-માયાની વેઠ કરાવે છે, માટે ખોટો છે' એ ભવવૈરાગ્યના ભાવ પર લાખો-કરોડોની સંપત્તિ છોડીને નીકળી જનારા તરફ નજર જાય. દોષ ટળે ત્યારે આ દૃષ્ટિ ખૂલે. ત્યારે ત્યાં પ્રાપ્તિ પ્રવચન વાક્-એને ભગવાનના પ્રવચનની વાણી મળે. એમ તો અનંતાકાળમાં ઘણી વાણી સાંભળી, પણ પ્રાપ્તિ ન થઇ. પ્રાપ્તિ એટલે હૈયાને સ્પર્શના. ભગવાનની વાણી ઉપર અહોભાવ, આકર્ષણ શ્રદ્ધા.

**ઈન્દ્રભૂતિ ગૌતમન** આ વાણી મળી તે પહેલાં અંધકારમાં દોડતા હતા, તેમાં ધક્કો લાગ્યો, ભગવાનની વાણીનો હૈયામાં પ્રવેશ થયો, યજ્ઞયાગની ક્રિયામાં ધક્કો લાગ્યો ને આગળ વધ્યા, ૧૪ પૂર્વધર દ્વાદશાંગીના રચયિતા બની ગયા, અબોધ દોષ હતો એ ટળી ગયો, ને યોગની દૃષ્ટિમાં આવી ગયા.

તેમ **હરિભદ્ર વિદ્વાન બ્રાહ્મણ પુરોહિત** અભિમાનમાં હતા, વીતરાગ પર પણ દ્વેષી હતા પણ સાધ્વીઓનો આશ્રમ જોયો, પ્રવર્તિનીનો વિનય જોયો, એ નિમિત્ત પર ચોંક્યા, ટકોર લાગી, દોષ ને ધક્કો લાગ્યો, દૃષ્ટિ ખૂલી ગઇ, સાધુ થઇ ગયા.

**શય્યંભવ ભટ્ટ**ને જૈન મુનિ પર સૂગ હતી. તમે નહાતા નથી એમ કહી યજ્ઞવાડામાં પેસવા ન દીધા, પણ મુનિઓએ **'ખેદની વાત છે, અહીં તત્ત્વની ગતાગમ નથી'** તે સાંભળીને ચોંક્યા. દમ મારવાથી યજ્ઞના ગોર પાસેથી જિનમૂર્તિના પ્રભાવનું તત્ત્વ જાણવા મળ્યું. યજ્ઞસ્તંભની નીચેથી જિનપ્રતિમા જોવા મળી. દોડ્યા પ્રભવસ્વામી પાસે. પૂછ્યું, એમણે બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ બતાવ્યું. દૃષ્ટિ ખૂલી, જિનાગમ-વાણી મળી, તો ત્યાં જ સાધુ થઇ બેસી પડ્યા.

**રાજા પ્રદેશી** નાસ્તિક હતો, સાધુ-સંન્યાસીનો દ્વેષી હતો, પણ કેશીગણી મહારાજનો યોગ મળ્યો, તો દોષ ટળી ગયો ને દૃષ્ટિ ખૂલી ગઇ, ને 'પ્રાપ્તિ પ્રવચન વાક્' જિનપ્રવચનની વાણી મળી. હવે શું કરવાનું? તો કહે છે-

**પરિચય પાતક ઘાતક સાધુશું, અકુશળ અપચય ચેત,**
**ગ્રન્થ અધ્યાત્મ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત. સંભવ૦ ૪**

**ભાવાર્થઃ-** પાતકનો ઘાતક એવા સાધુજનો(અને અધ્યાત્મશાસ્ત્રો)નો પરિચય સાધીશું, જેથી અશુભ મન (ના અધ્યવસાયો)નો હ્રાસ થાય. જુદી જુદી અપેક્ષાઓની દૃષ્ટિસ્વરૂપ નયોના પરિશીલનના હેતુએ અધ્યાત્મના ગ્રન્થોના શ્રવણ-મનન કરવા દ્વારા (આ પરિચય સાધીશું.)

**વિવચેનઃ-** પૂર્વગાથામાં અંતે જિનપ્રવચનની વાણી પ્રાપ્તિ થવાનું કહ્યું, હવે એ પ્રાપ્તિ થવા પર શું નિષ્ક્રિય બેસી રહેવાનું? તો કે ના, એના પર સત્પરિચય સાધવાનો. એટલા માટે કવિ પ્રભુની આગળ પોતાની આ ભાવના વ્યક્ત કરતાં કહે છે : 'પરિચય પાતક ઘાતક સાધુશું' અર્થાત્ પાપોનો નાશ કરનારા સત્યપરિચયને સાધીશું. પરિચય કરશું કોનો? તો કે સાધુજનોનો અને અધ્યાત્મશાસ્ત્રોનો. શા માટે સાધુજનનો? પાપી મલિન થયેલા ચિત્તને સુધારવા માટે સંતપરિચય જ કામ કરે. અત્યાર સુધી પાપના પોષક એવાં સંસારીઓના અર્થાત્ જડના, સ્ત્રીના, ધનના, મિથ્યાશાસ્ત્રોનાં વાંચનના-શૃંગારભરપૂર વાંચનોના, કુમિત્રો-અકલ્યાણમિત્રોના.... આ બધાના પરિચયો ઘણાં કર્યા, જે બધા ય પાતક યાને પાપકર્મોને વધારનારા બન્યા. તે બે રીતે (૧) પાપકર્મોનો સંબંધ કરાવીને, (૨) પાપ-દુષ્કૃતોના સંસ્કાર વધારીને. આ દ્વિવિધ પાતકનો ઘાત સત્પરિચયથી થાય. એ પરિચયમાં (૧) કલ્યાણમિત્ર સાધુનો પરિચય તેમ (૨) ઉપદેશમાલા, યોગશાસ્ત્ર આદિ અધ્યાત્મગ્રંથોનો સંસર્ગ કરે, ભણે, પારાયણ કરે. તેથી લાભ શું? 'અકુશળ અપચય ચેત' અશુભ મનના અશુભ વિચારોનો, કષાયોનો, પ્રમાદાદિનો 'અપચય' યાને હ્રાસ થાય.

જેવો સંગ તેવો રંગ જામે. જેનો સંગ યાને પરિચય રાખીએ તે પ્રમાણે વિચારસરણી ઘડાય. અસત્‌ના સંગથી અસત્ અશુભ વિચારણા ચાલે. અત્યાર સુધી આત્મા આગળ વધ્યો નહોતો. તેનું કારણ જીવને અસત્‌નો સંગ હતો. વિચિત્ર પ્રકારનું મિથ્યાત્વમોહનીયકર્મ આત્મામાં એવો પરિણામ જગાવે છે કે ધર્મ-અધ્યાત્મની વાત ગળે ઊતરવા જ ન દે. આ મિથ્યાત્વને પોષનાર સવ્યુત્પન્ન મિથ્યાત્વી દેવો છે, કુગુરુઓ છે, મિથ્યાશાસ્ત્રો છે. આ બધાએ મિથ્યાત્વને પોષ્યું, મિથ્યા માન્યતાઓ પોષી, તેને દૂર કરવા માટે સત્ પરિચય જોઈએ.

હવે પરિચય એવાના કરવા છે જે પાપનો ઘાત કરનારા બને. એવા પાપનાશક પરિચય કરવા જેવા પાંચ છે.

(૧) પરમસંત પરિચય (૨) સંત પરિચય (૩) સત્ પરિચય

(૪) શાસ્ત્ર પરિચય (૫) તત્ત્વ પરિચય.

(૧) **પ્રથમ પરિચય પરમ સંત** = પરમાત્માનો કરવાનો, એટલે કે એમને



મનમાં બહુ લાવવાના. કેમકે એ અનંત પ્રભાવશાલી છે, હવે મારે શી ચિંતા? એથી એમનાથી હુંફ મળે છે, એમની ઓથે સર્વ સિદ્ધિઓ મળે છે, એમને મનથી પળ પણ દૂર ન કરાય. એમનો પરિચય શી રીતે કરવાનો? તો કે

(1) પ્રભુનું જીવન-દર્શન કરવાનું (2) એમનાં ગુણોનું શ્રવણ-સ્મરણ કરવાનું

(3) એમનું નામ રટણ કરવાનું અને (4) ભક્તિ-સ્તવન કરવાનાં.

આ કરવા દ્વારા પરમસંત-પરમાત્માનો પરિચય સાધવાનો. એમાં શું શું કરવાનું? તો કે

(1) **પરમાત્માના જીવનદર્શનમાં** સમગ્ર જીવનનું દર્શન કરવાનું. મહાવીર ભગવાનના જીવનમાં આત્મપરાક્રમ કેવાં? ~~સહન~~ કરવાનું આવ્યું તે કેટલું બધું સહન કર્યું? સંગમ દેવતાએ માથા ઉપર ૫૦૦૦ મણનું કાળચક્ર જોરથી ઝીંક્યું! આઘાત એટલો બધો લાગ્યો કે પગ નીચેની જમીન ફાડીને ભગવાન ઢીંચણ સુધી જમીનમાં ખૂંચી ગયા! ત્યારે પણ એમ ન વિચાર્યું કે હાય મારે કેવું દુઃખ આવ્યું! મહાવીર ભગવાને આવું કેટકેટલું સહન કર્યું? એમ પરમાત્માના જીવનને તપાસવાનું. સુલસા શ્રાવિકા આ કરતી હતી તેથી એને અંબડે હાજર કરેલા કૃત્રિમ બ્રહ્મા, વિષ્ણુ વગેરે જોવા જવાની ફુરસદ જ નહોતી. એમ,

(2) **પરમાત્માના ગુણો યાદ કર્યા કરવાના.** તે તે પ્રસંગે પરમાત્માએ કેવા કેવા ગુણો પ્રગટ કર્યા તે તપાસવાનું. કોઈ વિદ્વાન જો ભગવાનના સારા ગુણો ગાતો હોય, તો એ સાંભળ્યા જ કરવાના. એમ પરિચય વધારવા માટે -

(3) **પરમાત્માનું નામ-રટણ કરવાનું.** ગૌતમમહારાજ 'વીર-વીર' કરતા હતા, એથી એમને પ્રભુનો પરિચય વધી ગયો. પેલા ભવદેવ મુનિએ જેમ પોતાની પત્નીનું નામ નાગિલા-નાગિલા બાર વર્ષ સુધી રટેલું તો પરિચય કેવો વધી ગયો કે બાર વર્ષે ગુરુને છોડીને એ પત્ની નાગિલા પાસે જવા ઉપડી ગયા! એમ પ્રભુનું સતત નામ-રટણ એક દિવસ આપણને પ્રભુ પાસે લઈ જાય.

(4) **ભગવાનનો પરિચય ભગવાનની દ્રવ્ય-ભાવ ભક્તિથી કરવાનો.** એમાં પ્રભુનો પરિચય વધે, એથી અનંતા તરી ગયા, કેઈક ભક્ત ભગવાનની ભક્તિ કરતાં તરી ગયા! તો બીજા વળી બીજી રીતે ભક્તિ કરતાં તરી ગયા. નાગકેતુ પુષ્પપૂજાની અખંડ ભક્તિ કરતાં કરતાં કેવલજ્ઞાન પામી ગયા! રાજા કુમારપાળ ત્રિકાળ પ્રભુભક્તિ કરતાં કરતાં ગણધરપદનું પુણ્ય ઉપાર્જી ગયા. અરિહંત ભગવાનના આવા પરિચય કરાય. એમના જીવન-દર્શન, ગુણ-સ્મરણ, નામ-રટણ અને ભક્તિ-ગુણગાન કરતાં, નમસ્કાર કરતાં કરતાં પાતકનો નાશ થાય છે.

એકેક પરમેષ્ઠીને કરેલા નમસ્કારની આટલી તાકાત છે. "એસો પંચ નમુક્કારો" બોલીએ છીએને? શાસ્ત્રમાં કહ્યું છે–

અરિહંતનમુક્કારો  સવ્વપાવપ્પણાસણો
સિદ્ધાણંનમુક્કારો  સવ્વપાવપ્પણાસણો
આયરિયનમુક્કારો સવ્વપાવપ્પણાસણો
ઉવજ્ઝાયનમુક્કારો સવ્વપાવપ્પણાસણો
સાહૂણં નમુક્કારો સવ્વપાવપ્પણાસણો

**એમ એકેક પરમેષ્ઠીને કરેલ નમસ્કારથી સર્વપાપ નાશ કરવાની મહાન તાકાત બતાવી છે.** તો પાંચે પરમેષ્ઠીને કરેલા આ પાંચ નમસ્કાર સર્વપાપનો નાશ કરે એમાં નવાઈ શી? આ ઋષિ-મહર્ષિઓની વાણી છે. આમ પરમાત્માનાં ગુણગાનાદિ કરતાં પરમાત્માની ઉપાસના-સેવા-ભક્તિ કરવાની. આ પહેલો પરિચય પરમસંતનો.

(૨) હવે **બીજો પરિચય સંતનો યાને સાધુનો કરવાનો.** સાધુનો પરિચય યાને ચારિત્રસંપન્ન જે ગુરુ છે તેમનો પરિચય કરવાનો.

જેમ અરિહંતનો પરિચય અરિહંતની ઉપાસનાથી થાય એમ સાધુનો પરિચય એમની ઉપાસનાથી થાય.

**ઉપાસના-સાધના ત્રણ પ્રકારે,** (1) યોગાવંચક, (2) ક્રિયાવંચક અને (3) ફલાવંચક. આ ત્રણ 'અવંચક' યોગની સાધના કરવાની. (1) યોગાવંચક એટલે સાધુનો એવો યોગ કે જે નિષ્ફળ ન જાય, પછી એ ક્રિયા લાવે. અવંચક યાને અવશ્ય સફળ. વંચક એટલે નિષ્ફળ ને અવંચક એટલે સફળ. સાધુ પાસે ગયા તો ધોયેલા મૂળાની જેમ પાછા નહીં ફરવાનું. કાંઈક ને કાંઈક લઈને આવવાનું. તો શું લઈને આવવાનું?

(2) ક્રિયાવંચક, વંદનની ક્રિયા કરીને વંદનનો લાભ લઈને આવવાનું. આપણા જીવે અનંતાકાળમાં કેઈક મોહાંધોને નમી નમીને પાપનાં પોટલાં માથે લીધાં છે, તો લાવ સાધુને વારંવાર વંદન કરું, જેથી પાપનાં પોટલાં માથેથી ઊતરી જાય' આ ભાવથી નમન ક્રિયા.

**કૃષ્ણમહારાજા** નેમનાથ ભગવાનના સાધુને વંદના કરીને ભગવાન પાસે આવ્યા, ને કહે 'પ્રભુ! હવે થાક્યો.' ત્યારે ભગવાન કહે, 'કૃષ્ણ! તું થાક્યો નહીં, તેં થાક ઉતાર્યો! તેં ભાર ઉતાર્યો! સાત નરકમાંથી ચાર નરકને તોડી', કૃષ્ણ કહે, 'તો પ્રભુ! ફરીથી વંદન કરી આવું, જેથી બાકીની ત્રણ પણ તૂટી જાય' ત્યારે ભગવાન કહે 'હવે એ ભાવ ફરી ન આવે. રાઈના ભાવ રાતે વહી ગયા.' કેમકે એ વંદન વખતે



મનમાં ફળની કોઈ સ્મૃતિ ન હતી. હવે ત્રણ નરક તોડવાનો વિચાર મનમાં આવી બેસી ગયો, તેથી હવે જે વંદન થાય એનું બળ ઘટી જવાથી એનો પેલા જેવો લાભ ન મળે. વંદનની ક્રિયામાં કેટલી તાકાત છે? યોગ કર, ક્રિયા કર, પણ સફળ કર. સફળતાનો આધાર વિધિ અને ભાવ ઉપર છે. વિધિ બરાબર સાચવજે.

**બીકાનેરના શ્રાવક સુમેરમલજી સુરાણા** હતા. પહેલાં એ ઉપાધ્યાય વીરવિજયજી મહારાજના ભગત, પછી પૂ.આ. દાનસૂરિજી મહારાજના, ત્યારબાદ પૂ.આ. પ્રેમસૂરિજી મહારાજના ભગત રહ્યા. પિંડવાડામાં ૧૭/૧૮ સાધુઓ હતા. તો એકેક સાધુને સ્પષ્ટ-સૂત્રોચ્ચારપૂર્વક, સંડાસા બરાબર પૂંજીને વંદન કરે. ભગવાનની ક્રિયા ઉપર જેને અત્યંત બહુમાન સાથે વિધિ પ્રયત્ન હોય, તેને સમ્યક્ત્વ નિશ્ચિત થઈ જાય, તેને સંસાર પકડી રાખી શકે નહીં. કેમકે વિધિ પર ભાર એટલે જિનવચને કહ્યા પર ભાર છે, એ સમ્યક્ત્વ નક્કી કરી આપે.

**અમદાવાદમાં શિવાભાઈ સત્યવાદી** હતા, મિલના મોટા મેનેજર, એ ચૌદશે પૌષધ કરે તો જાણે સાધુ જોઈ લો. ક્રિયા એટલી બધી શુદ્ધ અને ઉપયોગપૂર્વક કરે, એક મિનિટ પ્રમાદ નહીં કરવાનો, ઊંચા સાદે બોલવાનું નહીં. સ્વાધ્યાય-જાપ ચાલુ. નવરા કે વાતો કરતા બેઠેલા પોષાર્થીને કહે 'મહાનુભાવ! આપણે પૌષધમાં છીએ, સ્વાધ્યાયમાં રહેવાનું.' સાધુઓને આ જોઈને અનુમોદના થાય કે શું સરસ ક્રિયા કરે છે!

સંતપરિચય એટલે કે સાધુપરિચય કેવોક કરવાનો? એમાંથી આવી બધી ધર્મનિષ્ઠા આવે, વિનયાદિ સદ્ગુણો આવે, એવો સાધુપરિચય હોય, એમાં પછી સાધુ પાસે ગપાટા મારવા ન જવાય, આપબડાઈ હાંકવા ન જવાય, બીજા સાધુઓની નિંદા કરવા-સાંભળવા ન જવાય.

(3) ક્રિયાવંચકમાંથી ફલાવંચક આવે. વંદનક્રિયાનું ફળ શું? પહેલા નંબરે વિનય. વંદનની ક્રિયા કરો, હૈયામાં વિનયનો ભાવ આવે, બહુમાન આવે. કેવો ભાવ લાવવાનો, જેવો ગૌતમસ્વામીને ભગવાન ઉપર હતો એવો. ભગવાનની આગળ ધ્યાનકોષ્ઠની મુદ્રાએ બેસતા. ફલાવંચકનું ફળ આવવું જોઈએ. જેમ ક્રિયાનું ફળ વિનય, તેમ વિનયના ફળમાંથી બીજાં બધાં ફળ.... દા.ત. જ્ઞાન-સંપત્તિની વૃદ્ધિ, સમ્યગ્દર્શનની નિર્મળતા, ચારિત્રપર્યાયની વૃદ્ધિ વગેરે થાય. વિનયનું ફળ શાસ્ત્રશ્રવણ મળે. એ ગ્રહણશિક્ષા પછી આસેવનશિક્ષા વગેરે આવે. આમ આ બધું સંતના પરિચયથી થાય, ને એથી પાતકનો ઘાત થાય.

(૩) **ત્રીજો સત્ પરિચય** એટલે કે **સજ્જન પુરુષોનો પરિચય** યાને

કલ્યાણમિત્રનો વારંવાર યોગ. જે પોતાની મનઃકલ્પિત માન્યતાથી આત્માના અહિતની વાત ન કરે, પણ શાસ્ત્રને આગળ કરી આત્મકલ્યાણની જ વાત કરે. એનો યોગ એ સત્‌પરિચય. જેમકે **નાગકેતુને** પૂર્વભવે ખેડૂત પુત્ર, તેણે ઓરમાન માતાના ત્રાસથી કંટાળી શ્રાવક મિત્રની સલાહ માંગી. એને જો આ સંત્‌પરિચય ન હોત, ને બીજા મિથ્યાત્વીનો પરિચય હોત, તો તો એ મિથ્યાત્વીએ સલાહ એવી જ આપી હોત કે 'મા શાનો ત્રાસ આપી શકે? તારા બાવડામાં જોર છે કે નહિ? લે બુધું ને કર સીધું'. તો તો એ સલાહનો અમલ કરતાં એને કોઇ પછીના ભવે ચરમશરીરી નાગકેતુ બનવાનું ન મળત. કિન્તુ માતાની સાથે પોતે પણ કદાચ ભવોભવના વેર બાંધી સંસારમાં રખડી પડત! આ પરથી દેખાય છે કે જીવને સત્‌પરિચય કેટલો બધો આશીર્વાદરૂપ નીવડે છે!

કહેવત છે ને કે સંગ તેવો રંગ! સારી સંગત મળે તો જીવનમાં પલટો લાવી દે. સત્‌નો સમાગમ જીવને શેતાનમાંથી સત્‌ બનાવી દે.

**એક રાણો** હતો. જંગલમાં સાત સસલાનો શિકાર કરીને ઘોડાના પૂંછડા સાથે સાતેયના મડદા બાંધી જંગલમાંથી ચાલ્યો જતો હતો તે રસ્તો ભૂલ્યો, ત્યાં સામેથી આવતા એક બારોટને પૂછે છે, ભાઈ! તું રસ્તો (વાટડી) જાણે છે?

બારોટ સત્‌ મિત્ર હતો, તે એણે રાણાનો ભય રાખ્યા સિવાય સાચી સલાહ આપવા કહી દીધું....

**જીવ હણંતા નરય ગઈ, જીવ રકખંતા સગ્ગ,**
**હું જાણું દોય વટ્ટડી, જિણ સૂઝે તે લગ્ગ.**

ભાઇ! હું તો બે વાટડી-રસ્તા જાણું છું. જીવોને હણતાં નરકગતિની વાટડી, ને રક્ષા કરતાં સ્વર્ગની વાટડી. હવે તમને સૂઝે તે વાટડીએ લાગો. અર્થાત્‌ આ બિચારા નિર્દોષ સસલા મારી નાખીને ક્યાં જવા ધાર્યું છે? એ વિચારી લો. રાણો ઘોડેથી નીચે ઊતરીને બારોટને પગે લાગી કહે છે. 'શાબાશ! શાબાશ! આજ તમે મારી અંતરની આંખ ખોલી નાંખી, આજથી મારે શિકાર બંધ.'

**સત્‌નો પરિચય સત્‌ બનાવે.**

**ઋષભદેવ ભગવાનનો જીવ** ચોથા ભવમાં **મહાબળ રાજા,** એમને મંત્રીમંડળી નાસ્તિક જેવી મળેલી, તે નાસ્તિક જેવી વાતો કરીને રાજાને રંગરાગમાં ડૂબેલો રાખે. માત્ર પ્રધાનમંત્રીને આ ખૂંચતું હતું, તેથી અવસરે રાજાને ધર્મ સાધવા પ્રેરણા કરતો, પરંતુ પેલા અસત્‌સમાગમ યાને કુમિત્રોના સંપર્કના લીધે એને આની વાત મનમાં ઊતરતી નહિ. એમાં એકવાર બહારગામથી આવી રાજાને જ્યાં કહ્યું કે 'જ્ઞાની પાસેથી જાણી લાવ્યો છું કે, તમારું આયુષ્ય હવે માત્ર એક માસનું બાકી છે.' ત્યાં રાજા ચોંક્યો! હાય!



મહિનો તો આમ વીતી જશે, પછી હું ક્યાં? મંત્રીને ઉપાય પૂછતાં મંત્રી કહે : ચારિત્ર એ જ એકમાત્ર ઉપાય છે, ને રાજાએ તરત ભગવાનની ભક્તિનો ઓચ્છવ માંડ્યો, ગુરુ પધારતાં ચારિત્ર લીધું. આ પરિણામ શાનું? સત્‌ પરિચય હતો એનું.

એમ **નાસ્તિકરાજા પ્રદેશીને** પણ ધર્મરુચિવાળા મંત્રીનો સત્‌પરિચય હતો, તો જ મંત્રીની કુનેહથી શ્રીકેશીગણી મહારાજનો યોગ થયો અને રાજા પરમ આસ્તિક બન્યો.

વાત આ છે, પાતક ઘાતક પરિચય– (૧) જેમ પરમસંત પરમાત્માનો કરવાનો, (૨) જેમ સંત-સાધુ મહાત્માઓનો કરવાનો, તેમ (૩) સત્‌-સજ્જન પુરુષોનો યાને કલ્યાણમિત્રોનો પણ પરિચય સાધતા રહેવાનું. એથી 'અકુશલ અપચય ચેત' અર્થાત્‌ ચિત્તની અકુશળતાઓ ઘટતી આવે.

(૪) **ચોથો શાસ્ત્રપરિચય કરવાનો**– શાસ્ત્રો વારંવાર રટવાં - બોલવાં. અમારા એક સાધુ, મોટી ઉંમરે દીક્ષા લીધી, છતાં સૂત્રો મોટેથી નાના સાધુની જેમ રટે, ગોખાઈ ગયેલાને પણ રટે, રખે ક્યાંક મારા સૂત્રો ભુલાઈ ન જાય. શાસ્ત્રોને ખૂબ રટો, એની સાથે પારાયણ પણ ખૂબ કરો, અગ્યાર અંગના પાઠી (ભણેલા) મુનિઓ પણ દિવસ-રાત એનું રટણ કર્યા કરતા, ને એના પર અનુપ્રેક્ષા (ચિંતન) કરતા. આનું નામ શાસ્ત્રપરિચય. આ હોય પછી મજાલ છે મોહની કે ઊભો રહે?

શાસ્ત્રમાં આવે છે કે **એક સાધુ** હતા, મોહનો ઉદય થયો, મિત્રસાધુને વાત કરી, એટલે મિત્રસાધુએ સલાહ આપી, આયંબિલ-ઉપવાસ, વિગઈત્યાગ વગેરે કરો, તો એ કરવા લાગ્યા. એમાં બે મહિના નીકળી ગયા, પણ મોહનો ઉદય શાંત ન થયો. છેવટે આચાર્યભગવંત પાસે ગયા.

પગમાં પડ્યા, રડ્યા ને વાત કરી 'સાહેબ! આમ થાય છે.'

આચાર્યશ્રી કહે 'કેટલા વખતથી?' બે મહિનાથી. તો મને કહ્યું કેમ નહીં? ચિંતા કરીશ નહીં, એમાં બહુ ડરવાની જરૂર નથી. જો અમારી સૂરિમંત્રની આરાધના એવી હોય છે કે એમાં સંકલ્પ કરીએ એ સિદ્ધ થાય, તો તારા માટે સંકલ્પ કરીશ, તેથી બધું સારું થશે, પણ ત્યાં સુધી તું મારું એક કામ કરીશ?

સાધુ કહે, 'વાહ કેમ ન કરું? મારા અહોભાગ્ય ક્યાંથી કે આપશ્રીની સેવા કરવાની મળે, ફરમાવો.'

આચાર્યમહારાજ કહે, 'જો આપણી પાસે સાધુઓ ઘણા છે, એમને તારે વાચના આપવાની છે.'

બસ આચાર્યભગવંતે સવારથી રાતના ૧૦/૧૧ વાગ્યા સુધી સાધુઓને વાચના

આપવી વગેરેમાં એમને કામે લગાડી દીધા. ૧૦/૧૫ દિવસ પછી આચાર્યમહારાજ પૂછે-કેમ છે હવે?

આ કહે, સાહેબ! શાસ્ત્રોની ભરપૂર વાચનાઓમાં બીજું કશું જ યાદ જ નથી આવતું. ને આખા દિવસના થાક્યાપાક્યા રાતના ગાઢ નિદ્રામાં કશું યાદ નથી આવતું. સૂત્રવાચના આપવાની, અર્થવાચના આપવાની, એમાં સમય ક્યાં પસાર થાય છે, ખબર જ નથી પડતી. પતી ગયું, વાસના શમી ગઈ.

**શાસ્ત્રપરિચય મોહના ફુરચા ઉડાડી દે છે.** સાધુને નવરાશ ક્યાંથી હોય? **બર્નાડ શો** વિલાયતનાં મહાન ચિંતક હતા. એમને કોઈકે પૂછ્યું : મિ. શો! સુખની ચાવી શું? ત્યારે બર્નાડ શો કહે : સુખની ચાવી દિવસના કલાક ચોવીશ, પણ ૨૮ કલાક જેટલું કામ રાખો, નવરા ન પડો, એટલે સુખ જ સુખ. દુઃખ યાદ ન આવે. એમ આ શાસ્ત્રપરિચયમાં પાંચે પ્રકારનો સ્વાધ્યાય આવે, આ કરતાં કરતાં પણ ચિત્તના વિચારોની અશુભતાઓ ઘટતી આવે.

(૫) **પાંચમો પરિચય તત્ત્વનો ને માર્ગનો પરિચય–** તત્ત્વનો પરિચય કરવો હોય તો શું કરવાનું? તત્ત્વના પરિચયમાં આપણી જીવનસરણી જીવ-અજીવ આદિ નવતત્ત્વના ચિંતનથી વણાયેલી જોઈએ. જેમ કે શ્રાવિકા ચાની તપેલી ચૂલેથી નીચે ઉતારી ઉઘાડી ન મૂકે. કેમ? તો કે ચા ઠંડી ન પડી જાય માટે નહિ, કિન્તુ કોઈ જીવ-જંતુ એમાં પડી મરે નહિ એ માટે. એ કાળજી હોય તો જીવન-સરણીમાં તત્ત્વને, તત્ત્વચિંતનને વણ્યું કહેવાય. તેમ સાધુ ગોચરી કરે તે શા માટે? એમ વિચારે કે 'દેહ છે એ મોક્ષની સાધના માટે ટકાવી રાખવાનો છે, એને ટકાવવા માટે અને સંયમની સારી સાધના થાય, સાધુઓની સેવા-વૈયાવચ્ચ આદિનો લાભ સારો મળે એ માટે આહાર વાપરું તો આ માર્ગની-તત્ત્વની વિચારણા કરી કહેવાય. આવું વારંવાર કરાય એ તત્ત્વમાર્ગનો પરિચય કહેવાય. એમ તત્ત્વનો પરિચય એટલે નવતત્ત્વ જીવનના પ્રસંગોમાં પરિણત થઈ જવા-વણાઈ જવા. બહારના કોઈ આવીને બોલી જાય કે ફલાણાના ઘરે લગ્નપ્રસંગે હાઈક્લાસ જમણવાર કરેલો, તો એ વખતે એમ જો વિચાર આવે કે અરેરે! કેવો જાલીમ આરંભ-સમારંભ! આમ જો વિચારે તો ત્યાં તત્ત્વ પરિણમ્યા ગણાય. પણ હેં? શું શું જમાડ્યા? એમ થયું તો ફસ્યો. એટલે જીવનનાં પ્રત્યેક પ્રસંગમાં તત્ત્વ વણવાનું છે, આ ધ્યાન રાખવા જેવું છે. જીવનમાં ચાલતી વિચારસરણીને ખાસ કરીને તત્ત્વ સાથે વણીને ચલાવવાની છે. એમાં મુખ્યતાએ આશ્રવ અને સંવર અર્થાત્ હેય અને ઉપાદેય તત્ત્વની દૃષ્ટિએ વિચારણા રાખવાની, અર્થાત્ જીવનપ્રસંગો-પદાર્થો-કાર્યો-બોલ વગેરેનાં હેય કે ઉપાદેય ખાતામાં હવાલા



નાખવાના.

**સમરાદિત્યકેવલી** ચરિત્રમાં આવે છે. **સમુદ્રદત્ત એ શેઠનો દીકરો** છે. સાસરે પોતાની પત્નીને લેવા માટે નોકરને લઈને જાય છે. રસ્તામાં વિસામાર્થે એક ઝાડની નીચે બેઠા છે. નોકર બેઠો બેઠો જમીન ખોતરે છે. ને તેમ કરતાં ઢેખાળો ઊખડ્યો. અંદરમાં સોનૈયાભર્યો ચરુ (લોટો) દેખાયો, શેઠના પુત્રની નજર પડી કે તરત જ એ બોલી ઉઠ્યો 'અરે! અરે! ઢાંક, ઢાંક, આ તો મોટું અધિકરણ છે. 'અધિકરણ' એટલે દુર્ગતિના અધિકારી બનાવે તે સંસારનાં સાધન. ત્યારે મોક્ષનો ઉપકાર કરે એવા સાધનને 'ઉપકરણ' કહેવાય. અહીં આ સમુદ્રદત્ત ધનને મહારાગ અને હિંસાદિપાપ વગેરે કરાવનારું દેખે છે, ને તેથી જ દુર્ગતિદાયી સમજી અધિકરણ તરીકે કહે છે. તો એ ગૃહસ્થ માણસ છે, યુવાનીમાં આવ્યો છે, પત્નીને લેવા જઈ રહ્યો છે, આગળ એની સાથે સંસાર-ઘર ચલાવવાનું છે, તો શું પૈસાની જરૂર નહીં પડે? પણ એને કેમ અહીં લાલચ ન લાગી? કહો એની વિચારસરણી તત્ત્વની સાથે વણાએલી છે.

નોકરની પાસે જમીન ઢંકાવી દીધી. નોકરના મનમાં થાય છે કે આને આ બધું પડાવી લેવું છે માટે આમ કરે છે, પણ હું કાંઈ કમ નથી તે એમ જવા દઈશ. ત્યાંથી ગામના નાકે આવ્યા. શેઠનો છોકરો કહે, 'જા ગામમાં અને સમાચાર આપી આવ કે જમાઈ ગામ બહાર આવ્યા છે. નોકરના મનને આ સાંભળીને એમ થાય છે, 'હં..... મને મૂકીને આને હવે પેલો દલ્લો લઈ લેવો છે.' નોકર તો દોડતો દોડતો ગામમાં ગયો ને દોડતો પાછો આવ્યો. હાંફે છે. શેઠે પૂછ્યું : કેમ શું થયું? આ કહે, અરે! અરે! જુલ્મ થયો જુલ્મ. તમારા સાસુ-સસરા બિચારા લમણે હાથ દઈ ઓટલે બેઠા હતા. પડોશમાં મેં કારણ પૂછ્યું તો કહે કે 'છોકરી વંઠી ગઈ છે. એટલે બિચારા મૂંઝાય છે કે જમાઈને જવાબ શો આપશું? ત્યારે શેઠના છોકરાએ શું વિચાર્યું કે 'ત્યારે એ પહેલેથી જ એવી હશે?' ના, એણે તત્ત્વથી વિચાર્યું કે 'છોકરી તો સારી હતી. વડીલોએ પૂરી તપાસ કરીને પસંદ કરી હતી. પણ અહો! સંસારમાં મોહ શું કામ કરે છે. તો હવે મારે આવા સંસારમાં રહીને પણ શું કામ છે? હવે તો ગુરુ પાસે જઈને સંયમ લઈ લેવું એ જ હિતકર છે. અહીંથી જ ગુરુ પાસે પહોંચી જાઉં.' વિચારસરણી કેવીક ઉમદા! તત્ત્વનો પરિચય હૈયામાં કેવોક વણાયેલો? અહીં માનો ને કે વાત જુઠ્ઠી હતી, છતાં એના પર પોતાની ઉમદા વિચારસરણીમાં શું બગડ્યું? આગળ જઈને એ સાધુ થાય છે, ને એની પાછળ પત્ની પણ ચારિત્ર લે છે!

જીવનના પ્રસંગોમાં તત્ત્વો વણાયેલાં હોય તો જીવનમાં વિચારસરણી આવી ઉત્તમ ચાલે. તત્ત્વબોધ-તત્ત્વચિંતન દ્વારા જાગ્રત રહેવાથી તત્ત્વપરિચય થાય. આપણા

રોજિંદા જીવનમાં જેટલાં દર્શન, જેટલાં શ્રવણ ને જેટલાં સ્મરણ ચાલે એ બધામાં તત્ત્વને વણવાનું. દર્શને દર્શને ને શ્રવણે શ્રવણે જીવાદિ તત્ત્વ વણી લેવાનું કરવાનું. દા.ત. બંગલો દેખાયો તો થાય કે 'કેવુંક મોટું કેદખાનું?' એક કોઈકે ચોરી કરી-આવું શ્રવણ થયું તો મનને થાય કે ' સવ્વે જીવા કમ્મવસ.' આવા સારા મનુષ્યજન્મમાં આવવા છતાં પણ કર્મો બિચારાને કેવા દબાવે છે!' આ વૈરાગ્યપોષક દયાનો શુભ વિચાર છે, પણ જો એમ વિચારે કે 'માણસ ડામીસ છે' તો આ વિચાર દ્વેષનો, કષાયના ઘરનો અશુભ વિચાર છે, એમ મનન કરવાનું. કંઈ પણ દુ:ખ કે કષ્ટ આવે તો તરત મહાપુરુષોને નજર સામે લાવવાના કે 'એમને કેવાં કેવાં દુ:ખો પડ્યાં હતાં. મને તો કાંઈ નથી'

**૧૦૦ વર્ષ પહેલાં મણિવિજય** નામે મહાત્મા થઈ ગયા. બરડામાં પાઠું પડ્યું, કીડા પડેલા. એમાંથી નીચે પડી મરી ન જાય તેથી ત્યાં પાટો બાંધી રાખે, કેમ? અંદરના કીડા બિચારા બહાર નીચે પડશે તો મરી જશે! આ કેટલો મોટો ઉચ્ચ દયાનો વિચાર! દુ:ખ કે કષ્ટ વખતે આવા મહાપુરુષો યાદ નથી આવતા, માટે દુ:ખ કે કષ્ટ આવતાં બીજા આગળ રોદણાં રોવાનું જ મન થાય છે.

**સનત્કુમાર ચક્રવર્તી**ને ૧૬ ભયંકર રોગો ઊભા થઈ ગયા. દવા તો ન જ કરી બલ્કે ૭૦૦ વર્ષ સુધી રોગી અવસ્થામાં પ્રખર તપ-સંયમની સુંદર સાધના કરી. ઔષધ કરવાનો વિચાર કેમ કરતા નથી? સમજે છે કે, રોગ એ મારા મિત્ર છે. જે જેટલા વધુ આવે, અને વધુ રહે, તેટલા વધુ મારા કર્મોના કચરા સાફ થાય. **આરોગ્યની અનુકૂળતા ભોગવવામાં તો પુણ્યની મૂડી સાફ થાય છે, પ્રતિકૂળતા ભોગવતાં અશુભ કર્મોના કચરા સાફ થાય છે.**

**ધર્મરુચિ અણગાર** ઝેરી કડવી તુંબડીનું શાક પરઠવવા ગયેલા. પણ એના એક બિંદુ પર કીડીઓ મરી તેથી જાતે એ માસખમણને પારણે વાપરી ગયા. રુંવાડે રુંવાંડે ઉગ્ર આગ ઊઠી છે, છતાં સહન કર્યું.

એમ **ખંધક મહામુનિના** જીવતાં ચામડાં ઉતાર્યાં છતાં 'આ વેદના ખરાબ' એટલું ય મનમાં ન લાવ્યા. કેમ? આ તત્ત્વ અને માર્ગના પરિચયથી પરિણત થયા હતા. ત્યાં એટલું જ વિચાર્યું, **'કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી! રે.'** આપણે આવું બધું યાદ કરીએ તો દુ:ખ કંઈ વિસાતમાં નહીં લાગે.

એમ ભૂતકાળ અને ભવિષ્યકાળના બનાવનું આર્તધ્યાન કરે, તો શું વળે? શો ફાયદો? વિચારે કે પેલો નોકર રાખેલો એ બદમાશ નીકળ્યો, કેમ કરીને ખસે નહિ, માંડ કાઢ્યો એને. આવું વિચારવાથી શું વળે? આ ભૂતકાળનું આર્તધ્યાન છે. એમ-



કદાચ હું કમાઉં તો પડોશી આપણે કમાયા સમજી પૈસા માંગશે, એને કેમ રોકવો? આ ભવિષ્ય અંગેનું આર્તધ્યાન છે. ભૂત ભવિષ્ય અંગે પણ આર્તધ્યાનથી ફોગટ કર્મ અને કુસંસ્કાર બંધાય. આવા ખરાબ ધ્યાન કેમ ચાલે છે? કહો, તત્ત્વનો પરિચય નથી માટે. એ જ રીતે બીજાની સાથેનો વ્યવહાર પણ તત્ત્વ સમજીને કરવાનો. જેમ કે 'સામો માણસ બહાર આપણી નિંદાનાં બોલ બોલે છે' એમ સાંભળવા મળે, ત્યારે પણ સૌમ્યતા રાખવાની. તત્ત્વ જ વિચારવાનું કે એ કદાચ એનો સ્વભાવ બજાવે છે, તો મારે મારો ઉમદા સ્વભાવ બજાવી એને ક્ષમા આપવાની. આવો તત્ત્વપરિચય પાપોનો ઘાતક છે. પૂર્વનાં પાપકર્મ નાશ પામે તથા નવાં પાપાચરણ અટકે.

**તત્ત્વપરિચય** એટલે જીવન પ્રસંગોને, કાર્યોને અને વિચારસરણીને નવતત્ત્વમાંનાં ઘટતા તત્ત્વની છાયા આપવાની. દા.ત. ઘરમાં વધારે પડતી ચીજ વસ્તુ વસાવી. ત્યાં એ જોતાં મનને એમ થાય કે 'અરેરે! હું તો આ બધા અનર્થકારી અધિકરણ (પાપસાધનો) વધારી રહ્યો છું. બહાર દુનિયામાં કોઈની પૈસા ટકા આદિની જાહોજલાલી દેખાય ત્યાં મનને થાય કે 'આ તો પૂર્વના પુણ્યની લીલા છે. આ જાહોજલાલી જડ પુદ્ગલની લીલા છે.' એમ એ આત્માને દુર્ગતિમાં તાણી જનારી જડ જાહોજલાલી તરીકે દેખાય. આવો જો તત્ત્વપરિચય સાધતાં આવડે, તો પછી પૈસાની જડ જાહોજલાલી જોવાની ઝંખના કે એવું મેળવવાની ઝંખના ન થાય.

તત્ત્વપરિચયની ખૂબી એવી છે કે રળતા-કમાતા છોકરાના એકાએક મૃત્યુ થવા ઉપર મન પર તત્ત્વની છાયા આવી પડે કે ઘરમાં મહેમાન આવ્યો હતો તે એનો હિસાબ ચુકવીને ચાલ્યો ગયો. આ તત્ત્વપરિચય હોય તો પછી શોક-કલ્પાંત ન થાય, ત્યાં પાપ શાના બંધાય?

જેવો તત્ત્વપરિચય એવો માર્ગપરિચય કરવાનો, અર્થાત્ મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ જે સારા આચરતા હોય એમની સંગત કરવાની અને એમની પાસે એ માર્ગની વાતો સાંભળવાની. એમ બીજા પણ આપણી પાસે આવે તો ય ત્યાં એ જ વાત કરવાની. દાન-શીલવાળા પાસે પણ દાન-શીલ-તપ-ભાવનાની વાતો સાંભળવાની, ને એને જીવનમાં ઠામ ઠામ શક્ય એટલી આચરવાની.

જીવને વાતોચીતો કરવાની કુટેવ હોય છે. ત્યાં આ ધ્યાન રાખવાનું કે વાતો કરું તો આ એક યા બીજા ધર્મમાર્ગની પ્રશંસા જ કરવાની, એના ગુણ ગાવાના, સાંભળવું તો આ જ સાંભળવું, પછી કોઈ ભળતી જ વાત માંડે તો એ વાતને સીફતથી કોઈ ધર્મ માર્ગ સાથે જોડી વાત આગળ લંબાવવાની તે ધર્મમાર્ગની જ વાત લંબાવવાની.

શ્રાવકને માર્ગપરિચય માટે આવી વાતો કરવાના ૩૬ આચાર છે. જે **'મન્હ**

**જિણાણં આણં'** ની સજ્ઝાયમાં બતાવ્યા છે. એનો અભ્યાસ કરી લેવો જોઇએ. બીજાને એની વાત કરવી. ઉપરાંત ચિંતનાત્મક લખતાં આવડતું હોય, તો આ આચાર પર ચિંતન લખવું, એથી એ આચારમાર્ગનો પરિચય વધે છે. શ્રીપાળકુમારે સદ્આચાર-સન્માર્ગના કેવાક ચિંતન-પરિચય રાખ્યા હશે કે એમણે મફતમાં મળતી દુન્યવી ચીજોના સંયોગ પર બહુ નહિ લોભાવાનું રાખેલું. મુસાફરીમાં સોના જેવી ચીજવસ્તુનેય ચિંતા કરાવનારી વેઠ માની સાથે નહિ રાખવી. દુશ્મન પર પણ પરોપકારની તક મળે તો એ ચુકવી નહિ, તક સાધી લેવી, અર્થાત્ પરોપકાર કરી લેવો, એવી વૃત્તિ રાખેલી. **શ્રીપાળકુમારનું** મન આખું તત્ત્વથી અને માર્ગથી જ રંગાયેલું લાગે. શ્રીપાલ વિદેશ જવા નીકળ્યા છે તો વિદ્યાધર રસ્તામાં કહે, 'આ બે જડીબુટ્ટી લો!' શ્રીપાળ કહે, 'મારે જરૂર નથી.' તો વિદ્યાધરે પરાણે હાથે બે વિદ્યામંત્રિત જડીબુટ્ટી બાંધી આપી. આગળ સુર્વણરસવાળા મળ્યા. એ કહે : આ લો સુવર્ણરસ, નથી લેતા, તો કપડાના છેડે સુવર્ણનો ગઠ્ઠો બાંધી દીધો, પરંતુ પોતાને એમાં રસ નથી.

ધવલે શ્રીપાળને પકડી લાવવા પોતાનું અને રાજાનું લશ્કર મોકલ્યું પણ વિદ્યાધરે બાંધેલી જડીબુટ્ટીના પ્રતાપે શ્રીપાલને એમાંનું એક પણ શસ્ત્ર વાગતું નથી, પણ શ્રીપાલનાં છોડેલાં બાણ ધવલના સૈન્યમાં હાહાકાર મચાવી મૂકે છે. બીજી જડીબુટ્ટી આગળ ઉપર પ્રભાવ બતાવશે કે જ્યાં ધવલે શ્રીપાળને દરિયામાં નાખવાનો પેંતરો રચ્યો હતો, પણ હાથે બાંધેલ બીજી જડીબુટ્ટીના પ્રતાપે દરિયામાં પણ જલચર પ્રાણીઓ કોઇ જ એને કાંઇ કરતા નથી.

અહીં અંતે ધવલ પગમાં પડતો આવ્યો. કહે : ભાઇ સાહેબ! મારાં વહાણ ચલાવી આપવા કૃપા કરશો! તો ધવલની એટલી બધી પૂર્વની આચરેલી નાલાયકી, બધું ~~જ~~ શ્રીપાળ ભૂલી ગયા, ને વહાણ ચલાવી આપવા ગયા. કેમ? કહો, જીવન તત્ત્વથી વણાયેલું હતું. સામાનું ભૂતકાળનું ખોટું યાદ કરવું નથી, અને વર્તમાનમાં સેવા-વૈયાવચ્ચ પરોપકારની તક મળી છે, તો એ પરોપકારથી સાધી લેવી છે. આ દૃષ્ટિ છે તત્ત્વ અને માર્ગના રસિયાની.

એમ મયણાને પણ કેવો તત્ત્વનો પરિચય હતો! એને કુંવારીને બાપે કહી દીધું : લે આ કોઢિયો પતિ તારે કર્મે આપ્યો છે, તું મને નથી માનતી અને કર્મ કરે તે થાય એમ માને છે ને? તો આ તારા કર્મે કોઢિયો પતિ કર્યો છે. પરણી લે એને. મયણાસુંદરી મોટી રાજકુમારી છે, ઉંમરમાં આવેલી છે, એણે પિતાના આદેશને શિરોધાર્ય કરીને કોઢિયાનો પતિ તરીકે હાથ પકડી લઇ પતિ તરીકે શ્રીપાળને સ્વીકારી લીધો, બાપનો વાંક ન કાઢ્યો. એક અક્ષરનો એવો વિચાર ન કર્યો કે-બાપ મિજાસી! કેમ? કહો એણે



તત્ત્વનો પરિચય કર્યો છે. કેવોક પરિચય કર્યો હશે ત્યારે મહાન અપ્સરાશી રાજકુમારી એક અજાણ્યા કોઢિયાને પતિ તરીકે સહર્ષ સ્વીકારી લે છે. બસ, એમ તત્ત્વનો પરિચય જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં કરવાનો. માર્ગનો પરિચય, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપધર્મનો પરિચય, એનાં અનુષ્ઠાનો એ માર્ગ છે, તો એનો ખૂબ પરિચય કરવાનો. નવરા પડયા એટલે બીજી કોઇ વાત નહીં. મનમાં સમકિતના ૬૭ બોલ, શ્રાવકધર્મની યોગ્યતાના ૨૧ ગુણ, ચારિત્રધર્મની યોગ્યતાના ૧૬ ગુણો.... વગેરેને મમરાવવાનું રાખવાનું, એકેક ગુણનું ઊંડું ચિંતન મનન રાખવાનું, યાવત્ સૂત્રો આદિનો પરિચય રાખવાનો.

એમ તત્ત્વના પરિચયમાં જિનવચનની વિવિધ વિશેષતાઓ વિચારી શકાય. દા.ત. જિનવચનમાં જ સંપૂર્ણ જીવવિજ્ઞાન જાણવા મળે. જિનવચનમાં જ સંપૂર્ણ અહિંસા જાણવા મળે. એમ અનેકાંત-વાદ સિદ્ધાંત જોવા મળે, બીજે આવું ન મળે. આવા નિર્ધારથી તત્ત્વપરિચય દૃઢ થાય.

અરે! એક ધર્મધ્યાનના ચાર પ્રકારમાંથી પહેલો પ્રકાર આજ્ઞાવિચય પ્રકારનું ચિંતન વિચારી શકાય, બોલી કે લખી શકાય, કે 'અહો! જગતમાં જિનવચન કેટલું બધું મહાન ! કે એ જે કહે તે ટંકશાળી સત્ય ! વળી અહો! જિનવચન કેવા મહાન ઉદાર અને ગંભીર પદાર્થોને તત્ત્વને કહેનારા ! કેવા સદ્ભૂત પદાર્થો યાને સત્યાર્થ કહેનારા ! કેવા સુંદર હિતને કરનારાં જિનવચન ! આ વિચારતાં મનને નક્કી છે કે જિનવાણી આત્માને એકાંતે હિત કરનારી છે, ભગવાનની વાણી સંપૂર્ણ યથાર્થ છે.'

આમ પરિચય કરવાથી પાપનો ઘાત થાય છે.

એટલે કવિએ પહેલાં કહ્યું : 'પ્રાપ્તિ પ્રવચન વાક્'. એને જિનપ્રવચનની વાણી મળે છે. પછી કહ્યું પરિચય પાતક ઘાતક સાધુશું. અર્થાત્ એ પ્રવચનવાણી મળી છે તો હવે પાતકોના ઘાતક સુ-પરિચયને સાધીશું.

ભગવાનનો, તત્ત્વ અને માર્ગના પરિચયનો પ્રભાવ કેવો છે કે એવાં પાતકો દૂર થઇ જાય કે સવાર પડે ને મનને થાય કે મારા ભગવાનની વાણીને - આ સ્તોત્રોને મોઢામાં રટ્યા વિના મોંમાં નાસ્તા-પાણીના કચરા ક્યાં નાખું? આ અબોધ-અબુઝપણું ટળીને પ્રવચન વાક્ મળવા પર થાય છે. એ પ્રવચન વાક્ કેવી ? તો કે અંજન સરીખી છે. પ્રવચનવાણીનું જો ગુરુ અંજન કરે તો દેખે પરમ નિધાન. આંખ બગડેલી હતી સારું દેખાતું નહોતું, ગુરુએ પ્રવચનવાણીનું અંજન આંજ્યું અને કહ્યું : 'ભઇલા! જો આ ભગવાનનું શાસન !' અત્યારે આંખ સુધરી જતાં હૈયું સુધર્યું... તે પહેલાં દૃષ્ટિ યાને હૈયું કેવું? હૈયું હિતકારીને અહિતકારી દેખે, ઉપકારીને અપકારી અને અહિતકારીને હિતકારી દેખે. પણ આ પ્રવચનવાણીનું અંજન અંજાયે દૃષ્ટિ-હૈયું સુધરી જાય. શ્રી

ઉપમિતિ શાસ્ત્રમાં આવે છે ને ? સંસારી જીવ એટલે પેલો ભિખારી શાસનરૂપી રજવાડામાં પેઠો અને ધર્મબોધકર ગુરુએ પ્રવચન અંજન આંજ્યું, ત્યારે દૃષ્ટિ સુધરી, પરંતુ એવા ય જીવ હોય કે એને ગમે તેટલી પ્રવચનવાણી મળે પણ દૃષ્ટિ-હૈયું સુધરે જ નહિ.

પેલા **દેવપાલ**ના અધિકારમાં આવે છે ને ? કોણ દેવપાલ ? તે કે જે ઢોરાં ચારનારો નોકર હતો અને જંગલમાં જેને ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળેલી. એ ભગવાનનો એવો ભક્ત થયેલો કે વરસાદની હેલીમાં સાત દહાડા એના દર્શન-પૂજા કરવા ન જઇ શક્યો તો ચોવિહારા ઉપવાસ ખેંચ્યા, આઠમે દહાડે વરસાદ બંધ પડતાં દોડ્યો. દર્શન પૂજા અર્થે, ભગવાન પાસે પહોંચી રોયો. 'પ્રભુ! મારો અપરાધ ! સાત દહાડા તમારા દર્શન-પૂજા વિના મારા વાંઝિયા ગયા...' ચક્રેશ્વરી પ્રસન્ન થઇ આવી, કાંઇક માગવાનો આગ્રહ કરે છે, ત્યારે એ કહે છે ભક્તિ તો ઐરાવણ હાથી છે, તું આપે એ ગધેડા તુલ્ય છે, ભક્તિના બદલામાં એટલે કે ઐરાવણ હાથીને વેચીને ગધેડો ખરીદું એવો મૂર્ખ હું નથી. દેવીએ હાથ જોડ્યા ને કહે 'તું મારુ આપ્યું નહિ લે. પણ તારી આ પ્રભુભક્તિના ઉત્કૃષ્ટ પુણ્યથી આજથી સાતમા દિવસે તું આ નગરનો રાજા થઇશ.' તો એને નિરાશા થઇ - 'હાય! હાય! રાજા થઇશ તો મારા ભગવાનને શી રીતે ભજીશ ? **સંસારની માયા મારા ભગવાનને ભુલાવે.** પણ પછી તો એ રાજા થયો ને સાથે સાથે રાજાની કન્યા પરણવા મળી. રાજ્યની ખટપટ ગમતી નથી. એટલે જૂના શેઠને મહાઅમાત્ય બનાવ્યા. રાજ્યનો કારભાર તમે ચલાવો હું મારા ભગવાનની ભક્તિ કરીશ.

એકવાર રાજા-રાણી બહાર ફરવા ગયાં છે. ત્યાં રાણીએ કઠિયારાને જોયો. કઠિયારાને જોતાં રાણીને પૂર્વજન્મનું જ્ઞાન થયું. કઠિયારાને બોલાવીને કહે, ''ગયા જન્મમાં હું કઠિયારણ તારી સ્ત્રી હતી. એકવાર જંગલમાં મને ભગવાન મળી ગયા. મેં કહ્યું : આ ભગવાન છે, આની ભક્તિ કરો.' તો તમે મને ઉતારી પાડી. 'બેસ! બેસ! હવે પથરાને પૂજવા છે? તું તારે પૂજ'. મેં ઘણું કહ્યું પણ તમે માન્યા નહિ. મને તો ભગવાન દિલમાં વસી ગયા. ભગવાનને પૂજ્યા, કાળે કરીને હું મરીને રાજાની રાણી થઇ. તમે અભાગિયા તે હજી એમને એમ કઠિયારા રહ્યા. ખેર! પણ હવે ભગવાનને પૂજો. પરંતુ કઠિયારાનું હૈયું-દૃષ્ટિ સુધરી નહિ, ગાઢ મિથ્યાત્વને કારણે તેણે માન્યું નહીં. મિથ્યાત્વનો જોરદાર અંધાપો છે. દેવપાલરાજા રાણીને કહે 'તું હવે એની ચિંતા ન કર, નાહકનો આપણને દ્વેષ થશે. અધર્મી-મિથ્યાત્વી પર દ્વેષ કરવાનો આપણને કોઇ અધિકાર નથી.'



વીસસ્થાનકમાં અરિહંતનો આરાધક દેવપાલ અને શ્રેણિક, આ બેના નામ ગોઠવાઇ ગયા. એમણે અરિહંતપદની આરાધના કેવી કરી ? ભમરો જેમ ફૂલના છોડવે ગુંજ્યા જ કરે એમ એમના દિલમાં અરિહંતનું નામ ગુંજ્યા કરતું.

**'લલિતવિસ્તરા'** શાસ્ત્રે લખ્યું કે- અધર્મી જીવોનો પણ તિરસ્કાર ન કરશો. એ કરવા જશો તો તમારું જ બગડશે. વીતરાગની વાણી મળે એટલે દિલ ઉમદા બને. વાણી અમૃતની જેમ પીવા મળે તો હૈયું ગદ્ગદ થાય. વાણી પર અહો ! અહો ! થાય. એનું નામ 'પ્રાપ્તિ પ્રવચન વાક્.' કેમ અહોભાવ ? કારણ છે, એ સમજે છે કે-

**'વિષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા'**

આ કલિકાળમાં ભવ્યજીવોને તરવાને માટે બે ચીજ છે : જિનબિંબ અને જિનાગમ. એટલે તો કવિએ ભગવાનના સ્તવનમાં ગાયું કે આ પંચમ કાળ કેવો ? તો કે **'ફણિસમ પંચમ કાળ જી, તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી.'**

**પ્રશ્ન-** એ તો કળિયુગમાં ને?

**ઉત્તર-** ના, માત્ર કળિયુગમાં નહીં, સત્યુગમાં પણ જિનબિંબ તારણહાર. ઋષભદેવ ભગવાન મોક્ષે પધાર્યા. ભગવાનનું નિર્વાણ સાંભળી **ભરતમહારાજા** દોડતા અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. ભગવાનનાં દર્શન ન થતાં ભરત મહારાજા રડ્યા. પછી ભગવાનનું સ્મારક બનાવવા એક યોજનનું મંદિર બંધાવ્યું. ૨૪ ભગવાનનાં દેહ પ્રમાણ રત્નોની મૂર્તિ બનાવી. ચારે દિશામાં ૨૧/૨૧ સભા-મંડપો, આટલું બધું મોટું ? હા, ભગવાનના દેહપ્રમાણ રત્નોનાં બિંબ સ્થાપ્યાં. ઋષભદેવ ભગવાનની કાયા ૫૦૦ ધનુષ્યની. બેઠાં ૨૫૦ ધનુષ્ય ઊંચી થાય અને પલાંઠી લગભગ ૨૫૦ ધનુષ્ય પહોળી થાય. સાથે અજિતનાથ ભગવાનની, ૪૫૦નું અડધું ૨૨૫ ધનુષ્ય ઊંચી, એટલી પહોળી, એટલે બન્નેની લગભગ ૪૭૫ ધનુષ્ય પહોળાઈ. પછી ગભારામાં આજુબાજુ જગા, પછી એમ ચારે દિશામાં મૂર્તિ. ૫૦૦ ધનુષ્ય એટલે ૦I ગાઉ થાય. પછી ૨૧ સભામંડપોથી ૪ ગાઉ યાને એક યોજનનું મંદિર થાય. **'સોનાતણાં જેણે દેહરાં બંધાવ્યાં, રત્નતણાં બિંબ સ્થાપ્યાં, હો કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી ?'** આ ક્યારે ? કલિયુગમાં નહીં, મહાસતયુગમાં બંધાવ્યું. કેમ ? જિનબિંબ ને જિનાગમ ભવિયણકું આધારરૂપે છે માટે.

**આત્મારામજી મહારાજ–** પહેલાં સ્થાનકવાસી સાધુ હતા, પછી શાસ્ત્રો ભણ્યા, એની ટીકાઓ વાંચી, મૂર્તિપૂજક બન્યા અને પંજાબથી વિહાર કરી સિદ્ધગિરિ પર આવ્યા. ભગવાનને જોતાં જ પોકાર કર્યો- **'અબ તો પાર ભયે હમ સાધો, શ્રી**

**સિદ્ધાચલ દરિસ કરી.'**

**જીવતલાલ પ્રતાપશી** પાલિતાણામાં ૯ લાખ નવકારની સાધના કરવા રોકાયેલા. ૧૩ મહિના ત્યાં રહ્યા. એ મોટા પ્રતિષ્ઠિત શેઠ એટલે એમને મળવા માટે દાલમિયા ને બીરલા જેવા મોટા ઉદ્યોગપતિઓ ત્યાં આવે. જીવાભાઈ બધાને ડુંગર ઉપર લઇ જાય અને આદીશ્વર ભગવાનનાં દર્શન કરાવે. ભગવાનનાં દર્શન કરતાં આ લોકોની આંખ ભીની થઇ જતી. આ...આ...આ... આદીશ્વર ભગવાન ? ભગવાનને જોતાં હૈયું ગદ્ગદ થતું, પછી પૂછે 'અમે પૂજા કરી શકીએ?' 'હા' કહીને જીવાભાઈ એમને નવરાવી કરી ફૂલોનો થાળ આપી પૂજા કરાવતા. પૂજા કરીને એ પ્રસન્ન થઇ જતા. કલિકાળેય જિનબિંબ અદ્ભુત કામ કરે છે.

જિનબિંબની ભક્તિ એ પરમાત્માનો પરિચય છે, એ પરિચય પાતકનો ઘાતક બને છે. એ બાહ્ય, આભ્યન્તર બંને રીતે પાપનો નાશક. બાહ્યથી નવા પાપોમાં ઓછાશ લાવે, અને આભ્યન્તરમાં પૂર્વ પાપકર્મોનો નાશ કરી આપે.

હવે ભગવાનની વાણી મળી છે તો.... અત્યાર સુધીના અમારા પરિચયો ખાન-પાન અને જડ પુદ્ગલના હતા, પણ હવે પરિચય પરમસંત-પરમાત્માના, સજ્જનોના-સત્પુરુષોના સાધશું. શું કરવા? 'અકુશલ અપચય ચેત.' અર્થાત્ અશુભ ચિત્તને શુભ કરવા માટે. અશુદ્ધ ચેતનાનો અપચય કરવા માટે. અત્યાર સુધી બધી કાયાની જ વાતો હતી. રાત દિ' એની વિચારણા હતી. એ અકુશલ ચિત્તની ચિંતનધારા જ હતી. તેનો હવે હ્રાસ કરવો છે, અટકાવવો છે. એ ક્યારે બને ?

અસત્ ચિન્તનો, અસત્ વિચારો તેના પર ઘૃણા ત્યારે જ આવે, જ્યારે સત્ પુરુષોનાં જીવનને વારંવાર જોવાય, તેનો જ પરિચય કરાય. એક એક સત્ પરિચય પાપનો ઘાત કરનાર છે.

તેથી અરિહંતાદિ સત્નો પરિચય સાધતાં સાધતાં અશુભનાં ચિંતન-રસ ઓછાં થઇ જશે.

પછી અધ્યાત્મના ગ્રંથોનું સતત શ્રવણ અને મનન કરશું.

અધ્યાત્મના ગ્રંથોને હૈયામાં ઉતારવા માટે વાંચન નહીં પણ શ્રવણ=ગુરુમુખે વિધિસર કરશું. એના દ્વારા મનન કરશું એટલે મોહના રંગ ઓછા થાય.

જીવને આમ બધાં પાપતત્ત્વોના-અસત્ના પરિચય કરવાથી પાતક વળગેલું છે. અત્યાર સુધી વિષયોના રંગનું પાતક હતું. હવે એનો ઘાત થાય એટલે જીવન ધર્મરંગી બને. પાપ બે પ્રકારના છે. બાહ્ય-અભ્યંતર. જે હમણાં ઉપર કહ્યાં-એનો નાશ થાય છે. એક તો અભ્યંતર-બાંધેલા અશુભ કર્મોનો નાશ થાય અને બાહ્ય-દુષ્કૃત આચરણરૂપ



પાપનો નાશ થાય, એટલે મન'વિષયરંગી હતું તે ધર્મરંગી બને છે.

લોકનો પરિચય (લોકસંજ્ઞા) એ પાતક છે. નિંદા-કૂથલી આ બધું લોક છે. એનાથી શું મળે? પાપો મળે. **સાધુના કપડામાં લોક હોય ? હા. જો નિંદા વિકથા-કૂથલી કરે તો હોય.** લોકપરિચય ચૌદ રાજલોકમાં ભટકતા કરી દે છે. એનાથી અનેક ભવોના અશુભ અનુબંધો ઊભા થાય. માટે શું કરવાનું ? પરમેષ્ઠીનો પરિચય, તત્ત્વનો પરિચય, સત્પુરુષનો પરિચય, કલ્યાણમિત્રનો પરિચય આદિ કરવાનું. આ બધા પરિચય કરવાથી શું થાય ? અશુભ મનનો નાશ થાય.

**અકુશલ અપચય ચેત-** અકુશલ એવા ચિત્તને મંદ કરવા માટે અમે સત્પરિચય કરશું. જે પૂર્વના પાપનો નાશ કરે અને નવાને અટકાવે એવી તાકાત એમાં છે.

ચેત એટલે ચિન્તન, ભાવના, વિચારધારા, અધ્યવસાય, મનના મનોરથ, ધારણા, તર્કણા. આ શુભ અને અશુભ પણ હોય. આવા જે અકુશલ છે તેનો હ્રાસ=નાશ કરવાનો છે. સત્પરિચયથી અકુશલવિચાર ઓછા કરવાના છે. અકુશલવિચાર હિંસાદિપાપનો, આરંભ સમારંભનો, જૂઠ-અનીતિનો, અર્થ-કામનો, પૈસા-માલ-મિલકતનો.

સાધુ હોય તો ચેલા બનાવું, મારા નામનું જ્ઞાનમંદિર વગેરે બનાવવું આ અકુશલવિચાર છે. એમ સાધુને બાહ્યસુખનાં વિચારો, ઇન્દ્રિયોની અનુકૂળતાનાં, શાંતિથી (વગર કામે) બેસવાનાં, સુખ મળે એના આ બધા અશુભ વિચારો છે. એ હોય પછી વૈયાવચ્ચ-સેવાના ભાવો ન થાય, પરાર્થનું મન ન થાય. તીર્થંકરના આત્માઓ પરાર્થ-ઉદ્યત હોય છે, બીજાનું કેમ ભલું થાય એમાં રત હોય છે. ચારિત્ર એટલે સકલ સત્ત્વનાં હિતનો આશય. એ શી રીતે બને ? કોઈનું પણ અહિત ન થાય એવો વિચાર કરે. એનાથી ઊલટો વિચાર તે અકુશલવિચાર. એમ અકુશલવિચાર એટલે અસત્-અધ્યવસાય. અશુભ-અધ્યવસાય ચાર પ્રકારની વિકથાથી થાય, પાંચ પ્રકારના પ્રમાદથી કષાયોથી થાય, રાગ દ્વેષાદિથી થાય.

એમ અકુશળવિચાર-દુનિયાનાં માણસને શ્રીમંત થવાના વિચારો થાય, થોડી સગવડ હોય એટલે ૫/૧૫ લાખ બનાવવાના વિચાર આવે, બીજા લોકોમાં સન્માન મળે, એમ સત્તાના વિચારો આવે. એમ સાધુને પણ વિચાર આવે - શ્રીમંતાઇના, સાધુને શ્રીમંતાઈના? હા. પૈસા પાસે તો રાખવા નથી તો આડકતરી રીતે કોઇ ટ્રસ્ટના ટ્રસ્ટી પોતાનાં ભક્ત હોય એટલે એનાં ભંડોળ વધારવાનું મન થાય. એટલે કહે કે આ શેઠ અમુક ટ્રસ્ટના ટ્રસ્ટી છે. એમ આડકતરી રીતે શ્રીમંતાઇનો ભાવ બતાવે. એમ આપણને કોઇ માન-સન્માનથી બોલાવે તો ગમે-તોછડાઇથી બોલાવે તો ન ગમે આ

અકુશલવિચાર છે. ઉપદેશમાલાકાર કહે છે કે ચક્રવર્તી આજે મુનિ થયા હોય અને કોઇ સામાન્ય માણસે પહેલાં દીક્ષા લીધી હોય, અને એ મુનિ ક્યાંક આ ચક્રવર્તીમુનિને જરા કડક અવાજે કહે તો ચક્રવર્તીમુનિ હાથ જોડીને કહે : મહાત્મન્! મારી ભૂલ થઈ ગઈ. પણ એમ ન કહે કે મને ઓળખો છો ? હું કોણ છું?

**પૂ. યશોદેવસૂરિ મહારાજ એમના શિષ્ય પૂ. ત્રિલોચનસૂરિ મહારાજ**ને ક્યારેક પાંચ જણ ઊભા હોય ને કહી દેતા કે ગધેડા છો ? સમજતા નથી ? તો પૂ. ત્રિલોચનસૂરિ મહારાજ કહેતા-ગુરુદેવે કેવો ઉપકાર કર્યો આજે ? પણ મનમાં જરા પણ ખિન્ન નહોતા થતા. વહુને શિખામણ આપવી હોય તો સસરા સાસુને ઠપકો આપે એટલે વહુ સમજી જાય, ત્યાં સાસુ મન ન બગાડે, એટલે અકુશળ જેટલાં ભાવો છે તે કુશળ બનાવવાના છે.

એમ અસમાધિ-આર્તધ્યાન-વ્યાકુળતા આ બધું અકુશળચિત્તમાં આવે. જરા જરામાં વ્યાકુળ થઇ જાય, અસ્વસ્થ થઇ જાય. દુનિયાના ખૂણે ખૂણે વ્યાકુળતા ભરેલી છે, પછી એ વ્યાકુળતા આદેશ્વરદાદાના દરબારમાં ગયા હોઇએ તો ત્યાં પણ થાય. સ્તવન બોલતા હોઇએ ને કોઇ પછી આવીને મોટા અવાજે સ્તવન બોલે ત્યારે તરત મનમાં થાય, 'અક્કલ નથી.' આ અશુભ વિચાર છે, અસમાધિ થાય.

એમ ઈષ્ટનાં અવિયોગનું ધ્યાન અને અનિષ્ટના વિયોગનું ધ્યાન એ આર્તધ્યાન છે. કાપ કાઢ્યો છે, હવે કપડા ૧૫ દિવસ સુધી મેલા ન થાય તો સારું, આ આર્તધ્યાન છે. વારે વારે મહાપુરુષોનાં જીવન, ભગવાનના ગુણો, આદર્શોને યાદ નથી કરતા માટે અકુશલ મન થાય છે, અશુભ વિચારો આવે છે. પણ વારંવાર દમયંતી-સુલસા-ચંદનબાળા વગેરેને યાદ કરો કે એમણે વર્ષોનાં વર્ષો તત્ત્વાદિ પરિચયમાં કેવાં કાઢ્યાં? દમયંતીને નળ જંગલમાં સૂતી મૂકીને જતા રહ્યા તો ૧૨/૧૨ વર્ષ સુધી તત્ત્વચિંતન પરમાત્માનો પરિચય કેવો કેળવ્યો ? ચંદનબાળા ઊભી બજારે વેચાયાં, ધનાશેઠને ત્યાં શેઠે દીકરી તરીકે રાખી, તો મૂળા શેઠાણીએ હાથ-પગમાં બેડી નાંખી-માથું મૂંડી ભોંયરામાં રાખી, પણ મનમાં કોઇ અશુભ ભાવ નહોતો. કારણ સત્પરિચય કેળવ્યો હતો, તો આર્તધ્યાન ન થયું.

એમ ભૌતિકતાનાં વિચાર એ અકુશળ ચિત્ત છે. એની સામે આધ્યાત્મિકતાના વિચાર, ક્ષમાદિ દસ પ્રકારનો ધર્મ, મૈત્ર્યાદિ-ભાવોનો વિચાર આવવો જોઈએ તો ચિત્ત અકુશળ ન થાય. એને બદલે જડ પદાર્થોનો જ વિચાર આવે તો સંયમમાં કે ક્રિયામાં રસ ન આવે. આજે ઘણાને સંયમમાં અને ક્રિયામાં રસ નથી આવતો, એની પાછળ કારણ આ જ છે, અકુશળ ચિત્ત ચાલ્યા કરે છે.



એવું એક અકુશળ ચિત્ત છે મલિન લેશ્યાઓ.

મલિન લેશ્યા કોને કહે ? વસ્તુ પર રાગદ્વેષ થાય, એમાં ચિત્તને વધારે જોડે. આ રાગની મલિન લેશ્યાને કારણે ચક્રવર્તીની પટ્ટરાણી છઠ્ઠી નરક સુધી જાય છે. આ મલિન લેશ્યાને કારણે ક્ષાયિકસમકિતના ધણી પણ નરકમાં ગયા. શ્રેણિક અને કૃષ્ણમહારાજને કેવું ક્ષાયિકસમકિત હતું? ભગવાન પ્રત્યેનો અવિહડ રાગ હતો. શ્રેણિકને જેલમાં ૧૦૦/૧૦૦ ફટકા પડતા છતાં અનુમોદના કરે છે કે ધન્ય છે અભયકુમાર, મેઘકુમાર આદિને, જે સંયમને સ્વીકારી અણગાર થયા. હું એક અભાગિયો, મેં રાજ્ય છોડીને સંયમ ન લીધું, પણ અંત સમયે કોણિક યાદ આવી ગયો. 'પેલો કોણિક હરામખોર' એવો કષાય આવ્યો, ચિત્ત અકુશળ બની ગયું. એમ કૃષ્ણમહારાજા જંગલમાં પગ પર પગ ચડાવીને સૂતા છે ને જરાકુમારે હરણિયું સમજીને બાણ માર્યું. પગનું બાણ માથા સુધી વાગ્યું છે, પીડાનો પાર નથી છતાં એ વખતે અનુમોદના કરે છે કે ધન્ય છે તે શાંબ અને પ્રદ્યુમ્નકુમાર તથા પટરાણી પદ્માવતી વગેરેને, જેઓએ ભગવાન નેમનાથ પાસે સંયમ સ્વીકાર કર્યું ને હું અવિરતિમાં રહી ગયો. આ અનુમોદના કરતાં કરતાં ત્યાં દ્વૈપાયન યાદ આવી ગયો, લેશ્યા ફરી ગઇ, પેલો હરામી દ્વૈપાયન આખી દ્વારિકાને બાળી નાખી-કુશળ ચિત્તમાંથી અકુશળ ચિત્ત બની ગયું. એટલે મલિન લેશ્યા ચિત્તને અકુશળ બનાવે છે.

એમ વિષય-કષાયોના વિકલ્પો પણ ચિત્તને અકુશળ બનાવે છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો યાદ આવ્યા કરે. શાસ્ત્રે કહ્યું કે આસન કે કપડું ખૂણાથી ફાટ્યું હોય તો ક્રિયા કરતાં વચ્ચે એનો વિચાર નથી કરવાનો કે આ સાંધવાનું રહી ગયું, આ વિચાર ક્રિયાને બગાડી મૂકે છે, ને મનને અકુશળ કરે છે.

એમ કષાયોનો વિચાર-આપણે ક્રિયા કરીએ છીએ ને કોઇ કાંઇ આઘું-પાછું કરી ગયું. એટલે મનમાં થાય કે હમણાં ક્રિયા થઇ જવા દે પછી ખબર લઉં છું. જેમ પેલા મુનિ બાલમુનિને દંડુકી મારવાના વિચારમાં ઊઠ્યા. ચિત્ત અકુશળ હતું અને થાંભલે ટકરાયા-તો ચંડકોશિયો થયા.

એમ વાસના-વિકારના વિચારો અકુશળ ચિત્ત છે.

**"મનનું પોત સાચવવાનું છે, ઝટ કલર પકડી લે છે, કાળા વિચારથી મન કાળું અને ઉજળા વિચારથી મન ઉજળું થાય છે, તેથી વિના વાંકે કોઇના માટે કાળા વિચાર કરતા નહીં, નહિતર તમારા મનનું પોત કાળું થશે."**

**બાહ્ય વસ્ત્રનું પોત કાળું થાય એનાથી દુર્ગતિ થાય એવો કાયદો નહીં**

**પણ મનનું પોત બગાડી નાંખીએ તો અવશ્ય દુર્ગતિ થશે.**

એમ મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ ભાવનાને છોડીને અમૈત્રી-વૈર-વિરોધ-અંટસના ભાવ આ બધા અકુશલ ચિત્ત છે. પેલાને તો બોલાવું જ નહીં, આમ મોં બગાડીને શું કામ બોલે છે ? આ અકુશલ મન છે. મૈત્રી સર્વ જીવો પ્રત્યે જોઇએ, **સર્વ જીવો પ્રત્યેનો સ્નેહપરિણામ એ મૈત્રી છે,** પણ ૯૯ ટકા સ્નેહપરિણામ રાખે તો ? એક ટકો ન રાખે તો ન ચાલે? ના. તો મૈત્રી ગઇ.

એમ પ્રમોદભાવને બદલે ઈર્ષ્યા-દ્વેષ રાખે. જીવનની ગાડી કેવી ચાલે છે તે તપાસજો. કઠોરતાના વિચાર કરે એટલે કરુણા ગુમાવી. ક્ષમાદિ ભાવો એ નવી વસ્તુ છે. ધર્મ, સાધના, ગુણો વગેરે નવા કમાવાના છે. એના માટે ભગીરથ પ્રયત્નો કરવા જોઇએ. જો આ નહીં કરું તો પેલા ચોટ્ટાઓ જુના પુરાણા છે, એ આવીને આત્મઘરમાં ઘૂસી જશે, એટલે મૈત્ર્યાદિ ભાવોને મૂકી વિરોધીભાવો કરવા એ અકુશળ ચિત્ત છે. એટલે આત્મચિંતામાં રત રહેવું, પરચિંતામાં ન પડવું. એટલે એક કવિએ લખ્યું છે કે–

**शैशवे स्यात् मातृमुखः, तारुण्ये तरुणीमुखः ।**
**वार्धक्ये पौत्रमुखः स्यात्, मूर्खो नात्ममुखः क्वचित् ॥**

જીવ બાળપણમાં માતાનું મુખ, તરુણપણે યુવતીનું મુખ અને વૃદ્ધાવસ્થામાં પૌત્રનું મુખ જોયા કરે છે, પણ મૂર્ખ જીવ આત્માભિમુખ ક્યારે થશે? આ પરનો વિચાર એ અકુશળ મન છે, એને અટકાવવાનું-રવાના કરવાનું છે.

એ કુશલ ચિત્ત શી રીતે બને?

**પરિચય પાતક ઘાતક સાધશું.** પરમાત્માદિ પાંચના પરિચય કરે તો પાતકનો ઘાતક થશે. ગુણિયલને સેવતાં પણ એ બહારનું જ જુએ છે. અંદરનું જુએ તો મહાગુણિયલ બને. અંદરના વિચાર-અધ્યવસાય કેવા ઉચ્ચ છે. જાતે પહોંચ નથી ને ગુણિયલનાં પડખાં સેવવાં નથી. તળાવે જઇને તરસ્યો આવે, છતા સંયોગે પાણી વિના રહે. એટલે તો નિશ્રિત જીવન એ મહાન ગુણ કહ્યો છે. નિશ્રિત જીવન એટલે કોઇની આધીનતા. કોઇને બંધાયેલા રહીને જીવન જીવો. અમુક જાતના વિચાર કરવા હોય તો પણ હું એમને બંધાયેલો છું, એમની ઇચ્છા મુજબ કરવું જોઇએ. તમે કોઇ ગુણવાનોના બંધાયેલા રહો એટલે એનાં ચારે તરફનાં બંધન માથે ધરો તો કર્મનાં બંધન તૂટે. ગૌતમસ્વામી ગાંડા નહોતા કે વારે વારે હે પ્રભુ ! હે પ્રભુ ! કરે. સમજતા હતા કે અનાદિકાળથી આપણો આત્મા ઉલ્લંઠ છે, કોઇનું બંધન સ્વીકારવા તૈયાર નથી. સરકસનાં વાઘ-વરુ પણ રીંગમાસ્ટરની ચાબુક જોઇને વશમાં રહે છે. હજી સાંસારિક બંધન સ્વીકારવા આ જીવ તૈયાર થશે પણ ધાર્મિક બંધન સ્વીકારવા તૈયાર



નથી, એટલે તો જ્ઞાનીઓ આગળ વધીને કહે છે કે ગુરુની આજ્ઞાનુસારિતા એટલું બસ નથી પણ ગુરુની ઇચ્છાનુસારિતા જરૂરી છે. ગુરુ કહે જો સફેદ કાગડો તો તરત કહે, હાજી. ગુરુનો મત-ગુરુની મતિ એ બધું મારું નિશ્રિત જીવન બનાવો તો અકુશલમનનો અપચય થશે. દિવસમાં વારંવાર પરમાત્માનો પરિચય કરો. એમ ગુરુનો પરિચય, શાસ્ત્રનો પરિચય, સાધુનો પરિચય વારંવાર કરો. આવું કાંઇ સુલસાએ રાખ્યું હશે તો ભગવાને અંબડ પરિવ્રાજકને સુલસા બતાવી. અંબડને થયું, હાય બાપ ! ત્રણ લોકના ઠાકુરને કોઇ ન મળ્યું ને સુલસાને ખબર પૂછવાનું-ધર્મલાભ આપવાનું કહ્યું ? સુલસાએ આ રાખેલું. વારંવાર તત્ત્વનો ને પરમાત્માનો પરિચય, અને તેથી તો અંબડે બ્રહ્માદિનાં ચાર રૂપ કર્યાં તો પણ ન ગઇ. કેમકે તેણે આ પરમાત્માનો પરિચય રાખેલો. એવા પરિચયના કારણે અમે પણ અમારા ચિત્તને શુભ બનાવશું.

ચિત્ત શુભ બનાવી પરિચયમાં કામ શું ?

**ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી.....**

અધ્યાત્મના ગ્રંથોનું શ્રવણ-મનન કરશું. અધ્યાત્મના કેવા ગ્રંથો ? ભૌતિક શાસ્ત્રો નહીં, દુન્યવી વિદ્યાનાં શાસ્ત્રો નહીં, પણ આત્મવિદ્યાનાં શાસ્ત્રો. જેવાં કે અધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ, ઉપમિતિભવપ્રપંચ કથા, પ્રકરણો.... જેમાં મોક્ષમાર્ગનું વર્ણન છે, નવતત્ત્વોનું વર્ણન છે. એ બધાં અધ્યાત્મનાં શાસ્ત્રો છે. અધ્યાત્મનાં શાસ્ત્રો એટલે આત્મહિતકારી શાસ્ત્રો. જેવાં કે ઉપદેશમાલા, ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર, કુલકો, સ્તવનો-સજ્ઝાય, અધ્યાત્મનાં પદો-આનંદઘનજીનાં પદો વગેરે. એ બધાં શાસ્ત્રોનું શ્રવણ-મનન કરવું. તો વાંચન કેમ ન કહ્યું ? એટલા માટે કે ગુરુગમ વિના વિદ્યા ન મળે, આંચકીને ન લેવાય, ગુરુગમનું બધે મહત્ત્વ છે. ઈતરોમાં પણ એક નાનો મંત્ર જોઇએ તો પણ ગુરુમુખે લેવાય તો જ સાધના ફળે. માટે ગુરુની પાસે એનું શ્રવણ કરવાનું છે. ગુરુ પાસે અધ્યાત્મના ગ્રંથોના શ્રવણથી આત્મા-કર્મ-પરલોક-પાપફળ તરફ દૃષ્ટિ જાય, નવતત્ત્વ મોક્ષમાર્ગ-કર્મનો વિચાર આ બધા પદાર્થોનું યથાર્થ જ્ઞાન મળે. જીવની દૃષ્ટિ ધર્મ તરફ જાય, પાપ તરફની દૃષ્ટિ એની પાછી ફરે, માટે ગુરુની પાસે એનું શ્રવણ કરવાનું છે.

**ગુરુગમથી લાભ શું થાય?** (૧) ગુરુને શાસ્ત્રનું જ્ઞાન પરંપરાથી મલ્યું છે. એટલે વાસ્તવિક લાભ મળે. શાસ્ત્રોમાં પરિમિત અક્ષરો હોય. ગુરુ પાસેથી એનો અર્થ, ભાવાર્થ ઐદંપર્યાર્થ મળે. નહિતર ઓડનું ચોડ વેતરાઇ જાય.

દા.ત. **'गुणे हि साधो अगुणे हि साधो'** 'ગુણથી સાધુ ને ગુણ વગર પણ સાધુ.' આનો અર્થ ગુરુગમ વિના ન સમજાય. તો ગુરુ સમજાવે કે **'गुणे हि साधो**

**अगुणेहि साधो'** એટલે **'गुणेहि साधो अगुणे हि असाधो'**. પ્રાકૃતમાં સંધી કરતાં એક સ્વર લોપાય. હવે આ બોધ ગુરુ વગર કોણ આપે. એટલે **'गुणेहि साधो अगुणे हि असाधो'** ગુણથી સાધુ અને અગુણથી અસાધુ.' જો સીધો અર્થ કરવા જાય ને સંધિનું જ્ઞાન ન હોય તો ઓડનું ચોડ થઈ જાય. માટે ગુરુગમ જરૂરી છે.

(૨) ગુરુ એ સંયમનું ઘર છે, સંયમને જીવનમાં જીવનારા છે. કોઇકવાર સંયમ પામી લીધો એટલે કાંઈ જીવનમાં સંયમ જીવ્યા ન કહેવાય. ડગલે ને પગલે સંયમ પાળવાનો છે. 'સંયમ લેવા જેવું છે.' એટલા પાઠથી ન ચાલે, સંયમ પાળવા જેવું છે એ સતત યાદ રહે, એટલે સંયમ સુધુ પાળનારાનાં મુખથી જે મળે તે અનુભવવાણી મળે છે. પોતે સંયમને જીવી રહ્યા છે, એટલે શાસ્ત્રની વાણીનો અલૌકિક લાભ મળે તો **'સુહગુરુ જોગો-તવ્વયણ સેવણા આભવમખંડા'** કહ્યું. કેમકે એમનું વચન એ અનુભવ વાણી છે. એ અનુભવજ્ઞાન બહુજ કિંમતી છે. ક્ષમા બહુ સારી એમ જ્ઞાન થયું પણ ક્ષમાનો અભ્યાસ કરતાં હોય તો એ અનુભવ વાસ્તવિક લાગે એટલે ગુરગમની જરૂર છે.

(૩) મોટા ગણધરભગવાન ચૌદપૂર્વને ક્ષણવારમાં બનાવી દેનારા ખરા, પણ ચૌદ પૂર્વ ક્યારે બનાવે? ચારિત્ર લીધા પછી ચૌદપૂર્વ ને દ્વાદશાંગી ન સ્ફુરી, પણ ભગવાનને પૂછ્યું : **'भयवं, किं तत्तं ?'** અને ભગવાને ત્રિપદી આપી. આ ગુરુગમથી ત્રિપદી મેળવી ને ચૌદપૂર્વ-દ્વાદશાંગીની રચના થઈ અને આપણને એમ ને એમ જોઇએ છે. જંબૂસ્વામીએ સુધર્માસ્વામી પાસે લીધું તો સુધર્માસ્વામીએ પણ એ જ કહ્યું કે **'सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं'** જે મેં ભગવાન પાસેથી લીધું તે જ તને આપું છું. ગણધરો પણ ગુરુને આગળ કરીને જ્ઞાન મેળવે છે, અને બીજાઓને આપે છે, એટલા માટે શ્રવણ કહ્યું-વાંચન ન કહ્યું. ગુરુગમનો મોટો પ્રભાવ છે. શાસ્ત્રના અક્ષરો એના એ જ હોય પણ કોનાં પર ભાર મૂકવો અને ન મૂકવો એ ગુરુ જાણી શકે છે. દા.ત. નમો અરિહંતાણં છે, એ પાંચ પદો બોલતાં ભાર કોના પર મૂકવાનો ? તો ગુરુ બતાવે અરિહંતાણં સિદ્ધાણં આદિ ઉપર ભાર મૂકવાનો. અરિહંતનો પ્રભાવ છે, એમની દયા છે, અરિહંત જો અરિહંત ન થયા હોત તો અરિહંત શબ્દ ન મળત, એમની મૂરતિ ન મળી હોત. તો પછી નમો પહેલા કેમ મૂક્યું ? અને અરિહંતાણં નમો, સિદ્ધાણં નમો ન મૂક્યું ? એટલા માટે કે અરિહંત પાસે પહોંચવું હોય તો તાડની જેમ ટાઈટ થઈને ન પહોંચાય. પણ નમ્ર બનીને પહોંચાય. Approach Arihant via Namaskar. અરિહંતને નમસ્કાર દ્વારા મળી શકાય. ગુરુગમ કરે ત્યારે આવી મહત્ત્વની વાત સમજાય.



(૪) એમ સૂત્રો અનેક પ્રકારનાં છે. કોઇ સૂત્ર ઉત્સર્ગવચનનું હોય તો કોઇ અપવાદવચનનું તો કોઇ ઉભયવચનનું. એ સમજી કેવી રીતે શકાય? એટલે ગુરુ સમજાવે કે આ ઉત્સર્ગ છે, આ અપવાદ છે. દા.ત. દશવૈકાલિકમાં લખ્યું કે **"આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા"** ઉનાળામાં સાધુઓ તપનારા અને શિયાળામાં ઠંડીને સહન કરનારા હોય, ખુલ્લા બદને ઠંડી સહન કરનારા હોય. આ જાતે વાંચીને એમ સમજી જાય કે અત્યારે કોઇ સાધુ જ નથી, પ્રતિક્રમણ પણ ખુલ્લા બદનથી કરતા નથી. ગુરુ સમજાવે કે ભાઈ, આ તો ઉત્સર્ગવચન છે. સાધુ તો બધા છેલ્લા સંઘયણવાળા છે, એ ઉત્સર્ગ પાળી શકે એમ નથી, તો ઉત્સર્ગવચન શા માટે મૂક્યું? તો ગુરુ સમજાવે કે ઉત્સર્ગવચન લક્ષ્યશુદ્ધિ માટે મૂક્યું છે. લક્ષ્યશુદ્ધિ એટલે લક્ષ્યની ચોક્કસતા. મારું લક્ષ્ય આવું ઉત્સર્ગમાર્ગ પાળવાનું છે. મારી પૂર્વે ભગવાને તેમજ મહાપુરુષોએ ઠંડી વગેરે સહન કર્યા તેમ મારે પણ નાના નાના પરિષહો સહીને મારા આત્માને કેળવવાનો છે જેથી ઉત્સર્ગકોટિનું ચારિત્ર આવે. આ બધું જ્ઞાન ક્યાંથી મળે? ગુરુગમ વિના સમજ ન પડે. એટલે શ્રવણ પહેલા મૂક્યું કે સાંભળશો તો પામશો. વેદશાસ્ત્રોમાં મુખ્ય વાત કરી કે–

**आत्मा वा रे द्रष्टव्यः** હે મૈત્રેયી ! આત્માનું દર્શન કરવા જેવું છે. તો કઇ રીતે કરવાનું? **'श्रोतव्यो, मन्तव्यो, निदिध्यासितव्यः'** આત્માનું શ્રવણ કર, મનન કર પછી એનું નિદિધ્યાસન કર, એ થશે એટલે આત્માનું દર્શન થશે.

શ્રવણ શામાંથી કરવાનું? **श्रोतव्यो श्रुतिवाक्येन** શાસ્ત્રોનાં વાક્યો દ્વારા આત્માનું શ્રવણ કરવાનું. આ વારંવાર સાંભળશો એટલે આત્માની મમતા જાગશે. શ્રવણ સાંભળવાનું કાનથી અને મનન મનથી કરવાનું.

**मन्तव्यो अनुमान-तर्काभ्याम्**- અનુમાન અને તર્કથી શાસ્ત્રે કહેલું બરાબર છે એવું ચિંતન-મનન કરવાનું છે, એનાથી હૃદયમાં તેને સિદ્ધ કરવું, પછી કોઇ શંકા ન રહે. મનન કરી શું કરવાનું? નિદિધ્યાસન કરવાનું.... શાસ્ત્રમાં સાંભળ્યું કે આત્મા શુદ્ધબ્રહ્મ છે, પછી એના પર વિચારે. અનુમાન અને તર્કથી સિદ્ધ કરે, એનું ભાવન કરે. આત્મા જે તત્ત્વ સાંભળ્યું એનાથી ભાવિત થાય. દા.ત. દયા સાંભળી. ડગલે ને પગલે એનાથી ભાવિત થાય. ક્યાંય કોઇ જીવ પોતાનાથી મરે નહીં એની કાળજી રાખે.

એમ નિદિધ્યાસન એટલે ધ્યાન કરે, એટલે આત્માથી જે ઇતર વસ્તુઓ છે એનાથી જુદો પાડે, ધ્યાનમાં બેસીને માત્ર આત્માને જ જુએ.

**હિમાલયની તળેટીમાં** આશ્રમ છે. એક વ્યક્તિ સંસારથી કંટાળેલી ત્યાં ગઇ. એ કહે– મારે અહીં રહેવું છે. ત્યારે ત્યાંના યોગીઓ કહે : ભાઈ, અહીં તારું કામ

નહીં. કેમ ? અહીં તો ધ્યાન કરવા બેસાડશું પછી ભૂખ કે તરસ લાગે તો માગશો તો પણ કોઈ નહીં આપે. અહીંના કાર્યકરોને જ્યારે આપવું હશે ત્યારે આપશે. ત્યારે આ યુવાન કહે-ભલે વાંધો નહિ. આશ્રમમાં એક જ કામ હતું. પદ્માસન લગાવીને ૐકારનું ધ્યાન કરવાનું. ૐ... જેટલો તાર સ્વર થાય તેટલો ખેંચવાનો, પછી ધીમો પડે તો પાછું ૐ....તાર સ્વરમાં ખેંચવાનું. આ જ કરવાનું. અમે કહીએ ત્યારે ઊઠવાનું. શરૂઆતમાં પરીક્ષા માટે ૧/૨/૩ કલાક સુધી ઉઠાડે નહીં, પછી નાસ્તા પાણી માટે ઉઠાડ્યો. એમ કરતાં ૐનો એવો નાદ લાગી ગયો કે બબ્બે દિવસ સુધી ઊઠે નહીં, એને અવાજ આપીને ઢંઢોળવો પડે. મણિભાઈ જાગો- ત્યારે ૐના નાદમાંથી બહાર આવે. આંખ ખોલે. કેમ શું છે ? એને કાંઇ ખબર જ ન પડે. આમ ૐકારની જેમ આત્મામાં એકતાન થઇ જાય તો આત્મદર્શન થશે.

ૐમાં ભાવિત થઇ ગયો એમ જૈનેતર શાસ્ત્રો કહે છે. આમ શ્રવણ-મનન-ધ્યાન એના પર ભાવન-આત્માને ભાવિત કરવાનો.

**ગજસુકુમાર** મુનિએ આત્માને કેવો ભાવિત કર્યો હશે? માથે ધગધગતા ખેરના અંગારા ભરેલા છે, છતાં મનમાં દુઃખનું નામ નહીં. દેહ ને આત્માને ભિન્ન કરી નાંખ્યો. કેવલજ્ઞાન પામી ગયા.

એમ ક્ષમાનો અનુભવ હૈયામાં ઓતપ્રોત કરીને આત્માને ભાવિત કરવાનો. આત્મા તો અનંત જ્ઞાનમય, દર્શનમય સ્વરૂપ છે, એમાં આ ઉકળાટ હોય નહીં. એમ મહાવીર ભગવાને આત્માને ભાવિત કરી દીધો હતો. ગોવાળીયાએ કાનમાં ખીલા નાંખ્યા તો પણ ગુસ્સે ન થયા. આ બધી જાણકારી ગુરુગમ દ્વારા મળે છે. ગુરુગમ પર આટલું બધુ જોર શા માટે આપો છો? મહાપુરુષો જે શાસ્ત્રો બનાવી ગયા છે તે ગુરુને ઉડાડવા માટે નહીં. શાસ્ત્રોની રચના જ આટલા માટે છે. ગુરુ દ્વારા એનું શ્રવણ કરો, પછી મનન અને મનન પછી નિદિધ્યાસન-પરિશીલન.

પરિશીલનના ઘણા અર્થ છે.

પહેલી વાત, અધ્યાત્મના ગ્રંથોથી પરિશીલન કેમ ? અધ્યાત્મ એ બહુ મોટી ચીજ છે. આત્મા ઉપરથી મોહનો અધિકાર ઊઠી જાય અને આત્માનો અધિકાર-વર્ચસ્વ સ્થાપિત થાય. પછી જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેનું નામ અધ્યાત્મ.

**गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या।**
**प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः॥**

અનાદિકાળથી જીવની દશા છે મોહના વર્ચસ્વ હેઠળ કામ કરવાની. કોને આશ્રીને કામ કરે છે? જડ કાયાને આશ્રીને, જિંદગીના છેલ્લા દહાડા સુધી આ રહે કે



ભાઇ જરા દવા લઇ લો. આ કોણ કરાવે છે? મોહનું વર્ચસ્વ.

મોહ શું છે? મૂઢતા છે. શી મૂઢતા છે ? આખું જગત સંભાળે પણ પોતાની જાત જ ન સંભાળે. બીજા ત્રીજાનું જુએ પણ મારા આત્માનું શું થશે ? એ ન જુએ, આ મૂઢતા છે. જગતનું જોવામાં જિંદગી ખલાસ કરી નાંખે. હવે શું ? જિંદગીનો પટ્ટો પૂરો થઇ ગયો. એટલે જ કાંઇ હવે ક્રિયા કરે એ આત્માને આશ્રીને કરવાની છે. વેપારી બીજા સત્તર વેપારી સાથે વાત કરે પણ મને એમાં કેટલો લાભ મળે છે એ પહેલાં જુએ, એટલે લક્ષ સાચવીને બધું કરે. તો એમ મારા આત્માને શું લાભ ? આ લક્ષ સાચવીને મનન કર્યું, એટલે આત્મામાં એને ઠરાવી, આત્મામાં એની ધારણા કરી, તર્ક અને અનુમાનથી ચોક્કસ કરી.

**आगमेनानुमानेन ध्यानाभ्यास ( योगाभ्यास ) रसेन च।**
**त्रिधा प्रकल्पयन् प्रज्ञा लभते तत्त्वमुत्तमम् ( फलमुत्तमम् )॥**

**[ योगदृष्टि-समुच्चय. १०१ ]**

ઉત્તમ તત્ત્વ કેવી રીતે મળે? આગમના શ્રવણથી. એના પરના અનુમાનથી શી રીતે? આગમે કહ્યું છે એ કરવામાં લાભ છે, ન કરવામાં નુકસાન છે, એનું અનુમાન પૂર્વના આવા આવા આત્માઓએ આ કર્યું તો પામી ગયા, અમુકે ન કર્યું તો નુકસાન પામી ગયા, આ અનુમાન કર્યુ. અનુમાનથી નક્કી કર્યા પછી એનાં ઉપર ધ્યાનનો અભ્યાસ રસપૂર્વક કરે, યા તો યોગોનો અભ્યાસ રસપૂર્વક કરે, ઉત્કટ અભિલાષાપૂર્વક કરે, એમ ત્રણે રીતે અનુસંધાન કરે, તો ઉત્તમ તત્ત્વને-ફલને પામે છે.

ધ્યાન એટલે મનનું એકાગ્રપણું. મનને એકાગ્રપણે સ્થાપન કરવું. ધ્યાન કેવું લગાવે ? જેમ મહાવીરભગવાને ક્ષમા રાખી, મહાપુરુષોએ ક્ષમા રાખી તો ભવોની કટ્ટી થઇ ગઇ, એટલે કલ્પનાથી પોતાને જાણે એવા ઉપદ્રવો આવી ગયા છે અને પોતે ક્ષમા ધારીને રહ્યો છે. આ બધું પરિશીલન માટે છે.

**પરિશીલન શું?** એ સાત પ્રકારે છે.

(૧) **જે કાંઇ સાંભળ્યું-ચિંતવ્યું....ને એને જીવનમાં વણી લેવાનું**- એટલે જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં એને જોડી દેવાનું, એનું નામ પરિશીલન.

(૨) **વિચારસરણીમાં જોડી દેવા માટે**- ઘણા વિચારો જીવ કરે છે. વિચાર વિનાના કોક હોય છે. વિચારમાં ઉતારો તો પરિશીલન થાય.

(૩) **સ્વભાવમાં ઉતારી લેવાનું**- એના પર **મદનરેખાના પતિ** જીતી ગયા. ભાઈએ ઘા કર્યો છે. મદનરેખાએ ક્ષમા-સમતાના ભાવરૂપ ભગવાનનું શાસ્ત્ર સમજાવ્યું. અત્યારે આ ગુસ્સો હોય ? હવે તો ફાઇનલ પરીક્ષા છે, એના પર રીઝલ્ટ

છે. આખા જીવનનો સરવાળો અહીં છે, અને ક્ષમા-સમતા વિચારસરણીમાં ઉતારી દીધી. તમારાં માતા કોણ ? તમારા ભગવાન કોણ ? તમે કોણ ? મુસાફરી મોટી લાંબી હોય તો એમાં રહેલો પ્રવાસી ફ્લેગસ્ટેશને ઊતરી ન પડે! એ વિચાર કરાવ્યો. અને આ વાત જીવનમાં વણી, વિચારમાં ઉતારી અને સ્વભાવમાં પરિણમાવી-તમારો સ્વભાવ તો વીતરાગતાનો-સમતાનો છે. આ તો કષાયના ચોટ્ટાઓ પેસી ગયા છે એ ગુસ્સો કરાવે છે, માટે ક્ષમાને ધારણ કરો. આ પરિશીલન કરાવ્યું. જીવન જીતી ગયા.

(૪) **પરિશીલન એટલે વાગોળવું-** ગાય-ભેંસ ઘાસ ચરી લીધા પછી બેસીને નિરાંતે વાગોળે. જેમ જેમ વાગોળે તેમ તેમ ઘાસના કણિયા દૂધમાં પરિણમે. આ વાગોળવાનું-વિચારણામાં **અંજનાએ** ઉતાર્યું. પતિનો બાવીશ વર્ષનો વિયોગ છે. વિચારણા કેવી રાખી હશે? જો ખોટી રાખી હોત તો પરાક્રમી એવા હનુમાનની માતા ન થાત. ભગવાનનાં તત્ત્વ એવા જીવનમાં ઉતાર્યાં... પતિ બોલાવતો નથી. લગ્ન કરીને જુદા મહેલમાં રાખી છે. પતિ યુદ્ધમાં જવા તૈયાર થયો તો શુભાશિષ આપવા માટે આવી, તમારો માર્ગ શુભ થાઓ. તો પણ પતિ પવનંજયે એને ધુત્કારી કાઢી. કે હટ્ અહીંથી. છતાં અધ્યાત્મની વિચારસરણી કેવી ગોઠવી દીધી હતી. પવનંજય સરોવર કિનારે છાવણી પાસે બેઠો છે. સરોવરમાં ચક્રવાક-ચક્રવાકીનો વિયોગ જોયો. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી બેયનાં મોં વિરુદ્ધ દિશામાં હોય, એટલે બેય માથાં પછાડે છે, વિયોગ થયો માનીને. આ દૃશ્ય માનસરોવર પાસે જોયું, અને પવનંજયને થયું, ૮/૧૨ કલાકના વિયોગમાં આ માથા પછાડે તો ૨૨/૨૨ વર્ષથી મેં પેલીને એકલી મૂકી છે તેનું શું થતું હશે? પોતાના મિત્રને વાત કરી. મિત્ર કહે, મેં તો પહેલેથી તને કહ્યું હતું કે આ મહાસતી છે, છતાં તું માન્યો નહીં. પવનંજય કહે ચાલ, અત્યારે જ. વિદ્યાધર હતા, ઊપડ્યા, અગાશીમાં ઊતર્યા. મિત્ર વધામણી આપવા અંદર ગયો. ત્યાં અંદરથી અવાજ આવ્યો, કોણ છે? અહીંયાં પવનંજય સિવાય કોઇને પણ પ્રવેશ નથી. દાસીઓ, કાઢો એને. ત્યારે મિત્ર કહે એ તો હું પવનંજયનો મિત્ર. તમારા પતિની વધામણી આપવા આવ્યો છું. પવનંજયને આવતો જોઇ મિત્ર બહાર નીકળી ગયો. પવનંજયે અંદર જઇ અંજનાને કહ્યું– મેં તમારો અપરાધ કર્યો છે, ક્ષમા આપો. ત્યારે અંજના કહે : 'આ શું તમે કહો છો? તમે તો આખા પરિવારને પ્રેમ આપવાવાળા છો. તમારો તો પ્રેમ આપવાનો સ્વભાવ છે, મને ન મળ્યો, કારણ મારા કર્મની એવી કઠણાઇ.'

આ ક્યારે બને? વિચારસરણીમાં અધ્યાત્મ વણાયેલું હોય ત્યારે. એ જ રાતે એને ગર્ભ રહ્યો. એ ગર્ભથી પરાક્રમી હનુમાન જન્મ્યા.

એ પણ કેવા પરાક્રમી ? સૂર્યાસ્ત સમયે આજુબાજુના સંધ્યાના ખીલતા અને



સમેટાતા રંગ જોતાં વૈરાગ્ય થયો. આ પરિશીલનનો પ્રભાવ. જીવન સંસારી જીવતા હતા પણ જીવનમાં અધ્યાત્મ વણાયેલું હતું. કેવું વાગોળતા હશે? આવા પરાક્રમી ને વૈભવી છતાં વૈરાગ્ય... રામ પાસે જઇને કોઇએ કહ્યું હનુમાને દીક્ષા લીધી. ત્યારે રામને થયું ગાંડો લાગે છે. કેમ કે રામ જાણે છે કે એનો વૈભવ કેવો હતો ? કેવા વૈભવી રીતે હનુમાન રહેતા હતા. છતાં દીક્ષા લીધાનું જાણ્યું ત્યારે હૃદયથી વંદી રહ્યા.

(૫) **પરિશીલન એટલે વીતરાગતા તરફ પ્રયાણ કરવું-** કાંઇ મેળવ્યું એનાથી વીતરાગતા તરફ ગાડી ચલાવે કે ક્યાંય આમાં આપણા રાગ-દ્વેષ ઓછા થાય છે? આ હોય પછી સંસારને તરી જતાં વાર ન લાગે. જેમકે પૃથ્વીચન્દ્ર, ગુણસાગર, સમરાદિત્ય વગેરે...

(૬) **સાંભળેલા ઉપર જિજ્ઞાસા કરે- ગૌતમમહારાજે ૧૫૦૦ તાપસોને** આ તત્ત્વજિજ્ઞાસા જગાડી કે ઉપર તો મૌન કૈલાસનાથ છે, બોલતા જોવા છે ? એમ ? આ બોલતા કૈલાસનાથ જોવાની ઇચ્છા થઇ. તત્ત્વજિજ્ઞાસા ઉપર તત્ત્વની શુશ્રૂષા વધી. અધિકાધિક સાંભળવાની ઇચ્છા જાગે એનું નામ શુશ્રૂષા. એ પાતાલ શેર જેવી છે. કૂવામાં પાતાલ સેર ફૂટે તો તેમાં પાણી ક્યારેય ખૂટે નહીં. એમ તત્ત્વશુશ્રૂષા સાચી હોય તો શ્રવણ મળતાં બોધનું પાણી મળ્યા જ કરે. કદાચ એવા અવસરે તત્ત્વનું શ્રવણ ન પણ મળે તો પણ શુશ્રૂષા એ એવો શુભભાવ છે કે તેની ભાવનામાં ચડે તો કેવલજ્ઞાન પણ પામે. એક શુશ્રૂષા ફટાકિયા રંગ જેવી છે. જેમ કે રાજાને ઊંઘ લાવવા માટે દાસી વાત કરે, અને ઊંઘ આવી જાય. આ શુશ્રૂષા ખરી પણ ક્ષણવારમાં નષ્ટ થઇ જાય. ૧૫૦૦ તાપસોને પાતાલસેર જેવી શુશ્રૂષા થઇ. એ શુશ્રૂષા કૈલાશનાથ કેવા! એની જગાડી દીધી ગૌતમમહારાજે. તો એના પર વિચાર કર્યા જ કરે. એમ તત્ત્વની આ શુશ્રૂષાએ ૧૫૦૦ તાપસોને કેવલજ્ઞાનના આસમાનમાં ઊડતા કરી દીધા, અને ગુરુ તો છદ્મસ્થતાની ધરતી પર જ રહ્યા. ગૌતમમહારાજને ખબર નથી કે આ કેવલજ્ઞાન પામી ગયા છે.

(૭) **મનમાં ઉતારવું એ પરિશીલન** - જેમ **આર્યરક્ષિતની માતાએ** જૈનદર્શનને મનમાં ઉતાર્યું હતું. પુત્ર પાટલીપુત્રમાં ભણવા ગયો. ભણીને પંડિત થઇને આવ્યો. રાજાના કાને વાત આવી કે મારા ગામનો કોઇ પંડિત ગામેગામ વાદ જીતીને વિજયડંકો વગાડીને અહીં આવી રહ્યો છે. મંત્રીને કહ્યું : એ પંડિત માટે રાજ્ય તરફથી સન્માન કરો. હાથીના હોદ્દે સામૈયું કર્યું. આખા ગામમાં હર્ષ છે, માતાને હરખ નથી. કારણ ? મા પાસે જૈનશાસનનું પરિશીલન હતું. ઘરે આવ્યો, માતાના પગમાં પડ્યો, તો પણ મા હર્ષ બતાવતી નથી. ત્યારે કહે છે કે મા, આખું ગામ રાજી ને તું રાજી

નહીં ! ત્યારે મા કહે, ગામ તારી મા નથી. તું આ પાપની વિદ્યા શીખીને આવે તેમાં તારી મા રાજી ન થાય! કેવું પરિશીલન કર્યું હશે? દીકરો નિરાશ થાય નહીં ? દુનિયાની વાતમાં નિરાશ થાય તો અધ્યાત્મની વાતમાં ઊભો થાય. મા તું શાનાથી રાજી ? 'દૃષ્ટિવાદ' ભણે તો... માએ સંપેતરું પકડાવી દીધું. માના મનમાં શું હતું? મારા દીકરામાં આટલી શક્તિ છે ને એ દૃષ્ટિવાદ ભણ્યા વગર રહે? માતાનાં હૈયામાં જિનશાસન કેવું રમી રહ્યું હશે? વધાવી લીધું આર્યરક્ષિતે. અને પૂછ્યું : આ કોણ ભણાવશે? તારા મામા ભણાવશે. કાલે સવારે જઇશ. બીજે દિવસે સવારે ગયા બાજુના ગામમાં, ઉપાશ્રય પાસે જઇને ઊભા રહ્યા. અંદર કેમ જવાય એની ખબર નથી. એટલામાં એક **ઢઢ્ઢર નામનો શ્રાવક** નિસિહિ કહીને પ્રવેશ્યો. આચાર્યમહારાજ આગળ ઇરિયાવહી કરીને દ્વાદશાવર્ત વંદન કર્યું ને શ્રાવક આચાર્યમહારાજ પાસે બેઠો. એટલે આ આર્યરક્ષિતે અક્ષરે અક્ષર સાંભળી યાદ રાખી વિધિપૂર્વક નિસિહિ કહી શુદ્ધ ઉચ્ચાર કરી દ્વાદશાવર્ત વંદન કર્યું અને નીચે બેસી ગયા. આચાર્યમહારાજે પારખી લીધું કોઇ નવો શ્રાવક લાગે છે. કઇ રીતે પરખ્યું? શ્રાવકની વિધિ છે કે ઉપાશ્રયમાં શ્રાવક હોય તો તેને પ્રણામ-જયજિનેન્દ્ર કહીને પછી બેસે. ઢઢ્ઢર શ્રાવક ઉપાશ્રયમાં આવ્યા ત્યારે કોઇ નહોતું એટલે પ્રણામ કર્યા વગર બેસી ગયા, એટલે આચાર્યમહારાજે પૂછ્યું : ક્યાંથી આવો છો? તો બાજુમાં રહેલા સાધુએ કહ્યું : આ તો પંડિતજી છે, ગઈ કાલે રાજાએ જેમનું સ્વાગત કર્યું હતું તે, એટલે આચાર્યમહારાજે પૂછ્યું : કેમ આવવું થયું? ત્યારે આર્યરક્ષિતે કહ્યું : બાજુના ગામમાંથી આવું છું, મારી માએ મોકલ્યો છે. કોણ મા ? સોના માતાએ. દૃષ્ટિવાદ ભણવા મોકલ્યો છે. આચાર્યમહારાજ સમજી ગયા. એટલે કહે : ભાઈ ! દૃષ્ટિવાદ આ કપડામાં ન ભણાય? તેના માટે પણ પવિત્ર વેષ જોઇએ-તે માટે સાધુ બનવું પડે. તો બનાવો, પણ જિંદગી સુધી આ કપડાં પછી ન ઉતારાય! માએ સમજીને જ મોકલ્યો હશે ? એમ કરવાથી પણ મા રાજી થશે ને! માનું હૈયું શાસન પ્રત્યે કેવું ઝુકેલું હશે? હૈયામાં શાસન કેવું રમી રહ્યું હશે? વિચારસરણી કેવી મનમાં રમતી હશે?

એમ **કુમારપાળ રાજા**નું પરિશીલન આધ્યાત્મિક હતું. જેમકે કુબેર શેઠને ત્યાં ગયા. ધજા ફરકતી જોઇને વિચાર આવ્યો કે, આ ધજા કહી રહી છે- બધું ફરર....ફુ....થવાનું છે.

અનંતકાળથી વિચારસરણી વિષય અને કષાયથી કલુષિત ચાલે છે. તેને હટાવવા માટે સાધુનો સંગ-તેના ઉપર શુશ્રૂષા, તેના પર પરિશીલન વગેરે જોઇશે.

પરિશીલનમાં શું કરવાનું છે? અધ્યાત્મભાવની વૃદ્ધિ કર. ક્રોધ-માન-માયા-



રાગ-દ્વેષ આ બધા કષાયો છે. માખણથી પણ મુલાયમ બનીને જીવવાનું છે. હું એટલે કોઇ ચીજ નથી. હૈયામાં ભગવાન રાખો એટલે 'હું' ભાગી જાય. મારા ભગવાન એજ ચીજ છે. માયાનો સંક્લેશ ઓછો થાય એટલે સરલતાનો ભાવ વધે. જેવું હૈયે હોય તેવું હોઠે આવે. એવી વિશુદ્ધિ નિર્લોભતા-નિસ્પૃહતાની વધારવાની. કોઇ કહે-શું જોઇએ, તો કાંઇ નહીં, કાંઇ જોઇતું જ નથી. કપડું ફાટી ગયું તો કાંઇ નહીં. આમ પરિશીલન-વિશુદ્ધિ વધારતા આવો, સંક્લેશ ઘટાડતા આવો, ક્યારેય મોં પર નિરાશા-દીનતા-હીનતા નહીં આવે.

પરિચય કેવી રીતે સાધશું? પરિશીલન અને તે નય હેતુથી-કારણથી. એનાથી અકુશલ અપચય ચેત-હંમેશને માટે અશુભ વિચાર-અધ્યવસાયનો અપચય કરવો છે. અધ્યાત્મનાં ગ્રંથોનાં શ્રવણ-મનન કરીને પરિશીલન અને નયના હેતુ માટે અશુભ મનનો હ્રાસ કરવો છે.

**મુનિશ્રી જયસુંદરવિજયજી**ને એક જણે પૂછ્યું : તમે વ્યાખ્યાનની તૈયારી કરતા નથી ? ત્યારે એમણે કહ્યું-તમે જે વ્યાખ્યાનની તૈયારી કહો છો એ વાણિયાભાઈને ખુશ કરવા માટે. એના માટે ચોપાનિયાં અને કથાઓ વાંચવી પડે, એના કરતાં મારા ભગવાનનાં આગમો ન વાંચું? એમાંથી જે આવડશે તે કહીશ. ભગવાનનાં આગમોનાં વાંચનથી વિશુદ્ધિ વધતી જાય. એનું નામ આત્માર્થીપણું કહેવાય, પણ એમાંથી વ્યાખ્યાન શું કરી શકાય? એમાંથી તો લાખ વ્યાખ્યાન થઇ શકે, એમાં કાંઇ ઓછું નથી. અધ્યાત્મના પરિશીલનથી હંમેશને માટે અશુભ વિચારો નષ્ટ થઇ જાય.

**નય હેતુ-** નયના કારણ માટે. અધ્યાત્મના ગ્રંથોનું શ્રવણ-મનન નયનાં કારણને માટે. નયોમાં વસ્તુ માત્રને ઉતારવાની. દા.ત. સાધના કરીએ છીએ તો સાધનાને નયમાં ઉતારવાની. દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય. જ્ઞાન ને ક્રિયા, ક્રિયા અને ભાવથી-નિશ્ચય ને વ્યવહાર નય, વગેરેમાં સાધનાને ઉતારવા માટે સાધનાને જોતા રહેવું કે વ્યવહારનયથી સાધના બરાબર છે ને! એ જોતા રહીએ સાથોસાથ નિશ્ચયનયથી બરાબર છે ને? એકલા વ્યવહાર નયથી સાધના ટીપટોપ હોય પણ નિશ્ચયનયની ખામી હોય, તો આંતરિક પરિણતિ ન આવે.

દા.ત. મુહપત્તિ પડિલેહી. એના બોલ બોલીને આત્મામાં પરિણતિ લાવવાની છે. તો સદ્દહું બોલતાં માથું નમે તો આત્મામાં પરિણતિ આવે. **ભગવાનનાં-ગણધરનાં સૂત્રો એ જ આ જગતમાં અર્થ છે બાકી બધું અનર્થ છે.**

વ્યવહારનય એ બાહ્ય આચાર છે. નિશ્ચયનય એ પરિણતિ છે.

ગૃહસ્થ હોય, ધર્મનું કામ આવ્યું છે તો એમાં રાજીપો રાખીને દાન આપે તો

વ્યવહારથી દાન કર્યું કહેવાય, નિશ્ચયથી અંતરમાં દાનની પરિણતિ ઉતારવાની છે. 'ફળ પૂજા ફળ મુજ હજો માંગુ શિવફળ ત્યાગ'. તો આ ત્યાગ એટલે શું? **ત્યાગ એટલે દાન.**

દાન આપવાથી અભિમાન આવે તો સમજવું કે આ ત્યાગ કર્યો એની પરિણતિ નથી માટે. એમ ક્રિયા ને ભાવથી સાધના કરવાની છે.

'તિત્થયરા મે પસીયંતુ' બોલીએ છીએ. તીર્થંકર ભગવાન! બધું ગાડું તમારાથી ચાલે છે. બાકી મારું કાંઇ ગજું નથી, માટે આપનો પ્રભાવ મને મળો. પ્રસાદ એટલે મહેરબાની.

વીતરાગ ભગવાન મહેરબાની કરવાના છે? તો પ્રસાદ એટલે શું? પ્રસાદ એટલે પ્રસન્નતા, અને પ્રસન્નતા એટલે પ્રભાવ. ભાવથી એટલે શું? એમાં આ જોડે જોડે હોય કે હું આ તમારા પ્રભાવથી માંગું છું. તો આ ક્રિયાની સાથે ભાવ જોડ્યો, વ્યવહારની સાથે નિશ્ચય જોડ્યો કહેવાય. શાસ્ત્રોનાં મનન કરીને આ લાવવાનું છે. નિશ્ચય અને વ્યવહાર એને સાબદા રાખવાના છે. ક્રિયા ને ભાવ બંને ચોક્ખાં જોઇએ. નયના હેતુથી આ શ્રવણ-મનન કરીને જીવનમાંથી અશુભ વિચારોને દૂર કરવા છે. જેનો અભ્યાસ કરશું તો આગળ એ મળવાનું છે. શુભવિચારનો અભ્યાસ કર્યો હશે તો આગળ એ આવશે.

જેટલા સંક્લેશના વિચાર એ અશુભવિચાર છે અને જેટલા વિશુદ્ધિના વિચાર એ શુભવિચાર છે. ગુરુની ભક્તિ ખુબ કરું, પણ એ સંક્લેશના ઘરની હશે તો અશુભ છે. સંક્લેશના ઘરની ? હા. હું ભક્તિ કરું એટલે મને સારું ભણાવે, બીજામાં મારો નંબર રાખે વગેરે... મનમાં હોય તો આ સંક્લેશના ઘરની છે. પણ હું ખૂબ ભક્તિ કરી ગુરુને અર્પિત થઇ જઉં, ગુરુની ભક્તિ જ કરવા જેવી છે, આ ભાવ હોય તો વિશુદ્ધિના ઘરની છે. ભક્તિ શા માટે કરવાની? જેમ જેમ ભક્તિ વધુ કરું એમ એમ ગુરુની વધુ નિકટ આવું, જેથી ખૂબ વિનયગુણ સધાય. ગૌતમમહારાજે આવું જ કર્યું હતું.

**'કારણ જોગે રે કારજ નિપજે, તેહમાં નહીં કોઇ વાદ'**
**પણ કારણ વિણ કારજ સાધિએ, એ નિજ મત ઉન્માદ. સંભવ૦ ૫**

**ભાવાર્થઃ-** (સહકારી કે સમવાયી) કારણોની પ્રાપ્તિ થયે કાર્ય નીપજાવી શકાય, એ બાબતમાં કોઇ પ્રકારની ભાંજગડ કે મતભેદને અવકાશ નથી, પણ કારણની પ્રાપ્તિ વગર અમે કાર્ય નીપજાવી શકીશું એવી સ્થાપના કે વિચારણા, એ તો નર્યો પોતાના અંગત અભિપ્રાયનો તોર છે, એ એક પ્રકારની ઘેલછા છે.



**વિવેચનઃ-** કારણ આવી મળે તો કાર્ય થાય. એમાં કોઇ વિવાદ નથી. કારણ કોણ? ઉપાદાન કારણ. આપણો આત્મા એ ઉપાદાન કારણ છે. ભગવાનથી માંડીને સાધનાના અંગો-દેવાધિદેવ-ગુરુ-ક્રિયા એનાથી કાર્ય થાય છે. આત્માની શુદ્ધપરિણતિ અથવા જેમ પહેલા કહી આવ્યા કે, સંભવનાથ ભગવાનની સેવા કરવી છે, અભય-અખેદ આવે તો થાય. બીજા નંબરમાં કહ્યું કે ચરમાવર્ત-ચરમકરણ કરે એમાં 'પ્રાપ્તિ પ્રવચન વાક્' આ કારણ આવ્યાં, એમાં પરમાત્માદિ પાંચનો પરિચય કરવામાં આવે તો પાપનો ઘાત થાય. અધ્યાત્મગ્રંથનું શ્રવણ-મનન કરે તો પરિશીલન થાય.

**પ્રશ્ન-** અધ્યાત્મ ગ્રંથનાં શ્રવણ-મનન કરીને જ આધ્યાત્મિક પદાર્થના પરિશીલન થાય એવું કેમ?

**ઉત્તર-** કારણના સંયોગે કાર્ય થાય એમાં કોઇ વિવાદ જ નથી. નહિતર એમ જ સ્થિતિ પાક્યે કાર્ય થતાં હોય તો તો સત્પુરુષાર્થની અપેક્ષા જ ન રહે, સ્વતંત્ર કારણ જ ન રહે. ને એની જરૂર ન હોય તો તો અસત્ પુરુષાર્થ જ જીવનમાં બન્યા રહેવાના, તેથી તેનાં ફળ રૂપે કદી સ્થિતિપાક ન થાય.

પરિશીલન અને નયનું કારણ આવે તો અકુશલચિત્તનો નાશ થાય. આ બધાં કારણો આવે તો કાર્ય થાય. અરિહંત ભગવાનનું સેવન થાય પણ આ બધાં કારણો મળે તો. ભગવાન જેવાએ પણ વીતરાગતાનું સેવન કરવા માટે સર્વ સંગનો ત્યાગ કર્યો અને પછી મનને સાધ્યું. લુચ્ચાઇ ને શાહુકારી બેયમાં મન કારણ છે, તેમ ગુરુનો સામનો કરવો કે સેવા કરવી આ બેયમાં પણ મન જ કારણ છે. ભગવાને મન શી રીતે સાધ્યું? નંદીવર્ધનરાજાના ઘરમાં બેઠા બેઠા નહીં. કારણ હોય તો કારજ નિપજે.

પણ 'કારણ વિના કારજ નિપજે' એમ માનવું એ ઉન્માદ છે. કાનજીભાઈ કહે છે- પુદ્ગલ પુદ્ગલને ખાય, આત્મા તો તેનાથી અલગ છે. આત્માને કાંઇ કરવાનું નહીં. તો પછી ભગવાને શાસન કેમ સ્થાપ્યું? **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** આ સૂત્ર કેમ આપ્યું? કારણમાંથી કાર્ય નિપજાવવાનો પ્રયત્ન કરે માટે.

કુંભારને ઘડો બનાવવો હોય તો માટીનો પિંડ જોઇએ. ઘડો બનાવવો છે એ ઉદ્દેશથી પ્રયત્ન કરે તો કાર્ય થાય છે. કારણ વિના કાર્ય માને એ નિજમતનો ઉન્માદ છે. એટલે કોઇ કહે ત્યાગ-તપ કર્યા વિના મનને સાધશું તો એ ખોટું છે. મોટા ભગવાને પણ ચારિત્ર લેવા દ્વારા સર્વસંગના ત્યાગ દ્વારા મનને નાથવાનું જોયું. વીતરાગને સાધવા માટે ભગવાને બધાં કારણોને હાજર કર્યાં હતાં-ભેગાં કર્યાં હતાં. તેમ આપણે પણ કારણને ભેગાં કરીએ તો કાર્ય થાય. કારણોની પૂર્ણ સામગ્રી ફલ નિપજાવે, એકાદ કારણ ઓછું હોય તો ના ચાલે. અમારે ત્યાગ કરવાની જરૂર નથી, ત્યાગ કર્યા વગર

મનની સ્થિરતાની સાધના કરશું, તો તે ઉન્માદ છે.

અનાદિકાળથી જોઈએ તો કારણો મળી મળીને જ કાર્ય થયું છે. ભવિતવ્યતા આવી મળી તો સૂક્ષ્મ નિગોદમાંથી બહાર પડ્યા. એમાં પણ એક આત્મા સિદ્ધ થયો ત્યારે બહાર નીકળવાનો ચાન્સ મલ્યો. આપણો નંબર કેમ લાગ્યો ? ભવિતવ્યતા પાકી એટલે સૂક્ષ્મમાંથી વ્યવહારમાં (બાદરમાં) બહાર તો આવ્યા પણ અર્ધપુદ્‌ગલપરાવર્તકાળમાં કોણ લાવ્યું ? સ્વભાવ વગેરે કારણો લઈ આવ્યા. કારણ વિના કાર્ય ક્યાં થાય છે ? અભવીની પાસે ભવ્યત્વનો સ્વભાવ જ નથી, તો બિચારો ચરમાવર્તમાં આવે ક્યાંથી ?

ભવિતવ્યતાથી નિગોદમાંથી બહાર આવ્યા, સ્વભાવે સાથ આપ્યો, ચરમાવર્તમાં આવ્યા. મનુષ્ય જન્મ મળ્યો ત્યારે મોક્ષમાર્ગનો પુરુષાર્થ થાય. હવે મોક્ષે જવાની વાર કેટલી ? તો પુરુષાર્થ કારણ છે, પુરુષાર્થ કરો એટલે કર્મક્ષય થાય. ચરમાવર્તમાં આવ્યા ત્યાંથી પુરુષાર્થ શરૂ થયો. ચરમાવર્ત સિવાય ધર્મનો પુરુષાર્થ નથી. આ ચરમાવર્તથી દૃષ્ટિ ખૂલે એટલે ઓઘદૃષ્ટિમાંથી જીવ બહાર આવીને યોગની દૃષ્ટિમાં આવે. જડના રાગ બંધ થાય અને આત્માનો રાગ થાય. જેમ શ્રેણિક રાજાને દૃષ્ટિ ખૂલી, ભગવાન પ્રત્યે રાગ વધ્યો, માટે જ ભગવાનની વધામણી આપવા આવનારને ૧૧ લાખનો હાર આપી દેતા, પણ પટ્ટરાણી ચેલણા માટે આટલા પૈસા ખરચતા નહોતા.

દૃષ્ટિ ખૂલી એટલે આત્માનું કંઈક ભાન થયું. એમાં પણ યોગનાં બીજો, યોગની પૂર્વસેવા આ બધાં કારણો ભેગાં થયાં એટલે કાર્ય થયું. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એ મહાયોગ છે. એ લાવવા માટે યોગનાં બીજ જોઈએ. એનાં પાંચ બીજની સાધના કરે તો યોગનો પાક થાય. એ પાંચ બીજ છે : ૧. જિનોપાસના, ૨. આચાર્યાદિની સેવા-ઉપાસના, ૩. ભવોદ્વેગ (સહજ વૈરાગ્ય), ૪. અભિગ્રહ સેવન અને ૫. શાસ્ત્રોપાસંના. કારણ મળ્યું એટલે યોગની ઉપાસના થાય. કારણ વિણ કારજ નિપજે એ નિજમતનો ઉન્માદ છે. પોતાનો મત એટલે સ્વમતની કલ્પના-પોતે જ તત્ત્વ ઊભુ કર્યું. એ નિજમતનો ઉન્માદ છે.

**વ્યવહાર વિના નિશ્ચય ન આવે.**

**દ્રવ્યક્રિયા વિના ભાવ ન આવે.**

મ્લેચ્છના ઘરમાં બાળક હોય તેને મારો-કાપોનાં સંસ્કાર આવે. દયાનાં પરિણામ તેનામાં ન આવે. તેમ કોઈ દયાળુને ત્યાં બાળક હોય તેનામાં દયાનાં-જયણાનાં પરિણામ આવે, એટલે ક્રિયા એ ભાવનું કારણ છે.

ઉન્માદ કેમ કહો છો ? ઉન્મત્ત માણસને બોલવાનો ઢંગઘડો ન હોય. એક બાજુ



કહેશે કારણ વિના કારજ ન થાય, પછી સમય થતાં ભૂખતરસ મટાડવા રસોડા તરફ દોડશે, એટલે આ તો મારી મા વાંઝણી છે એના જેવું થાય. એક બાજુ કહે મારી મા- અને પાછો કહે વાંઝણી, આ નિજમતનો ઉન્માદ છે. તો સાચું શું? કારણ જોગે કારજ નિપજે. કારણના યોગે કાર્ય થાય છે. જેમકે ત્યાગપૂર્વક આગળ ચાલો, નવવાડનું અણિશુદ્ધ પાલન કરો, સમભાવની સાધનામાં લાગો આ બધાં સાધનો-કારણો ભેગાં કરો તો કાર્ય વીતરાગતા અને ક્ષપકશ્રેણી આપોઆપ સુલભ બનશે. એટલે સમતાની સાધના વિના કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય નહીં.

**મુગ્ધ સુગમ કરી સેવન આદરે, સેવન અગમ અનૂપ ।**

**દેજો કદાચિત્ સેવક યાચના, આનંદઘન રસરૂપ. સંભવ... ૬**

**ભાવાર્થ:-** ભોળાભલા માણસો સેવનકાર્ય સહેલું માની લઈને શરૂ કરી દે છે, પણ તેમણે જાણવું જોઈએ કે સેવાનું કાર્ય જેના તેનાથી જાણ્યું ન જાય તેવું અને કોઈની સાથે સરખાવી ન શકાય તેવું છે. એ કઠણ અને અજોડ છે તો આનંદઘનના રસમય પ્રભુ! આ સેવકની માગણીને કોઈ વખત સફળ કરજો અથવા આનંદસમુચ્ચયના રસરૂપ સેવાની માગણીને કોઈ વખતે સફળ કરજો.

**વિવચેન:-** મૂર્ખ માણસ સમજે છે કે, પ્રભુસેવન તો ભવસ્થિતિનો પાક થતાં સ્હેજે બની આવે છે. માટે સેવન સુગમ છે, પણ એ માટે અભય-અખેદ-અદ્વેષરૂપી કારણોમાં પ્રયત્ન કરવાની જરૂર નથી, આવું માનીને યોગ્ય પ્રયત્ન નહીં કરવાથી જીવનમાં ભય-ખેદ-દ્વેષરૂપી દોષો બન્યા રહે છે. પરિણામ ? આ દોષો વાસ્તવમાં સેવનને સ્થાપવા દેતા નથી, એટલે કાળલબ્ધિના પ્રયત્નથી પંથ નિહાળવાની ઉપેક્ષા થાય છે, તેથી પંથ નિહાળવામાં પ્રભુસેવાનો પ્રયત્ન બનતો નથી.

એટલે ભગવાનનું સેવન ક્યારે થાય? પરમાત્મા આદિ પાંચનો પરિચય કરો. પરિશીલન દ્વારા જીવનમાં ઉતારો. જીવનમાં શી રીતે ઊતરે? એને યોગ્ય આચારના પાલન દ્વારા. તપથી કલ્યાણ થાય, સમાધિ મળે. તો આ આચરી બતાવો. અનુભવમાં લાવો. આ બધાં કારણો છે. એના દ્વારા અકુશલચિત્તનો નાશ થશે, ત્યારે પ્રભુનું સેવન થાય.

ભગવાનનું સેવન એટલે શું? અરિહંત ભગવાનનું સેવન એટલે પહેલા નંબરે વીતરાગતાની ભારોભાર ઈચ્છા. કોઈપણ ગુણ કે ધર્મ મેળવવો હોય તો પહેલું પગથિયું એની પ્રશંસા છે. માટે તો કહ્યું કે **बीजं सत्प्रशंसादि**- કારણ સત્પ્રશંસા છે. આદિ એટલે શું? પ્રશંસા-અનુમોદના-અહોભાવ-આકર્ષણ વગેરે આ બધાં પ્રાથમિક કારણો છે. એના માટે વરઘોડા વગેરે છે. તપસ્યાદિનાં વરઘોડા જોતાં જૈનેતરોને થાય જૈનોની

તપસ્યા આવી ? આ બોલતાં અહોભાવ થાય. પ્રશંસાનું બીજ વવાય આનાથી આગળ વધતાં ધર્મ સુલભ બને.

**કલકત્તામાં તપસ્વી જયસોમવિજયજી**ને ૩૮ ઉપવાસ હતા. તપસ્યાનો વરઘોડો નીકળ્યો. લોકોએ સાંભળ્યું, આ મહાત્માએ ૩૮ ઉપવાસ કર્યા છે. તો ૩૮ ઉપવાસ સાંભળતાં હૈયામાં ભાવ વધી જાય. એવો અહોભાવ થાય કે ભવાંતરમાં જૈનધર્મની પ્રાપ્તિનું રીઝર્વેશન થઈ જાય. વિહાર કરતાં રસ્તામાં એક બે જણને પૂછ્યુ : ભાઈ ફલાણું ગામ કેટલું દૂર છે? તો કહે મહારાજ પાંચ માઈલ છે. અહીં બસ આવશે, બેસી જજો. અમે એને કહ્યું : **भाइ हम तो पैदल चलते है।** એટલે એણે પૂછ્યું કે : **कहां से आते हो ? हम तो गुजरात से आते हैं।** આ સાંભળતાં એને એવું આકર્ષણ થયું. આ આકર્ષણથી સત્પ્રશંસાનું બીજ પેસી જાય. જૈનધર્મ સુલભ બની જાય.

**'સેવન અગમ અનૂપ'**

મુગ્ધપુરુષો ભગવાનને સુગમ કરીને આદરે છે. સુગમ એટલે સુલભ્ય-સુબોધ્ય. સહેલાઈથી મળી જાય અને સહેલાઈથી સમજાય એ રીતે. પ્રહેલી વાત સુલભ્ય ને સુગમ્ય. રાજાનાં છોકરાંને ખાજાની કિંમત ન હોય. મહેલની સામે ભિખારી પડ્યો હતો. રાજકુમાર કહે : ક્યું પડા હૈ? ત્યારે હજુરીયો કહે : કુંવરસા'બ! વો ભૂખા હૈ. ત્યારે કુમાર કહે : તો ખાજા ક્યું નહીં ખા લેતા હૈ? રાજકુમારને ખાજા એટલે સહેલાઈથી મળે એવા લાગે છે. એમ જૈનકુળમાં જન્મ્યા એટલે સેવાને સુગમ માનવી એ તો મુગ્ધતા છે, મૂર્ખતા છે. કેમ ? વસ્તુની કિંમત જ પહેલાં મામૂલી ગણે પછી એની સેવા કેવી કરે? ભગવાનની સેવા અતિ દુર્લભ છે. ભગવાનની સેવાને આડા તેર કાઠિયા નડે છે. આળસ-પ્રમાદ-દુન્યવી વસ્તુનું આકર્ષણ વગેરે. એટલે એ સેવામાં મનને પરોવા દેતા જ નથી. કદાચ સેવામાં બેસી ગયા તો પણ દુનિયાનાં લફરા સાથે જ બેસે. જ્ઞાનીઓએ કહ્યું એટલે રાબેતા મુજબની વિધિ પાળવાની. સુલભ્ય સમજીને આદરે. કેમકે ભય નથી. જ્યારે મંત્ર સાધના કરતાં ભય હોય છે કે જરા આઘું પાછું થયું તો દેવતાનો પ્રકોપ થશે. મળવાનું બાજુ પર રહી જશે.

બહુ વર્ષો પહેલાં વીસનગરમાં બે સંન્યાસી સાધના કરવા માટે સ્મશાનમાં ગયા. સાધના કરવા બેઠા. સામાન્ય ઉપદ્રવ કરવા દેવતા આવ્યા ને ડગ્યા. પાગલ થઈ ગયા, અને અઘોરી બાવા બની ગયા. પછી જ્યારે મર્યા ત્યારે પેટ ચીર્યું તો એમાંથી કાચના ટુકડા ને સાપ વગેરે નીકળ્યા. સાપ પણ મારીને ખાતા હશે!

સાધના કરવા બેસે તો સમજીને બેસે. સેવન અતિકઠણ છે, એમ સમજીને બેસે તો કોઈ લફરાં ન આવે, પણ ભય નથી. સેવા કરવા બેસો એમાં શું છે? એમ કરીને



બેસે પણ એ સરળ નથી, સેવાનો માર્ગ સુગમ નથી, અગમ છે, ઓળખાય એવો નથી, માટે તો કહ્યું છે કે-**'सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः'.**

સેવાધર્મ એ પરમ ગહન છે. યોગીઓને પણ સમજાય એવો નથી. દેહની સેવાના ધર્મને શીખવાડવો પડતો જ નથી. ભગવાનની સેવા કરવી હોય તો શીખવવી પડે છે. દેહની સેવા એવી છે કે માખી મોં પર બેસે તો પણ ખમાતી નથી. હાથ તરત જ મોંઢાની સેવામાં પહોંચી જાય છે. જ્યારે ભગવાનનો સેવાનો ધર્મ આનંદઘનના રસસ્વરૂપ છે. નિરુપાધિક આનંદનો ઘન એના રસસ્વરૂપ છે. એવા ભગવાનની સેવા સમજીને કરવાની. રસ એટલે ઉત્કટ અભિલાષા. ભાઈને દયાનો રસ છે એટલે દયાની ઉત્કટ અભિલાષા છે. તપસ્યાનો રસ હોય તો એ હાલતા ચાલતા તપસ્યા કરે. તપસ્યા સોપારીના ટુકડા જેવી બની જાય. એ કરે એટલે નિરુપાધિક આનંદ મળે. નિરુપાધિક આનંદ એટલે નિર્વિષયક આનંદ. સંસારી આનંદ એ સવિષયક છે. પકવાન સારાં લાગ્યાં, મોટરમાં ફરી આવ્યા, આનંદ થયો આ સવિષયક આનંદ છે, સોપાધિક આનંદ છે. જેમકે ખાધા પછી ખાવાનો આનંદ જુદો.

ભગવાનની સેવાની ઉત્કટ અભિલાષા એ નિર્વિષયક આનંદ છે, અગમ છે, સમજવી મુશ્કેલ છે. તેમ મોક્ષની ઉત્કટ અભિલાષા નિર્વિષયક આનંદ છે. દેરાસરમાં કેમ ચાલ્યા? ભગવાન મોક્ષસુખના ખજાના છે, અને મને એ સુખની ઉત્કટ અભિલાષા છે માટે.

નિરુપાધિક આનંદ ક્યારે લાગે? જ્યારે અકળામણ લાગે ત્યારે આવો નિરુપાધિક આનંદ ઉત્કટ અભિલાષારૂપ છે. ભગવાનનું નામ જપવું, અભિલાષા રાખવી, એ વીતરાગની સેવા છે. નિરુપાધિક આનંદ એની જ એક તમન્ના. રસ એ વીતરાગની સેવારૂપ છે, એટલે કોઈપણ સારી ચીજની પ્રાપ્તિ શી રીતે થાય? એની ઉત્કટ અભિલાષાથી. આપણા બધા આરાધનાનાં જે અંગો છે તપ-ત્યાગ-સ્વાધ્યાય વગેરે એમાં સહજ ભાવનો આનંદ ક્યાં થાય છે? ઓહો ! થતું નથી. ભૂખ્યો માણસ મીઠાઈ જોઈને આનંદ અનુભવે એમ ભગવાનનો તપ-સાધના કરીએ તો એવો આનંદ ક્યાં છે? નિરુપાધિક આનંદની ઝાંખી કરવા માટે સોપાધિક મોજ-મઝાઓના આનંદ ઉપર ભારોભાર ઈતરાજી થવી જોઈએ. એ ઈતરાજીનો અનુભવ નથી માટે નિરુપાધિક આનંદ આવતો નથી, એને સમજવા પ્રયત્ન કરો કે, કોઈ પણ જાતનો વિષય હોય ને એમાં આનંદ આવે તો એ કેવો છે? એ વિચાર કરશો તો વીતરાગની સેવાનો આનંદ આવશે.

ભગવાનની સેવા પ્રાપ્ત થવાની વાત તો દૂર છે પણ ભગવાનની સેવા ઓળખાતી નથી.

**'જિન હી પાયા તિન હી છીપાયા'**-જે પામ્યા તેણે છુપાવ્યું. આ અનુભવજ્ઞાન કરો તો એનો ખ્યાલ આવશે. જેણે પ્રાપ્ત કર્યું તેણે પોતાના અંતરમાં છુપાવ્યું.

સેવન અગમ-અનુપ છે. તો ભાઈ એવી ખટપટ રહેવા દે. આપણે તો માળા ગણશું. પણ જો આને ખટપટ સમજીને મૂકી દઈશ તો એના જે અનુપમ લાભ છે એ ગુમાવીશ. એના લાભ અપરંપાર છે. વીતરાગની સેવા એક બાજુ સમજાય એવી નથી ને બીજી બાજુ લાભ અનુપમ છે. ઇન્દ્રની ઠકુરાઇ કે છ ખંડની ઠકુરાઈની તોલે પણ આ સેવન આવે નહીં, એના કરતાં કંઇ ગણી ઊંચી છે. જે ખરેખર પોતાનું છે તે છોડીને પરને પોતાનું બનાવવાની ગડમથલમાં જેઓ પડે છે અને એમાં ગળાડૂબ બનીને એક એક રાજ્યને સર કરતા આવતા મોટા મોટા રાજાઓ જે આનંદ મેળવી શકતા નથી એના કરતાં કંઇ ગણો આનંદ યોગીઓ પાસે કશું ન હોવા છતાં તેઓ મેળવે છે. યોગીઓ પાસે કશું ન હોવા છતાં આનંદનો સાગર છે. જ્યારે રાજાઓ પાસે બધું હોવા છતાં એ દરિયાની સામે ખસખસ જેટલો પણ આનંદ નથી, પણ બિચારા દુઃખિયારા છે. પરમાં દોડ્યા એટલે વાતવાતમાં ઓછું જ આવે. પરનું પોતાનું બનાવવાની ગડમથલમાં પડેલા દરેકને હંમેશાં વાતવાતમાં ઓછું જ આવે.

પ્રભુનું સેવન અનુપ એટલા માટે છે કે ભવનિસ્તારનું અતિઆવશ્યક સાધન પ્રભુસેવા છે. ભવનિસ્તાર માટે પરમાત્મદશા પ્રગટ કરવી પડે ને એ પરમાત્માના સેવનથી થાય. દુનિયામાં કોઇ પણ લાઇનના એક્સપર્ટ થવા માટે એક્સપર્ટની સેવા-ઉપાસના પહેલાં કરવી પડે છે, વળી સેવન અનુપ એટલા માટે છે કે એમાં પરમાત્માનો સતત સંપર્ક રહે છે. દુનિયાના કોઇના પણ સંપર્ક કરતાં વીતરાગપ્રભુનો સંપર્ક શ્રેષ્ઠ છે, તેથી વીતરાગ પ્રભુની સેવા અનુપમ છે.

પ્રભુનું સેવન દુર્લભ છે માટે જેમણે વીતરાગની માયા લગાડી હોય તેનું સેવન કરવાનું છે. દુનિયાની માયા માટે ભગવાનનો આશરો લે તેને માયાની માયા લાગી કહેવાય, ભગવાનની નહીં. ત્યાગનાં માર્ગે અભ્યાસ કરે તો ત્યાગની મમતા-માયા લાગે. જે માર્ગે જવું હોય તે માર્ગના એક્સપર્ટની સેવા કરે તો જ તે માર્ગ મળે. ત્યાગના માર્ગે મહાત્યાગીની માયા લાગે. પણ જો ભોગના માર્ગે ચાલે તો મહાત્યાગી એવા વીતરાગની માયા ન લાગે, માટે સેવન સહેલું નથી પણ કઠણ છે. દુનિયાની કેટલીક ચીજ કઠણ હોય છે પણ અનુપમ નથી હોતી. જેમકે હિમાલય પર ચડવું કઠણ પણ અનુપમ નથી કારણ કે પહોંચતા મળે શું? જ્યારે વીતરાગની સેવા કઠણ જરૂર છે, પણ અનુપમ છે, કેમકે વીતરાગની સેવાથી જન્મ-મરણ ટળે છે. એટલે વીતરાગની માયા-સેવાનો રસ કેવો છે?



આનંદઘન રસ છે, જે પરનિરપેક્ષ છે. બીજાની આકાંક્ષા વગરનો છે. સમજાય નહીં અને બીજાની ઉપમા ન લાગે એવો કિંમતી અને અનંતકલ્યાણને કરનારો છે. વીતરાગની સેવા જેવી જગતમાં બીજી કોઇ સાધના નથી, સંપત્તિ નથી, ધંધો નથી. ધંધો-સંપત્તિ એ બધું વીતરાગની સેવાથી હેઠ છે. ત્યારે તો પુણિયો ઉપર હતો ને શ્રેણિક હેઠ હતો. પુણિયા પાસે વીતરાગની સેવા હતી, સેવામાં ત્યાગ હતો, ત્યાગનો આનંદ હતો. જેટલો ત્યાગ વધારે તેટલો આનંદ વધારે. સેવન અનુપ છે. આ સમજીને જેણે સેવાધર્મ હાથમાં લીધો તેને વીતરાગની સેવાએ ન્યાલ કરી દીધા. **૧૧ બ્રાહ્મણો ઇન્દ્રભૂતિ વગેરે** મિથ્યાત્વમાં પડેલા પણ ભગવાનની સેવા મળી ગઈ, નસીબ ખૂલી ગયાં. ભગવાનની સેવા મળી ગઇ, પછી શું બાકી રહે. એમ સનત્કુમાર ચક્રવર્તીને ભગવાનની સેવા-આરાધના મળી ગઇ. ૧૬/૧૬ રોગ કાયામાં ઉપન્યા, ૭૦૦ વર્ષ સહન કર્યા. એમ ૧૧ ગણધરોએ ભગવાનની સેવામાં આનંદ કેવો લીધો ! ૧૧માંથી ૯ ગણધરો ભગવાનની હાજરીમાં જ મોક્ષે પહોંચી ગયા. ભગવાને આડખીલી ન કરી. કેમકે ભગવાન જુએ છે, નિરુપાધિક આનંદનો રસ એવો છે. મોક્ષના આનંદ આગળ સોપાધિક બધો આનંદ મામૂલી-તુચ્છ લાગે. ભગવાને તેમ સુલસા-રેવતી વગેરે ૯ જણને જિનપદની આરાધના આપી. સેવન અનુપમ છે, કેમકે આ સેવામાં નિરુપાધિક આનંદનો ઉત્કટ અભિલાષ છે. એવો આનંદ જેના આત્મામાં છે, એની રટના ૨૪ કલાક જેનામાં છે, એને દુનિયાની ગમે તે વસ્તુ દેખાડો તો એને દુનિયા કુછ નહીં લાગે. એ આનંદની આગળ છ ખંડની ઠકુરાઈ કોડીની કરી મૂકે. એ આનંદનો રસ-તમન્ના એનું નામ વીતરાગની સેવા.

નિરુપાધિક આનંદનો રસ જગાડી દે, એની ધુન જગાડી દે, તો વીતરાગની સેવાની ઝાંખી આવશે, માટે અગમ-અનુપમ છે, કેમકે આ વીતરાગની સેવા ચિત્તને શાંતિ આપે છે. આત્માને સત્ત્વ આપે છે. એ સેવા નિરુપાધિક આનંદના રસરૂપ છે.

આજના વૈજ્ઞાનિકો સંશોધનની પાછળ જામી પડે છે. કેમ? એમાં રસ લાગી ગયો છે. કલાકો સુધી ઊભા ઊભા સંશોધન કર્યા જ કરે. એવો રસ આ નિરુપાધિક આનંદનો કરવાનો છે. આ નિરુપાધિક આનંદની ગડમથલમાં રહેશો તો પછી દુનિયાનાં માન-સન્માન કોઇ વિસાતમાં નહીં રહે.

**પાંડવો ને કૌરવો** હસ્તિનાપુરની બહાર નીકળ્યા, **દમનક** (દમદન્ત) નામના મુનિ કાઉસગ્ગ ધ્યાને ઊભા હતા. કૌરવો સાધુના દ્વેષી, બધા કૌરવોએ મુનિની ચારે બાજુ એક એક પથરો મૂકીને મુનિને ઢાંકી દીધા. પાછળ પાંડવો આવ્યા. તેમણે મુનિને પથરાથી ઢંકાયેલા જોયા એટલે પાંડવોએ બધા પથરા બાજુપર મૂકી દીધા. મહાત્માને

કાંઈ ન થયું. કૌરવો ખરાબ અને પાંડવો સારા એવું પણ નહીં. કેમ? વીતરાગતાનો આનંદ અનુભવતા હતા. મુનિ આવી કોઈ ગડમથલમાં હશે કે કૌરવોએ પથરા ગોઠવ્યા તોય શું? અને પાંડવોએ પથરા દૂર કર્યા તોય શું?

છ-છ મહિના સંગમ ભગવાનની પૂંઠે ફર્યો-ભગવાનને હેરાન કર્યા. પછી પાછો ગયો. પછી ઈન્દ્રો ભગવાનને શાતા પૂછવા આવ્યા. પણ ભગવાનને કાંઈ ફરક જ નથી લાગતો કે સંગમ ઉપદ્રવ કરે છે માટે ખરાબ અને ઈન્દ્રો શાતા પૂછે છે માટે સારા. તુલ્ય મનોવૃત્તિવાળા ભગવાન હતા.

સેવા આવી કોઈ ચીજ છે, સમજાય એવી નથી, માટે અગમ કહી છે. અગમની પૂંઠે લાગી જાઓ તો એમાં આનંદ-સુખ અનુપમ છે, એમ ખાતરી આપે છે. આ સેવન આનંદઘન રસરૂપ છે. એ એમને કદાચિત આપજો...

**'દેજો કદાચિત્ સેવક યાચના આનંદઘન રસરૂપ'**

કદાચિત્ કેમ કહે છે? એટલા માટે કે પાત્રતા વિના માંગવું એ પાગલતા છે. પહેલાં પાત્રતા કેળવ પછી સારી ચીજ માંગ. વીતરાગની સેવા માટે પણ પાત્રતા જોઈએ.

ભગવાનની સેવાને અગમ-અનુપ કહી છે. કયા વિચાર ઉપર? મહાયોગી પાસેથી કંઈ મેળવવું હોય તો લેવા જનાર મહાયોગીને કેવી રીતે સેવે? ફળ, નૈવેદ્ય વગેરેથી તુષ્ટિપુષ્ટિ કરે, પણ અરિહંતનું સેવન એવું નથી. કોઈ મહાતાંત્રિકની પાસેથી મંત્રસાધના લેવી હોય તો બાવાની લંગોટી પણ ધોવી પડે, દ્રવ્યાર્પણ કરીને ખડે પગે રહેવું પડે. ભગવાન! આપ તો મોક્ષમાં જઈને બેઠા છો, વિચરતા ભગવાન છે તે પણ કાંઈ લંગોટી રાખતા નથી. તો સેવા કેવી રીતે કરવાની ? જેમ ચક્રવર્તીની સેવા કોઈ કરે તો ૨૪ કલાક હાથ જોડીને ઊભા રહેવું પડે. ક્યાંય એમની નજર પડે છે ? તો એવી સેવા કામ લાગે એવી છે ? ના, એ સેવા પણ કામ લાગે એવી નથી. કેમકે ચક્રવર્તી તો અજ્ઞાની છે જ્યારે ભગવાન તો મહાજ્ઞાની-સર્વજ્ઞ છે. ખડે ખડે રહ્યા પણ લાયકાત ન જોઈ તો ન રીઝે. તો કઈ રીતે સેવા કરવી ? મહાસતીઓ પતિની સેવા કરે છે એમ કરીએ. પતિને અનુકૂળ થઈને વર્તતા મહાસતી સીતાજી રામની સેવા કરતાં હતાં. ૧૨ વર્ષના વનવાસમાં ગયા તો પણ રામચંદ્રજીને ટોણો સંભળાવ્યો નથી કે તમને પરણીને આ દેખવા મળ્યું. મનને ઓછું લગાડ્યું નથી કે મોં પણ બગાડ્યું નથી. આવી રીતે સેવા કરવાનો મોખ છે? ભગવાનની પાછળ જ્યાં તાણી જાય ત્યાં તણાવાનું, એક હોંકારો કે ચુંકારો નહીં કરવાનો. ભગવાનની સેવા એટલે ભગવાનના માર્ગની સેવા. શી રીતે થાય ? મનમાં ઓછું લાવવાથી ન થાય. નળના હાથે દમયંતી એકલી



જંગલમાં મુકાઈ. હવે મારે પતિના વિયોગમાં શીલ કેવી રીતે પાળવું? શીલનું ઉલ્લંઘન ક્યારે થાય? ઉન્માદ જાગે ત્યારે. ઉન્માદના કનેક્શનને કટ કરી નાંખો તો ઉન્માદ ન જાગે. મેઈન કનેક્શન કટ કરી નાંખો તો લાઈટ ન થાય. તેમ પતિનો વિયોગ છે ત્યાં સુધી ૬ વિગઈનો ત્યાગ, રંગબેરંગી કપડાનો ત્યાગ, ગાદીમાં સુવાનું નહીં અને શૃંગાર-શણગાર-વિભૂષા કરવાની નહીં. આપણને ભગવાનનો વિયોગ પડ્યો છે, આપણે એમને પતિ માનીએ છીએ, એ વિયોગમાં સંયમની રક્ષા કરવાની છે. તો આ મોખ છે? ૬ વિગઈનો ત્યાગ-સુશોભિત જેવાં વસ્ત્રોનો ત્યાગ, ગાદી જેવા સંથારાનો ત્યાગ, શૃંગાર-ટાપટીપ-અપટુડેટપણાનો ત્યાગ. સેવન અગમ અનુપ-સેવન શાને સમજે છે? સતીઓએ પોતાના પતિનાં સેવન કેવાં કર્યા? તો શું એટલું કરીએ તો બસ છે ? ના, એમ સેવન સહેલું અને સમજાય એવું નથી. પૂજનનાં દ્રવ્યો અર્પણ કરીએ તો-સતત સેવા માટે ઊભા રહીએ તોય સેવન થાય એમ નથી. સતીઓ પતિને શું અનુકૂલ છે તે જોયા કરતી હતી. આપણે પણ ભગવાનને શું અનુકૂળ છે તે જોઈએ પણ ભગવાનની સેવા એથીય વધારે છે. એવા પ્રખર શિષ્યો હતા-ગુરુનું મનોનુવર્તિત્વ-ગુરુની મનોવૃત્તિ પ્રમાણે વર્તતા હતા. જેમકે **રાજા ને મંત્રી** ઘોડા પર બેસીને ફરવા નીકળ્યા. એક જગ્યાએ ઘોડો ઊભો રહ્યો ને પેસાબ કર્યો. રાજા આગળ જઈને પાછળ જુએ છે. મંત્રી ચતુર હતો. સમજી ગયો. અમુક સમય પસાર થઈ ગયો. પાછા રાજા-મંત્રી એ સ્થળ તરફ ફરવા નીકળ્યા. ત્યારે રાજાએ ત્યાં મોટું સરોવર અને પાળી ઉપર ઝાડ રોપેલાં હતાં. અરે! દિવાન! પહેલા આવ્યા ત્યારે અહીં સરોવર કે કાંઈ નહોતું ને આ કોણે બનાવ્યું ? દિવાન કહે : રાજન્ ! આપે બનાવ્યું છે. મેં ? હા. કેમ સાહેબ! થોડા દિવસ પહેલા અહીંથી નીકળ્યા હતા. ત્યારે ઘોડાએ આ સ્થળે પેસાબ કર્યો. આપે થોડે આગળ જઈને પાછળ જોયું. આ ચારે બાજુની ટેકરીઓની વચ્ચે આ ખાબોચિયું કેવું શોભે છે, એટલે આપના મનમાં એમ થયું હશે કે અહીં સરોવર હોય તો કેવું સારું? મેં આવું અનુમાન કર્યું કે આપને અહીં સરોવર-બગીચો વગેરે બનાવવું છે એટલે આ બન્યું. રાજા દિવાનની પીઠ થાબડે છે કે મારા મનના ભાવ તું જાણી ગયો. આ મનોભાવ જાણવા સહેલા છે, ગુરુના પણ મનોભાવ જાણવા હજી સહેલા છે પણ ભગવાને તો મન જ નથી રાખ્યું તો તેમના મનના ભાવ-મનોનુવર્તિપણું જાણી કેમ સેવા કરી શકાય? એટલા માટે સેવન અગમ છે.

**"જલત પતંગ દીપ કે માંહી, પીડા પતંગ કો હોત કે નાહીં,**
**પીડા હોત તદ પણ તિહાં જાઈ, શંકા પ્રીતિવશ આવત નાહીં."**

પતંગિયું દીવામાં બળી મરે છે, એને પીડા થાય છે તો પણ ત્યાં જ જાય છે.

કેમકે દીપકની પ્રીત એને એવી છે કે આ મને બાળી મૂકશે એવી શંકા જ એને થતી નથી.

ભગવાનની સેવા કરવી છે તો આવો પ્રેમ ઊભો કરવો પડશે. દીપકની જ્યોતમાં જેમ પતંગિયું ઝંપલાવે છે તેમ ભગવાનની વીતરાગતાની જ્યોતમાં-ગુલતાન બની જવું જોઇએ, પછી જલી જઇએ-બળી જઇએ તો પણ વાંધો નહીં. સંગીતમાં જેમ હરણિયું ગુલતાન થાય છે, ગીત સાંભળવા બેસી જાય છે, પાછળથી આવીને કોઇ બાણ મારશે તો? એવો વિચાર જ નહીં! એને મન તો એક જ સંગીત કેવું સરસ છે એ જ છે. એમ ભક્તને 'ભગવાનની શું વીતરાગતા છે' ભગવાનની સેવા આવી કાંઇક હશે. વિચારજો-ભગવાનની સેવા આત્મસમર્પણ નથી માંગતું પણ આત્મબલિદાન માંગે છે. શું થવું છે? મારે કશું નથી થવું? કંઇક થવું છે એમ ઊભું રાખે તો ભગવાનને મૂકીને બીજો વિચાર આવે ને? એટલે મારે મારો વિચાર કરવાનો જ નથી. ભગવાનમાં વિસર્જિત થઇ જવું છે, વીતરાગનું સેવન આવું કાંઇક છે, આવું કાંઇક માંગે છે. જે પ્રકૃતિમાં દેખાય છે કે, સમર્પિત થઇ જાય છે તે મેળવે છે.

જેમ ભમરો કમળને સમર્પિત થઇ જાય છે, સૂર્યવિકાસી કમળમાં ભમરો સૂર્યાસ્ત થાય તો પૂરાઈ જાય છે પણ અંદરથી ખસતો નથી. ભગવાનનું સેવન આવું કાંઇક આત્મવિલોપન-વિસર્જન-સમર્પણ માંગે છે, ત્યાગની તન્મયતા માંગે છે.

સમરાદિત્ય ચોથા ભવમાં ધન્યમુનિ-આજુબાજુ લાકડાની ચિતા ગોઠવાઇ, લાકડાં સળગ્યાં, ઊભા રહી ગયા, સળગી ગયા પણ ન ખસ્યા, તોય આ સેવન પામી શકાતું નથી. સળગી ગયા છતાં વીતરાગ ન થયા, મોક્ષ ન પામ્યા. જ્યારે પેલા ગજસુકુમાર મુનિ માથે ખેરના અંગારા ભરાયા-સળગી ગયા ને વીતરાગ થયા, મોક્ષ પામી ગયા. ફરક કેમ ? ગજસુકુમારમાં વીતરાગનું સેવન આવી ગયું, એટલે ભગવાનની સેવા અગમ છે.

એવા ભગવાન છે વળાવનારા. તું મારામાં ભળી જાને. મહાવીર ભગવાન હજી અહીં ઊભા રહ્યા ને નવ ગણધરો મોક્ષમાં પહોંચી ગયા. સુધર્મા અને ગૌતમને કેમ ન મોકલ્યા? ગૌતમ અને સુધર્મા અળખામણા નહોતા. ગૌતમ અને સુધર્મા રટનારા હતા કે, 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.' મોક્ષ કરતાં પણ ભગવાન તમારી ભક્તિ અમારા મનમાં અધિક વસી છે, જો મોક્ષમાં જાઉં તો તમારી ભક્તિ-ધ્યાન ન થાય. તમે મારા સ્વામી, હું તમારો સેવક એ અહીં થાય ત્યાં ન થાય. સેવક બનવાનો પણ એક લહાવો છે એનો અનુભવ કરનારા જ જાણે કે સેવક બનવામાં શું મજા છે? અભિમાનીને સ્વામી બનવામાં આનંદ હોય છે. અત્યંત વિનમ્ર હોય, અહંત્વનું



વિસર્જન કર્યું હોય અને અર્હત્વનું સ્થાપન કર્યું હોય તેને સેવક બનવામાં લહાવો હોય છે. ત્યારે તો ભરત અને બાહુબલીના જીવ બાહુ અને સુબાહુમુનિએ સેવાનો ભેખ લીધો હતો, લહાવો સમજતાં હતા. એમ આ ગૌતમ અને સુધર્મા પણ એવા હતા. ભગવાન માફ રાખજો જલ્દી મોક્ષમાં ન ધકેલશો, નહિતર આપની સેવા-ભક્તિનો લાભ અમને નહીં મળે. સમરાદિત્યના જીવ ધન્યમુનિએ અને ગજસુકુમારે બંનેએ વીતરાગના સેવન તો ઉપાડ્યા હતા. એકને એટલે ગજસુકુમારને સેવન પૂર્ણ થયું, બીજાને એટલે ધન્યમુનિને સેવન અધૂરું થયું. કેમ? એ સેવન અગમ-અનુપ એ સેવન સમજાય એમ નથી. અગમ છે.

તો પાર શી રીતે ઊતરશો?

**દેજો કદાચિત્ સેવક યાચના**- કવિ પ્રાર્થના કરતાં કહે છે કે પ્રભુ સેવન અમને કદાચિત્ આપજો. કદાચિત્ કેમ કહ્યું? હમણાં નહીં ને? કદાચિત્ એટલા માટે કહ્યું કે જગતમાં સેવામાં લાગી ગયેલા જીવોને જોઇએ છીએ કે સેવાની પાછળ ભોગ કેવો આપે છે? જાત ભૂલી જાય છે. એ આપના પ્રત્યે જોઇએ છે, પણ અત્યારે તો એ મારામાં દેખાતું નથી. એ જોતાં અમારી લાયકાત લાગતી નથી, લાયકાત વિનાનું માંગવું નકામું છે, વ્યાજબી નથી. પાંચ તાંબીયા પૈસા લઇને ઝવેરીની દુકાને જાય ને ઝવેરાત માંગે તો મૂરખ ઠરે. એમ અમારી પાસે એવાં નાણાં સેવનના નથી. તો સવાલ થાય કે, શિવસુખ અમને આપો એમ કેમ માંગો છો? લાયકાત છે? એનો જવાબ છે કે, મોક્ષ માંગ્યો એ સુખનો પ્રકર્ષ છે જ્યારે સેવન લાવવું એ ગુણનો પ્રકર્ષ છે.

સુખના પ્રકર્ષ માટે લાયકાત જોવાની નથી, અત્યારે તો ગુણના પ્રકર્ષ માટે લાયકાત જોવાની છે. દલીલબાજ બચ્ચું ત્રણ ચોપડી ભણ્યો હોય એનામાં ભાવિ વકિલ થવાની લાયકાત ખરી પણ એ કહે મને કોલેજમાં દાખલ કરો ! ન થવાય, એમ ગુણનાં પ્રકર્ષ માટે લાયકાતની જરૂર છે.

એટલે ભગવાન જલ્દી દે એવું દેખાતું નથી, એટલે ભગવાન પર છોડ્યું છે. તમે મારા તારણહાર છો. તમને ઠીક લાગે ત્યારે દેજો. એટલે શું કર્યું? પોતાનો પુરુષાર્થ ઊભો રાખ્યો, હું તો તમારી સેવા માટે ઊભો જ છું, મારી મહેનત ચાલુ છે. હવે આપવું કે ન આપવું એ તમારી ઇચ્છા છે. એટલા માટે ગીતામાં પણ લખ્યું છે કે **'कर्मण्येवाधिकारस्ते** 'તું તારું કર્તવ્ય બજાવ' **'मा फलेषु कदाचन'** ફળનો વિચાર ન કરીશ. તારો અધિકાર કર્તવ્ય બજાવવાનો છે, ફળનો વિચાર તારે કરવાનો નથી. લક્ષ્ય પુરુષાર્થ ઉપર રાખ, ફળ ઉપર નહીં, ફળ ભગવાન પર છોડી દો. આમ કહીને એ કહેવું છે કે, હું મારો પુરુષાર્થ છોડવાનો નથી. પ્રભુ! યોગ્ય લાગે ત્યારે આપ દેજો.

ફળ માંગવું એમાં જરા કડકાઈ-અહંત્વ આવે, જ્યારે ફળ ભગવાનના ઉપર છોડવામાં નમ્રતા આવે. કદાચિત્‌માં દાવો નથી આવતો કે તમારે આપવું જ પડશે, પણ દેજો એમાં પ્રાર્થના છે. પ્રાર્થનાથી શું થાય? મહાપુરુષોએ લખ્યું છે કે **'प्रार्थनातः एव इष्टसिद्धिः'** પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય છે. આધ્યાત્મિક બાબતોમાં જે જોઇએ તે માટે પ્રાર્થના કરો. એમ કેમ કહ્યું? જે વાતની પ્રાર્થના કરીએ એ વાતની આશંસા ઊભી થાય છે. દિલમાં ઉત્કટ અભિલાષા હોય ત્યારે યાચના-માગણી થાય. સાચી પ્રાર્થના ક્યારે? જેની પ્રાર્થના કરીએ તેની દિલમાં ઉત્કટ આશંસા થાય ત્યારે.

જીવનમાં વડીલજનોની સેવા-ભક્તિ ન હોય અને પરનું ભલું કરવાની ભાવના ન હોય એ જીવન સંમૂર્ચ્છિમ-જનાવરનું છે. આશંસા થાય એટલે બીજ પડે. માટે તો કહ્યું કે **बीजं सत्प्रशंसादि** ભગવાન મહાવીરની ક્ષમા જોઇએ છે? તપ જોઇએ છે? તો બીજ નાંખ, શું બીજ? સમ્યગ્દર્શન અને ક્ષમા વગેરેની પ્રશંસા કર, એનું આકર્ષણ કર, અભિલાષા કર. તીવ્ર આશંસા કરે ત્યારે આત્મામાં બીજ પડે છે. આશંસા વિના ઉપર અંકુરા પણ ન ઊગે, મહોર-પાંદડા કે ફળ ન આવે.

Desire & Deserve-ઇચ્છો અને એના માટે લાયક બનો. એટલે અહીંયા પ્રાર્થના કહી છે. માટે આશંસા ઊભી કરો. પ્રાર્થનાનો મોટો પ્રભાવ છે. પ્રાર્થનાથી ભગવાન આગળ નમ્ર બનીએ છીએ. ભગવાન હું આપનો દાસ છું. મને આ સેવન આપો. પ્રાર્થનાથી વિશ્વાસ-શ્રદ્ધા વધે છે. શરણભાવ ભગવાન પ્રત્યે છે માટે ભગવાન પાસે આવ્યો છું, માટે કવિએ પ્રાર્થના કરી કે પ્રભુ! તમે આનંદઘનના રસરૂપ છો. આપનામાંથી અનંતસુખનો રસ ઝરી રહ્યો છે. આપનું સેવન તે આનંદઘનના રસરૂપ છે. તો હે પ્રભુ! રાત અને દિ' તમારી સેવા આપજો. આનંદઘનનો રસ અમાપ છે. આપની મૂરતિમાંથી જાણે આનંદઘનનો રસ ઝરી રહ્યો હોય તેમ લાગે છે, માટે તો આપની મૂર્તિ જોતાં ' દેખત તૃપ્તિ ન હોય.' આપની મૂર્તિ જોતાં તૃપ્તિ થતી નથી. વારંવાર જોયા કરવાનું જ મન થાય છે. વળી એ આનંદઘન રસ કેવો છે ? અમાપ છે.

**તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ,**
**તો અમને સુખિયા કરો રે, અમે ધરિયે તમારી આશ.**

માટે પ્રભુ ! અમને તેની લાલચ લાગી છે કે તે સુખ અમને આપજો.

**(ઈતિ શ્રી સંભવનાથ જિનસ્તવન વિવેચના)**



## શ્રી અભિનંદનજિન સ્તવન-૪

**અભિનંદન જિન દરિસન તરસિયે, દરિશન દુર્લભ દેવ,**
**મત મત ભેદે રે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ.....૧**
**સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ,**
**મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે ? રવિ-શશી રૂપ વિલેખ.....૨**
**હેતુવિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુરગમ નયવાદ,**
**આગમવાદે હો ગુરુગમ કો નહિ, એ સબળો વિખવાદ...૩**
**ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ**
**ધીઠ્ઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઇ ન સાથ.....૪**
**દર્શન દર્શન રટતો જો ફિરું, તો રણરોઝ સમાન,**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ છીપે વિષપાન...૫**
**તરસ ન આવે મરણ જીવન તણી, સીજે જો દરિસન કાજ,**
**દર્શન દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ....૬**

### શ્રી અભિનંદનજિન સ્તવન વિવેચના-૪

**અભિનંદન જિન દરિસન તરસિયે, દરિશન દુર્લભ દેવ,**
**મત મત ભેદે રે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ.....૧**

**ભાવાર્થ :** ચોથા ભગવાન શ્રી અભિનંદન દેવના દર્શનની ઝંખના કરીએ, અને સમજીએ કે દેવનું દર્શન મુશ્કેલ છે, કારણ કે મત-મતાંતરોના ભેદ (કરનારાઓ)ને જઇને જો સવાલ કરીએ તો દરેક દરેક પોતપોતાની સ્થાપના કરે છે, પોતાનો માર્ગ એજ ભગવાનનો માર્ગ છે, એવું પ્રતિપાદન કરે છે.

**વિવેચન :** હે અભિનંદન સ્વામિ! અમે આપનાં દર્શનને તલસિએ છીએ. પૂર્વનાં સ્તવનમાં કહ્યું- દેજો કદાચિત્ સેવક યાચના-આપની સેવા કદાચિત આપજો. આ સેવામાં પણ પ્રથમ તો દર્શન જોઇએ. દર્શન અનેક રીતનાં હોય છે. જેમકે દર્શન એટલે પ્રત્યક્ષ દર્શન, દર્શન એટલે નિરાકરણ, દર્શન એટલે વસ્તુદર્શન, દર્શન એટલે જૈનદર્શન, દર્શન એટલે મત-સિદ્ધાંત, દર્શન એટલે સમ્યગ્દર્શન, દર્શન એટલે તત્ત્વદર્શન, દર્શન એટલે આર્હત્દર્શન, દર્શન એટલે મિલન. જગતમાં દર્શનનાં નામો ઘણા છે. જેમકે ન્યાયવાળો કહે અમારું ન્યાયદર્શન, યોગવાળો કહે અમારું યોગદર્શન,

સાંખ્યવાળો કહે અમારું સાંખ્યદર્શન..... વગેરે.

એટલે જગતમાં જુદા જુદા મત ચાલે છે. તો કોઈને પૂછીએ કે મારે દર્શન જોઈએ છે તો તે કહેશે, આવી જા અમારી પાસે.

**ભર્તૃહરિને** વૈરાગ્ય થયો. ગુરુની શોધમાં રાજ્ય છોડીને નીકળી ગયા સંન્યાસી પાસે. હું રાજા ભર્તૃહરિ. મારે સંન્યાસ લેવો છે. તો આવી જાઓ, રાજાના ગુરુ થવાનું કોને મન ન હોય! ત્યાંથી આગળ ગયા, બીજા મળ્યા. તે કહે : અમારા દર્શનમાં પૂર્ણતત્ત્વ છે. ત્યારે ભર્તૃહરિને થયું કે, મને પૂર્ણદર્શન કરાવવાનું કહે છે પણ તેને પોતાને પૂર્ણદર્શન થયું નથી! પૂર્ણદર્શન હોય તેને પછી આવી ઉલટ ન હોય, ઇચ્છા ન હોય, એક બે કરતાં અનેક જગ્યાએ ગયો.

એમ કરતાં એક યોગી એવા મળ્યા. એમને કહ્યું : મુઝે આપકા શિષ્ય બનાઓ. ત્યારે તે યોગીએ ના પાડી અને કહે, **भाई ! मैं भी दर्शन की उलझन में हुं ! तो तेरी देखभाल कहां करूं ?** તારી સંભાળમાં પડું તો મારે જે પૂર્ણતત્ત્વનું દર્શન કરવું છે તે મને ન થાય. માટે બીજા ગુરુ શોધી લે. ત્યારે ભર્તૃહરિને થયું અહીં જ રહેવું ઠીક છે. ચિત્ત અહીં ઠર્યું ને ત્યાં જ રહી ગયા. અહીં જ આત્મદર્શનની પ્રક્રિયા મળશે, એમાંથી દર્શન મળી જશે.

સ્વામિ! અમે પણ એમ આપનું દરિશન તલસિએ છીએ. તમારા દર્શનમાં અમને નીતરતી આત્મનિંદા મળે છે. આપના દર્શન ઉપર શ્રદ્ધા છે. દર્શન એટલે શ્રદ્ધા. આ શ્રદ્ધા પણ એક પ્રકારની સિદ્ધિ છે. એ સિદ્ધિ જો આવી જાય તો મોક્ષસુખની વાનગી જોવા મળે. પછી એ સિદ્ધિમાં દુન્યવી દુઃખો-ઉપસર્ગો-પરિષહો આડા ન આવી શકે, અને આવે તો પણ વિસાતમાં નથી હોતા. દા.ત. સીતાને રામ પર શ્રદ્ધા હતી તો એમની પાછળ ૧૨ વર્ષ વનવાસમાં ઢસડાતા હતા. આવતા કષ્ટો સીતાને કશી વિસાતમાં લાગતા નહોતાં.

**આનંદ અને કામદેવ શ્રાવક**- એમને પણ પ્રભુનું દર્શન એટલે કે પ્રભુની શ્રદ્ધાની સિદ્ધિ કરેલી. રાત્રિએ પૌષધ પ્રતિમા ધ્યાનમાં બેઠેલા. કામદેવને દેવતાએ ઉપસર્ગ કર્યા, પણ તે કોઇ વિસાતમાં લાવ્યા નહીં. પિચાશ-અજગર ને વાઘનાં ભયંકર રૂપ દેખાડીને દેવ ડરાવે છે, એનાં ધ્યાનમાંથી ચલિત કરવા માટે દેવતાઇ પિચાશનું સ્વરૂપ કર્યું. કેવું કર્યું? પિચાશ સામે મોઢું ફાડીને ઊભો રહ્યો ત્યારે મોઢું નાનકડી ગુફા જેવું દેખાય અને એમાં દાંત કરવતનાં દાંતા જેવાં દેખાડીને કામદેવને દેવતા કહે છે કે, તારું ધર્મનું પૂંછડું મૂક નહીંતર આખોને આખો મોઢામાં લઇને ચાવી ખાઇશ. એમ કરીને અડધું શરીર મોમાં પણ લે છે, પણ કામદેવ ધ્યાનમાંથી જરા પણ ચસક્યા નહીં.



કારણ, મન ઉપર અનંતકાળે મળેલ અરિહંત મહાવીરપ્રભુ ઉપર અથાગ શ્રદ્ધા સિદ્ધ થયેલી હતી. દેવતા ફાવ્યો નહીં. એટલે પછી ભયંકર વાઘનું રૂપ કરીને સામે આવ્યો. પણ અહીં તો ભગવાનની શ્રદ્ધા જોરદાર છે કે ભગવાને જ્યારે આત્માની મુખ્યતા બતાવી અને એની સામે જડ-પૈસા-માલ-મિલકત યાવત્ જડ કાયા વગેરેની ફુટી કોડીની કિંમત બતાવી છે. પછી ભગવાન પર શ્રદ્ધા એટલે ભગવાનનાં વચન પર અને ભગવાને કહેલાં તત્ત્વ પર એવી જોરદાર શ્રદ્ધા હોવાથી વાઘના મોઢામાં કાયા ચવાઈ જવાની કિંમત શી આંકે? એમ ચવાઇ જઇને પણ આત્માની મહા-સંપત્તિરૂપ પૌષધ-કાઉસગ્ગ ધ્યાનની ક્રિયા અખંડ રહેતી હોય તો આ નશ્વર કાયામાંથી કઇ ઋદ્ધિ સિદ્ધિ મળવાની છે? કામદેવ શ્રાવકની ભગવાનનાં દર્શનની યાને શ્રદ્ધાની આ સિદ્ધિ ઉપર વાઘના ઉપસર્ગમાં પણ અડગ રહેવાનું થયું. ત્યારે ત્રીજો અજગરનો ઉપસર્ગ દેવતાએ બતાવ્યો તો એમાં પણ કામદેવ ડગે શાનાં?

દેવતા જુએ છે કે, પ્રતિકૂળ ઉપસર્ગમાં નહીં ડગે એટલે અનુકૂળ ઉપસર્ગ ગોઠવ્યા. કામદેવનાં માતા-પિતાને વિકુર્વીને સામે લાવીને ચાબુકથી ફટકારાવે છે. માતા-પિતા આક્રંદ કરતાં કહે છે કે, હે પુત્ર કામદેવ! આ અનાડી જો ને! અમને મારે છે, તું અમને બચાવ. એમ રોતા કકળતા કહે છે, છતાં કામદેવ ભગવાનની દર્શન-શ્રદ્ધામાં સિદ્ધિવાળા એટલે સાચી પણ સંસારમાયાને ઇન્દ્રજાળ જેવી સમજતાં હોવાથી આમાં શાને ડગે? ઇન્દ્રજાળ ચાહે ઇષ્ટ દેખાય કે અનિષ્ટ જેવી, એમાં ખુશ-નાખુશ શું થવાનું હોય? એટલે જરાય ધ્યાનમાંથી ચસક્યા નહીં ત્યારે દેવતા હારી ગયો. પ્રપંચ બાજી સંકેલી લઇ ક્ષમા માંગીને ત્યાંથી વિલા મોઢે પાછો ગયો.

**કામદેવ**શ્રાવકની આ ભગવાનનાં દર્શન-શ્રદ્ધાની સિદ્ધિ કેવી જોરદાર કે સવારે ત્યાં જ બિરાજમાન મહાવીરભગવાનને વંદન કરવા ગયા, ત્યારે ભગવાને પોતાના સાધુ-સાધ્વીને બોલાવીને એમની સમક્ષ કામદેવને કહે છે કે, હે કામદેવ! તમે આજ રાતે આવા ત્રણ પ્રતિકૂળ અને એક અનુકૂળ ઉપસર્ગ બહુજ સારી રીતે સમતા અને ઉદાસીનતાથી સહન કર્યા. કામદેવ મહાસંયમી સાધુ-સાધ્વીઓની વચ્ચે થતી પોતાની પ્રશંસા જોઇ શરમાઇ ગયા. ભગવાન પોતાના પરિવારને કહે છે કે, જુઓ મહાનુભાવો! ષટ્કાય સમારંભ અને મોહમાયાભર્યા સંસારમાં બેઠેલો એક ગૃહસ્થ પણ ધર્મ ખાતર આટલું બધું સહન કરે તો સંસારથી બહાર બેઠેલા તમારે કેટલું સહન કરવું જોઇએ!

આ હતી આનંદ અને કામદેવ શ્રાવકની દર્શન યાને શ્રદ્ધાની સિદ્ધિ. **હે અભિનંદન ભગવાન!** અમે આપના આવા દર્શનનો તલસાટ રાખીએ છીએ. દુનિયામાં માણસને સારા ખાન-પાનનો તલસાટ હોય છે. સારા સારા ઇન્દ્રિય વિષયોનો-માલ-મિલકત-

પૈસા ટકાનો તલસાટ હોય છે. આ શું છે? આહાર-વિષય અને પરિગ્રહની તીવ્ર સંજ્ઞા. અહીં ભગવાન પાસે આપણે એ સંજ્ઞાઓના તલસાટના બદલે ભગવાનનાં દર્શનનો તલસાટ માંગીએ છીએ. એવા દર્શન વગર આપણા અનંત પુદ્ગલપરાવર્ત પસાર થઇ ગયા, એટલે જ આ સંસારમાં રખડતાં રહ્યા છીએ. હવે જો નિર્મલ દર્શન થઇ જાય તો માત્ર અર્ધપુદ્ગલપરાવર્તમાં જ આપણી સિદ્ધિ યાને મુક્તિ થાય એવું છે.

માટે તો શ્રીનવપદજીની પૂજામાં કહ્યું છે-

**પ્રભુ નિરમલ દરિશન કીજીયે....**

**જસ અનુભાવ અનંત પરિયટ્ટા, અદ્ધ પરાવર્ત સીઝીયે રે...પ્રભુ...**

અર્થાત્ હે વીતરાગ પ્રભુ! અમારામાં નિર્મલ દર્શન કરી આપો, અર્થાત્ અમારામાં નિર્મલ-દર્શનનાં પ્રભાવે-અનુભાવે અનંતા પુદ્ગલપરાવર્તનાં પરિભ્રમણમાંથી બહાર નિકળીને અર્ધપુદ્ગલપરાવર્તમાં સિદ્ધિપદ પામી શકાય એવું નિર્મલ દર્શન પમાડો, અર્થાત્ કરી આપો.

દર્શન નિર્મલ એટલે અસલમાં જગત જેવું છે તેવા યથાર્થસ્વરૂપે ઓળખાઈ જાય.

**બ્રાહ્મણે** દેવતાને આરાધ્યો. દેવતા વરદાન આપે છે કે માંગ, તો બ્રાહ્મણે માંગ્યું કે બધા જેવાં છે એવાં જોઇ શકું. એટલે દેવે ગોળી આપી. એ ગોળી મોંમાં રાખીને રસ્તા પરથી ચાલ્યો. તો માણસો જનાવર જેવા દેખાયા. કોઇ વાઘ જેવાં, કોઇ વરુ જેવાં, કોઇ સિંહ જેવાં, કોઇ કાગડા જેવાં તો કોઇ શિયાળ જેવાં, એને કોઇ સારો માણસ જ ન દેખાયો. માત્ર એક મોચી સારો દેખાયો. પછી મોચીને કહે, મને સંતપુરુષે કહ્યું છે કે, તું સારા માણસ પાસે જજે. તારી ગરીબી ટાળી આપશે. પહેલા તો એક સારા દેખાતા શ્રીમંત પાસે ગયો હતો. ત્યાં તો મને ધોલ-ધપ્પા મળ્યા, પછી મેં દેવતાની આરાધના કરી તો દેવે મને ગોળી આપી. એ ગોળીથી તું સારો માણસ દેખાય છે. માટે તું મારી ગરીબી ટાળી આપ. પછી મોચી કહે કે ભાઇ, હું પણ એક ગરીબ માણસ છું, મારી પાસે કોઇ મૂડી નથી, છતાં તું આવ્યો છે તો હું તને ખાસ એક મોજડીની જોડ બનાવી આપીશ, તે લઇને તું રાજાને ભેટ કરજે, એટલે તને રાજા સારું ઇનામ આપશે. તારી ગરીબી ટળશે પણ તેના માટે છ મહિના લાગશે. ત્યાં સુધી તું અત્યારે જેમ નભાવે છે તેમ નભાવ. પછી મોચીએ પોતાના થોડા થોડા અવકાશનાં સમયે છ મહીનામાં મોજડી બનાવી અને પેલા બ્રાહ્મણને આપી. બ્રાહ્મણ રાજા પાસે લઇ ગયો અને રાજાને ભેટ કરી. રાજા જોઇને ચકિત થઇને પૂછે છે કે આ કોણે બનાવી ? એને અહીંયાં લઇ આવ. એ મોચીને લઇ આવ્યો. મોચીને રાજા કહે કે અમે



પહેલાં તારી પાસે બનાવરાવેલી એ વખતે તેં કેમ આવી સુંદર નહીં બનાવી? ત્યારે મોચી કહે, મહારાજા પ્રયત્ન તો પહેલા મેં સારી જ બનાવવાનો કરેલો પરંતુ એ બનાવવામાં મારે આજીવિકાનો/કમાઇનો સ્વાર્થ હતો, એટલે આટલી સારી નહીં બની હોય! જ્યારે આ તો ગરીબ માણસનું ભલુ થાય એવા પરમાર્થના હેતુથી બનાવેલી એટલે જ આવી સુંદર બની લાગે છે.

આપણે આ કથામાંથી આટલો જ પ્રસંગ લેવાનો છે કે, જેમ દેવતાઇ ગોળીથી બ્રાહ્મણને માણસ અંદરખાને જેવાં હતાં તેવા દેખાયા એમ ભગવાનનાં નિર્મળ સમ્યગ્દર્શનનો પ્રભાવ એવો છે કે જગત અસલમાં જેવું છે તેવું ઓળખાય. દા.ત. જડજગત નાશવંત અને નિઃસાર છે તો આપણને પણ એવું જ દેખાય. એમ ચેતનજગત અજ્ઞાન અને સ્વાર્થાંધ છે તો આપણને ખરેખર એવું જ દેખાય.

**પ્રશ્ન-** જગતનાં યથાર્થ દર્શનથી શો લાભ?

**ઉત્તર-** જડ જગતનાં યથાર્થ દર્શનથી એનાં તરફ જ્વલંત વૈરાગ્ય જાગૃત થાય. જેમ કે ભરતચક્રવર્તી આરિસાભુવનમાં આંગળીએથી વીંટી ખસી જતાં આંગળી બુટ્ઠી દેખાણી, તેથી એમણે એક એક અલંકાર કાઢીને જોતાં બધા અલંકાર વગરની પોતાની કાયા સાવ બુટ્ઠી લાગી, શોભા વગરની દેખાઈ. એના પર જડજગતનું યથાર્થ દર્શન થયું. યાવત્ પોતાની કાયાનું પણ તદ્દન નાશવંત અને નિઃસાર એવું દર્શન થયું, એના પર વૈરાગ્ય વધી ગયો. એમાં પોતાના સગા, સ્નેહી, પરિવાર વગેરે ચેતનજગતનું પણ અજ્ઞાન અને સ્વાર્થાંધ તરીકે દર્શન થયું. યાવત્ ચૌદરત્ન, નવ નિધાન વગેરે સઘળું નાશવંત અને નિસ્સાર લાગતા વૈરાગ્ય એટલો બધો વધી ગયો કે એ ચિંતનમાં ઠેઠ વીતરાગતા સુધી પહોંચી કેવલજ્ઞાન પામ્યા.

વીતરાગના દર્શનનો આ મહિમા છે. માટે કવિ અહીંયાં કહે છે કે 'અભિનંદન જિન દરિશન તલસિયે'- હે અભિનંદન ભગવાન! અમે તમારા આવા દર્શનની ખૂબ ઝંખના કરીએ છીએ. આપ કદાચ એમ કહો કે તું તત્ત્વનો અભ્યાસ કર એટલે તને દર્શન થઇ જશે, તો મારી આપને વિનંતી છે કે 'દરિશન દુર્લભ દેવ' બાપજી! આપનું દર્શન સુલભ નથી.

જુદા જુદા મતવાળા પાસે જઇને પૂછીએ કે ભાઇ તમારી પાસે સમ્યગ્દર્શન છે ? તો એ બધા મતવાળા પોતાને સમ્યગ્દર્શનવાળા માને છે તો પછી આમાં ખરેખર સમ્યગ્દર્શન કોનું ? એ જાણવું મુશ્કેલ પડે છે, એટલા માટે કવિએ કહ્યું કે દર્શન અર્થાત્ સમ્યગ્દર્શન એ દુર્લભ છે-સુલભ નથી, સહેલાઇથી પામી શકાય એમ નથી.

**પ્રશ્ન-** જુદા જુદા દર્શનનો અભ્યાસ કરીને એમાંથી સમજી શકાય ને કે અમુક

દર્શન સાચું છે?

**ઉત્તર-** ના, કેમકે દર્શનવાળા પરસ્પરમાં વિરોધી તત્ત્વ અને સિદ્ધાંતો કહેતા હોય છે, વળી એને સાચા ઠરાવવા માટે તર્ક લડાવતા હોય છે. તો એમાંથી એક સાચું-બીજું ખોટું એમ શી રીતે તારવી શકાય? તેથી અહીં કવિએ કહ્યું : 'દરિશન દુર્લભ દેવ' અર્થાત્ સમ્યગ્દર્શન શોધવું અને પામવું દુર્લભ છે. કારણ કે જગતમાં દર્શનના નામે ઘણો કોલાહલ આજે ચાલે છે. દા.ત. ઈસ્ટર્ન ફીલોસોફી અને વેસ્ટર્ન ફીલોસોફી અર્થાત્ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન એમ બે વિભાગમાં ફીલોસોફી(તત્ત્વજ્ઞાન)ને વહેંચવામાં આવે છે. એમાં પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનમાં આર્યદેશના બધા દર્શનનો વિચાર છે, જ્યારે પાશ્ચાત્ય ફીલોસોફીમાં પ્લેટોની ફીલોસોફી, એરીસ્ટોટલની ફીલોસોફી, કાર્લમાર્ક્સની ફીલોસોફી, ફ્રોઈડની ફીલોસોફી એમ અનેક વિચારધારાઓ ચાલે છે.

વળી વૈજ્ઞાનિકો ચંદ્રલોક અને મંગળલોક વગેરેની વાતો કરે છે. આ કોલાહલની વચમાં વસ્તુનું વાસ્તવિક દર્શન શી રીતે પામવું? એટલા માટે પ્રભુ અમે તમારી પાસે સાચા દર્શનને તલસિએ છીએ. કેમકે આપની પાસેથી જ સાચું દર્શન મળશે. અહીં કોઈ સવાલ કરે કે –

**પ્રશ્ન-** જ્યારે દરેક દર્શનવાળા પોતાનું સાચું કહે છે, એમ તો જૈનદર્શનવાળા પણ પોતાનું સાચું દર્શન કહે છે, તો પછી બીજા દર્શનોને ઉવેખીને જૈનદર્શન જ સાચું એમ શી રીતે કહી શકાય?

**ઉત્તર-** જૈનદર્શનવાળા પોતાનું સાચું જ કહે છે તે સર્વજ્ઞ ભગવાનનું શરણું લઈને કહે છે. અર્થાત્ અમારે ત્યાં તત્ત્વો અને સિદ્ધાંતો સર્વજ્ઞ ભગવાનનાં કહેલા છે, માટે તે સાચા અને શંકા વિનાનાં છે, એમ છાતી ઠોકીને કહી શકે છે.

જ્યારે બીજા દર્શનવાળાને સર્વજ્ઞનું શરણું નથી, એ તો માત્ર પોતાનાં તર્ક ઉપર જ નિર્ભર છે, અને એમનાં તત્ત્વ કે સિદ્ધાંતો તર્કથી સાબિત છે એમ કહે છે એટલે પાંગળા છે. કારણ કે એકલાં તર્કથી તત્ત્વ હાથમાં ન આવે. પ્રત્યક્ષસિદ્ધ અને અનુમાનસિદ્ધ પદાર્થ ઉપરાંત અતીન્દ્રિય પદાર્થ પણ હોય છે, જેને પ્રત્યક્ષથી જોઈ શકાતા નથી. દા.ત. માન્યું કે - '**दुःखं पापात् सुखं धर्मात्** ' એટલે કે હિંસાદિ પાપથી નરકાદિ દુર્ગતિના દુઃખ મળે અને દાનાદિ ધર્મથી સ્વર્ગાદિનાં સુખ મળે એ બરાબર, પરંતુ હવે એ હિંસાદિ પાપ કરવાથી આત્મામાં કઈ જાતનો પરિણામ ઊભો થયો, એની નરકાદિનાં દુઃખદ પદાર્થ ઉપર કેવી અસર.... વગેરે આંખે દેખાય નહીં, અનુમાનથી જાણી શકાય નહીં. એવું દાનાદિ ધર્મ, સ્વર્ગાદિનાં સુખો કારક પદાર્થો વચ્ચે કેવી અસર અને ત્યાં પાપ કે ધર્મ આજે કરે ને ફળ પરલોકમાં કાલાંતરે આવે



એની વચ્ચે શી શી પ્રક્રિયા થાય. એમાં વળી વચગાળે આત્માનાં ભાવોમાં પરિવર્તન થતાં સારા-નરસા (ભાગ્ય) કર્મ ઉપર કેવી કેવી પ્રક્રિયા થાય ઈત્યાદિ બધુ અતીન્દ્રિય છે, એટલે કે ઈન્દ્રિય અને અનુમાનનો વિષય નથી, તો પછી આવા અતીન્દ્રિય પદાર્થો શાનાં આધારે જાણવા, અને એ જાણ્યા વિના પરમાર્થથી વસ્તુદર્શન પણ શું?

**પ્રશ્ન-** શાસ્ત્રોથી એવા પદાર્થ જાણી શકાય ને ?

**ઉત્તર-** જરૂર જાણી શકાય, પરંતુ જે શાસ્ત્રોમાં તુક્કાબાજી હોય એ શાસ્ત્રોથી તુક્કાબાજીનું જ જાણવા મળે. મતલબ કે જુદા જુદા દર્શનવાળાનાં શાસ્ત્રો પણ અધુરાજ્ઞાનીનાં સર્જેલા છે. તેથી એમાંથી સંપૂર્ણ દર્શન ન મળી શકે. ત્યારે જૈનો કહે છે કે અમારા શાસ્ત્રો સર્વજ્ઞ ભગવાનનાં કહેલા છે, તેથી સંપૂર્ણ સત્ય છે. અમારે ત્યાં તો શાસ્ત્રપ્રણેતા તીર્થંકરભગવાનને જયાં સુધી પોતાને ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ અને તપની ત્રિવેણીની સાધનાથી ચાર ઘાતીકર્મોનો સંપૂર્ણ નાશ થઈ સર્વજ્ઞતા અર્થાત્ કેવલજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી એમને ધર્મતત્ત્વનો સ્વતંત્ર ઉપદેશ આપવાનો અધિકાર નથી, એટલે જ તીર્થંકરભગવાન સર્વજ્ઞ બન્યા પહેલા મૌનપણે અહિંસા-સંયમ-તપસ્વરૂપ ધર્મની ઉત્કૃષ્ટપણે આરાધના કરતાં રહે છે, એનાં દ્વારા જ્યારે સમસ્ત મોહનીયકર્મ તથા સમસ્ત જ્ઞાનાવરણીયાદિકર્મો નષ્ટ થઈ જાય છે અને પોતે વીતરાગ સર્વજ્ઞ-સર્વદર્શી બને છે તે પછી જ ધર્મશાસનની સ્થાપના કરે છે. આમ જૈનદર્શનમાં સર્વજ્ઞનું શરણ છે, માટે તે સાચું છે.

**પ્રશ્ન-** એમ તો દિગંબરો, સ્થાનકવાસીઓ, રાજચંદ્રપંથી, કાનજીપંથી વગેરે પણ પોતાને જૈનદર્શનવાળાં અને સર્વજ્ઞના શરણવાળા માને છે તો શું તે બધા સાચા?

**ઉત્તર-** ના, જૈનદર્શન અનેકાંતવાદી દર્શન છે, કેમકે એમાં વસ્તુતત્ત્વનું સ્વરૂપ ભિન્ન ભિન્ન નયદૃષ્ટિથી નક્કી કરવામાં આવેલું હોય છે, આમાંથી એક નયદૃષ્ટિથી પ્રાપ્ત થતું સ્વરૂપ માને અને બીજી નયદૃષ્ટિથી પ્રાપ્ત સ્વરૂપ ન માને તો તે જૈનદર્શનનું પ્રતિપાદન જ નથી. દા.ત. નિશ્ચયદૃષ્ટિથી મોક્ષમાર્ગ અને વ્યવહાર દૃષ્ટિથી મોક્ષમાર્ગ બંને માને તો તે જૈનદર્શનની માન્યતા ગણાય, પણ એમાંથી એકને પકડી બીજાની અવગણના કરે તો તે જૈનદર્શનની માન્યતા ન ગણાય. દા.ત. કાનજીમત કહે છે, 'અમે તો નિશ્ચયનયને સાચો માનીએ. વ્યવહારનયને નહિ. તો એ એકાંતદર્શન થયું, જૈનદર્શન નહિ. દિગંબરો કહે છે 'સ્ત્રીને વસ્ત્ર હોય માટે એને ચારિત્ર 'પણ નહિ અને મોક્ષ પણ નહિ.' આ પણ એકાંતવાદ છે. કેમકે એમ તો શું દિગમ્બર નગ્ન મુનિ પ્રતિજ્ઞાપૂર્વક લાંબા કાયોત્સર્ગધ્યાનમાં હોય અને એમના પર કોઈ ઉપસર્ગ કરનારો વસ્ત્ર ઓઢાડી દે તો શું એમનું ચારિત્ર નષ્ટ થઈ જાય? અગર એ શુભધ્યાનમાં ચડી કેવલજ્ઞાન પામવાની

તૈયારીમાં હોય તો એ વસ્ત્રનાં સંપર્કથી શું એમને કેવલજ્ઞાન અટકી જાય?

સ્થાનકવાસીઓ ભગવાનનો નામનિક્ષેપો પૂજ્ય માને છે, દ્રવ્યનિક્ષેપો અને ભાવનિક્ષેપો પૂજ્ય માને છે. પરંતુ સ્થાપનાનિક્ષેપો પૂજ્ય નથી માનતા, એટલે એ પણ એકાંતવાદી બની જાય છે તેથી સાચા નથી.

સાચું દર્શન તો અનેક નયદૃષ્ટિથી પ્રાપ્ત થતું બધું જ માને. હવે ભગવાન મહાવીરનાં શિષ્ય જમાલિએ 'કાર્ય થયું ક્યારે કહેવાય?' એ અંગે માત્ર નિશ્ચયદૃષ્ટિથી માન્યું કે 'કાર્ય સંપૂર્ણ પૂરું થાય ત્યારે જ કાર્ય થયું કહેવાય, પરંતુ કાર્ય થતું હોય ત્યારે થયું ન કહેવાય.' આ એકાંતદૃષ્ટિ થઇ, એકલી નિશ્ચયદૃષ્ટિ પ્રમાણભૂત માની, વ્યવહારદૃષ્ટિ નહિ માટે એ જૈનદર્શન નહિ.

હવે આમાં ખૂબી કેવી થઇ એ જુઓ–

જમાલિ પૂર્વે મહાવીર ભગવાનની પુત્રી પ્રિયદર્શનાને પરણેલા ને એ પછીથી પ્રિયદર્શના સાધ્વી થયેલી. તે જમાલિ મુનિનાં એકાંતમતમાં તણાયેલી. પરંતુ એને ઠેકાણે લાવનાર ઢંક શ્રાવક મળ્યો.

ઢંક શ્રાવક મહાવીરભગવાનના દર્શનની સચોટ શ્રદ્ધાવાળો. એની જૈનધર્મ પરની શ્રદ્ધા એટલે ચોળમજીઠ રંગ. એનાં મુકામમાં એકવાર પ્રિયદર્શના સાધ્વી ઉતર્યા. શ્રાવકે પહેલા તો એમને કશી શિખામણ ન આપી, પરંતુ સાધ્વીજીના સાડાના એક છેડા પર સળગતો અંગારો મૂકી દીધો, ને સાડો બળવા લાગ્યો. ત્યાં સાધ્વીજી બૂમ પાડી ઉઠ્યા- 'અરે શ્રાવકજી ! શ્રાવકજી ! આ શું કરો છો? મારો સાડો બળ્યો.' ત્યાં તરત આગ બૂઝાવી દઇ શ્રાવક હાથ જોડી કહે છે. માફ કરો, સાડો બળ્યો એવું તમારાથી ન બોલાય બળવાનું કાર્ય ચાલતું હોય અર્થાત્ બળતો હોય ત્યારે બળ્યો ન કહેવાય, ત્યાં સાધ્વી ભોંઠા પડ્યા. એટલે શ્રાવક એમને કહે છે - તમે મહાવીર ભગવાનનાં પુત્રી, સર્વજ્ઞ પિતાના સિદ્ધાંતને મૂકી અતિ અલ્પજ્ઞાની અને છતાં ઘમંડી પતિના કુમતમાં ક્યાં તણાયા? સાધ્વીજી તરત 'મિચ્છા મિ દુક્કડમ્' કરી પ્રભુના મતના સાધ્વીસમૂહમાં પાછા આવી ગયા.

**'મત મત ભેદે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ.'**

બીજા બીજાની પાસે જઇને પૂછું છું તો દરેક જણ પોતાનું જ સ્થાપે છે. ગમે તે એક લઇ લો ને? પણ એ લેવાય એમ નથી. કેમકે ત્યાં અહંત્વ છે. વસ્તુદર્શન-તત્ત્વદર્શન કરવું છે ત્યાં અહંતા કે એકાંતતા ન જોઇએ. જુદા જુદા દર્શનવાદીઓ કોઇ આત્માને કર્તા, તો કોઇ ભોક્તા માને છે. કોઇ અકર્તા માને છે તો કોઇક ક્ષણિક. કોઇ નિત્ય તો કોઇ અનિત્ય માને છે. વળી કોઇ કહે છે કે આત્મા બંધાય છે તો કોઇક કહે



છે કે આત્મા મુકાતો નથી. દરેકે પોત પોતાનાં દર્શન સ્થાપ્યા, પણ દર્શન કોના માટે? તો કહે-પ્રકૃતિ માટે. પણ પ્રકૃતિ તો જડ છે, એને દર્શન કરાવીને શું કરશો?

એકાંતવાદી ન જોઇએ. માટે ભગવાન તમે અમને દર્શન કરાવો. આત્મદર્શન અમારે કરવું છે. ભગવાન તમે કહેશો કે, એમાં શું પૂછવાનું? ભગવાન જિનેશ્વર દેવ ઉપરની ટેક એ સમ્યગ્ શ્રદ્ધા છે એ કરી લે. તો કવિ કહે છે કે -

**સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ,**
**મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે ? રવિ-શશી રૂપ વિલેખ.....૨**

**ભાવાર્થ :** સાધારણ રીતે જોઇએ તો(પ્રભુનું) દર્શન પ્રાપ્ત થવું મુશ્કેલ છે અને તે સંબંધી પાકો નિર્ણય થવો એ તો વળી એથી પણ વધારે મુશ્કેલ છે, કારણ કે નશાથી ચકચૂર બનેલો અંધ પ્રાણી સૂર્ય કે ચંદ્રના સ્વરૂપનો ચિતાર કેમ લઇ-જાણી-સમજી શકે?

**વિવેચન :** સામાન્ય રીતે જિનેશ્વર ભગવાન ઉપરની રુચિ-જિનોક્ત તત્ત્વો ઉપર રુચિ એ દુર્લભ છે. ભગવાને કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધા એ સહેલી નથી. કેમ? જ્યાં સુધી તીવ્ર વિષયોનો રાગ બેઠેલો છે ત્યાં સુધી જિનોક્ત તત્ત્વો ઉપર રુચિ થતી નથી. નવગ્રૈવેયકમાં લઇ જાય એવું ચારિત્ર પાળે તેમ છતાં પણ વ્યવહારરાશિમાં આવ્યા પછી જીવે ચારિત્ર તો અનંતા પાળ્યા, ગ્રૈવેયકમાં લઈ જાય એવા. ક્યું ચારિત્ર ગ્રૈવેયકમાં લઇ જાય? અપ્રમત્ત-નિર્વિકારસ્થિતિનું ચારિત્ર. ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં દેવો અપ્રવિચાર છે એટલે વિષયોનાં આકર્ષણ નથી, કોઇ વિકાર નથી. એવી ગ્રૈવેયકની વીતરાગસમ સ્થિતિ છે. છતાં અનુત્તર આગળ છે, કેમ આગળ કહ્યું? એટલા માટે કે ત્યાં નિશ્ચિત સમકિત છે. ગ્રૈવેયકમાં અભવિ અને દુર્ભવી પણ ભેગા છે. એવું ગ્રૈવેયક ક્યારે મળે? એવું નિર્વિકાર ચારિત્ર પાળ્યું હોય તો મળે. શાસ્ત્ર બતાવે છે કે ગ્રૈવેયકમાં અનંતીવાર જઇ આવ્યા. પછી પાછા સંસારનાં ભટકતા ભૂત રહ્યા. કેમકે દર્શન નહોતું. સામાન્યથી દર્શન આવી જાય ને ?

**પ્રશ્ન :** જિનેશ્વર ભગવાનનાં તત્ત્વો પર રુચિ કરે તો દર્શન ન આવે?

**ઉત્તર :** દર્શન દોહિલું છે. રુચિ લાવવા માટે વિષયોનો રાગ મરવો જોઇએ.

**પ્રશ્ન :** જો રાગ નથી મર્યો તો પછી વીતરાગ જેવા એમને કેમ કહો છો?

**ઉત્તર :** એમણે રાગનું સ્થૂલસ્વરૂપ કીધું છે. સ્થૂલસ્વરૂપ ઈન્દ્રિયોનાં વિકાર છે, એને દૂર કરી દીધા છે પણ સૂક્ષ્મ રીતે વિકાર ઊભા છે. એ સૂક્ષ્મ રીતે વિષયોનો જાલીમ રાગ છે ત્યાં સુધી તત્ત્વરુચિ ન આવે.

નવતત્ત્વની રુચિ અને જગતનાં વિષયોનો ભય એ બેયને દોસ્તી છે.

તત્ત્વની રુચિ કેવી? કહેવાની કારણકે સૂક્ષ્મરાગ અંદર બેઠો છે.

**પ્રશ્ન :** એ સૂક્ષ્મ વિષયરાગ શું છે?

**ઉત્તર :** ઇષ્ટ વિષયોમાં ઉપાદેયબુદ્ધિ એ સૂક્ષ્મ રાગ છે, અને તે મિથ્યાત્વ હટે તો જ જાય. અભવિ-દુર્ભવિને આ મિથ્યાત્વ કદી હટતું નથી. અભવિ-દુર્ભવિ જીવને ગ્રૈવેયકનાં સુખો મળે માટે ચારિત્ર લે છે, એટલે તો સામાન્ય કરી દરિશન દોહીલું છે. એ સુલભ સમજતા નહીં.

પાર્શ્વનાથ ભગવાનનાં એક ગણધરનાં ચરિત્રમાં લખ્યું છે કે - જ્ઞાની આવ્યા, રાજા-પ્રજા વગેરે દેશના સાંભળવા આવ્યા. જ્ઞાનીએ સમ્યગ્દર્શન ગુણ ગાયા. એક સમ્યગ્દર્શન ગુણ જીવનું પરિવર્તન કરી નાંખે છે પછી મોહની સેના આવે તો મજાલ નથી મોહની કે એને મોહી શકે. ઈન્દ્રના સુખની પણ તાકાત નથી કે એને મોહી શકે. અંદર એવો દર્શનનો ઉઘાડ થઇ ગયો છે. એ ઉઘાડમાં આખું જગત્ તુચ્છ લાગે છે. દિવ્ય પ્રકાશની આગળ મીણબત્તીનો પ્રકાશ શી વિસાતમાં? એમ આ સમ્યગ્દર્શનનો પ્રકાશ-એની આગળ ઈન્દ્રના સુખો શી વિસાતમાં? એ સુખો પણ તુચ્છ લાગે. આ પ્રારંભિક દર્શનની તાકાત છે, એનો આ પ્રભાવ છે. તો રાજા કહે કે અમને આ દર્શન કરાવો. શી રીતે મળે? દર્શનનાં ઉપાય બતાવતાં બતાવતાં છેક ઉત્કટ ચારિત્ર સુધીનો ઉપાય બતાવ્યો.

**પહેલો ઉપાય ગુરુને સેવો :** યોગ્ય ગુરુ પાસે શ્રવણ કરો, શ્રવણ કરતાં કરતાં સમ્યગ્દર્શન લાધી જશે. શ્રવણ તો ઘણા વરસોથી કરીએ છીએ. તો એમ કરો **દેશવિરતિ કડકપણે આરાધો.** એ પણ આરાધી જોયું તો છેલ્લો ઉપાય સર્વવિરતિનો છે. **મહાવ્રતોની આરાધના કરો.** એની પાછળ ૧૨ પ્રકારનો તપ-સંવર એની આરાધના કરો. શાના માટે? સમ્યગ્દર્શન માટે, એટલે સમ્યગ્દર્શન તમે ધારો એટલું સહેલું નથી.

**'નિર્ણય સકલ વિશેષ'**

જેમાં વિષય સાથે તત્ત્વનો નિર્ણય કરવો હોય તો 'મીનમેખ ફેરફાર નથી. ભગવાને કહ્યું છે તે સકલ-સંપૂર્ણ છે.' એવી તત્ત્વરુચિ લાવવી પડે. તત્ત્વરુચિ-માર્ગરુચિ શું? એ જાણવું જોઇએ. આ જાણવા માટે વિશેષ દર્શન જાણવું જોઇએ. એ સામાન્ય રીતે પણ દુર્લભ છે. વિશેષ તો એનાથી ય દુર્લભ છે કેમકે વીતરાગ તરફ ઝુકવાનું છે. તત્ત્વરુચિ ક્યારે આવે? વીતરાગને જોયા કરે તો.

વીતરાગનાં દર્શનની આડે વિષયોનાં દર્શન આવે છે.



તત્ત્વ ત્રણ છે. દેવ, ગુરુ અને ધર્મ.

દેવાધિદેવ તરફ આકર્ષાયા કરો તો દેવતત્ત્વની રુચિ આવે. એ ક્યારે આવે? વિષયોનાં આકર્ષણ બંધ થાય તો. **વિષયોથી પરાઙ્મુખ થાય તેને વીતરાગનાં દર્શન થાય.** વિષયોથી પીઠ ફેરવવી પડે. આ સામાન્ય દર્શન. એમાં વિશેષ કરવું હોય તો નિશ્ચયથી.

વ્યવહારથી શું તત્ત્વ? દરેક નયોથી તત્ત્વને જાણીએ ત્યારે વિશેષદર્શન થાય. એ અમારે કઠણ છે. કેમ ?

**'મદમેં ઘેર્યો રે અંધો કિમ લહે, રવિ-શશિરૂપ વિશેષ'**

એક તો આંધળો હોય અને દારુ પીધો હોય, મૂર્ચ્છિત જેવો હોય, એને પૂછો કે રવિ=સૂર્ય અને શશિ=ચંદ્રમાં શું ફરક તો શું બતાવે? કદાચ કોઇએ શીખવ્યું હોય કે સૂર્યપ્રકાશ તેજસ્વી હોય, ચંદ્રનો શાંત હોય તો આવડે, પણ મદમાં ઘેરાયેલો હોય તો શું કરે? કહી ન શકે, એને આપમતિ એટલી ઘેરાયેલી છે, એનાથી એને સૂર્ય-ચંદ્રનો ભેદ ન વરતાય. એમ આ સમ્યગ્દર્શન વર્તાતું નથી, એમ જ્ઞાન-જેટલા જ્ઞાન એટલા એને રોકનારા આવરણ. એમાં દર્શન ક્યાંથી થાય? અંધા છીએ. અને કદાચ કોઇ સદ્ગુરુ દર્શન કરાવે તોય દર્શન થાય એમ નથી. કેમકે મદમાં ઘેર્યા છે તેથી જડ ને ચેતનનો ભેદ સમજાતો નથી, માટે સામાન્યે કરી **દર્શન દુલર્ભ છે. કેમ દુર્લભ છે?**

(૧) પ્રત્યક્ષ દર્શન-દુર્લભ એટલા માટે છે કે- સૂક્ષ્મનિગોદ, બાદરનિગોદ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, તિર્યંચ, સંજ્ઞીપંચેન્દ્રિયમાં પણ ન થયું, દેવલોકમાં પણ તમારું દર્શન ન થયું- કેમકે દેવતાઈઋદ્ધિનો ઠાઠ એવો કે દર્શન ક્યાં થવા દે? એમ આર્યદેશમાં પણ મિથ્યાત્વનો કોલાહલ ઘણો એમાં પણ ક્યાં દર્શન થાય? મળ્યું તો કળાની દૃષ્ટિએ જોયું. મૂર્તિ સારી, કલાકૃતિ ઉત્તમ-એમ દર્શન કર્યું, પણ તત્ત્વનું નહીં એટલે એ દર્શન દુર્લભ છે, તો આપણને તો સુલભ થયું કે નહીં ? જૈનકુળમાં આવી ગયા છીએ ને?

દર્શન સુલભ ન થયું કારણ કે ભગવાનને કેવી રીતે જોયા? ભગવાન વીતરાગ છે, એ કાંઇ આપણું કરે નહીં, માટે જાતે જ કરો આપણે.

ભગવાન અચિંત્ય પ્રભાવશાળી છે, એમના પ્રભાવ સિવાય એક કાંકરી પણ ફરકતી નથી.

(૨) સમ્યગ્દર્શન કેમ દુર્લભ? સમ્યગ્દર્શન પામવા માટે અપુનર્બંધકપણું લાવવું પડે, એ મોંઘુ છે. પાપ નવિ તીવ્ર ભાવે કરે.... જ્યારે અમારે પાપ તીવ્રભાવે.... કરવા એ છે. એ અપુનર્બંધક ના પાડે છે, માટે દર્શન દુર્લભ જીવને અનાદિનો પાપનો રસ છે.

પાપનો રસ મીટે નહીં ત્યાં સુધી અપુનર્બંધકપણું ન આવે, માટે દર્શન દુર્લભ છે.

(૩) અપુનર્બંધકપણાની જેમ મિથ્યામતની વાક્જાળોમાંથી છૂટવાનું છે.

ગોયંકા વગેરેની ધ્યાનશિબિર વગેરેમાં શું કરવાનું? એકદમ શાંત બેસી જવાનું. પછી શ્વાસ કેવી રીતે નીકળે છે, તે ક્યાં ક્યાં અડીને ક્યાં સુધી ગયો એમ શરીરનાં જુદા જુદા અંગોમાં કેવી રીતે પ્રયાણ કરે છે એનાં ઉપર નજર કરવાની-મન કેન્દ્રિત કરવાનું એ કરો. એટલે ચિત્ત શાંત થાય, પણ ખાટલે મોટી ખોડ. શી ખોડ? ચોથો પાયો જ નથી, એટલે કે બધું ધ્યાન કર્યું એ બધુ જડનાં આધાર ઉપર કર્યું, જડમાં જ અટકી પડ્યા. તો પછી ચેતન-આત્મા ઉપર નજર ક્યારે જવાની ? આવા બધા મિથ્યામતોની વાક્જાળ ઉપર તમારું સમ્યગ્દર્શન મળવું મુશ્કેલ છે.

(૪) સમ્યગ્દર્શન કેમ દુર્લભ? અનંતાનુબંધીનો રાગ નડે છે. વિષયોનાં રાગ દર્શન ન આવવા દે. નિર્ભીકપણે જે રાગ થાય તે અનંતાનુંબંધીનો રાગ કહેવાય. જે પાપ-રાગમાં ખરાબી ન લાગે તે રાગ અનંતાનુબંધીનો કહેવાય, એટલા માટે દર્શન દુર્લભ છે. સમ્યગ્દર્શન બે ચીજ માગે છે.

(અ) મિથ્યાત્વનો ક્ષયોપશમ અને (બ) અનંતાનુબંધીનો ક્ષયોપશમ.

મિથ્યાત્વનો ક્ષયોપશમ એટલે કુમતનો ત્યાગ. અને

અનંતાનુબંધીનો ક્ષયોપશમ એટલે વિષયો પર આંધળો રાગ નહીં પણ જ્વલંત વૈરાગ્ય. આ હોય તો સમ્યગ્દર્શન આવે.

(૫) એવા ગુરુઓ મળતા નથી. સચોટ શ્રદ્ધાવાળા, દાખલા દલીલ સાથે, તર્ક અને બુદ્ધિ સાથે જેણે શ્રદ્ધા આત્મસાત્ કરી છે, તેવા ગુરુ મળતા નથી માટે દર્શન દુર્લભ છે.

(૬) વળી તત્ત્વની શ્રદ્ધા થવી દુર્લભ છે. કારણકે સામાન્યથી દર્શનની પ્રાપ્તિ માટે નવતત્ત્વની શ્રદ્ધા જોઇએ. તેમ અનંતાનુબંધીનાં કષાય-રાગ-દ્વેષ દાબે તો દર્શન આવે.

(૭) દર્શન માટે શમ, સંવેગાદિ પાંચ લક્ષણો જરૂરી છે. જો કે આ લક્ષણો પ્રાપ્ત કરવા કઠિન છે, કેમકે જગતમાં ક્રૂરતા-કઠોરતા-અસંવેગાદિનું સામ્રાજ્ય વ્યાપ્યું છે.

(૮) સમ્યગ્દર્શનનાં ત્રણ લિંગ જોઇએ, શાસ્ત્રશ્રવણની તીવ્ર ભૂખ જોઇએ, જિનવચનનો પ્રેમ જોઇએ. આ બહુ મુશ્કેલ છે.

(૯) તેમ ચારિત્ર-સંયમની ભૂખ લાગવી પણ આ જીવને કઠણ છે. આ ભૂખ હોય તો સમ્યગ્દર્શન આવે, પણ સંયમની ભૂખ નથી. સંવરનો રસ નહીં અને અસંવરની ભૂખ છે. માટે સમ્યગ્દર્શન દુર્લભ છે.

(૧૦) તેમ સમ્યગ્દર્શન ટકે-આઠ આચારો પાળવાથી, તે પણ પાળવા મુશ્કેલ છે.



**તેમ દર્શન ચાર સક્રિય આચારો માંગે છે :**

(૧) ગુણો-સુકૃતો સાધવા છે, તો બીજાનાં ગુણોની ઉપબૃંહણા છે? એની સાથે કોઇક કારણ ખટરાગ થયો તો એનું સારું પણ સારું ન કહે. એટલે બીજાનાં ધર્માનુષ્ઠાનો-ગુણ સુકૃત એનું ઉપબૃંહણ-સમર્થન Appriciation ન હોય તો સમ્યગ્દર્શન ન આવે.

(૨) ધર્મશ્રદ્ધામાં-સાધનામાં જોમ લાવવા માટે એને સ્થિરીકરણ જોઇએ. પણ હૃદયકમળ બીડાઈ ગયા છે, વિકસ્વર નથી એટલે કોઇનું કરી છૂટવાની વૃત્તિ જ નથી. આ તૈયારી ન હોય તો દર્શન નહીં. સમ્યગ્દર્શનનાં આચારો આની સાથે સંકળાયેલા છે. કેવાં મારા પ્રભુનાં તત્ત્વો, કેવા આરાધનાનાં અંગો, દુનિયામાં એની લહાણી કરાવું. કાંઇ પરિસ્થિતિ એવી આવી પડી હોય તો એનાં ઘરે જઇને પરિસ્થિતિ દૂર કરી દઉં.

સાધર્મિક જોઇને આનંદ થાય. પેથડશા હાથીનાં હોદ્દા પર બેઠા હોય ને રાજસભામાં જતાં હોય તો પણ સાધર્મિકને આવતો જોઇને નીચે ઊતરી જતાં ને ભેટી પડતાં. એટલું બધું હેત બતાવતા. સમ્યગ્દર્શન આ માંગે છે. માને જેવું હેત દીકરા પર હોય તેવું હેત સાધર્મિક પર. ત્યારે સમ્યગ્દર્શન રહે, આ દુર્લભ છે.

(૩) જૈનધર્મની પ્રભાવના-લહાણી-પ્રચાર-પ્રસારણ સમ્યગ્દર્શન માંગે છે. આવો અંદર ઉમળકો થાય, તો સમ્યગ્દર્શન આવે. સમ્યગ્દર્શન આવે પછી દેહ-દ્રવ્ય-કાયા-કંચન અને કુટુંબ ઉપરની મમતા ઊઠીને જિન-જિનમત અને જિંનસંઘ પર મમતા થાય.

દુર્લભ એટલા માટે છે કે પોતાની કાયાને સ્નાન કરાવતા ખાસો ટાઈમ લાગે છે જ્યારે ભગવાનનો અભિષેક કરતા એક મિનિટમાં પતાવી દે છે.

(૪) દેવ-ગુરુ-ધર્મની વૈયાવચ્ચ-આ ત્રણ છે જે દુર્લભ છે. મૂળ પાયામાં આ જોઇએ. સંયમધર્મ મળ્યા પછી ચારિત્રની ભૂખ ક્યાં છે? સાધુને ચારિત્રની ભૂખ શું? ચારિત્ર તો પામી ગયા પણ હવે ઉપર ઉપરનાં ચારિત્ર મેળવવાની ભૂખ હોય. વિશુદ્ધિના સ્થાનો વધારવાની ભૂખ હોય એ શી રીતે બને? શાસ્ત્રે કહ્યું કે જેટલા કષાયનાં (સંક્લેશનાં)સ્થાનો છે તેટલાં જ વિશુદ્ધિનાં સ્થાનો છે. કષાયનાં સ્થાનને દબાવતા ચાલો તો વિશુદ્ધિનાં સ્થાનો વધતા જાય. વિશુદ્ધિનાં સ્થાનને દબાવો તો કષાયનાં (સંક્લેશનાં) સ્થાનો વધશે, એટલે સંક્લેશ વધ્યા તો વિશુદ્ધિ ઉતરતી કક્ષાની બનવાની. વિશુદ્ધિ વધે તો સંક્લેશ ઉતરતી કક્ષાનો બનાવાનો.

દર્શન દુર્લભ કેમ? ત્રણ શુદ્ધિ લાવવી પડે. મન વચન અને કાયાની. એમાં વચનશુદ્ધિ સારું થશે એ મારા ભગવાનથી જ થશે. **'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય'** આ વચનશુદ્ધિ સુલસામાં હતી. માટે તો ધણીને કહી દીધું કે, બીજાની માનતા શું કામ કરું? મારા અરિહંતની સેવા ન કરું?

આ બધું આવે તો સમ્યગ્દર્શન આવે, માટે દુર્લભ છે. તેમ વસ્તુદર્શન-યથાર્થદર્શન પણ દુર્લભ છે. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા જ્યારે વસ્તુદર્શનમાં તત્ત્વનું દર્શન છે, જેવું હોય તેવું દેખાડે. સોનૈયાનો ચરુ જુએ તો એમાં વસ્તુદર્શનરૂપે અધિકરણ જુએ. અધિકરણ એટલે દુર્ગતિના અધિકારી બનાવે. દા.ત. ધન-સ્ત્રી-મૂર્તિ-વગેરે. જ્યારે ભગવાનની મૂર્તિ-સાધુદર્શન આદિ સદ્ગતિના અધિકારી બનાવે માટે ઉપકરણ કહેવાય.

એટલે સામાન્યથી પણ દર્શન પામવું દોહ્યલું છે તો સર્વ વિશેષે કરીને તત્ત્વનો નિર્ણય કરવો તો ઓર કઠીન છે.

વિશેષ કરીને તત્ત્વનો નિર્ણય એટલે કે નિશ્ચય સમ્યક્ત્વ, અને બીજું નિશ્ચયનયનું સમ્યક્ત્વ.

નિશ્ચય સમ્યક્ત્વ ચોથા ગુણઠાણે આવે અને નિશ્ચયનયનું સમ્યક્ત્વ સાતમા ગુણઠાણે આવે.

નિશ્ચય સમ્યક્ત્વ દર્શનમોહનીયનો શુદ્ધ ક્ષયોપશમ યા તો ઉપશમ કે ક્ષય છે ત્યારે આત્મામાં જે પરિણામ ઊભો થાય તે. એટલે એવું જે નિશ્ચયસમ્યક્ત્વ ઊભું કરવાનું, એમ નયોથી એની વિશેષતા જોવાની.

નૈગમનયનાં સમ્યક્ત્વમાં ઢગલા પ્રકારો છે. સાવ ઢીલો પોચો હોય તો એનો પણ એમાં સમાવેશ કરાવી દે. જેમ મેઘકુમારના જીવે પૂર્વના હાથીના ભવમાં માંડલું કર્યું હતું. વનમાં દાવાનલ થયો, તો બધા પશુઓ તે માંડલામાં આવીને ઊભા રહ્યા. બધાને કહે આવો, કોઈને કાઢી ન મૂક્યા. એમ નૈગમનયનું સમ્યક્ત્વ. એક સહેજ શ્રદ્ધા ઊભી થઈ તો એને પ્રવેશ આપે. બીજી ઘણી બાબતો ઊભી હોય તો પણ એની વચમાં સ્હેજ પણ શ્રદ્ધાનો ભાવ આવ્યો એટલે પોતાનામાં સમાવી લે છે, એટલે આ અંશોથી સમ્યક્ત્વનો નિર્ણય કરવો એ કઠિન છે.

દુર્લભ એટલા માટે છે કે કુનયવાળા આવી આવીને આક્રમણ કરે છે, કે આનું આમ કેમ અને આનું આમ કેમ? એમ સુનયવાળા પણ આક્રમણ કરે છે કે વીતરાગ એમ કાંઈ ન આપે, પ્રાર્થના કરનારને આપે, ન કરનારને કાંઈ ન આપે. એ પણ આવી દલીલો કરે છે, એટલે નિર્ણય કરવો કઠિન છે.

નિશ્ચયનયનું સમકિત શું છે? જેવી શ્રદ્ધા કરે તેવું તારું આચરણ છે? ના. એ મોંઘુ છે. તો તારી શ્રદ્ધા પોકળ છે. ખરેખર દિલની શ્રદ્ધા હોય તે પ્રમાણે આચરણ કર. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે, **जे मोणंति पासहा, ते सम्मंति पासहा, जे सम्मंति पासहा ते मोणंति पासहा।** અર્થાત્ જે [આ તત્ત્વો સમ્યક્ છે એવું દર્શન કરે, શ્રદ્ધા



કરે તો મુનિપણાને જોનારા હોય છે, સ્પર્શનારા હોય છે. જેમ કે સંવર ઉપાદેય અને આશ્રવ એ ત્યાજ્ય છે.] આવા તત્ત્વોની શ્રદ્ધા કરે, એ જ પ્રમાણે મુનિપણાને સ્પર્શે ત્યારે એનામાં સમ્યક્ત્વ આવ્યું તે નિશ્ચયનયનું સમ્યક્ત્વ કહેવાય. નિશ્ચયનયવાળો ચરમસીમાએ ઊભો છે.

એમ સમકિતનો વ્યવહાર થયો તે વ્યવહારસમકિત અને સમકિતનાં ૬૭ પ્રકારો બાહ્ય વ્યવહાર વગેરે જાળવે તે વ્યવહારનયનું સમ્યક્ત્વ કહેવાય.

સમ્યક્ત્વ કેમ મોંઘું છે?

**મદમેં ઘેર્યો અંધો કિમ લહે-**

જે બધી આપમતિ હતી તે મૂકી દે, અને જિનમતિ રાખે. 'મને આમ લાગે છે' તે મૂકી દે, પણ આ જીવ અનાદિકાળથી મદમેં ઘેર્યો ને વળી પાછો અંધો છે. જેમ અંધમાણસને સૂર્ય-ચંદ્રનાં તેજની ખબર ન પડે, તેમ અહીંયાં જ્યાં સુધી અહંત્વ-મદ છે, મિથ્યાત્વમોહનીય જોરદાર છે એ મદ છે, એનાથી ઘેરાયેલો રહે ત્યાં સુધી એને તત્ત્વાતત્ત્વની ખબર ન પડે. અગર ખબર છે તો ઊંધી ખબર પડે. દા.ત. તત્ત્વને અતત્ત્વ માને, અતત્ત્વને તત્ત્વ માને. એમાં (૧) આભિગ્રહિક-મિથ્યાત્વ (૨) આભિનિવેશિકમિથ્યાત્વ અને (૩) સાંશયિકમિથ્યાત્વ કામ કરે છે. આ બધી ખતરનાક ખરાબીઓ છે.

આભિગ્રહિકમિથ્યાત્વ એટલે જે મિથ્યાદર્શન પકડ્યું હોય તેને જ સર્વેસર્વા માને.

**પંજાબનાં એક પંડિત** હતા. ભણાવવા આવતા. મુક્તાવલી ભણાવે. મુક્તાવલી એ ન્યાયનો ગ્રંથ. એમાં આત્મવાદ આવે. વેદાંતદર્શન-સાંખ્યદર્શન અને ન્યાયદર્શન બધું આવે. વેદાંત અને સાંખ્યનું ખંડન આવે, ન્યાયનું સમર્થન આવે, આ પંડિત ભણાવે પૂર્વપક્ષ સ્થાપીને.... પછી એનું ખંડન આવે એટલે વેદાંતનું ખંડન પણ કરે, પણ પછી એનાથી રહેવાય નહીં એટલે કહે, 'ક્યા ઐસે વેદાંત કા ખંડન હો સકતા હૈ?' આમ બોલતાં બોલતાં તો એનું મો લાલચોળ થઈ જાય. ત્યારે મેં એમને કહ્યું, 'તો પંડિતજી! આપ યે ખંડન કા ખંડન કરો ને' ત્યારે પંડિતજી કહે : 'ઐસા તો કુતર્ક બહોત હૈ દુનિયામેં....' આ આભિગ્રહિકમિથ્યાત્વ. પકડેલું છૂટે જ નહીં.

એમ દુનિયામાં પદાર્થો બે જાતના છે. ઐન્દ્રિયક અને અતીન્દ્રિયક. ઐન્દ્રિય પદાર્થો પ્રત્યક્ષ કે અનુમાનથી ગમ્ય છે, જ્યારે અતીન્દ્રિય પદાર્થો છે તે આગમગમ્ય-શાસ્ત્રગમ્ય છે, પરંતુ એ સર્વજ્ઞકથિત શાસ્ત્રોથી ગમ્ય છે. એમાં નૈયાયિકનાં તર્ક ચાલે એમ નથી, માટે સમ્મતિશાસ્ત્રમાં પણ બે પ્રકાર મૂક્યા. હેતુગમ્ય - જે તર્કાદિથી સમજાય અને બીજા આગમગમ્ય - એ આગમથી જ સમજાય. આ પણ આગમ

સર્વજ્ઞનાં હોય તો સમજાય, બીજાનાં હોય તો ન સમજાય. આગમગમ્ય એ સર્વજ્ઞની ચક્ષુથી દેખાયેલા અને શાસ્ત્રમાં ઉતારેલા છે.

શાસ્ત્રે કહ્યું કે સંસાર ક્યારેય ખાલી થવાનો નથી. તો પ્રશ્ન કરે, જો છે એમાંથી ઓછા થવાનાં તો ક્યારેય તો ખાલી થાય ને? હવે આ દલીલથી સમજવા જાય તો ન સમજાય. કેમકે માપવાનો ગજ ટુંકો છે, ને આંગળીથી માપવા જાય છે. આ આગમથી સમજાય એવું છે. માટે તો શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિમહારાજે પણ આના પર દલીલ કરવાની ના પાડી, કેમકે નયોનું વિવેચન વધુ કરશો ને આગળ વધશો તો તે મિથ્યાત્વમાં તાણી જશે, નયો ગૂઢ છે. એટલે નયોનો વિચાર કરવા માટે ત્રણ દૃષ્ટાંત આપ્યા.

(૧) પાલી-માપણું (૨) પ્રદેશનું અને (૩) વસ્તીનું.

એટલે આમાં સ્વતંત્ર વિચાર કે સ્વતંત્ર કલમ ન કરાય. ટૂંકમાં નયથી વિચાર કરવા અત્યંત ગૂઢ છે. જેમ નયવાદ દુર્ગમ છે તેમ આગમવાદમાં ગુરુગમ જોઇએ.

આગમગમ્ય પણ જ્યાં સુધી હેતુથી જાણવા યોગ્ય હોય ત્યાં સુધી હેતુથી ભણવા. તો શ્રદ્ધા પાક્કી રહેશે. જેને સ્વપર આગમનો વ્યવસાય નથી તે મિથ્યાદષ્ટિ છે. સ્વ-પર શાસ્ત્રનાં અધ્યયનના વ્યવસાયમાં રહે તો સમકિત. એટલે આગમગમ્યને આગમગમ્ય રાખવાના. ત્યાં દલીલ નહીં કરવાની. એટલે હવે કોઇ એમ કહે કે તમે બીજા દર્શનવાળાને આભિગ્રહિક અને હઠાગ્રહી કહો છો તો તમે પણ એવા જ છો? તો કહેવાનું કે પદાર્થ બે જાતનાં ઐન્દ્રિયક અને અતીન્દ્રિય. ઐન્દ્રિયક પદાર્થો તો પ્રત્યક્ષ, અનુમાન કે હેતુથી જાણી શકાય છે જ્યારે અતીન્દ્રિય પદાર્થો બધા જાણી શકાતા નથી. સર્વજ્ઞ જ જાણી શકે છે. કેમકે સર્વજ્ઞને પ્રત્યક્ષ છે. હવે તે પદાર્થો સર્વજ્ઞનાં કહેલા છે માટે સત્ય છે. અતીન્દ્રિય પદાર્થોમાં તર્ક કામ ન લાગે એમાં શ્રદ્ધા જરૂરી છે.

જૈનદર્શન એકલું જ સાચું શા માટે? કેમકે એ સર્વજ્ઞનું કહેલું છે, સારા જગતને સર્વજ્ઞે જોયેલું છે.

સુખલાલ પંડિત-પ્રજ્ઞાચક્ષુ હતા. પહેલા કર્મગ્રંથ અને કમ્મપયડી ભણ્યા અને બોલ્યા-ઓહો! આ સૂક્ષ્મ પદાર્થો સર્વજ્ઞ વિના કોઇ કહી શકે એમ નથી. પાછળથી ઘણી બાબતોમાં આભિનિવેશિકમિથ્યાત્વ આવી ગયું તે એમનું કમનસીબ.

**'રવિશશી રૂપ વિશેષ'**

આ જગતમાં આભિનિવેશિકમિથ્યાત્વ નડે છે. ધરાર જુઠું હોય તો પણ છોડવા તૈયાર નથી. **જમાલિને** એ નડ્યું. ભાણેજ-જમાઇ અને શિષ્ય ભગવાનનો હતો, ભગવાન સાથે ત્રણ ત્રણ સગાઈ હતી. મહાવૈરાગી હતો, પણ આભિનિવેશિકમિથ્યાત્વ નડ્યું. આપમતિમાં ઘેરાઈ ગયો. મને નજરે દેખાય છે, હજી સંથારો પથરાઇ રહ્યો છે



ને તમે કહો છો થઇ ગયો? શિષ્યોએ કહ્યું : ભગવાનનું વચન છે. **कडेमाणे कडे। क्रियमाणं कृतम्।** કરાતું હોય ત્યારે પણ કર્યું કહેવાય, અને આ જમાલિ કહે : ભગવાન ભૂલ્યા. આભિનિવેશિક મિથ્યાત્વમાં તણાયો.

સાંશયિક મિથ્યાત્વ- આમ હશે કે આમ હશે? એ પણ મદનો ઘેરાવો છે, એમાં તત્ત્વ હાથ ન આવે.

મદ એટલે આભિગ્રહિક મિથ્યાત્વાદિ. એનાથી ઘેરાયેલાને દર્શન ન મળે. એમ અંધ એટલે અબૂઝ-તત્ત્વની ગતાગમ નથી જેને, એટલે જીવને મદની અંધતા વ્યાપ્ત થયેલી છે. જેમ ઘુવડ સૂર્યનો પ્રકાશ ન જોઇ શકે, તેમ મદની ઉન્મત્તતા-મોહની મદિરાનું ઘેન ચડ્યું હોય તે લવારા કર્યા કરે, તેને દર્શન ક્યાંથી થાય. એ તો કહે છે કે **'सम्यग्दर्शनेन किं प्रयोजनं? प्रियादर्शनमेवास्तु'** આવા આગળ સમ્યગ્દર્શનની-શ્રદ્ધાની વાત શી કરી શકાય? આંધળો સૂર્ય-ચંદ્રને જ જોતો નથી તો પછી તેનો ભેદ તો કેમ પામી શકે? તેમ મિથ્યાત્વી સદ્દર્શન અને મિથ્યાદર્શન વચ્ચેનો તફાવત જાણી શકતા નથી.

પણ બધાને તો જ્ઞાન ક્યાંથી હોય? અજ્ઞાન જ હોય ને? તો શાસ્ત્રે બતાવ્યું છે કે **ગીતાર્થની નિશ્રામાં હોય તે પણ જ્ઞાની છે.** કેમકે જ્ઞાન ભાડે મળી શકે છે. ગીતાર્થ પાસેથી જ્ઞાન મળી શકે છે પણ ક્રિયા તો જાતે જ કરવી પડે. જ્ઞાનીઓએ કેવી ઉદારતા બતાવી છે! માત્ર આઠ પ્રવચન- માતાનું જ્ઞાન હોય અને ગીતાર્થની નિશ્રા હોય તે પણ કેવલજ્ઞાન પામી શકે છે. **પુંડરિક ગણધર ગીતાર્થ** હતા. ૧૪ પૂર્વનાં જ્ઞાનવાળા હતા. એમની સાથે ક્રોડો મુનિઓ મોક્ષે ગયા. કેમ? ગીતાર્થની નિશ્રા હતી. ગીતાર્થની નિશ્રા ન હોય તો એ કેવી રીતે જાણી શકે?

જૈનદર્શનમાં હોય છતાં મદ અને અજ્ઞાનથી પીડાય માટે આ બે ટાળવાની જરૂર છે. આ ઓળખવા માટે કોઇ રસ્તા છે?

હા, બે વાદ છે. (૧) હેતુવાદ-હેતુગમ્ય અને (૨) આગમવાદ-આગમગમ્ય. જ્યાં હેતુ ન પહોંચે ત્યાં આગમથી વિચાર કરવો, પણ એ રીતે દર્શન હાથમાં આવે એવું છે? તો કવિ કહે છે કે-

**હેતુવિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુરગમ નયવાદ,**
**આગમવાદે હો ગુરુગમ કો નહિ, એ સબળો વિખવાદ...૩**

**ભાવાર્થ :** તર્કના પૂર્વપક્ષ-ઉત્તર પક્ષના ઝઘડાઓ દ્વારા મનમાં ધારણા કરીને જોઇએ તો આખો સવાલ ઘણો આકરો, કઠણ અને ગમ ન પડે તેવો મુશ્કેલ દેખાય છે.

અને આગમના કથનને અંગે જો ગુરુગમ ન હોય તો એ તો ભારે આકરો વિખવાદ-ઝઘડો થઈ જાય છે. (અથવા અત્યારે એવો ગુરુગમ આપે તેવો કોઈ નથી એટલે એ રીતે પણ ભારે આકરું ભયસ્થાન દેખાઈ આવે છે.)

**વિવેચન :** હેતુ લગાવીને દર્શનનો નિર્ણય કરવો જઇએ તો હેતુમાં તો નયવાદ મોટો છે. અનેક હેતુથી વસ્તુમાં અનેક ધર્મો સિદ્ધ થાય છે. એ રીતે વસ્તુને યથાર્થ સ્વીકારવી કઠિન છે. અસર્વજ્ઞનાં દર્શનવાળા હેતુ ઘણા લગાવે છે, તર્ક ને અનુમાન કરે છે અને નયવાદ જાણતા નથી. એટલે એક નયથી સિદ્ધ થતી વસ્તુને પોતે બીજા નયથી જુએ છે તેથી તે વસ્તુને મિથ્યા માને છે. સાચા હેતુથી તત્ત્વનો નિર્ણય સાચો થાય પણ હેત્વાભાસ હોય તેનાથી તત્ત્વ નિર્ણય ન થાય. હેતુવાદમાં નયવાદ લગાડવો પડે છે. ભિન્ન ભિન્ન વસ્તુનાં ભિન્ન ભિન્ન તત્ત્વો સિદ્ધ થાય છે. જેમકે દ્રવ્યાર્થિકનયથી આત્મા નિત્ય છે. પર્યાયાર્થિકનયથી આત્મા નિત્ય નથી. તો વળી બૌદ્ધવાદીઓ કહે છે કે બધું ક્ષણિક છે, એટલે એક નયથી વસ્તુનો નિર્ણય ન થાય. કેમકે એને નયની ખબર નથી. હેતુવાદથી વસ્તુ સાબિત કરવા જઇએ તો એને નયો લાગવા જોઇએ, પણ નયવાદ દુર્ગમ છે, એટલે જો પરમાર્થ હાથમાં ન હોય તો ચકરાવામાં પડી જવાય, એટલે હેતુ લગાડીએ પણ વસ્તુનો નિર્ણય કેવી રીતે થાય? તો આગમવાદથી જાણી લો ને? આગમવાદમાં પણ ગુરુગમ જોઇએ. કેમકે આગમમાં અનેક પ્રકારનાં સૂત્રો આવે. ઉત્સર્ગ-અપવાદ-ભય-ઉદ્યમ વગેરેનાં સૂત્રો હોય, એ ગુરુગમ વિના ક્યાંથી સમજાય? આપમતિ ચલાવવા જાય તો ઉત્સૂત્ર આવવાનો સંભવ છે.

પેલા કમલપ્રભાચાર્ય મહાપ્રભાવક હતા પણ ભૂલા પડી ગયા. અને લોકોએ એમને સાવદ્યાચાર્ય તરીકે જાહેર કરી દીધા. અપવાદનું સૂત્ર ઉત્સર્ગમાં લગાડી દીધું. અપવાદ બધે લગાડવા જાય ને ઉત્સર્ગ બનાવી દે તો લોકોને બનાવી શકાય છે પણ કર્મસત્તાને બનાવી શકાતી નથી. પરિણામ બગડ્યા, તો કર્મસત્તાએ તીર્થંકર નામકર્મ ઝૂંટવી લીધું. પહેલા શાસનરક્ષાનાં પરિણામ હતા, હવે સ્વમાનરક્ષાનાં પરિણામ થયા, અને શાસ્ત્રને ગમે તેમ લગાડવાનાં પરિણામે સાવદ્યાચાર્ય તરીકે પ્રસિદ્ધ થઇ ગયા, એટલે પરિસ્થિતિ આ થઇ કે આગમવાદમાં ગુરુગમ જોઇએ. આગમવાદમાં સૂત્રો મોઢે ને મોઢે ચાલ્યા આવતા હતા. પરિસ્થિતિ એવી આવી ગઈ કે સ્મૃતિભ્રંશ થવા લાગ્યો. એટલે દેવર્ધિક્ષમાશ્રમણગણિએ આગમોને પુસ્તકારુઢરૂપે બનાવ્યા, એટલે પછી ગુરુગમ ઓછો થવા લાગ્યો, એટલે બધો વિખવાદ થયો.



**'આગમવાદે હો ગુરુગમ કો' નહિ, એ સઘળો વિખવાદ.'**

યોગ્ય-ગીતાર્થ, બહુશ્રુત અને ગુરુપરંપરાથી જેમને પ્રાપ્ત છે તે સંભળાવે તેવા અર્થ કહે તેવો ગુરુગમ નથી, કારણકે વચ્ચેનાં કાળમાં ઘણી પરંપરા બંધ થઇ ગઇ. દુષ્કાળ એવા પડ્યા કે જેમાં શાસ્ત્રો નષ્ટ થયા. એટલે ઘણો ગુરુગમ લોપ થયો, એટલે પ્રભુ અમારે ઘણો ખેદ છે છતાં અમારે તમારા દર્શનનો તલસાટ તો એટલો જ ઊભો છે. બધું નહીં મળે તો ચાલશે પણ દર્શન વિના નહિ ચાલે. મોટા ચક્રવર્તી ભરતમહારાજાનાં અંતરમાં પણ વિખવાદ હતો, કેમકે અંતરમાં દર્શનને તલસતા હતા.

દર્શન માટે ક્યાં જઉં? ભગવાન પાસે. ભગવાન સિવાય કોઇનો આશરો નથી. ભગવાનની પાસે જવા માટે દ્રવ્યથી મોટા મોટા ડુંગરાઓ છે. મહાવિદેહની વચ્ચે હિમવંત-નિષધ વગેરે પર્વતો છે અને ભાવથી એના કરતાં પણ મોટા ડુંગરા છે. ઘાતિ ડુંગરા એ દર્શન અટકાવે છે.

**આગમવાદે-**

મોટો ખેદ તો એ છે કે, ગુરુગમ નથી એટલે જિનવચનનો માલ મળતો નથી, અને જિનવચન એ મોટામાં મોટી મૂડી છે, એનાં પર જ આરાધનાનો વેપાર થાય છે. જિનવચન એ અમારા પ્રાણ છે, એના હિસાબે અમે જીવતા જેવાં છીએ, સચેતન છીએ, જિનવચન વગર અમે અંધ હતા. આ જિનવચન એ આંખ સમાન છે, અમે અત્યાર સુધી અંધારામાં હતા. જિનવચન એ અમારા માટે પ્રકાશ સમાન-દીપક સમાન છે. જિનવચન વગર અમે દુબળા-પોચા બની ગયા હતા. જિનવચન એ ટોનિક સમાન છે, સુવર્ણભસ્મ એ રસાયણ છે. એ ન મળે તો અમે દૂબળા જ રહીએ, માટે સબળ વિખવાદ છે.

બીજી વાત એ છે કે, કદાચ અલ્પાંશે જિનવચનો કે ગુરુગમ મળે તો પણ પ્રભુ તમારા દર્શન સુધી પહોંચવું મુશ્કેલ છે. કેમ મુશ્કેલ છે? તો કવિ કહે છે-

**ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ**
**ધીઠ્ઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઇ ન સાથ.....૪**

**ભાવાર્થ :** હે જગતનાથ! મારા દેવ! તારા સાચા દર્શનથી આડે આવનાર અનેક ઘાતી ડુંગરો-પહાડો વચ્ચે પડેલા છે અને પક્કાઇ કરી કદાચ રસ્તે પડી જઉં, ચાલવા માંડું, તો માર્ગ દેખાડે તેવો કોઈ સથવારો પણ નથી.

**વિવેચન : 'ઘાતિ ડુંગર આડા અતિ ઘણા'**

આ ઘાતિ ડુંગરા તમારા દર્શનની આડા છે જે આપના સુધી પહોંચવા દેતા નથી. આપને જોવાની આડે આવે છે. અરિહંતને સદહવાની આડે આવે છે. આ ઘાતિ

ડુંગરા એવા છે કે અરિહંત પાસે જવા જ દેતા નથી, અને કદાચ પહોંચે તો દર્શન કરવા દે એમ નથી.

દર્શન કરે તો સદ્દહવા ન દે. કે, અરિહંત બધું સારું કરે એ શ્રદ્ધા થવા ન દે.

**આ ઘાતિ ડુંગરા કેટલી જાતનાં છે.**

(૧) **મિથ્યાત્વમોહનીય:** ભારે ઘાતિ ડુંગર છે, એટલે તો કાશીનાં મોટા પંડિતો જૈનદર્શન ભણે પણ મિથ્યાત્વ એવું નડે. જૈનદર્શનનું ભણાવે, બોલે, બધું કરે; પણ તત્ત્વ આમ છે એમ ન કહે. જૈનો આમ કહે છે, એમ કહે. આ મિથ્યાત્વ નડે છે, માટે જૈનધર્મની તત્ત્વસિદ્ધ વાતને સમજવા ન દે.

(૨) **દર્પ-અભિમાન:** આ પણ ઘાતિ ડુંગરો. હરિભદ્ર પુરોહિત અરિહંત સુધી પહોંચ્યા, પણ ઘાતિ ડુંગર નડ્યો. અભિમાન આવ્યું, હું મોટો પંડિત છું, એટલે અરિહંત પાસે જવા છતાં અરિહંત તરીકેનું દર્શન થવા ન દીધું, પણ 'લાડવાખાઉ' તરીકેનું દર્શન કરાવ્યું.

(૩) **કુળધર્મ:** અરિહંતનું દર્શન પામવા ન દે. કુળધર્મમાં ફસાયેલાને ગમે તેટલી યુક્તિ આપવામાં આવે તો પણ સમજે નહિ. જેમ ગોવિંદ બ્રાહ્મણમાં કુળધર્મની છાયા એવી કે વાદી બનવા માટે દીક્ષા લીધી પણ સમ્યગ્દર્શન ન થયું. એ છાયા ભણતાં ભણતાં દૂર થઈ ત્યારે સમ્યગ્દર્શન થયું. 'પીછે સે ચલી આતી હૈ'ની પક્કડ. સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા એટલે અરિહંતનું દર્શન ન હોય.

(૪) **અતિ વિષયરાગ:** વીતરાગનું દર્શન થવા ન દે.

**દેવપાલે** તીર્થંકરનામકર્મ બાંધ્યું. ભગવાનની ભક્તિના પ્રભાવે ત્યાનાં રાજાની કુંવરી સાથે લગ્ન થયા. રાજા થયો. રાણી સાથે જંગલમાં ગયો ત્યાં એક કઠિયારાને જોયો. કઠિયારાને જોતા રાણીને જાતિસ્મરણ થયું. આ મારો પૂર્વભવનો ધણી છે એમ જાણ્યું. એટલે રાણીએ કઠિયારાને કહ્યું, 'આ પાપનો ધંધો છોડી દે, ચાલ અમારી સાથે ધર્મસાધના કર ભગવાનની ભક્તિ કર.' ત્યારે કઠિયારો કહે 'ભગવાન વળી કઇ ચીજ છે?' રાણીએ પોતાનો પૂર્વભવ કહીને કહ્યું- 'હું તારી પત્ની હતી. નદી આગળ જતાં ત્યાં ભગવાનની મૂર્તિ મળી આવી. મેં ભાવથી પૂજા કરી. તમને ભગવાનની ભક્તિ કરવા કહ્યું પણ ન માન્યું. ભગવાનની ભક્તિના પ્રભાવે હું રાજાની રાણી થઇ અને તું એવોને એવો રહ્યો. માટે ભક્તિ કર.' પણ અતિ વિષયનો રાગ-દુનિયાનાં વિષયો બહુ ગમતાં હોય તો ભગવાનનું-અરિહંતનું દર્શન થવા ન દે.

(૫) **ખોટી આતુરતા :** ખોટી જિજ્ઞાસાઓ સમ્યગ્દર્શન થવા દેતી નથી. સુલસાને આવી કોઇ આતુરતા નહોતી તેથી મિથ્યાદેવ જોવાની લાલસા ન થઇ.



લોકોને ખોટી આતુરતા હતી તો જોવા દોડ્યા. સુલસા પોતાનાં સમ્યગ્દર્શનમાં સ્હેજ પણ ચસકી નહીં. વિકાર જગાડનાર આ ખોટી આતુરતા છે, ખોટી આતુરતાથી બચવું જોઇએ, તેની અત્યંત હેયતા લાગવી જોઇએ. આ અત્યંત હેયતા સુલસાને હતી. આ આતુરતા મારા સમ્યગ્દર્શનને દોષ લગાડનાર છે એમ માનતી હતી. **ખોટી આતુરતા ભગવાનનાં દર્શન થવા ન દે.** મફતીયું જોવાની આતુરતા થઇ, એ આતુરતા રતિ-અરતિ કરાવે છે. આ રતિ-અરતિ નોકષાય છે. આ નોકષાય કષાયના બાપ છે. નોકષાય એ કષાયનું કારણ છે. રતિ-અરતિમાંથી જ કષાય-ક્રોધ વગેરે થાય છે, આવી તુચ્છ આતુરતાઓ મિથ્યાત્વને તાણી લાવે છે. જે પાપ ખોટું ન લાગે તે મિથ્યાત્વ લઇ આવે. ત્યાજ્ય ન લાગે, અફસોસી ન લાવે તે પાપ મિથ્યાત્વ લાવે, પછી સમ્યગ્દર્શન શી રીતે આવે? ભગવાનનાં દર્શનને વહાલું કરવું હોય તો જગતનું-બીજું જોવાનું અળખામણું કરવું પડે. એ જગતનું જોવા જાય તો દર્શન મેલું પણ થાય અને ઊડી પણ જાય.

(૬) **વ્યામોહ :** મુંઝાઇ જવું-ગુંચવણમાં પડવું. જૈન ધર્મમાં ધ્યાનયોગ પર જોર નથી, ક્રિયા કરો, ક્રિયા કરો...... એમ કહીને મિથ્યાદષ્ટિનાં ધ્યાનયોગ વગેરેની સુફિયાણી વાતોના ગાણા ગાયા કરે, એટલે ધ્યાનયોગનો વ્યામોહ લાગે, એટલે અરિહંતનું સમ્યગ્દર્શન પછી જાય. તો શું એની વાત ધ્યાન-યોગની ખોટી છે? જૈનદર્શન કહે છે કે, અમારી જે ક્રિયાઓ છે એજ ખરેખરું ધ્યાન છે. **ચિત્તનો એકાગ્ર ઉપયોગ એ ધ્યાન છે,** એ અમારી ક્રિયામાં રહેલો જ છે. કેમકે મન વૈવિધ્યપ્રિય છે, અમારી ક્રિયામાં વિવિધ સૂત્રો-ક્રિયાઓ આવે છે એટલે મનને કંટાળવાનું રહેતું નથી. ખરું ધ્યાન જ આમાં છે, એમાં પણ સામે ચિત્ર ઊભું કરીને જુએ તો વધારે ધ્યાન લાગે. એટલે ક્રિયામાં ધ્યાન છે, અને સામાયિક વગેરે મહાયોગ છે. પ્રતિજ્ઞાપૂર્વક સાવદ્યયોગોનો ત્યાગ એ મહાયોગ છે. જિનેશ્વરભગવાન ઉપર સર્વેસર્વા હૈયું ઓવારી જાય એ મહાન યોગ છે. આડી-અવળી વાત કરનાર બેસી રહે અને જિનેશ્વર ભગવાનની ભક્તિ કરનારો તરી જાય છે. આ બધું મોજુદ છે... પણ, ખોટો વ્યામોહ એ દર્શન કરવા દેતું નથી.

(૭) **ક્રિયાનો એકાન્ત અને જ્ઞાન ઉપેક્ષા:** આપણે તો ભાઇ ક્રિયા કરીએ એમાં મજા આવે. શું ક્રિયા કરે? હું તો પૂજા કરું- બે કલાક લાગે, પણ વ્યાખ્યાનાદિ કોણ સાંભળે? એમાં આપણને મજા નહીં. અરે! પણ જ્ઞાન નહીં મેળવે તો આરાધનાના માર્ગની શી રીતે ખબર પડશે? એમાં ઘણા અટકી ગયા. જ્ઞાન નથી ને ટૂંકી બુદ્ધિ લગાડવા ગયા, એટલે પછી એવો એકાન્ત પકડાઈ ગયો કે પછી ભગવાનનું દર્શન જ થવા ન દે.

(૮) **પ્રમાદ:** ભગવાનને ભજવાની બધી સામગ્રી તૈયાર છે પણ પ્રમાદ છે. જીવની કમનસીબી છે કે, દુનિયાનાં વિષયમાં જરા પણ પ્રમાદ નથી પણ ધર્મની

વાતમાં પ્રમાદ છે. પ્રમાદ સેવે એને ભગવાનનું દર્શન ન મળે. કેમ? દર્શનને પમાડનાર અને દર્શનને શુદ્ધ કરનાર તત્ત્વનો વિસ્તાર છે. પહેલાં સંક્ષેપમાં નવ તત્ત્વો જાણી લીધા હવે પ્રમાદ ન કરતાં નવું નવું જ્ઞાન મેળવે તો તત્ત્વનો વિસ્તાર પામે. તત્ત્વનો વિસ્તાર પામવા માટે સર્વજ્ઞનાં શાસનની કેવી ગોઠવણો છે! જેમકે માર્ગણા દ્વાર, મુખ્ય ૧૪ માર્ગણા, અવાંતર-૬૨ માર્ગણા, એક એકનો વિચાર કરે એટલે પદાર્થનું શોધન થાય, રીસર્ચ થાય. તેમ તત્ત્વાર્થકારે પણ બે સૂત્ર આપી દીધા કે,

**'निर्देश-स्वामित्व-साधनाधिकरण-स्थितिविधानतः' અને**

**'सत्संख्या-क्षेत्र-स्पर्शन-कालान्तर-भावाल्पबहुत्वैश्च'** ।

આ એક એક તત્વ લઈને વિચાર કરો તો વિસ્તાર કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગ દેખાય. જાણ્યું હોય તો વધારે વિસ્તાર કરવાથી શ્રદ્ધા ઓર વધે, પણ ક્યારે વધે? આ પ્રમાદને દૂર કરે તો.

સહેજ પણ પ્રમાદની વૃત્તિ ખતરનાક છે. જેમ **વારતક મુનિનો** સ્હેજ પ્રમાદ થયો. સાવધાન છતાં બોલાઈ ગયું. 'છોકરાઓ બીશો નહિ.' અને આ વાક્ય ઉપરનાં અનુમાનથી ધુંધુંમાર રાજાએ ચંડપ્રદ્યોત સાથે લડાઈ કરી વિજય મેળવ્યો. પાછળથી ચંડપ્રદ્યોતને આ રહસ્યની ખબર પડી એટલે મુનિને 'નિમિત્તશાસ્ત્રી' કહીને ઉપહાસ કર્યો. આમ થોડો પણ પ્રમાદ ઘણો ઘાતક છે. થોડો પણ પ્રમાદ આત્મિક ગુણોનો ઘાત કરનાર છે, આત્મિક ગુણોને દબાવી દે છે, માટે આ ઘાતિ ડુંગરા એવા છે કે લાખ રૂપિયાનો ખજાનો પાસે હોવા છતાં પણ ખોલવા ન દે.

(૯) **અસત્‌નો સંગઃ** અસત્ પુરુષોનો સંપર્ક પણ દર્શન આવવા ન દે, અને આવ્યું તો ગુમાવી દે. જેમ **ઈલાચીપુત્ર** જન્મથી વૈરાગી હતો. દુન્યવી કોઇ કાર્યમાં રસ નહોતો લેતો. બાપે રસ લેતો કરવા અસત્ મિત્રોનો સંગ કરાવ્યો અને પતન ક્યાં સુધી થયું? નટડીને મેળવવા માટે ઘર અને કુટુંબ પણ છોડ્યું.

બીજા એક **ધર્મદત્તનું** દૃષ્ટાંત આવે છે. શેઠે પરાણે પરણાવ્યો પણ આ તો પત્નીને બહેન જેવી માની વ્યવહાર કરે છે. એટલે માએ વ્યવહારુ બનાવવા માટે ચાર યુવાનોને તૈયાર કર્યા. આ ધર્મદત્તને ધીમે ધીમે ચર્ચામાંથી બગીચામાં લઇ જવા લાગ્યાં. ત્યાં આધ્યાત્મિક ગીતોના બહાને સ્ત્રીના મધુર ગીતોમાં લીન બનાવ્યો, પછી વેશ્યાગામી બનાવી દીધો. આ અસત્‌સંગના પરિણામે દર્શન હોવા છતાં દર્શનથી ભ્રષ્ટ કરાવ્યો.

(૧૦) **નિંદા-કૂથલીઃ** આ પણ ઘાતિ ડુંગરા છે. જેનું તેનું ઘસાતું બોલે, આચર-કુચરની વાત કરે, આગળ વધતાં પાપકથાઓ કરે. કૂથલી એટલે માલ વિનાની વાતો.



વિકથા એટલે રાજ્યાદિ ચાર વિકથાઓ અને પાપકથા એટલે દર્શનભેદિની અને ચારિત્રભેદિની કથા. એવી એવી વાતો કરે એટલે સમ્યગ્‌દર્શન હોય તો નષ્ટ થઈ જાય. જેમકે કોઇ દાન દેવા નીકળે તો કહે : અરે! ક્યાં અહીં દેવા જાઓ છો ? કોઇ હિસાબ વગેરેનાં ઠેકાણા નથી. આ કહ્યું એટલે તેની બુદ્ધિનો ભેદ કર્યો. એમ સારા પુરુષો પરની શ્રદ્ધા તૂટી જાય એવી વાતો કરે. નિંદા-કૂથલી-વિકથા આદિ જીવને પસ્તાવો પણ ન થવા દે. જે પાપમાં પસ્તાવો ન હોય તે પાપ મોટું છે. સમ્યગ્દર્શન આવવા ન દે.

(૧૧) **કુગુરુથી વ્યુદ્‌ગ્રાહિત હોય** : કુગુરુએ આંજી દીધો હોય તો સાચું માનવા તૈયાર ન થાય. **રાજા હતો** ભલો-ભોળો. જે સંન્યાસી-સાધુ-સંત આવે તેની સેવા કરે. એક સંન્યાસી આવ્યો. સ્વાર્થી પક્કો હતો. રાજાને કહ્યું જંગલમાં કફનીવાળા ઘણા મળે. કફની ઓઢવાથી સંન્યાસી ન થવાય. તારે સાચા સંન્યાસીની સેવા કરવી, જો આ શ્લોક તને આપું છું. તેનો અર્થ તને કહું છું. એ પ્રમાણે અર્થ કહે તો એને માનવા, બીજાને નહીં માનવા. અને રાજાને એક શ્લોક આપ્યો. **परोपकाराय सतां विभूतयः।** અર્થ બતાવ્યો '' ગોખે બેઠી બિલ્લી ચણા ચાવે''. હવે જે કોઇ સંન્યાસી રાજા પાસે આવે તેને રાજા આ શ્લોક બતાવે. સંન્યાસી સાચો અર્થ કરે પણ ગુરુથી વ્યુદ્‌ગ્રાહિત થયેલો રાજા માને નહીં ને બધાને રવાના કરે. એમ કરતા એક મનઃપર્યવજ્ઞાની પધાર્યા. એમને પણ રાજાએ આ શ્લોક આપ્યો ત્યારે મહાત્મા કહે : રાજન્! તું તે અર્થ જાણે છે તે કહી દઉં? હા. તો સાંભળ, 'ગોખે બેઠી બિલ્લી ચણા ચાવે'. અને રાજા કહે...હા. પણ તું એમ કર. એક પંડિત રાખીને બે મહિના અભ્યાસ કર, પછી હું આવીશ. બે મહિના પછી મહાત્મા પધાર્યા. અને પૂછ્યું : રાજન્! બોલ, પેલો શ્લોક અને હવે એનો અર્થ કર. હવે રાજા માથું ખણવા લાગ્યો. ક્યાંક બિલ્લી કે ચણા એવો અર્થ જ ન નીકળે. કુગુરુથી વ્યુદ્‌ગ્રાહિત હતો, એટલે સાચી સમજ ન પડી.

એમ ભગવાનની પુત્રી પ્રિયદર્શના પતિથી વ્યુદ્‌ગ્રાહિત થયેલી પણ શ્રાવક મળ્યો અને ઠેકાણે આવી ગઈ.

(૧૨) **વિજ્ઞાન વગેરેનું અંજામણઃ** આજના લોકો વિજ્ઞાન વગેરેથી અંજાય છે. પૂર્વના કાળમાં જાદુ-ચમત્કારથી અંજાતા હતા. આજે વિજ્ઞાન પ્રયોગથી સિદ્ધ કરે છે એટલે અંજાઇ જવાથી શાસ્ત્રમાં ગમે તેટલી ચાવી બતાવી હોય તો પણ સમજે નહીં. ભગવાનની વાણી એક યોજન સુધી સંભળાય. આ ન માને. પણ યાંત્રિક રીતે માઈલો સુધી અવાજ પહોંચે તે માનશે. તેમ યાંત્રિકશક્તિનો વિશ્વાસ કરશે, પણ આધ્યાત્મિકશક્તિમાં વિશ્વાસ નહીં કરે.

(૧૩) એમ **જ્ઞાનાવરણ** : એ મોટો ઘાતિ ડુંગરો છે, તેના ઉદયે તત્ત્વનો બોધ

થવા ન દે. આશ્રવ શું? ને બંધ કેટલો ખતરનાક? જ્ઞાનાવરણના ઉદયથી આ સમજ પડતી નથી. જ્ઞાન હોય તો આશ્રવ સંવરને સમજી શકે. જ્ઞાનાવરણના ઉદયથી આ ગતાગમ ન પડે.

(૧૪) એમ ઘાતિ ડુંગરા છે, **સ્વાર્થી કુટુંબીઓ** : કેમ? સ્વાર્થી કુટુંબીઓ સ્વાર્થમાં રમે છે, એટલે એને પોતાનો સ્વાર્થ સાધવો છે, માટે જીવને સલાહ એવી જ આપે છે કે, આજનો કાળ છે, સમય ઓળખો, એમ પ્રામાણિક બનવા જશો તો ઘર નહિ ચાલે, એમ કરીને એની મતિ બગાડે. એમ ધર્મમાં ખરચવા હોય તો જોઇને ખર્ચો, ઘર કેમ ચાલશે? એમ કરીને ધર્મની શ્રદ્ધા જામવા ન દે. સ્વાર્થી કુટુંબ છે એટલે ખોટા હવાલા કરે. અમારે તો તમે જ છો, એટલે દેવ-ગુરુ જે આધારભૂત છે તેને ભૂલાવી દે.

(૧૫) **અતિ સુખશીલતાઃ** વધારે પડતી સુખશીલતા એ પણ ઘાતિ ડુંગર છે. એ આરાધનામાં શિથિલતા લાવે, ઉપરાંત બચાવ કરાવે કે આ કાંઇ બહુ શિથિલતા નથી. શાસ્ત્રે કહ્યું છે કે યથાશક્તિ ધર્મ કરવાનો. અતિ સુખશીલતા ધર્મના સિદ્ધાંતોને ઢીલા પાડે છે.

**શેલક રાજા** હતા, **પંથક મંત્રી** હતા. બંનેએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. થાવચ્ચાપુત્ર આચાર્યનાં વારસદાર શુકપરિવ્રાજક પાસે શેલકરાજાએ દીક્ષા લીધી. મંત્રી એમના શિષ્ય બન્યા. દીક્ષા પછી અતિસુખશીલ બન્યા. શિષ્ય અતિવિનીત છે. ગુરુ ક્રિયા-આચારમાં શિથિલ થયા તો પણ ગુરુ આગળ હાથ જોડીને ઊભો રહે છે, પોતે સુંદર ચારિત્ર પાળે છે, ચોમાસી આવી, છતાં પણ **શેલકજી**ને પ્રતિક્રમણ કરવાની પડી નથી. પંથકમુનિ ગુરુની શિથિલતાને આડે ન આવ્યા, પણ વિચારે છે, કે મારા ગુરુ છે. ચોમાસી પ્રતિક્રમણમાં ખામણા આવ્યા, ત્યારે ગુરુ સૂતા છે તો તેમના પગે હાથ લગાડે છે, અને ગુરુ કહે છે કે કોણ હેરાન કરે છે ? સૂતા છે - ખબર નથી ? અને પંથકજી કહે : સાહેબ! ચોમાસી મિચ્છા મિ દુક્કડમ્. અને શેલકજી કહે, હેં! ચોમાસું પુરું થઇ ગયું? અતિ- સુખશીલતામાં સમ્યગ્દર્શન હોય તો ભાગી જાય, પણ એ બધા કમ્મે શૂરા-ધમ્મે શૂરા હતા. પસ્તાવાનો પાર ન રહ્યો. અરર! રાજ્ય છોડી સાધુ થયો ને મેં આ શું કર્યું?

રાજા હતા ત્યારે પણ પંથકજીની અક્કલ ઉપર રાજ ચાલતું હતું. કોઇ દિવસ પંથકે રાજાની ઉપરવટ બતાવી નહોતી, ત્યારે પણ એવા વિનીત હતા, અને મુનિ થયા પછી પણ એવા જ વિનીત. અતિસુખશીલતાનું પરિણામ કેવું?

(૧૬) એમ **અતિપરિણતઃ** અપવાદમાર્ગોને આચરવા તરીકે સ્વીકારે. અતિપરિણત અપવાદ માર્ગને જ અપનાવે. જ્યાં અપવાદ ન હોય ત્યાં અપવાદ લગાડે



એ શાસ્ત્રવિરુદ્ધ કહેવાય. એટલે આ અતિપરિણત મોટો ઘાતિ ડુંગર છે.

આવા ઘાતિ ડુંગરા ઘણા છે. તમારા દર્શનની આડે આવે છે.

**'ધિટ્ઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઇ ન સાથ'**

સેંગુ-સથવારો-સાથી. ત્યાં આવવા માટેનો કોઇ સાથ નથી. મારગ કઠણ છે છતાં પણ ધિટ્ઠાઇ કરીને ત્યાં આવવા ઇચ્છું છું પણ સાથ કોઈ મળતો નથી. આ ઘાતિ ડુંગરાને મારે હટાવવા શી રીતે?

ક્રિયામાં જે ઉલ્લાસ જોઇએ, વિધિપરતા જોઇએ એ લાવ્યા વિના હું ચાલે જાઉં છું. ચારિત્રનાં આવશ્યક અંગોની પરવા કરતો નથી, એટલે સમ્યગ્દર્શન આવતું નથી. ક્રિયામાં રસ-ઉછળતો આનંદ જોઇએ, એનાં ફાંફા છે, એટલે પરિસ્થિતિ કેવી છે? ક્રિયા જડ જેવી છે. ક્રિયાનું ફળ આત્મામાં શું લાવવાનું છે એનો વિચાર નથી. જકાતખાતુ ખોલેલું છે, ટેક્ષ ભરી જાઓ. એમ ભગવાનનું ખાતુ ખોલ્યું છે, તો બે ટાઇમ પ્રતિક્રમણ કરી લે, આ ટેક્ષ પણ વીતરાગ સાથેની પ્રીતિ વધે એનો વિચાર નથી, એટલે ચૈત્યવંદન કરતા પહેલા જેટલો બહારનો રંગ હતો, વીતરાગનું ચૈત્યવંદન કર્યા પછી એટલો જ બાહ્યનો રંગ છે, કેમકે ક્રિયા જડ છે. આ રીતે ચારિત્રનું જે પાલન છે તે શુષ્ક હૃદયે થાય છે. પરિણામ શું આવે? ગૃહસ્થને સામાયિક લેતા અને પાળતા આનંદ, તપસ્વી હોય એને તપસ્યા કરતા ય આનંદ અને પૂરી થાય ત્યારે તો આનંદ. આશ્રવમાંથી સંવરમાં જવાનું હોય ત્યારે તો આનંદ આવે પણ સંવરમાંથી આશ્રવમાં જવાનું હોય ત્યારે આનંદ શાનો? ત્યારે સમ્યગ્દર્શન મોંઘુ કેમ થાય છે?

સમ્યગ્દર્શન માટે કેટલીકવાર ચારિત્રની જરૂર છે, તો સમકિત વિના ચારિત્ર? દ્રવ્ય સમકિતનો આરોપ કરીને ગીતાર્થગુરુ ચારિત્ર આપે છે. કેમકે સમકિતનાં ભાવ દેખી શકાતા નથી, એટલે ગુરુ દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરે છે. ચારિત્ર પાળતા પાળતા સમકિત આવી જશે.

**ચિલાતીપુત્ર** પૂર્વજન્મમાં પુરોહિત હતો. વાદ કરતો અને વેદાંત ધર્મ સાચો એની સામે કોણ ટકે? એટલે નગરમાં એવી વાયકા થઇ કે ધર્મ તો વેદાંત.. જૈનધર્મમાં શું છે? હો-હા થઇ ગઇ. બાજુના ગામમાં આચાર્ય પધાર્યા. શ્રાવકો ગયા ને કહે, સાહેબ! જુલમ થઇ ગયો. જૈનધર્મની નિંદા બહુ થાય છે. આચાર્ય પાસે વાદી સાધુ હતા તેમને મોકલ્યા. રાજસભામાં ગયા. શરત મૂકી જે હારે તેને સાધુ થવાનું. સભામાં બધા ગોઠવાઇ ગયા, પછી મહાત્માએ પૂછ્યું : બોલો પહેલો સવાલ કોણ કરે? પુરોહિત ગભરાયો અને કહે, પહેલો સવાલ હું કરું! અને પુરોહિતે જ સવાલ કર્યો કે,

(૧) જૈનધર્મમાં શૌચ જ નથી. સ્નાન કરતા નથી.

(૨) વેદને માનતા નથી, માટે તમે નાસ્તિક છો.

(૩) સૂર્ય ઉપકારી છે, તમે ઉપકારીનાં ઉપકારને સમજતાં નથી માટે તમે કૃતઘ્ન છો. તમે એમની પૂજા કરતા નથી, હાથ જોડતા નથી.

(૪) તમે જગત્કર્તા ઈશ્વરને માનતા નથી માટે નાસ્તિક છો.

મહાત્માએ આ ચાર સવાલના જવાબ આપી દીધા.

(૧) તમારા મહાભારતમાં સ્નાન પાંચ પ્રકારનાં બતાવ્યા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પાંચમું જલસ્નાન. જે પહેલા ચાર સ્નાન ન કરી શકે એના માટે પાચમું જલ સ્નાન બતાવ્યું છે. અમારી પાસે તો પહેલા ચારે મહાન સ્નાન છે, પછી જલસ્નાનની અમારે ક્યાં જરૂર રહી! બોલ તારી પાસે શૌચ છે કે અમારી પાસે?

(૨) વેદ તો અમે નહીં પણ તું નથી માનતો. વેદનું પહેલું સૂત્ર છે : **મા હિંસ્યાત્ સર્વભૂતાનિ।** વાત વાતમાં છી છી ને ધો ધો કરી પાણીનાં અસંખ્ય જીવને મારી રહ્યો છે. જ્યારે અમે તો પાણીને અડતા પણ નથી. તો તું આ વેદને માને છે કે અમે?

(૩) તમે તો ઈશ્વરને જગત્કર્તા બનાવીને ઈશ્વરની ફજેતી કરી. જગત્કર્તા ઈશ્વર-પાપ કરે એને સજા કરે. પણ તારા ઈશ્વરમાં પાપ કરતાં રોકવાની તાકાત છે? એક અજ્ઞાન માતામાં એવી અક્કલ છે કે પોતાના નાના બાળકને સીડી પાસે બેસવા ન દે, 'ભલે પડે, પડવા દે... પછી લઈ આવીશ' આવું માતા પણ નથી કરતી. અને તારો ઈશ્વર તમે પાપ કરો પછી હું દંડા મારીશ-આમ કહી ઈશ્વરની તું ફજેતી કરે છે.

(૪) હવે સૂર્યને તું માને છે કે અમે? તેં પૂજા પૂરતો સૂર્યને માન્યો, પણ સૂર્યનાં ઉપર આફત આવી ગઈ ત્યારે તું ઘી કેળા ઉડાવે છે. સાંજના સૂર્ય અસ્ત થઈ જાય છે, ત્યારે તું ખાય છે. સૂર્યને તો અમે માનીએ છીએ. એની જાહોજલાલી હોય ત્યાં સુધી જ અમે ખાઈએ. પણ સૂર્ય પર આફત આવી, ડૂબી ગયો તો અમે શોક પાળીએ છીએ. ખાતા નથી કે પાણી પણ પીતા નથી.

હવે સામે બોલવાની જગ્યા ન રહી. ચાલ ઊભો થઈ જા. શરત કરી હતી, અને રાજસભામાં જ સાધુ બનાવી દીધો. ત્યારે સમકિત નહોતું પણ દીક્ષા લીધા પછી ભણતાં થયું કે આ ધર્મ! જીવોની અહિંસા ક્યાં સુધી? વાત વાતમાં જીવયતના કરો. આમ કરતાં કરતાં સમક્તિ આવ્યું. ચારિત્રનું પાલન કરતાં કરતાં સમ્યગ્દર્શન પામી ગયા. ચારિત્ર પાળતા છેલ્લે છેલ્લે એક પત્ની પ્રત્યેનો રાગ આવી ગયો, એનાથી ચિલાતીદાસીનો પુત્ર થયો પણ માલ જાંગડ પડ્યો હતો.

પ્રભુ આપના આ માર્ગે કેમ ચાલવું? સેંગુ=સથવારો નથી. આવા ડુંગરાળમાર્ગે



ચાલ્યો જાઉં તો સથવારો હોય તો હુંફ રહે, પણ કોઈ નથી.

સથવારા અનેક જાતના છે. કોનો સથવારો જોઈએ છે?

(૧) **પ્રચંડ વૈરાગ્યઃ** ભગવાનનાં સમ્યગ્દર્શનને પહોંચવું છે. ઘાતિ ડુંગરા નડે છે, પણ પ્રચંડ વૈરાગ્ય હોય તો કંઈક આશા છે..... આગળ વધી શકાય.

**જિતશત્રુ રાજા** જૈન નહોતા, પણ આર્યદેશનાં રાજા હતા. રાણી કહે : દૂત આવ્યો. રાજા કહે : ક્યાં છે? ચારેબાજુ જુએ છે. તો માથામાંથી ધોળો પળિયો કાઢી બતાવ્યો. આ જોતા રાજા બોલ્યાઃ અરર! મારા વડીલો એક પણ ધોળો વાળ આવતા પહેલાં વાનપ્રસ્થાન કરતા અને હું અહીં બેસી રહ્યો છું. ૧૦ વર્ષનાં રાજકુમારને બોલાવીને કહ્યું : કુમાર! તારે હવે રાજા બનવાનું છે. પિતાજી, કેમ? અમે વાનપ્રસ્થ લઈશું. કેમકે આ રાજપાટ નરકદાયી છે, એનાથી ભવની યાત્રા વધે છે. તો બાપુ, મને કાં આ નરકની વાટ બતાવો છો. હું પણ તમારી સાથે આવીશ, અને બીજાને રાજા બનાવ્યો. રાજા, રાણી અને કુમાર તાપસ બની ગયા. જંગલમાં રહે છે. અમાસનો દિવસ હતો. જંગલમાંથી સાધુઓ જઈ રહ્યા હતા. આ બાળક કહે : શું આજે તમારે અનાકુટ્ટી નથી? ત્યારે સાધુઓ કહે : અમારે તો રોજ અનાકુટ્ટી છે. કેવી રીતે? એટલે સાધુધર્મ સમજાવ્યો અને કહ્યું : કોઈએ પોતાના માટે બનાવ્યું હોય તેમાંથી ઘેર ઘેર ફરીને થોડું થોડું લઈ આવીએ તો આપણને આકુટ્ટી ન લાગે-અનાકુટ્ટી લાગે, તો તો સારું! રોજને માટે અનાકુટ્ટી થાય તો. ઝુપડીમાંથી પોતાના મા-બાપને લઈ બહાર આવ્યો. અને કહે, જુઓ આપણે એકલી અમાસે અનાકુટ્ટી અને આ મહારાજ કહે છે કે એમને રોજ અનાકુટ્ટી. પછી સાધુએ ધર્મ સમજાવ્યો. ઘાતિ ડુંગરા નડતા હતા, પણ સેંગુ હતું..... પ્રચંડ વૈરાગ્ય લઈને આવ્યા હતા. સ્હેજ નિમિત્ત મળ્યું, સમ્યગ્દર્શન પામી ગયા, આરાધના કરી ગયા, પાર પામી ગયા.

(૨) બીજું સેંગુ છે **અરિહંતનું શરણ** : મોહ, માયા, વિષય, કષાય બધા નડતા હોય પણ શરણ એક અરિહંતનું પકડી લે. એટલે શું?

અરિહંતની પાછળ પાગલ બનવું આ પણ સેંગુ છે. મહામિથ્યાદષ્ટિઓ, મહાખૂની, મહાચોર બધા એનાથી ઘાતિ ડુંગરા પાર કરી સમ્યગ્દર્શન પામી ગયા.

શું અર્જુનમાળી કે રોહિણીયો, અરિહંતનું શરણ પકડ્યું તો કામ થઈ ગયું.

(૩) **પૂર્વના સમ્યગ્દર્શનીઓનાં જીવન નજર સમક્ષ લાવવા :**

સુલસા, રેવતી, કુમારપાળ, શ્રેણિક વગેરેનાં પરાક્રમો નજર સામે રહે એ સેંગુ છે. મુફલીસ છીએ આપણે, નવરા પડતા ડોચરા છોલતા આવડે છે. પેન્સીલમાંથી અણી કાંઢી નાંખી હોય ને પછી પેન્સીલ છોલ છોલ કરે તો એ શું કામ લાગે? એ

ડોચરા છોલ્યા કહેવાય.

(૪) **અસદ્દર્શનનો ત્યાગ :** ખોટા દર્શન ઘણા કરીએ છીએ.

અસત્ એટલે મોહકારી, રાગદ્વેષકારી, નિર્ધારપૂર્વક આવા દર્શનનો ત્યાગ રાખીએ અને કદાચ થઈ જાય તો જેમ ગ્રીષ્મઋતુમાં બપોરનાં ઝાડ નીચે સૂતા હોઈએ અને આંખ ખુલી જાય ત્યારે સૂર્ય દેખાય તો આંખ કેટલી વાર ખૂલ્લી રહે? ૦I મિનિટમાં આંખ બંધ થઈ જાય ને દૃષ્ટિ ખસેડી લે તેમ આંખ અસત્દર્શન થતાં ખસેડી લે.

(૫) **અસત્ વિચારધારાનો ત્યાગ અને સમ્યગ્ વિચારધારા કરવી :** એ પણ એક સેંગુ છે. અસદ્દર્શન ખોટાં તેમ અસદ્વિચારધારા પણ ખોટી. બ્રહ્મચર્ય સુંદર પાળવું હોય તેણે આ ખાસ ખ્યાલ રાખવું જોઈએ. વિષય સંબંધી સ્હેજ કણીઓ ઘૂસ્યો તો એની વિચારધારા ચાલશે, માટે એનો ત્યાગ કરવો, અને સમ્યગ્ વિચારધારા કરવી. કેમકે મન માંકડા જેવું છે, નવરું બેસે એટલે ઠેકાઠેક કરે, જેમ માકડું નિસરણી મળે તો ઠેકાઠેક કરે તેમ. એટલે સિરિવાલકહામાં કહ્યું કે મનને નવપદની નિસરણી આપી દો, એનાં પર ઠેકવા દો. ક્યાંય મન બગડવાનો અવકાશ નહીં રહે. અસદ્વિચારધારાના ત્યાગ સાથે સમ્યગ્વિચારધારા.

**ચિલાતીપુત્રને** ત્રણ પદ આપી દીધા : 'ઉપશમ, વિવેક અને સંવર'. અત્યાર સુધી અસત્ વિચારધારામાં હતા, 'મારી વ્હાલી સુષમા...' થતું હતું. શેઠને ત્યાં ગયો અને સુષમાને ઉપાડીને નાઠો. શેઠ અને તેનાં ચાર છોકરા પાછળ પડ્યા. સુષમાને ખભે ઉપાડીને ભાગે છે. શેઠ નજીક આવવા લાગ્યા, થયું પકડાઈ જઈશ તો લોકો મને કૂતરાના મોતે મારશે. એટલે લે તારી છોકરી, એમ કહી છોકરીનાં ગળા પર તલવાર ચલાવી, અને ડોકું લઈને દોડે છે, અને એ ડોકા સાથે વાત કરે છે. 'તું મને કેટલી વ્હાલી છે. પણ શું કરું. સંજોગો એવા મળ્યા એટલે મારે આમ કરવું પડ્યું.' ગુસ્સામાં આગળ દોડે છે. આગળ મુનિને ધ્યાનમાં ઊભેલા જોયા અને બોલ્યો-શું કહેવા માંગો છો? મુનિ ચારણમુનિ હતા. એનો ચહેરો જોઈ લીધો ને બોલ્યા : 'ઉપશમ-વિવેક-સંવર'. આટલું કહીને મુનિ આકાશમાં ઊડી ગયા. આ તો સાંભળીને ઊભો જ રહી ગયો. મુનિએ આ શું કહ્યું-વિચારમાં ચડ્યો, ઉહાપોહ થયો. પૂર્વભવનું ચારિત્ર યાદ આવી ગયું. વિચારે છે કે મુનિએ મને કહ્યું કે ઉપશમ=તું શાંત થા. ક્રોધનું પ્રતીક તલવાર હતી, ફેંકી દીધી. વિવેક શું? કોણ તારું ને કોણ મારું? આ શું હાથમાં છે? હું ડોકું પકડીને બેઠો છું. તારી ચીજ તો તારા અંદરમાં છે. અને ડોકું ફેંકી દીધું. અને સંવર શું? પાપના દરવાજા ખુલ્લા રાખીને બેઠો છે. એક પછી એક પાપ અંદર આવતા જાય છે. આશ્રવના દરવાજા ખુલ્લા છે તો એને ઢાંક, દરવાજા બંધ કર. આ



સંવર. અને ત્યાં ચારિત્ર અંગીકાર કરી લીધું. પાપ છોડ્યા અને આ પાપ કરાવનાર કાયા પણ છોડી. ત્યાંજ ઊભા રહી ગયા. શરીર પર લોહી છે, એની ગંધથી કીડીઓ દોડી આવી. ૧/૨ દિવસમાં શરીર ચારણી જેવું કરી નાંખ્યું. શાનાથી? સેંગુ સાથે હતો. ઉપશમ-વિવેક-સંવરનો.

(૬) **મિથ્યાદષ્ટિનો ત્યાગ :** મિથ્યાદષ્ટિના સંપર્ક હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન મોંઘુ થાય છે. આવ્યું હોય તો ય ચાલ્યું જાય છે. જેમ **નંદમણિયાર**ને પહેલા જૈન શેઠીયાનો સંપર્ક હતો. પણ પછીથી બીજાનો સંપર્ક થયો તો સમ્યગ્દર્શન નષ્ટ થયું.

(૭) **દરેક સાધનાને અંતે પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ :** આ પણ એક સેંગુ છે, કમાણી છે. ચૈત્યવંદન કર્યું, પ્રભુ તમારી કેટલી બધી દયા, આ ચૈત્યવંદન કરવા મળ્યું. એમ પ્રત્યેક ક્રિયામાં પ્રભુનો ઉપકાર માનવો, કૃતજ્ઞભાવ રજુ કરવો.

**વિલાયતમાં એક બાઈ.** ૩૫/૪૦ વર્ષની ઊંમર, પતિ મૃત્યુ પામ્યો. ૩/૪ છોકરા. ઘરમાં કમાનાર કોઈ નહીં. એક સાઈકોલોજીસ્ટ મળ્યો અને એને ૧૦ પાઉંડ આપ્યા. કહ્યું : નાની દુકાન કરજે, સાથે ભગવાનને પ્રાર્થના કરજે કે પ્રભુ તમે મારા ઉપર બહુ દયા કરી. ધણી હતો ત્યાં સુધી સત્ત્વ કેળવવાનો અવસર નહોતો, ધણી ઘર ચલાવતો. હવે તમે મને સત્ત્વ કમાવવાનો અવસર આપ્યો. હવે આ બાઈ દરેક પ્રસંગે વારંવાર ભગવાનને યાદ કરી થેન્ક્યુ ગોડ કરે છે. વિલાયતના લોકો ઈશ્વરને એક તત્ત્વ માને છે જે જગત પર દયા કરે છે.

એક છોકરાનો ત્યાં અકસ્માત થયો. મહોલ્લાવાળા બધા ભેગા થઈ ગયા. છોકરાને હોસ્પીટલમાં લઈ જવાયો. બધા ચર્ચમાં જઈને પ્રાર્થના કરવા લાગ્યા. ઓ ઈશ્વર! તું દયાળુ છે, આ બાઈ બિચારી એકલી છે, એના છોકરાને તું સારો કરી દે. આખા જગત પર તારી દયા છે આમ પ્રાર્થના કરવા લાગ્યા. ત્રણ દિવસમાં છોકરાને સારું થઈ ગયું.

આ બાઈ પાસે થોડા દિવસ પછી સાયકોલોજીસ્ટ આવ્યો. જોયું તો નાની દુકાનમાંથી મોટો સ્ટોર થઈ ગયો હતો. બાઈ આ સાયકોલોજીસ્ટને કહે : ભાઈ તમારો બહુ મોટો ઉપકાર. જુઓ, આ પરમાત્માની કૃપાથી-પ્રાર્થનાથી આ નાની દુકાનમાંથી મોટો સ્ટોર્સ બની ગયો. હું વારંવાર ઈશ્વરનો આભાર માનું છું. દિવસમાં ૧૦૦/૧૫૦ વાર થેન્ક્યુ ગોડ કહું છું. ચમત્કાર તો એવો છે કે હું જેની ઈચ્છા મનમાં કરું છું તે મને સામે આવીને મળે છે.

આપણે પણ સાધનાએ સાધનાએ, અનુકૂળતાએ અનુકૂળતાએ થેન્ક્યુ અરિહંત કહીએ તો કેમ? આપણને અરિહંતના શરણનો સેંગુ મળ્યો.

(૮) **સમ્યક્ત્વની કરણી :** મિથ્યાત્વની સામે આ રાખવામાં આવે તો ઘાતિડુંગર

પાર કરી જવાય. સમ્યક્ત્વની કરણીમાં શાસ્ત્રાભ્યાસ, શાસ્ત્રવાંચન, અનિત્યાદિ બાર ભાવના, મૈત્ર્યાદિ ચાર ભાવના વગેરે ચિંતન, ઈષ્ટના દર્શન વગેરે કરે તો કામ થાય.

(૯) **નમ્રતા** : અભિમાન સમ્યગ્દર્શનને પામવા દેતું નથી, તેની સામે નમ્રતા એ પણ સેગું છે.

(૧૦) ગમે તેટલું સારું મળે પણ કુળનો આ ધર્મ છે. આ જે પક્કડ છે એની સામે **સત્યનો પક્ષ-સત્યનો પક્ષપાત** એ સેંગુ છે.

સત્યના પક્ષપાતી હોઈએ તો સમ્યગ્દર્શનની નજીકમાં જવાય. બહુ સારી વિદ્વતા આવ્યા પછી આ મોંઘુ પડે છે, મેં અર્થ આમ કર્યો તો હવે ફેરફાર કેમ થાય? માટે હવે તો પહેલા જે ખોટું પણ બોલી ગયો છું તેને જ સાચું ઠરાવવા માટે પ્રચારયુદ્ધ કરવાનું. મહાપુરુષો તો **તત્વં કેવલી ગમ્યં** કરીને છોડી દેતા. પક્કડ રાખતા નહીં.

(૧૧) એમ અતિશય વિષયરાગ છે જે ઘાતિ ડુંગરા છે તેની સામે જે **સત્પુરુષો થઈ ગયા, એના જીવનના પ્રસંગો વાંચવા-યાદ કરવા.** તો વિષયનો રાગ ઓછો થાય, એટલે મહાપુરુષોના જીવનના પ્રસંગોને મમરાવવા એ સેંગુ છે.

(૧૨) એમ જે ખોટી આતુરતા-જિજ્ઞાસા એ ઘાતિ ડુંગર છે. એની સામે **ભરચક સાધના-આરાધનાનું કામ જોઈએ. સેવા-વૈયાવચ્ચ ભરચક જોઈએ.** જીવ નવરો બેસે એટલે નખ્ખોદ વાળે. સુલસાએ જીવનમાં આ રાખ્યું હતું-ભગવાનનાં જીવનની રગ રગ વિચારતા હતા.

આચાર્યે પેલા ગીતાર્થમુનિને પણ આ જ પકડાવી દીધું હતું- વાચના ને સ્વાધ્યાય. જેનાં દ્વારા જે ખોટી આતુરતા હતી તે નષ્ટ થઈ ગઈ. ભણેલો હોય તે ખૂબ શાસ્ત્રપરિશીલન કર્યા કરે. ન ભણ્યો હોય તે સેવા-વૈયાવચ્ચ આદિમાં રચ્યો-પચ્યો રહે. જીવનમાં એક એક આરાધનાઓ વધારતા જવાની છે. મહારાષ્ટ્ર કેસરી પૂ. યશોદેવસૂરિમહારાજે સંયમ લીધા પછી આ કર્યું હતું. દિવસે ભણવાનું અને રાત્રિએ નવે પદના ખમાસમણ અને કાઉસગ્ગ વગેરે કરવાના.

(૧૩) બનાવટી ધ્યાનયોગનો વ્યામોહ એક ઘાતિ ડુંગર છે. કારણ જે કર્તવ્ય જ્ઞાનીઓએ મૂક્યા હોય તેને ગૌણ બનાવી દે છે. એટલે એની સામે **ભરચક સ્વાધ્યાયમાં મન લગાડ. નવકાર, નમુત્થુણંના પદો, એના અક્ષરો ને નંબર આપીને સ્વાધ્યાય કર** : મન સુસ્ત નહીં થાય. આ ખરો ધ્યાનયોગ છે. રખડુ મન સ્થિર થશે, એમ ચોવીસી. સવારે ઉઠ્યા ત્યારથી મન સ્થિર કરવું છે, તો ચોવીસ ભગવાનના નામને બોલીને વાંચ. વારંવાર એ રીતે કરવાથી મન સ્થિર થાય છે, એનું પારખું થાય છે. તીર્થંકરભગવાનનાં નામ લઈએ તો સમ્યગ્દર્શનને દોડીને આવવું જ પડે.



(૧૪) જેમ ક્રિયાનો એકાંત ઘાતિ ડુંગર છે, પૂજામાં ૧।। કલાક લગાડે પણ વ્યાખ્યાનાદિ ન સાંભળે-એની સામે સેંગુ છે **જ્ઞાનનો વ્યવસાય** : વાચના-પૃચ્છના-પરાવર્તના જોઈએ. એમાંય ખાસ પરાવર્તના જોઈએ. શાસ્ત્રોની નોંધ કરતા હો તો સાંજ પડે એ જોઈ લેવાની અને પછી રાત્રે મોઢે બોલવાની, એનો પ્રભાવ પડે છે.

**મુંબઈમાં** એક **મુમુક્ષુ** બેન હતા. દીક્ષાની ભાવના હતી, પણ ખોટા વિચારો બહુ આવે છે એમ કહેતા. તો એમને મેં કહ્યું : તમે એક કામ કરો, જે વાંચો એની નોંધ કરો, એને યાદ કરો ને રાત્રે એને મોઢેથી જોયા વગર બોલી જાઓ. **'દિવ્યદર્શન'** ની ફાઈલ લઈ ગયા. આમાંથી સારા સારા ફકરાઓ લખીને મોઢે કરે અને ૫/૭ દિવસ પછી આવીને કહે : સાહેબ! ચમત્કાર થયો. મારે તો આખાને આખા દિવ્યદર્શનના પેરેગ્રાફો મોઢે થઈ ગયા અને વિચારો તો ક્યાંય ભાગી ગયા. આ જ્ઞાનનો વ્યવસાય એ સેંગુ છે.

(૧૫) દુનિયામાં જે જે માણસોએ જે જે વ્યવસાય લીધા હોય તો એમાં ઓતપ્રોત થઈ જાય છે. આપણા માટે તો **વીતરાગની વાણી** એ લોકોત્તર વ્યવહાર છે. સમ્યગ્દર્શનને આવવું જ પડે. ક્યાં જાય?

(૧૬) ધર્મની વાત આવે ત્યારે ટૂંકે પતાવવાનું મન થાય છે. આ પણ એક ઘાતી ડુંગર છે. પ્રતિક્રમણ, ચૈત્યવંદન, હરખભેર ઉમળકાભેર કરવાનું છે. એટલે **તત્ત્વમાં-માર્ગમાં હુંફ જોઈએ, તત્ત્વનો વિસ્તાર જોઈએ.** આ સેંગુ છે. ધર્મમાં ભાવનો વિસ્તાર જોઈએ. ભક્તિ-બહુમાનનાં ભાવ લઈ આવે, પણ ક્ષયોપશમ ન હોય તો ક્યાંથી લાવવા? મહાપુરુષો સ્તવનો, સ્તુતિઓ એટલી બધી ભાવભરી મૂકી ગયા છે કે એનો વિચાર કરે, આ સેંગુ છે. જીવને એનાથી હુંફ રહે છે.

(૧૭) જીવને દુનિયાના પદાર્થની-વાતોની શ્રદ્ધા બહુ હોય છે, એમાં શીખવવું પડતું નથી. એની સામે **તત્ત્વનું પરિણમન-પરિણતિ** એ સેંગુ છે. ઉમળકા વિષયોના થાય છે એના બદલે વૈરાગ્યના થાય.

(૧૮) વિજ્ઞાનના અંજામણ-એની વાતો બહુ થાય છે, એટલા માટે એની **સામે જડપદાર્થોનું અવમૂલ્યન કરે** આ સેંગુ છે. આપણા જીવનમાં જે જે જડપદાર્થો પ્રત્યે આકર્ષણ છે એનું અવમૂલ્યન કરતાં રહેવું. જડની વાત પર ચોકડી મૂકતા જવાની. જૈનશાસન મળ્યું છે તો પહેલું કર્તવ્ય આ છે. જડનાં આકર્ષણ પ્રત્યે ચોકડી મારો, જડનું અવમૂલન કરો.

આપણે સર્વજ્ઞપુત્ર છીએ. સર્વજ્ઞપુત્રો જડની કોડીની કિંમત કરનારા હોય. ત્યારે તો ભરત ચક્રવર્તી ચક્રવર્તીપણાને કોડીની કિંમતનું સમજતા હતા. આરિસાભવનમાં

આંગળીમાંથી એક વીંટી નીકળી ગઇ, આંગળી બુઠ્ઠી લાગી. કુછ નહીં. એક પછી એક બધા આભૂષણો ઉતારતા ગયા. કેમ? જીવનભર જડનું અવમૂલ્યન કરેલું.

(૧૯) સ્વાર્થી કુટુંબનો મોહ, આ પણ ઘાતિ ડુંગર છે. હવે શું કરવું? સેંગુ છે- **સંસાર-એકત્વ-અન્યત્વ ભાવનાઓ, એમાં જોર લાવો.** કુવલયમાલામાં સંસારભાવના આપી છે. તેમાં કહ્યું છે કે, તું અહીં જેના પર રાગ કરે છે તે એકવાર વાઘ-વાઘણ થઇને તારું લોહી પીતા હતા અને તેં પણ કોઇક વાર વાઘ-વાઘણ થઇને અત્યારે જેને પ્રિય પાત્ર માની રહ્યો છે તેનું લોહી પીધું હશે, તો અત્યારે શું મોહી રહ્યો છે?

મરુદેવામાતા અન્યત્વ ભાવના પર ચડ્યા. અત્યાર સુધી રડી રડીને ઋષભને મળવા દિવસો ગાળ્યા, અને હું સામેથી મળવા આવી તો ઋષભ બોલાવતો પણ નથી. અરે એક દેવને પણ સામે લેવા મોકલતા નથી કે જાઓ! માતાને લઇ આવો, અને અન્યત્વભાવનામાં ચડ્યા. જો હું બોલાવવા લાયક હોત તો ઘરમાં ન રહેત! હું જ નહીં, જગતમાં કોઇ બોલાવવા લાયક નથી. આ ભાવનામાં ચડતા કેવલજ્ઞાન પામી ત્યાં જ મોક્ષે ગયા.

(૨૦) એમ અતિસુખશીલતા એ પણ ઘાતિ ડુંગર છે. સમ્યગ્દર્શન અમુક પ્રકારની પરિણતિ માંગે છે. **અતિસુખશીલતાનો ત્યાગ કરવો જોઇએ, ધર્મના કષ્ટ ઉપાડવા જોઇએ.** આ સેંગુ છે. કષ્ટો વિના કર્મ ખપે નહીં, આવા સેંગુ સાથે રાખીએ તો સમ્યગ્દર્શન તરફ આગળ પ્રયાણ થાય. પણ દર્શનનો તલસાટ તો છે જ.

**દર્શન દર્શન રટતો જો ફિરું, તો રણરોઝ સમાન,**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ છીપે વિષપાન...૫**

**ભાવાર્થ :** અને 'દર્શન' 'દર્શન' એવા શબ્દો આરડતો આરડતો જંગલી રોઝડાની માફક જ્યાં ત્યાં ફર્યા કરું તો મારી અમૃતનું પાન કરવાની તરસ, મારી ઉચ્ચ પીણું પીવાની તમન્ના, તે ઝેર જેવી કડવાટ પીવાથી કેમ છીપે? કેમ તૃપ્ત થાય?

**વિવેચન :** જૈનદર્શનમાં અમૃતપાન પડેલું છે. બીજામાં ઝેરપાન છે તો એનાથી તરસ કેમ છીપે? બીજે આકર્ષણ ક્યાં સુધી? જ્યાં સુધી જૈનદર્શનનું અમૃતપાન નથી ત્યાં સુધી. **સિદ્ધર્ષિગણિ** ૨૧ વાર બૌદ્ધમાં ગયા અને પાછા આવ્યા. ત્યાંની દલીલ સાંભળીને બરાબર લાગવાથી કહે : હા, તમારી વાત બરાબર છે. તો કહે અહીં બેસી જાઓ, પણ વચન આપીને આવેલા, ઓઘો પાછો આપવા માટે. એટલે કહે ઓઘો પાછો આપીને આવું. તો વચન આપીને જાઓ, એટલે ત્યાં ગુરુએ સામી દલીલ આપી, હા આ પણ સાચું, તો રહી જાઓ. પણ ત્યાં કહીને આવ્યો છું. આમ ૨૧ વાર



ગયા ને આવ્યા. ગુરુ પણ કેવા બુદ્ધિશાળી હશે? ગુરુમહારાજે હવે જોયું કે આ જીવને હવે અમૃતપાન પિપાસા છે ત્યાં એને વિષપાન મળે છે, એટલે આ જીવને હવે અમૃતપાન આપો. એટલે દલીલ કરવાનું બંધ કર્યું ને એમને કહ્યું : લે આ પોથી! વાંચ! હું હમણાં બહાર જઇને આવું છું. અને **લલિતવિસ્તરા** વાંચવાની શરૂ કરી. વાંચતા વાંચતા પાને પાને બોર બોર જેવડા આંસુ સારવા લાગ્યા. ઓહો! આ જૈનદર્શન! **હરિભદ્રસૂરિ કૃત લલિતવિસ્તરા વાંચતા જૈનધર્મની-જૈનદર્શનની વ્યાપક વિશેષતાઓ જોઇ.** તર્ક અને સિદ્ધાંતથી જુએ તો પણ અહીં જ મળે. બૌદ્ધવાળાએ ઘણી સફાઈ બતાવી પણ બધી ઢંગ-ધડા વિનાની.

તત્ત્વની સ્પેશીયાલિટી તો જૈનદર્શનની, એ વિના બધું નકામું છે. જૈનદર્શનમાં અધ્યાત્મમાર્ગ છે. અધ્યાત્મમાર્ગની પરાકાષ્ઠા છે. અરિહંત જેવા ઈષ્ટ દેવ કોની પાસે છે? કાંઇ ન આવડે, અરિહંતદેવનું ધ્યાન કરને? ધ્યાન ધરતા ધરતા સુલસા-રેવતીએ અરિહંતપણું નક્કી કરી નાંખ્યું.

**મુલુન્ડમાં સનાતની મેજીસ્ટ્રેટ,** વેદ-પુરાણ બધું ભણેલા. એક ભાઇ સીધા મેજીસ્ટ્રેટને મળવા ગયા. કેમ આવ્યા છો? કેસ માટે? ના સાહેબ, આ એક ચોપડી આપવા આવેલો છું **'અરિહંતની ઓળખાણ'** નામની ચોપડી આપી. બીજી વાર ગયા ત્યારે **'પરમતેજ'**નો પહેલો ભાગ આપ્યો. જ્યારે આ ભાઈ ત્રીજી વાર મળ્યા ત્યારે મેજીસ્ટ્રેટ કહે : અરે મિસ્ટર! તમે આ શું આપી ગયા હતા. પરમાત્માનું સ્વરૂપ કેવું? કેવી રીતે પરમાત્મા બને? તમે ખરેખરું આપી ગયા. આ મેજીસ્ટ્રેટ પરમતેજની પુસ્તિકા લઇને મુંબઇમાં ગોરધનદાસ નામના બીજા એક મેજીસ્ટ્રેટ હતા, જે મુંબઇ સમાચાર આદિ પેપરોમાં આધ્યાત્મિક લેખ લખતા હતા, એમની પાસે જઇને કહે : મિસ્ટર ગોરધનદાસ, તમે વેદને પુરાણો વાંચ્યા પણ પરમાત્માનું સ્વરૂપ વાંચ્યું? લો, આ વાંચો **લલિતવિસ્તરા** એટલે અધ્યાત્મયોગ, પરમાત્મસ્વરૂપ, તત્ત્વની વ્યાખ્યા, દરેક સિદ્ધાંતની આગવી વિશેષતા.

સિદ્ધર્ષિગણિ આ વાંચતા ગયા, ગુરુ આવતા સુધીમાં તો તૈયાર થઇ ગયા. પગમાં પડી ગયા. ગુરુદેવ! ભૂલ્યો હું, ક્યાં મેરુ અને ક્યાં સરસવ, ક્યાં ઇન્દ્રનો ઐરાવતહાથી અને ક્યાં કુંભારનો ગધેડો....સમજ્યો નહીં કે જૈનદર્શન શું છે? અને ખાલી બૌદ્ધોની તુક્કાબાજીમાં મોહી ગયો. ક્ષમા કરો ગુરુદેવ અને ફરી ચારિત્ર આપો, પ્રાયશ્ચિત્ત આપો. કેમ હવે જવું નથી, ના કહેવા? ના, ગુરુદેવ! નંદનવનનો બગીચો જોયા પછી ઉકરડે કોણ જાય? આ હતું **જેહને પિપાસા અમૃતપાનની તેને વિષપાન શું કરે?** એ હરિભદ્ર પુરોહિત, ગોવિંદાચાર્ય અને ઇન્દ્રભૂતિ વગેરેને જૈનદર્શનની

વિશેષતાઓ જાણવા મળી, અમૃતપાન મળ્યું, પછી હવે વિષપાન શું કરે.

પણ પ્રભુ મારી પાસે નથી દર્શન અને હું દર્શન દર્શન કરતો ફરું છું, રણના રોઝ સમાન ભટકું છું. આવા અમૃતપાનભર્યા દર્શનનું કાર્ય સિદ્ધ થઈ જાય તો જીવન મરણનો ત્રાસ ન આવે.

**તરસ ન આવે મરણ જીવન તણી, સીજે જો દરિસન કાજ,**
**દર્શન દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ....૬**

**ભાવાર્થ :** જો આપના દર્શનની પ્રાપ્તિનું મારું કામ થઈ જાય, જામી જાય, તો મરણ-જીવનના રખડપાટનો મને જે ત્રાસ થઈ રહ્યો છે તે ન રહે. (દૂર થઈ જાય) સાધારણ રીતે દર્શનપ્રાપ્તિ દુર્લભ છે, પણ આપશ્રી-આનંદઘન મહારાજની કૃપાથી એ સુલભ છે. એટલા માટે (અભિનંદન) પ્રભુના-જૈનના સાચા દર્શનની અમે ઝંખના કરીએ છીએ.

**વિવેચન :** દર્શનનું કાર્ય શું છે? મિથ્યાત્વનો ક્ષપોપશમ કરવાનું. ભવસ્વરૂપનું જ્ઞાન થઈ જાય, તો તેની નિર્ગુણતાનું ભાન થઈ જાય. ભવસ્વરૂપ નિર્ગુણ છે. નિર્ગુણ એટલે નગુણો. લાખ ઉપકાર આપણે કરીએ પણ એ આપણા પર ઉપકાર કરનાર નથી. એટલે દર્શનનું કાર્ય સિદ્ધ થાય એટલે ભવસ્વરૂપનું જ્ઞાન થાય, એટલે સંસાર ઉપર નિર્ગુણતાની દૃષ્ટિ ઉભી થાય, એટલે મનમાં નક્કી થાય કે આ ભવસંસાર તો જોઈએ જ નહીં, વિષયોનું અવમૂલન થાય. જગતનાં વિષયોની કાણી કોડી જેટલી પણ કિંમત નથી. આવું જો દર્શન થઈ જાય તો મહેલ પણ જેલ જેવો લાગે. કેમ? પૂર્વના રાજા એક રાજાને જીતે તો હારી ગયેલા રાજાને નજરકેદ તરીકે પોતાના મહેલમાં રાખતો. બધી સગવડ આપે છતાં આ રાજા મહેલને શું સમજે? જેલ જેવો સમજે. કેમ? અહીં તો ચોવીસ કલાકના ગુલામ. જ્યારે મારા રાજ્યમાં હું સર્વતંત્ર સ્વતંત્ર હતો. એમ સંસાર પર ભારોભાર વૈરાગ્ય થઈ જાય. જ્યારે દર્શનનું કાર્ય સિદ્ધ થાય પછી જન્મ મરણનો ત્રાસ આવે નહીં.

**જન્મ મરણનો ત્રાસ ત્યાં સુધી જ છે જ્યાં સુધી ભવસ્વરૂપનું જ્ઞાન ન થાય.**

દર્શન એવા એવા કાર્યો સિદ્ધ કરી આપે છે, જેનાથી જન્મ મરણ નષ્ટ થાય, પણ આવું દર્શન થવું એ દુર્લભ છે. પણ જો તમારી કૃપા ઉતરી જાય તો અમારા માટે એ દર્શન સુલભ થઈ જાય. માટે હે આનંદઘન ભગવાન! તમારી કૃપાથી આ દર્શન સુલભ છે, માટે તમારી એક કૃપા જ માંગુ છું.



દર્શન અનેક પ્રકારનાં છે : સમ્યગ્દર્શન, વસ્તુનું યથાર્થ દર્શન, પરમાત્મદર્શન, તત્ત્વદર્શન, માર્ગનું દર્શન, સત્યદર્શન વગેરે... આ દર્શન જો સિદ્ધ થાય તો જન્મ-મરણનાં ત્રાસ મટે, કેમકે જન્મ-મરણ આના જ ઉપર ઊભા છે.

સમ્યગ્દર્શનના બદલે મિથ્યાદર્શન,

પરમાત્માદર્શનના બદલે પરપુદ્ગલદર્શન,

વસ્તુના યથાર્થદર્શનના બદલે વસ્તુનું મિથ્યાદર્શન, વગેરે ઉપર જન્મ-મરણનો ત્રાસ ઊભો છે. જીવ પુદ્ગલને જુએ છે ને રાજી રાજી થાય છે.

પ્રશમરતિમાં કહ્યું છે કે : **दुखद्विड् सुखलिप्सुः।** જીવ દુઃખનો દ્વેષી ને સુખનો પ્રેમી છે, એટલે સામાન્યરીતે પ્રવૃત્તિ આના જ માટે કરે. પણ... **यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते।** જેટલી પ્રવૃત્તિ કરે છે એમાંથી દુઃખ જ મેળવે છે. કેમ? **मोहान्धत्वाद् अदृष्टगुणदोषः।** મોહના અંધાપાથી પ્રવૃત્તિ કરે એટલે ગુણ-દોષનું દર્શન ન થયું. અવળી પ્રવૃત્તિ થઈ એટલે દુઃખ લઈ આવે-સુખ ભગાડે. મેવા મીઠાઈ મળ્યા, ખાવાનો ચસ્કો લાગ્યો, ખાધું, પણ પાછું કાલે નહીં મળે એટલે દુઃખ ઊભું જ રહેવાનું. કેમકે આના બીજા દોષો તો છે પણ રસનાના સંસ્કાર ખોટા પડે છે, જીવનનું કર્તવ્ય ભૂલાવે છે, ગુણ-દોષનું દર્શન ન કર્યું એટલે ઊંધી પ્રવૃત્તિ થાય છે, એ પ્રવૃત્તિ છેવટે દુઃખ જ લાવે છે, જન્મ-મરણનાં ત્રાસ ઊભા થાય છે. જીવ તો ડાહ્યો ડમરો છે, પણ જગતના વિષયો મળે છે એટલે પાગલ બને છે. જેમ ગામડામાં ઝૂંપડામાં મજેથી રહેતો હતો પણ શહેરમાં આવી મોટા મહેલો ને જોઈને દુઃખી થયો. ઝૂંપડા ને મહેલનાં ગુણ-દોષનું મિથ્યાદર્શન કર્યું એટલે દુઃખી થયો. એમ સમ્યગ્દર્શનનું કાર્ય શું? જિનેશ્વર અને જિનવચન ઉપર અથાગ રાગ ઊભો કરવાનો, આ થયું એટલે જગતનાં વિષયો બેકાર લાગે. હવેલી અને દાગીના જેનાથી બધા છકી જાય છે એ મારા અરિહંત આગળ બેકાર લાગે. જન્મ-મરણના કાર્યો મીટે. હેયોપાદેયનો વિવેક જીવને મળે, ત્યાજય શું ને ઉપાદેય શું? એ વિવેક આવે છે, એ આવે એટલે તીવ્રભાવથી જે પાપ કરતો હતો એ ન થાય. એક સવાલ થાય કે આ દર્શનનું કાર્ય કે દર્શનનું કારણ છે? કેમકે સમ્યગ્દર્શન પામતા પહેલા અપુનર્બંધક દશામાં 'તીવ્રભાવે પાપ નવિ કરે' આવે છે! આપણી જીવનની ગાડી એવી ચાલી છે કે, એમ કાંઈ આપણે પાપને છોડીએ નહીં. પહેલા નંબરમાં 'ખાઉં' એ પાપ છે, એ પાપ સાલતું નથી. માટે બીજા પાપ રાચીમાચીને થાય છે. એ પાપ કાઢી નાંખવું હોય તો હેયોપાદેયનો વિવેક દર્શન લાવી આપે છે. સમ્યગ્દર્શન, પરમાત્મદર્શન, તત્ત્વદર્શન, જૈનદર્શન, યથાર્થદર્શન..... એ બધું આ બતાવે છે. એટલે કેટલીકવાર એવું છે કે સમ્યક્ત્વ હોય

તો ચારિત્ર લઈ આવે છે અને ક્યારેક ચારિત્ર સમકિત લઈ આવે છે.

સમકિત એ વૈરાગ્યની-તત્ત્વશ્રદ્ધાની જ્યોતિ છે. ભગવાનના કહેલા તત્ત્વો એમાં મીનમેખ ફરક ન હોય. આ હેય તત્ત્વ એ મારક તત્ત્વ છે એવી આગ સળગે છે એટલે પછી પાપમાં રાચવાનું રહેતું નથી. તત્ત્વનો અભિનિવેશ આવે છે. સામાન્યથી અભિનિવેશ એ દુર્ગુણ છે પણ તત્ત્વનો અભિનિવેશ એ મહાગુણ છે. ભગવાને કહેલા તત્ત્વો છે, એટલે પક્કો આગ્રહ છે. દુનિયામાં ઘણી જાતના કદાગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ છે, એનાથી જીવ કાળા પાપ કરે છે, એમાંથી બચાવનાર ભગવાનના તત્ત્વ છે. ભગવાનના તત્ત્વોનો અભિનિવેશ આવ્યો એટલે પછી આશ્રવ હંમેશા ત્યાજ્ય જ લાગે, સંવર હંમેશા ઉપાદેય જ લાગે, આના પર ભારે મમત્વ આવે. શાસન પર ભારે રાગ આવે એ દર્શનનું કાર્ય છે. જિનવચનના રાગથી મિથ્યાવચનનો રાગ ઊઠી જાય કુટુંબ ઉપરનો રાગ હટી જાય. મિથ્યાવચન અને કુટુંબ ઉપરનો રાગ જન્મ-મરણ ઊભા કરતા હતા, તીવ્રભાવે પાપાચરણ થતા હતા, હવે ભગવાન ને ભગવાનના વચન ઉપરના રાગથી જરા જરામાં જે ખેદ ને ઉદ્વેગ થતા હતા, શોક થતા હતા.... તે દૂર થાય. જિનેશ્વરે કહેલી આરાધનાનો રાગ આ સમ્યગ્દર્શનથી થાય છે.

**'દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી.'**

દર્શનનું એક કામ છે, અતિવાસનાને મટાડી દે. આત્મસ્વરૂપ નજર સામે તરવરે. મારા આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ-નિર્વિકાર છે. લોભ-મોહ-મત્સર-રાગ-કામ-ક્રોધ વગેરે બધા પર અંકુશ આવી જાય. જન્મ-જરા-મરણના ફેરા ટળી જાય. દર્શને સીઝે કાજ, તો આ લઈ લો ને? એ દર્શન કઠિન છે. લાવવું કેવી રીતે? છેલ્લે કવિ કહે છે કે, દર્શન દુર્લભ છે પણ પરમાત્માની કૃપા મળી જાય તો સુલભ થઈ જાય.

અરિહંતની કૃપા જો મળી જાય તો કામ થઈ જાય. એ હેતુ મેઘકુમાર, ધન્ના અણગાર વગેરેમાં ભગવાનની કૃપા ઊતરી તો દર્શન સુલભ થઈ ગયું. બસ, આમ આપણા ઉપર પણ પરમાત્માની કૃપા મળી જાય તો દર્શન સુલભ થઈ જાય.

**(ઈતિ શ્રી અભિનંદન જિન સ્તવન વિવેચના)**



## શ્રી સુમતિનાથજિન સ્તવન-૫

**સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અ-વિકાર સુજ્ઞાની,**
**મતિ તરપણે બહુ સમ્મત જાણિયે, પરિસરપણ સુવિચાર સુજ્ઞાની...૧**
**ત્રિવિધ સકલ તનુધર ગત-આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,**
**બીજો અંતર આતમ-તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની...૨**
**આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની;**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ સુજ્ઞાની...૩**
**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધ સુજ્ઞાની;**
**અતીન્દ્રિય ગુણ-ગણ-મણિ-આગરું, એમ પરમાતમ સાધ સુજ્ઞાની...૪**
**બહિરાતમ તજી અંતર આતમરૂપ, થઇ થિર ભાવ સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુજ્ઞાની...૫**
**આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની;**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ-પોષ. સુજ્ઞાની...૬**

## શ્રી સુમતિનાથજિન સ્તવન વિવેચના

**સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અ-વિકાર સુજ્ઞાની,**
**મતિ તરપણે બહુ સમ્મત જાણિયે, પરિસરપણ સુવિચાર સુજ્ઞાની...૧**

**ભાવાર્થ :** પાંચમા શ્રી સુમતિનાથ ભગવાનના ચરણ કમળમાં હું આત્મસમર્પણ કરું છું. કારણ કે પ્રભુના ચરણ દર્પણ જેવા અવિકારી (રાગ-દ્વેષ-રહિત) છે જે દેવી-દેવતાઓ બહુજન સમ્મત છે એ બુદ્ધિને આનંદ આપે છે, પણ એથી પાછા ફરવું એ શુભવિચાર છે.

**વિવેચન :** કજ=કમળ. સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કરું છું. આત્માને અર્પવો એટલે શું ? અર્પિ દ્યો એટલે તમારું પ્રતિબિંબ જુઓ. સુમતિનાથ ભગવાનનાં ચરણ એ દર્પણ જેવાં છે. ભગવાનનાં ચરણ દર્પણ જેવાં અવિકારી છે. અવિકારી એટલે એમાં રાગદ્વેષનાં વિકાર નથી, જેમાં હલન ચલનની ક્રિયા નથી, અશુભ યોગો નથી. **क्षणं रुष्टं क्षणं तुष्टं** એવા વિકાર નથી એટલે નિર્મળ છે. એવા ભગવાનના ડાઘડુઘ વિનાના અરિસામાં આપણા મોઢાનાં ડાઘ ડુઘ સાફ દેખાય એવા ચરણમાં તમારા આત્માને સર્વેસર્વા જોશો તો તમને તમારા પોતાના

વિકારોનું દર્શન થશે.

ભગવાનરૂપી દર્પણમાં આપણા આત્માને જોઇએ એટલે આપણા આત્માની મલિનતા અને અશુભ યોગોની ચંચલતા દેખાય. ઘડી ઘડીમાં ખોટીવાણી-વિચારનું ભાન થાય. અસત્ મન-વચન-કાયાનાં યોગોનું ભાન થશે. ભગવાન કેવા નિર્વિકાર છે, આપણી મલિનતા ને અસત્ સક્રિયતા એ આપણા આત્માને ભારે કરનારી છે. કોશેટો લાળ કાઢી કાઢી રાત દિવસ પોતાના શરીરને વીંટાળે રાખે છે. પોતાની જાતને માને છે કે, હું જાડો-તગડો થઇ ગયો, પરાઇ વેઠમાં પોતાની જાતને આનંદિત માને છે, અને પરાઇ પુષ્ટતામાં પોતાની પુષ્ટતાનો આનંદ માને છે પણ એનું પરિણામ ભયંકર આવે છે, ઉકળતા પાણીમાં બફાવું પડે છે.

ભગવાન નિર્વિકાર છે. એમનામાં આપણી જાતનું પ્રતિબિંબ જોવાનું એટલે એમનું જીવન રાગદ્વેષ વિનાનું ને અક્રિય છે. શરીરે ખણવા કે માખી ઉડાવવા તૈયાર નથી, એવા તો અવિકારી છે.

**દર્પણ જેમ અવિકારી-** દર્પણ સામે કોઇ ધોકો લઇને જાય, હરામખોર ! ફોડી નાંખુ, આમ બોલે તો પણ દર્પણ સ્વસ્થ છે. દર્પણ પાસે ધોકો લઇને જાય તો તે કોઇ ઉપર ઉકળતું નથી, એમ ફૂલહાર લઇને જાય તો તે નાચવા માંડતું નથી, એમ ભગવાનનું જીવન નિર્વિકાર છે, હર્ષ કે શોક નથી. એવું પ્રભુનું જીવન જોઇને આપણી જાતમાં જોવાનું છે કે આપણે ક્યાં ઊભા છીએ ? જે ધરતી પર ભગવાન વિચરતા હતા એજ ધરતી ઉપર આપણે છીએ. ભગવાન નિર્વિકાર જીવન જીવી શકતા હતા અને આપણને રાગ-દ્વેષ, હર્ષ-ખેદાદિ વિકાર વિના ચાલતું નથી. વિવિધ ભાવો અને વિવિધ મન-વચન-કાયાનાં યોગો વિના ચાલતું નથી. ઘડી નવરાશ મળે તો આંટો મારવા-ગપ્પા મારવા ચાલ્યા જવાનું મન થાય છે. આ દુર્દશા પર ગ્લાનિ થાય તો ભગવાનનો માર્ગ લેવાનું મન થાય.

**મતિતર્પણ બહુસંમત-** આ ભગવાન બહુ થોડાને મળ્યા છે, ઘણાને રાગી-દ્વેષી દેવ મળ્યા છે, મિથ્યાશાસ્ત્રો ઘણાને મળ્યા છે. બહુસંમત મિથ્યા દેવ-દેવી ને મિથ્યા શાસ્ત્રો છે, એ વિષય મતિને-બુદ્ધિને આનંદ આપે છે. શંકરભગવાન આવા આવા વાંછિત આપી દે, એ તો પાર્વતી જોડે નાચતા હતા, તો કહે એ તો ભગવાનની લીલા છે, અને એ વખતે એમની પાસે માંગીએ તો વાંછિત જલ્દી ફળે. ભગવાન ખુશમાં હોય ત્યારે ઇષ્ટ જલ્દી મળે. શેઠ પાસે કાંઇ જોઇતું હોય તો શેઠ ખુશખુશાલ હોય તો મળે, રાહ જુએ. એ જ પ્રમાણે શંકરજી ખુશીમાં હોય તો શીઘ્ર ફળદાયી છે. માટે મુક્તાવલીમાં લીલાતાંડવપંડિત એવી શંકરની સ્તુતિ કરી. આ બધું મતિતર્પણ-



તુચ્છમતિ-ટૂંકી મતિવાળાને આનંદ આપનાર છે, તમે એમાં ભોળવાતા નહીં, નહિતર કુટાઇ મરશો. કેમકે દઇ દઇને મિથ્યા દેવ-દેવી, મિથ્યા શાસ્ત્રો- રાગદ્વેષ, રાગદ્વેષના સાધનો અને એનો આદર્શ આપે છે. બહુસંમત દેવ-દેવી, શાસ્ત્રોને વળગવા જશો તો ટૂંકી બુદ્ધિ અર્થાત્ પરિણામદર્શન વિનાની માત્ર વર્તમાનકાલીન બુદ્ધિને આનંદ આપશે પણ ભવિષ્યનો અનંતકાળ કાળો મેશ જેવો થઇ જશે. વર્તમાનમાં માત્ર તુચ્છ આનંદ આપશે, માટે તમે ડાહ્યા થજો, ત્યાંથી ખસી જજો, ઊભા ન રહેતા.

તમે શું કરશો ? સુમતિનાથ ભગવાનના ચરણ જેવા નિર્વિકાર છે, ભગવાનમાં કોઇ રાગ-દ્વેષ-અસત્પ્રવૃત્તિ નથી. ભગવાન વ્યાખ્યાન કરે પણ પછી આખો દિવસ શું કરતાં હશે ? ગણધરો કે હજારો શિષ્યો સાથે વાત વિસામો કરતા હશે ? ના, કાંઇજ નહીં. ભગવાનને એવી ખણજ-આતુરતા-જિજ્ઞાસા-ઝંખના જ ઊઠતી નથી, એથી અસત્ પ્રવૃત્તિ કરવાની જરૂર જ નથી. વિહાર કરવો હોય ત્યારે કરી લે. તો શું દેવ-દેવીના ગીત-ગાન-નૃત્ય જોતા હશે ? ના, ભગવાન તો નિર્વિકાર છે, એવું જોવાની કોઇ જ આતુરતા-એષણા નથી.

**એષણા-આતુરતા-ખણજ આ બધા જીવના વિકાર છે:**

દુન્યવી દૃષ્ટિએ પણ આત્માની દશા=સ્ટેજ ઊંચી વધે તેમ એનામાં વિકાર ઘટતા જાય છે. ઉપર ઉપરના દેવતાઓ વધારે સુખી કેમ ? વિષયોનો કાફલો ઓછો છે અર્થાત્ જેમ સરંજામ ઓછો તેમ સુખ વધારે. પહેલા દેવલોકના ઇન્દ્રને ૩૨લાખ વિમાનો, બીજા દેવલોકના ઇન્દ્રને ૨૮ લાખ વિમાનો એમ ઉપર ઉપર વિષયોનો સરંજામ ઓછો થતો જાય છે, અને દેવીઓનો સરંજામ, પ્રવૃત્તિનો સરંજામ ઓછો થતો જાય છે. નીચેના દેવોની ક્રીડા વધારે, ઉપરના દેવોની ઓછી. આ કુદરતીક્રમ શાસ્ત્રોમાં બતાવ્યો છે એટલે સંયમધર મનુષ્યમાં પણ સુખ ઘણું, કેમકે જેમ જેમ પર્યાય વધે તેમ તેમ વિકાર ઘણા ઓછા. સાધુ જેમ જેમ ચારિત્ર પાળતો જાય તેમ તેમ દેવતાઓના સુખ લંઘતો જાય. સુખ મુખ્યતયા માનસિક છે. દેવતાને જે માનસિક શાંતિ-પ્રશમસુખ છે, એના કરતાં એક મહિનાના પર્યાયવાળા સાધુને વ્યંતર કરતા વધારે શાંતિ પ્રશમસુખ. બે મહિનાના પર્યાયવાળાને ભુવનપતિ કરતા વધારે, એમ ૧૨ મહિનાના પર્યાયવાળાને અનુત્તરવાસી દેવ કરતા વધારે શાંતિ-વધારે પ્રશમસુખ. માનસિક શાંતિ એટલે વિષયના વિકારોમાં ઇન્દ્રિયોને જોડે નહીં. વિષયોની તરતમતામાં ઇન્દ્રિયોની મજાની ટકાવારી માપવા બેસે નહીં. કેમકે, આ વિષયો અંતે અસાર-નિઃસાર છે, ક્ષણ ક્ષણમાં વિષયો પલટાતા રહે છે, એટલા માટે મુનિઓ આ વિષયોમાં નિર્વિકાર બનતા જાય છે, ને સુખ વધતું જાય છે. ૧૨ મહિનાના પર્યાયમાં એવા નિર્વિકાર બની ગયા હોય છે કે,

અનુત્તરવાસીના સુખને પણ લંઘી જાય છે, એટલે આ જે આનંદ છે એ સુમતિનાથ ભગવાનના 'ચરણકજે આતમ અર્પણા' ભગવાનનાં ચરણકમલમાં પોતાના આત્માનું અર્પણ કરવાથી છે. એ અર્પણ જો કરવું હોય તો બહુસંમત મતોથી ખસી જજે.

આ સ્તવનમાં સુમતિ ચરણકજ આતમ અર્પણા કેમ વાત કરી ? પૂર્વસ્તવનમાં દર્શનનો તલસાટ છે. પણ દર્શન દુર્લભ છે એ પ્રભુની કૃપાથી સુલભ થાય એ વાત કરી. પ્રભુની કૃપા કેવી રીતે મળે ? સુમતિ ચરણ કજે આતમ અર્પણ કરે તો. તમારે દુનિયાની સામે જોયા કરવું છે ને પ્રભુ કૃપા કરો તો શું તમારો સંસાર પોષવા માટે ? રંગરાગ ઉડાવવા માટે ? પ્રભુની કૃપા મળે-પ્રભુનાં ચરણમાં આત્માનું અર્પણ કરે તો. અર્પણ એટલે પ્રભુ દર્પણ જેવા છે એમાં તારા આત્માને જો. આટલું પણ જેને આવડે એના ઉદયનો પ્રારંભ થયો. પ્રભુના આત્મામાં પોતાના આત્માની તુલના કરે... હું ક્યાં છું ને પ્રભુ ક્યાં છે ? પ્રભુ પણ એકવાર મારા જેવા હતા. આજે આપ ઊંચે ચડ્યા. એક વાર તું પણ ઊંચે ચડી શકીશ, પરમાતમા બની શકીશ. બીજા ધર્મમાં માનેલા ઇશ્વર-પરમાત્મા અને જૈનધર્મે માનેલા પરમાત્મા એમને માનવામાં લાભ શો ? બીજાના માનેલા પરમાત્મામાં એનો પરમાત્મા બનવાનો કોઇ ક્રમ જ નથી; વિધિ જ નથી, બ્યાન નથી કે પરમાત્મા કઇ રીતે બન્યા. ઊલટું, એતો અનાદિકાળથી જ છે એ સાંભળીને કોઇ ઉન્નતિનું માર્ગદર્શન મળતું નથી. એ કેવી રીતે પરમાત્મા બન્યા એનું કાંઇ દિગ્દર્શન જ નથી. એક પરમાત્મા છે એટલે બીજું કોઇ પરમાત્મા ન થઇ શકે એટલે પરમાત્મા બનવાનો અધિકાર બીજાને મળતો નથી, માટે મતિ તર્પણ કર =કાંઇ સમર્પણ કર. જ્યારે તીર્થંકર ભગવાન કેવી રીતે પરમાત્મા બન્યા એ બધું એમના જીવનમાં જોવા મળે છે. એ જોઇને તને તારા આત્માનું પરમાત્મપણાનું બ્યાન મળશે.

જેમ ભગવાન મહાવીરના જીવે **નયસારના ભવમા** સાધુને જોયા ને ભક્તિ કરી, આ શરૂઆત કરી પરમાત્મા બનવાની. એમ દરેક તીર્થંકરના જીવનમાં જુઓ તો શરૂઆતમાં આવું જ કાંઇ દેખાશે. એમ જોવામાં ભગવાનની કૃપા મળશે. કૃપા મળશે એ શી રીતે મળી ગણાય ? **ભગવાનની કૃપા એટલે ભગવાનના જ્ઞાનમાં આપણી યોગ્યતાની છાપ પડવી એજ ખરી કૃપા છે.** શેઠની દુકાનમાં ૧૦-૧૫ નોકર હોય પણ શેઠની કૃપા કોના ઉપર ? આ લાયક નોકર છે એમ શેઠ જુએ એના પર. એમ ભગવાનની નજરમાં આપણી યોગ્યતાની છાપ પડે એ કૃપા થઇ.

યોગ્યતાની છાપ આતમ અર્પણાથી પડે. ભગવાનના જીવન સાથે તમારું જીવન મીલાઓ. નયસારને જૈનધર્મ મળેલો નહીં,સાંભળેલો પણ નહીં, એક અતિથિ સત્કારના ગુણથી શરૂઆત કરેલી તો આટલે સુધી ચડ્યા ને લાયકાત આવી. આ જોવાનું ક્યારે



થાય ? કંઇક અંશે પણ જગતને જોવાનું પડતું મુક્યું અને જગતનું જોવાનું પડતું મૂકીએ તો.... જગતને જોવાનું એટલે ! જગત શું કરે છે ? ઊઠ્યા ભેગા ખાઉં-ખાઉં.... પૈસા પાછળ દોડધામ કરે છે. આ બધાની પાછળ ભગવાન કેવા છે એનો ખ્યાલ ક્યારે આવે ? ભગવાનને જોવાનું કરે તો જ આ ખ્યાલ આવે. જગતને જોવાનું પડતું મૂકે તો ભગવાનને જોવાનું થાય. જગતમાં સારું શું છે ? ઝુંપડી કરતા બંગલો સારો, રોટલા કરતા મિષ્ટાન્ન સારું, આવું આવું જોવાનું પડતું મુકે તો ભગવાનને જોવાનું થાય, આ યોગ્યતા આવે એ જ કૃપા વરસે, આ આવે તો મતિતર્પણ.

જીવનની દશા વિષયોની બુદ્ધિમાં જ ચાલ્યા કરે છે. સવાર પડી, ચા પી લીધી, બરાબર ગરમ નહીં. આ વિષયોની મતિ. એ મતિનું તર્પણ કરનાર છે બહુસંમત મત. બહુજનસંમત શું ? મિથ્યા શાસ્ત્રો, મિથ્યા દેવ-ગુરુ, મિથ્યા વાતો, મિથ્યા માર્ગ, લોક માર્ગ-આ બધું બહુજનસંમત છે. એ વાતો લોકવ્યવહાર, મિથ્યા શાસ્ત્રો આપે છે. એકાદશીનો ઉપવાસ કરવા કહે છે. પણ એ ઉપવાસ કેવો ? ઉપવાસ કરો પણ ભૂખ્યા નહીં રહેવાનું. ગભરાતા નહીં, કેમ કે -

**"ફ્રૂટ ગાજર શીરો, મેવો કાકડી આદિ,**
**કહેને કી એકાદશી, ઓર દ્વાદશી કી દાદી"**

રાંધેલું અનાજ ન લેવાય પણ રાજગરાનો શીરો ચાલે. આ બધું મિથ્યાશાસ્ત્રો જગતને જોઇએ છે એવું આપે છે. આપણને સીંગલ જીવન ન જોઇએ ડબલ જીવન જોઇએ, એટલે કહે છે કે **'अपुत्रस्य गतिर्नास्ति।'** આ મિથ્યાશાસ્ત્રો બહુજનની વિષયમતિને પોષનારા છે, પણ તું ડાહ્યો થજે, ખસી જજે. આમાં અટવાયો રહીશ તો દર્પણ જેવા અવિકારી ભગવાનના ચરણમાં આત્માનું સમર્પણ નહીં કરી શકે.

એક હિસાબ રાખ. મારે નિર્વિકારી વીતરાગ ભગવાન જોઇએ છે. આ નિર્વિકારદશામાં અર્પણ શી રીતે થાય ? તો પોતાના આત્માની નિર્વિકાર અવસ્થાની ઓળખ જોઇએ. એટલે બીજી ગાથામાં કહ્યું કે -

**ત્રિવિધ સકલ તનુધર ગત-આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,**
**બીજો અંતર આતમ-તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની....૨**

**ભાવાર્થ :** સર્વ શરીરધારી (માણસો) ના આત્મા ત્રણ જાતના હોય છે. તેનો પહેલો પ્રકાર **બહિરાત્મા** નામનો છે, બીજો પ્રકાર **અંતરાત્મા** નામનો છે અને ત્રીજો પ્રકાર **પરમાત્મા** નામનો છે, જે ત્રીજો પ્રકાર કોઇ પ્રકારના વિભાગ વગરનો છે.

**વિવેચન :** શરીરધારી આત્માની ત્રણ અવસ્થા છે, એમાં પહેલો ભેદ છે

બહિરાત્મ અવસ્થા. બીજો ભેદ-અંતરાત્મ અવસ્થા અને ત્રીજો ભેદ છે શાશ્વત એવી પરમાત્મ અવસ્થા. આ ત્રણ અવસ્થાથી પોતાની જાતને ઓળખી લેવાની છે.

પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરવું છે તો આત્માની ઓળખ બતાવે છે. આત્મા ત્રણ પ્રકારે છે :

(૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) શાશ્વત પરમાત્મા. જેમનો ક્યારે પણ વિચ્છેદ થવાનો નથી એ પરમાત્મા. જે કદી નીચે ઉતરવાનાં નહી, કેટલા કાળ માટે ? અનંતકાળ માટે. એમાં વિચ્છેદ નહીં પડવાનો, અધોગામી પરિવર્તન કદી થવાનું નહીં. ઊર્ધ્વગામી પરિવર્તન ચાલુ છે.

પરમાત્મામાં અધોગામી પરિવર્તન નથી, ઊર્ધ્વગામી પરિવર્તન છે. કારણ, નવા નવા જ્ઞાન ને ક્ષમાદિના પર્યાયો આવતા જ જાય છે, જ્ઞાનના પર્યાયો જગતના કારણે આવતા જ રહે છે. એટલે એમનું જ્ઞાન પણ એ પર્યાયો પ્રમાણે પલટાતું જ રહે છે. જ્ઞાનને સાચું રહેવું હોય તો વિષયના પરિવર્તન=પર્યાય ફરે એમ પોતાના પર્યાયો ફેરવવા પડે. એમ ક્ષમા-નિર્લોભતાદિના નવા નવા પર્યાયો આવતા જાય છે. અનાદિ અનંતકાળથી જગત નવું નવું બનતું રહ્યું છે અને એ રીતે જીવો પણ નવા નવા થતા રહે છે. આ બધાની સામે ક્ષમાનો એક હિસાબ છે. ખમી ખાવાનું. કોઇ ખરાબ કે સારું નથી. એમ નિર્લોભતાના પર્યાયો-આમાનું મારે કાંઇ જોઇએ નહીં. આ પણ મારે જોઇએ નહીં.

**'પ્્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એકે ન સુહાય,**
**ગુણગણ અનુબંધી હુઆ, એતો અક્ષયભાવ કહાય.'**

પ્રભુ ! આપ ઉપકારને ગુણોથી ભરેલા છો. એક પણ ખૂણામાં આપનામાં અવગુણ દેખાતો નથી એટલું જ નહીં ભગવાનના જે ગુણ છે તે પણ સાનુબંધી છે. નવા નવા ગુણનો ઉમેરો કરતા જાય છે. સિદ્ધશિલા ઉપર નવા નવા સિદ્ધો ઊમેરાતા જાય છે, ત્યાં કોઇ દિવસ સ્ટોપ નથી એમ પ્રભુમાં નવા નવા ગુણો આવતા જાય છે, એનું નામ અક્ષયભાવ. અક્ષયભાવ એટલે જે ગુણો છે એનો નાશ ન થાય. અમારો અક્ષયભાવ જુદો છે, જે ગુણો છે એ તો ભલે રહ્યા પણ નવા નવા ગુણો ઊમેરાતા જાય.

ક્ષમા-નિર્લોભતાદિ ગુણો પણ વધતા જાય છે એટલે પરમાત્માભાવ છે એ અવિચ્છેદ=નાશ પામવાની તો વાત જ નથી. પર્યાયોની પરંપરા વધતી છે.

**આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની;**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ સુજ્ઞાની...૩**



**ભાવાર્થ :** શરીર, વસ્તુ વગેરેને આત્માની બુદ્ધિએ ગ્રહણ કરે તે પાપરૂપ પ્રથમ બહિરાત્માનો પ્રકાર સમજવો. અને શરીર વગેરેનો પોતે સાક્ષી થઈ રહે અને દરેક ચીજનો પણ સાક્ષી થઇને રહે, તે બીજો અંતરાત્માનો પ્રકાર જાણવો.

**વિવેચન :** આત્માની ત્રણ અવસ્થા. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા.

બહિરાત્મા કોણ ? આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો-એ બહિરાત્મારૂપ પાપ છે. બહિરાત્મા છે એ પાપરૂપ છે એટલે ? પાપને વિચારનારો, પાપનું બોલનારો, પાપનું આચરનારો, પાપને ફેલાવનાર. એવાની છાયા પણ ખોટી, જેની પડખે બેઠો અને જેના પર છાયા પડી એ પાપથી રંગાવાનો. નીચે રહેલો ભીખારી બારીમાં રહેલા શેઠને (શ્રીમંતને) રસગુલ્લા ઊડાવતો જુએ તો એ ભિખારીને પણ ચેપ લગાડે. આ રસગુલ્લા ઉડાવનાર બહિરાત્મા છે. એ બહિરાત્મા કાયાને જ પોતાનો આત્મા માને. રસ્તામાં કોઇ પૂછે, કેમ મણિભાઈ ! કેમ છો ? તો કહે મરી રહ્યા છીએ અથવા તો કહે ભગવાનની મહેરબાની છે. બિચારા આત્માનો તો ભાવ પણ કોણ પૂછે ?

**ખોખાના હિસાબે હિસાબ ૧માંડે એ બહિરાત્મા છે :**

હું ધનિક કે નિર્ધન ? આતમાના ધનનો હિસાબ માંડે. જૈનધર્મમાં આવી ગયો એટલે ધર્મનાં અનુષ્ઠાન કરવા મળે છે, એથી મહાધનિક થઇ ગયા. જૈનબચ્ચો દુ:ખી ન હોય, દુ:ખ આવે તો પણ મસ્ત હોય. કોઇની હવેલી ને પોતાનું ઝુપડું જોઇને દુ:ખી ન થાય. મોટી હવેલીને કતલખાનું માને. હું મસ્ત છું કેમકે હું નિરાંતે ભગવાનનું સ્મરણ કરી શકું છું. આ આત્મબુદ્ધિ હોય તો કરી શકે.

અર્પણ એટલા માટે કે સુમતિનાથ ભગવાનમાં પરમાત્મપણું આવ્યું. એ પરમાત્માપણું આપણે લાવવું છે. એટલે જેવાનું આલંબન-સંપર્ક કરીએ તેવા થવાય. દા.ત. લોભીયાના ભેગા રહેવાથી લોભીયા અને દાનીના ભેગા રહેવાથી દાનરુચિવાળા થવાય. અર્પણ શા માટે જરૂરી ? સંસારમાં જીવ પરમાત્મપણાથી આઘોને આઘો રહે છે. પરમાત્મપણાનું કશું વિચારવા તૈયાર નથી. એ મિથ્યા કલ્પનાઓ તથા મિથ્યામતિથી પીડાતો એમાં જો વીતરાગ પરમાત્માને બદલે મિથ્યાદેવ-મિથ્યાશાસ્ત્રો-મિથ્યાવાતો-વિષયોની વાતોને ભજવા જાય તો મતિતર્પણ ન થાય. મતિ=પોતાના દિલને આનંદ મળે પણ વળે કઇ નહીં. જીવન પૂરું થતા જેવો આવ્યો હોય એના કરતા ૧૦/૧૫/૨૫/૫૦ ગણો ભારે થઇને જાય. શાના ઉપર ? અસત્ વિકલ્પો-અસત્ કલ્પનાઓ પર. **અસત્ પ્રવૃત્તિ કરતા અસત્ વિકલ્પો બહુ ભયાનક છે.** કૂતરાને એક ઘરે રોટલો ન મળે તો ૮ ઘરે ભટકે, એટલી જ અસત્ પ્રવૃત્તિ-પણ વિકલ્પો અનેક પ્રકારના કરે. આ કોણ

કરાવે ? બહુસંમત મતો, બહુસંમત શાસ્ત્રો કરાવે. એ જરા દિલને આનંદ આપે પણ સુવિચાર કરીએ તો એ ત્યાંથી ખસી જવા યોગ્ય છે. એ શી રીતે બને ? સુમતિ ચરણ કજે આતમ અર્પણ કરવાથી.

મિથ્યા દેવ-ગુરુ-શાસ્ત્ર-જડવાદી શિક્ષણ આ બધું મતિતર્પણ વિકલ્પોની જાળ એને પોષનાર છે, એટલા માટે ત્રણ જાતના આત્મા ઓળખાવ્યા. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા.

(૧) બહિરાત્મા-એ પાપરૂપ છે. બહિરાત્મા કોણ છે ?

**આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો**-પોતાની કાયાને આત્મા માને. એટલે પોતાની જાત- જેને હું તરીકે સંબોધે છે. કોને સંબોધે છે ? કાયાને. જાણું છું-મૂર્ખ નથી- અક્કલવાન છું. હું તો આવી સાહેબીથી રહેનાર છું. કાયાને આત્મબુદ્ધિથી ગ્રહણ કરે છે, એટલે કાયાના હિતાહિત પોતાના હિતાહિત માને છે. કાયાનું હિત-માલ જોવા મળે એ આ મારા હિતકારી છે. કાયાને કષ્ટમય હોય તે અહિતકારી, દુઃખરૂપ માને છે. જેમ તપસ્યા-કાયાને માટે કષ્ટરૂપ છે. તપ આપણાથી ન થાય, કાયાના હિતાહિતને પોતાના હિતાહિત માને, અને સવારથી ઊઠે ત્યારથી લગભગ બધી પ્રવૃત્તિ કાયાને ઉદ્દેશીને કરે. શૌચાદિ-દાતણપાણી, આ બધી પ્રવૃત્તિથી કાયાની આરતી ઉતારે. એટલે કાયાને આત્મબુદ્ધિથી ઓળખે એટલે કાયાને તુષ્ટિ-પુષ્ટિકારક મળે તે બધું જમા ખાતે રાખે. આત્માનો ચોપડો જ નથી, કાયાનો જ ચોપડો છે. કાયાના સગા એ જ પોતાના સગા માને. ત્યાગ તપ કરે તો પોતાને કષ્ટ લાગે છે. લુખું ખાય તો પોતાને ખાતે ઉધરી જતું નથી પણ જમા પાસું બને છે. પણ કાયાને જ પોતાની જાત માને છે એટલે ઊંધા પાસા નાખે છે. આ તપાસવામાં વિચાર થઇ પડે એમ છે કે, આત્માને ઉદ્દેશીને એનો વિચાર કરવા જેવો છે. ધર્મના બે ધક્કા ખાધા તો ટાંટીયા ઢીલા પડે છે કારણ કાયાને આત્માદિકપણે ગણે છે. એટલે બે ધક્કાને એ ગુમાવવાનું જ માને છે. આત્માને લાભકારી હોય ને કાયાને લાભકારી ન હોય તો માને કે આટલા પૈસા ધર્મકાર્યમાં ખોટા ખર્ચી નાંખ્યા એમ માને છે, ઉપર ચડવું કેટલું મોંઘું છે ? હલકી યોનિના કેટલા કોઠા પસાર કરી કરીને અહીં આવ્યા છીએ. આટલે ઊંચે આવવા છતાં પણ આ પાગલપણું છે કે બંગલો બંધાવ્યો તો ઇન્વેસ્ટમેન્ટ થયું ને દેરાસર બંધાવ્યું હોય તો ખર્ચો થયો એમ માને. આ બધું બહિરાતમપણું છે. માણસ પરણી ગયો ને પત્ની ખર્ચો કરાવે તો ખુશી ગણે અને મા ખર્ચો કરાવે તો હિસાબ મૂકે. કારણ આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો- કાયાને સુખ આપનાર પત્ની છે એમ માને છે અને માને હવે માથે પડેલી માને છે. આ હૈયાથી પશુતાના થાળે છે.



**એટલે બહિરાતમ ભાવમાંથી અંતરાતમ ભાવમાં આવવું હોય તો કાયાને, કાયાને લગતી વસ્તુમાં 'હું ને મારું'ના લેબલને ઉખેડીને આત્માને આત્માને લાગતી વસ્તુમાં 'હું ને મારા'નાં લેબલ લગાડવા જોઇએ.**

તો એ જાગતો આત્મા થયો કહેવાય. હું એટલે કોણ ? ભગવાનનો શ્રાવક ને ભગવાનનો સાધુ. મારું એટલે આ ધન-મિલકત-ઘરબાર એ નહિ પણ જ્ઞાન-દર્શન- વ્રત-નિયમ-પુણ્યધન વગેરે એ મારું. માટીનું ધન એ મારું ધન નહીં પણ પુણ્યાઈરૂપ ધન એ મારું ધન. આ ક્યારે આવે ? આત્માને પોતાનો માનીને કરે તો અને કાયાદિને વળગાડ માને તો. કાયાદિ તો માત્ર સાક્ષી-દૃષ્ટા-જ્ઞાતા બનીને વર્તાવ કરે એટલે એમાં રસ ન લે. ગુલબજાંબુ ખાવાના આવ્યા, ચાલો સારું ભોજન ખાવાનું આવ્યું. ના, જરાય સારું નહીં, કેમકે આ આત્માના ખાતે વધારે ઉધારી નાંખશે. સાક્ષી રહે, જ્ઞાતા- દૃષ્ટા, એટલે આનું પરિણામ મારા આત્મા ઉપર શું ? એ જુએ. આત્માને કાંઇ આમાં ગુમાવવાનું નથી ને ? ત્યાં ચોંકી ઉઠે એનું નામ અન્તરાત્મભાવ જાગ્યો કહેવાય. છોકરાને બાપ રમકડું લાવી આપે-છોકરું રમે એમાં બાપ રાજીપો ન માને. એ તો માત્ર જ્ઞાતા રહે, બાપ સાવધાન છે. છોકરાની સાથે રમવું એ માત્ર બાળચેષ્ટા છે. એમ એ બાપ સમજે છે એમ અંતરાત્મભાવમાં આવેલા સમજે કે, આ બધી માત્ર બાહ્યભાવની ચેષ્ટા છે.

**બાલક્રીડા ઘર ધૂલી સરખી, ભવચેષ્ટા ઇહાં ભાસે :**

અંતરાત્મામાં આવ્યો એટલે ઘર-દુકાન આદિ બાંધવા પડે પણ એને બાળક ધૂળનાં ઘર બનાવવાની ચેષ્ટા જેમ કરે એમ માને. એમ અંતરાત્મભાવમાં આવેલાને આ ભવની જે લીલા છે તે બાળકના ધૂળનાં ઘરની ક્રીડા સમાન માને છે. એ ક્યારે આવે ? વહેલી પરોઢે-મધરાતે એનું ખૂબ મનોમંથન કરે, એમાં પૂરક બને. પેલા વિલાયતવાળાનો દાખલો : કે હું એટલે કોણ ? એનો વિચાર કરે કે હું એટલે એક મામૂલી ચીજ નથી પણ બધી ઇન્દ્રિયોનો ગવર્નર છું, પ્રવર્તક છું, નિવર્તક છું, કન્ટ્રોલર છું, હું એટલે સુપ્રીમ સોવનીર જેવો છું, એવો હું કોક છું. હું આંખ-કાન-જીભ નથી પણ એ ત્રણેની કાર્યવાહી ચલાવનાર છું. આ દીર્ઘકાળના ચિંતનથી નક્કી થાય કે ખરેખર કાન મારા કબજામાં છે ? મારે સાંભળવું હોય એટલું જ સાંભળું, બીજું ન સાંભળું. એમ અહીં વિચારવાનું છે કે, હું એટલે ઇન્દ્રિય-કાયા નહીં, આત્મા છું. કાયા તો આત્માની કમાણી કરવાનું શ્રેષ્ઠ સાધન છે. આત્માને શ્રેષ્ઠ સાધન શરીર મળ્યું છે પણ પોતાનાં અંતરાત્માને ઓળખે ત્યારે આત્મા જો કાયાનો સાક્ષી થાય, કાયા ઉપર હકુમત ચલાવનાર બને ત્યારે તે અંતરાત્મભાવમાં આવે.

**'આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો'**-એટલે અનાદિકાળથી જીવની પાસે કાયાનું જ ખાતુ હતું. પોતે એટલે કાયા. જીવના બધા હવાલા કાયા ખાતે હતા. કાયાને શું ગમે એ જ બધા હવાલા હતા. અંતરાત્મભાવ લાવવા માટે કાયાનો ચોપડો આગળ કરવાનો માંડીવાળી આત્માનો ચોપડો આગળ કરવો પડે. આત્માને હિતકારી શું ? તેની જાહોજલાલી ક્યાં ? અને કાયાની જાહોજલાલી ક્યાં ? બહિરાત્મભાવવાળો કાયાની જાહોજલાલીમાં જ રાચે છે, જ્યારે અંતરાત્મભાવવાળો આત્માની જાહોજલાલીમાં રાચે છે. બાહ્યઆત્મભાવવાળો પૈસામાં જાહોજલાલી માને, અંતરાત્મભાવવાળો પૈસા સાધર્મિકભક્તિ આદિમાં ખર્ચાયા તેની જાહોજલાલી માને છે.

હમણાની જ વાત છે કે, **સુરતનો એક યુવાન** તેના બે લાખ રૂ. કોઇ સાધર્મિક પાસે લેવાના હતા, સાધર્મિકે ઉઘરાણી કરવા છતાં પૈસા આપ્યા નહોતા. આ યુવાનને ગુંડાઓ કહે કે, ૧૦ ટકા અમને આપો એટલે ૨૦ હજાર આપો તો ૧ લાખ ૮૦ હજાર રૂ. તમારા ઘરે બેઠા અમો પહોંચાડી દઇએ. આ યુવાન પૂછે કે, તમે શી રીતે રૂપિયા મેળવી આપશો ? ગુંડાઓ કહે : જાસા ચિઠ્ઠી મોકલીશું અને મારપીટ કરીશું એટલે પૈસા પાછા મળી જશે. યુવાને વિચાર કર્યો કે મારા સાધર્મિક પાસેથી મારે આ રીતે પૈસા પાછા લેવા નથી, પછી તેણે સાધર્મિક ભક્તિના સુકૃતને નામે રૂપિયા માંડી વાળ્યા. બાપા પૂછે કે, આ તે શું કર્યું ? ત્યારે યુવાન કહે સાધર્મિક ભક્તિ કરી. ! આ રીતે **બહિરાત્મા પૈસાની જાહોજલાલીમાં માને, અંતરાત્મા સાધર્મિકની જાહોજલાલી કરવામાં માને.**

હિસાબ આ છે કે મારે મારા આત્માનું જોવાનું, આત્માની જાહોજલાલી જોવાની, કાયાની જાહોજલાલી ન થાય તો કાંઇ નહીં. ગઇકાલ સુધી કાકંદીનગરીના ધન્નાજી મેવા મીઠાઇ અને કાયાને પોષવાની જાહોજહાલીમાં હતા પણ પ્રભુ પાસેથી આત્માની જાહોજલાલી સમજ્યા એટલે છટ્ઠના પારણે છટ્ઠ લગાવ્યા. પારણે પણ આયંબિલ-એ પણ લુખુંસુખું; અંતરાત્મા બનીને માત્ર આઠ જ મહિનામાં કાયાને ઓગાળી નાંખી. તેમના ઉપર ભગવાને સિક્કો માર્યો કે, ૧૪ હજાર શિષ્યોમા નિત્ય ચડતે પરિણામે કોણ ? તો ધન્નાજીને બતાવ્યા. કાયાના રસિયાને શરીરનું વજન ૫૦માંથી ૬૦કિલો થાય તો આનંદ માને જ્યારે આત્માના રસિયા ધન્નાજી શરીર ઉતરે છે એમાં આનંદ છે.

**'કાયાદિકનો સાક્ષીધર રહ્યો બીજો અંતર આતમ રૂપ'**-કાયાની ખોટમાં પોતાની કોઇ ખોટ માને નહીં. પણ કાયાદિના લાભમાં પોતાના આત્માનું નુકશાન છે તેમ અંતરાત્મભાવવાળો માને. કાયાને કષ્ટ આપીને પણ સહન કરવામાં આનંદ માને. જેમ ગજસુકુમાર મુનિને માથે સગડી મુકાણી-માથું બળ્યું તો પણ આનંદ-સુખ માન્યું.



**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધ સુજ્ઞાની;**
**અતીન્દ્રિય ગુણ-ગણ-મણિ-આગરું, એમ પરમાતમ સાધ સુજ્ઞાની...૪**

**ભાવાર્થ :** જ્ઞાનના આનંદમાં, તેનાથી પરિપૂર્ણતાને પામેલ અને જાતે પવિત્ર હોય અને સર્વ પ્રકારની ઉપાધિ (દુઃખ) વગરનો હોય તે પ્રાણી ઈન્દ્રિયથી ન માલૂમ પડે તેવો છે. અને અનેક ગુણના સમુદાયરૂપ રત્નની ખાણરૂપ થઇ જાય છે - આ રીતે પરમાત્માના ત્રીજા પ્રકારને તું સમજ.

**વિવેચન : જ્ઞાનાનંદે પુરણ પાવન-** જ્યારે અંતરાત્મામાં સ્થિર થઇ ગયો એટલે કે, કાયાનું લક્ષ બીલકુલ ચાલ્યું ગયું એટલે કે કાયા પર આસક્તિ-મમત્વ-દેહાધ્યાસ ચાલ્યો જાય ને અંતરાત્મામાં સ્થિર થાય ત્યારે જ્ઞાનનો આનંદ પ્રાપ્ત થાય. કાયાને ભૂલી ગયો, એટલે કે કાયા એ કોઇ ચીજ નથી એમ સુખ-દુઃખ એ પણ કાંઇ ચીજ નથી. જેમ બીજાની કાયાને સુખ-દુઃખ હોય તેમાં મારે ચિંતા નથી, તેમ મારી કાયા પણ પારકી છે, એટલે પારકી કાયાનું સુખ-દુઃખ એ મારું નથી. જેમ નરકનાં દુઃખ પામતા નારકોનાં દુઃખ એ આપણા નથી તેમ મારી કાયાનાં દુઃખ પણ મારા નથી, એટલે કે કાયાનાં સુખ-દુઃખમાંથી મમત્વ ઉડાડી દેવાનું. ખંધકસૂરિના શિષ્યોએ એવું કરેલું -સુખ દુઃખમાંથી એવું મમત્વ ઊઠાવી લીધું કે પરમ આનંદને પામ્યા.

**જ્ઞાનાવરણ-દર્શનાવરણ** અને **અંતરાયકર્મ** એ ત્રણેને મોહનીય કર્મની હુંફ છે. મોહનીય કર્મ એટલે રાગ-દ્વેષ, તે જ્યાં સુધી જાગતા છે ત્યાં સુધી આ ત્રણે સલામત છે. રાગ-દ્વેષ ૧૨મે ગુણઠાણે ગયા એટલે આ બધા અંતર્મુહૂર્તમાં ઊડી જાય. નિકાચિત કે અનિકાચિત હોય તે બધા તૂટી જાય. આમ તો નિકાચિત કર્મ ભોગવવા પડે પરંતુ ક્ષપકશ્રેણીમાં તે પણ તૂટી જાય એટલે હવે-

**જ્ઞાનાનંદે પૂરણ-પાવન**-આત્માનો જે પરમાત્મભાવ પ્રગટ થાય તે કેવો પ્રગટ થાય ? જ્ઞાન આનંદે પૂરણપાવન કેવલજ્ઞાન પામે, કાયા ઊભી છે તે સદેહમુક્તિ કહેવાય. ચાર ઘાતિનાં નાશથી જીવન્મુક્તિ કહેવાય અને મોક્ષમાં જાય એટલે વિદેહમુક્તિ કહેવાય. એ આનંદ કેવો છે ? વેદનીયકર્મના ક્ષયનો તો ખરો જ, ઉપરાંત મોહનીયના ક્ષયથી, એટલે વીતરાગતાનો આનંદ છે. જ્ઞાન અને આનંદમાં પૂર્ણ છે. અનંતાકાળનું એક એક જીવનું સ્વરૂપ પ્રગટ છે. માટે તે પાવન બન્યા, સ્વયં પવિત્ર અને બીજાને પણ પવિત્ર કરનારા બન્યા. પરમાત્માને એમના ગુણો સહિત આપણા મનમાં લાવવાના હોય તો આપણા આત્માના કચરા સાફ થાય. પરમાત્માને નિરૂપાધિકતાનો આનંદ કેટલો ? ઉપાધિ જેમ ઓછી થતી જાય તેમ અખેદ વધતો જાય. ૧૩મે ગુણઠાણે આવ્યા

એટલે કોઈ ઉપાધિ નહિ. મનને કાંઈ જ અડવા ન દે. ઘાણીમાં પીલાતા પીડા-અપાયો છતાં અલિપ્ત. કાયાથી એવા અલગા છે કે, કાયાની કચડામણની જરા પણ આત્માને અસર નથી માટે જ્ઞાનાનંદમાં આનંદ. આવું પરમાત્માનું સ્વરૂપ.

**'અતીન્દ્રિય ગુણ મણિઆગરુ'**-ગુણોનો મોટો રાશિ-અનંતગુણો. તે પણ અતીન્દ્રિય, આપણી આંખે ન દેખાય તેવા. જેમ કેવલજ્ઞાનાદિ ગુણોની આપણને અસર પડે, તેમ મોહનીયના નાશથી અનંતાનંત ગુણો પ્રગટ થયા છે તે અતીન્દ્રિય છે. આપણને ન જણાય.

**પ્રશ્ન**–તો જણાય શી રીતે ?

**ઉત્તર**–આગમશાસ્ત્રથી જણાય.

સીમંધર સ્વામીના ગુણોનું વર્ણન સ્વયં ભગવાન મહાવીર પણ કરી ન શકે એવા તે ગુણો હોય છે.

**'ઈમ પરમાતમ સાધ'**-એ પ્રમાણે તું પરમાત્માભાવને સાધ. ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ કર્યું તો ભગવાનના ચરણ દર્પણ જેવા છે તે આપણા બધા ડાઘા બતાવી આપનાર છે. તેમાં એ જોવાનું છે કે બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવવાનું છે, પછી પરમાત્મભાવને લાવવાનો છે.

તે માટે તેનું ચિંતન-મનન કરવાનું, આવું કાંઈ મનન-ચિંતન પ્રભવસ્વામીએ શય્યંભવ બ્રાહ્મણને પ્રતિબોધ કરવા માટે કર્યું હશે કે શાંતિનાથ ભગવાનની પ્રતિમાના આલંબને બહિરાત્મામાંથી નીકળી અંતરાત્મામાં સ્થિર થઈ પરમાત્મભાવ સાધ્યો. આવો શાંતિનાથ ભગવાનનો પ્રતિમારૂપે પ્રભાવ છે. તારા આત્મામાં પણ આ પ્રભાવ પ્રગટ થઈ શકે છે.

બેંકમાં કરોડો રૂપિયા મૂકી દીધા ને સરકાર ઓર્ડીનન્સ બહાર પાડે કે ૧૦૦થી વધારે કોઈને આપતા નહીં. તેમ ધર્મ કહે છે કે **સબકુછ તુમારા હુકમ અમારા.** આત્મા અનાદિનો રીઢો છે, બહિરાત્મભાવમાંથી એને અંતરાત્મામાં સ્થિર કરવાનો છે. બહારના ખાતાઓને આત્માના ખાતામાં લઈ જવાના. પેલો મારા પૈસા દબાવે છે તો ભલે ! મારો પાપનો ઉદય છે, તે દબાવે છે, રોફ મારે છે, પણ મારે મારા આત્માનાં કચરા સાફ થાય છે. ક્ષમા કમાવાની તક મળે છે, ક્રોધના બજારમાં જ ક્ષમાનો મબલખ વેપાર કરી શકાય. ભગવાનનું શાસન હૈયામાં વણાઈ જાય તો આત્માની જાહોજલાલી છે. પ્રભવસ્વામીએ આ સમજાવ્યું. પરમાત્મભાવ પ્રગટ કરે એટલે અનંતજ્ઞાન-અનંતવીર્ય- શક્તિ આદિ પ્રગટ કરવા, પછી આત્માનું અનંતસુખ પ્રગટ થાય. આવો પરમાતમભાવ તું સાધ !



**બહિરાતમ તજી અંતર આતમરૂપ, થઈ થિર ભાવ સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુજ્ઞાની... ૫**

**ભાવાર્થ** : (આ આત્માના ત્રણ પ્રકાર પૈકી) બહિરાત્મભાવને છોડી દઈને અંતરાત્મભાવના બીજા પ્રકારમાં સ્થિર થઈ જવાથી પરમાત્મભાવ, જે આત્માનો ત્રીજો પ્રકાર છે, તે આત્મસાધનાનો ખરેખરો ઉપાય છે.

**વિવેચન** : આત્માની ત્રણ પ્રકારની ઓળખ કરાવી હવે શું કરવાનું ? એનું વિધાન બતાવે છે. બહિરાતમ ભાવને છોડ અને અંતરાતમભાવમાં સ્થિર થા. એ રીતે પરમાત્માને સિદ્ધ કર. અર્પણનો આ જ પ્રકાર છે.

(૧) બહિરાતમ ભાવને છોડ. છોડવાનું એટલે ? ચાલો બહિરાતમભાવ મેં છોડી દીધો આમ બોલવાની વાત નથી. બહિરાત્મભાવ છોડવો હોય તો કાયાને આત્માની બુદ્ધિથી જે પ્રવૃત્તિ કરતો હતો એ મૂકી દે. આત્માને જ આત્મા માનીને પ્રવૃત્તિ કર. એ કાંઈ આજને આજ છૂટી જાય ? સવાર પડી-ચાલો નાસ્તો. એ તો કાયાની પ્રવૃત્તિ છે. એ થોડી છૂટી જાય ? છૂટી ન જાય પણ એ પ્રવૃત્તિ સમજીને કર.... કે આત્માને બદલે કાયાની પ્રવૃત્તિ કરવા છતાં બહિરાત્મભાવનો ત્યાગ થઈ શકે છે. મારે તો તપને ત્યાગમાં જવાનું છે. આ રોજ બળાપો કરવાનો. તો પછી ઢોંગ-ધતુરા ન થાય ! ના, ગરીબી ભોગવનારો-ઘણી તંગી છે વસ્તુની, છતાં પણ ચલાવી લે છે. છતાં રોજ હૈયું બાળે છે કે આપણે અભાગીયા-મળતું નથી, એટલે આ હિસાબ માંડે કે હું એટલે કાયા નહીં, આત્મા છું. એને માટે કાયાના હિતની જે આઈટમો છે તેની સામે આત્માના હિતની આઈટમો ગોઠવવી પડે.

**કાયાના હિતનો પહેલો મુદ્દો :**

(૧) **ખાનપાનઃ**- સારી રીતે ખાઈએ-પીઈએ, આ કાયાની દૃષ્ટિ થઈ. ખાન-પાન ખરાં પણ ત્યાગપૂર્વકના, એટલે તપ કર, તપ કરે. આવું કાંઈ કરતો જા તો બહિરાત્મભાવ ત્યજ્યો કહેવાય. તપ સતત ન બને તો આંતરે કર, ખાન પાન કરે એમાં ત્યાગ કરે. પુન્યે યારી આપી છે, એટલે નાસ્તામાં પણ બે ચીજને બદલે સાત ચીજ મળે, એને છોડ. બહિરાત્મભાવ તજવો હોય તો. બાકી આ બહિરાત્મભાવ તો અનાદિનો છે. એ કાંઈ બ્રિટીશરો જેવો નથી કે **Quit India** કહેવાથી છોડીને ચાલ્યો જાય, એ તો ઊંડા મૂળિયા નાંખીને રહેલો છે.

**કાયાના હિત માટે ખાનપાન, આત્માનાં હિત માટે તપત્યાગ.**

(૨) **સ્નાનઃ**- એ પણ બહિરાત્મભાવ છે. અંતરાત્મભાવમાં આવવું છે તો

ભગવાનની પૂજા સિવાય સ્નાન કરવું નહિ. એ વખતે પણ કાયાની ઉજળામણ યાદ ન આવે, આત્માને પવિત્ર કરવાનું યાદ આવે. પછી બે બાલ્દી પાણીથી ન નહાય, બે લોટાથી નહાય. આવી રીતે બહિરાત્મભાવ તજાય.

(૩) કાયાને જોઈએ છે **માન-સન્માનઃ** જ્યાં મળે ત્યાં કૂદે, જેટલા મળે એટલાં ખપે. માન-સન્માન ઠંડે કલેજે સ્વીકારી લે આ બહિરાતમભાવ છે. આવા માન-સન્માનમાં જિંદગી પૂરી થાય, આત્મા ક્યાંય યાદ ન આવે, માટે આ છોડ. પ્રભુને માન-સન્માનનાં લેખા ન ગમે. એ મૂકી દે અને આત્મદૃષ્ટિએ વિચાર કર કે આ માન કરે એમાં આત્માનું પુન્ય વટાવાય છે. અભિમાન-ક્રોધ-કષાય થાય છે. એનાથી દૂર રહી ગુપ્ત સેવા-પરોપકાર કર. સેવાદિ કરીને કોઈ દિવસ કહી બતાવવાનું નહીં, અને બીજાને પણ નહીં કહેવાનું. જે સ્વોત્કર્ષની વૃત્તિઓ છે એને દબાવ; અને જે હિતસાધક વૃત્તિઓ છે, એને ગુપ્ત રાખતો જા. એ કરમાવવાનું નથી પણ વધારે વિકસ્વર થવાનું છે. કાયાને માન-સન્માન જુએ છે પણ આત્માને બને એટલો એનાથી દૂર રાખવાનો, સ્વોત્કર્ષથી દૂર રહેવાનું, તો એને માટે કહેવાય કે બહિરાતમભાવ તજ્યો.

(૪) કાયાને ગમે છે **મોટાઈ-સત્તા.** આ લીધા કરે તો બહિરાતમભાવ છૂટે નહીં. અંતરાત્મભાવ માટે શું કરવાનું ? વર્ચસ્વ-હકુમત તરીકે હકુમત છોડવાની અને વિનમ્રતા વગેરેથી વડીલ તરીકેની જવાબદારી બજાવવાની. આશ્રિતનું હિત ન થાય અને અહિત થાય એવા માર્ગે નહીં જવાનું. વેપાર ધંધામાંથી મને ફુરસદ નથી આ છોડ, ને જે આશ્રિત છે એને હિતશિક્ષા આપ. નહીંતર વડીલ તરીકેનાં માન લેવાના ને સત્તા અપનાવવાની આ બહિરાત્મભાવ છે. એ છોડવા પોતાનાં વડીલ તરીકેનાં વર્તાવનો ખ્યાલ જોઈએ, એ વર્તાવમાં પોતાને ધ્યાન જોઈએ કે વડીલપણું બજાવતા મારામાં કષાયો વધતા તો નથી ને ? વડીલપણું બજાવતા મારાથી પાપમાં અનુમતિ અપાઈ ન જાય. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે......

**ક્ષીરકદંબક ઉપાધ્યાય** ત્રણ વિદ્યાર્થીને ભણાવતા. એક પોતાનો દીકરો, એક રાજપુત્ર અને એક નારદ. એક વાર ત્રણેની સાથે અગાશીમાં સૂતા છે. તે વખતે ત્યાંથી આકાશ માર્ગે જતા એક મુનિ બીજા મુનિને કહે છે કે આ ત્રણમાંથી બે નરકગામી છે ને એક સ્વર્ગગામી છે. ઉપાધ્યાયે આ સાંભળ્યું ને ચોંકી ઉઠ્યા. એટલે મારે આ વિદ્યા નરકની પુષ્ટિ કરવા ભણાવવાની ? સવાર પડી, મુનિઓને શોધતો શોધતો ગયો, એક મુનિ મળ્યા ને વાત કરી, મહારાજ હું વડીલ છું, ગુરુ તરીકે ભણાવું છું, મારા આશ્રિતો પાપ કરે તો મને કાંઈ હિસ્સો લાગે ? આપ કહો. હિસ્સો લાગે, તો આજે છોડી દઉં. એટલે સાધુ કહે, બળતું લાકડું હાથમાં પકડ્યું હોય તો બળવાનું થાય



? હા, તો આ કુટુંબ-વિદ્યાર્થીઓ તો રહેવાના. તો પછી પાપથી શી રીતે બચાય ? તો પછી નરકથી બચવું શી રીતે ? જેમ લાકડું બળતું બળતું આવતું હોય તો કઈ રીતે બચાય ? ફેંકી દઈએ તો. બસ ત્યારે, એજ પ્રમાણે. ઉપાધ્યાય પંડિત હતા, સમજી ગયા. વિદ્યાર્થી-કુટુંબને છોડીને નીકળી જઉં તો જ પાપથી બચીશ. આ વાત સમજી ગયા. જૈનશાસનની કેવી ઝીણી દૃષ્ટિ છે ! કહ્યું છે કે -

**भर्तुर्भार्याकृतं पापं, राज्ञो राष्ट्रकृतं पापं ।**
**गुरोः शिष्यकृतं पापं, पित्रोः पुत्रकृतं पापम् ।।**

ધણીને ધણીયાણીએ કરેલું પાપ લાગે. નીતિશાસ્ત્ર કહે છે કે, સ્ત્રી દુરાચારી હોય તો બાંધી રાખે, જેથી દુરાચારની ખો ભૂલી જાય. સરખી રીતે રાજ્ય ચલાવતા ન આવડે ને પ્રજા પાપ કરે તો બધો પાપનો જમેલો રાજાને લાગે. એક પણ પાપ-ચોરી-જૂઠાણા-અનીતિ આદિ ન થાય એવી કડકાઈ રાખે. જરૂર પડે રાજા રાજ્યમાં રાતે વેશપલટો કરીને નીકળે. કુમારપાળે અઢાર દેશમાં અહિંસા પળાવી. સિપાઈઓ ચારે બાજુ ફરતા, એક દિવસ એક શેઠીયાને પકડી લાવ્યા ને રાજાને કહે આણે જુ મારી. એની પત્ની કહેતી હતી કે આ શું કરો છો ? ત્યારે કહે, હવે કુમારપાળ અહીં ક્યાં જોવા આવવાનો છો ? ને અમે ત્યાંથી પસાર થતાં સાંભળ્યું ને એમને પકડી લાવ્યા છીએ. શેઠ ફફડી ગયા, શેઠ કહે જિંદગીમાં નહીં કરું, માફ કરો ! રાજામાં ભીમ અને કાંત બેય ગુણ હતા. કહે દંડ વિના છૂટવું છે ? જાઓ, એક મંદિર બંધાવો તો છૂટાશે ! અને મંદિર બંધાવ્યું, જેનું નામ **યૂકાવિહાર** પાડ્યું. આ ધાક હતી તો કોઈ હિંસા નહોતું કરતું. બીજી બાજુ કાંત ગુણ-પ્રેમનો ગુણ એવો હતો, સવારે નીકળે કાંઈ સારું જુએ તો એને ઈનામ આપે. આવું કાંઈ ન આવડે તો **राज्ञः राष्ट्रकृतं पापं** લાગે. કારણ કહ્યું છે કે રાજ્યશ્રી એ નરકશ્રી.

શિષ્યને કબજામાં ન રાખે, સારણા-વારણાદિ ન કરે તો શિષ્ય જે પાપ કરે એ પાપ ગુરુને આઠ ગણું લાગે. કેમકે એ ગુરુને કસાઈ કરતાં ભૂંડા કહ્યાં છે. સારણા વારણાદિ ન કરે તો શિષ્યના અનેક ગુણોનો નાશ કરે છે.

પુત્રે કરેલું પાપ પિતાને લાગે છે. આ વાત ક્ષીરકદંબક ઉપાધ્યાયને બેસી ગઈ. આ ત્રણમાં કોણ નરકગામી કે સ્વર્ગગામી એ શોધવા માટે લોટના ત્રણ કુકડા બનાવ્યા. અંદર લાખનો રસ ભર્યો. પોતાના પુત્ર -રાજપુત્ર વસુ અને નારદને આપ્યો ને કહ્યું: જ્યાં કોઈ ન દેખે ત્યાં મારીને આવો. પરદેશી નારદ કુકડાને લઈને જંગલમાં ગયો ત્યાં એક ઝાડ નીચે મારવા ઊભો રહ્યો તો થયું અહીં તો પંખેરા જુએ છે. ગુફામાં ગયો તો એને થયું હું જોઉં છું. આંખ બંધ કરી તો વિચાર આવ્યો દિવ્યજ્ઞાની યોગીઓ જુએ છે.

એટલે વિચાર્યું કે ગુરુએ આ મારવા આપ્યો નથી, એટલે કુકડો લઈને પાછો ગુરુ પાસે ગયો. જ્યારે ઉપાધ્યાયનો પુત્ર જંગલમાં જઈ કુકડાને મારીને પાછો આવ્યો, એટલે ઉપાધ્યાય સમજી ગયા કે મારો પુત્ર નરકગામી છે, હવે આને ભણાવીને શું કરવાનું ? પરદેશી નારદ અને રાજપુત્રને એમના ગામ મોકલી આપ્યા અને પત્નીને કહે : હું હવે સંન્યાસ લેવા જાઉં છું, ને ઉપડ્યા જંગલમાં. આ જવાબદારીનું પાલન હોય તો અંતરાત્મભાવ આવ્યો કહેવાય.

બહિરાતમ ત્યજ ને અંતરાત્મરૂપે થા, અને સ્થિરભાવ ભાવ. બહિરાતમ તજવો એટલે શું ? બહિરાતમભાવ તજવો એટલે જીવ કાયાને મુખ્ય કરી સવારથી જે ખાન-પાન આદિ કરે છે એને બદલે અંતરાતમભાવની પ્રવૃત્તિ કરવી તો ખરેખર બહિરાતમભાવ છોડ્યો એમ કહેવાય.

ખાનપાનની સામે ત્યાગ-તપ, સ્નાનની સામે સામાયિક-પોષધ આદિ ધર્મની પ્રવૃત્તિ, માનસન્માનની સામે પ્રભુની નજરમાં સારા શી રીતે થઈએ ? એવી દૃષ્ટિ અને પ્રવૃત્તિ. આ માન- સન્માનને કિંમત વિનાના સમજે તો પ્રભુની નજરમાં સારો અને જો માન-સન્માનાદિને હૈયાથી વધાવી લીધા તો પ્રભુની નજરમાં ખોટો. બહિરાત્મભાવમાં લોક-દૃષ્ટિ છે, એ છોડીને અંતરાત્મભાવ લાવવો એટલે વિચારવું કે જ્ઞાનીની દૃષ્ટિમાં હું સારો કેમ ? કેવા ગુણો ગ્રહણ કરું કે કેવા કર્તવ્ય બજાઉં તો હું સારો ગણાઉં ? ભગવાન તો સર્વજ્ઞ છે. એમના કેવલજ્ઞાનરૂપી કેમેરામાં તો સમયે સમયે તમે જેવા હોય તેવા ફોટા પડે છે, એમ સત્તા-મોટાઈ વગેરે અંગે અહંકારની નજર રહે એ બહિરાત્મભાવ છે. સત્તા-મોટાઈ આદિ વડીલપણામાં જે ખરેખર ખામોશ-સહિષ્ણુતા - કર્તવ્યભાર હોવા જોઈએ તો એ અંતરાત્મભાવ કહેવાય. બહિરાત્મભાવવાળો કાયાની પુષ્ટિ ઉપર જુએ છે, એ છોડી અંતરાત્મભાવ લાવવો હોય તો આત્માની પુષ્ટિ ઉપર જુએ. આત્મા કેમ પુણ્યકૃત્યથી તગડો થાય એ જુએ. કાયા પૌદ્ગલિક છે એની પુષ્ટિમાં કાયાનાં વર્ણ, આકૃતિ, દૂબળા, સબળાપણું વગેરે આવે. આત્મા અરૂપી છે એની પુષ્ટિમાં શુભ ભાવો, ભાવનાઓ, શુભ યોગવીર્ય વગેરે આવે. આ પુષ્ટિમાં એવી પ્રવૃત્તિઓ કરવાની જેથી આત્મા તગડો થાય. એમાં પહેલા નંબરે સદ્ભાવનાઓ કેળવવાની. અંતરાત્મભાવ કેળવવાનો એટલે મૈત્રી આદિ ભાવોમાં વિકાસ લાવવાનો તો આત્માને પુષ્ટિ મળે. સવારે ઊઠતાં જ મૈત્ર્યાદિ ચાર ભાવનું ચિંતન કરે, જગતના જીવ માત્ર મારા સ્નેહી છે, દુઃખી જીવના હું દુઃખ નિવારું, ગુણવાન જીવોની હું અનુમોદના કરું અને જે અસાધ્ય છે એવા ઉપર મધ્યસ્થભાવ રાખું. એના પ્રત્યે મનમાં ખરાબ વિચાર ન આવે. સો અવગુણ પડ્યા હશે તો કાંઈક તો ગુણ હશે ? એમ



પ્રમોદભાવ ને ઉપેક્ષાભાવ વધે. આ ભાવોને કેળવતા રહીએ તો પુષ્ટિ થાય. છોતરાં છોલે એમાં શું ? ઊઠ્યો ત્યારથી આચરકુચર વિચાર કરે. મલિન ભાવોથી આત્માની પુષ્ટિ નથી. કાયાને સ્નાન કરાવવામાં ૩ મિનિટ લગાવે અને આત્માને શુભભાવથી સ્નાન કરાવવામાં ૧૩ મિનિટ લગાવે. ખરાબ ભાવોને દૂર કરે અને સારા ભાવોને કેળવે એ અંતરસ્નાન છે, એમ બહિરાત્મભાવમાં કપડાનો ઠઠારો ટાપ-ટીપ અલંકારો પહેરવા વગેરે છે, હવે અંતરાત્મભાવમાં જવું છે તો સાદા અને સજ્જનને શોભે એવા વસ્ત્રો પહેરે, ખોટો ઠઠારો ન કરે.

આત્મા ઉપર બહિરાત્મભાવ અનંત અનંત કાળથી પડેલો છે, એને કાઢવા ઝીણી ઝીણી બાબતમાં નજર કરે તો એનું જોર ઓછું થાય, અંતરાત્મભાવ એ છે. ૨૫૦૦૦ ખર્ચી મોટું સાધર્મિકવાત્સલ્ય કરે, વાહવાહ ઘણી થાય પણ સો બસો માટે આવેલ કોઈ દુઃખી ગરીબ સાધર્મિક સામે પણ ન જુએ એ બહિરાત્મભાવ. જ્યારે અંતરાત્મભાવ આવા ગરીબ સાધર્મિકને ગુપ્ત મદદ કરે.

Greatmen are those who are Peculiar in minor Matters.

**મહાન માણસ એ છે જે નાની નાની વાતોમાં ચોક્કસ હોય છે.**

બહિરાત્મભાવ તજવામાં આ સાવધાની જોઈએ. આ બધું સવારથી જ શરૂ થઈ જાય માટે બહિરાત્મભાવની પક્કડમાંથી છૂટવું છે તો વાણીવ્યવહાર મુલાયમ જોઈએ. સામાના સદ્ભાવ વધારે. બીજું-'આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો' એટલે શું કરે છે ? જ્યાં સુધી બને ત્યાં સુધી આરામ સુખશીલતા પોષે છે, એની સામે અંતરાત્મભાવમાં શાસ્ત્રોનું અધ્યયન જોઈએ. કાયા કામ માટે મલી છે આરામ માટે નહીં. એમ તો ભેંસ પણ તળાવમાં પડી રહે છે, એનો અર્થ શું ? કાયા કામ માટે મળી છે એમ કાયાથી કામ લેવાની સમજ હોય એટલે દેરાસરજીમાં બે ખમાસમણ ઊભા થઈને દીધા પછી ત્રીજું બેઠા બેઠા દેવાનું મન ન થાય. **કાયાને બેઠાડું રાખવાની વૃત્તિ બહિરાત્મભાવની છે.**

સુખશીલતા એવી છે કે બેઠા બેઠા કામ થતું હોય તો ઊભા ઊભા નથી કરવું. ઊભાથી કામ થતું હોય તો ચાલવું નહીં. આ વૃત્તિ બહિરાત્મભાવની છે.

**આ બહિરાત્મભાવને પોષનારા ૪ મોટા તત્ત્વો છે :**

**(૧) પ્રમાદાચરણ**– પ્રમાદ આચરણમાં વિકથા-પાપકથા-નિંદા-કુથલી વગેરે આવે. આ પ્રમાદાચરણ છે. કોઈ દેશ, રાજા આદિની વાત એ વિકથા છે, એમ સ્ત્રીની કે ભોજનની કથા એ પણ વિકથા છે. બહિરાત્મભાવ છોડવો હોય તો આ વિકથા છોડવી પડે. આપણે ન કરતા હોઈએ પણ કોઈએ માંડી હોય તો ? તો એમાંથી ધર્મને જોઈંટ કરીને ધર્મકથા કરી દે.

**જિતશત્રુ રાજા** હતા. તેમણે પાર્ટી રાખી, શેઠીયા વગેરે મોટા મોટા લોકોને જમવા નોતર્યા. ભોજન પીરસાયું, મહારાજા શરૂ કરે પછી બધાએ શરૂ કર્યું. રાજા એક એક ચીજ ખાતો જાય ને વખાણ કરતો જાય અને બધા હજુરીયા-હાજી હાજી કર્યા કરે પણ મુખ્યમંત્રી સુબંધુ કાંઇ બોલે નહીં. કેમ ? એના મનમાં એક જ રટણ ચાલતું, આ બધા પુદ્‌ગલનાં ખેલ છે ! આની શું કવિતા ગાય. કવિતા ગાવી તો ભગવાનના ભજનની ગાવી. પુદ્‌ગલની શું ગાવી ! આ ખાવાની વસ્તુને શું મહત્ત્વ આપવું ? એમ જે વસ્તુને જેવું મહત્ત્વ આપીએ એવું આપણું મહત્ત્વ સ્થાપિત થાય છે. અન્ન એ તો તુચ્છ વસ્તુ છે એને મહત્ત્વ આપો એટલે આત્મામાં તુચ્છતા આવે. રાજાએ પુછ્યું : કેમ મંત્રીજી ! તમે કાંઇ બોલતા નથી ? બધાને કદર છે ને તમને નથી ? મહારાજા ! એમાં શું બોલવાનું ? બધા પુદ્‌ગલનાં ખેલ છે. જે અંદર રટણ ચાલતું હતું તે બહાર આવ્યું. વિકથાના મામલામાં એણે ધર્મકથા બનાવી દીધી. ચાલે ત્યાં સુધી વિકથામાં પડવું નહિ અને સામેથી આવી ગઇ તો એમાં તત્ત્વ ગોઠવી દેવું.

એમ **કૂથલી** એ પણ બહિરાત્મભાવ છે. વાતો કરવા બેઠા, જેમાં કોઇ મહત્ત્વ ન હોય ત્યાં વિચાર કરે કે કૂથલી કોણ કરે ? જેના દીલમાં બધો કચરો ભર્યો હોય તે વાણી દ્વારા કચરો બહાર કાઢે. અંતરમાં સારો માલ હોય તો મોઢેથી સારો માલ કાઢે. કૂવામાં જેવું હોય તેવું બહાર આવે. એક શબ્દ બોલતા સાવધાન થવું જોઇએ કે આવું કેમ બોલાય ? ત્યારે કન્ટ્રોલ આવે.

**વિકથા** ચાર કહી છે. દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા, અને રાજકથા... પાપકથા કોને કહે છે ? સામાનાં સારાભાવને તોડે, શ્રદ્ધાને તોડે, દાનની ભાવનાને તોડે. આવા જે બોલ તે પાપકથા છે, દર્શનભેદિની અને ચારિત્રભેદિની કથા છે. સાધુની આગળ કહો... શું આજે વિજ્ઞાને શોધ કરી છે ! ચાંપ દાબોને તૈયાર, તો આમ કહેવાથી રાગ થાય. આ રાગ ચારિત્રને ભેદનાર છે, અને દ્વેષ થાય એવું બોલે-આજની સરકાર હરામખોર છે, ઓફિસરો લાંચિયા છે. વગેરે.

**૨૦૦૮ની સાલમા** અમે લાલબાગ (મુંબઇ)માં ચોમાસું હતા, ત્યારે એક ભાઇ આવીને કહે, તમે સાધર્મિકભક્તિ માટે કેમ નથી બોલતા ? મેં કહ્યું : હું તો ઘણું કહું છું, સાધર્મિકોની જે સ્થિતિ છે એ છે, કોઇ ગમે તેવું વસાવી આપે તો પણ ચાર છ મહીના પછી શું ? હું એ કહું છું કે, આવી કપરી સ્થિતિમાં પણ સાધર્મિકોને ન્યૂનતા ન લાગે કે હું ગરીબ છું, મારે આફત છે, કઇ રીતે દૂર થાય ? આવો એને વિચાર પણ ન આવે. એ વિચારે કે મને જૈનશાસન મળ્યું છે, કોઇની પાસે કરોડો રૂપિયા હોય પણ જૈનશાસન નથી મળ્યું તે ગરીબ છે. કેમકે એનામાં ખોટા વિચારોનો ધોધમાર વરસાદ



વરસે છે. એને ભગવાન યાદ નહીં આવે. જ્યારે તને તો જૈનશાસન મળ્યું છે, એ તો કરોડો રૂપિયા આપવાથી પણ ન મળે, એ ખોટા વિચારોથી અટકશો, ભગવાન પણ યાદ આવશે, સામાયિક આદિ કરશે. આ ગરીબી તો વચલો કાળ છે, એ આત્માનાં ચોપડા ચોખ્ખા કરશે. આવું સાંભળીને સાધર્મિક અમારી પાસે આવીને કહે છે કે સાહેબ, આવું સાંભળ્યા પછી ઘણી શાંતિ છે. આના બદલે જો વ્યાખ્યાનમાં એમ કહે કે, આજના શ્રીમંતો પોતાના સાધર્મિકોનું ધ્યાન રાખતા નથી, બહુ લુચ્ચા છે, આમ કરવાથી આવું સાંભળીને તેઓને શ્રીમંતો ઉપર દ્વેષ થશે અને જે કોઇ સાંભળશે એને પણ દ્વેષ થશે. આ પાપકથા-વિકથા એ બધું બહિરાત્મભાવ છે. અંતરાત્મભાવને આત્મા સાથે સગાઇ છે, જ્યારે બહિરાત્મભાવને કાયા સાથે સગાઇ છે. પ્રમાદાચરણ છોડશો તો બહિરાત્મભાવ જશે.

(૧) પ્રમાદાચરણ...(૨) પાપભાષણ યાને પાપોપદેશ (૩) દુર્ધ્યાન અને (૪) અધિકરણનું દાન. જ્યારે બહિરાત્મભાવ આવે એટલે એમાં કાયાની ફિઝુલ પ્રવૃત્તિ, એના કૌતુક કરવાનું મન થાય અથવા ખોટી ક્રીડા કરવાનું મન થાય. આજે ક્રિકેટ રમે છે એ બહિરાત્મભાવનો ચાળો છે. એમ જોવા લાયક સ્થળો જોવા જઇએ, રાજાનો પેલેસ જોવા કે નખી તલાવ જોવા જાય, કોઇની નવી મોટર આવે તો જોવા જાય, એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિનાં તીર્થો જોવા જાય, એમના મંદિરો-દેવાલયો વગરે જોવા જાય, પંઢરપુર-વિઠોબાનું મંદિર વગેરે તેમજ જગન્નાથયાત્રા જે અમદાવાદમાં પ્રખ્યાત છે, એ જોવા જાય. આ બધું બાહ્યભાવ-બહિરાત્મભાવ છે. એજ પ્રમાણે મદારીનાં ખેલ, જાદુનાં ખેલ, નાટક, સિનેમા આ બધું બહિરાત્મભાવ છે, આત્માને કાંઇ હિતકારી નથી. જગત બહિરાત્મભાવ છે, આત્માને કાંઇ હિતકારી નથી. **જગતનું જેટલું જુઓ એટલું રૂવો.** પોતાના આત્મઘરમાંથી બહાર નીકળ્યા એટલે જગતનું કાંઇ જુઓ એમાં રાગ-દ્વેષ વધારવાના. આ બધું આત્માને અહિતકારી છે. કોઇના ઝગડા વગેરે જોવા આ બધું અનર્થદંડ છે, પ્રમાદાચરણ છે. આ બધાનો ત્યાગ કરીશ તો બહિરાત્મભાવ ઘટશે. એ શી રીતે આવે ?

**(i) અંતસ્તૃપ્તિથી.** એટલે અંદરખાને તૃપ્ત થઇ ગયેલો હોય, આ વિશ્વમાં જોવાનું કશું બાકી રાખ્યું નથી. જીવ ભૂખાળવો છે. અનંત પુદ્‌ગલપરાવર્ત જાય તો પણ તેની આ લત છૂટે એમ નથી. બહારનું જોવામાં શું છે ? મારે જોવું હોય તો કલ્પનાથી ઘણું જોઇ શકું છું. આવો જો અંતસ્તૃપ્તભાવ આવી લાગે તો પરસ્ત્રીદર્શન અને જગતના આકર્ષક દેખાતા સ્થળો જોવાનું મટી જશે. બહારના કરતા સવાયું જોઇ શકું એમ છું. આમાં જોવાનું શું છે ? આ બહિરાત્મભાવ છોડવા માટે અંતસ્તૃપ્તિ એ

મોટું સાધન છે.

એમ (ii) **સત્સંગ** એ પણ મોટું સાધન છે. સાધુપુરુષોનો સત્સંગ કરતો જાય તો બહિરાત્મભાવ તજાય અને અંદર આત્મામાં ઠરતો જાય. જગતના ભાવોમાં તણાઇ ગયેલું મન અને આત્મા સતત ઉકળાટ અનુભવે છે.

(iii) **મહાપુરુષોના ચરિત્રોનું સ્મરણ :** એક એક મહાપુરુષોના કેવા કેવા ચરિત્રો છે. થાવચ્ચાકુમાર મોટી ઋદ્ધિ સમૃદ્ધિના માલિક હતા. જેને ૩૨ દેવાંગના જેવી પત્ની હતી. જે દરેક ૧/૧ કરોડોનું ધન લઇને આવેલી, એની સાથે દાસ-દાસીઓનો પણ કેવો જમેલો હશે ! રંગ વિલાસના પણ કેવા સાધનો હશે ? પાંચે ઇન્દ્રિયોના ઊંચા વિષયો હતા. છતાં ભગવાન નેમનાથની એક દેશના સાંભળીને ઊભા થઇ ગયા. આમ મહાપુરુષોના જીવનનો વિચાર કરે. સાથે વિચારે, એક દિ' પરપોટાની જેમ હું પણ ફૂટી જવાનો છું. બધું અહીં સલામત પડ્યું રહેશે, આમ બહિરાત્મને છોડી અંતરાત્માનો વિચાર કરે.

(iv) **જપ, સ્તોત્ર ને સ્વાધ્યાય**-કરવાનું મન થાય. બહારના વિચારો આવે તે વખતે નવકાર ગણ. નવકારમાં સ્થિરતા લાવવી હોય તો નવકાર ગણો ત્યારે ૧/૨/૩ એમ નંબર આપતા જાઓ, મન ચોંટી જશે. અને કોઇ પણ કષાય થાય ત્યારે અથવા ક્રોધના વિચારો આવે ત્યારે ૧૦/૧૫ નવકાર ગણી લો. ક્રોધ દબાઇ જશે. અનંતા કર્મોએ મને દબાવ્યો છે તો આ માનવજાત મને દબાવે એમાં શું નવાઇ ! જપ-સ્તોત્ર ને સ્વાધ્યાય આ ત્રણ બહિરાત્મભાવને છોડવા માટે ને અંતરભાવ જગાડવા માટે મોટું સાધન છે. સૂત્રોનો પાઠ કરો, મોંએ ન આવડે તો ચોપડીમાં જોઇને પાઠ કરો. આવું કાંઇ કરીશ તો બહિરાત્મભાવ દૂર થશે.

(૨) **પાપભાષણ :** આ બીજા નંબરનો મોટો અનર્થદંડ છે. એમાં (i) **નિંદા**-કોઇ મળવું જોઇએ, જીભની કાતર ચાલુ થઇ જાય અને સામેવાળાનું વેતરવા માંડે. બીજાની નિંદા કરે, એ ન કરો, આ બહિરાત્મભાવ છે. આમાં કાયાને અને મનને મજા-આનંદ આવે છે. આમાં આત્માનો કોઇ વિચાર નથી

(ii) બીજાને **પાપની સલાહ** આપે. **ઋષભદેવ ભગવાનના જીવે** પૂર્વભવમાં ખેડૂતને સલાહ આપી. આવડે છે કે નહીં ? બળદનું મોં બાંધી દે, અનાજ નહીં ખાય. આ પાપની સલાહ આપી. બીજાને પાપની સલાહ ક્યાં સુધી આપે ? પેલાનું કાટલું નીકળે ત્યાં સુધી. પરવિવાહની સલાહ આપે. છોકરી મોટી થઇ, કેમ બેસી રહ્યાં છો. જુઓ, ફલાણે ઠેકાણે મુરતિયો સારો છે. ત્યાં કહેવડાવો. અંતરાત્મભાવમાં રહેવું હોય તો તેવા સ્થાને મૌન રહે, ખસી જાય, વખત આવે સાધુ પણ આમાં ભૂલો પડી જાય.



કોઇ સંબંધી આવીને કહે, છોકરી મોટી થઇ છે એટલે પરણાવવી તો પડે ને ? અને એમાં હા કહી દે, આ બહિરાત્મભાવ છે.

**નાગકેતુનો જીવ** પુણ્યશાળી હતો. શ્રાવક મિત્ર મળ્યો તો કષાયના ઉપશમ અને તપની સલાહ આપી, પણ જો ભાન-ભૂલો મિત્ર મળ્યો હોત તો ? પેલાને કષાયની સલાહ આપી હોત. આ બહિરાત્મભાવ છે. અંતરાત્મભાવમાં રહેવું છે તો જ્યાં મોકો મળે ત્યાં સલાહ ઉપશમ-ભાવની આપજે પણ અવળી દુનિયાદારીની સલાહ ન આપીશ. અને

(iii) **હિંસાદિની સલાહ** આપે. પેલો ધંધો કરો... સારો નફો થશે, પછી એ ધંધાની ટેકનીક બતાવે. વિષયવાસના વધે એવી દવા લેવાની સલાહ આપે. આ ટોનિક લો, શરીર સારું રહેશે.

(iv) **કલહ–ઝગડો :** કેટલાકને બીજાને ઝગડાવવામાં રસ હોય, એક બીજાને ઝગડાવે. એક બીજાને સંક્લેશ થશે એ ન જુએ. આ બધું અનર્થદંડ છે. મિથ્યાત્વને ખેંચી લાવનાર છે. ને એના દૂરગામી અનુબંધોને ઊભા કરે છે. આ અનર્થદંડ એવા ખતરનાક છે કે જીવને પછી એની કોઇ અફસોસી જ નથી. પાછળથી એમ નહીં થાય કે આ મેં ખોટું કર્યું, કિંમતી સમય વેડફી નાંખ્યો. આ ખોટાપણામાં હેયબુદ્ધિ ન આવે. એટલે કહેવત છે કે, 'ચાર મળે ચોટલા તો ભાંગે ઘરનાં ઓટલા'.

અનર્થદંડમાં એવાં અશુભ અનુબંધ બંધાય છે જે મોટા આરંભ-સમારંભમાં પણ ન બંધાય. કેમકે ધર્મ પામ્યો હોય તેને ખેદ થાય કે આ હું જે આરંભ-સમારંભ કરી રહ્યો છું તે ખોટા છે. હું ખોટું કરી રહ્યો છું. જ્યારે અનર્થદંડમાં આ ખેદ થતો નથી. એથી અનુબંધો એવા દૂરગામી પડે છે, જે જન્મોજન્મ ચાલે.

**પ્રમાદાચરણ લગભગ કાયાથી થાય છે, પાપસલાહ લગભગ વાણી વડે થાય છે અને દુર્ધ્યાન લગભગ મનથી થાય છે.**

પાપસલાહ એટલે પાપનું બોલવાનું. એમાં નિંદાથી માંડીને બીજાને કંઇક જાતની સલાહ આપવી. એમ કામોત્તેજક વાતો કરવી. પાપસલાહને શાસ્ત્રીય શબ્દમાં પાપોપદેશ કહે છે, એનાંથી બહિરાત્મભાવ પોષાય છે, એટલે આવું બોલવામાં બહુ રીઝર્વ્ડ બનવું પડે તો આ અટકે. બહિરાત્મભાવ છોડવો સહેલો નથી. મોં ઉપર તાળું મારો તો અટકે. **मुखमस्ति इति वक्तव्यम्** મુખ છે એટલે બોલવું જોઇએ, આ છોડી દે.

(૩) **દુર્ધ્યાન :** દુર્ધ્યાન બહિરાત્મભાવને પોષનારું છે. રસ્તામાં ચાલતા રૂમાલ પડી ગયો-પાંચ રૂ.ની નોટ પડી ગઇ, જે મળે એને કહેતો ફરે.... આ દુર્ધ્યાન છે. રાત્રે સૂતો હતો, કાંઇ નહોતું અને સવારે શરદી તાવ વગેરે થયું, હવે આનો જ વિચાર કર્યા

કરે આ દુર્ધ્યાન છે. જીવનમાં આવી નાની મોટી પ્રતિકૂળતાઓ એ અનિષ્ટ સંયોગો છે. જેના પરથી જીવ આર્તધ્યાન કરે છે. એજ પ્રમાણે ઈષ્ટનાં સંયોગો પર પણ આર્તધ્યાન કરે છે. રસોઈ બરાબર ન આવી, અમુક ચીજ ન મળી. આ બધું આર્તધ્યાન કરાવનાર છે. જીવનમાં ઘણા પ્રકારના ઈષ્ટ અને અનિષ્ટના હિસાબ રાખીએ છીએ એટલે જ આર્તધ્યાન ડગલે ને પગલે થાય છે. બહુ પ્રકારના ઈષ્ટ એટલે કપડું ધોયેલું છે, ઈસ્ત્રી પણ કરી છે પણ ક્રીઝ બરાબર પડી નથી, આવી નાની નાની ઈષ્ટ વસ્તુ કરી રાખી હોય એના નસીબમાં દુર્ધ્યાન છે. કારણ **પંચમકાળમાં એવી જોરદાર પુણ્યાઈ નથી એટલે કાંઈને કાંઈ અધુરું રહેવાનું. એટલે અધુરાને ઈષ્ટ માની લે તો લલાટમાં આર્તધ્યાન લખાયેલું છે.** દુર્ધ્યાન રોકવું છે ? દા.ત. રૂમાલ પડી ગયો, શું કામ બીજાને હવે કહે છે ? અંદર સળગેલું છે. બહુ ઈષ્ટ કરી રાખેલું. આ ઈષ્ટનો વિયોગ થયો છે માટે આ કરવું જોઈએ કે આમાં ઈષ્ટ શું કરવું ? રોટલી રોજ ખાય એમાં ઈષ્ટ શું ? એનું એ વસ્ત્ર પહેરવાનું એમાં ઈષ્ટ-અનિષ્ટ શું કરવાનું ? **જીવનમાંથી ઈષ્ટ અને અનિષ્ટ ઘટાડ્યા વિના આર્તધ્યાન નહીં જાય, બધું જ ઈષ્ટ-અનિષ્ટ કાયાની દષ્ટિથી છે, આત્માને કાંઈ નથી.** આ બધા બહિરાત્મભાવના ચાળા છે. જગતના પદાર્થને ઈષ્ટ અનિષ્ટ કરવામાં કાયાની દષ્ટિ પોષાય છે. જો બહિરાત્મભાવ તજવો હોય તો આ ઈષ્ટ-અનિષ્ટનો જે વેગ છે તે ઓછો કરવો જોઈએ, એટલે **પાતંજલદર્શનમાં** વૈરાગ્ય કેમ થાય ? એ માટે ચાર સંજ્ઞા-દષ્ટિ આપી છે.

(i) **ઈતરેતર સંજ્ઞા–** પહેલાં તપાસ કરવી કે આટલું મને ઈષ્ટ છે. આટલું ઈષ્ટની બહાર છે. દા.ત. લાખ રૂપિયાની ઈચ્છા છે તો લાખ ઈષ્ટ, પછી ૫-૧૫ લાખની ઈચ્છા નહીં.

(ii) **વ્યતિરેકી સંજ્ઞા–** જેટલું ઈષ્ટ થઈ શકે એમ છે એમાંથી કેટલું બાદ કરી શકે એમ છે ! એટલે લાખ રૂ. ઈષ્ટ છે, એમાં ૭૦-૮૦ હજાર હોય તો ચાલે ને ?

(iii) **એકતર સંજ્ઞા** અને (iv) **અન્યતર સંજ્ઞા :** આ ચાર સંજ્ઞાથી માનસિક અંકુશ દુન્યવી પદાર્થ સંબંધી મેળવી લીધો. પછી કોઈ લલચાવે તો પણ નહીં લલચાવાનું. કોઈના તરફથી ભારે શબ્દ આવે તો આપણને કાંઈ અનિષ્ટ નહીં, પછી એથી ભારે શબ્દ આવે તો ઉકળાટ ન થાય. પણ અનિષ્ટ સંબંધોમાં મનને કાંઈ નહીં કરવાનું અને ઈષ્ટ-અનિષ્ટના પાત્રમાં મર્યાદા કરવી પડે ત્યારે ઈષ્ટ-અનિષ્ટ ઓછા થાય.

તારે **બહિરાત્મભાવ તજવો છે તો** આ કરવાનું (A) જીવન જીવવામાં બહુ પ્રકારનાં ઈષ્ટ-અનિષ્ટ નહીં રાખવાનાં, મર્યાદિત થવાનું.

એમ (B) અનિષ્ટ ને ઈષ્ટની બહુ કવિતા ગાવી નહીં. વસ્તુ ખોવાય તો ૧૦



જણને કહેતો ફરે. રસોઈ સારી થાય તો કહે બહુ સારી થઈ, આ બધું કવિતા ગાઈ કહેવાય, આ બંધ કરવાનું. આ બધા પુદ્ગલનાં ખેલ છે. ઈષ્ટની બહુ પ્રશંસા નહીં, અનિષ્ટની બહુ નિંદા નહીં. બહુ અનિષ્ટ કરીને માને એટલે પછી ગમે તેમ બોલવાનું મન થાય. કપડા ધોતા કપડાને કાણું પડે એટલે ધોનારને ગાળ દેવાનું મન થાય. એક અનિષ્ટ માની લીધા પછી જીવ કેવો વ્યાકુળ થઈ જાય છે કે મહાકિંમતી મળેલી જીભનો કચરાપટ્ટીમાં ઉપયોગ કરે છે, જીભથી ડહોળે છે. એટલે બીજી સાવધાની આ છે કે બહિરાત્મભાવ છોડવો છે તો પુદ્ગલની કવિતા ગાવાની છોડ.

(C) એજ પ્રમાણે ઈષ્ટ અનિષ્ટની પાછળ રતિ-અરતિ-હર્ષ-શોકની મેંશનાં કૂચડા આત્મા ઉપર લગાડ્યે જાય છે એના બહુ વિચાર નહિ લાવવા. નહીંતર આર્તધ્યાન થયા વગર રહેશે નહીં. સ્વસ્થજીવન જીવવું હોય તો આને અટકાવ્યા વિના નહીં ચાલે. એ બધું બહિરાત્મભાવને લાવનારું છે. બહિતરાત્મભાવને તજ તો અંતરાત્મભાવ ઉપર પ્રેમ થશે. બહિરાત્મભાવ ઉપર કંટાળો આવે તો અંતરાત્મ-ભાવ ઉપર પ્રેમ થાય, એમ ક્યારે થાય ? આ શું વારે વારે પુદ્ગલની પલેવણ કરવાની ? જડપદાર્થની કવિતા ગાવાની ને વારેવારે હર્ષ-શોક-રતિ-અરતિ કરવાના. આવી ચોંટ લાગવી જોઈએ.

આવી ચોંટ **સંત તુલસીને** લાગી ગઈ. પત્ની પિયર ગઈ, રાત્રે ભાઈને ચેન ન પડ્યું એટલે રાત્રે જંગલ વટાવીને સાસરે ગયા. રાતના બે વાગે બારણું ખખડાવ્યું. પત્નીએ પૂછ્યું: કોણ ? તુલસી કહે : એ તો હું. પત્ની કહે : આવી અડધી રાતે જંગલમાં થઈને અહીં આવ્યા ? તુલસી : પણ તમારા વિના મને ગમતું નથી. પત્ની કહે...

**અસ્થિ ચર્મમય દેહ મેં, તામેં ઐસી પ્રીત;**
**ઐસી પ્રીત રઘુનાથ કી, તો ન હોત ભવ ભીત...**
**લાજ ન આવી આપકો, દૌડ આયે નાથ;**
**ધિક્ ધિક્ ઐસે વિષય કો, ક્યાં કહું મૈ નાથ...**

આવા મનુષ્યના અવતારમાં ભગવાન વિના ૨૪ કલાક ગમે છે ને મારા વિના એક કલાક ન ગમે ? મારામાં શું પડ્યું છે ? હાડ-માંસને લોહીનો આ દેહ છે, ભગવાન તો તારણહાર છે, કોઈ દિવસ ભગવાનની ફરીયાદ ન કરી કે, મને તારા વિના ગમતું નથી. ભેંસના અવતારમાં ગયા હોય તો પાડાને જોયા કરત. આ જ્યાં સાંભળ્યું ત્યાં તુલસી કહે : એમ છે ! ત્યારે આ ચાલ્યો.. લે ત્યારે વોસિરે વોસિરે... હવે હું જઉં છું. પત્ની ધર્મપત્ની હતી. કહે ઊભા રહો, અંદર આવો ને કંકુનું તિલક કર્યું. મારા

સંપર્કમાં આવેલો પતિ જિંદગીભર મને જોઇને નરકમાં જાય એ મને કલંક છે. આજે એમની શાન ઠેકાણે આવી ગઇ છે. જિંદગીભર હવે મારી સામું નહી જુએ તો ચાલશે પણ ભગવાનની સામું તો જોશે ને ! તો મારું ધર્મપત્નીપદ સાચું. આ હિસાબ છે. બહિરાતમ તજ. આ દુર્ધ્યાન અને દુર્ધ્યાનનાં કારણો અટકવાથી અંતરાત્મભાવ જાગશે.

(૪) **અધિકરણપ્રદાન :** ચોથા નંબરનું અનર્થદંડ છે અધિકરણનું પ્રદાન. બીજાને પાપનાં સાધન પૂરા પાડવા આ બહિરાત્મભાવ છે. અસલની ડોસીઓ મરતાં પહેલા ઘરમાં ઘંટી હોય તો એનાં બન્ને પૈડાને દેરાસરનાં પગથીયામાં ચોંટાડી દેતી. એ પણ બન્ને પૈડા અલગ અલગ દેરાસરે મૂકી દે. કેમ ? જો ઘંટી મૂકીને મરું તો એ ઘંટી રહે ત્યાં સુધી પાપ માથે ચડ્યા કરે. જે આવે તે ઘંટીમાં દળ્યા જ કરે. કોઇ લેવા આવે તો પણ ઘંટી વગેરે ન આપે. એજ પ્રમાણે પહેલાના વખતમાં કપડા ધોવા નદીએ-તળાવે જાય તો ઘરેથી સાબુ-ક્ષાર વગેરે લગાવીને જાય કેમ ? ત્યાં કોઇ સાબુ માંગે તો ? મારો સાબુ આપું તો એના ક્ષારથી અસંખ્ય જીવો મરે તેનું પાપ મને લાગે. એટલી પાપની બીક, જીવહિંસાનો ડર હતો. આજે તો ઇલેક્ટ્રીક ઘંટી ઘરમાં આવી હોય તો કહેતો ફરે, આપણે ત્યાં નવી ઘંટી આવી છે. પણ આ પાપનું અધિકરણ છે. પાપના સાધનને અધિકરણ કહે છે, ધર્મના સાધનને ઉપકરણ કહે છે. **આત્માને ઉપકાર કરે તે ઉપકરણ અને દુર્ગતિના અધિકારી કરે તે અધિકરણ.** માટે આવા સાધનો દુર્ગતિમાં લઇ જાય છે. તેવા સાધનોને શ્રાવક ઓછા કરે.

શ્રાવકને ૧૦ પ્રકારનાં ચિંતન કરવાના કહ્યાં છે. રાત્રિના શ્રાવક તીર્થોને અને મહાપુરુષોને યાદ કરીને સૂઇ જાય. અડધી રાતે જાગી પડે તો શું કરે ? એ માટે ૧૦ મુદ્દા આપ્યા છે. એનું ચિંતન કરે. એમાં એક આ વિચારે કે, ઘરમાં આ બધા અધિકરણોનો પથારો પાથર્યો છે એને હું ક્યારે ઓછા કરીશ ? જેટલાં ઘર-વખરીનાં સાધનો વધારે એ બધા અધિકરણ છે, બધા પાપના સાધન છે. હું નહીં વાપરું ને એમને એમ પડી રહેશે તો પણ ઘરના માણસો તેને આઘા પાછા કરશે તો કોઇક જીવ મરશે. અધિકરણ બે જાતના છે. (૧) જીવહિંસાને પોષનારા અને (૨) વિષય-વિકારોને પોષનારા. જેમ કે આજના જમાનામાં **T.V.** વિડીયો વગેરે. આ બધા આરંભ-સમારંભના સાધનોનું દાન અને વિષય વિલાસના સાધનોનું દાન કરવું એ અનર્થદંડ છે. અને એ નીતરતા બહિરાત્મભાવને પોષનાર છે. એમ વિલાસી મેગેઝીન-નવલિકાઓ વગેરે બીજાને વાંચવા આપે તો એ અધિકરણનું દાન કર્યું કહેવાય. કેમકે એ વાંચીને શું મેળવશે ? રાગની અને વાસનાની ઉત્તેજના વધારશે, માટે બહિરાત્મભાવ તજવો હોય તો આ બધું બંધ કરી નાંખ. **મનુષ્ય જીવન એ નાજુક જીવન છે, સ્હેજ સ્હેજમાં એના**



**ઉપર પાપના ડાઘ લાગી જાય છે,** નાજુક ચીજને સાચવવા સાવચેતી જોઇએ. દીર્ઘદ્દષ્ટિથી વિચાર કરીને અધિકરણનું દાન કરવું ન પડે એવી સાવચેતી જોઇએ. હવે આમાં લહેકાર, છૂટ હોય તો અંતરાત્મભાવ ક્યાં થાય ?

**જનરલ દૃષ્ટિએ વિચાર** - સામાન્ય દૃષ્ટિથી વિચારીએ કે બહિરાત્મભાવ છોડવો એટલે અત્યાર સુધી કાયાને લગતી જે ચીજ છે... ધન-વસ્ત્ર, પરિવાર, ઘર, અંલકાર, મિત્ર-સ્નેહી અને સથવારો આ બધા કાયાને લગતા છે. એ બધા ઉપર 'મમ' નું લેબલ લગાડેલું છે. આ 'મમ' ના લેબલ ઉખેડી નાંખવાના. એની સામે આત્માને લગતી જે વસ્તુઓ છે, ધર્મ-મારો, વ્રતો-નિયમો-સુકૃતો આ બધું મારું, જેમ વાણીયો પૈસા ભેગા કરવામાં પાછું વાળીને ન જુએ એમ અંતરાત્મભાવવાળો ધર્મ કરવામાં પાછું વાળીને ન જુએ. ઘર ને બદલે મંદિર-ઉપાશ્રય ઉપર મારુંનું લેબલ લગાવે. ઘર નીચે ઉતારનાર છે, મંદિર ઉપાશ્રય ઉપર ચડાવનાર છે. પરિવાર એ મારો નહીં પણ દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક મારા. જેને જોઇને પુણ્ય મળે, પુણ્યની જ નીક વહ્યા કરે. પરિવારમાં પત્ની-પુત્રને-જોઇ-જોઇને પાપ બંધાયા કરે. એમ મિત્ર-સ્નેહી-દુન્યવી દૃષ્ટિએ મારા કરીને રાખ્યા હતા હવે કલ્યાણમિત્રને મારા તરીકે રાખવાના. કલ્યાણમિત્ર કોણ ? સમાજમાં જે જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રસંપન્ન હોય તે કલ્યાણમિત્ર. ધર્મશાસ્ત્રોનો બોધ હોય તે જ્ઞાનવૃદ્ધ.

બહિરાત્મદૃષ્ટિવાળા સથવારો કેવો શોધે ? ક્યાંય બહાર જવું હોય કે ફરવા જવું હોય તો કોઇ સાથે વાતવિસામો કરવો હોય તો બહિરાત્માનો સથવારો શોધે. અંતરાત્મભાવ લાવવો હોય તો આવાના સથવારા છોડીને સાધર્મિકના સથવારા શોધે, કલ્યાણમિત્ર શોધે. વિષમકાળ છે, અનેક પ્રકારનાં પાપો છે, એનાથી કેમ બચાય ? એવી વાતો કરનારના સથવારા શોધે છે. એટલે બહિરાત્મભાવ તજવો એટલે સથવારા મૂકી દેવાના,

બહિરાત્મભાવ ઉપર વિચાર એમ કહ્યું ! બહિરાત્મ તજ. અંતરાત્મ થઇ બહિરાત્મ તજ એટલે બહિરાત્મરૂપે મટી જા અને અંતરાત્મરૂપ થા અને થિરભાવ કેવળ. એ રીતે એનો અન્વય થયો.

બહિરાત્મરૂપે મટી જવું અને અંતરાત્મરૂપે થવું એનો અર્થ શું ? બહિરાત્મરૂપ કોણ છે ?

જે મારાપણું ઊઠાવીને આત્મા અને આત્મહિતકર વસ્તુ ઉપર સ્થાપે તો અંતર આતમરૂપ થયો.

**ઘર મારું નહીં, ઘર તો ભવરૂપ પ્રવાસમાં એક સરાઇ - ધર્મશાળા છે.**

**મોક્ષના પ્રવાસમાં મારું ઘર એટલે જિનમંદિર, ઉપાશ્રય એ છે.**

બીજી વાત, બહિરાત્મરૂપ કોણ છે ? જે દુનિયાની જ વાતો કરે એના ગુણ-નિંદા ગાય તે. આ મિટાવવું છે ને અંતર આતમરૂપ થવું છે, તો પ્રશંસા કોની કરે ? જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યની પ્રશંસા કરે, મારાપણું એમાં માને. વારંવાર એની જ વાત કરે તો કહેવાય કે બહિરાત્મરૂપ છોડ્યું ને અંતરઆતમરૂપ પ્રગટ કરવા માંડ્યા એમ કહેવાય. એજ પ્રમાણે દેવ-ગુરુ-ભક્તિ-બીજી ધર્મસાધનાની વાતો, તેની પ્રશંસા કરે તો અંતર આતમરૂપ આવ્યું કહેવાય. કોઈ મહોત્સવની વાત નીકળે તો કહે : ભગવાનની આંગી બહુ સારી, ભગવાનનાં ગીતો સારા ગવાતા. આમ વાત કરે અને પછી કહે : કોલાહલ ઘણો, એણે કંજુસાઈ બહુ કરી, રોશની જ ન કરી ને ફૂલોનો ઢગલો કરી દીધો. આમ બહિરાત્મભાવનું પીંજણ ચાલે અને ૪૦૦ વાક્ય સુધી પતે નહીં. આમ બહિરાત્મભાવ છોડવો ક્યાં સહેલો છે ?

**૪૦૦ ધર્મના વાક્યમાં એક દુનિયાદારીનું વાક્ય ન આવવા દે તો અંતર આત્મભાવ કેળવ્યો કહેવાય.** બહિરાત્મભાવ તજવો છે તો તું વારંવાર સ્મરણ શાનું કરે છે ? તારા આત્માને બહિરાત્મરૂપ મિટાવી દેવો હોય તો કાયાને લગતી-ઈન્દ્રિયને લગતી વાતને વારંવાર મમરાવવી રહેવા દે. વારેવારે એનું જ સ્મરણ થતું હોય તો બહિરાત્મભાવ શાનો છૂટે ? અસલમાં પોતે બાહ્યપદાર્થને ન મમરાવે પણ કોઈએ આવીને માંડી તો ત્યાં તરત મનમાં લાવે કે મજેની અધ્યાત્મની વાતો ચાલે છે ને આ બધું ફોરેન મેટર ક્યાં ઘાલ્યું ? આ બધો પરદેશી માલ છે.

**શાંતનુ મહેતા**એ પાટણની બહાર હવેલી બાંધી. આચાર્યમહારાજ ઠલ્લે જઈને પાછા ફરતા હતા, મહેતાએ વિનંતી કરી : સાહેબ અહીં પધારો. આચાર્યભગવંત વિનંતીથી બે મિનિટ હવેલીમાં ગયા. બેઠા અને હવે વાત કરે છે : સાહેબ, આ હવેલી હમણાં બે લાખ ખર્ચીને બનાવી છે. આચાર્યમહારાજ ગંભીર છે. કેમકે આચાર્યમહારાજે જોયું કે આણે મોહ-મમતાનો દારૂ પીધો છે, એનો આ ઉંહકારો છે. અંતરાત્મભાવવાળો બાહ્યની બહુ કવિતા ન ગાય, નહીંતર એને ઝેર ચડે. **તમે ગમે તેટલા અધ્યાત્મિક હો પણ દુન્યવી વાતોમાં જો લપસ્યા તો પછી અધ્યાત્મભાવ નષ્ટ થાય છે.** મહારાજને હવેલી બતાવતો જાય ને પછી કહે : સાહેબ, આ કેમ લાગે છે ? આચાર્યમહારાજ બહુ ગંભીર થયા. કાંઈ બોલતા નથી. મહેતાના મનમાં થાય છે આચાર્યમહારાજ મોટા છે. ગામે ગામ ફરતા હોય આનાથી સારી હવેલી જોઈ હોય એટલે ન પણ બોલે. હજી આ ગડમથલમાં હશે ? ત્યાં સાથેના શિષ્યે કહ્યું: કેમ મહેતા ? પાપની હવેલી પર આચાર્યમહારાજની સહી લેવી છે ? કેટલા આરંભ-



સમારંભ પછી આ હવેલી ઊભી થઈ. હવે સાહેબનું મત્તુ મરાવવું છે ? એટલે તમારા બધા પાપમાં સાહેબ અનુમોદના કરી આપે ? સાહેબ સહી ક્યારે કરે ? કોઈ સારું મંદિર-ઉપાશ્રય ધર્મસ્થાન બનાવ્યું હોય તો ! કઈ અક્કલથી સાહેબને પૂછી રહ્યા છો ? મહેતા પણ સારા તત્ત્વના જાણકાર હતા, અને તરત કહી દીધું : સાહેબ આ પૌષધશાળા-સંઘને અર્પણ કરી, બોલો હવે કેવી ? એક નંબરની. બહિર્ભાવ છોડવો છે તો કાયાને લગતી બાહ્ય ચીજોની પ્રશંસા-વારંવાર સ્મરણ નહીં ને એના પર મમત્વ નહીં. હવેલી મારી નહીં, પૌષધશાળા મારી. સંઘને અર્પણ કર્યા પછી મારી કેમ ગણાય ? આ મને સુકૃતનો લાભ અપાવનારી છે. માટે આ હિસાબ છે, બહિરાત્મ તજ એટલે એના હિસાબ ફેરવી નાંખે, પ્રયોજન ફેરવી નાંખે તો બહિરાત્મભાવમાંથી છૂટી અંતરાત્મભાવમાં આવે.

મોટર કેમ રાખી છે ? ઓફીસોમાં ભટકવા નહીં. આખી મુંબઈનાં દેરાસરોનાં દર્શન કરવા માટે. મોટર એની એજ પણ ભાવ બદલી નાંખ્યો. જઈ જઈને બધું જમા કરવાનું આત્માના હિતમાં એનું નામ અંતરાત્મભાવ. ને બધું બોલવું-ચાલવું-કરવું બધું એ ઉધારવાનું કાયાના હિતમાં. આત્મપ્રશંસા વગેરે એ નકરો બાહ્યભાવ. એટલે આ વાત આવી કે બહિરાત્મરૂપ મટી જા, અંતરાત્મરૂપ થા. એટલે શું કરવાનું ? તો કહે છે કે કષાયોમાંથી ક્ષમાદિ ભાવોમાં આવવાનું. ક્ષમાદિભાવોમાં આવ્યો એટલે અંતરાત્મરૂપમાં આવ્યો કહેવાય. આવો અવસર મળે છે, નુકશાન વખતે ક્ષમા રાખવાનો ? એમાં બહારથી નાનું નુકશાન પણ અવસર સોનાનો. જ્યારે ક્રોધ કરવો એ મોટું નુકશાન છે. કારણ કે, ક્રોધની ગાડી નોનસ્ટોપ ચાલી છે એટલે અહીંયાં ક્રોધની ગાડીને વચ્ચે વચ્ચે બ્રેક લગાવવાની છે. ગાડીને વારંવાર બ્રેક લગાવવાથી ક્રોધ ઉપર કન્ટ્રોલ આવશે પછી ક્રોધ નહીં થાય. એટલે જ્ઞાનીઓ કહે છે કે ક્રોધમાંથી હવે ક્ષમામાં આવ, અભિમાનમાંથી નિરહંકારિપણામાં આવ. હું કાંઈ નથી એમ માયા-પ્રપંચ મૂકી સરલતા-નિખાલસતામાં આવે તો અંતરાત્મભાવમાં આવ્યો કહેવાય. એમ અનેક પ્રકારના લોભ-આસક્તિ એને મૂકતો જા અને નિર્લોભતા-અનાસક્તિ વૈરાગ્યમાં આવતો જા. તો અંતરાત્મરૂપમાં આવ્યો કહેવાય. એમ અમૈત્રીમાંથી મૈત્રી આદિ ભાવમાં આવ. અમૈત્રી, કઠોરતા, ઈર્ષ્યા, દોષદર્શન આ બધું બહિરાત્મભાવમાં ભરેલું છે.

મૈત્રીભાવ= સર્વજીવ પ્રત્યે સ્નેહ. કરુણાભાવ=બીજાનાં દુઃખ કેમ મિટાવવા. વિશેષ કરીને બીજાની ભૂલો, બીજાના પાપો, બીજાના અધર્મો, બીજાનાં કષાયોને કેમ શાંત કરું ? એ ઊંચો કરુણાભાવ. આ પ્રયત્નોમાં રહે તો અંતરાત્મરૂપ થાય.

બહિરાત્મભાવમાં રમનારો જાતે તો મરે છે પણ બીજાને પણ મારે છે. એથી

ઊલટું-અંતરાત્મભાવમાં રમનારો જાતે તો તરે છે, અને બીજાને પણ તારે છે. કોઇ ગાળ દે તો સામી ન દે. હંસ ને કાગડામાં આટલો ફરક છે. કાગડાને ખરાબ વસ્તુ બીજાના ઉપર ઉડાડવામાં મજા આવે છે અને ખરાબ વસ્તુમાં એ ચાંચ નાખે છે. જ્યારે હંસ બીજા ઉપર ખરાબ વસ્તુ ઉડાડે નહીં અને ખરાબવસ્તુમાં ચાંચ નાંખે પણ નહીં. દુર્જન સામે દુર્જન ન થવાય આ અંતરાત્મભાવવાળાનો હિસાબ છે. વિષયોની જે રમણતા અને તુચ્છ વિચારોની રમણતામાંથી બહાર નીકળી તાત્ત્વિક વિચારણા-તાત્ત્વિક વાત અને તાત્ત્વિક વસ્તુને મગજમાં રમાડવી જોઇએ. દા.ત. વિષયોના વિચાર ચાલે છે... આ મકાન-ફ્લેટ કેવા સારા, આપણે કેવી રીતે બાંધવા, આ બધી વિચારસરણી અતાત્ત્વિક છે. એને દૂર કરીને વિચારસરણીને તીર્થોમાં, ભગવાનના મંદિરમાં લઇ જાય... આ તાત્ત્વિક વિચારસરણી છે. નકામા ફોફાં ખાંડવાથી શું મળે ? એમ ખોટી વાતો કરવાથી શું મળે ? એના કરતા સિદ્ધગિરિ-સમેતશિખરજી વગેરેની યાત્રાનાં વિચારો ન કરે ? અને ક્રમશઃ આગળ વધતા કચરાપટ્ટી વિચારો દૂર થાય. અંતરાત્મરૂપ થવું છે તો તુચ્છ-ફિઝુલ-વિચારો વિષયોના વિચારો ન કરતા તીર્થના વિચારો, ભગવાનના બિંબના વિચારો કરે. એક પછી એક આદેશ્વર ભગવાનનાં દર્શન ક્યાં ક્યાં કર્યા, પાર્શ્વનાથ ભગવાનના દર્શન ક્યાં ક્યાં કર્યા આનો વિચાર કરે, પછી કચરાપટ્ટી વિચારો ક્યાં ઊભા રહે ?

બીજી લાઈન છે મહાપુરુષોનાં જીવનનો વિચાર કરે, એમના પરાક્રમોના વિચાર કરે. **થાવચ્ચાપુત્ર**નો વૈરાગ્ય કેવો ? એમણે શું કામ કર્યું ? અને **શાલિભદ્રનો** વૈરાગ્ય-ત્યાગ કેવો ? એમનો ત્યાગ એટલે ? કમાવાની ચિંતા નથી, બાપનો મોટો વારસો મળેલો છે. ઉપરાંત દેવતા રોજ ૯૯ પેટી મોકલે છે. આ બધું હોવા છતાં 'નહીં મંગતા હૈ' કરીને ઊભા થઇ ગયા. મા કહે : કનૈયા ! આ દુનિયામાં એક છોકરો તો બતાવ કે જેને દેવ વગર માંગે આપતો હોય ? છતાં શાલિભદ્ર નહીં મંગતા હૈ કરીને નીકળી ગયા. વિચારો ! હૈયું કેવું હશે ? વૈરાગ્ય અને ત્યાગ કેવો હશે ? આ ત્યાગ કરી ભગવાનના શરણે જવામાં ભગવાન પરની શ્રદ્ધા કેવી હશે ? ઓલી નવાણું પેટીઓ અને બધી અપ્સરાઓ તમે કોણ ? એના કરતા મારા મહાવીર વધારે. અનંતા કાળમાં આ બધું અનંતીવાર મળ્યું. તમે (મારા વીર) પહેલીવાર મળ્યા, એટલે શું ભગવાનને છોડીને આ બધાને હવે વળગ્યો રહું ? અનંતા ભવોમાં અનંતીવાર આ બધી વસ્તુઓને વળગ્યો છતાં એજ વસ્તુઓએ મને લાત મારી. અનંતા કાળમાં વહાલા વીર તમે પહેલીવાર મળ્યા, આપની આગળ આ પેટીઓ શુ વિસાતમાં છે ! અને ભગવાનનું શરણું લીધું. શરણું લીધા પછી કાયાનું તેલ કાઢી નાંખ્યું; અને હું



કાયાની મરામત કરી કરીને આત્માનું તેલ કાઢી રહ્યો છું. એ શાલિભદ્રનો ત્યાગ.

**આત્માની મરામત કરવી હોય તો કાયાનું તેલ કાઢવું જોઇએ.**

એમ **ગજસુકુમાર**ની સહિષ્ણુતા ને ક્ષમા. નવજુવાન પઠ્ઠા જેવા હતા, સોમિલ સસરો તો ડોસા જેવો હતો. એક લાત તેની ફાંદ ઉપર મારી હોત તો ડોસાને ત્રણ ગુલાંટ ખવડાવી દેત. માથે સગડી મૂકવી છે ? છતે બળે અને છતી ઇજ્જતે બધું સહન કરવા એનો ઉપસર્ગ વધાવી લીધો. ઘીકેળા તો વધાવાય, માન-સન્માન તો વધાવાય, પણ માથે સગડી શી રીતે વધાવાય ? જ્યારે તમે તો વધાવી લીધા.

જૈનશાસનના સિતારાઓ કેવા ? શું કામ કરી ગયા ! **ખંધક ને ઝાંઝરિયા મુનિ.** ખંધક મુનિની ચામડીં ઉતારવા મારાઓ આવ્યા તો માને છે કે આ તો સખાઇ મળ્યો, અને ઝાંઝરિયા મુનિનું ડોકું કાપી નાખવા રાજા આવ્યો તો વિચાર્યું, મહાન ઉપકારી મળ્યો. આ એકલું ડોકું નહી પણ જન્મ જન્મનાં પાપ કર્મોના ડોકા કાપી રહ્યો છે. મોક્ષે જવાની જાણે ઉતાવળ થઇ રહી છે. આ જૈન સિતારાઓના પરાક્રમ એક પછી એક જોવા મળે તો પછી વિષયના વિચારો ક્યાં ઊભા રહે ?

સામે આવે **સ્થૂલભદ્ર**- રાજા કહે લો આ મંત્રીમુદ્રા. એક નાની સોસાયટીમાં સેક્રેટરી પદ માટે શું શું કરે ? અને આ પાટલીપુત્રની મંત્રીમુદ્રા લેવાની વાત ઉપર પણ વિચાર કરવા લાગ્યા. મંત્રી-મુદ્રિકા રાજા સામે ચડીને આપે છે ત્યારે સ્થૂલભદ્ર વિચારવાની વાત કરે છે. મંત્રીમુદ્રિકાની લલચામણ નથી કે મોમાંથી લાળ નથી છૂટતી. પોતાના બાપને મારવાની ભૂલની ક્ષમા માંગીને રાજા પ્રેમથી મુદ્રિકા અર્પણ કરે છે છતાં સ્થૂલભદ્ર વિચાર કરે છે. ૧૨/૧૨ વર્ષ કોશાને ત્યાં રહ્યા ને વિચાર નથી કર્યો. અને અહીંયાં વિચાર કરે છે. એક જ મિનિટમાં વિચાર કરીને માથે લોચ કરી રાજાને ધર્મલાભ આપી ચાલી નિકળ્યા. પેલી પ્રાણપ્યારી કોશાને છોડીને ચાલ્યા, એની તુલના કરે તો મેળ ન જામે. કોશાને ત્યાં રાહ જોવાય છે, હમણા આવશે, હમણા આવશે, મોડું થયું તો મેડી ઉપર ચડીને જુએ છે. જે કોશા સ્થૂલભદ્ર સૂઇ જાય તો ખડે પગે ઊભી રહેતી, કઢેલા દૂધનો પ્યાલો હાથમાં તૈયાર રાખતી ને જગાડતી. સ્વાગત-સન્માન સાથે બધું જ મળતું હતું એજ સ્થૂલભદ્ર હવે દીક્ષા લઇને સાધુવેશમાં ચાલ્યા. કોશાને કહેવા પણ ન ગયા કે તારા મારા સંબંધ પૂરા થયા. પેલી બિચારી રાહ જોતી હતી, વલખા મારતી હતી. મેડી પર ચડીને જોયું તો સાધુવેશમાં આવતા જોયા 'નીચે ઉતરી. આવે એટલે વધાવી લઉં' એમ કોશાનાં મનમાં થયું, પણ આ તો સાધુ થયેલા-હવેલી કે કોશાની સામું પણ કોણ જુએ ! શાસ્ત્રે લખ્યું છે કે મરેલી કુતરી ગંધાતી હોય ને ત્યાંથી પસાર થવાનું હોય તો કઇ રીતે ચાલે ? ઝટપટ ત્યાંથી ચાલે. એજ રીતે

સ્થૂલભદ્રજી કોશાને જોયા વગર ઉતાવળે પગલે ત્યાંથી ચાલ્યા. આવા પરાક્રમી આપણા મહાપુરુષો હતા.

બહિરાત્મ તજ ને અંતરાત્મ થા. એટલે બહિરાત્મ મટી જા ને અંતરાત્મરૂપ થા. બહિરાત્મ રૂપ એટલે શું કરે છે ? પૌદ્‌ગલિક આનંદ ને આગળ કરે છે. એ આનંદ કેટલો ? એ બહિરાત્મ-ભાવનું લક્ષણ છે. અંતરાત્મભાવમાં આવવું હોય તો આત્મિક આનંદ લેવો જોઇએ. પૌદ્‌ગલિક ને આત્મિકઆનંદમાં ફરક શું ? એનો નમુનો મળે છે. શાસ્ત્ર કહે છે કે, જીવ જ્યારે પ્રથમ સમ્યક્‌ત્વ પામે ત્યારે તેને અપૂર્વ આનંદ મળે છે. અપૂર્વ એટલે પૂર્વે કદી નહીં થયેલો ? તો પૂર્વે સાત-સાત નરકમાં ગયેલો, ત્યાંથી છૂટ્યો ત્યારે એવો આનંદ નહીં થયેલો ? સમ્યક્‌ત્વ પામે છે ત્યારે એવો આનંદનો અનુભવ કરે છે કે જે પૂર્વે થયો જ નહોતો. તીર્થંકરોનાં કલ્યાણક વખતે આનંદ થાય છે, એમનો પ્રભાવ અદ્‌ભુત છે, એવા અદ્‌ભુત પ્રભાવથી થનાર આનંદ પણ અદ્‌ભુત હોય. એ પણ વિસાતમાં નથી કેમકે એ આનંદમાં પણ પૌદ્‌ગલિકપણાનો અંશ છે. કોઇ ઠોકતું હોય ને પેલો બૂમાબૂમ પાડતો હોય તે વખતે કોઇ છોડાવે તો આનંદ થાય છે. એમ નરકમાંથી છૂટે ત્યારે માત્ર પૌદ્‌ગલિક આનંદ હતો. વાસ્તવમાં આનંદનું તત્ત્વ નહીં, એટલે કલ્યાણકનો આનંદ પણ કંઇક અંશે પૌદ્‌ગલિક. કેમકે, ઔદયિકભાવની શાતા પ્રસરાવે છે. જીવમાત્રને સુખ-શાતા થાય છે. જ્યારે જીવ સમ્યક્‌ત્વ પામે છે ત્યારે એને આધ્યાત્મિક આનંદ થાય છે. એ આનંદ કેવો ? એને બીજા દર્શનવાળા **ભવકારાગૃહપલાયનકાલઘંટા** એવો શબ્દ પ્રયોગ કરીને ઓળખાવે છે. જીવને જ્યારે પહેલું આત્મદર્શન થાય છે ત્યારે એને એવો અનહદ આનંદ થાય છે. સમ્યગ્‌દર્શનમાં શું અનુભવ થાય ? તો કહે આત્મદર્શન થાય છે. કેદી કારાગારમાં હોય, જેમાંથી છૂટવાની આશા મૂકી દીધી હોય અને મુખ્ય રાજપુત્રનો જન્મ થાય ત્યારે કાલઘંટા વાગે. જે સાંભુળીને બધા કેદી પલાયન થઇ જાય, બધાને છુટ્ટી મળુની જાય, અને એને આનંદ કેવો થાય ? એમ આત્મદર્શન થતાં વિવેક આવે એટલે ભવરૂપી કારાગૃહમાંથી પલાયન થવાની કાલઘંટા વાગે છે. એટલે જીવને અતિશય આનંદ થાય છે, શમસંવેગાદિ ગુણો આવે છે. શમસંવેગાદિ ગુણો એટલે જીવ અત્યાર સુધી મૂર્ચ્છિત હતો, દુઃખમાં પણ હવે એને ભાન થયું આ સંસાર કારાગાર છે, આ સમ્યગ્‌દર્શન બતાવે છે. આશ્રવ-સંવરને તું ઓળખી લે, પછી એનો પ્રયોગ કરજે. આ આશ્રવ-સંવર એવાં છે કે, એકવાર ઓળખ થઇ ગઇ પછી ભવસ્થિતિ વધારે રહે નહીં, આશ્રવનાં આટલાં સ્થાન છે એને છોડવાનાં અને સંવરનાં આટલા સ્થાન છે એને આરાધવાના. આ બધું જાણ્યા પછી વધારે ભવસ્થિતિ ન રહે. આ આનંદ છે અને પછી



એકાદવાર નરક કે અનુત્તર મળે તો પણ દુઃખ કે આનંદ ન આવે. બધી જ પાપાચારની વેઠ બંધ અને અનંતી ભવભ્રમણની પરંપરાનો અંત આવે છે. હવે અંતરાત્મામાં સ્થિર થઇ ગયા છે.

**મરુદેવા માતાએ** આ કર્યું. દીકરો મને બોલાવતો નથી એટલે વિચારે છે કે, મને બોલાવવી હોત તો ઘરમાં ન બેસત ? આમ અંતરાત્મામાં સ્થિર થયા તો કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. બહિરાતમ તજ એટલે પુદ્‌ગલિકઆનંદને પડતો મૂક. પડતો નથી મૂકાતો તો એને ઓળખી લે પછી એનું દુઃખ નહીં થાય. આજે મીઠાઇ મળી ને કાલે ન મળી તો દુઃખ નહીં. નહીંતર દુઃખ થશે. બહિરાત્મ તજ એટલે એનો પક્ષપાત મૂકી દે. આનંદ તો આત્મિકભાવનો, ત્યાગનો, નિસ્પૃહતાનો. તો અંતરાત્મરૂપ થાય. પૌદ્‌ગલિક આનંદનો પક્ષપાત મૂકી આત્મિક આનંદનાં, ત્યાગનાં, આનંદનાં પક્ષકાર થાય તો અંતરાત્મરૂપ થાય. જ્યાં સુધી કાયાને આત્મા માનતો હતો ત્યાં સુધી કાયાની લાભહાનિને પોતાની લાભહાનિ માનતો હતો.

**કાયાની લાભહાનિમાં પોતાની લાભહાનિ માને, દેખાડે એ બહિરાત્મભાવ છે.** બાહ્યલાભ દેખાય ત્યાં વિકસે, તુષ્ટિ પુષ્ટિ માને આ બધો બહિરાત્મભાવ છે. આ છોડવાનું એટલે આત્મિક-દૃષ્ટિએ લાભહાનિ જોતો જા. કાયાની દૃષ્ટિએ લાખ રૂપિયા મળ્યા તો 'હાશ' થાય આત્મિકદૃષ્ટિ એવું હોય તો 'હાય' થાય.

**આત્મિકદૃષ્ટિએ લાભ, હાનિ જોવી હોય તો કાયાનાં લાભમાં 'હાય' અનુભવે અને કાયાની હાનિમાં 'હાશ' અનુભવે,** આ હિસાબ ઊભો કરવાનો છે. આત્મિક લાભ ઊભો થતો હોય ત્યાં મન વિકસ્વર થાય. દાન-તપ વગેરેનું સુકૃત કરવાનું મળે છે, બહુ સરસ. આચાર્ય જાહેર કરતાં હતા કે, શિખરજી ઉપર સંલેખના કરવા જવું છે જેને આવવું હોય તે આવે, તો આધ્યાત્મિક સાધુઓ આ સાંભળી વિકસ્વર થયા, કેમકે અંતરાત્મરૂપ બની ગયા હતા. જેમ પુંડરિકસ્વામી સાથે પાંચક્રોડ મુનિઓ, પાંડવો સાથે ૨૦ લાખ મુનિઓ, દ્રાવિડ-વારિખિલ્લજીની સાથે દશ ક્રોડ મુનિઓ સિદ્ધગિરિ ઉપર અનશન કરવા ગયા.

સિદ્ધગિરિમય ક્યારે થવાય ? ખાન-પાન, કાયાની મરામત આ બધું છોડી દઇએ તો સિદ્ધગિરિમય થવાય. આવો અપૂર્વ આનંદ અનુભવ્યો હશે તો સાધુઓ અનશનમાં ઝુકી પડ્યા. અનશન પાર પાડ્યા તો ભવનાં આ કિનારેથી મોક્ષનાં કિનારે પહોંચી ગયા.

બહિર્ભાવમાં રતિ-અરતિ, રાગ-દ્વેષ બધું છે, પુદ્‌ગલાનંદ છે, આ બધા બહિરાત્મભાવનાં ખેલ છે. અંતરાત્મરૂપ થવું છે, તો ઉદાસીનભાવ રાખ. નરસિંહ

મહેતાને કોઇએ આવીને કહ્યું : મહેતા ! તમારી ઘરવાળી મરી ગઇ, એટલે મહેતાએ કહ્યું : **ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ.**

આ એક વેઠ હતી તે ગઇ. અંતરાત્મરૂપ થવું હોય તો રાગ-દ્વેષ-રતિ-અરતિ વગેરે તજવું પડે. અવધૂ સદા મગનમેં રહના. અવધૂ=પોતાનો આત્મા. સદા=સંપત્તિ કે વિપત્તિમાં બધા પ્રસંગમાં આનંદમાં રહેવું. આ હિસાબ હતો મહાપુરુષોનો. ઉપસર્ગ આવ્યા તો માને કે પડોશીને ત્યાં આવ્યા. મારા પર ક્યાં કાંઇ છે ? આ હિસાબ ગજસુકુમારનો હતો 'જે બળે છે તે મારું નથી ને મારું છે તે બળતું નથી.' આ અંતરાત્મભાવ હતો.

અનંતાકાળનાં બંધનને ઉખેડવા માટે આત્માને હાલતાને ચાલતા ઉદાસીનભાવ કેળવવા સમજાવાનો છે.

**સંન્યાસી** હતો, ક્ષમાશીલ હતો. ક્ષમામાં બહુ વખણાયો હતો. એક જણાને પારખું કરવાનું મન થયું. પારણું કરવાનું નોતરું આપ્યું અને સંન્યાસીને ઘરે બોલાવ્યા. સંન્યાસી આવ્યો એટલે પગ ધોયા, પાણી માથે લગાડ્યું, ખૂબ પ્રેમથી જમવા બેસાડ્યા, સારામાં સારું પીરસ્યું અને જ્યાં એક કોળિયો મોંમા મૂકવા જાય છે ત્યાંજ પેલાએ કહ્યું : હરામખોર, ભીખારડા, અહીં ખાવા બેઠો છે ? ઊઠ, ઊભો થા અને સંન્યાસી શાંત ચિત્તે ઊભો થઇ ગયો અને ચાલવા લાગ્યો. ૪-૫ ડગલા ગયો ત્યાં પેલા આવી ને કહે : ભાઈસાબ, માફ કરજો, મારું દિમાગ આવું છે, પાછા પધારો. સંન્યાસી પાછો ગયો. જમવા બેસાડ્યો, જ્યાં બીજો કોળિયો મૂકવા જાય છે ત્યાં પાછી પેલાએ ગાળો શરૂ કરી. સંન્યાસી વિચારે છે કે એને તરંગ આવતાં હશે એટલે બેઠો છે. એટલે પેલો ગુસ્સે થઈને કહે છે, બાવડું પકડીને ઊભો કરે છે, એટલે સંન્યાસી પાછો ચાલવા માંડે છે. ૮-૧૦ ડગલા ગયો હશે ત્યાં પાછો પેલો ગયો અને કહે માફ કરના, પાછો પરાણે લઇ ગયો. જમવા બેસાડ્યા અને જ્યાં ત્રીજો કોળીયો મૂક્યો કે પાછી ગાળા-ગાળી પેલાએ શરૂ કરી અને હવે તો બે તમાચા મારી દીધા. સંન્યાસી ઊભા થઇને ચાલવા લાગ્યા. વિચારે છે કે ચાલો આજે પારણું થઇ ગયું, હવે પાછા ફરવું નથી. થોડે ચાલ્યો ત્યાં પેલો પાછો આવ્યો. પગમાં પડ્યો. સાબ માફ કરજો, મેં આપને ત્રાસ પમાડ્યો, ગાળો આપી, પણ મેં માત્ર આપની પરીક્ષા કરવા માટે જ આ નાટક કર્યું હતું. હવે મને પણ થાય છે કે ક્રોધ વિનાનું જીવન જીવી શકાય છે. તમે ખરેખર આ રીતે ક્ષમા રાખી શકો છો ! પધારો. અને સંન્યાસી કહે : અવધૂ ! સદા મગનમેં રહના, ઉદાસીન ભાવથી રહેવું. મારી કોઇ બડાઇ નથી. જગતની રીત-ભાત ચાલે છે, જમવામાં આગ્રહ આ બધી જગતની રીતભાત છે, પછી ગાળ આપી તો પણ એજ ખાતામાં, જગતની



રીતભાત આવી છે. પર્વતમાંથી પાણીનો ધોધ છૂટે, ધમધમ કરતો જાય પછી સુકાઇ જાય તો તળીયું પણ ભીનું ન હોય, બપોરના મધ્યા સમયે કોઇની મજાલ નથી કે સૂર્યની સામું જોઇ શકે, અને સાંજનો સૂર્ય જુએ તો સાવ ગરીબડો થઇ ગયેલો દેખાય, આ બધું જગતની રીતભાત છે, ચાલ્યા કરે. એમ જડપુદ્‌ગલોમાં પણ આ બધું જગતની રીતભાત છે. ઉદાસીન રહેવાનું, મન ઉપર કાંઇ લેવાનું નહી. આ અંતર આત્મરૂપ થયું કહેવાય.

અમદાવાદના **છોટાભાઇ શ્રાવક.** રોજ સવારે સમયસર વ્યાખ્યાને આવે. એક દિવસ મોડા પડ્યા. વ્યાખ્યાન પછી મહારાજે પુછ્યું : આજે કાંઇ મોડા. હા, સાહેબ, મહેમાનને જરા વળાવવા ગયો હતો. મહારાજે આ સાંભળી મન વાળી લીધું. પણ બાજુવાળા શ્રાવક કહે : સાહેબ ! આ મહેમાન બીજો કોઇ નહી એમની પેઢી ચલાવનાર એમનો મોટો દીકરો ૨૫-૩૦ વર્ષની ઉંમરનો. ટાઇફોઇડ તાવમાં ગુજરી ગયો એટલે સ્મશાને ગયા હતા. મહારાજ કહે : છોટાભાઇ ! ધન્ય તમારી સમતા ! સાહેબ ! જન્મ થયો ત્યારથી હિસાબ માંડેલો કે પરદેશથી કોઇ મહેમાન આવ્યો છે. મરજી હશે ત્યાં સુધી રહેશે, પછી ચાલતો થશે. પણ તમને કાંઇ ફિકર ચિંતા નથી કે આ પેઢી કોણ ચલાવશે ? સાહેબ ! કર્મસત્તા જે કાંઈ સગવડ-અગવડ આપે છે તેની સાથે શું સુકાવું ને કરમાવું ! જગતની રીતભાત છે, ઉદાસીનભાવમાં રહેવું. ચાલ્યા કરે, આપણે દૃષ્ટા બનીને રહેવું.

એ રીતે બહિરાત્મભાવ તજ. અંતરાત્મરૂપ થા અને આ રીતે પરમાત્મભાવને સિદ્ધ કરવો એ સુમતિ ચરણ કજે આતમ અર્પણા, એ રીતે પરમાત્મભાવને સાધવો એટલે અંતરાત્મસ્વરૂપમાં સ્થિર થવાનું. જેમ જેમ અંતરાત્મભાવમાં સ્થિર થઇએ તેમ તેમ પરમાત્માની નિકટ અવાય. તે માટે ૫-૭ વિચારણાઓ છે કે જેમાંથી અંતરાત્મભાવમાં સ્થિર થવાય.

**અંતરાત્મભાવમાં સ્થિર થવા વિચારણા :**

(૧) **ઉદાસીનભાવ** : જગતનાં જડ કે ચેતન પદાર્થો પ્રત્યે આસક્તિભાવ છે તો માલ-મિલકત, સગા-વહાલા આદિ પ્રત્યે ઉદાસીનભાવ ઊભો કરવો જોઇએ, એટલા પરમાત્માની નજીક અવાય છે. જેમ **બાહુબલીજીએ** બહિરાત્મભાવ છોડ્યો. યુદ્ધભૂમિ ઉપર ભાઇને મારવાનો વિચાર કર્યો હતો, પણ પછી એક જમીનનાં ટુકડા ખાતર આ યુદ્ધ ! ને અંતરાત્મભાવ આવ્યો. મારી જમીન છે જ નહીં. મારું રાજ્ય પણ નથી. હવે રાજ નથી જોઇતું. બહિર્ભાવ છોડ્યો. હવે તેઓએ શું કર્યું ? અંતરાત્મભાવમાં આવ્યા. યુદ્ધભૂમિ ઉપર જ ઉદાસીનભાવ પામી ગયા. માલ-મિલકત, રાજ્ય, પરિવાર આદિ કશું

ન જોઇએ. જગતનાં પદાર્થો સાથે મારે કોઇ નિસ્બત નથી, મારે કોઇ સંબંધ નથી. ઉદાસીનભાવ કેટલો વધાર્યો ? દઢ નિર્ણય લઇને ઊભા. જડ-ચેતન ઉપરનો મોહ છોડ્યો. છોકરા ઝગડશે, મારું નહીં માને, બધા પ્રત્યે ઉદાસીનભાવ. હવે કેવલજ્ઞાન લઇને જ જવું છે ? આ નિર્ધાર છે. ભૂખ લાગે, શરીર થાકે આ બધાની સામે ઉદાસીનભાવ કેટલો જોરદાર કે શરીર અને ખાનપાન સાથે મારે કોઇ લેણાદેણી નથી. ઉદાસીનભાવ એવો વધાર્યો કે ૧૨ મહિનામાં તો ખીચડી પાકી ગઇ. બ્રાહ્મી-સુંદરીનાં એક બોલ ઉપર બૂઝયા, પગ ઉપાડતા કેવલજ્ઞાન. આ અંતરાત્મભાવની સ્થિરતા કરી હતી. ૧૨/૧૨ મહીના ખડા ખડા રહ્યા, કોઇ વાત-વિસામો નહીં, કોઇ ડાફોળિયું નહીં. બધા તરફ ઉદાસીન ભાવ એવો વિકસાવ્યો; ઋષભદેવ ભગવાને જોયું-ગાડી હવે નાકે આવી ગઇ છે, હવે સિગ્નલ આપી દો. પરમાત્મભાવની નિકટ આવી ગયા છે એટલે બ્રાહ્મી-સુંદરીને મોકલી અને કેવલજ્ઞાન પામી ગયા.

(૨) **વીતરાગદર્શનની ઝાંખી :** આપણે દર્શન કરીએ છીએ એ સરાગદર્શન. જોતાં જ સારા-ખરાબનાં લેબલ લગાવી દઇએ છીએ. દર્શન રાગ-યુક્ત જ થાય છે. રસ્તે જતાં ગટર આવી, બહુ ખરાબ છે અને બગીચો આવ્યો; બહુ સરસ છે. હવે વીતરાગદર્શનની ઝાંખી થવી જોઇએ, તેનો આછો અનુભવ કરવો જોઇએ. વીતરાગદર્શનની ઝાંખી **સગરચક્રવર્તીએ** કરી. ૬૦ હજાર પુત્રોને દેવતાએ બાળી મૂક્યા, એનો આઘાત લાગ્યો પછી તરત વીતરાગદર્શન તરફ વળી ગયા. આ સંસારના અનંતાકાળપટ ઉપર મારા તો આવા અનંતા ચિતરામણ થઇ ગયા છે તો પછી છોકરા સાથે શો સંબંધ ? રાજ ગયા, દુશ્મન ચડી આવ્યા, જેમ ગયાભવ સુધીનાં સાથે મારે કોઇ સંબંધ નથી તો પછી આમાં ક્યાં ચીટકી પડું ? એમ વીતરાગદર્શન કર્યું. હવે રાગથી જોવાનું માંડી વાળ્યું. રાગથી વિચારવાનું માંડી વાળ્યું. છોકરાની લાઇન જુદી છે મારી લાઇન જુદી છે. છોકરાઓ તીર્થરક્ષામાં હોમાઇ ગયા. સમુદ્રમાં ભરતી આવે.ને જાય, એમા કાંઇ નવાઇ નથી. ભરતી આવે તો કાંઇ ખુશ થતો નથી અને ઓટ આવે તો કાંઇ લેવાઇ જતો નથી. આમ વીતરાગદર્શન થયું પછી ચારિત્ર લઇ મોક્ષે ગયા.

તેમ **ઢંઢણઋષિ**નું વીતરાગદર્શન કેવું ? ભગવાને કહ્યું. તમારે ગોચરી મળવાનો અંતરાય છે. સાંભળીને 'મારી લબ્ધિથી ગોચરી મળે તો લેવી', એવો અભિગ્રહ કર્યો, નહીં મળે ત્યાં સુધી મારા અંતરાય તૂટશે, નિયમ લઇને રોજ ગોચરી જવા લાગ્યા. અંતરાય હતા જોરદાર. કૃષ્ણનાં લાડીલા ભાઇની ઓળખાણ, નેમનાથ ભગવાનનાં બંધુ, આમ બીજાની ઓળખાણથી ગોચરી મળે છે તે લેતા નથી. ૪/૪ મહિના પસાર થઇ ગયા. તેમણે કામ શું કર્યુ ? વીતરાગદર્શનનું. મને ગોચરી નથી મળતી, જોઇએ છે



ખરી પણ તેના પર આસક્તિભાવ કરવાની જરૂર નથી. રાગ ઉઠાવી દીધો, રાગ હોય તો રોવું પડે. જેના પર પ્રેમ ન હોય તેને મળવામાં તે ન મળે તો રોવું ન આવે. ઢંઢણમુનિ રોજ ગોચરી જતાં- આહાર વિના પાછા આવતા. ગોચરી વિના પાછા આવતાં પણ રડતા ન હતા. નથી મળતું માટે અંતરાય તૂટ્યો નથી એમ માનતા. એમ કરતાં કરતાં છ મહિનાનાં છેવાડે ગોચરી મળી. એમને લાગ્યું આ મારી લબ્ધિથી મળ્યું. એમ માની લાડવા વહોર્યા અને આવ્યા ભગવાન પાસે. ભગવાનને કહે, પ્રભુ આજે મારી લબ્ધિની ગોચરી મળી. ત્યારે નેમનાથ ભગવાન ના કહે છે, કે આ તારી લબ્ધિથી નહીં પણ કૃષ્ણની લબ્ધિથી મળ્યું છે. પ્રભુ એ કઇ રીતે ! ત્યારે ભગવાને કહ્યું, તું ગોચરીએ જતો હતો તે વખતે કૃષ્ણરાજાએ તને હાથી પરથી ઊતરીને વંદન કર્યું. આ જોઇને એને થયું જેને કૃષ્ણ પણ વંદે છે તે કેવા મોટા સાધુ ? એ જોઇને તમને વહોરવા માટે બોલાવ્યા ને તમને ભિક્ષા વહોરાવી. માટે કૃષ્ણની લબ્ધિનું થયું. રોજ ભૂખ્યા રહેવું પડે છે છતાં ખેદ નથી. દિલમાં કોઇ આશ્વાસનનો વિચાર જોઇએ કે નહી ? રોજ કોઇનાં ટોણા મેણા સાંભળવા પડે અને આપણે મન બગાડવું નથી તો આશ્વાસન જોઇએ-વિચારણા જોઇએ. ઢંઢણઋષિએ વિચાર રાખેલો કે, ગોચરી એ આપણી ચીજ નથી. એ તો ક્લેવર લઇને બેઠા માટે જોઇએ. તે ચીજ તો આ ક્લેવરની, મારી નહિ. જંગલમાં જઇને લાડવા પરઠવતા ભાવનામાં ચડ્યાં. અનાસક્તભાવ એટલો બધો વધી ગયો કે, આ ચીજ એવી કોઇ નથી જે મારા આત્માનાં જ્ઞાન-દર્શન-ચારિત્રને વધારે..... અરે ! આ કાયા પણ મારી ચીજ નથી. કાયા પણ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સહાય કરનાર નથી. આ કાયા છે, માટે ઘણી ઉપાધિ છે. કાયા છે માટે ગોચરી લેવા જવું પડે, પેટને ભાડુ આપવું પડે, કાયા છે માટે ભણવાનું ભૂલાવે છે, કાયા એ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં બાધક છે માટે એની આસક્તિ તોડી નાખું, અહંત્વ ઉપરથી આસક્તિ તોડી નાંખું - હું જેવી ચીજ નથી. હું કોણ ? હું તો અનંતા કર્મથી કચરાયેલો છું, અનંતા કર્મથી મેલો દાટ થયેલો છું અને અનંતી વાસનાનાં વળગાડવાળો છું. હું સાધુ-બાધુ કોઇ નહિ, પણ કર્મનો ગુલામ છું. એમ વીતરાગદર્શન પર ચડી ગયા, શુક્લધ્યાન આવ્યું ને કેવલજ્ઞાન પામી ગયા.

**કૃષ્ણમહારાજ** ગંધાતી કૂતરી પાસેથી પસાર થયા. બીજા બધાએ નાકે ડૂચા લગાવ્યા પણ કૃષ્ણ મહારાજાએ દુર્ગંધ પ્રત્યે સદ્વેષ દર્શન ન કર્યું પણ વીતરાગદર્શન કર્યા. એના દાંત કેવા સુંદર છે. સારું જોયું, ખરાબ નહીં. હલકાઇ ન જોઇએ ત્યારે વીતરાગદર્શનનો અભ્યાસ થાય.

(૩) **ક્ષમાદિ ગુણોનું અનુભવજ્ઞાન :** ક્ષમાદિ ગુણોનું અનુભવજ્ઞાન જેમ

જેમ કરતાં જઇએ તેમ તેમ અંતરાત્મભાવમાં સ્થિર થવાય. એટલે શું કરવાનું ? મહાપુરુષોએ-ભગવાને પ્રસંગે પ્રસંગે જે ક્ષમા કેળવી એ ક્ષમા મારામાં કેમ આવે ? મારામાં લાવવા માટે એનું કલ્પના ચિત્ર ખડું કરવું જોઇએ. ભગવાન રાત્રે કાઉસગ્ગ ધ્યાનમાં હતા, સંગમ એકદમ રાત્રે આવી તૂટી પડ્યો. ચલો, અહીંથી ચાલતી પકડો. વેતાલ-વાઘ-વરુ, અજગર, આખા શરીરે કીડીઓ, ઘીમેલો વિકુર્વી. વરસાદ વરસાવ્યો. આ બધું ભગવાને સહન કર્યું. આપણે કલ્પનાચિત્રથી ગલીમાંથી પસાર થઇએ છીએ, ને ગુંડો છરી લઇને આવ્યો. બોલ્યો, ક્યાં જાય છે ? તું ભાઇ થકી ભલેરો, તારે જે કરવું હોય તે કર. હું અહીં ઊભો છું. ક્ષમાની કલ્પના કરવાની, ક્ષમાનો અનુભવ કરવાનો. આ ક્ષમાનું અનુભવજ્ઞાન. એ જ પ્રમાણે નિર્લોભતાનું અનુભવજ્ઞાન... ભગવાનની ભક્તિમાં લીન થઇ ગયો છું, બાહ્યસંપત્તિ મારી કોઇ ચીજ નથી. કોઇ દેવતા કરોડોની વૃષ્ટિ કરે, તો તેને કાંકરા સમાન ગણે.

**રાવણ અષ્ટાપદપર્વત** ઉપર ભગવાનની ભક્તિમાં એકતાન થઇ ગયા છે, મંદિરની બહાર આવ્યા, ધરણેન્દ્ર ખુશ થઇ ગયો છે, માંગ -માંગે તે આપું. પણ રાવણનો નિઃસ્પૃહતાભાવ-ભક્તિનાં બદલે મારે કાંઇ ન જોઇએ. **દેવપાલ**-ભક્તિ ફળી-ચકેશ્વરી દેવી આવ્યા, કહે : માંગ. પણ દેવપાલ કહે : મારે કાંઇ ન જોઇએ.

**(૪) નિરભિમાનપણાનું અનુભવજ્ઞાન :** મહાપુરુષોએ અવસરે અવસરે કેવું નિરભિમાનપણું રાખ્યું. ગોવાળીયો ને ગોશાળો-હાલી-મવાલી વગેરે જે કોઇ આવ્યા છતાં પણ અહં ન કર્યો. સહન કર્યા. દુનિયાનો દૂબળામાં દૂબળો માણસ કોઇ આપણને દબડાવા આવે તો આવા સમયે તેવો અનુભવ કરવાનો.

**(૫) બ્રહ્મચર્યનું અનુભવજ્ઞાન : સ્થૂલભદ્રજીની** સામે વેશ્યા નાચતી હતી છતાં આંખ ઊંચી કરવાની ફુરસદ નહોતી. કરુણ ગીતગાન ગાય, માથા પછાડે છતાં આંખ ઊંચી કરવા તૈયાર નથી. મારે કોઇ એવો પ્રસંગ આવ્યો હોય તો પેલી ખાંડ ખાય, સારી કે નરસી બંને ચીજમાં ઉદાસીન ભાવ. **સુદર્શન શેઠ** પર અભયા રાણીએ ઘણા ઉપદ્રવો કર્યા પણ અભયા સુદર્શન શેઠ આગળ ખાંડ ખાય.

**અનુભવજ્ઞાન પર વિચારણા :** ક્ષમાની વાત કરી-ભગવાને કેવા દુષ્ટો ઉપર ક્ષમા રાખી, એમ નમ્રતાનો અનુભવ-મહાપુરુષોએ નમ્રભાવ કેવા રાખ્યા. **વાલિમુનિ**ને અષ્ટાપદ સાથે દરિયામાં ફેંકી દેવા રાવણે પ્રયત્ન કર્યો અને પર્વતને જરા ઉપાડ્યો કે પર્વત કંપ્યો-એટલે મુનિને ધ્યાનમાં ભંગ થયો. આ શું ? અવધિજ્ઞાનથી જોયું, મને દરિયામાં ફેંકી દેવા તૈયાર થયેલો ગાંડો રાવણ અષ્ટાપદને દરિયામાં ફેંકી દેવા તૈયાર થયો છે, મને એના પર દ્વેષ થતો નથી. એ ક્ષમાદિનો અનુભવ કેવો કર્યો હશે ? ક્ષમા-



નમ્રતા આત્મસાત્ કેવી રીતે કરી હશે ? મને એના પર ગુસ્સો થતો નથી પણ આ તીર્થનો નાશ અને અસંખ્યજીવોનો નાશ થશે. **છતી શક્તિએ તીર્થનો નાશ જોતો રહે તો એ મહાપાપી છે.** મને જો ઊંચકીને દરિયામાં ફેંકી દેત તો હું સામનો ન કરત પણ આ તો તીર્થને ફેંકી દેવા તૈયાર થયો છે એટલે જરાક એને શિક્ષા કરું. આ તો ખરેખર પ્રસંગ બન્યો. પણ આપણા જીવનમાં ન બન્યો હોય તો કલ્પનામાં શું વિચારે ? આ બધા બાહ્ય-સર્જનો એ કર્મના ઘરનાં છે, એ બિચારો કર્મને પરાધીન છે, દ્વેષ કરવો હોય તો એનાં કર્મ ઉપર કરવો જોઇએ, એમાં પણ દયા જ જોઇએ, એ અનુભવજ્ઞાન. એવા જેટલા મહાન ગુણો છે એનો અંતર અનુભવ કરતા રહેવું જોઇએ, પણ એ અનુભવ વાંઝિયો ન જોઇએ. કાલ્પનિક અનુભવ કરવા માટે પણ જીવનમાં કેટલો ક્ષમાદિનો અભ્યાસ જોઇએ ? ક્ષમાદિનું અનુભવજ્ઞાન એટલે નાની નાની વાતોમાં ક્રોધાદિને દેશવટો દઇ દેવો જોઇએ. એજ પ્રમાણે નિર્લોભતા લાવવી જોઇએ, સામા ગમે તેવા સારા પદાર્થો પર પણ મારે લોભ નહિ કરવાનો. ભાણામાં સારી ચીજ આવે તો ત્યાગ કરે.

પાલિતાણામાં સં.૨૦૦૬માં મુમુક્ષુ પાઠશાળા ચાલતી. બધા શિખરજીની યાત્રાએ ગયા. ત્યાંથી કલકત્તા આવ્યા. એમાં એક નાનો મુમુક્ષુ પણ હતો. મુમુક્ષુના હિસાબે બધેથી જમવાનાં નોતરા આવે. એક જગ્યાએ બધાએ જમવા જવાનું હતું. બધા ત્યાં જમવા ગયા, બાબુ લોકોની રસોઇ એટલે મિષ્ટાન્ન ને ફરસાણ બનાવેલ. આ લોકોએ ત્યાં જોયુ ને તે વખતે સારી સારી વસ્તુઓના ત્યાગનો અભિગ્રહ કરી લીધો. બધાનાં મોં ઊંચા થઇ ગયા. આ અનુભવજ્ઞાન સાચું લાવવું હોય તો આવા અખતરા કરવા જોઇએ. તો પરમાત્મભાવની નિકટ અવાય.

**(૪) અધિકાધિક મૈત્રી આદિ ભાવ કેળવવા જોઇએ :**

**મૈત્રી = સર્વસત્ત્વેષુ સ્નેહપરિણામો મૈત્રી ।** જીવમાત્ર ઉપર સ્નેહ પરિણામ. કોઇના ઉપર પણ દુશ્મનાવટનો ભાવ નહીં એનુ નામ મૈત્રી. કરુણા એટલે દુઃખીનાં દુઃખ દૂર કરે એનું નામ કરુણા. અજ્ઞાન, કષાયવશ, પાપમાં રક્ત, મિથ્યાત્વવાળો એ દુઃખી છે. કષાયી, પાપી, અધર્મી બધા દુઃખી છે એમ હૈયામાં થવું જોઇએ.

અજ્ઞાનતા, વિષયલંપટતા, અધર્મ, પાપ-કષાય-અનાડીપણું આ બધા આત્માના ભાવદુઃખ છે. ભૂખ-તરસ-રોગ-પરાધીનતા-મારપીટ આ બધા દ્રવ્યદુઃખ છે. આની કરુણા કરવાની છે, **માત્ર દયા ચિંતવવાની નહીં પણ દયા આચરવાની.** મારું ચાલે તો એને પાપથી મુક્ત કરાવું, વ્યસન-અધર્મ છોડાવું. આવું કાંઇક કરે તો એના પ્રત્યે કરુણા કરી કહેવાય.

મૈત્રીમાં ભાવના છે... સામો સુખી થાવ, પાપ જાવ, દુઃખ જાવ. પણ હું એનાં દુઃખ દૂર કરું એ કરુણાભાવ છે. દા.ત. આપણા પર કોઈ ગુસ્સે થતો આવ્યો, સામો જવાબ આપવાથી એ વધારે ગુસ્સો કરશે. મારું ચાલે તો એના ગુસ્સાને હું ઠારું, મિચ્છા મિ દુક્કડમ્ દઉ અને કહે, ભાઈ ! કર્મથી તો દબાયેલો છું. આવા બે શબ્દો કહે તો પેલાનાં ક્રોધનો પારો ન વધે.

**સાસુ-વહુને** ઝગડો રોજ થાય. સામાજિક કાર્યકર ત્યાં ગયો. જે વહુનાં ગામનો હતો. બે દહાડા ગયા ને કાર્યકરભાઇ જવા તૈયાર થયા એટલે વહુ દોડતી આવીને કહે : ભાઇ, જરા મારી સાસુને કંઇ કહેતા જાઓ ને, રોજ મારા માથે છાણા થાપે છે. આ કાર્યકર કહે : બેન મારે હમણા તો ગાડીનો સમય થયો છે. એક મહીના પછી આવું ને કહું તો ચાલશે ને ? વહુ કહે સારું. ત્યારે કાર્યકરભાઇ કહે, તમે એક કામ કરો, તમને જ્યારે પણ તમારી સાસુ કાંઇ કહે ત્યારે તમારે બીજો જવાબ નહી આપવાનો પણ એટલું કહેવાનું. **બાઇજી જેવી છું તેવી છું તમારે મને નભાવવાની છે.** હું એક મહીના પછી આવીશ ને તમારી સાસુને કહીંશ, સારું અને આ કાર્યકર ભાઈ ગયા અને ત્રણ દિવસમાં તો ચમત્કાર થયો. સાસુ ગમે તે કહે, વહુ આ એક જ સૂત્ર કહે છે. ને ચોથે દિવસે ઝગડો બંધ. સાસુ તો હવે બધે કહેતી ફરે છે કે મારે ત્યાં તો વહુ દેવી જેવી છે. એક મહીના પછી સામાજિક કાર્યકરભાઈ આવ્યા અને પછી વહુને કહે : બોલો, તમારા સાસુને કંઇ કહેવું છે ? ત્યારે વહુ કહે : ના, હવે તો મને હથેળીમાં રાખે છે.

કરુણા પૈસા આપીને પણ થાય, એનાથી લોભ ઓછો થાય. **સુવ્રતશેઠ**ને ત્યાં ચોર ચોરી કરવા આવ્યા, રાજાના નોકરો પકડી ગયા, ને રાજાએ ફાંસીએ ચડાવવા કહ્યું. સવારે શેઠ નજરાણાનો થાળ લઇ રાજા પાસે ગયા. કહો રાજન્ ! આ જે ચોરોને આપે પકડ્યા છે તેને છોડી મૂકો. મારે ગઇકાલનો ઉપવાસ છે, એને છોડશો પછી જ પારણું થશે. પૂર્વના રાજાઓ પણ આસ્તિક હતા. શેઠના વચને છોડી દીધા. શેઠ ચોરોને પોતાના ઘરે લઇ ગયા ને કહે, તમારે આવો ધંધો કેમ કરવો પડે છે ! 'પેટ કરાવે વેઠ' આ થેલીઓ લઇ જાઓ ને સારો ધંધો કરજો અને જરૂર પડે તો પાછા અહીં આવજો. પેલા ચોરો પગમાં પડી ગયા. ભાઈસાબ ! માફ કરો, થેલી વગેરે કાંઇ જોઇતું નથી, અને આજથી જિંદગીભર માટે હવેથી ચોરી નહીં કરીએ એવી પ્રતિજ્ઞા લઇએ છીએ.

અંતરાત્મભાવમાંથી પરમત્માભાવમાં જવા માટે આ કરુણાભાવ કેળવવાનો છે.

પરમાધામી પણ નજરે (કલ્પનામાં) આવી ગયા તો પણ એના પર દ્વેષ નહીં. એ જીવદળ એવું છે, તમે શા માટે તમારું હૈયું બગાડો છો ? પાપીમાં પાપી ઉપર પણ



તમને દ્વેષ કરવાનો અધિકાર નથી, એટલે મૈત્રી-કરુણાભાવનો વધારો કરવાનો. જ્યાં છે ત્યાં ઊભા નહીં રહેવાનું, આગળ વધવાનું. શી રીતે ? નવી નવી શુભ કલ્પનાના તરંગો ઊભા કરે ને મૈત્રીભાવ ઉછાળે. માતાને બાળક પર સ્નેહ થાય, મારું બાળક છે. તેમ આ જગતના જીવો એ મારા છે, જીવ તો બહુ ભલા છે. આ મૈત્રી ભાવ વધારવાનો, અવસરે ભોગ પણ આપવાનો. દુઃખીના દુઃખ ટાળવાનો પ્રયત્ન કરુણા, એ ભાવ વધારવાનો છે. એટલે કરુણા કરવાની તક ક્યાં મળે છે એ જોવાનું. જ્યાં સુધી આંખ ખુલ્લી છે ત્યાં સુધી આ કરુણા-મૈત્રી કમાવાની મળશે. આંખ મિંચાઇ ગયા પછી એ નહીં થઇ શકે. કરુણા તન-મનને ધનથી થઈ શકે.

(૫) **અનાસક્તતા :** આ ઊંચી ક્વોલીટીનો ઉપાય છે. અનાસક્તતાને કેળવવી કઇ રીતે ? જેમ **બાહુબલીજીએ** કેળવી. યુદ્ધભૂમિ ઉપર સાધુ થઈને ઊભા. ૧૨ મહીના સુધી ઊભા રહ્યા, અનાસક્તભાવ કેળવતા ગયા. ૧૨મહીને એવા સ્ટેજ સુધી પહોંચી ગયા, હવે માત્ર સ્હેજ ધક્કો લાગે એટલી જ વાર. પોતાની કાયા, અહંત્વ, જેટલું બાહ્ય છે તે બધા પર સંપૂર્ણ અનાસક્તતા આવી. પાપી પાલકની ઘાણીમાં પિલાતા સાધુઓએ અનાસક્ત ભાવ કેળવ્યો, હુંપદ ઉપર પણ અનાસક્તતા લાવ્યા, આવી અનાસક્તતા બાહુબલીજીએ વધારી દીધી, બ્રાહ્મી-સુંદરીએ આવીને એક ધક્કો લગાવ્યો. હુંપદ તજીને આગળ વધવા ગયા ને કેવલજ્ઞાન પામી ગયા.

આ અનાસક્તતા જેમ **મૃગાવતીસાધ્વીજીએ** કેળવી. સમોવસરણમાંથી મોડા આવ્યા-ચંદનબાળા ગુરુણીજીએ જરા ઠપકો આપ્યો કે, હે ભદ્રે ! આમ મોડા આવવું તમને શોભે નહીં, ગુરુણીજી તો આમ કહી સૂઈ ગયા અને આ અનાસક્તભાવમાં ચડ્યા. પહેલો અનાસક્તભાવ પોતાની હોશિયારી પર લાવ્યા. પોતાના ડહાપણની, હોશિયારીની બધી આસક્તિ કાઢી નાંખ. સગાઇનાં હિસાબે પોતે માસી છે ને ગુરુણીજી ચંદનબાળા ભાણેજ છે. ગમે તે હો આ ગુરુએ મને ભવકૂપમાંથી બહાર કાઢી છે અને એમને મેં ચિંતામાં મૂક્યા. અશાતા કરાવી ! ગુરુણીજી ક્યારના ચિંતા કરતા હશે ? ગુરુને સેવા આદિથી શાતા આપવાની કે એમને ચિંતા કરાવી અશાતા આપવાની ? પોતાના ઉપર ગુરુનો જે ઉપકાર છે એની આગળ હું કોણ ? અનાસક્તભાવમાં ચડ્યા. આવી ભૂલ મારાથી કેમ થઇ ? જરૂર, પૂર્વે મેં એવા કોઇ પાપ કર્યા હશે ? કે જેથી જ્ઞાનનું આવરણ આવવાથી સમયનું મને ભાન ન રહ્યું. ઓહો ! આ જ્ઞાનાવરણની પાછળ મેં કોઇ દુષ્કૃતો એવા કર્યા હશે. હવે આ શરીર જ ગોઝારું છે જે ઊંધે રસ્તે લઇ જાય છે, આમ અનાસક્તભાવમાં વધતાં કેવળજ્ઞાન પામ્યા.

**આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની;**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ-પોષ. સુજ્ઞાની...૬**

**ભાવાર્થ :** આત્માર્પણરૂપ ખરેખરી વસ્તુનો વિચાર કરતાં આપણાં મનમાં જે કાંઇ શંકા-આશંકા હોય તે દૂર થઈ જાય છે અને બુદ્ધિના સર્વ દોષો નાશ પામે છે. અને અખંડ શાંતિનું અજરામર સ્થાન, તે રૂપ દોલત આપણને પ્રાપ્ત થાય છે અને અનંત આનંદના સમુદાયરસને પુષ્ટિ મળે છે.

**વિવેચન :** પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરતાં મતિનો ભ્રમ ટળે છે. બહિરાત્મરૂપ મટી અંતરાત્મરૂપ થઈએ એટલે બાહ્યભાવનો ત્યાગ ને અંતરભાવને ઊભો કરતા બધા ગણિત-વિષય-ભાવ ફરે છે. બાહ્યભાવના અને અંતરભાવના ગણિત જુદા છે. બાહ્યભાવના લેખા ભ્રમણા છે. આંતરભાવના લેખા ભ્રમણાને દૂર કરવાના છે. ખરેખર આતમ અર્પણ લાવીએ એટલે બાહ્યભાવ જાય.

બાહ્યભાવમાં પ્રાણાયામ આદિ અલગ છે.

પાતંજલયોગમાં પ્રાણાયામ અને યોગદૃષ્ટિસમુચ્ચયમાં પણ પ્રાણાયામ બતાવ્યા છે, યોગની ચોથી દૃષ્ટિમાં ભાવપ્રાણાયામ કહ્યો છે. એક એક યોગ સાધતા જવાનો. અહિંસાદિ યમ સાધો પછી નિયમ, શૌચાદિ; પછી આસન એટલે સ્થિરતા સાધો અને પછી પ્રાણાયામ કરો.

પાતંજલયોગમાં પ્રાણાયામ એ બાહ્ય છે. શ્વાસ કાઢો એ રેચક, શ્વાસ લો એ પૂરક અને શ્વાસ સ્થિર રાખવો, એ કુંભક. આ બધા દ્રવ્યપ્રાણાયામ છે.

જૈનદર્શન એથી આગળ જાય છે. બાહ્યપ્રાણાયામ નહીં પણ ભાવપ્રાણાયામ.

કુંભક= અંતરભાવમાં સ્થિર થવું.

પહેલા બાહ્યભાવને કાઢો એ રેચક. અંતર્મુખભાવ લાવો એ પૂરક અને પછી અંતરભાવમાં સ્થિરતા એ કુંભક. આ કરે તો યોગની ચોથી દૃષ્ટિ આવે.

અહીં પણ એજ કહે છે કે, બહિરાત્મભાવ તજ અને અંતર આતમભાવમાં સ્થિર થા, એટલે પરમાત્મભાવની નજીક જઈએ. જેટલા બાહ્યભાવની નજીક એટલા ભગવાનથી દૂર ખસ્યા. બંગલો સારો આ ભાવ આવ્યો એટલે ભગવાનથી દૂર ખસ્યા. બંગલો સારો શું અને ખોટો શું ?

**'આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિ દોષ.'**

આત્માનું પરમાત્મામાં સમર્પણ કરવું એ શું છે ? બાહ્યભાવ છોડતાં જવાનું અને અંતરભાવમાં સ્થિર થવાનું. એથી શું થાય ? જીવની ઘણી ભ્રમણાઓ ટળી જાય.



ભ્રમણા શું છે ?

**(૧) ખાય એ ધાય :** આ ભ્રમણા છે, તો પછી જિંદગી સુધી ત્યાગ, તપ ન આવે, એટલે ખાય એ ધાય નહિ પણ જેટલો એ ત્યાગ કરતો આવે, તપ કરતો આવે એટલો આત્માની ઉન્નત્તિમાં આગળ વધતો આવે.

**(૨) બહુ દાન દેતા ચાલીએ તો ખાલી થઇએ આ ભ્રમણા :** આને ટાળવા શું કરવાનું? જેટલું દાન દેતાં જઇએ તેમ સુકૃત વધતું જાય. પરભવની મૂડી વધતી જાય. આત્માને હિતકારી શું એ જોવાનું. કાયાને હિતકારી શું એ નહીં જોવાનું.

**(૩) સાપનાં દાંત ન હોય છતાં પણ ફેણ ઊંચી કરીને રોફ બતાવે :** એમ પાવર વિનાનાં હોય તો પણ બહાર રોફ બતાવવા જોઇએ આ ભ્રમણા છે. એટલે કોઇ દિવસ નમ્રતા-મૃદુતા-સહૃદયતા- સહાનુભૂતિ આવે જ નહીં. એટલે નમે એ સૌને ગમે એમ નહિ પણ નમે એ પ્રભુને ગમે. આપણે નમતા જઇએ તો પ્રભુને ગમતા થઇએ, આત્મા અર્પણ વસ્તુ વિચારે તો જ આવે. એવી એક ભ્રમણા છે કે -

**(૪) થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ :** સામો દબાવે તો એને દબાવવો જોઇએ આ બહિર્મુખતા છે, એમાં એકલો કષાય પોષાય છે. ભલે ગામ વચ્ચે રહેવાતું હશે પણ જ્ઞાનીઓની મંડળીમાંથી બહાર નીકળી જઇએ. ભંગી સામે ભંગી કે ધોબી સામે ધોબી ન થવાય એટલે એવા અનાડી માણસ ભેટે તો વિશેષ સાવધાન થવું જોઇએ. **આંતરમુખનો સિદ્ધાંત આ છે, જેટલું બને એટલું ખમીએ.** તેટલું કમાયા. જેટલો સામનો કર્યો એટલું ખોયું. આ એક માનવભવ જ એવો છે કે તમે સહન કરતાં ચાલો તો પ્લસમાં છો, જમા પાસું જ વધે છે. અહીંયા સમજ છે તો અંતર્મુખ થવાય. તિર્યંચના ભવમાં એ સમજ નહીં મળવાની. **સોક્રેટીસ** હતા. તેમની પત્ની ગુસ્સાખોર અને પોતે ઠંડાગાર હતા. તેથી પત્નીનો ગુસ્સો વધી શકતો નહીં.

સામનો કરીએ તો ગુમાવીએ-આ અંતર્મુખતાવાળાનો સિદ્ધાંત. જેનાથી જિંદગીભરનું ભંડોળ ભેગું થાય.

**મેઘકુમારનો** જીવ પૂર્વભવમાં હાથી હતો. એક સસલાને ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખી સહન કર્યું. ભગવાને મેઘકુમારને અવસર આવ્યો, ત્યારે કહ્યું સસલા ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખ્યો તો સાધુનાં પગની રજથી શું કામ ગભરાય છે ? સાધુ તો પૂજ્ય છે. તેમનાં પ્રત્યે તો ભક્તિ જોઇએ. જીવની દયા ખાતર તેં ખમ્યું તો કુદરતે તને શું ઇનામ આપ્યું ? એક તુચ્છ જીવની દયા ખાતર તે ખમ્યું તો તને **'एवं खलु भो मेहा । ताए पाणाणुकम्पाए परित्तीकओ ते संसारो'** ખરેખર હે મેઘ ! એ જીવની દયાથી તેં તારા સંસારને મર્યાદિત કરી નાંખ્યો. ત્રણ ભવમાં-ઈન, મીન, ને

તીન ભવમાં સીમિત કરી નાંખ્યો. ઇન=આ મેઘકુમારનો ભવ, મીન=દેવલોકનો ભવ અને તીન=મહાવિદેહનો ભવ. તને શું નુકશાન થયું ? થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ એ ભ્રમણા છે. તો સાચું જ્ઞાન શું ? જેટલું સહન કરીએ તેટલું કમાયા. સામનો કર્યો તો ગુમાવ્યું.

(૫) વળી ભ્રમણા શું ? **સારું ખાવાનું આવ્યું - વધારે ખાધું, માંહી પડ્યું તે મહાસુખ માણે !** આ મહાસુખ નહિ પણ મહાદુઃખ થાય, આ બાહ્યભાવ છે. અંતર્મુખ હોય તો વિચારે આ મહાસુખ નહીં મહાતોફાન છે. સારું સારું ખાવાથી વિકારો વધશે, એટલે હવસ વધારશે તો માર્યો જઇશ ! બહિર્મુખમાં ફેંકાઇ જઇશ. આપણું શું ? આપણું પુણ્ય વધે, આપણું સત્ત્વ વધે. છોડવામાં સત્ત્વ વધે છે, ભોગવવામાં સત્ત્વ હણાય છે આ અંતરાત્મભાવનો હિસાબ છે.

(૬) એમ એક ભ્રમણા છે. **વસુ વિનાનો નર પશુ :** પૈસા છે તો ભાવ પૂછે નહિતર ઘરવાળી પણ પશુ જેવા ગણે. આ ભ્રમણા કેમ ? જ્ઞાનીનો હિસાબ છે, જેમ અલ્પ ઉપધિ ને અલ્પ પરિગ્રહ એ ભગવાનને વધુ પ્યારો, એ શાંતિથી ભગવાનને ભજી શકે. ઉપાધિ જેમ વધે તેમ ભગવાન ઓછા ભજાય- એટલે જેટલી ઉપધિ, ઉપાધિ અને પરિગ્રહ ઓછા એટલી માનવતા, ઊંચા વિચાર આદિ વધે. અંગ્રેજીમાં કહેવત છે : **Plain living & High thinking.** સાદું જીવન એ ઊંચી કોટીની વિચારસરણી ઊભી કરે છે. આ સિદ્ધાંત બાંધી રાખીને અવસરોચિત ઘણા સુકૃત ગુમાવે એટલે વસુ વિના નર પશુ એમ નહિ, પણ સુકૃત વિનાનો નર પશુ. સુકૃત ગુમાવીશ તો સુકૃતનો સંચય નહિ થાય. એનાથી આગળ સુકૃત કરતા પણ તારા મન ઉપર પૈસાની કિંમત વધુ જશે.

(૭) બીજું **પૈસા તે ધર્મમાં ખરચ્યા તે ખોવાઇ ગયા માને છે :** ઓચ્છવમાં વધારે પૈસા ખર્ચાઇ ગયા એમ માને છે. વાસ્તવમાં સુકૃત વધારે કર્યું તો વધારે મૂડી ભેગી થઇ. **અંધેરીમાં ૨૦૦૪માં** હતા તે વખતે પાકિસ્તાની થઇ. પંજાબથી એક કુટુંબનાં ૫-૬ પંજાબીઓ આવેલા. રડતા હતા. કેમ શું થયું ? સાહેબ પૈસા તો ઘણા હતા. થયું શરાફમાં પૈસા મુકીએ તો વ્યાજ ધાર્યું ન આવે એટલે પૈસા હતા એની બીલ્ડીંગો બંધાવી, પૈસા બધા એસ્ટેટમાં રોક્યા, વાંધો ન આવે. પુણ્યનાં અધૂરા. આ પાકિસ્તાની સર્જાઇ તો બધું મૂકીને ભાગી આવવું પડ્યું, જીવ સાથે નાસી આવ્યા. એસ્ટેટમાં સારા સારી હોય એમ માનતા, એમાં બધી મૂડી રોકવી સારી છે આ ભ્રમણા છે. પૈસા ઓછા નથી થયા પણ પુણ્યની મૂડી વધી. કેમકે અંતકાળે આશ્વાસન કોણ આપે ? ૧૦ લાખની મૂડી આશ્વાસન આપે કે ૧૦ લાખનું સુકૃત કરેલું હોય તે ?



આનો વિચાર કરવાનો છે. કેમ ખુશમાં ? સાધવાનું સાધી લીધું છે, તપશ્ચર્યા આદિ કરી છે, આ બધું બતાવે છે કે પૈસા ધર્મમાં ખરચ્યા એ સુકૃતની મૂડી કરી લીધી. સુકૃતને ખર્ચા ન ગણું-**પરભવ માટે સોલીડ એસ્ટેટ સુકૃત છે.** ભવાંતર સદ્ધર કરશે, પછી આવા સુકૃતમાં પૈસા જાય તો વધારે સુખ થાય.

(૮) **પહેલો મારે તે કદી ન હારે :** આ પણ ભ્રમણા છે. પહેલા જરા ભલાભાઈની રીતે વાત કરવા બેસે તો સામે ચડી જાય પણ પહેલેથી જ મોટા અવાજ, ગુસ્સાથી કહીએ તો પેલો દબાઇ જાય. એટલે જ્યાં જાય ત્યાં આજ સૂત્ર લગાડે. પછી ઉપકારી માતા-પિતા, ભાઈ, ગુરુ જે કોઇ હોય તેની સામે લગાડે. જિંદગીભર કષાયના પોષણનાં સિદ્ધાંતો જ આવે અને પછી પરભવમાં શું લઇ જાય ? કષાયના સંસ્કાર.

**ચંડકોશિયા** જેવું થાય ? બધાને પાડ્યા. માણસો, પશુ, પંખી, ઝાડ બધાને પાડ્યા. હવે કોઇ નથી, અંદર ધુંધવાય છે. આ તો ભગવાને બચાવ્યો, નહિતર અનંતા જન્મોનાં કષાયનાં આંધણ લઇને જાત. પહેલો મારે કદી ન હારે, એ વાત ઉપર જૈનશાસન શું કહે છે કે, પહેલેથી જે કષાયને મારે, કષાયનો નિગ્રહ કરે તો જીવન જીતી ગયા. પહેલેથી જ કષાયની શરૂઆત કરી તો જીવન હારી ગયા. આંતર ચોરો એવા છે સ્હેજ પગ ઠામ આપો તો પછી અંદર ચડીને પગ પહોળા કરે. એક એક ભ્રમણાને આતમ અર્પણ વસ્તુથી વિચારી કાઢી નાંખો તો જીવન ઉજ્જવલ બને.

(૯) એક આ પણ ભ્રમણા છે. **જીવ્યા કરતાં જોયું ભલું :** એમાં શું ખોટું છે ? આ ભ્રમણા એટલા માટે છે કે 'જગતનું જે જુએ તે રુવે' ને જોવાથી મગજમાં ઉથલપાથલ થશે. જગતનું જોવા ગયો, એ કેમ રડે છે ? સામસામી વાત આવશે એટલે સામા પર ગુસ્સો થશે. મનમાં વ્યથા પણ થશે. શાંતિથી બેઠો હતો ને જોવા ગયો એટલે મગજમાં ઉથલ પાથલ થઇ. માટે તો ન બોલવામાં નવ ગુણ, તેમ ન જોવામાં નવસો ગુણ છે. જગતનું જોવાનું માંડી વાળે તો તે અંતરાત્મભાવમાં વધારે રમે. દા.ત. મંદિરમાં જાય ત્યારે વિચારે કે મારા ભગવાન કેવાં ? વીતરાગ કેવી રીતે થયા ? જગત ઉપર એમણે કેટલા ઉપકાર કર્યા ? તેમણે કેવી કેવી સાધના કરી. દર્શન કરવા જાય તો આ જુએ, ત્યાં આડા અવળા ફોફાં ન ખાંડે. જગતનું જોવા જવામાં નવસો અવગુણ છે; માટે મનને સમજાવી દેવું કે હવે તો તું તૃપ્ત થા ! હવે હું જગતનું જોઇ જોઇને થાકી ગયો છું. જગતનું જોવા જવામાં મારે ખોટું કુટાવવું પડે છે. **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** - પરદેશી દૂતનું વચન સાંભળ્યું તો સાતમી નરકના પાપ બાંધ્યા પણ તેમાંથી મન પાછું વાળ્યું તો આંતરભાવનું જોમ વધી ગયું. મારે શું રાજ ? મારે શું દિવાન ને છોકરો ? હું તો ભગવાનનો શિષ્ય છું આ વિચાર આવતા પહેલા

સાધનામાં જોમ હતું, તે વધી ગયું. પરિણામ સારું આવ્યું. પણ 'જીવ્યા કરતાં જોયું ભલું' આ સૂત્રનું ખંડન કરી નાંખ્યું.

**'આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિદોષ'....**

પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરતા મતિના દોષ ટળે છે.

ભગવાન તમને સમર્પિત કરું છું ને આખો દિવસ બર્હિભાવમાં રાચ્યો માચ્યો રહે એ ઢોંગ ધતૂરો છે, અંતરાત્મભાવમાં જાય એટલે લૌકિક માન્યતાઓ છે તેને છોડે, જાતિનાં દોષ ટળે એટલે શું થાય ?

ભ્રમણા ટાળવા માટે સામે આલંબન રાખવું જોઇએ. વળી ભ્રમણા શું છે ?

(૧૦) **शरीरमाद्यं खलु धर्मसाधनम् :** ખરેખર શરીર એ ધર્મનું મુખ્ય સાધન છે, એટલે શરીરને સાચવીને કામ કરવું. આ ભ્રમણા, એની સામે શરીર કામ માટે, આરાધના માટે મળ્યું છે, બેસી રહેવા માટે નહીં.

(૧૧) **मुखमस्ति इति वक्तव्यम् :** બોલે એનાં બોર વેચાય આ ભ્રમણા છે. બોલે એ બોળે ઘણું, બોલવામાં અતિશયોક્તિ જુઠાણું આવે, સ્વાભિમાન આવે, બીજાની નિંદા આવે, એટલે બોલ્યો એણે બોળ્યું એટલે પોતાનું પુણ્ય પાણીમાં નાંખે છે. શાસ્ત્ર કહે છે કે, બીજાની નિંદા-જૂઠાણું- સ્વોત્કર્ષ, સ્વાભિમાન કરે તે પોતાના પુણ્યકર્મની સ્થિતિનો હ્રાસ કરે છે, એટલે બહુ બોલવામાં બોળવાનું થાય છે.

**કવિ ઋષભદાસજી**એ પણ કહ્યું **"મુખ બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધૂળ ધાણી. જીતી બાજી ગયો હારી"** બીજાને સારું લગાડવા એને ગમતું બોલ્યા એટલે દુનિયાને શું ગમતું છે ? બીજાની કાપણી કરે એ. ગમે તેવા ધર્માત્માનું કાપો તે બીજાને ગમે છે. સાંભળવું ગમે છે એટલે આ બધી મીઠીવાણી. એટલે શું કર્યું ? પોતાનું જે પુણ્યધન લઇને તેમજ સુંદરવચન શક્તિ લઇને આવેલો તે બધી ધૂળધાણી કરે. "જે વચનશક્તિથી મહાપુરુષોનાં ઉમદા ગુણગાન કરી શકાય, પ્રભાવક સ્તોત્રો ગણી શકાય એનાથી લખલૂટ પુણ્ય વધે, એ વચનશક્તિ બીજાને મીઠું લગાડવામાં ગટરમાં ફેંકી રહ્યો છે." આ રીતે પુણ્યશક્તિ- પુણ્યધન બેઉને વેડફી રહ્યો છે. સરવાળો શું આવ્યો ? જીતી બાજી ગયો હારી, જે બાજી જીતમાં હતી તે હારી ગયો. એકેન્દ્રિયપણામાં કર્મનાં માર સહન કર્યા, બાજી જીત્યો. ત્યાંથી વિકલેન્દ્રિયપણામાં આવ્યો વળી આડું અવળું કરવા ગયો તો બાજી હારી ગયો, પાછો એકેન્દ્રિયમાં ગયો. વળી બાજી જીત્યો આગળ વધ્યો. જેમ જુગારી દાવમાં હાર જીત કર્યા કરે એમ કરતાં કરોડો કમાય, એટલે ઊભો થવા જાય ત્યાં બીજા જુગારી કહે : એય, એમ ન જવાય. આ કરોડોની સામે બે કરોડ રમે. તે વખતે પાસા કેવાં નાંખે ? મોટી જીતેલી બાજી હારી ન જવા માટે. બાજી



ખેલવામાં સાવધાન હોય ! એમ આપણે છેક નિગોદમાં હતા ત્યારે મીંડામાં હતા. ત્યાંથી બાજી જીતી આગળ વધ્યા. ત્યાંથી હાર-જીત કરતા કરતા આર્યદેશ, જૈનકુલ-માનવઅવતારમાં આવ્યા. કરોડોની બાજી હાથમાં આવી. હવે જીતતા ન આવડે તો બાજી હારીને ક્યાં જાય ? છેક એકેન્દ્રિયમાં પણ ઘુસાડી દે.

**સમરાદિત્યના ચરિત્રમા** આવે છે. **બે ભાઇ :** એક ભાઇ સંપત્તિની મૂર્ચ્છામાં મરીને એક પર્વત ઉપર નાળીયેરી તરીકે થયો. અને એના ઉપરથી લટકતા પાંખડામાંથી એક પાંખડું છેક પર્વતની તળેટીમાં ઊંડું ગયું. ભગવાનને વંદન કરવા જતા બીજા ભાઈના જીવે આ જોયું ને ભગવાનને પૂછ્યું : પ્રભુ ! આમ કેમ ? ત્યાં શું છે ? ભગવાને કહ્યું : ત્યાં ૭ લાખ સોનૈયા દાટ્યા છે, પ્રભુ કોણે ? ત્યારે ભગવાને કહ્યું : એક અવસરે તું અને આ નાળિયેરીનો જીવ બન્ને ભાઈ હતા. આ નાળિયેરીના જીવ ભાઇએ દગો કરી તને કુવામાં ફેંકી દીધો. આ સાંભળી બીજો ભાઇ ચોંકી ગયો. જીતી બાજી ગયો હારી, સંસારમાં એવા પાપો ઊભા કર્યા કે જીતી બાજી હારી ગયા.

(૧૨) **'બોલે એનાં બોર વેચાય'** આ પણ ભ્રમણા. લોકોને બોલાવે, તો સારા લાગે પણ એની સમાજમાં કિંમત શી ? બહુ બોલે તે તણખલાને તોલે. જે ઓછું બોલે, ગંભીરતા રાખે તેની સમાજમાં કિંમત હોય છે. બહુ બોલે આત્મઘરમાંથી બહાર ગયો. બોલવાનું દુનિયાની ચીજ વસ્તુ પર, કાંઇ ધર્મ કે આત્માનું નહીં બોલે ! એ બોલે એટલે અંદરથી બહારમાં ગયો. આત્મઘરમાંથી બાહ્યમાં ગયો. આવી ઊંચી જિંદગી બહારમાં ભટકવામાં કાઢવાની, એ તો અનાર્યોને મ્લેચ્છો પણ કરે છે, એટલે અંદરમાં ઠર ને બહારમાં જવાનું બંધ કર. અંદરમાં ઠરવું હોય તો બહારનું બોલ બોલ કરવાનું બંધ કરવું પડે. બોલે એના બોર વેચાય - આની સામે એક મૌન અને બીજું સૂત્ર, સ્તોત્ર બોલવાનું, એનો પાઠ કરવાનો. એ ઉપરાંત

(૧૩) ગુરુ શા માટે કરવાના ? બહિરાત્મભાવવાળો એમ વિચારે કે **જે આપણને સાચવે, સંભાળ રાખે, બહુ શાંત સ્વભાવી હોય, તેને ગુરુ કરવા** : આ બધી ભ્રમણા છે. આનાથી ગુરુ પાસે જે લેવાનું છે, કમાવાનું છે, એ બધું ચૂકી જાય. જૈનશાસન ગુરુ શાને કરવાનાં ? એના માટે કહે છે કે ગુરુની સેવા માટે ગુરુ કરવાના. અત્યાર સુધી ઘણા લેભાગુની સેવા કરી, કોઇએ કશું પરખાવ્યું નહીં, હવે આ ત્યાગી-સંયમી ગુરુને સેવી લઉં તો ન્યાલ થઇ જાઉં.

**કાલિકસૂરિ મહારાજ** - વિનયરત્નને દીક્ષા આપી. હરામખોર હતો, પણ કાલિકસૂરિ મહારાજ અંજાઇ ગયા, ઓળખી શક્યા નહીં. રાતના બે વાગે આંખ ઉઘડે એટલે પેલો હાથ જોડીને ઊભો હોય, કેમ ઊંઘવું નથી ? ત્યારે આ વિનયરત્ન કહે :

પ્રભુ ! નિગોદમાં ઘણું ઊંઘ્યો, આપની સેવા ક્યાંથી ? ગુરુ કરવાના સેવવા માટે, આ અંતરાત્મભાવનો વિચાર છે. જ્યાં મળે ત્યાં ગુરુની સેવા ગોતતો ફરે. ગુરુ ગરમ હોય ત્યારે આપણે શાંત રહીએ તો ગુરુને શાતા રહે, ગરમની સામે ગરમ થઈએ તો ગુરુને અશાતા વધે. સેવા માટે તન તોડી નાંખવાનું અને મન મોડી નાંખવાનું એટલે મનના બધા હિસાબ-કિતાબ હેઠા મૂકી દેવાના, મારી કોઇ માન- ઇચ્છા-માન્યતા નથી જે બધું ગુરુનું છે એ બધું મારું છે. ભ્રમણા ટળે તો આ ભાવ આવે.

શ્રાવક પોતાના ગામમાં લઈ જવા કહે, સાહેબ પધારો, અને તમે પૂછો કેટલું થાય ? તો કહે : સાહેબ પાંચથી સાડાપાંચ માઇલ અને જો ૮ માઇલ નીકળે તો શું થાય ? શ્રાવકે ઠગ્યા, અરે ઠગ્યા નહીં પણ વધુ નિર્જરાનો લાભ આપ્યો, ઉપકારી માનવો જોઇએ. આ અંતર્મુખતા હોય તો સીધા હિસાબ માંડે અને બર્હિમુખ હોય તો ઊંધા વિચાર માંડે અને કંઇક પાપ બાંધે. શ્રાવકની પણ આશાતના ટાળવા કહ્યું છે. એનો પણ મિચ્છા મિ દુક્કડમ્ માંગવાનો છે.

(૧૪) **ભગવાન ભાવનાનાં ભૂખ્યા છે :** આ ભ્રમણા છે. કાયા હલાવવાની નહીં, પૈસા જોખવાનાં નહી, કોઇ કષ્ટ કરવાનું નહિ માત્ર ભાવ ચોક્ખા રાખીએ એ ભ્રમણા છે. ભગવાન ભાવનાનાં ભૂખ્યા એ વાત લૌકિકમાં સાચી, પણ દ્રવ્યનાં ભૂખ્યા છે. કેમકે દ્રવ્યમાંથી ભાવ વધવાનો-કરવાનો છે. રસપુરી ઉડાવતો જાય ને આ તો પુદ્ગલ છે, પુદ્ગલ-પુદ્ગલને ખાય, આપણે અંતરથી ન્યારા, એ કાંઇ આપણું બગાડે-સારું કરે એ આપણે માનતા નથી. માત્ર ભાવ ચોક્ખો રાખો, આ ભ્રમણા છે. બહિર્ભાવમાંથી અંતરાત્મભાવમાં આવવા ખૂબ પ્રયત્ન હોય તો આ ભ્રમણાઓ ટળે.

(૧૫) વળી આ પણ એક ભ્રમણા છે કે અભિમાન કરવું હોય ત્યારે માણસ બોલે કે મને ૪૦-૫૦ વર્ષ થયા છે. **તારામાં કેટલી અક્કલ છે એ મને ખબર છે.** ભ્રમણા શું થઈ. ૫૦ વર્ષ થયા એ કહ્યાં પણ હાય મારા ૫૦ વર્ષ એમને એમ ગયા. ગુજરાતીમાં કહે છે તારા કરતાં ઘણી દીવાળી જોઇ છે. જ્યારે અંગ્રજીમાં કહે છેઃ I Have Seen More Summers then you આમ એક માણસે કહ્યું, ત્યારે વકીલ હતો તેણે સામો જવાબ આપ્યો. That is why your telents are birnt. તેથી જ બુદ્ધિ સેકાઇ ગઇ છે. આ પણ ભ્રમણા.

(૧૬) **મરીને ધર્મ ન થાય :** આ પણ એક ભ્રમણા. ઉપવાસ એટલે છતે ભોજને મરવાનું ? મરીને ધર્મ ન થાય. એક ઉપવાસમાં મરવાનું લાગે છે. આ ભ્રમણા છે એટલા માટે કે ધર્મ માત્ર કષ્ટ ઉપાડીને થાય, કષ્ટ ઊપાડીને કરે તો મજા આવે છે. મરીને ધર્મ ના થાય તો પછી મરીને દુનિયાનાં ઘણાં કામો કેમ થાય છે ? વૈતરું કેમ



કરવું પડે છે ?

(૧૭) **આપણાથી ખોટું સહન ન થાય :** આ પણ ભ્રમણા. ખરેખર જોઇએ તો ઘણું કર્મનું ખોટું સહન કરે છે. કર્મે મનુષ્યજન્મ સુધી લાવીને મૂક્યા. હવે એજ કર્મ જોઇએ એવા પૈસા નથી આપતું, ખાવા પણ પુરતું નથી આપતું. કંઇક લપ આવીને પડે છે, એને નથી કહેતો કે, આપણાથી ખોટું સહન ન થાય. પણ કોઇએ કાંઇ કહ્યું હોય તો કહે ભાઇ આપણાથી ખોટું સહન ન થાય એમાં શું તને ઘા માર્યો, વાસ્તવમાં સહન કરવા માટે જ જનમ છે. જેટલું સહન કરીએ એટલા કર્મ ખપે. સામનો કરીએ એટલાં કર્મ વધે. સહન કરનાર ફાવી ગયા, સામનો કરનાર હારી ગયા. અહીં માત્ર પુણ્યાઇ વટાઇ ખાવાની. પુણ્ય ભોગવે છે ને સરવાળો પાપમાં છે, આ ભ્રમણા ટાળો. સહન કરીએ એટલું જીતીએ, સામનો કરીએ એટલું હારીએ, આ યાદ રાખો.

(૧૮) **ઘર કુટુંબ સરંજામ મારો :** આ ભ્રમણા છે. તારા બાપ-દાદા- દાદાનાં દાદા વગેરે કેટલીએ પેઢી ચાલી ગઇ પણ બધા મારું મારું કરીને, મૂકીને ગયા. એટલે આ વાક્ય અધુરું છે. **ઘર કુટુંબ સરંજામ મારો પરલોક બગાડનાર છે,** આમ વાક્ય પૂરું કરો. આ યાદ આવે તો બધો મોહ ઓછો થાય. મારા તો દેવ-ગુરુ-ધર્મ-ઉપાશ્રય-ત્યાગ-તપ બાકી બીજા બધા તો પરલોક બગાડનાર છે.

બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં જીવ આવે તો ભ્રમ છે તે ટળી જાય. ટળી જાય એટલે શું થાય ? અસત્ માન્યતાઓ જે ચાલતી હતી તેની સામે સત્ માન્યતાઓ નિશ્ચિત થાય. જેમકે,

(૧૯) **ધર્મીને ઘેર ધાડઃ** આ પણ ભ્રમણા-આ માન્યતા થઇ તો તરત જ એમ થાય કે આ ધર્મીને ત્યાં ધાડ આવી. વાસ્તવમાં ધર્મીને ત્યાં ધાડ નથી આવી. સંઘ કાઢ્યો, દેવાળુ નીકળ્યું આવી માન્યતા થાય છે. વાસ્તવમાં અબજ રૂપિયાનું દેવું ૧૦ હજારમાં પતતું હોય તો પતાવે કે નહીં ? ૧૦ હજાર આપતા અબજ રૂપિયાનું દેવું પતી જતું હોય તો એને ધાડ આવી કહેવાય ? ના. એમ ધર્માત્મા સમજે છે કે અહીં જે આફત આવી છે તે તો થોડામાં નિકાલ થઇ જાય છે. માટે મનમાં ફીકર ન હોય, સંક્લેશ ન હોય, એટલે ધર્મીને ઘેર ધાડ નહીં પણ દીવાળી છે. મોટી આપદામાંથી ટૂંકમાં બચે, શૂળીની સજા સોયથી પતે.

ધર્મીને ઘેર ધાડ આ એક ભ્રમણા. આનો અર્થ એ કરે છે કે, ધર્મ નહીં કરનાર બધા સુખી છે અને કરનારને કેટલું દુઃખ છે ? અધર્મીને ઘેર ધાડનો પાર નથી. પરદેશમાં યાદવાસ્થળી ચાલે છે. ધર્મીને ઘેર ધાડ નથી, ધાડ છે એ તો પૂર્વનો અધર્મ છે, પણ ધર્મ કરે છે એને આશ્વાસન આપે છે. ધર્મી હશે તો આશ્વાસન લઇ શકશે.

ફોરેનમાં એક **સાઈકોલોજીસ્ટ ડોક્ટર થઈ ગયો.** એણે **Return to Religion** નામનાં પુસ્તકમાં લખ્યું છે કે, હું ૨૫ વર્ષ પછી ધર્મમાં પાછો કેમ ફર્યો ? જ્યાં સુધી મારા બાપા જીવતા હતા ત્યાં સુધી રોજ ચર્ચમાં જતો, પણ છેલ્લા ૨૫ વર્ષથી મેં ચર્ચમાં જવાનું બંધ કર્યું. કેમ આમ ? આ શું એક સરખી ટ્યુનમાં બોલવાનું Oh Lord ! એક જણ બોલે ને બધા સાંભળે. આના કરતાં ઓરકેસ્ટ્રામાં જવું સારું. આમ લગભગ ૪૫ વર્ષની મારી ઊંમર થઈ. પછી પાછો હું ચર્ચમાં જતો થયો. માંદો પડ્યો-આરામ કરતા કોઈના ઘરે બેસું. ચર્ચમાં જતો હું કેમ થયો ? પૈસા ખુટી ગયા માટે હું નથી જતો, કેમ કે મારી પાસે પૈસા તો ઘણા છે. ઘરમાં ક્લેશ કંકાશ ? ના. પત્ની પણ સારી છે I, My Wife. three children are very happy. ઘરડા થયા એટલે ? ના, હજી તો હું યુવાન છું બધી વાતે સુખી છતાં હું કેમ પાછો ફર્યો ?

હું સાઈકોલોજીસ્ટ ડોક્ટર છું. સાઈકોલોજીના આજસુધી મેં લગભગ ૪ હજાર કેસ તપાસ્યા. બધામાં સફળતા મળી. કરોડપતિને પણ માનસિક વ્યથા હોય. આ બધાને ટ્રીટમેન્ટ આપીને સુખી કર્યા. એક વાર એક બાઈ આવી. અને કહે : જુઓને ડોક્ટર, હું મારા ધણીની કેવી સેવા કરું છું. સવારથી સાંજ સુધી બધું એનું કામ કરું; પણ હું એમને ગમતી નથી. બીજી બાઈઓ સાથે વાતો હસી ખીલીને કરે છે મારી સાથે હસીને વાત પણ કરતાં નથી. મેં એનો આખો કેસ સાંભળ્યો. બધી જાતની એની સાથે વાતચીત કરી, એને પુછ્યું : તમે ક્યારે જાગો છો ? ક્યારે સૂઈ જાઓ છો ? શું કરો છો ? મેં દર્દ જોઈ લીધું એટલે પૂછ્યું : કોક અવસરે ભૂલ થાય તો તમે એને કાંઈ કહો છો ? ત્યારે બાઈએ કહ્યું : ક્યારેક આ પ્રમાણે બોલી જાઉં છું કે "આતો હું છું, તમને નભાવું છું બીજી કોક હોત તો ખબર પડત !" બસ નાડ પરખાઈ ગઈ. આ એક જ વાત ઉપર આ બાઈ પાણી ફેરવી નાંખે છે. એટલે મેં એને કહ્યું : હવે તમારે હું કહું એમ બોલવાનું. એમની ભૂલ હોય તો કાંઈ બોલવાનું નહીં. અને જો તમારી કો'ક ભૂલ થાય ને એ ચડી બેસે તો તારે કહેવાનું કે "આ તો તમે છો તો મને નભાવો છો, બીજા કો'ક હોત તો ડાયવોર્સ આપત કે કાઢી મુકત." અને આ બાઈ આ પ્રમાણે કરવા લાગી. એક મહીના પછી આવીને કહે : ડોક્ટર સાહેબ, કોન્ગ્રેચ્યુલેશન કરવા આવી છું. હવે તો હું મારા ધણીને એટલી ગમું છું કે એ મને છોડીને બીજે ક્યાંય જતા નથી. માત્ર ઓફિસે જવું પડે એટલે જાય. આ એક જ સૂત્રે ચમત્કાર સર્જ્યો. આવા તો કંઈક કેસ મેં સુધાર્યા, એટલે મને મારી બુદ્ધિ પર અભિમાન હતું. એક દિવસ ઓફિસમાં બેઠો હતો, કોઈ કામ નહોતું. અને કોઈએ ધર્મગ્રન્થનું પુસ્તક મારા ટેબલ ઉપર લાવીને મૂક્યુ હતું. આમ તો મને કોઈ રસ નહોતો, છતાં પણ સમય પસાર કરવા ધર્મગ્રન્થનાં



પાનાં હું ઉથલાવા લાગ્યો. અને મારી આંખ પહોળી થઈ ગઈ, મને અભિમાન હતું કે મારા જેટલી બુદ્ધિ કોઈનામાં નહીં હોય. એક એકના પ્રોબ્લેમ સોલ કરી નાંખતો, આ મારું અભિમાન હતું.

**અમદાવાદ - માકુભાઈ શેઠ** મિલમાલિક હતા. એમના માટે કહેવાતું કે, મિલમાં જાય ને છત્રી ભાંગીને ન આવે તો આશ્ચર્ય. કારખાનામાં તપાસ કરવા નીકળે, કોઈને બેઠો જુએ ને ગુસ્સે થાય અને છત્રી ઠોકે. એટલે એમના માટે કહેવાતું કે રોજ એકાદ છત્રી તોડીને તો આવે. આ એક સાઈકિક દર્દ છે, આનાથી ઊલટું જ દેખાય. કદાચને કોઈ સાઈકોલોજી મળ્યો નહીં હોય, મળ્યો હોત તો કારીગરોને એમ કહેત કે તમે સારું કામ કર્યું - બહુ ઝડપથી કામ કરો છો, તમારી ગ્રેડ વધારવામાં આવશે.

આ સાઈકોલોજીસ્ટ ડોક્ટરે ચોપડીમાં વાંચ્યુ. ધર્મગ્રન્થની કર્ણિકાઓ જોઈ થયું કે હું જે સલાહ આપું છું તે બધી સલાહ આમાં જ ભરી છે. જ્યાં જોઉં ત્યાં આજ બધી સલાહ. આગળ પાછળ પાનાં બધા ઉથલાવ્યાં, અને આ વાત તો બે હજાર વર્ષ પૂર્વે લખાઈ છે. આ મેં અભિમાન કર્યું. દુનિયાને આ ધર્મની જરૂર છે અને મેં એની જ ઉપેક્ષા કરી ? ધર્મ નહિ કરનારા એટલે ચર્ચમાં નહી જનારા, ધર્મને નહીં માનનારા મારી પાસે સલાહ લેવા ઘણા આવતા. કેમકે ધર્મ કરનાર સમજુતી કરી લેતા. ધર્મ કહે એ પ્રમાણે કોમ્પ્રોમાઈઝ કરી લેતા, સમાધાન કરી લેતા. બજારમાં જાય, કેટલી હાડમારી એટલે સ્વભાવ જરા ચડીને બોલવાનો છે, એ તો જરા કમીશન છે. ધર્મ કરનારની સમાધાનવૃત્તિ હોય છે, અને ધર્મ નહીં કરનારનો ચિડાઉ સ્વભાવ હોય છે, આમ જ્યારે મેં જાણ્યું ત્યારથી મારું બધું અભિમાન ઉતરી ગયું ને હું ફરી પાછો ચર્ચમાં જવા લાગ્યો. એટલે જ આ ભ્રમણા છે કે, ધર્મીને ઘેર ધાડ. ધાડ નહીં પણ આશ્વાસન, સમાધાનવૃત્તિ છે; ધાડ તો અધર્મીને ત્યાં આવે છે. આશ્વાસન-સમાધાનવૃત્તિ નથી, એવાને ધાડ રૂપ છે. ધર્મીને જગતની વચમાં રહેવાનું છે. એને પણ એજ સંયોગ છે, આટલી મોંઘવારી-સરકાર શું કરે ? સમાધાનવૃત્તિ ધર્મી પાસે છે માટે ચિત્ત સ્વસ્થ છે. નોકરી ચાલી ગઈ, કાંઈ નહિ, હોય એ તો એમ સમાધાન કરી લે. કસોટીનો અવસર આવ્યો છે, ભગવાન તમારી દયા છે - તમે મને બધું સરખું આપતા હતા એટલે હું નિઃસત્ત્વ બની ગયેલો, જ્યારે જે જોઈએ તે મળે છે, એટલે હવે મારે સત્ત્વ કેળવવાનો અવસર આવ્યો છે. ભગવાન તમારી દયા છે. પુણ્યાઈ હોય એટલે બધું મળે. જિંદગી જાય પણ સત્ત્વ કેળવવાનો અવસર ન આવે. ને હાડમારીમાં જે જીવન ગાળે છે તે સત્ત્વશાળી છે. કેમ કે એમાં સત્ત્વ કેળવાય છે, મસ્ત રહે છે. આ સમાધાનવૃત્તિ આવે છે.

ક્યાં ક્યાં આપણને બહિરાત્મભાવ નડે છે તે આ બધી ભ્રમણાથી છતો થાય છે.

(૨૦) આ પણ એક ભ્રમણા છે. **ખપ એનો શોષ નહીં :** જેનો વારંવાર ખપ પડતો હોય એની અફસોસી શી કરવાની ! આ ભ્રમણા છે. સંસારી માણસને પૈસા-સગાસ્નેહીઓનો ખપ પડે છે. એમાં એ કહે પૈસા ખોટા છે, સંબંધી માયાજાળ છે, એવી અફસોસી ખોટી છે. ખપ રોજ પડે તો શોક રોજ કરે. બીમાર માણસ હોય... રોજ દવા લેવી પડે, કપાળે હાથ મૂકે કે ક્યાં સંસાર લાગ્યો છે ? પૈસા એ પાપ છે, વેપાર-ધંધો એ પાપ છે, માયામહોબ્બત એ પાપ છે. રોજ અફસોસી હોય એટલે લાભ શું થાય ? એટલે શું રોજ બળ્યા કરવાનું ? ના, એના ઉપર વૈરાગ્યભાવ કેળવવાનો ને બહુ સાચવવાનું. જેમ ઉસ્તાદ મદારી ઝેરવાળા સાપને પણ રમાડે. **અમદાવાદમાં મિલમાં** ૧૬ વર્ષનો ભૈયો ગમે તેવા સાપને સામેથી પકડીને ખીસામાં મૂકી દે. મોઢું એવી રીતે પકડે કે તેનું મોં દબાઇ જાય, ને પકડતાં પૂર્વે જ સાવધાન રહે. ગમે તેમ પકડે તો ડંખ મારી દે. એ પ્રમાણે બધી સંસારની હેય ચીજો સાથે વર્તાવ સમજ વગર કરે, તો તો બળી બળીને હૈયું ખાખ થઇ જાય ? જેટલા પ્રમાણમાં સાંસારિક પદાર્થો વૈરાગ્ય વધારે તેટલી દેવ-ગુરુ-ધર્મ ઉપર મમતા વધારે થાય. પૈસા એ તો વચગાળાની વસ્તુ છે. સુલસાએ કહી દીધું, કે બીજા-દેવ-દેવલાઓની માનતા શા માટે કરું ? મારે તો અરિહંત જ આપનારા છે, સારું થશે તો આનાથી જ થશે, 'જિનભક્તે જે નવિ થયું અન્યથી તે નવ થાય'.

(૨૧) લોકો કહે છે **દામ કરે કામ :** આ પણ ભ્રમણા છે. પાસે પૈસો હોય તો કામ થાય, ન હોય તો શેખચલ્લીના વિચાર જેવું થાય. દામ કરે કામ નહીં પણ દામ કરે કુકામ. પૈસાથી સારા કામ કેટલા કરે ? ને પાપના કામ કેટલા કરે ? ઘરે મોટર રાખે તો દેરાસર જવામાં કેટલો ઉપયોગ ને બાકીના સમયે શું ઉપયોગ ? એટલે દામ કરે કામ ખોટું છે. દામ સત્કાર્ય કરશે એના કરતા પાપના કામ વધારે કરશે. માટે ઇતરના ઋષિઓએ પણ દામની કિંમત કાઢી નાંખી છે. કહે છે ને કે મિયાભાઇ મસાલા પર કૂદે.

દામ કરે કામ આમ કહીને શું કરે છે ? પૈસાને મહત્ત્વ આપે છે. આ લોકો આપણને કેમ માને છે ? લોકોને પૈસા આપીએ છીએ માટે. **એક ગામમાં** દરેક કાર્યમાં મારવાડીએ પૈસા આપવા માંડ્યા, લોકોને શું ખબર પડે કે મારી પાસે પૈસા છે ! તેને કામના મહત્ત્વ કરતા દામનું મહત્ત્વ વધારે છે. પણ હવે ખરું આ બોલો-**શ્રદ્ધા કરે કામ**-દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા કરે તો કામ થાય. આપણી શ્રદ્ધા એ મુખ્ય ચીજ છે, કદાચ તેટલું કામ ન થાય, તો આપણું યશનામ કર્મ ઓછું.

(૨૨) **નબળાને સૌ પીડે :** દૂબળી ગાયને લોકો પીડે છે, હેરાન કરે છે, એ દૌર્ભાગ્ય નામકર્મ છે. માટે સૌભાગ્યનામ કર્મ હોય તો તું બીજાની સેવા ન કરે છતાંય



વહાલો લાગે. શેઠાઇ કરવા છતાં પ્રિય લાગે. દૌર્ભાગ્યનામકર્મ હોય તો સેવા કરે છતાં અપ્રિય લાગે. ઘરમાં ચાર વહુઓ હોય એ વહુ સેવાભાવી હોય, છતાં સાંનિધ્ય ન ગમે તો દૌર્ભાગ્ય કર્મ છે. એ તો કર્મના હિસાબ છે, તેના ઉપર માપ ન કઢાય. આપણે જરા ખબરદાર છીએ માટે વહાલા લાગીએ છીએ એમ નહીં પણ આપણે ગુણિયલ થઇએ તો વહાલા લાગીએ. ભ્રમણામાં ને ભ્રમણામાં જિંદગી પૂરી કરે, સબળા થવા માટે રોફ બતાવવા જાય. જિંદગી સુધી અભિમાન આપમતિ પોષે, બહિરાત્મભાવમાં જ રાચે. **બહારમાં બોલબાલા થાય છે પુણ્યથી અને આત્માની પ્રગતિ થાય છે પુણ્યકાર્યોથી.** પૂર્વનું પુણ્ય હોય તેથી બહારની બોલબાલા થાય છે, એટલે આપણે ખમી ખાતા શીખો, બીજાનું કરી છૂટો, વાણી મીઠી રાખો. મધુરવાણીમાં કોઈવાર આપણે પાછા પડવું પડે. કેમકે કદાચ કોઇ ચડી બેસે તેમાં આપણું પૂર્વનું પાપ કામ કરે છે, એમાં હતાશા લાવવાની નહીં. **મનુષ્યજન્મ પૂર્વનું પુણ્ય પુષ્ટ કરવાનો જન્મ છે. પુણ્ય ખાવા માટે નથી.**

(૨૩) **પડતાને સૌ પાટુ મારે :** તેમ નથી પણ આપણી માન્યતા જ મારે છે. આપણે મનમાં લેવાની જરૂર નથી. આથી તો પૂ. યશોવિજયજીમહારાજે મલ્લિનાથ ભગવાનનાં સ્તવનમાં કહ્યું કે, **'લોક રીઝે શું થાય ?'** લોકોની રીઝ અસ્થિર છે. ઘડીમાં રાજી ઘડીમાં નારાજી. મારે તો સાહિબ તને રીઝવવા છે. પૂર્વના લોકો જમાડવામાં ઘીનો માલ ખૂબ ખવડાવે, એની પાછળ લાગણી કામ કરે. કીલો લોટમાં સવા કીલો ઘી નાંખે, આ રીતે સાધર્મિકની ભક્તિ કરે. આજે લોકોની સામે જોવા જાય તો ફરસાણ બનાવવા પડે, તેથી લોક રાજી થાય. તેલીયું ખાય પછી બીજે દિવસે ખોં ખોં કરે, આ બધી ભ્રમણાઓ ટાળવાની અને શાસનની વાત માનવાની ત્યારે પ્રભુ સાથે વાતચીત થાય. સ્તવન ગાતો જાય ને આજુબાજુ જોતો જાય કે કોઇને ગમે છે ? આ સ્તવન ભગવાનને સંભળાવવા નહીં પણ લોકોને સંભળાવવા ગાતો હતો. કોઇ ન દેખાય એટલે જલ્દી પૂરું કરી નાંખે. આ બધો ઊંધો હિસાબ છે.

(૨૪) આ પણ એક ભ્રમણા છે. કે **ફરે તે ચરે :** ફરતાં રહો તો માલ ખાવા મળે, ઘરનાં ખૂણે બેસો તો કંઇ ના મળે. આ ભ્રમણા. કેમ ? ફરે છે એમાં શું કરે છે ? એ પૂર્વે અનાર્યના અવતાર મળેલા, પશુના અવતાર મળ્યા હતાં. એમાં જે વાજું વગાડતો હતો તે હવે તાજું કરી રહ્યો છે. દુનિયાનાં બાહ્ય ભાવ લઇને ફરવાનું એટલે શું ધંધા કરવાના ? જે પશુનાં ભવમાં અનાર્યના ભવમાં કરતો હતો તે જ કરવાનું. સાધુને દેશાટન એ પણ અધ્યયન છે. જૈન-શાસનની પ્રભાવના ક્યાં-કેવી રીતે કરવી એનો વિશેષ ખ્યાલ આવે માટે સાધુને દેશાટન છે. એ કાંઇ ફરવા માટે જતો નથી. એટલે ફરે એ ચરે એમ

નહીં પણ મહાપુરુષોના જીવનને ખોતરતો રહે એ ચરે-પામે, નવું નવું પામે. જાણે આ જીવનનું આ એક મહાન કર્તવ્ય બની જાય છે કે, પૂર્વપુરુષોનાં જીવનનો ખૂબ અભ્યાસ કરો તો જીવનમાં સમ્યગ્ અનુભવ વધશે, આ માનવ-જન્મ બાહ્યભાવનાં અભ્યાસને ભૂંસવા માટેનો છે, એને બદલે ફરે તે ચરે એટલે એવા સંસ્કારોને તાજા કરે છે. અહીં જ એવી જિજ્ઞાસા સંસ્કારને ભૂંસવાનું કર્યું હોત તો એ સંસ્કાર તાજા ન થાત. એટલે જગતની આતુરતાઓ-જિજ્ઞાસાઓ રોકશો તો ચિત્ત શાંત થશે.

(૨૫) **છાસમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય :** આ ભ્રમણા. માખણ કેમ ગયું ? વાસ્તવમાં ફોગટમાં નથી ગયું પણ ઘર મોટું છે, ઉમદા ઘરની બાઇને આવી તકલીફ હોય, એ જાણીને છાસમાં માખણનો લોચો નાંખી દે તો એને પરાર્થકરણનો લાભ મળે છે, એમાં ફુવડપણું નથી, દિલમાં પરાર્થવૃત્તિ છે. લોકોની દૃષ્ટિએ ઘેલછા-મૂર્ખાઇ કહે, પણ ડાહ્યા માણસની દૃષ્ટિએ સુકૃત છે એટલે આ ભ્રમ ટળી જાય તો સુકૃત કરવાનો લાભ મળે; એટલે અજ્ઞાની લોકોના બોલવા ઉપર આપણી સદ્ગતિ થતી નથી પણ આપણા સુકૃતો ઉપર આપણી સદ્ગતિ થાય છે.

(૨૬) **બાવો બેઠો જપે જે આવે તે ખપે :** આ પણ ભ્રમણા દેખાય કે બાવાજી જાપ કરી રહ્યા છે, પછી ભક્તો ગમે તે ભેટ લઇને આવે તો પણ ખપે, આ ખોટું છે. કેમકે એમાં લોકોને ધર્મનો વિશ્વાસ આપીને ઠગવાનું થાય છે અને બધો જાપ લોભના ચોપડે જમા થાય.

(૨૭) **મોં જોઇને ટીલું કરવું :** જેવો માણસ હોય તેવો તેની સામે વ્યવહાર કરવો. આ પણ ભ્રમણા. મોં જોઇને એટલે સુખી માણસ આવે એટલે આવો શેઠ, આવો શેઠ કરે અને પછી સાદા કપડામાં કોઇ બ્રારવ્રતધારી આવે તો એને આઘો બેસાડે. આમ મોં જોઇને ટીલું કરવા જાય તો અવગુણીની ઉપબૃંહણા થાય અને ગુણવાનની અવગણના થાય. મોં = ઉપલો ઝાકઝમાળ. કૃપણના સન્માન નહીં કરવાના, સમાજ ઉદાર ધર્માત્માના સન્માન કરે છે.

(૨૮) **લાંબા પાછળ ટૂંકો જાય મરે નહીં તો માંદો થાય :** એટલે આણે ૮-૧૦-૧૫ ઉપવાસ-માસક્ષમણ કર્યું તો આપણે કરીએ એમ નહીં, આપણે એવા શક્તિવાળા નથી એટલે આપણે એવા ધર્મ કરનારની પાછળ દોડવું નહીં. એ તો ઠીક પણ કંઇક અભ્યાસ પાડવો જોઇએ ને ? એણે માસક્ષમણ કર્યું તો હું ૩૦ એકાસણા-બેસણા કરું... આમ વિચારે, પણ જો પેલો જ વિચાર કરે તો જીવનમાં સત્કાર્યનો અભ્યાસ જ ન પડે.

(૨૯) **સ્વભાવનું ઓસડ નથી :** એમ કહેવાય છે કે આ પણ ભ્રમણા છે.



કેમકે પોતાનો ક્રોધનો-કૃપણતાનો સ્વભાવ હોય તો એ સુધરે નહીં, આ ખોટું છે; એટલા માટે કે અનાદિ નિગોદમાંથી કોઇ સારા સ્વભાવમાંથી બહાર નીકળ્યું જ નથી તો પછી સુધર્યા કે નહીં ? સ્વભાવનું ઓસડ ન હોત તો સ્વભાવ સુધરત નહીં. એ બતાવે છે કે, સ્વભાવનું ઓસડ છે. સ્વભાવનું ઓસડ ભગવાનની વાણી છે. આના પર વિચાર કરીએ તો બહિર્ભાવ ઓછો થાય.

(૩૦) શાસ્ત્ર ભણતાં હોઇએ અથવા કંઇ શંકા પડે તો વિદ્યાદાતા ગુરુને પૂછવા જવાનું મન થાય, એટલે **પૂછવા જઇએ તો પૂછામણ પડે :** આ ભ્રમણા છે. પૂછામણમાં એમની ભક્તિ-વેયાવચ્ચ કરવું પડે. ભ્રમણા કેમ છે ? પૂછામણમાં હાડકા સાજા રહે. પૂછામણ નથી લેવું તો હાડકા હરામનાં થાય. સેવા-વેયાવચ્ચ કરી પછી શંકાનું સમાધાન માંગે તો મળે એ હકનું ગણાય, નહીંતર બીનહકનું છે. આ ભ્રમણા કાઢી નાંખી હોય તો આ સૂઝે.

(૩૧) **મફતનું ખાવું ને મસ્જીદે સુવું :** ગમે ત્યાંથી માંગીને ખાઇ લેવું, ને પછી મસ્જીદે સુવું. આનાથી હાડકાં હરામના થાય છે. એનાથી મોટું નુકશાન એ છે કે હાડકા હરામ કરવાથી સારા કામ માટેની નાલાયકતા ઊભી થાય છે. સારું કામ સૂઝે નહીં એટલે સુકૃત સહન થાય નહીં. એટલા માટે જ કહેવત છે ને કે, વરનારાનું વરે ને ઘાંયજો પેટ બાળે, એટલે હરામીવેડા કરવામાં હરામનું ખાવામાં આ મોટો દોષ છે કે સુકૃત કરવાની શક્તિનો નાશ થાય છે.

પૂર્વના કાળના પુરુષો જરા કોઇનું મફતનું ખાધું હોય તો સામે તેને ચેન ન પડે. કોઇની એક કપ ચા પીધી હોય તો સામે ચાર કપ ચા પાય પછી જ ચેન પડતું, એટલે એનાથી કૃતજ્ઞતાનો ગુણ ખીલે-સુકૃતની શક્તિ વધે. આ બધા મહાનલાભ છે. જ્યારે હરામ હાડકાથી આત્મામાં સુકૃતની અયોગ્યતા ઊભી થાય, તેનાથી સુકૃતનો ક્ષય થાય એટલે એના જેવું બીજું કોઇ નુકશાન કયું છે ?

(૩૨) **સલાહ સૌની લેવી પણ ધાર્યું મનનું કરવું :** આ ભ્રમણા કેમ ? સલાહ સૌની લેવાથી બધાને વહાલો થાય પણ ધાર્યું મનનું કરે એટલે એમાં ધાપ ખાય. પોતાના મનની પહોંચ કેટલી ? એટલે કહેવાય છે કે અક્કલ ક્યાં રહે ? તો કહે પંચમાં. અક્કલ ખાય શું ? તો કહે, ગમ ખાય. પાંચ જણની સાથે વસ્તુનો વિચાર કર્યો હોય તો એમાં તાગ નીકળે. એકલું મનનું ધાર્યું કરવા ગયા તો કંઇક ધાપ ખાઇ ગયા. પુણ્ય પહોંચતું હોય ત્યાં લગી ઠીક છે પછી નુકશાની થયા વગર ન રહે.

(૩૩) **હોઠ સાજા તો ઉત્તર ઝાઝા :** આ પણ ભ્રમણા. બોલવાની આવડત હોય એટલે તર્ક-યુક્તિથી બોલી શકે, એટલે જે કોઇ સામો આવે તેને તરત જવાબ દઇ

દેવાનો. આમાં પહેલા તો બોલીને બોળવાનું થાય છે. તર્કથી જવાબ શોધી બોલી કાઢે પણ વ્યવહાર એમાં ન સચવાય. ઘરના મેમ્બરની ભૂલ થઇ તરત ઠપકો આપે. વાત વાતમાં ઠપકો આપે એટલે સામાના દિલમાં સ્નેહ ને સદ્ભાવનાને ઠોકર લાગે છે. જેમ જેમ હોઠ સાજાને ઉત્તર ઝાઝા કરતો જાય તેમ તેમ સામાનો સ્નેહ ગુમાવે, એટલાજ માટે સાચું એટલું બધું બોલવાનું નથી. આજુબાજુનું વાતાવરણ વગેરે જોઇને, એનું પરિણામ શું આવશે એ જોઇને પછી બોલવાનું છે, નહીંતર બોળવાનું થાય. અને તેથી જ મોટા વડેરાઓ ઘણાનું ખમી ખાતા હતા તો આખા કુટુંબનો સ્નેહ પામતા. પૂ. મોટા મહારાજ(પૂ.પ્રેમસૂરીશ્વરજી મ.સા.) સમુદાયમાં ઘણાનું ખમી ખાતા તો એ પ્રિય થઇ પડ્યા. ખમી ખાવું એ તો જીવનની મોટી મૂડી છે.

એટલે આવી બધી ભ્રમણાઓ ટળે તો પરમપદાર્થ સંપજે. બહિર્ભાવ ટળે ને અંતરાત્મભાવ આવે એટલે પરમપદાર્થ મળે. પહેલાં શું મળે ? (૧) સ્વાત્મબુદ્ધિ (૨) જગતના જડમાત્રમાં નિર્ગુણતાનું દર્શન. એનાથી આત્મહિત કરી લેવાનું. આ એક મહાન દર્શન છે. મોટી ચક્રવર્તીની સંપત્તિને પણ બહુ કિંમતી ન સમજે. ચક્રવર્તીની ઋદ્ધિના વર્ણનથી સામાન્ય માણસના મોંમાં પાણી આવે પણ અંતરાત્મ બન્યો હોય તેને જગતની સમૃદ્ધિ માત્ર ઉપર નિર્ગુણતાનું દર્શન થાય. આ બધી સમૃદ્ધિ નિર્ગુણી છે. નગુણા માણસ ઉપર ગમે તેટલો ઉપકાર કરો કે સાચવો તો પણ એ પોતાનું પોત પ્રકાશ્યા વગર ન રહે, તેમ આ જગતની બધી સમૃદ્ધિને કેટલો મેળ ? એ મારા ઉપર કશો ઉપકાર નહીં પણ અપકાર જ કરે છે.

જગતની સમૃદ્ધિ જીવને પોતાનું કર્તવ્ય ભૂલાવે, પરલોકનો વિચાર ભૂલાવે, ભગવાન ભૂલાવે, માટે એ નગુણી છે, અને માટે અંતકાળે એના શોકમાં મરે તો નરકના દરવાજા દેખાડે.

અંતરાત્મભાવમાં રહે એટલે લોકની રીઝ પડતી મૂકી દે, ભગવાનની રીઝ સામે જોયા કરે. બહિરાત્મભાવ છોડી આત્મભાવમાં સ્થિર થાય એટલે પરમપદાર્થની સંપત્તિ પ્રાપ્ત થાય. આનંદઘન પોષ-આનંદઘન = નક્કર આનંદનો સમૂહ. એવા પરમાત્માના મતને પોષનારી થાય. પરમાત્માના સિદ્ધાંતને પોષનારી થાય એટલે પહેલા જે સામાન્ય શ્રદ્ધા હતી તે વધી જાય, જેટલી વધારે શ્રદ્ધા તેટલું વધારે સુખદ રીતે જીવે. જીવન પુરું થતા ડોક્ટર હાથ ખંખેરી નાંખશે છતાં આનંદિત હશે. ભગવાન અને ભગવાનની શ્રદ્ધા લઇને ગયો માટે તે આનંદમાં જ હોય, જીવન જીતી ગયો એમ માને. પણ શ્રદ્ધાનું પોષણ ક્યારે થાય ? પરમપદાર્થની સંપત્તિ પ્રાપ્ત થાય ત્યારે.



પરમપદાર્થ એટલે શું ? (૧) **सर्वभूतेषु आत्मवत्** -જીવમાત્રમાં સ્વાત્મબુદ્ધિ. જીવમાત્રને તમારા પોતાનાં આત્મા તરીકે જુઓ. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે, **जं तं हन्तुमिच्छसि तं तं अप्पाणमेव जाणीहि** જેને તું મારવા ઇચ્છે છે તે તારો પોતાનો જ આત્મા છે તેમ તું જાણ. છરી શાક ઉપર નથી ચલાવતો મારા પોતાના આત્મા ઉપર ચલાવું છું. શાક કાપે, કાચા પાણીનો ઉપયોગ કરે, તેને તું તારા આત્મા જેવો જાણ તો તને કંપારી આવશે. સૂક્ષ્મશરીર છે માટે તું એને હણે છે. બિચારાનો શો ગુનો ? **सर्वभूतेषु आत्मवत्** કરવાથી ઘણા પાપ ઓછા થઇ જાય. વિરાધનાઓમાં આત્માની નિષ્ઠુરતા આવી જાય. સાધુજીવન છે. એક ડગ માંડતા આ વિચાર હોય... આ પગ નીચે જે કચડાઇ રહેલ છે તે તું પોતે જ કચડાઇ રહેલ છે, એ આવે એટલે અસત્ પ્રવૃત્તિ બંધ થઇ જાય. દા.ત. ચાલો, પાંચ મિનિટ બહાર જઇ આવીએ. શું કરવા ? જીવ મરી જશે. આ જગત જીવોથી ખીચોખીચ ભરેલું છે, સંપાતિમ જીવોથી ભરેલું છે, તે ક્યારેક શરીર ઉપર, ક્યારેક જમીન ઉપર બેસે. જીવાકુલ જગતને સમજીને જયણાપૂર્વક કામ કરવાનું. **आत्मवत् सर्वभूतेषु**- આ ભાવને કેળવવાનો કે, આ બધા જીવો મારા પોતાના જેવા છે, માટે અયતનાથી અટકવાનું કામ થાય, તેની કિંમત ઓછી છે પણ જયણા સચવાય તે મોટું છે. તેનાં સંસ્કાર પડવાથી તે આત્માની સગી થાય. પાણી પીવા કોઇને આપ્યું. જોઇ લે, કોઇ જીવ તો નથી ને ? જીવો ઉપર દયાનો ભાવ-જયણાનો ભાવ એ ઘણો ઊંચો ભાવ છે, પછી સંયમજીવન હાથમાં.

**માસક્ષમણને પારણે-ધર્મરુચિ અણગાર** કડવી તુંબડી વહોરી લાવ્યા. આચાર્યમહારાજે કહ્યું : પરઠવી આવો. એક ટીપું પડ્યું ત્યાં કીડી ચોંટી ગઇ અને ખલાસ થઇ ગઇ. ત્યાં વિચારે છે કે મારી જાતને બચાવવા આ બધાને મરવા દઉં ! મારા પેટમાં જ આને પધરાવી દઉં. આમ કહી પોતે જ વાપરી ગયા, રૂંવાડે રૂંવાડે લાય ઉઠી પણ મનમાં આનંદ થયો. મને રૂંવાડે રૂંવાડે બળતરા થાય તો જીવ ચીટકી જાય તેને કેટલી પીડા ? એવો જયણાનો ભાવ ખીલી ઉઠ્યો કે તેના ઇનામમાં અનુત્તરનું વિમાન મેળવ્યું. અનુત્તરના દેવો વીતરાગપ્રાયઃ સમાન જેવા છે. જયણા એ કેવો પરમ પદાર્થ છે. આવા આના કેટલાંક પરમપદાર્થ વિચારવાના છે. જે ઘણા ઉમદા છે. **सव्वे पाणा परमाहम्मिआ** - જગતના બધા જીવો પરમધાર્મિક છે, પરમધર્મ શું ? સુખની ઇચ્છા એ.... ધર્મ=સ્વભાવ, જીવમાત્રનો સ્વભાવ છે સુખનો રાગ થાય ને દુઃખનો દ્વેષ થાય. આ વિચારવાથી જીવ જયણાવાળો થાય. ઓછામાં ઓછી હિંસાથી ચાલે તેમ વિચારે. દા.ત. હાથ ધોવા ચકલીનો કોક ન ખોલે-ચાંગળા પાણીથી ચલાવે.

(૨) **વસ્તુમાત્રમાં સ્વાત્મહિત જોવું** : જે જડ જુએ એમાં હિત દેખાય છે વૈરાગ્યનું. જગતના વિષયોને જોઇએ તો ખરેખર વૈરાગ્ય થાય એવું છે. વિષયો, એના ગુણો, એના કાર્યો પલટાતા છે, એક સુખ-એક ખુશ થાય, બીજાને દુઃખ. શેઠને માટે લાવેલ ઠંડા પાણીનો ઘડો શેઠને ખુશી આપે જ્યારે કચરાપેટીની કીડીને દુઃખ થાય. આ જગતમાં વિષયોનું સુખ વૈરાગ્ય પમાડે તેવું છે, અસારતા બતાડનારું છે. વિષયોને મનમાં નાંખો તેથી પરમાત્મા સંયમ-ચારિત્ર- શુભભાવનાઓ આદિ નીકળી જાય. **સંયમ રાખવું હોય તો વિષયોને મગજમાં પેસવા જ ન દો.** પાંચમો યોગ છે : **પ્રત્યાહાર-** 'વિષયવિકારે ઇન્દ્રિય ન જોડે'. વિષયના થતા પલટા સાથે ઇન્દ્રિયોને ન જોડે, ત્યાં અટકીને ઊભો ન રહે. દા.ત. ગરમ ચા ઠંડી થઇ ગઇ તો મન અટકી ન જાય, વિષયોની અસર ન લે. પદાર્થમાત્રમાંથી સ્વાત્મહિત જોવું હોય તો તેમાં નિર્ગુણતા - અસારતાનું ભાન થવું જોઇએ. **द्वेषात् नैर्गुण्यं ज्ञातम्** - સંસારનાં વિષયોનું પહેલા વાસ્તવિક દર્શન કરે, પછી તેના ઉપર અરુચિ થાય. કેમ કે તેનામાં તેને નિર્ગુણતા દેખાય, તેને વધારે સેવવાથી તમારું વધારે અધઃપતન કરે. ભવનાં પદાર્થનું દર્શન, તેના ઉપર નૈર્ગુણ્યની દૃષ્ટિ અને પછી તેના ઉપરનો વૈરાગ્ય ઊભો થાય... આ લક્ષણ અધ્યાત્મસારમાં કહ્યું - અર્થાત્ વિષયોની નિર્ગુણતા ઊભી રાખે. વિષયોની સામે ભગવાનની મૂર્તિ, તીર્થ આદિ તારકસ્થાનોમાં આત્માનું હિત જુએ, તે તારકસ્થાનો હિતભૂત છે. આ મનુષ્યજીવનમાં તે જ સેવી લેવા જેવા છે, તેમાંથી તત્ત્વદૃષ્ટિ ઊભી થાય છે. તેના તરફ આત્માનો ઝુકાવ ઊભો થાય છે.

(૩) **જિનવચનનો રસ** : જ્યારે બહિરાત્મભાવથી નીકળી અંતરાત્મભાવમાં આવ્યો ત્યારે પરમાત્મા ઉપર સ્હેજે દૃષ્ટિ જાય ત્યારે તે પરમાત્માની વાણીની રુચિવાળો થાય. ને રસ કેવો હોય ? જેમ દુનિયાના માણસને ખેલ-તમાશામાં રસ હોય છે તેમાં બધું ભૂલી જાય છે. જિનવચન સાંભળવા ક્યાં મળે ? આ રસ એવો છે કે, જિનવચન સાંભળ્યા પછી મગજમાં રટણા તેની જ ચાલે ને પદાર્થ મગજમાં ઘુમ્યા કરે. મંત્ર-તંત્ર-વિદ્યા શિખ્યા પછી મગજમાં જ રહે. દા.ત. ગુરુમહારાજ પૂ. પ્રેમસૂરિજી મ.સા. કહેતા હતા : માળવાનો દગડુ શ્રાવક - કમ્મપયડી ભણતો હતો, નવકારશી વાપરતા વાપરતા વિચાર આવે કે, ચોથે ગુણઠાણે આટલી પ્રકૃતિ કેમ ? જ્યાં જવાબ આવે ત્યાં રટણા એની જ ચાલે, આ પરમપદાર્થ છે તે બે કામ કરે છે.

(અ) ખરેખર જિનવચનનો રસ લાગી જાય તો વિષયોનો રસ સૂકાઇ જાય. ગમે તેવા ખાન-પાન કપડાં મળે તેની કિંમત ન લાગે. બાહ્યનો રસ સુકાવી નાખે.

(બ) તેનાથી તત્ત્વદૃષ્ટિ વિકસ્વર થાય, અધ્યાત્મદૃષ્ટિ વધારે ને વધારે દૃઢ થાય,



શાસ્ત્ર એકવાર વાંચ્યું એમ નહિ, દસ વાર વાંચે, જેટલી વાર વાંચે એટલી વાર નવા નવા પદાર્થો મળે. ખરી સંપત્તિ આ છે કે, તે સંસ્કારરૂપે આત્મામાં દૃઢ થાય છે. દુનિયાની વાતોનું સંભારણું નહીં, માત્ર લઇ જવામાં શું આવે ? માત્ર રાગ અને દ્વેષ જ આવે. દા.ત. આર્દ્રકુમારે પૂર્વભવમાં ભગવાન ઉપર-ભગવાનની પ્રતિમા ઉપર કેવી માયા કેળવી હશે ? કે અભયકુમારે મોકલેલ પ્રતિમા જોતા સંસ્કાર જાગૃત થઇ જાય. એ આપણા હાથવેંતમાં છે. પણ આપણે ગુમાવી રહ્યા છીએ. કેવી રીતે ? શાસ્ત્ર વાંચતા રસ આવે પરંતુ પુસ્તક બંધ થતાં મગજ બંધ થઇ જાય છે. વાસ્તવમાં તે પદાર્થો મનમાં મગજમાં ચાલવા જોઇએ. તેને સમ્યક્ત્વનું લિંગ કહ્યું છે. જિનવચનનો અત્યંત રાગ જોઇએ. તીવ્ર શુશ્રૂષા-જિનવચન સાંભળવાનું જાણવાનું મન થાય. પાતાળશેરમાંથી પાણી વહ્યા જ કરે તેમ શુશ્રૂષા વહ્યા જ કરે. તત્વનો બોધ ઝર્યા જ કરે. જિનવચનની શુશ્રૂષા સાંભળવાની તાલાવેલીથી હૃદયરૂપી કૂવામાં જિનવચનનો બોધ આવ્યા જ કરે એટલે જીવનનો એક વ્યવસાય બની જાય. લાવ ! ભગવાનનું શાસ્ત્ર જોવા દે. દા.ત. વંદિત્તાની ટીકા જ જોયા કરે. ગણધરભગવંતે રચેલ છે. **जं बद्धमिंदिएहिं चउहिं कसाएहिं** - જે કાંઇ ઇન્દ્રિયથી બાંધ્યા અને અપ્રશસ્ત કષાયો - વિષયો પર ગોઠવાતા - આત્માના હિતમાં ગોઠવાય તો પ્રશસ્તકષાય કહેવાય. આ વારંવાર વિચારવાથી મન સ્વસ્થ બની જાય. આની ટેવ-અભ્યાસ-આદત પડી જાય તો જીવનમાંથી ઘણા કચરા ઓછા થઇ જાય. પરમપદાર્થની અર્થાત્ આનંદઘન પોષની પ્રાપ્તિ થાય.

આનંદઘનનો પોષ ભગવાનના શાસનનું પોષણ કરનાર છે અહો ! જિનવાણીએ કેવા કેવા ઉપકાર કર્યા ! આ એ શ્રેષ્ઠ ઉપાય છે. જગતમાં જાણવા જેવું-મેળવવા જેવું આ છે. ડાંગરના ફોતરા ખાંડવાથી ૦ શેર ચોખા ન નીકળે. તેમ જગતના વિચારોથી કાંઇ આત્મબોધ ન થાય. જે આત્માની સંપૂર્ણ અવસ્થા છે તેના ગુણો તેની યોગ્યતાના ગુણો આદિ પરમપદાર્થ છે.

સમ્યક્ત્વના ૬૭ ગુણો, ચરમાવર્તમાં આવેલા જીવના અપુનર્બંધકતાનાં ૩ લક્ષણ, આ આવ્યા પછી શ્રાવકપણાને યોગ્ય એવા ૨૧ ગુણો લેવાના. ઉદાર, રૂપવાન ગુણવાન ઇત્યાદિ બતાવ્યા છે. વાસ્તવિકતામાં ભાવગત ૧૭ લક્ષણ અને ક્રિયાગત ૬ લક્ષણ તરફ ધ્યાન જાય.

બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવે ત્યારે આ પ્રાપ્તિ થાય. આત્મા અંગેના ષટ્સ્થાનોનો વિચાર કરે, તેનાથી અન્ય દર્શનોનો વિચાર આવે, આમ કરવાથી આનંદઘન મત પોષ થાય. એ રીતે અંતરાત્મભાવમાં સ્થિર થા અને પરમાત્મભાવને

સિદ્ધ કર.

એમ બહિર્ભાવમાંથી અંતરાત્મભાવમાં આવે, એટલે આત્માની ગુણશ્રેણીના પગથિયા ચડવાનું મન થાય. દેશવિરતિ-સર્વવિરતિમાં જિનોપાસના મળે-શાસ્ત્રોપાસના મળે. આચાર્યાદિની ઉપાસના મળે. બાહ્યભાવમાં હતો ત્યાં સુધી બાહ્યસામગ્રીની ઉપાસના કરતો હતો. હવે અંતરાત્મભાવમાં આવ્યો એટલે આ બધી ઉપાસના કરે. આ પરમપદાર્થ છે. અંતરાત્મભાવમાં આવે એટલે સાચી આરાધના થાય 'સમકિત વિણ નવ પૂર્વી અજ્ઞાની કહેવાય' એને પરમપદાર્થ ન મળ્યો એટલે મૂળ પાયામાં બહિર્ભાવ ન કાઢ્યો. આત્મહિતની દૃષ્ટિએ અંતરાત્મભાવમાં આવીને ઉપાસના કરે તો પરમપદાર્થની પ્રાપ્તિ થાય. અંતરાત્મભાવ છે એટલે આત્મહિત તરફ જોનારો છે એટલે આ જે પરમપદાર્થ મળે છે એનો એને આનંદ છે.

જિનવચનની ઉપાસના એટલે જિનવચનની તીવ્ર શુશ્રૂષા. જીવનમાં કરવા જેવું તો આ જ છે, શાસ્ત્રોની વાણી સાંભળવા જેવી છે, એની જ સેવા કરવા જેવી છે. જિનવચનનું વારંવાર પારાયણ કરે, બોલે-સાંભળે તો પણ શાસ્ત્રવચન. શાસ્ત્રો નથી ભણ્યો તો શ્રાવક વંદિત્તુસૂત્ર આવડતું હોય તે બોલ્યા કરે, તેનો અર્થ વિચારે. સાધુને માટે એક પગામસજ્જાય ને પક્ખીસૂત્રનું પારાયણ-ઘણા જુગજુના માયાના બંધન એનાથી ઊખડી જાય, કષાયોની પક્કડ છૂટી જાય, આ જિનવચનનું પારાયણ કર્યું. એ ધગશ હોય તો અવસરે જિનવચનનું દાન કરવાનું મન થાય. સ્તવનો-સજ્ઝાયો એના ભાવ કહે. જિનવચનના પદાર્થો ગુજરાતી ભાષામાં-કાવ્યોમાં મૂક્યા, એટલે એનું પારાયણ અને દાન આ પણ આત્મહિતકારી ઉત્તમ ભાવ છે. આ ક્યારે આવે ? બહિર્ભાવ પડતો મૂકી અંતરાત્મભાવ ઊભો કર્યો હોય તો પછી જિનવચનની રઢ લાગે. આ કેવો પરમપદાર્થ છે ! જેનાથી લખલૂટ પુણ્ય સંપજે છે. જિનવચનનું માત્ર સૂત્રથી પારાયણ કરે તો પણ લખલૂટ પુણ્ય ઉત્પન્ન થાય છે અને પરલોકમાં વૈમાનિક દેવગતિ નક્કી થાય છે. જિનવચનની રઢ લાગી, તીવ્ર શુશ્રૂષા હોય, પારાયણ હોય, એનું દાન બીજાને હોય એ આત્મા નિયમા વૈમાનિકમાં જાય, કેમકે એનું એ સમ્યક્ત્વ ઝળહળતું છે. જિનવચનનો આદરભાવ એ સમ્યક્ત્વ છે. **જિનવચનની રઢ-પારાયણ-શુશ્રૂષા એ ઝવેરાતનો વેપાર છે.** બીજી બધી ફિઝૂલ વાતો એ કચરાપટ્ટીનો વ્યાપાર છે. દરેક પ્રવૃત્તિમાં જિનવચનને આગળ કરો, આદરભાવ કરો એટલે સમકિત નિશ્ચિત આવે, હોય તો ઉજ્જ્વલ થાય. એ સંપત્તિ કેવી છે ? આનંદઘન મત પોષ. આનંદઘન એ પરમાત્મા છે, એમના મતને પોષનારી છે. એમના શાસન પર અહોભાવ વધતો જાય એનું પરિણામ શું ? જીવનમાં બધી પ્રવૃત્તિમાં આ વણાયેલ રહે કે કેવા પરમાત્મા !




કેવું એમનું શાસન ! આ અહોભાવ રહે. ઘણી પાપપ્રવૃત્તિથી બચાવી લે, અનર્થદંડ-પાપોપદેશ, દુર્ધ્યાન, અધિકરણ આદિથી બચાવી લેવાની તાકાત છે. આ પરમપદાર્થની સંપત્તિ આવી છે, એ જિનશાસનને પોષનારું છે.

સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આતમ અર્પણ કર્યું એનું પરિણામ છે. ભરમ ટળે-મતિ દોષ ટળે ને પરમપદાર્થ મળે. જેનાથી આનંદઘનના મતનું પોષણ થાય.

**(ઈતિ શ્રી સુમતિજિન સ્તવન વિવેચના)**

**-(ક્રમશઃ)**



## કેટલાક અગત્યના પ્રશ્નોનું સમાધાન

(સમાધાન કરનાર :- **શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**)

હાલના કાયદામાં રિલિજીયન તથા ચેરીટેબલ સંપત્તિ કોને ગણવામાં આવી છે ? વાસ્તવિક પરિસ્થિતિ શું હોવી જોઈએ ?

આપણા ધર્મની રુએ ટ્રસ્ટી અને વહીવટદાર શબ્દોમાં શો ફેર છે ? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવા કે નહીં ? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવાથી શું નુકશાન છે ? દરેક ગામના સ્થાનિક સંઘે ધાર્મિક મિલકતો માટે કઈ રીતે વહીવટ કરવો ?

આજે કેટલાક વહીવટદારો ધાર્મિક મિલકતોના પોતે સર્વ સત્તાધિકારી હોય તેમ માનીને તે મિલકતોને ગમે તેવા બિન ધાર્મિક હેતુઓમાં ખર્ચવાના ઠરાવો કરે છે. તો તે પરત્વે તે મિલકતના મુખ્ય રક્ષકો પૂ. આચાર્ય મહારાજાઓ કેમ ઉપેક્ષા સેવે છે ?

**૧.** (૧) અપુનર્બંધક ભાવથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ક્ષમાદિક આધ્યાત્મિક ગુણોના વિકાસરૂપ અનાદિસિદ્ધ શાશ્વત ધર્મ-મોક્ષ માર્ગ મોક્ષની સીડી છે. (૨) તીર્થંકર પરમાત્મા તેનો તો માત્ર ઉપદેશ જ આપે છે. પરંતુ સુપાત્ર જીવોને તેની સુલભતા થાય તે માટે તેઓશ્રી જૈન શાસન નામની બંધારણીય ધર્મ સંસ્થા સ્થાપે છે. એ શાસનને આધારે બીજા અનેક ધર્મશાસનો, રાજ્યશાસનો, જ્ઞાતિ વગેરે સામાજિક શાસનો, આર્થિક પુરુષાર્થનાં શાસનો તથા માર્ગાનુસારી સદાચારના આધાર ઉપર વ્યક્તિગત અને કૌટુંબિક વગેરે શાસનો અસ્તિત્વમાં આવે છે; જેથી માનવોને ચાર પુરુષાર્થની સંસ્કૃતિમાં સ્થિર રાખી, ખેંચી લાવી, જંગલીપણામાંથી બચાવાય છે. (૩) તે મહાશાસન સંસ્થાના સંચાલન માટે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના પણ તેઓશ્રી જ કરે છે. (૪) તે સર્વના માર્ગદર્શન માટે શ્રી દ્વાદશાંગીની રચના ગણધર ભગવંતો કરી શકે તે રીતે ત્રિપદી પ્રભુ સંભળાવે છે. (૫) પાંચ આચારોના અનુષ્ઠાનોની સંખ્યાબંધ વિધિઓમાં ઉપયોગી ધન વગેરે સ્થાવર અને જંગમ સાત ક્ષેત્રાદિક ધાર્મિક દ્રવ્ય મિલકતોનો શ્રી શાસનની મિલકતમાં સમાવેશ થાય છે. શ્રી જૈન શાસનની અનન્ય માલિકીની એ સર્વ સંપત્તિઓ છે અને તેનો અનન્ય સંચાલક શ્રી સંઘ છે. આમ આ પાંચ અંગમય જૈનધર્મ પુરુષાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

**૨.** (૧) સર્વ ધર્મની ધાર્મિક સંપત્તિઓને હાલના કાયદામાં રિલિજીયન ગણી



છે, અને (૨) બીજી ઉદારતાથી સામાજિક, આર્થિક, કૌટુંબિક હિતોને ઉદ્દેશીને અપાયેલી સંપત્તિઓ, તથા (૩) આધુનિક ભૌતિકવાદી પ્રગતિને પોષક નિશાળો, દવાખાનાં, કોલેજો, સુવાવડખાનાં, અનાથાશ્રમ તથા એવાં બીજા ખાતાંઓની સંપત્તિને ચેરીટેબલ ગણવામાં આવી છે. તેમાં પણ પાંજરાપોળ, ગાયોના ઘાસ, કૂતરાના રોટલા, પારેવાની ચણ વગેરે અહિંસાની ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને એકત્ર કરેલી સંપત્તિને પણ ચેરીટેબલ ગણવામાં આવી છે.

**૩.** અને એ તમામ સંપત્તિઓના વહીવટ કરનારાઓને ટ્રસ્ટીઓ કહેવામાં આવે છે, અને તેઓએ પબ્લીક ટ્રસ્ટના એકટ મુજબ વહીવટ કરવાનું ઠરાવાયું છે. એ કાયદાના ગુજરાતી ભાષાંતરમાં રિલિજીયન માટે ધાર્મિક શબ્દ વાપરવામાં આવ્યો છે, અને ચેરીટેબલ માટે ધર્માદા શબ્દ વાપરવામાં આવ્યો છે. એટલે ધાર્મિકમાં (૧) નો અને ધર્માદામાં (૨) અને (૩) નો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણી રીતે (૧) અને (૨) નો ધાર્મિકમાં સમાવેશ થવો જોઈએ. અને (૩) નો ધર્માદામાં સમાવેશ થવો જોઈએ.

**૪.** રાજ્યે ધાર્મિક વહીવટદારોને ટ્રસ્ટી તરીકે માનવાનું વલણ રાખ્યું છે. પરંતુ આપણા પરમાત્માના શાસન મુજબ ટ્રસ્ટી શબ્દનો ચોક્કસ અર્થ નક્કી થતો નથી. છતાં જવાબદાર જોખમદાર વિશ્વાસપાત્ર વહીવટ ચલાવનાર વ્યક્તિ એવો અર્થ કરી શકાય. એ અર્થ પ્રમાણે આપણા પ્રભુએ શાસનની સર્વ જવાબદારીઓ મુખ્યપણે શ્રમણ ભગવંતોને-ધર્મગુરુઓને સોંપેલી છે. તેથી ખરા ટ્રસ્ટીઓ ધર્મગુરુઓ છે. આપણા ધર્મગુરુઓ ત્યાગી હોવાથી તેઓ નાણાં વગેરેને અડકે નહીં તેમજ તેને લગતું કામકાજ સીધી રીતે ન કરે. તેથી તેમના વતી ધાર્મિક ખાતાંઓનો વહીવટ શાસ્ત્રમાં ઠરાવેલી ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય યોગ્યતાવાળા ગૃહસ્થો પોતાના આત્મકલ્યાણમાં નિર્જરા માટે ભક્તિથી કરે. તેવા ગૃહસ્થો મુખ્યપણે વફાદાર મુનીમને સ્થાને છે. તેથી તેઓને માટે વહીવટદાર શબ્દનો પ્રયોગ યોગ્ય છે, નહીં કે ટ્રસ્ટીનો. પરંતુ સાચા ટ્રસ્ટી ધર્મગુરુ વર્ગને ખસેડી દઈ, વહીવટો ઉપર પોતાની સત્તા સ્થાપિત કરવા રાજ્યે ગૃહસ્થોને ટ્રસ્ટી બતાવ્યા યા માની લીધા, અને તેમને તે જાતનું મહત્ત્વ, માન-પાન અપાતું રહ્યું. વાસ્તવિક રીતે વહીવટ કરનાર ગૃહસ્થો સર્વ સત્તાધિશ નથી. તેઓ સકળ સંઘને અને છેવટે શાસનના ધુરંધર આચાર્ય મહારાજાઓને જવાબદાર છે. મુદ્દાના કોઈપણ ફેરફાર કરવાનો તેમને સ્વયં લેશમાત્ર અધિકાર નથી. રાજ્યને કંઈ ફેરફાર કરાવવો હોય તો તે ધર્મગુરુઓને મળીને ઘટતો ફેરફાર કરાવી શકે. કારણ કે ગામેગામના સંઘો અને તેમના હસ્તકની તમામ ધાર્મિક મિલકતો શ્રી જૈનશાસન અને સકળ સંઘના તાબાની વસ્તુ છે.

પરંતુ ગૃહસ્થોને ટ્રસ્ટી માની લેવાથી, સરકારી ટ્રસ્ટના નિયમ પ્રમાણે વર્તવાને તેઓ બંધાયેલા છે. એટલે કે તેઓ ધર્મગુરુઓ, શાસન અને સંઘને જવાબદાર રહેવાને બદલે રાજ્યને જવાબદાર રહેવા બંધાયેલા છે. આથી રાજ્ય તેવા વહીવટો, ટ્રસ્ટો અને ટ્રસ્ટીઓ સાથે સીધું જ સંબંધમાં આવી શકે. જુદા જુદા ગામના સંઘોને ધ્યાનમાં ન લેતાં, માત્ર ટ્રસ્ટીઓને જ ધ્યાનમાં લઈને તે દરેકને પોતાની સંસ્થાઓ માની લઈને રાજ્ય સીધા હુકમો-સીધા કેસો વગેરે કરી શકે. જો ગામેગામના વહીવટદારોને ટ્રસ્ટી માની લેવામાં ન આવ્યા હોત, તો રાજ્યને જ્યારે જે કંઈ ફેરફાર કરાવવો હોય, ત્યારે તે તે ગામના વહીવટદારોએ શ્રી સંઘને પૂછાવવું પડે અને શ્રી સંઘ નામંજુર કરે, તો તે તે ગામના વહીવટદારો ઉપર રાજ્ય સીધું દબાણ ન કરી શકે. રાજ્યને કેન્દ્ર સાથે વાટાઘાટ કરવી પડે. રાજ્ય અને કેન્દ્રનો પરસ્પર વિરૂદ્ધ મતભેદ પડે, તો બ્રાન્ચ કેન્દ્રને જ વળગી રહેવા બંધાયેલી છે. જેમ પ્રાંતિક રાજ્યોને પોતાના અધિકારની બહારની બાબતમાં વડી સરકારની મંજૂરી પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ ગામેગામના વહીવટદારોને સીધા ટ્રસ્ટી માની લેવાથી કેન્દ્રની દરમ્યાનગીરી રહે જ નહીં. રાજ્યની આ યોજના છે. કારણે કે રાજ્ય શ્રી જૈન શાસન સંસ્થાનું અને તેના સંચાલક શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનું અસ્તિત્વ જ માનતું નથી અને સીધા ટ્રસ્ટીઓ થનારા પણ રાજ્યની એ માન્યતામાં આડકતરા સમ્મત થઈ જાય છે. આનું બીજું પરિણામ એ આવે કે ટ્રસ્ટીઓ શાસનના નિયમ વિરુદ્ધ ધાર્મિક વહીવટોમાં વર્તન કરે અને રાજ્ય તેમાં સમ્મત થાય, તો પછીથી સંઘ, શાસન કે ધર્મગુરુઓનું તેમાં કંઈ ચાલી શકે નહીં.

૫. સ્થાનિક સંઘોએ જુદાં જુદાં બંધારણો ઘડવાની જરૂર નથી. નહીંતર દરેક સંઘને પોતાની મરજી મુજબ બંધારણ ઘડવાનો અધિકાર મળી જાય છે, અને તેથી ગમે તેવું બંધારણ ઘડી કાઢે. ખરી રીતે સૌ સ્થાનિક સંઘો પ્રભુએ સ્થાપેલા જૈનશાસનના બંધારણ પ્રમાણે વર્તવા બંધાયેલા છે, કારણ કે તે સર્વે બ્રાન્ચો છે. સ્થાનિક સંઘોએ સુવિહિત ધર્મગુરુઓની આજ્ઞા પ્રમાણે અને પરંપરાગત રિવાજ પ્રમાણે શાસન અને સંઘને અનુસરીને ચાલવું. શ્રી સંઘની એટલે કે ધર્મગુરુઓની આજ્ઞા વિના અમારાથી કોઈપણ ફેરફાર થઈ ન શકે એવું વલણ સ્થાનિક સંઘોએ રાખવું જોઈએ. નહીંતર આપણે જ હાથે ભગવાનનું શાસન અને તેનો સંઘ નથી એવી કબુલાત થઈ જાય છે અને તો તેના લોપના મહા પાપના ભાગીદાર બનીએ છીએ.

અત્યંત દુઃખનો વિષય તો એ છે કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને આગેવાન પુરુષોને એ ખ્યાલમાં જ નથી કે અમારી ઉપેક્ષાથી આ રીતે શાસનની મહાઅપભ્રાજના થઈ રહી છે. હિંસાના પાપ કરતાં પણ શાસનની અપભ્રાજનાનું પાપ વધારે મોટું છે એમ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે, કારણ કે તે મિથ્યાત્વ જેવા મોટા દોષોને પોષણ આપનાર છે.



"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૩૩,તા.૨-૫-૧૯૫૯

## કોને કેટલી પૂજા ?

ચારે પ્રકારની પૂજાની વાત પૂર્વે કરી હતી એ ચારે પ્રકારની પૂજા દેશવિરતિ અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતવાળા શ્રાવકને હોય છે. ત્યારે સર્વ વિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપતિ, એમ બે પ્રકારની જ પૂજા હોય છે; કારણ કે સાધુને સૂક્ષ્મ અહિંસાનું વ્રત છે, તેથી એકેન્દ્રિય વનસ્પતિકાય જીવ રૂપ પુષ્પને એ અડે ય નહિ તો પુષ્પપૂજા ક્યાંથી હોય ? તેમજ સાધુ પાસે દ્રવ્ય નથી તેથી આમિષ-પૂજામાં શું સમર્પે ? માટે એ બે પૂજા એમને નહિ.

પ્ર.- સાધુ જેમ ભિક્ષા વહોરી લાવી વાપરે છે, તેમ આ આમિષ-પૂજાની વસ્તુ વહોરી લાવીને પૂજા કરે તો ?

ઉ.- ન કરી શકે, એના બે કારણ છે; એક તો આમિષ-પૂજા એટલે પ્રભુ આગળ વસ્તુ માત્ર મૂકવાની નથી, અર્પણ કરવાની છે; અને તે તો પોતાની માલિકીની વસ્તુ હોય તો જ બની શકે. બીજું એ કે, ત્યારે સાધુ જો એવું અર્પણ કરવું છે માટે વસ્તુને વહોરીને પોતાની માલિકીની બનાવવા જાય, તો પહેલાં તો પોતાનું પરિગ્રહ વિરમણ વ્રત ગુમાવશે, અકિંચન યતિધર્મ ખોશે. ભિક્ષા, વસ્ત્રપાત્ર, રજોહરણ, એ તો સાધુધર્મના સાધન છે એટલે એનો પરિગ્રહ નથી ગણાતો. આમિષ-પૂજાનાં દ્રવ્ય એ સાધુધર્મ પાળવા માટે જરૂરી નથી.

પ્ર.- ઠીક છે; પણ **જો સાધુને પુષ્પપૂજા નહિ, કેમકે એમાં હિંસા થાય છે, તો ગૃહસ્થને પણ એવી હિંસાવાળી પૂજા શા માટે ?**

ઉ.- સાધુની કે યાવત્ વીતરાગની સાથે તુલના કરતા આવા પ્રશ્નો કરવા પહેલાં એક વાત ચોકસ સમજી રાખો કે ધર્મની સાધના કક્ષાવાર હોય છે. જેવી રીતે કેળવણી કક્ષાવાર હોય છે. દાખલા તરીકે- બાળકને એની કક્ષા મુજબ, ૧લા, ૨જા, ૩જા, વગેરે ધોરણવાળાને યાવત્ કોલેજીયન અને પી.એચ.ડી. ભણનારાને એની કક્ષાનુસાર હોય છે; જેવી રીતે રોગીને ચિકિત્સા (ટ્રિટમેન્ટ) એની કક્ષા મુજબ -અર્થાત્ એની ઉંમર કેટલી, રોગ કેટલો જૂનો, કેટલો ઉગ્ર, શેમાંથી ઉદ્ભવેલો...

વગેરે વગેરે જોઈને કરાય છે; એવું ઘણા ક્ષેત્રોમાં; એમ, ધર્મક્ષેત્રમાં પણ કષાયરોગના દર્દીને જીવને કક્ષા મુજબ ધર્મ ઔષધની ટ્રીટમેન્ટ હોય તો ગૃહસ્થ એવી આરંભ-સમારંભની હિંસા, વિષયોનાં આકર્ષણ-સેવન, પરિગ્રહની પ્રવૃત્તિ, તથા સાંસારિક મોહક ક્રિયાઓમાં બેઠો છે કે એ બધાએ એને આવર્જી લીધો છે. એમાંથી એને છોડાવવા માટે પરમાત્માની ભક્તિ અને મમતા જગાડવાની છે. તો જેમ દુન્યવી સગાં-સ્નેહીઓનાં સત્કાર-સન્માન કરવાથી સ્નેહ-પ્રીતિ વધે છે, ટકી રહે છે, એવી ગૃહસ્થની સ્થિતિ છે, તેમ એ સ્થિતિવાળાને પરમાત્માની પ્રીતિ-ભક્તિ-મમતા જગાડવા-ટકાવવા-વધારવા માટે પણ એમનાં સત્કાર-સન્માન કરવા અતિ આવશ્યક છે. એ માટે અભિષેકપૂજા, પુષ્પપૂજા, વગેરે પૂજા એ જ ઉપાય છે, અને એ ગૃહસ્થે કરવી જ જોઈએ. એમ કરતાં કરતાં વીતરાગ પ્રત્યેની ઊંચી પ્રીતિ-ભક્તિ વધવાથી એનામાં સર્વ હિંસાદિ પાપો ત્યજી નિરવદ્ય-નિષ્પાપ જીવન સ્વીકારવાના પરિણામ જાગશે અને સ્વીકાર તથા પાલન થશે.

**પ્ર.- પણ એને પુષ્પાદિપૂજામાં હિંસાનું પાપ તો લાગે ને ?**

ઉ.- તો તો સાધુ પણ વિહારમાં નદી કેમ ઉતરી શકે ? એમને ય હિંસા લાગે ! પણ વસ્તુસ્થિતિએ એવું નથી. આ સ્વરૂપ-હિંસા છે, પરિણામ-હિંસા નહિ. અર્થાત્ એને હિંસા કરવાના માનસિક પરિણામ નથી; પરિણામ તો જેમ સાધુને સાધ્વાચારના, તેમ ગૃહસ્થને પ્રભુ-ભક્તિના છે; અને કર્મબંધ પરિણામના આધારે થાય છે; માટે એ પાપરૂપ હિંસા ન કહેવાય. જેમાં દસ માઈલ તપમાં તપતો ચાલી આવેલો મુસાફર તૃષા નિવારવા પાણી માટે બીજો ઉપાય ન હોયતો નદીના ભઠામાં ખોદે છે. તો ત્યાં ખોદવામાં તો ઊલટું પ્રવાસના શ્રમ વગેરે ઉપરાંત શ્રમ વધશે, ધૂળનો મેલ વધુ લાગશે, અને તરસ વધશે ! તો એવું શા માટે કરે ? પરંતુ જે પાણી પ્રાપ્ત થશે એનાથી જ આ અને પૂર્વના શ્રમ-મેલ-તૃષા દૂર થાય છે, તેથી એ એમ કરે છે. એ શ્રમ વગેરે ત્યાજ્ય નહિ પણ ઉપાદેય બને છે. એવી રીતે અહીં પુષ્પાદિ પૂજા અવશ્ય ઉપાદેય છે. ગૃહસ્થ દ્રવ્યમાં બેઠેલો છે, એ દ્રવ્યની મૂર્ચ્છા એને વીતરાગની નજીક આવવામાં અંતરાયભૂત છે. માટે એ મૂર્ચ્છાને તોડવા માટે સર્વોચ્ચ પાત્રભૂત વીતરાગની ભક્તિમાં દ્રવ્યનું સમર્પણ, ત્યાગ અત્યંત જરૂરી છે. એ કરે તો જ એમના પર સાચો ભક્તિભાવ જાગે-વધે. જેમની ભાવપૂજા કરવી છે એ એમના પર અત્યંત ભક્તિ બહુમાન વિના ન આવે, અને એ લાવવા માટે તો એ ભાવના કેળવવી પડે કે- 'પ્રભુની દ્રવ્યપૂજામાં, મારું ચાલે તો, મારું સર્વસ્વ અર્પી દઉં. પ્રભુ ! તમારાથી વધુ કિંમતી કઈ ચીજ છે ?' આ તમન્ના હોય તો પછી શક્ય એટલા દ્રવ્યથી પૂજાભક્તિ અવશ્ય થાય. પાછું



દ્રવ્ય સંગ્રહવાળો ગૃહસ્થ તો સમજે છે કે 'અહીં પ્રાપ્ત થયેલ બધું જ પૂર્વભવની પરમાત્માની સેવાથી, કૃપાથી મળ્યું છે, એમના પ્રભાવે મળ્યું છે, તો એ ઉપકાર પ્રત્યેની કૃતજ્ઞતાની રૂએ પણ એમને અર્પણ કરવું જોઈએ.' એટલે હવે જે એમ કહે કે 'ફૂલપાંખડી જ્યાં દુભાય, તિહાં નહિ જિનવરની આણ,' એ કહેનારને પૂછો કે તો પછી કૃતજ્ઞતા ભૂલવામાં અને મૂર્ચ્છા પોષવામાં જિનવરની આણ ખરી ? માટે સમજવું જોઈએ કે વસ્તુસ્થિતિએ ગૃહસ્થની અવસ્થા જ એવી છે કે એને મૌલિક ગુણ કૃતજ્ઞતા, તથા મૂર્ચ્છા-ત્યાગ, ભક્તિ બહુમાનની ઉત્તરોત્તર વૃદ્ધિ બીજાં આકર્ષણો ઘટાડી વીતરાગનાં આકર્ષણની વૃદ્ધિ વગેરે માટે, પુષ્પ-આમિષપૂજા જોરદાર રહેવાની ને સ્તોત્ર-પ્રતિપત્તિપૂજા ગૌણ. એને ચારેય પૂજા, ને સાધુને બે.

**પ્ર.- તો સાધુને બે પૂજા ઓછી રહેવાથી લાભ ઓછો મળવાનો ને ?**

ઉ.- ના, ઓછો નહિ ! કેમકે લાભનો હિસાબ પોતાની કક્ષા મુજબના કર્તવ્ય અને કક્ષા મુજબના સુકૃતોના પાલન ઉપર છે. બીજું એ છે કે સર્વ પ્રકારની સાધના શુભભાવના જનન, રક્ષણ અને વર્ધન માટે છે. ત્યારે જો આ પૂજા શુભભાવ છે તો અપરિગ્રહ-વ્રત એ મહાશુભ ભાવ છે. એમ, સર્વથા અહિંસકપણું એ અત્યંત ઊંચો શુભભાવ એટલે ગૃહસ્થ પાસેથી આમિષપૂજાના દ્રવ્ય લઈ પહેલાં તો અકિંચનપણાનો મહાશુભ ભાવ તોડીને પછી દ્રવ્યપૂજા કરવી, એના કરતાં અપરિગ્રહ-મહાવ્રતનું પાલન કરવું એ મહાલાભકારી છે. શાસ્ત્રે દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનો અનંતગુણો લાભ કહ્યો છે; કેમકે દ્રવ્યપૂજામાં જિનાજ્ઞાપાલનની અભિલાષા માત્ર છે, ત્યારે પ્રતિપત્તિરૂપ ભાવ પૂજામાં જિનાજ્ઞાપાલનનો સીધો અમલ છે. ગૃહસ્થે તો દ્રવ્યપૂજામાં થોડો ત્યાગ કરી બાકીનું હજી પોતાના તરીકે રાખ્યું છે, અને એની પાછળ રંગરાગ અને સંસાર રાખ્યો છે, ત્યારે સાધુએ તો સર્વસ્વ ત્યાગ કરી પ્રભુના શાસનને સર્વાંશે નિજના જીવનમાં ઉતારવા ભેખ ધર્યો છે અને બીજાના જીવનમાં ઉતારવા મશીન (પ્રચાર-કાર્ય) હાથ ધર્યું છે. એ ઉપકારી પ્રભુ પ્રત્યે મોટી કૃતજ્ઞતા છે, એમાં અનંત લાભ છે, માટે એમને દ્રવ્યપૂજા ન હોવામાં કોઈ લાભની ન્યૂનતા નથી.

તો સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ એમ બે પ્રકારની પૂજા કરવાની. એમાં પ્રતિપત્તિમાં આગળ વધતાં ઉપશાન્તમોહ યા ક્ષીણમોહ વીતરાગ બનેલા આત્માને હવે જિનાજ્ઞાપાલન સંપૂર્ણ આત્મસાત્ થવાથી એકલી પરાકાષ્ઠાની પ્રતિપત્તિ પૂજા હોય છે.

## અનેક અરિહંતને નમસ્કારનું તત્ત્વજ્ઞાન

**'નમો અરિહંતાણં' એમાં અનેક અરિહંત કેમ લીધા ?**

એક જ અરિહંત લઈને 'અરિહંતસ્સ' એમ કેમ ન મૂક્યું ? આ પ્રશ્ન છે. એનું સમાધાન એ છે કે (૧) અરિહંત પરમાત્મા અનેક હોય છે એ, તથા (૨) નમસ્કારનું ફળ વધારે આવે એ સૂચવવા માટે બહુવચન-પ્રયોગ 'અરિહંતાણં' લીધો.

## પરમાત્મા અનાદિ શુદ્ધ ન હોય

આ બેમાં પહેલા સૂચનથી જ પંતજલિ દર્શન, ન્યાય-વૈશેષિક દર્શન, વગેરે અનાદિ શુદ્ધ-બુદ્ધ-મુક્ત એક નિત્ય ઈશ્વર માને છે, એ મત અસત્ ઠરે છે.

**ઈતર દર્શનો કહે છે :-**

ઈશ્વર એ અચિંત્ય, અસાધારણ અને સર્વશક્તિમાન અનાદિ અનંત વ્યક્તિ છે.'

'ઈશ્વર અખિલ વિશ્વનો કર્તાહર્તા છે, નિયન્તા છે, અતીન્દ્રિય તત્ત્વનો ઉપદેષ્ટા છે. એની ઈચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી.'

આવો ઈશ્વર જીવ-વસ્તુથી તદ્દન વિલક્ષણ હોય, તેમજ ઘડ્યે ઘડાય નહિ, પણ નિત્ય નિર્દોષ, અને નિત્યજ્ઞાન શક્તિવાળો હોય. એ છે તો જ વિશ્વની વ્યવસ્થિત રચના છે, અને એનું જટિલ સંચાલન ચાલી શકે છે.'

ઈતર દર્શનોની આ માન્યતાની સામે,

**જૈન દર્શન કહે છે,** 'વિશ્વની રચના અને સંચાલન, એ પરમાત્માનું કાર્ય જ નથી. **વિશ્વમાં જીવ, પુદ્ગલ વગેરે મૂળ દ્રવ્યો અનાદિ નિત્ય છે; અને એમાં સર્જાતી ઘટનાઓ એ કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ (ભાગ્ય) અને પુરુષાર્થ, એ પાંચ કારણના સમવાય પર સર્જાય છે.** આ પાંચ પૈકી કર્મ એવાં વિચિત્ર હોય છે કે એના આધારે વિચિત્ર વિચિત્ર સર્જનો થાય છે. ઈશ્વરને જગત્કર્તા તરીકે માનનારને પણ આ તો માનવું જ પડે છે; નહિતર જીવનાં તેવા કર્મ વિના જ જો ઈશ્વરે નરક વગેરે સ્થળ બનાવ્યા કહીએ, તો તો તેવા ઈશ્વર જેવો ભયંકર ક્રૂર-ઘાતકી બીજો કોણ ?'

'જીવોનાં કર્મનો ન્યાય આપવા ઈશ્વર એમ કરે છે,' એવું પણ ન કહેવાય; કેમકે **ઈશ્વર તો અનંત શક્તિમાન છે. તો બિચારા અજ્ઞાન જીવને પહેલા ગુનો કરતાં જ કાં ન રોકે કે જેથી એવો ક્રૂર ન્યાય ચુકવવાનું ઊભું જ ન થાય ?**



**બીજું, ઈશ્વરને સર્જન કરવા શરીર જોઈએ;** તે પોતાના કર્મ વિના ક્યાંથી બની શકે ? ઈશ્વરને તો કર્મ છે નહિ. ત્યારે જો કહો કે 'વિશ્વના જીવોના ભાગ્યથી એ બને છે,' તો તો એવું થયું કે **'જમે દુર્યોધન, અને ઝાડે જાય શકુનિ મામો !' જીવોના પાપે સંસારની લોથ ઈશ્વરના માથે આવી !** એકનાં કરેલ કર્મ બીજો ભોગવી શકે નહિ. જેનું જેવું ભાગ્ય, તેવું તે ભોગવે. સારાં ભાગ્યવાળો જીવ ઘડામાંથી ઠંડુ પાણી પીશે, ને નરસા ભાગ્યવાળી કીડી એજ ઘડા નીચે મરશે. કર્મ કરે તે થાય, ઈશ્વરને એ જંજાળ શા માટે ? બીજી વાત એ છે કે,

અનાદિ-શુદ્ધ ઈશ્વરને **શરીર નહિ, તો એ ઉપદેશ પણ કેવી રીતે કરી શકે ?** ત્યારે, સર્વ જ્ઞાની ઈશ્વરના ઉપદેશ વિના યથાસ્થિત અને સંપૂર્ણ પણે તત્ત્વ જાણવાનું ગજું કોનું ? અતીન્દ્રિય પદાર્થોની સૂક્ષ્મતાના સંપૂર્ણ સત્ય બુદ્ધિના તર્કના જોરે ન જોઈ-જાણી શકાય. એ તો એનાં પ્રત્યક્ષ દર્શન કરી યથાસ્થિત કહેનાર કોઈ સ્વ-કર્મરચિત શરીરધારી પરમાત્મા જોઈએ.

**ઈશ્વર જો સૃષ્ટિ રચવા વગેરેની લીલાવાળા હોય, તો જીવોને આદર્શ પણ તેવો મળશે !** એ પણ જગતની ઘડ-ભાંગ કરવામાં અને માયાના ખેલમાં કશું અજુગતું નહિ દેખે ! શ્રીમંતને આદર્શ તરીકે ચિત્તમાં સ્થાપનારાઓ પૈસાના પૂજારી બનતા દેખાય છે. આદર્શ તો સર્વોત્તમ જોઈએ. ચિત્તની વિશુદ્ધિ શુદ્ધ આદર્શ પર અવલંબે છે; અને એ વિશુદ્ધિ હોય તો જ વિશુદ્ધ ધ્યાન થઈ શકે છે. ત્યારે જો કહો,

**પ્ર.-** 'નિરંજન નિરાકાર શુદ્ધ ઈશ્વરને આદર્શ તરીકે રાખવાથી એ બની શકશે ને ?'

**ઉ.-** મોટો પ્રશ્ન જ એ છે કે **'मूलं नास्ति, कुतः शाखा ?'** જગત્કર્તા ઈશ્વર નિરાકાર ન હોય, નિરંજન ન હોય; અને કર્તા-ઉપદેશક નહિ એવા શુદ્ધ નિરંજન નિરાકાર અનાદિના હોવામાં કોઈ પ્રયોજને ય નથી, તેમ પ્રમાણે ય નથી; પછી એવી વસ્તુ જ નહિ, તો ધ્યાન કોનું ?

**માટે કહો કે, કર્તા નહિ પણ ઉપદેશક અને જીવોને માટે આદર્શભૂત એવા પરમાત્મા અનાદિના નહિ, પણ બનેલા હોય છે.**

**જીવ અનાદિની બહિરાત્મદશામાંથી બહાર નિકળી, તત્ત્વદર્શનના બળે અંતરાત્મદશામાં રમતો થાય, આધ્યાત્મિક સાધનાઓ દ્વારા એમાં ખૂબ આગળ વધે, ત્યારે ઉચ્ચ ઉત્કર્ષે પહોંચતાં જ્ઞાનાવરણ આદિ કર્મોનો વિધ્વંસ કરી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બને છે.** એમાં પણ જેણે પૂર્વની વિશિષ્ટ સાધના પર તીર્થંકર

નામકર્મ નામનું પુણ્ય ઉપાર્જી મૂક્યું હોય, તે તેના આધારે પ્રાપ્ત થયેલ ૩૪ અતિશયો અને ૩૫ વાણી-ગુણોના બળે ધર્મશાસન સ્થાપી શકે છે. અહીં આપણે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું કાંક સ્વરૂપ જોઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૩૪,તા.૯-૫-૧૯૫૯

## બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા-૧

આત્માની ત્રણ અવસ્થા હોય. એમાં **બહિરાત્મદશા** એટલે બાહ્ય કાયાદિકને જ આત્મા અને સર્વસ્વ માનવાની અવસ્થા, જીવમાત્રને અનાદિ કાળથી એજ ચાલુ છે. એમાં પોતાને 'હું' તરીકે માત્ર કાયા, ઈન્દ્રિયો, અને મનને ગણે-સમજે છે, તેથી એ અને એના સુખકારી ધન-માલ-પરિવાર, રંગરાગ-માનપાન વગેરે જીવનના સાર અને સર્વસ્વ લેખે છે. કાયાને કેમ મહાલવાનું મળે, ઈન્દ્રિયો કેમ તુષ્ટ થાય, મન કેમ અનુકૂળ મળવાથી મદમસ્ત રહે, બસ ! રાતદિ' એજ લગની, લેશ્યા, અને એની જ પ્રવૃત્તિ ! **પોતે કાયાથી જુદો, જ્ઞાનાદિના મૂળ સ્વભાવવાળો, અને મોહ તથા કર્મને લીધે અનાદિ અનંત કાળથી ભીષણ સંસારની ૮૪ લાખ યોનિઓમાં ભટકનારો ચેતન આત્મા છે,'** એનો સ્વપ્નેય ખ્યાલ નહિ. સંતોના કે તેવા કુળમાં જન્મના જોરે કદાચ પરલોકગામી આત્માનો ખ્યાલ આવ્યો હોય તોય એવા આત્માનું હિત વિચારવાની, ને એને સંસારની દુઃખદ જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત કરવાની કોઈ જ લેશ્યા નહિ. એ કદાચ વ્રત કરે, તપ કરે, ધર્મક્રિયા કરે, તો ય એક જ ધૂન કે 'એથી દુન્યવી રાજ્ય, રમણી, વિષયોના સુખો કેમ પામું ! કેમ સત્તા, સાહ્યબી અને જશ મળે ! દેવતાઈ જન્મ મળે !' રાગ-દ્વેષ, મદ-મોહ, કામ-ક્રોધ, વગેરે મારા આત્માના દુર્ગુણ છે, દુશ્મન છે; હિંસા-જૂઠ વગેરે એ વિટંબણા છે; દેવતાઈ સંસાર પણ કેદ છે, એ બધાથી ક્યારે છૂટી સર્વ શુદ્ધ અને અનંતગુણ-સંપન્ન બનું, એવો કોઈ વિચાર નહિ !

**"કાયા માંદી પડી ? દવા લાવો,"**
**"ધન વધારવું છે, વેપાર વધારો,"**
**"વિષયો મળે છે, ભોગવી લો..."**

માત્ર એવી જ બધી વૃત્તિ ને પ્રવૃત્તિમાં રમ્યા કરે ! આ સઘળી બહિરાત્મદશા છે.

**'આ ભવ મીઠા, પરલોક કોણે દીઠા ?'**
**'પરલોકથી કોની ચિઠ્ઠિ આવી ?' ખાધું પીધું એ આપણું !**



**'જીવ્યા કરતાં જોયું ભલું ?'**
**'ભલાઈની દુનિયા નથી, પોલીસીથી ચાલો...'**

વગેરે વગેરે બહિરાત્મભાવના સૂત્રો ઘડી રાખેલા હોય છે. એને કશો વિચાર નથી કે **'અંતે બધા નાચ નકામા છે; બધું મૂકીને જવું પડશે. મોહની રમતોનાં કટુ ફળ નરકાદિમાં ભોગવ્યા નહિ જાય ! એથી દીર્ઘ દુર્ગતિની પરંપરા ચાલશે ! અહીં એક માત્ર ધર્મ પુરુષાર્થને યોગ્ય ઉત્તમ માનવભવ મળ્યો છે, તો લાવ, અર્થકામની લત છોડું ! કૂતરાં-બિલાડાં, કીડા-મકોડા વગેરે અગણિત હલકટ જીવો જે કરી રહ્યા છે, શું તેમાં હું રાચુ-રમું ?...'** બહિરાત્મદશામાં ખૂંચેલાને મન એટલું મલિન છે, તામસ પ્રકૃતિવાળું છે, કે આવી કોઈ વિચારણાજોગી ચિત્ત વિશુદ્ધિ જ નથી ! મનની પવિત્રતાનો એને ખપ સરખો નથી ! પછી કોઈ હિતૈષી સંત સાધુ શિખામણ આપે તો તે ઝીલવાને બદલે તેને ઠગાઈ સમજે છે.

**'ઉપમિતિ' ગ્રંથમાં એક મઠધારીનું દૃષ્ટાંત મૂક્યું છે.** મૂળ એ અખૂટ નિધાનોનો માલિક, પણ લુચ્ચાઓની જાળમાં ફસાઈ બેડીએ બંધાય છે, અને તેવી કોઈ જડીબુટ્ટીના પ્રયોગે સ્મરણશક્તિ અને સ્વસ્થતા ગુમાવે છે, પછી ભૂખ્યો થતાં એને પેલાઓ ચાર ગતિની શેરીઓમાં શરીરરૂપી ચપ્પણિયાં આપી નચાવે છે, મજૂરી કરાવે છે, ને માર પણ મરાવે છે ! છતાં એમ કરીને ય ખાવા-ખેલવા મળે છે એટલે, અને અસલ સ્થિતિ વિસરાઈ ગઈ છે તેથી, એ બધું પોતાનું ખરું જીવન સમજી એમાં જ મસ્ત રહે છે. પછી એને અનંતો કાળ એમ ગુજારતાં કયારેક સંત પુરુષ મળી આવતાં કહે છે કે 'અરે ! તું કોણ ? તું તો આવો સ્વતંત્ર, મહાવૈભવી, મહાસુખી ! તે આ લુચ્ચાઓના નાચે નાચવામાં મસ્ત ? કાં ભૂલો પડી ગયો ? કેટલો તું દુઃખી !' પરંતુ એ ઉપદેશને એ હંબગ, મિથ્યા ગણે છે ! કહેનારને ભૂલેલા અને ભરમાવનારા ગણે છે ! પોતાની અસલ જાત અને સમૃદ્ધિ જરાય માનવા તૈયાર નથી ! એ તો ચપ્પણિયું, ગુલામી, અંધાપો નાચ, અને નચાવનારા, વગેરેને સહજ સમજે છે ! બહિરાત્માની આવી સ્થિતિ હોય છે. શરીર, મજૂરી, અજ્ઞાન, રાગ-દ્વેષાદિ, અને માયા-મમતા વગેરેને પોતાની સહજ સ્થિતિ તરીકે લેખે છે ! ધર્મની, આત્માની-પરમાત્માની વાતોને મિથ્યા ગણે છે. ધર્માત્માને ભૂલેલા અને ભરમાવનારા ગણે છે.

**અંતરાત્મદર્શન :-** અનંતો કાળ આમ વીત્યા પછી **જીવ અંતરાત્મદશા** તરફ જો વળે, તો એની પ્રગતિ શરૂ થાય છે. પણ તે ચરમાવર્ત કાળમાં જ શકય છે. ત્યાં જ એની દૃષ્ટિ કાયા-માયાના હિત પરથી ઉઠી આત્મા અને આત્મહિત ઉપર પડે છે.

ભવ્ય સમૃદ્ધિવાળા પોતાના આત્માનો ખ્યાલ આવે છે.

**સંસારે કરેલો આત્માનો અપકાર, આત્મહિતની ભયંકર બરબાદી એની નજરમાં આવે છે; એથી એ કંપી ઉઠે છે ! ઘોર સંસાર પર એને નફરત છૂટે છે, અણગમો થાય છે ! એનાથી ઉભગે છે !**

ને એને આત્માની અનંતસુખમય પૂર્ણ આબાદી તથા પુદ્ગલની લેશ પણ ગુલામી નહિ એવા આઝાદીવાળા મોક્ષની રુચિ જાગે છે.

હવે એ સમજે છે કે **'આવા ભવ્ય મોક્ષની પ્રાપ્તિ અને સંસારની ઘોર વિટંબણાનો અંત કાયા-માયાના, ઈન્દ્રિયો તથા મમત્વ રાખ્યેથી નહિ થાય.'** એ રાખીને તો આજસુધી દુઃખદ સંસારમાં અખંડ ધારાએ અનંતા પરિભ્રમણ કર્યા છે.' એટલે

હવે તો, એ એક જ જીવનના સંબંધી ચંચળ બાહ્ય પદાર્થોને પર લેખી પોતાના આંતરિક સનાતન આત્મા પર દઢ રાગ, ગાઢ મમત્વ અને પાકા પક્ષપાતવાળો છે.

ઈન્દ્રિયો અને મનથી નીપજતા વિવિધ જ્ઞાન, કાયા-માયા દ્વારા અનુભવાતા સુખ-દુઃખ ને અંતઃકરણથી ઉદ્ભવતી કેઈ લાગણીઓ, એના આધાર તરીકે તે ઈન્દ્રિયો, કાયા વગેરેને નહિ, પણ ભીતરમાં રહેલા જુદા જ આત્મદ્રવ્યને જુએ છે !

એને જોતો થયો એટલે હવે જાણે છે કે ખાન-પાન જોવું-ચાખવું, વિચારવું-બોલવું, પરિગ્રહ-રાગ-દ્વેષ વગેરે કરવા, એ બધું કરવાની સ્વતંત્ર તાકાત કાયા કે મનમાં નથી. એ તો પરભાવમાં ભૂલી મૂળ માલિક પોતાનો આત્મા કરે છે; કાયા માયા એની પાસે એ કરાવીને એની પાયમાલી સર્જે છે.

તેથી હવે એ જાણ્યા પછી, કાયા, ઈન્દ્રિયોને મનથી એવું બધું થતું દેખે એમાં પોતે શાનો ખુશી હોય ? એ તો હવે રસ લીધા વિના, એનો માત્ર સાક્ષી બની રહે છે.

**'આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાત્મ અઘરૂપ;**
**કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આત્મરૂપ.'**

અંતરાત્મા બનેલાને સાક્ષિભાવ જાગ્યાથી- 'કાયાદિનાં સુખ-દુઃખ અને હ્રાસવિકાસ એ તદ્દન પારકા છે, પોતાના આત્માને કાંઈ જ હિતકારી નથી.' -એમ ચોકસપણે લાગી ગયું હોય છે ત્યારે તો **ગજસુકુમાર** મહામુનિ પોતાના માથે સોમિલ સસરાએ માટીની સગડી કરી ભરેલા ધખધખતા અંગારા સુખપૂર્વક સહી શક્યા ! એમ વિચારીને કે

**'આ બળે છે તે મારું નથી, ને મારું છે તે બળતું નથી.**
**કાયા તો જીવને વળગેલી એક લપ છે, એ બળી જાય છે તો લપ જશે.'**

કાયાને બદલે અંદરના આત્માને પોતાની ચીજ તરીકે દેખ્યા પછી (૧)



આત્મા છે, (૨) એ નિત્ય છે, (૩) કર્મનો કર્તા છે, (૪) કર્મનો ભોક્તા છે, (૫) મોક્ષ છે, (૬) મોક્ષનો માર્ગ છે, -એ ષટ્સ્થાન નક્કી કરી, હવે મોક્ષ માટે એનાં જૂનાં કર્મ ઓછા કરવાની અને નવાં કર્મ અટકાવવાની લગની લાગે ! જે કુવાસનાઓ અને દુર્ગુણોથી આ જંજાળ પોષાઈ રહી છે, એને નાબૂદ કરવાની લગની લાગે !

હજી ઈન્દ્રિયો અને કાયા-માયાની પ્રવૃત્તિ છૂટી નથી, પણ એમાં લક્ષ રહે છે કે- **'મારા આત્માનું ન બગડે.' એ પોતાના આત્માને અર્થાત્ પોતાની જાતને એ કાયા-માયા-ઈન્દ્રિયો વગેરેના હવાલે ન કરે. પણ એ બધાને આત્માની ચોકી નીચે રાખે.**, અર્થાત્ જાગ્રત રહી એ બધા પર પાકો કાબૂ રાખે.

સારાંશ, ચોવીસે કલાક આત્માની ચિંતા, આત્માના હિતાહિતનો ખ્યાલ આ અંતરાત્મભાવ રખાવે. ભૂતકાળ બગડી ગયો, પણ ભવિષ્ય કેમ ન બગડે તે વિચાર અને તે સાવધાની રહે માટે જ તે કાયા-માયાના રંગમાં ન ફસાય. સમજે છે કે **'સંસારયાત્રામાં આ કાયામાં આવી વસ્યા, તે તો એક ધર્મશાળા છે, ભાડાની કોટડી છે. એમાં અંતિમ મુકામ નહિ માનવાનો.'**

**(-ક્રમશઃ)**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૮,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૫૯**

## શ્રી નમસ્કાર રહસ્ય

પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના શ્રી નમસ્કાર મહામંત્ર ઉપરના ચિંતન પ્રધાન શ્રદ્ધા પ્રેરક, તાત્ત્વિક છતાં સરળ, રસપ્રદ શૈલીયુક્ત અને આધુનિક વિજ્ઞાન અને માનસ શાસ્ત્ર ને પોતાની અંદર સમાવી લેતા વ્યાખ્યાનોમાંથી કેટલાંક અવતરણો સંક્ષેપમાં અહીં રજૂ કરીએ છીએ. જો કે આ અવતરણો સાંગોપાંગ નથી. છતાં વાચકોને તે ખૂબજ રસપ્રદ અને પ્રેરણાદાયી બનશે.

**"कटुकोप्येष संसारो, जन्मसंस्थिति दानतः ।**
**मान्यो मे यन्मया लेभे, जिनाज्ञाऽस्यैव संश्रयात् ॥"**

સંસારને શાસ્ત્રકારોએ કડવો કહ્યો કારણ કે ગમે તેવું સુખ સંસારમાં મળ્યું હોય પણ એક મૃત્યુ આવતાની સાથે એ બધુ સુખ હતું ન હતું થઈ જાય છે. જન્મ-મરણના પરંપરાના કારણે જ આ સુખ લોપાઈ જતા હોવાથી સંસાર કડવો છે, વળી એ સુખ કર્મને પરાધીન છે. ત્યારે બીજાની આધીનતાનુસાર મળતું સુખ કાંઈ વાસ્તવિક સુખ ગણતા નહિ કેમકે એમાં પોતાની ઈચ્છા મુજબ જ સુખ બન્યું

રહેતું નથી, અને ઈચ્છા અતૃપ્ત રહેતાં દુઃખ લાગે છે. બસ ઈચ્છા મુજબ ન થાય એ દુઃખની છેલ્લી વ્યાખ્યા. જે સુખ પરવશ છે, એ મહાદુઃખ છે. કર્મ એ કંટક છે, તે પીડા આપે જ છે. પીડાના સંવેદનમાં આર્તધ્યાન થાય છે. સંસારના સુખ માત્રને દુઃખ તરીકે જોઈ શકે તે સમ્યગ્દષ્ટિ, અનુત્તર વિમાનમાં પણ સુખ કહેવાય છે તે વ્યવહારથી છે. નિશ્ચયથી તો શાતા વેદનીય એ પણ દુઃખ છે, અશાતા છે, બંધન છે, કારણ કે એની પાછળ ભય છે, ટકાવવાની ચિંતા રૂપી ચંપળતા છે, એનો વિનાશ નિશ્ચિત છે.

દુઃખ હોય ત્યાં આર્તધ્યાન, સુખ હોય ત્યાં જો વિવેક ન હોય તો રૌદ્રધ્યાન. દુઃખમાં ઈષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ વેદના વગેરેનું આર્તધ્યાન છે. ત્યારે સુખમાં કેઠ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન પણ આવી લાગે છે. ધર્મ નથી પામ્યા ત્યાં સુધી સુખ પણ ઈચ્છવા જેવું નથી, કારણ ધર્મ બુદ્ધિ ખીલ્યા વિનાનું સુખ વધે એ બંધનનું કારણ છે. એ સુખને સાચવવામાં આર્તધ્યાનનું બીજ છે, રૌદ્રધ્યાન નરકનું બીજ છે, ધર્મધ્યાન શુકલ ધ્યાનનું બીજ છે, શુકલ ધ્યાન મુક્તિનું બીજ છે.

ધ્યાન શું છે ? કેટલાક દર્શનકારોએ ચિત્ત-નિરોધને જ ધ્યાન કહ્યું છે. જૈન શાસનમાં ત્રણે યોગની શુભ પ્રવૃત્તિને ધ્યાન કે યોગ સ્વરૂપ માનેલ છે. જે મોક્ષ સાથે જોડી આપે તે બધું યોગ કે શુભ ધ્યાન છે. ક્રિયા માત્ર ધ્યાન છે. મન વિનાના પ્રાણી પણ કર્મ બાંધે છે, તેથી એ નક્કી ન થયું કે એકલા મનથી જ કર્મ બંધાય; પરંતુ મનથી, વાણીથી અને કાયાથી એ ત્રણે યોગથી કર્મ બંધાય છે, એમ શ્રી જૈન શાસન કહે છે, બીજાઓ કે જે મનને જ કર્મબંધનું કારણ માને છે, તેઓ ચિત્તનિરોધ ઉપર જ ભાર મૂકે છે. કાયયોગ-નિરોધ એ પણ ધ્યાન છે. આત્મ વિકાસમાં શ્રેષ્ઠ એવા ચૌદમે ગુણઠાણે પણ એ ધ્યાન હોય છે.

• • •





## ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

**ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત**

**સુકૃત અનુમોદન :** કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

**ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ**

**સુકૃત અનુમોદન :** શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનેટોરીયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

**ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે**

**સુકૃત અનુમોદન :** શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

**ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય**

**ભાગ - ૧૫, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર**

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

**ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ**

**ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ**

**ભાગ-૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ**

**સુકૃત અનુમોદન :** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

**ભાગ - ૧૯, ધ્યાન અને જીવન**

**ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની**

**સુકૃત અનુમોદન :** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલ્ફીન્સ્ટન, વરલી, મુંબઈ.

**ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા**

**સુકૃત અનુમોદન :** શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા),મુંબઈ.

**ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા**

**સુકૃત અનુમોદન :** શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

**ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો**

**ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી**

**સુકૃત અનુમોદન :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ-૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ્ જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી
ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪
ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬
**સુકૃત અનુમોદન** :પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮
ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય
+ ઉબ્બુડ્ડો મા પુણો નિબ્રુડ્ડિજ્જા
**સુકૃત અનુમોદન**: શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧
ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨
ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧
ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨
**સુકૃત અનુમોદન** :શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા),
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો
**સુકૃત અનુમોદન** :અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ
**સુકૃત અનુમોદન** :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧
**સુકૃત અનુમોદન** :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખ્ય જીવિયં મા પમાયએ
**સુકૃત અનુમોદન** : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર
**સુકૃત અનુમોદન** :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫
ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬
+ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫
**સુકૃત અનુમોદન** :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.